સિદ્ધાન્ત રહસ્ય - દર્શન - (૨)

(ગ્રન્થ-વિવરણ)

-: લેખક :-

પૂ.ગો. શ્રીચન્દ્રગોપાલજી,

જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

સિદ્ધાન્ત રહસ્ય-દર્શન -(૨)

(ગ્રન્થ-વિવરણ)

લેખક :

પૂ.ગો. શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

પુસ્તક પ્રકાશનમાં દ્રવ્ય સહાયકર્તા :

શ્રીમતી સરોજબેન નવીનચન્દ્ર રાજપોપટ
પર-શ્રીજીવિહાર, પાંચમે માળે, ટેલીફોન એક્ષચેન્જની સામે,એસ.વી.રોડ,
કાંદિવલી (વે) મુંબઇ - ૪૦૦ ૦૬૮ ફોન : (૦૨૨) ૨૮૦૬૬૪૦૨
ના સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ-વડોદરા.

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

(1) ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી
"રાધાકૃષ્ણકુંજ"
બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી,
એચ. રોડ, અકોટા રોડ,
દિનેશમિલ પાછળ,
વડોદરા-૩૯૦ ૦૨૦.
ફોન -(૦૨૬૫) ૨૩૨૬૮૯૭

(3) શ્રીસરોજબેન નવીનચંદ્ર રાજપોપટ
૫૨-શ્રીજીવિહાર, પાંચમે માળે,
ટેલીફોન એક્ષચેન્જની સામે,એસ.વી.રોડ,
કાંદિવલી (વે)
મુંબઇ - ૪૦૦ ૦૬૮
ફોન : (૦૨૨) ૨૮૦૬૬૪૦૨

(૨)જિતેન્દ્ર મગનલાલ વજીર
C/o. શ્યામસુંદર ડ્રેસીસ
૧૫૨-મલાડ શોપિંગ સેન્ટર,
એસ.વી.રોડ, મલાડ (વેસ્ટ)
મુંબઇ - ૪૦૦ ૦૬૨.
ફોન : (૦૨૨)ઘર ૨૮૦૬૫૭૭૫
(૦૨૨) ઓ.૨૮૮૦૮૦૫૦
(૦૨૨) ૨૮૮૧૦૫૧૬

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ - પ્રત-૧૦૦૦, વિ.સં.૨૦૬૧,
શ્રાવણ માસ ઈ.સ.જુલાઇ-૨૦૦૫

મૂલ્ય - રૂ. ૬૦-૦૦

કમ્પ્યુટર ટાઇપ સેટિંગ
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૪૦, ગૌરવ સોસાયટી,
પાણીગેટ, વડોદરા-૩૯૦ ૦૦૬.
ફોન : ૦૨૬૫-૨૫૬૧૮૭૦
મો. : ૯૮૯૮૧ ૦૬૪૪૯

મુદ્રક -
પુષ્ટિ દર્શન
'પ્રસન્ન નિવાસ', સરદાર
ભવનનો ખાંચો,
વડોદરા - ૩૯૦ ૦૦૧.
ફોન : ૦૨૬૫-૨૪૧૦૩૬૧

સિદ્ધાન્ત રહસ્ય-દર્શન-(૨)

(ગ્રન્થ વિવરણ)

અનુક્રમણિકા-

વિગત	પૃષ્ઠ સંખ્યા
૧. અનુક્રમણિકા	3
૨. ટ્રસ્ટનો પરિચય	4 - 9
૩. લેખકના ઉદ્‌ગાર (ગો.શ્રીચન્દ્રગોપાલજી)	10 - 17
૪. પ્રાક્કથન (ગો.શ્રીશરદ્કુમારજી)	18 - 42

સિદ્ધાન્ત રહસ્ય-ગ્રન્થ

૫. ઉપક્રમ	૧ - ૨
૬. શ્લોક-૧	૩ - ૭૧
૭. શ્લોક-૨	૭૨ - ૧૦૩
૮. શ્લોક-૩	૧૦૪ - ૧૩૬
૯. શ્લોક-૪	૧૩૭ - ૧૫૬
૧૦. શ્લોક-૫	૧૫૭ - ૨૩૮
૧૧. શ્લોક-૬	૨૩૯ - ૨૭૦
૧૨. શ્લોક-૭	૨૭૧ - ૨૯૮
૧૩. શ્લોક-૮	૨૯૯ - ૩૫૨

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી - વડોદરા - સંસ્થાપિત

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

(એક પરિચય)

જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વિશ્વને અતિશય ઉપયોગી અને માનવ માત્રને પરમ ઉપકારક એવા દિવ્ય સિદ્ધાન્તોનો વિશ્વના સર્વક્ષેત્રીય જનોમાં પ્રચાર-પ્રસાર થાય તેવા શુભ હેતુથી પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી (વડોદરા) એ વિ.સં.૨૦૪૧ ના માગશર વદ-૯શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના પ્રાદુર્ભાવ મહોત્સવ ના દિવસે આ ટ્રસ્ટની સ્થાપના કરી. આ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આપશ્રીનો મુખ્ય હેતુ આ જ હતો કે આ સંસ્થા દ્વારા શ્રીઆચાર્યચરણ તથા શ્રીપ્રભુચરણના ગ્રન્થોનું અને એ ગ્રન્થો ઉપર શ્રીવલ્લભવંશજ ગોસ્વામિચરણો દ્વારા અને વિદ્વાનો દ્વારા લખાયેલી ટીકાઓનું તેમજ વિશ્વની વિવિધ ભાષાઓમાં એના ભાષાન્તરોનું પ્રકાશન કરી શકાય તેમજ ગોસ્વામિચરણો અને વિદ્વાનો દ્વારા લખાયેલા સ્વતંત્ર ગ્રન્થો-પુસ્તિકાઓ વગેરેનું પણ પ્રકાશન કરી શકાય અને એ રીતે સામ્પ્રદાયિક સાહિત્ય વધુને વધુ સર્વ સુલભ બની શકે. આ ટ્રસ્ટને બોમ્બે પબ્લિક ટ્રસ્ટના નિયમાનુસાર ટ્રસ્ટ કચેરીમાં ઇ-૩૫૪૮/વડોદરા નંબરથી નોંધવામાં આવ્યું છે તથા BRD/SIB/104-10V/84-85 નંબરથી કરમુક્તિ પણ પ્રાપ્ત છે. આ ટ્રસ્ટના હાલ કુલ ૭ ટ્રસ્ટીઓ છે જેમાં પૂ.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી સંસ્થાપક-આજીવન અધ્યક્ષ છે.

આ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૩૪ પુસ્તકો નીચે જણાવેલ વિગતે પ્રકાશિત થઇ ચૂક્યા છે.

પુસ્તકનું નામ	લેખક	ભાષા	કીંમત
(૧) કૃષ્ણાશ્રય દર્શન ભાગ-૧(પૂર્વપીઠિકા)	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૧૫-૦૦
(૨)કૃષ્ણાશ્રય દર્શન ભાગ-૨ (સ્તોત્ર વિવરણ)	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૪૫-૦૦
(૩)કર્મનું રહસ્ય ભાગ ૧-૨	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૩૦-૦૦
(૪) બ્રહ્મસમ્બન્ધ અથવા આત્મનિવેદન	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૦૫-૦૦
(૫)શ્રીવલ્લભાચાર્યજીના મતે શ્રીભાગવત પ્રકરણ વિભાગ "રસમાલયમ્"	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૦૭-૦૦
(૬) વૈષ્ણવ માર્ગ પ્રદર્શિકા (અધિકમાસમાં અથવા જીવન પર્યન્ત લેવા યોગ્ય નિયમો	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૧૦-૦૦
(૭) ષોડશગ્રન્થાન્તર્ગત સિદ્ધાન્તમુક્તાવલિ (સર્વ ટીકાઓના ભાવાનુવાદ સહ)	પ્રાચીન પુસ્તકનું પુનઃ પ્રકાશન	ગુજરાતી	૨૫-૦૦
(૮) સિદ્ધાન્ત રહસ્ય દર્શન ભાગ-૧ (પૂર્વ પીઠિકા)	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૬૦-૦૦
(૯)જલભેદ દર્શન ભાગ-૧ (પૂર્વ પીઠિકા)	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૫૦-૦૦
(૧૦) શ્રીવલ્લભાચાર્યજીના મતે પ્રસ્તાન ચતુષ્ટય	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	અપ્રાપ્ય
(૧૧) શ્રીવલ્લભવચનામૃત સંગ્રહ	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	અપ્રાપ્ય
(૧૨) સમર્પણનો સિદ્ધાન્ત	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	અપ્રાપ્ય

(૧૩) શ્રીમદ્ ભગવદ્ગીતા ભક્તિયોગ (બારમો અ. પ્રમીલા વ્યાખ્યાસહ	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	અપ્રાપ્ય
(૧૪) પ્રશ્ન-ઉત્તર	**પ્રશ્નકર્તા** - ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી **ઉત્તર આપનાર** - પૂ.ગો.રસિકરાયજી મહારાજશ્રી પૂ.ગો.વ્રજેશકુમારજી મહારાજશ્રી પૂ.ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી પૂ.ગો.મથુરેશ્વરજી મહારાજશ્રી પૂ.ગો.શ્યામમનોહરજી મહારાજશ્રી પૂ.ગો.ઇન્દિરાબેટીજી મહોદયાશ્રી	ગુજરાતી	૧૫-૦૦
(૧૫) પુષ્ટિમાર્ગીય સાધના સોપાન ભાગ-૧	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૧૫-૦૦
(૧૬) તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૧૦-૦૦
(૧૭) શ્રીમદ્ ભાગવત એક અધ્યયન	ઊર્મિલ (સાવલી)	ગુજરાતી	અપ્રાપ્ય
(૧૮)સર્વશ્રેષ્ઠ જીવનનો પ્રકાર	સૌ.બ્રજલતા વહુજી	ગુજરાતી	૫-૦૦
(૧૯) ભગવત્સેવોપયોગી સંકલ્પ પૂજનાદિ પ્રકાર	સમ્પાદક-શાસ્ત્રીજી ઉદયન હ. શુક્લ	ગુજરાતી- સંસ્કૃત	નિ:શુલ્ક
(૨૦) ન્યાસાદેશ વિવરણ, ગીતાતાત્પર્ય, ગીતાર્થ સંગ્રહ (ગુજરાતી અનુવાદસહ)	શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ	સંસ્કૃત ગુજરાતી	૧૦-૦૦
(૨૧) જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી -ચરિત્ર ઉપદેશસાર અને ગ્રંથો	સૌ.વ્રજલતાવહૂજી	ગુજરાતી	૧૦-૦૦

(૨૨) પુષ્ટિમાર્ગીય જીવન પદ્ધતિ (જીવન યોગ)	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૧૦-૦૦
(૨૩) ભગવદ્ગીતા ભક્તિયોગ બારમો અ. (કેવલ અન્વય તથા ગુજરાતીમાં અનુવાદ	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૨૦-૦૦
(૨૪)ब्रह्मसम्बन्ध	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	હિન્દી	૧૦-૦૦
(૨૫)समर्पणका सिद्धान्त	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	હિન્દી	૫-૦૦
(૨૬)पुष्टिमार्गीय साधना सोपान भाग-१	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	હિન્દી	૧૫-૦૦
(૨૭) जगद्गुरु श्रीमद्-वल्लभाचार्यजी-सम्प्रदाय एवं उसकी आचार्य परम्परा	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	હિન્દી	નિ:શુલ્ક
(૨૮) जीवन का सर्वश्रेष्ठ प्रकार	સૌ.બ્રજલતા વહુજી	હિન્દી	૭-૦૦
(૨૯) सूरभाव धारा	પ્રો.આર.એન.તલાટી	હિન્દી	૫-૦૦
(30) गद्यमंत्र विवरणानि	પ્રાચીન પાંચ ટીકાઓ ગુજરાતી અનુવાદસહ	સંસ્કૃત ગુજરાતી	૧૦-૦૦
(૩૧)**Brahmsambandha Or Self dedication**	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	અંગ્રેજી	૧૦-૦૦
(૩૨)**The Way of the Excellent life**	સૌ.બ્રજલતા વહુજી	અંગ્રેજી	૦૭-૦૦
(33) **The Individual Soul In the Taittiriya Upanishad**	સૌ.બ્રજલતા વહુજી	અંગ્રેજી	૦૭-૦૦

(૩૪) **Significance of Karman (As Discussed in the Bhagavad-Gita)**	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	અંગ્રેજી	૬0-00

આ ઉપરાંત છેલ્લા ૧૬ વર્ષથી ટ્રસ્ટ દ્વારા વૈષ્ણવ પંચાંગનું પ્રકાશન કરવામાં આવે છે જેમાં પંચાંગ-ટિપ્પણી ઉપરાંત સેવાવિષયક જાણકારી આપતાં સુન્દર લેખો પ્રકાશિત થાય છે.

આ ઉપરાંત ટ્રસ્ટ દ્વારા બે ઓડિયો કેસેટ પણ પ્રસ્તુત કરવામાં આવી છે જે પૈકી સી-૯0 ઓડિયો કેસેટ **“વહી રસના જો હરિગુન ગાયે”** નામની જેમાં **પૂ.અ.સૌ.શ્રીવ્રજલતા વહુજી** તેમજ વડોદરાના મહારાજા **શ્રીમન્ત રણજિતસિંહજી ગાયકવાડ તેમજ આકાશવાણી વડોદરાના ભૂ. પૂ. નિયામક શ્રીજયદેવભાઇ ભોજક**ના સુમધુક કંઠે ગવાયેલ પુષ્ટિમાર્ગીય ૬ સ્તોત્રો-અષ્ટકો જેમાં મધુરાષ્ટક-શ્રીગિરિરાજધાર્યષ્ટક વિગેરેનો સમાવેશ થાય છે અને જેનું સ્વરનિયોજન વડોદરા આકાશવાણીના ભૂ.પૂ.નિયામક શ્રીજયદેવભાઇ ભોજકે કર્યું છે તેમજ જેનું સંગીત નિયોજન મુંબઇના સુપ્રસિદ્ધ શ્રીનવીનભાઇ શાહ (વર્ણમવાળા) એમણે કર્યું છે અને જેની કિંમત પુસ્તિકા સાથે રૂ.૩૫-00 છે તે તથા બીજી સી.૯0 ઓડિયો કેસેટ **“પ્રેમદિવાની ગોપિયોં કે શ્રીકૃષ્ણ-વિરહ-ગીત”** નામની જેમાં વેણુગીત, યુગલગીત, ગોપીગીત, ભ્રમરગીત **પૂ.અ.સૌ. શ્રીવ્રજલતા વહુજી**ના સુમધુર કંઠે ગવાયેલ છે તથા જેનું સ્વરનિયોજન શ્રીજયદેવભાઇ ભોજકે કર્યું છે અને સંગીત નિયોજન મુંબઇના સુપ્રસિદ્ધ ગિનિ સ્ટુડિયોવાળા શ્રીઆસિત દેસાઇએ કર્યું છે. આની ન્યોછાવર પુસ્તિકા સાથે રૂ. ૫0-00 રાખવામાં આવી છે. આમ આ બે કેસેટો પ્રકટ કરવામાં આવી છે.

અમારા ટ્રસ્ટ પાસે હાલ પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે કે જેના પ્રકાશન ખર્ચની રકમની વ્યવસ્થા બેસતાં પ્રકાશન માટે મોકલી અપાશે. પુસ્તકોના પ્રકાશનનો અંદાજી ખર્ચ નીચે જણાવેલ વિગતે છે. આમાં જે પણ વૈષ્ણવો ઉદારતાથી દ્રવ્ય સહાય કરવા માંગતા હોય તે કરી શકે છે. આમાં કોઇ એક પુસ્તકનો ખર્ચ કોઇ એક વ્યક્તિ પણ ઉઠાવી શકે છે અને જો એકથી પહોંચાતું ન હોય તો બીજા બે કે ત્રણ વ્યક્તિઓ મળીને પણ ઉઠાવી શકે છે. **જે પુસ્તકો તૈયાર છે તેના ખર્ચની અંદાજી રકમ સહ વિગત :-**

પુસ્તકનું નામ	**લેખક**	**ભાષા**	**અંદાજીખર્ચ**
(૧) સંન્યાસનિર્ણય દર્શન ભાગ-૧ (પૂર્વ પીઠિકા)	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૪૧000
(૨) શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહેવાયેલ કર્મનું રહસ્ય ભાગ-૧-૨ (પુનર્મુદ્રણ)	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૪0000
(૩) વૈષ્ણવ માર્ગ પ્રદર્શિકા (પુનર્મુદ્રણ)	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૧૫000
(૪) શ્રીવલ્લભાચાર્યજીના મતે શ્રીભાગવત પ્રકરણ વિભાગ “રસમાલયમ્”	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૧૫000
(૫) जीव जीवन और जीवकी बद्धता मुक्तता भागवतमें	ગો.ચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૩0000

ઉપર મુજબના પુસ્તકોના પ્રકાશનમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત પ્રચારની સેવામાં વૈષ્ણવો ઉત્સાહપૂર્વક આગળ આવે. અને પ્રકાશન ખર્ચને પહોંચી વળવા દ્રવ્ય સહાય કરે તેવી સહુને વિનન્તી છે.

પૂછપરછ માટે નિચે જણાવેલ સરનામા પર સમ્પર્ક કરવા સહુને વિનન્તી છે.

ગુર્જર વિ.સં.૨0૬૧
જેઠ સુદ-૧૫, મંગળવાર
તા.૨૧-૬-૨00૫
વડોદરા.

નિવેદક
કૃષ્ણકાન્ત ટી. શાહ
વ્યવસ્થાપક શ્રીવલ્લભ વિઠ્ઠલ
ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

સંર્પક માટે :-

વલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

C/o. ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી
“રાધાકૃષ્ણકુંજ”
બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી,
એચ. રોડ, અકોટા રોડ,
દિનેશમિલ પાછળ,
વડોદરા-૩૯0 0૨0.
ફોન : (0૨૬૫) ૨૩૨૬૮૯૭

જિતેન્દ્ર મગનલાલ વજીર
C/o. શ્યામસુંદર ડ્રેસીસ
૧૫૪-મલાડ શોપિંગ સેન્ટર,
એસ.વી.રોડ, મલાડ (વેસ્ટ)
મુંબઇ - ૪00 0૬૨.
ફોન : (0૨૨)ઘર ૨૮0૬૫૭૭૫
ઓ.૨૮૮0૮0૫0/૨૮૮૧0૫૧૬

લેખકના ઉદ્ગાર

(પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)

શ્રીઆચાર્યચરણ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્ધનધરણના અતિશય અનુગ્રહથી 'સિદ્ધાન્તરહસ્ય - દર્શન' ભાગ-૨ (ગ્રન્થ વિવરણ) નું શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા પ્રકાશન થવા જઇ રહ્યું છે તે અત્યન્ત પ્રસન્નતાનો વિષય છે.

આનું લેખન આજથી લગભગ ૧૮ માસ પૂર્વ પૂર્ણ લખાઇ ચૂક્યું હતું અને કમ્પ્યૂટર ટાઇપ સેટિંગનું કાર્ય પણ લગભગ ૧૪ માસ પૂર્વ પૂર્ણ થઇ ગયું હતું, પરંતુ વડોદરાથી બહારના સ્થળોએ વધુ જવા-આવવાનું રહ્યું હોવાથી તેમજ ઇતર વ્યસ્તતાઓ વશ પ્રકાશન સુધી પહોંચવામાં વિલંબ થયો છે. તેમ છતાં પણ અમારી પ્રાર્થનાને માન આપી ગો. શ્રીશરદ્કુમારજી (માંડવી) એ આની પ્રસ્તાવના લખી આપવાનું સ્વીકાર્યું અને તેઓશ્રી અનેકવિધ પ્રવૃત્તિઓમાં અતિશય વ્યસ્ત હોવા છતાં વિસ્તારથી પ્રસ્તાવના શીઘ્રજ લખી મોકલી તે બદલ તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. તેઓશ્રીએ પોતાની આગવી શૈલીમાં શ્રીમહાપ્રભુજીની વાણીનો અર્થ કઇ રીતે કરવો જોઇએ તે બાબતમાં વેદનો અર્થ કરવામાં શ્રીમહાપ્રભુના દષ્ટિકોણનો ઉપન્યાસ કરીને તે પદ્ધતિ અનુસાર શ્રીઆચાર્યવાણીને (શ્રીગોપીનાથજી-શ્રીગુસાંઇજી સહિત) વેદવત્ સ્વીકારી અન્ય મહાનુભાવોના વ્યાખ્યાનોને સ્મૃતિશાસ્ત્ર સમાન ગણી અર્થ ગ્રહણ કરવાની પદ્ધતિ પ્રસ્તુત કરી તેમાં અનેક પ્રયાણો પ્રસ્તુત કર્યા છે. એમાં એમનું જે વૈદુષ્ય પ્રકટ થયું છે તે સમ્પ્રદાય માટે ખૂબજ ગૌરવનો વિષય છે. આજે પણ શ્રીમહાપ્રભુજીની પરમ્પરામાં આવા વિદ્વાન્ મહાનુભાવો સ્થિતિ કરીને સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી રહ્યા છે તે સમ્પ્રદાય માટે ખૂબજ પ્રસન્નતાનો વિષય છે.

ષોડશગ્રન્થો પૈકી જે ગ્રન્થો પર સહુથી વધુ ટીકાસાહિત્ય ઉપલબ્ધ થાય છે તે પૈકીનો એક ગ્રન્થ 'સિદ્ધાન્ત રહસ્ય' છે. આનાં ઉપર કુલ ૧૧ ટીકાઓ (સંસ્કૃત) ઉપલબ્ધ છે. ઘણી વાર ટીકાસાહિત્ય

વાંચતાં એમ પ્રતીત થાય કે બે ટીકાકારો વચ્ચે પરસ્પર વૈચારિક વિરોધ છે, પરન્તુ આ લેખનમાં બનતા પ્રયાસે એનાં ખુલાસા સાથે લેખનનો પ્રયાસ કર્યો છે જેમાં પ્રતીત થતાં વિરોધાભાસને દૂર કરી બે ટીકાકારોની વિચારવાની વિશિષ્ટ શૈલી કારણભૂત છે, તેથી કરીને બે વચ્ચે વિરોધ છે એમ માની લેવાની જરૂર રહેતી નથી. જેમ કે આજ ગ્રન્થ ઉપરની પોતાની ટીકામાં પાંચ દોષો બાબત શ્રીપુરુષોત્તમચરણ જણાવે છે કે પૂર્વના બીજા ટીકાકારોએ જે પ્રકારે પાંચ દોષોનો અર્થ જણાવ્યો છે તે અર્થને લઇને વિચારવામાં આવે ત્યારે તેમાં પ્રાસંગિક વિચારવું શેષ રહે છે તથા પ્રત્યક્ષમાં આવતો વિરોધ પરિહાર કરવો પણ શેષ રહે છે અને તેથી કરીને આધુનિક જઘન્યાધિકારિઓની દોષનિવૃત્તિ પણ ખૂબ જ ક્લેશથી સધાશે, તેથી તે મતોને છોડી શ્રીરઘુનાથજીના વિવરણ અનુસાર મેં વિવરણ કર્યું છે' શ્રીપુરુષોત્તમચરણના આમ જણાવ્યાથી બીજા ટીકાકારોના મતનો તેઓશ્રીને વિરોધ છે તેમ નથી, પરન્તુ શ્રીરઘુનાથજીનો અર્થ આધુનિકો માટે વધુ સુકર છે અને તેથી તેઓ પણ સ્વાધિકારાનુસાર લાભાન્વિત થઇ શકે છે અને તેમની પણ આ માર્ગમાં પ્રવૃત્તિ થઇ શકે છે એમ તેઓશ્રીનું તાત્પર્ય છે. તેથી જ તેઓશ્રી ત્યાં જ આગળ શ્રીગોકુળનાથચરણના મતનો પણ ઉપન્યાસ કરે છે.

શ્રીપુરુષોત્તમચરણે દર્શાવેલી શ્રીવલ્લભ તાત્પર્યને ગ્રહણ કરવાની પદ્ધતિને વિચારતાં એમ પણ સમજી શકાય છે કે આધુનિકમાં સમ્પ્રદાયસેવામાં - શ્રીવલ્લભવાંગ્મયની સેવામાં પ્રવર્તી રહેલા વિદ્વાન્ સુજ્ઞ મહાશયોએ પોતાની વાણીમાં કે સાહિત્યમાં ઉત્તમાધિકારી યા મદયમાધિકારીનો જ માત્ર વિચાર રાખી વર્તવું ન જોઇએ પણ તેમાં આધુનિક - જઘન્યાધિકારવાળા લોકોનો પણ અવશ્યમેવ વિચાર રાખવો જોઇએ. આધુનિકમાં રહેલા જઘન્ય અધિકારવાળા લોકો ભલે તૃતીય કક્ષાના સહી પણ અધિકાર તો ધરાવે જ છે - તેઓ તે મુજબની પણ કૃપાથી તો યુક્ત છે જ. તેથી **'कृपायुक्तस्य तु यथा सिद्धयेत्'** (સર્વ.નિ.૨૨૯) શ્રીમહાપ્રભુના આ વાક્યમાં કૃપાયુક્તના અર્થમાં મદયમાધિકારી તથા જઘન્યાધિકારી અથવા તો સેવા ફલોક્ત ત્રણે અધિકારવાળાઓને ગણતાં આખા આ પ્રકરણમાં (**'जगन्नाथे विठ्ठले**

च') પર્યન્તમાં ત્રણે અધિકારવાળાઓનો ફલસિદ્ધિ માટેનો પ્રકાર વિચારવો - બતાવવો આવશ્યક છે, અન્યથા કૃપાયુક્તોને ફલસિદ્ધિમાં જઘન્યાધિકારવાળા-ઓની કે જેઓ પણ કૃપાયુક્ત છે તેમની ફલસિદ્ધિ કહી શકાશે નહિ. ઉપરાંત શ્રીપુરુષોત્તમચરણની સામે રહેલા આધુનિકોનો વિચાર કરીને આપશ્રી જણાવે છે ત્યારે તેમની શારીરિકી-માનસીકી સબળતા - નિર્બળતા, તેમની પ્રાસંગિકી સ્થિતિ, સામાજિકી-આર્થિકી-કૌટુમ્બિકી-નૈતિકી વગેરે સ્થિતિનો વિચાર રાખીને આપશ્રી જણાવે છે. તે મુજબ જ આધુનિક ઉપદેષ્ટા વિચારકોએ પણ વિચારવું જરૂરી છે. અધિકારીની માનસિકી દુર્બલતાને જ સામે રાખી '...... **कामः प्रतिवदितुमशक्यः । तथा च स्वस्य किञ्चिद्वस्तुबुभुक्षोत्पत्तौ प्रभवे विज्ञाप्य, तत्कृत्वा समर्प्य, पश्चाद्भोक्तव्यम्'** આમ જણાવીને આગળ તેઓશ્રી સ્પષ્ટતા કરતાં લખે છે કે - અહીં એટલું વિશેષ સમજવું જોઇએ કે ભક્તિના પરમકારણમાં આત્મનિવેદન કરેલાઓના જે ધર્મો કહ્યા છે 'મારી અમૃતકથામાં શ્રદ્ધા હોવી' વગેરે સાડા ચાર શ્લોકથી, તેમાં સર્વકામનું વિવર્જન અને ભગવદર્થે ભગવદર્થવિરોધી ભોગો અને સુખોનો પરિત્યાગ કહેલો હોવાથી પૂર્વમાં કહ્યા મુજબના પ્રકારે એ સાધક મુખ્ય સાધનકક્ષામાં આરૂઢ થતો નથી, આવા લોકોએ કામનાઓ-ભોગોને દુઃખજનક સમજતાં મનમાં ગ્લાનિ રાખી તેવા પ્રસંગોએ ભોગ કરતી વખતે પણ ભગવાનના ચરણનું ધ્યાન અને શરણનું ભાવન કરવું' આ પ્રમાણે નિર્બળ મનવાળાઓ પણ સાધનામાં પ્રવેશ કરી મનોબળ કેળવે એમ જણાવ્યું છે. આ રીતે આપશ્રી નિર્બળ લોકોને માટે પણ માર્ગ ચીંધે છે.

આમ કહેવાથી અમારા લખવાનું એવું તાત્પર્ય સમજવાનું નથી કે જે આજે કેટલાકો દ્વારા દીક્ષા, ભગવત્સેવા, કીર્તન, કથા, વગેરે સાધનોનું વ્યવસાયીકરણ કરીને આ બધામાં જ શિષ્ય કલ્યાણનો વિચાર ત્યાગી માત્ર અર્થપ્રધાનતાએ જ વર્તવામાં આવી રહ્યું છે તેનું આથી આડકતરું સમર્થન કરાઇ રહ્યું છે. આ પ્રકારની બાબતોના સમર્થનનો કોઇ પ્રશ્ન જ રહેતો નથી. જે પણ વિચાર કરવાનો છે તે શિષ્ય-સાધક-વૈષ્ણવના કલ્યાણને કેન્દ્રમાં રાખીને જ કરવાનો છે. એ પણ નક્કી જ છે કે શ્રીઆચાર્યચરણ-શ્રીપ્રભુચરણ પ્રભૃતિ મહાનુભાવોએ જે પણ પુષ્ટિભક્તિમાર્ગીય સિદ્ધાન્તો પ્રતિપાદિત કર્યા છે તે શિષ્ય-સાધકના કલ્યાણ અર્થે, તેમનાં કલ્યાણને વિચારના કેન્દ્રમાં રાખીને પ્રતિપાદિત કર્યા છે. અતઃ સિદ્ધાન્ત વિરુદ્ધની કોઇ પણ વાત એ શિષ્યનું કલ્યાણ ન જ સાધી શકે, તેને માટે તો સિદ્ધાન્ત મુજબનું આચરણ જ આવશ્યક છે. તેમ છતાં પણ જેમ કહેવાય છે કે '**बालानां रोचनार्थाय**' અથવા ગંભીર માંદગીમાં પડેલા રુગ્ણને મગનું પાણી પૂર્વવત્ શરીર વાળવા સમર્થ નથી, છતાં પણ તે રોગનિવૃત્ત થતાં સુધી ટકી રહે - જ્યાં છે - જે છે ત્યાંથી તે વધુ નબળો ન પડે તે માટે તેને મગનું પાણી જ આપવામાં આવે છે, કારણ કે આથી વધુને પચાવવાની રુગ્ણ અવસ્થામાં તેની પાચનશક્તિ જ નથી. તેમ જે લોકોને મનની નબળાઇનો અથવા પ્રસંગો વગેરે આગળ ઘુટણો ટેકવી દેવાનો રોગ લાગુ પડ્યો છે તેવાઓ માટે તેઓ માર્ગમાં ટકી રહે - માર્ગથી વિચલિત થઇ ન જાય અને માર્ગમાં આગળ વધવા માટેનો તે ઉત્સાહી બને તે મુજબ તેનો વિચાર કરવો આવશ્યક છે.

બ્રહ્મસમ્બન્ધ કોને - કયા પ્રકારના લોકોને - તેમનામાં કઇ રીતે કયા પ્રકારની યોગ્યતા જોઇ કરાવવું તે બાબતમાં અન્ય ટીકાકારોની અપેક્ષા સ્પષ્ટ શબ્દોમાં વિસ્તારથી શ્રીપુરુષોત્તમચરણ પોતાની બીજા શ્લોકની ટીકામાં જણાવે છે. તેમાં અન્તે '**तदेतदौच्छृङ्खल्यनिवारणाय मार्गरीतिबोधनाय तत्रान्यथाबुद्ध्यपहाराय च प्रसङ्गादुक्तम्**' આમ જણાવે છે તે ઉપરના વાક્યોને તપાસતાં મને એમ લાગે છે કે આધુનિક એટલે કે તે સમયના અથવા તે પછીના ઉપદેષ્ટાઓને કે જેઓ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપે છે તેમણે શિષ્યપરીક્ષણ કરીને જ જે ભગવત્કૃપાયુક્ત જીવો હોય તેમને જ બ્રહ્મસમ્બન્ધ કરાવવું જોઇએ એમ તેઓશ્રી પોતાનો મત રજૂ કરીને શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઇજી જેવા સમર્થ ભગવત્સ્વરૂપ આચાર્યોને છોડીને પછીના જે વલ્લભવંશજો છે તેમને પરીક્ષણમાં નડતી મુશ્કેલીને હળવી કરવા પ્રયત્ન કર્યો છે. કારણ કે આધુનિકમાં (આ સૈકામાં) ઉપદેષ્ટાઓને શુદ્ધપુષ્ટિજીવો કે પછી પુષ્ટિ પુષ્ટિજીવો મળે તો તે તો ઉપદેષ્ટાઓના મહદ્ ભાગ્યે જ મળી શકે છે, મર્યાદાના મિશ્રણવાળા પુષ્ટિજીવો પણ જવલ્લે જ સાંપડતા હોય છે, જ્યારે પ્રવાહમિશ્રણવાળા પુષ્ટિજીવો અથવા ચર્ષણી શબ્દ વાચ્ય જીવોની જ અને

તે બેમાં પણ ઘણું કરીને ચર્ષણી જીવોની જ અધિક ભરમાર જોવા મળે છે. તેથી જ તો આજે મંગળાના દર્શન કરી ત્યાંથી સીધા જ અંબાજી, શિવજી, ભાથુજી કે જલારામબાપાના દર્શન કરવા જનારા અને શ્રાવણના સોમવારના વ્રત, નવરાત્રી વ્રત, શિવરાત્રી વ્રત કે ગણેશ ચતુર્થી વ્રત કે શનિવાર-મંગળવારના વ્રત કરનારા વૈષ્ણવો ઘણી મોટી-અધિક સંખ્યામાં જોવા મળે છે. ચર્ષણી જીવોની વિગત (લક્ષણ-સ્વરૂપ વગેરે) 'પુષ્ટિપ્રવાહમર્યાદા' માં જણાવ્યું છે. આવા ચર્ષણી જીવો જયારે આધુનિકોની સામે આવે છે ત્યારે તે વખતે તેનામાં માર્ગાનુકૂલતા દેખાઇને પણ આ ચર્ષણી છે તેવો નિશ્ચય કરવો આધુનિકો માટે મુશ્કેલ થઇ જાય છે. આવી સ્થિતિમાં સર્વમાન્ય અને સિદ્ધાન્ત અવિરોધી એવો કોઇ એક નિશ્ચય જરૂરી છે કે જેમ ન્યાયક્ષેત્રમાં સ્વીકારવામાં આવ્યું કે ૯૯ અપરાધી બચી જાય તો પણ એક અપરાધીને શક્ય ત્યાં સુધી દંડ ન થવો જોઇએ, તેમ કોઇક પુષ્ટિજીવ હોય તે બીજાઓના કારણે લાભથી વંચિત થઇ જાય તો વાંધો નહિ પણ કોઇ અનધિકારીને લાભ થાય તેમ ન કરવું કે પછી કોઇ અધિકારી લાભથી વંચિત ન રહે, ભલે કોઇ અનધિકારી બ્રહ્મસંબન્ધ દીક્ષા મેળવી જાય. આ બે માંથી કયો વિચાર અપનાવવો જોઇએ તે બધાએ ભેગા મળી સમ્પ્રદાયના અને પુષ્ટિજીવોના પરમ હિતમાં વિચારવું-તેનો નિશ્ચય કરવો આવશ્યક છે.

તેવી જ રીતે બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવાનો અધિકાર કોને ? અને તેની શી યોગ્યતા હોવી જોઇએ તે પણ વિચારણીય છે. આ બાબત એવી છે કે કોઇ એક વ્યક્તિનો મત સમ્પ્રદાય માન્ય કાયદો બની શકતો નથી, આ બાબત સમ્પ્રદાયના વિદ્વાન બુદ્ધિશાલી સમ્પ્રદાય હિતેચ્છુઓના વચ્ચે પારસ્પરિક ઘનિષ્ઠ ચર્ચાવિચારણા-વિચારવિનિમયના અન્તે નિશ્ચય થવો જરૂરી છે. ઉપર્યુક્ત લોકોના વચ્ચે વિચાર વિનિમયના અન્તે એવા પ્રકારે **'કોડ ઓફ કન્ડક્ટ'** નક્કી થવો જોઇએ કે જે સમ્પૂર્ણ સમ્પ્રદાયને પ્રભાવિત કરે. આનાં અભાવમાં જ આજે છેલ્લા કેટલાયે વર્ષોથી અંધાધુન્ધી પ્રવર્તી રહી છે જેમાં વૈષ્ણવો પણ પરસ્પર બ્રહ્મસંબન્ધ આપે છે, તો કેટલાક સમ્પ્રદાયના શાસ્ત્રી-પંડિતો અથવા પ.ભ.નામે પ્રસિદ્ધ લોકો, મંદિરના મુખિયા-ભિતરીયાઓ, તો

ક્યાંક અપુષ્ટિમાર્ગીય દ્વારા પણ બ્રહ્મસમ્બન્ધ આપવામાં આવી રહ્યા છે કે જેઓ વલ્લભવંશના પણ નથી. એક અપુષ્ટિમાર્ગીય દ્વારા બ્રહ્મસમ્બન્ધ આપવાની ચર્ચા વર્તમાનમાં ચગડોળે ચઢી છે તેમને ત્યાં તપાસ કરાવતાં જાણવા મળ્યું કે તેઓ પેપરો વગેરેમાં બ્રહ્મસમ્બન્ધ દીક્ષાની જાહેરાતો કરાવે છે પરન્તુ દીક્ષા વખતે ગદ્યમંત્ર નથી હોતો પણ કોઇ સ્વૈચ્છિક ભળતો જ મંત્ર બોલાવે છે અને લેનારા લોકો તેને બ્રહ્મસંબન્ધના નામે પુષ્ટિમાર્ગીય દીક્ષા ગ્રહણ કરવાના સૌભાગ્યના આનન્દમાં રાચે છે. પુષ્ટિમાર્ગમાં રહેલા કોઇકને બીજા સમ્પ્રદાય તરફ યા બીજા સન્તો તરફ વિશેષ શ્રદ્ધા થઇને તે તરફ વળી જાય તેના કરતાં વધુ અગત્યની વાત તો એ છે કે ઉપર જણાવેલ અવ્યવસ્થાને કારણે લોકો પુષ્ટિમાર્ગના નામ પર પુષ્ટિસિદ્ધાન્તથી દૂર ઢકેલાઇ રહ્યા છે. આ પ્રસંગે આ શાયરી સુસંગત રહેશે કે **'નહિ હૈ યહ ગમ કિ હમ તબાહ હૈ, લેકિન તુમ્હારે નામ પર હમ હૈ તબાહ યહ ગમ હૈ'** આવી અવ્યવસ્થાવાળી સ્થિતિ આજે પેદા થઇ છે તેમ નથી પણ સોથી વધુ વર્ષો પૂર્વથી આ સ્થિતિ સર્જાયેલી છે અને આવી સ્થિતિ સર્જાવાના અનેક કારણોમાં કેન્દ્રમાં મુખ્ય કારણ જોવામાં આવે તો લોકોના મનમાં ભભૂકી રહેલી અસન્તોષની આગ અને સમ્પ્રદાય સર્વમાન્ય સર્વને બાધ્ય કરે તેવા કાયદાનો અભાવ. સમ્પ્રદાય અંગેનું રાજ્યમાન્ય કાયદાકીય માળખું અસ્તિત્વમાં આવે તો તેનાંથી સમ્પ્રદાય સામેના ઘણાં પડકારો સામે લડવામાં વિશિષ્ટ બળ પ્રાપ્ત થશે તે નિર્વિવાદ છે. આ પ્રસ્તાવ આજે મારા દ્વારા પ્રસ્તુત કરાયો છે તેમ નથી પણ આજથી ઘણાં વર્ષો પૂર્વ ગો.શ્રીશ્યામમનોહરજી (પાર્લા-મુંબઇ)એ વલ્લભકુલ સમુદાયના મધ્યે પ્રસ્તુત કર્યો હતો, પરન્તુ કેટલાક લોકોના નિજી-અંગત કારણોસર પ્રસ્તુત પ્રસ્તાવ અમલમાં આવી શક્યો નહિ. જો તે વખતે આવી કોઇ સર્વમાન્ય ફોર્મ્યુલા અસ્તિત્વમાં આવીને રાજ્યમાન્ય કાયદાનું સ્વરૂપ ધારણ કરી શકી હોતે તો પૂર્વમાં સર્જાયેલી અવ્યવસ્થાઓનું પણ નિરાકરણ થઇ ગયું હોતે અને નવા ફૂટી રહેલા ફણગાઓને પણ અવકાશ રહેતે નહિ. ઘણાં લોકોને એમ બોલતાં સાંભળવા મળે છે કે 'ભલેને શ્યામમનોહરજી લખતા-બોલતા રહે પણ અમે તો અમારી રીતે જ ડિંડિમઘોષ પૂર્વક બધું કરી રહ્યા છીએ!' ભાઇ

! પ્રસ્તાવનું અમલીકરણ ન થવાથી અંગત રીતે શ્યામમનોહરજીનું કશું જ બગડ્યું નથી, પરન્તુ હા, બગડ્યું છે તો સમ્પ્રદાયનું જરૂર બગડ્યું છે અને તેમ બોલનારાના પુત્રો-પૌત્રોનું તો જરૂર સીધું કે આડકતરું બગડ્યું જ છે. એટલું જ નહિ હજુ વધુ બગડી શકે છે. અતઃ પરિસ્થિતિ જે દિશામાં જઇ રહી છે તેને જોતાં સમ્પ્રદાયનું સબળ અને સર્વને બાધ્ય કરે તેવું સર્વમાન્ય માળખું ખૂબ જ આવશ્યક છે. સમ્પ્રદાયના સિદ્ધાન્તો, પ્રાચીન પરમ્પરાઓ, અન્ય સનાતન વૈદિક પરમ્પરામાં આવેલા સમ્પ્રદાયો સાથેનો આપણા સમ્પ્રદાયનો સંબન્ધ, આધુનિક યુગ, આધુનિક યુગના નિર્બળ લોકો, આધુનિક જીવન શૈલી, આધુનિક રાષ્ટ્રીય તથા આન્તરરાષ્ટ્રીય સ્થિતિ, આધુનિક કાયદાકાનુનો, અત્યારસુધીમાં દીક્ષા લઇ ચુકેલા વિદ્યમાન વૈષ્ણવો, નિર્માણ પામેલા મન્દિરો-બેઠકો વગેરે, નિર્માણ થયેલા સામ્પ્રદાયિક સાર્વજનિક ટ્રસ્ટો, નિર્માણ પામેલા નાણાંકીય ભંડોળો, આજની નાણા સંસ્થાઓ, આધુનિક વ્યવસાય, આજના શહેરો-ગામડાઓ-વનો (જંગલો), આજના તીર્થો-ક્ષેત્રો-હિન્દુ મન્દિરો, આધુનિકમાં હિન્દુ સમાજનું જે-તે પ્રકારે ધાર્મિક પ્રવર્તન, આ બધાનો ઊંડો વિચાર કરતાં (કારણ કે આ બધું જ ગૃહમાં રહેલા કે ગૃહ ત્યાગેલા વૈષ્ણવને પણ કોઇને કોઇ રીતે તો સ્પર્શે જ છે તેથી તેનો વિચાર કરતાં) સમ્પ્રદાયના મૂળભૂત સિદ્ધાન્તોને બાધ ન આવે તથા પરિવર્તનના નામ પર આખો સમ્પ્રદાય જ બદલાઇ ન જાય તેનો વિચાર રાખતાં પણ સમ્પ્રદાય માટેનું નવું માળખું અને સમ્પ્રદાયના ગુરુવર્ગ તથા વૈષ્ણવવર્ગ માટેનો કોડ ઓફ કન્ડકટ નવેસરથી ઘડાવો આવશ્યક છે.

જેમ પૂર્વમાં પરિવારની સંખ્યા વધતાં સાત લાલજીઓ પછીથી સાત લાલજીઓના સાત ઘરોના રૂપમાં આચાર્યગૃહની સંખ્યાનો સંકોચ કરવામાં આવ્યો, તે રીતે આજે પણ બધા ભેગા મળીને બ્રહ્મસંબન્ધ દીક્ષા લેનાર અને દીક્ષા આપનાર બંનેની સંખ્યામાં સંકોચ કરી શકાય છે. અને આવો સંકોચ સમ્પ્રદાયના પરમહિતમાં સહુ કોઇએ પ્રસન્નતાથી વધાવી લેવો જોઇએ અને અંગત સ્વાર્થ કે માન્યતાને પ્રાધાન્ય નહિ આપી સ્વીકારી લેવો જોઇએ. તેમજ આવા સંકોચની જેમને અસર થાય છે તે લોકોને પણ આથી આદરમાં ઉણપ ન આવવી જોઇએ એ પણ નક્કી છે.

પરંતુ આવો સંકોચ કરતી વખતે એક વાત ઉપર જરૂર નિશ્ચિતરૂપે ધ્યાન આપવું જોઇએ કે આવી કોઇ પણ પ્રકારની વ્યવસ્થા એ માત્ર સમ્પ્રદાયના હિત માટે અને વ્યવસ્થાના હેતુથી જ વિચારાવી જોઇએ, અંગત રાગ-દ્વેષ પ્રયુક્ત યા કોઇને નીચે પાડવાના દુરાશય મૂલક ન હોવી જોઇએ અને ન કોઇ અમુક વ્યકિતને નજરમાં રાખીને જ વિચારાવી જોઇએ અને ન કોઇ એકાદ કારણને લઇને જ વિચારાવી જોઇએ. એક વાતને અનિષ્ટ ગણી જેમાં અનેક અનિષ્ટ હોય તેનો વિચાર ન કરવો એ ન તો ન્યાયસંગત છે, ન સામાજિકતાથી સંગત છે, ન ધર્મ સંમત છે. મતલબ કે કોઇ પણ નિર્ણય કે નિયમ એ કામરાજયોજના જેવા ન હોવાં જોઇએ.

આધુનિક સમયમાં દીક્ષા લેનાર-દીક્ષા આપનારની યોગ્યતા, ગુરુવર્ગ, ગુરુવર્ગની અંગત હવેલી (મંદિરો)ઓનું સંચાલન, ટ્રસ્ટ મંદિરો, ટ્રસ્ટીઓની યોગ્યતા અને સામ્પ્રદાયિક નીતિ-નિયમ-પદ્ધતિ વગેરે બાબતમાં ટ્રસ્ટીઓનો મનસ્વીતાથી ફેરફારો કરવા સ્વરૂપનો હસ્તક્ષેપ, સિદ્ધાન્ત નિરૂપક-ચરિત્ર, ઇતિહાસ નિરૂપક પુસ્તકો, નિતિ-નિયમો નિરૂપક સાહિત્ય વગેરેના પ્રકાશનોમાં સ્વચ્છન્દતા વગેરે અનેક આજના સળગતા પ્રશ્નો જે ચર્ચાના એરણે છે તેને લઇને આટલું લખવા પ્રેરાયો છું.

'સિદ્ધાન્તરહસ્ય દર્શન' ભાગ-૨ (વિવરણ) ના પ્રકાશન પ્રસંગે આના પ્રકાશનમાં જેમની સમ્પૂર્ણ દ્રવ્યસહાયથી આ સરળ બન્યું છે એવા શ્રીમતી સરોજબેન પોપટ તથા તેમના પતિ શ્રીનવિનભાઇ પોપટ (કાંદિવલી-મુંબઇ નિવાસી) ને જેટલા પણ ધન્યવાદો આપવામાં આવે તેટલા ઓછા છે. સમ્પ્રદાયમાં પોતાના દ્રવ્યનો સદ્ઉપયોગ કરવાની ઇચ્છા ધરાવતા લોકો માટે શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તો વૈષ્ણવોના ઘર-ઘર પહોંચે અને તેના વાંચનથી તેઓ પોતાની વૈષ્ણવતાને શણગારી શકે તથા નવી પેઢીના બાળકો માટેના સાહિત્યથી બાળકોનું સુસંસ્કારી વૈષ્ણવ તરીકેનું તેમનું વ્યક્તિત્વ ઉપસે તે મુજબના સાહિત્ય પ્રકાશનમાં દ્રવ્ય સહાય કરવી એ સહુથી શ્રેષ્ઠ ઉપયોગ છે. શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોની સેવામાં તેમની આવી જ ભાવના સદા બની રહે એ જ શુભાભ્યર્થના.

વિ.સં.૨૦૬૧ જેઠ વદ-૪,
શનિવાર તા. ૨૫-૬-૨૦૦૫ **ગોસ્વમી ચન્દ્રગોપાલ**
વડોદરા.

પ્રાક્કથન

(પૂ.ગો.શ્રીશરદકુમારજી મહોદયશ્રી-માંડવી-કચ્છ)

॥ શ્રીહરિ: ॥

'પુરુષાર્થસ્ય શાસ્ત્રાર્થસ્ય વા સ્વરૂપં શાસ્ત્રૈકસમધિગમ્યં ન સ્વબુદ્ધિકલ્પિતમ્. અત: સ્વબુદ્ધ્યા શાસ્ત્રાર્થં પરિકલ્પ્ય તત્ર વેદં યોજયન્તો મહાસાહિસિકા: સદ્ભિ: ઉપેક્ષ્યા:' (બ્ર.સૂ.૧-૧-૩).

'ધર્માદિ પુરુષાર્થો અથવા શાસ્ત્રનો તાત્પર્યાર્થ એક માત્ર શાસ્ત્ર દ્વારા જ સમજી શકાય તેવી બાબત છે નહિ કે પોતાની સમજથી. તેથી જ પોતાની સમજ પ્રમાણે શાસ્ત્રના અર્થ-તાત્પર્યની પરિકલ્પના કરીને તે અનુસાર વેદનો અર્થ કાઢનારાઓ ખરેખર મહાસાહસિક (!) જ ગણાય. સત્પુરુષોએ આવા લોકોની ઉપેક્ષા જ કરવી' - મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય-ના આ વચનો એ ભારતીય સનાતન ધર્મ-દર્શનની શાસ્ત્રમૂલક ચિન્તનની પરમ્પરામાં રહેલી અનન્ય શાસ્ત્રનિષ્ઠાનો જ પુનરુચ્ચાર છે.

ઉપર્યુક્ત વચનનો હાર્દ સમજવો હોય તો એમ કહી શકાય કે કેટલીક એવી બાબતો હોય છે કે જેનું જ્ઞાન પ્રત્યક્ષ, અનુમાન તેમજ શબ્દથી એટલે કે જોઇ-વિચારીને કે કોઇકના પાસેથી જાણીને થઇ શકતું હોય છે દા:ત.જગત્નું ભૌતિક રૂપ વગેરે. આવી બાબતોને પ્રત્યક્ષાદિ લૌકિક પ્રમાણોનો વિષય કહી શકાય. પરન્તુ જગત્નું આધ્યાત્મિક-આધિદૈવિક સ્વરૂપ, જીવ, બ્રહ્મ આદિ પ્રમેયો; કર્મ-જ્ઞાન-ભક્તિ-પ્રપત્તિરૂપી મુખ્ય સાધનો તથા દાન વ્રત તપ તીર્થયાત્રા વર્ણાશ્રમધર્મ આદિ ગૌણ સાધનો; તેમજ મુક્તિ, પાપ-પુણ્ય આદિ ફળો વગેરેને ભારતીય આસ્તિક પરમ્પરામાં અચિન્ત્ય, અલૌકિક, કે શાસ્ત્રીય વિષયો

માનવામાં આવે છે. આને 'શાસ્ત્રીય' કહેવાનો અભિપ્રાય એ છે કે આ વિષયોનું જ્ઞાન કેવળ શાસ્ત્રથી જ પ્રાપ્ત કરી શકાય છે. આ વિષયોના સમ્બન્ધમાં શાસ્ત્ર જે સમજ આપે છે તેને જ પ્રામાણિક માનવામાં આવે છે. તેથી જ કહેવાયું છે :

'પ્રત્યક્ષેણાનુમિત્યા વા યસ્તૂપાયો ન બુદ્ધ્યતે ।
એતં વિદન્તિ વેદેન તસ્માત્ વેદસ્ય વેદતા ॥

રૂપ દર્શનમાં જેમ આંખનું, શબ્દ-ધ્વનિને સાંભળવામાં જેમ કાનનું કે સ્પર્શાનુભૂતિમાં જેમ ત્વચાનું પ્રામાણ્ય સામાન્યતયા નિરપેક્ષ કે સ્વત: હોય છે તેમ પોતાના (= અલૌકિક) વિષયના જ્ઞાનમાં શાસ્ત્રનું પ્રામાણ્ય પણ નિરપેક્ષ હોય છે. આને જ શાસ્ત્રનું સ્વત: પ્રામાણ્ય કહેવાય છે.

જે પ્રમાણનું પ્રામાણ્ય સ્વત: હોય તેને પોતાના વિષયના નિર્ધારણ માટે અન્ય કોઇ પ્રમાણની આવશ્યકતા રહેતી નથી. તેથી જ આચાર્યચરણ આજ્ઞા કરે છે :

'અલૌકિકો હિ વેદાર્થો ન યુક્ત્યા પ્રતિપદ્યતે'

.... ન હિ સ્વબુદ્ધ્યા વેદાર્થં પરિકલ્પ્ય તદર્થં વિચાર: કર્તું શક્ય:. બ્રહ્મ પુન: યાદશં વેદાન્તેષુ અવગતં તાદશમેવ મન્તવ્યમ્. અણુમાત્રાન્યથાકલ્પનેઽપિ દોષ: સ્યાત્. 'યોન્યથા સન્તમાત્માનમ્ અન્યથા પ્રતિપદ્યતે, કિં તેન ન કૃતં પાપં ચૌરેણાત્માપહારિણા'.

વેદ તો અલૌકિક વિષયનું પ્રતિપાદન કરે છે. તેથી 'વેદનો અર્થ આ પ્રમાણે નહિ પણ આ પ્રમાણે હોવો જોઇએ' એમ પોતાની સમજથી વેદનો અર્થ નક્કી કરી લઇને સ્વબુદ્ધિકલ્પિત વેદાર્થનો વિચાર કરવા બેસવું અનુચિત છે. આવો વિચાર વેદાર્થવિચાર ન રહી સ્વમન: કલ્પિત અર્થનો વિચાર બની જાય છે.

કદાચ ક્યારેક એવું બની શકે કે ધર્મ-બ્રહ્માદિ શાસ્ત્રીય પ્રમેયોનું

નિરૂપણ અબુદ્ધિગમ્ય જણાય. શાસ્ત્રીય પ્રમેયોનું જ્ઞાન, પરન્તુ, અન્ય કોઇ પણ લૌકિક જ્ઞાનસાધનોથી પ્રાપ્ત થઇ શકે તેવું ન હોવાથી વેદ-વેદાન્તમાં તેનું જે પ્રમાણે નિરૂપણ કરાયું હોય તે જ પ્રમાણે તેને, યથાવત્, સ્વીકારી લેવામાં આવે તો જ તેને 'શાસ્ત્રાર્થ' કહી શકાય. શાસ્ત્ર દ્વારા નિર્ધારિત વિષયમાં જો અણુ માત્ર પણ આઘો-પાછો વિચાર આવે તો તે દોષ છે.

'........શાસ્ત્રયોનિત્વાત્' 'તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે' 'ધર્મ જિજ્ઞાસમાનાનાં પ્રમાણં પરમં શ્રુતિઃ' ઇત્યાદિ શાસ્ત્રવચનો તેમજ મહાપ્રભૂક્ત **'શબ્દએવ પ્રમાણમ્..... તત્ સ્વતઃસિદ્ધપ્રમાણભાવં પ્રમાણમ્'** વચન પણ શાસ્ત્રીય તત્ત્વોનું નિર્ધારણ શાસ્ત્ર દ્વારા જ કરવાનો ઘોષ કરે છે.

'અચિન્ત્યા ખલુ યે ભાવાઃ ન તાંસ્તર્કેણ યોજયેત્' 'તર્કાપ્રતિષ્ઠાનાત્' સદૃશ શાસ્ત્ર વચનો તેમજ પ્રમેયરત્નાર્ણવકારોક્ત **'વાચનિકે શાસ્ત્રે વાચનિક્યેવ વ્યવસ્થેતિ શુષ્કતર્કૈઃ ન ભ્રમિતવ્યમ્'** વચન શાસ્ત્રીય અલૌકિક-અચિન્ત્ય અર્થોને પ્રત્યક્ષાદિ લૌકિક પ્રમાણો કે (અવૈદિક) તર્કથી મૂલવવાનો નિષેધ કરે છે. આવા નિષેધ પાછળની ભાવના વેદાર્થની રક્ષા કરવાની છે. જ્યાં શાસ્ત્રવચનો સિવાય અન્ય કોઇ પણ પ્રમાણની ગતિ ન હોય ત્યાં શાસ્ત્રૈકશરણ થવામાં જ બુદ્ધિમત્તા ગણાય. આ પરમ્પરાગત શાસ્ત્રનિષ્ઠાને વાચા આપનારા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના આ વચનો મનનીય છે.

યે ધાતુશબ્દાઃ યત્રાર્થે ઉપદેશે પ્રકીર્તિતાઃ ।
તથૈવાર્થો વેદરાશેઃ કર્તવ્યો નાન્યથા કવચિત્ ॥

(તત્ત્વાર્થ નિ.સર્વનિ.૭૪)

શ્રુત્યા અભિધયા વૃત્ત્યા યો અર્થઃ પ્રતિપાદ્યતે પ્રકરણાનુરોધેન સ એવ શ્રુત્યર્થઃ.

(તત્ત્વાર્થ.નિ.શા.૭૮)

પ્રત્યક્ષાદષ્ટવિષયે પદાર્થાઃ શ્રુતિબોધિતાઃ ।
પરસ્પરં વિરુદ્ધાસ્તે નૈકશેષં ભજન્તિ હિ ॥
ઉભયોર્વૈદિકત્વેન કઃ સ્યાદ્ અત્ર નિયામકઃ ।
વિચારકાનાં બુદ્ધિસ્તુ સોપજીવ્યા શ્રુતેઃ સદા ॥
ક્રિયાવિદ્યાપરત્વે તુ વિકલ્પેનૈકવાક્યતા ।
યથા સર્વાવિરોધઃ સ્યાત્ તથૈવાત્ર વિચારણમ્ ॥

(સુબોધિની ૨-૯-૩૨ ઉપર કારિકા)

વિરુદ્ધકરણં નાસ્તિ પ્રક્રિયા ન વિરુદ્ધ્યતે ।
કલ્પિતૈરેવ બાધઃ સ્યાત્ અવોચામ પ્રમાણતામ્ ॥

(તત્ત્વાર્થ નિ.સર્વનિ.૨૨૫)

અર્થોઽયમેવ નિખિલૈરપિ વેદવાક્યૈઃ રામાયણસહિત-ભારતપઞ્ચરાત્રૈઃ ।
અન્યૈશ્ચ શાસ્ત્રવચનૈઃ સહ તત્ત્વસૂત્રૈઃ નિર્ણીયતે સહૃદયં હરિણા સદૈવ ॥

(તત્ત્વાર્થ નિ.શાસ્ત્રાર્થ ૧૦૪)

વેદનો અર્થ કરવામાં રાખવી જોઇતી સાવધાનીના વિષયમાં સમજાવતાં આચાર્યચરણ 'નિબન્ધ' માં આજ્ઞા કરે છે : **'પદપરિત્યાગેન અધિકમેલનેન વા ન વેદાર્થો વક્તવ્યઃ'** (સર્વનિ.પ્રકાશ ૧૬૬). વેદનો અર્થ કરતી વખતે વેદના એક પણ શબ્દને છોડવો નહીં કે વધારાનો એક પણ શબ્દ તેમાં ઉમેરવો નહીં. આ રીતે જો વેદાર્થ કરવામાં આવે તો શ્રુતહાન (શ્રુતસ્ય શબ્દપ્રતિપન્નાર્થસ્ય હાનઃ પરિત્યાગઃ), અશ્રુતકલ્પના (અશ્રુતસ્ય શબ્દાપ્રતીતાર્થસ્ય કલ્પના) કે પ્રાપ્તબાધ (પ્રાપ્તસ્ય પ્રમાણવિશેષેણ કર્તવ્યતયા પ્રતીતસ્ય બાધો વ્યવહારવ્યાવર્તનમ્) જેવા અક્ષમ્ય દોષો થઇ જવાની શક્યતા રહેતી હોય છે. મીમાંસાના ગ્રન્થોમાં લાક્ષણિકી પરિસંખ્યાના દોષો તરીકે આ બાબત વિસ્તારથી વર્ણવાઇ છે. આવા દોષોને કારણે વેદાર્થ વિકૃત ન થાય, વેદનું તાત્પર્ય જળવાઇ

રહે, વેદના નામે સ્વમનઃકલ્પિત સિદ્ધાન્તો તેમજ કર્માનુષ્ઠાનો દુર્જનો પ્રચારિત કરવા ન લાગે અને તેને કારણે વેદનું પ્રયોજન માર્યું ન જાય તે માટે વૈદિક શબ્દ, વૈદિક અર્થ તેમજ વૈદિક કર્માનુષ્ઠાનની રક્ષા કરવી આવશ્યક હોય છે.

વેદના સ્વરૂપની રક્ષા માટે શિક્ષા તથા છન્દ, વેદના અર્થની રક્ષા માટે વ્યાકરણ તથા નિરુક્ત; અને વેદોક્ત અનુષ્ઠાનની રક્ષા માટે કલ્પ તથા જ્યોતિષ-આમ છ વેદાઙ્ગોનું પ્રાકટ્ય છે. તે જ પ્રમાણે ધર્માનુષ્ઠાનાર્થ અપેક્ષિત આરોગ્ય માટે આયુર્વેદ, આત્મરક્ષા તેમજ યજ્ઞરક્ષા માટે ધનુર્વેદ, ચિત્તમાં થતા ઉદ્વેગને દૂર કરવા માટે ગન્ધર્વવેદ તેમજ ધર્મકાર્યમાં આવશ્યક ઉપકરણોના નિર્માણ માટે સ્થાપત્યવેદ-આમ ચાર ઉપવેદોનું પ્રાકટ્ય છે. તે જ પ્રમાણે ઇતિહાસ-પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર આમ ચતુર્દશ વિદ્યાઓનું પ્રાકટ્ય સાક્ષાત્-પરમ્પરયા વેદરક્ષાર્થે જ છે. વૈદિકોને આનું અનુસન્ધાન સતત રહે તે માટે નિત્યકર્મમાં બ્રહ્મયજ્ઞનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉક્ત સકલ શાસ્ત્રોનું નિત્ય યથાયોગ્ય અદ્યયન/સ્વાદ્યાય બ્રહ્મયજ્ઞમાં કરવામાં આવે છે.

શાસ્ત્ર એક મહાવાક્ય કે મહાપ્રકરણ જેવું છે. વેદ, આગમ, ઇતિહાસ-પુરાણ, સ્મૃતિ, સૂત્ર વગેરે બધું મળીને એક શાસ્ત્ર છે. શાસ્ત્રના અર્થને સમજવામાં પડતી તકલીફનું એક કારણ શાસ્ત્રનો આ વિસ્તાર છે. આ સિવાય અધિકારભેદ, કોટિભેદ, યુગ-કલ્પભેદ જેવી બાબતો તેને ઓર જટિલ બનાવે છે. તેથી જ પ્રત્યક્ષ, અનુમાન તેમજ શબ્દ જન્ય લૌકિક વિષયોની અનુભૂતિનું નિર્ધારણ કરવા માટે જેમ લૌકિક પ્રમાણોમાં બલાબલ, સમન્વય, અવિરોધ આદિનો વિચાર કરાતો હોય છે તેમ શાસ્ત્રમાં પ્રતિપાદિત સિદ્ધાન્તોને સમજવા માટે પણ શાસ્ત્ર વચનોમાં બલાબલ, એકવાક્યતા-સમન્વય, અવિરોધ આદિનો વિચાર કરવામાં આવે છે. આ માટે શાસ્ત્રના પ્રકાર અનુસાર શાસ્ત્રાર્થની વિભિન્ન પદ્ધતિઓ પરમ્પરાથી ચાલી આવી છે. જેવી કે

ઉપક્રમોપસંહારાવભ્યાસાપૂર્વતા ફલમ્ ।
અર્થવાદોપપત્તિશ્ચ લિઙ્ગં તાત્પર્યનિર્ણયે ॥

આ સકલશાસ્ત્રોપકારક પ્રણાલી છે. અધિકરણવિચારમાં વિશેષ કરીને

વિષયો-વિષયશ્ચૈવ પૂર્વપક્ષઃ તથોત્તરમ્ ।
સઙ્ગતિશ્ચેતિ પઞ્ચાઙ્ગં શાસ્ત્રેઽધિકરણં સ્મૃતમ્ ॥

આ પઞ્ચાઙ્ગ વિચારની પ્રણાલી અપનાવાય છે. સૂત્રાર્થ-વિચારની પદ્ધતિ છે.

સઞ્જ્ઞા ચ પરિભાષા ચ વિધિર્નિયમએવ ચ ।
અતિદેશોઽધિકારશ્ચ ષડ્વિધં સૂત્રલક્ષમ્ ॥

સૂત્રભાષ્યમાં સૂત્રાનુસારી પોતાના વિચારોને પણ અભિવ્યક્ત કરવાના સ્વાતન્ત્ર્ય સાથે

સૂત્રાર્થો વર્ણ્યતે યેન પદૈઃ સૂત્રાનુસારિભિઃ ।
સ્વપદાનિ ચ વર્ણ્યન્તે ભાષ્યં ભાષ્યવિદો વિદુઃ ॥

આ પદ્ધતિ અનુસરવામાં આવે છે. ભાષ્ય ઉપર ઉક્તાનુક્ત-દુરુક્તના વિચારરૂપ વાર્તિકગ્રન્થોની રચના પણ પ્રાચીન કાલથી થતી આવી છે. પરન્તુ સમ્પ્રદાયપ્રવર્તક આચાર્ય વિરચિત વેદાન્તસૂત્રભાષ્ય ઉપર વાર્તિકની રચના કરવી એ શિષ્ટજનોમાં નિન્દનીય કાર્ય ગણાય છે. તેથી જ મહાપ્રભુ લખે છે : **'વ્યાસો અસ્માકં (સર્વેષાં વેદાન્ત-વિચારકાણાં) ગુરુઃ (ઉપજીવ્યઃ). અતો વ્યાસાભિપ્રેતવિરુદ્ધં ન અઙ્ગીક્રિયતે'**. અમારા ગુરુ વેદવ્યાસને અભિપ્રેત શાસ્ત્રના અર્થથી વિરુદ્ધ અર્થનો સ્વીકાર અમે નથી કરતા. ભાષ્ય જેમ સૂત્રથી વિરુદ્ધ ન રચી શકાય તેમ વેદાન્તસમ્પ્રદાયમાં ભાષ્યથી વિરુદ્ધ તેનું વિવેચન પણ ન કરી શકાય.

વેદને સમજવા માટે મીમાંસકોએ વિધિ-મન્ત્ર-નામધેય-નિષેધ

અને અર્થવાદાત્મક વેદનો વિચાર ઉત્પત્તિ-વિનિયોગ-પ્રયોગ અને અધિકાર વિધિરૂપે કર્યો છે. તદનુસાર વ્યક્તિના અધિકાર (કામ્ય-નૈમિત્તિક-નિત્ય) ને લક્ષ્યમાં રાખીને કર્મનું સ્વરૂપ જાણી લીધા બાદ યાગ અને તેના અઙ્ગોને સમજવા માટે શ્રુતિ-લિઙ્ગ-વાકય-પ્રકરણ (મહાપ્રકરણ-અવાન્તરપ્રકરણ) -સ્થાન-સમાખ્યાનો વિચાર તેમજ યાગક્રિયાને શીઘ્ર સમ્પન્ન કરવા માટે તેના ક્રમનો બોધ શ્રુતિ-અર્થ-(મન્ત્રબ્રાહ્મણાત્મક) પાઠ-સ્થાન-મુખ્ય-પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત કરવાની પ્રણાલી બતાવી છે.

‘અસ્ય મહતો ભૂતસ્ય નિશ્વસિતમ્ એતદ્ યદ્ ઋગ્વેદો યજુર્વેદ: સામવેદો અથર્વાઙ્ગિરસ:’ વચનમાં કહ્યા મુજબ વેદોનો આવિર્ભાવ પ્રભુમાંથી સાક્ષાત્ થયો હોવાથી અપૌરુષેય ભગવદ્વાક્યરૂપ વેદોનું સ્વત:પ્રામાણ્ય સર્વ આસ્તિકજનોમાં સ્વીકૃત છે. શાસ્ત્રગ્રન્થોમાં, પરન્તુ, વેદો સિવાય સ્મૃતિ, પુરાણ, ઇતિહાસાદિ પણ સ્વીકૃત છે જ. તે ગ્રન્થોનું પ્રામાણ્ય પણ વિચારણીય બને છે. વેદાતિરિક્ત શાસ્ત્રગ્રન્થોના પ્રામાણ્યના સમ્બન્ધમાં પણ સ્વયં શાસ્ત્રે જ વિશિષ્ટ વ્યવસ્થા દેખાડી છે. યથા:

વેદોઽખિલો ધર્મમૂલં સ્મૃતિશીલે ચ તદ્વિદામ્ ।
આચારશ્ચૈવ સાધૂનામ્ આત્મન: તુષ્ટિરેવ ચ (૬)
વેદ: સ્મૃતિ: સદાચાર: સ્વસ્ય ચ પ્રિયમાત્મન: ।
એતત્ ચતુર્વિધં પ્રાહુ: સાક્ષાદ્ ધર્મસ્ય લક્ષણમ્ (૧૨)
ધર્મં જિજ્ઞાસમાનાનાં પ્રમાણં પરમં શ્રુતિ: (૧૩)
(મનુસ્મૃ. અ.૨)

શ્રુતિસ્મૃતિપુરાણાનાં વિરોધો યત્ર દશ્યતે ।
તત્ર શ્રૌતં બલિષ્ઠં સ્યાત્ .... ॥
(વ્યાસસંહિ.સ્મૃ.૧/૪)

યા વેદબાહ્યા: સ્મૃતયો યાશ્ચ કાશ્ચ કુદષ્ટય: ।
સર્વાસ્તા નિષ્ફલા પ્રેત્ય તમોનિષ્ઠા હિ તા: સ્મૃતા: ॥
(મનુસ્મૃ. ૧૨-૯૫)

શ્રુતિદ્વૈધન્તુ યત્ર સ્યાત્ તત્ર ધર્માવુભૌ સ્મૃતૌ ।
ઉભાવપિ હિ તૌ ધર્મૌ સમ્યગુક્તૌ મનીષિભિ: ॥
(મનુસ્મૃ. ૨-૧૪)

મહર્ષિ મનુ કહે છે કે આમ તો ધર્માદિનો નિર્ણય વેદ, સ્મૃતિ, સદાચાર વડે અને આત્મસન્તોષ કે ભીતરની લાગણી વડે આમ અનેક રીતે કરી શકાય છે. પરન્તુ આ બધામાં પરમ પ્રમાણ તો વેદને જ માનવું. સ્મૃતિશાસ્ત્રનું પ્રામાણ્ય પણ વેદોકત ધર્મ સાથે તેના સંવાદ હોવા પર જ મનાય છે. વેદોકત ધર્મથી વિરુદ્ધ નિરૂપણ કરનારી સ્મૃતિઓનું તેમજ વેદવિરુદ્ધ નિરૂપણ કરનારા અન્ય શાસ્ત્રોનું અનુસરણ કરવાથી સકલ શુભ કર્મ-ફલનો નાશ થાય છે અને નરક ફળ મળે છે. તેથી જ વ્યાસસ્મૃતિમાં કહેવાયું છે કે વેદના જ બે વચનોમાં પરસ્પર વિરુદ્ધ વાત આવતી જણાય તો તે બન્નેને ધર્મરૂપ જ જાણવી જોઇએ. વેદ-સ્મૃતિ-પુરાણમાં જો પરસ્પર વિરોધ જણાય તો તેવી સ્થિતિમાં વેદમાં કહેલ વાતને જ પ્રમાણ માનવી. વેદથી વિરુદ્ધ સ્મૃતિ પણ જયારે પ્રામાણિક ન ગણાતી હોય ત્યારે વેદવિરુદ્ધ હોય તેવા સદાચરનું કે ભીતરની લાગણીનું પ્રામાણ્ય ક્યાંથી માની શકાય ! તેથી જ ભીતર ની લાગણીથી જે કર્તવ્ય તરીકે સમજાતું હોય અથવા તો જે કર્મ કરવાથી આત્મસન્તોષ પ્રાપ્ત થતો હોય તેને પણ ધર્મરૂપ ત્યારે જ માની શકાય કે જો તે વેદાદિથી વિરુદ્ધ ન હોય. તે જ પ્રમાણે સદાચારનું પ્રામાણ્ય પણ જો તે વેદથી વિરુદ્ધ ન હોય તો જ મનાય છે. અતએવ **‘સાધૂનાં સમયશ્ચાપિ પ્રમાણં વેદવત્ ભવેત્’ ‘આજ્ઞા ગુરૂણામ્ અવિચારણીયા:’ ‘યદ્યપિ શુદ્ધં લોકવિરુદ્ધં નાદરણીયમ્’** સદશ સદાચાર-લોકાચાર-કુલાચાર આદિ વિષયક ઉકિતઓને પણ ઉપરોકત અર્થમાં જ લેવી જોઇએ. દયાતવ્ય છે કે

'સદાચાર'નો અર્થ પણ પરિભાષિત છે : '.... **આચારશ્ચૈવ સાધૂનામ્ (૬) ...., સરસ્વતીદષદ્વત્યોઃ ... બ્રહ્માવર્ત પ્રચક્ષતે (૧૭) તસ્મિન્ દેશે ય આચારઃ પારમ્પર્યક્રમાગતઃ, વર્ણાનાં સાન્તરાલાનાં સ 'સદાચાર' ઉચ્યતે'** તાત્પર્ય એ છે કે વ્યાકરણ-ન્યાય આદિ લૌકિક શાસ્ત્રોમાં જેમ 'યથોત્તરં મુનીનાં પ્રામાણ્યમ્' ન્યાય સ્વીકાર્ય હોય છે તેવું અલૌકિક શાસ્ત્રોની બાબતમાં નથી. અલૌકિક શાસ્ત્રમાં ઉત્તરોત્તર શાસ્ત્રોની પૂર્વ-પૂર્વ શાસ્ત્રના અર્થમાં થતા સન્દેહની વારકતા સ્વીકાર્ય હોય છે પરન્તુ પ્રામાણ્ય તો પૂર્વ-પૂર્વ શાસ્ત્રનું જ વિશેષ મનાય છે.

આ સર્વ નિરૂપણનો આશય એટલો જ છે કે વૈદિક પરમ્પરામાં જે પદ્ધતિ શાસ્ત્રગ્રન્થોના પ્રામાણ્ય અને તેનો અર્થ કરવા-સમજવામાં સ્વીકારાયી છે તે જ પદ્ધતિ સમ્પ્રદાયોમાં સ્વીકાર્ય છે. આ વિષયનો સવિશેષ વિચાર કરવો વર્તમાન સન્દર્ભમાં ખૂબ જ આવશ્યક જણાય છે.

ધર્મ-બ્રહ્માદિ તત્ત્વો જેમ શાસ્ત્રસિદ્ધ છે તેમ શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિ સમ્પ્રદાયના ધર્મ-દર્શન વિષયક સિદ્ધાન્તો પણ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના વચનોથી સિદ્ધ છે. તેથી જ સ્વીય વિષયમાં મહાપ્રભુના વચનોનું પ્રામાણ્ય પણ વેદવત્ નિરપેક્ષ કે સ્વતઃ છે. શ્રીગોપીનાથ પ્રભુચરણ 'સાધનદીપિકા' ગ્રન્થમાં લખે છે :

ભક્તિમાર્ગવિતાનાય ચોડવતીર્ણો હુતાશનઃ।
સએવ નઃ પરં માનં શેષમ્ અસ્ય પ્રમાન્તરમ્॥

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય અમારે મન પરમ પ્રમાણ છે.

શ્રીગોપીનાથ પ્રભુચરણના અનુજ વિઠ્ઠલનાથ પ્રભુચરણ લખે છે :

તસ્માત્ શ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદ્ અન્યથા રૂપયન્તિ।
ભ્રાન્તા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાન્ધન્તમોગાઃ॥

હે શ્રીવલ્લભ ! જેઓ આપે કહેલા વચનોથી વિરુદ્ધ જઇને આપના નામે અપસિદ્ધાન્તો કહે છે તેવા ભાન ભૂલેલા લોકો (આચાર્યદ્રોહના અપરાધે) કેવળ અન્ધન્તમ નરકમાં જનારા સહજ આસુરી જીવો જ છે.

સમ્પ્રદાયમાંસમ્પ્રદાયપ્રવર્તક મૂલ આચાર્યની વાણી વેદસ્થાની હોય છે. આ બાબતમાં પુષ્ટિભક્તિ સમ્પ્રદાયમાં કંઇક વૈશિટ્ય છે. અહીં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની માફક જ શ્રીગોપીનાથપ્રભુચરણ તથા શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણની પણ પ્રતિષ્ઠા સમ્પ્રદાયપ્રવર્તક આચાર્ય તરીકે નિર્વિવાદ પણે માન્ય છે. આ દષ્ટિથી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની માફક જ શ્રીગોપીનાથપ્રભુચરણ તથા વિઠ્ઠલનાથપ્રભુચરણના વચનોનું પ્રામાણ્ય પણ સમ્પ્રદાયમાં વેદવત્ સ્વીકાર્ય છે.

શાસ્ત્ર ગ્રન્થોમાં વેદ સિવાય સ્મૃતિ, પુરાણાદિ અનેક અન્ય પણ શાસ્ત્ર ગ્રન્થોને પ્રભુએ વિભિન્ન પ્રયોજનોથી પ્રકટ કર્યા છે. નિત્યાનુમેય વેદમૂલક સ્મૃતિશાસ્ત્રમાં મુખ્યત્વે સંસ્કાર, સન્દ્યોપાસનાદિ, નિત્યશ્રાદ્ધાદિ, ઔપાસન-વૈશ્વદેવાદિ સાત પાકયજ્ઞો તથા પ્રાયશ્ચિત્ત આમ પઞ્ચવિધ કર્મોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પઞ્ચવિધ કર્મોથી સમ્પન્ન થયા વિના વેદોક્ત ધર્માચરણની યોગ્યતા પ્રાપ્ત થતી નથી. દેહની રક્ષા માટે જેમ ઘર હોય છે તેમ દેહસ્થાની વેદની રક્ષા માટે ગૃહસ્થાની સ્મૃતિશાસ્ત્રોનું પ્રાકટ્ય છે. તદનુસાર સમ્પ્રદાય પ્રવર્તક આચાર્યોક્ત પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ વિષયક સિદ્ધાન્તોની રક્ષા માટે પરવર્તિ આચાર્યો વિરચિત વ્યાખ્યા તથા સ્વતન્ત્ર ગ્રન્થ સાહિત્યને સ્મૃતિવત્ માનવામાં આવે છે.

સ્મૃતિનું પ્રામાણ્ય જેમ વેદથી વિરુદ્ધ ન હોવાના અંશમાં સ્વીકાર્ય હોય છે તેમ સમ્પ્રદાયમાં પણ સ્મૃતિસ્થાની પરવર્તિ આચાર્યો દ્વારા વિરચિત વ્યાખ્યા તેમજ ગ્રન્થ સાહિત્યનું પ્રામાણ્ય પણ મૂળ આચાર્યના વચનોથી વિરુદ્ધ ન હોવાના અંશમાં જ સ્વીકાર્ય હોય છે.

સામ્પ્રદાયિક આચાર તેમજ સ્વરુચિનું પ્રામાણ્ય પણ સ્મૃતિની માફક જ મૂળ આચાર્યના વચનોથી વિરુદ્ધ ન હોવાના અંશમાં જ સ્વીકાર્ય

બને છે. વાર્તા, વચનામૃત આદિ સાહિત્યમાં નિરૂપિત બાબતોને પણ આ જ કસોટી પર કસવી જોઇએ. તે જ પ્રમાણે સમ્પ્રદાયના નામે ચાલી આવતી આર્વાચીન આચાર પ્રણાલી તેમજ પ્રવર્તમાન આધુનિક આચાર પ્રણાલી પણ જો મૂળ આચાર્યના વચનોથી વિરુદ્ધ હોય તો તેને પાપકૃત્ય જ માનવું જોઇએ.

સમ્પ્રદાયગ્રન્થોની પ્રમાણવ્યવસ્થા બાદ તેના અર્થવિચારની પણ પ્રામાણિક પદ્ધતિ જાણી લેવી જોઇએ. વેદનો અર્થ કેમ કરવો તે સમજાવતાં આચાર્યચરણ 'નિબન્ધ'માં આજ્ઞા કરે છે : 'પદપરિત્યાગેન અધિકમેલનેન વા ન વેદાર્થો વક્તવ્યઃ' (સર્વનિ.પ્રકાશ ૧૬૬). વેદનો અર્થ કરતી વખતે વેદના એક પણ શબ્દને છોડવો નહી કે વધારાનો એક પણ શબ્દ તેમાં ઉમેરવો નહી. કારણ કે વેદવાક્યમાંના કોઇ એક પણ શબ્દને છોડી દઇને તેનો અર્થ કરવાથી વેદવાક્યનો અર્થ અધુરો જ રહે છે. આ પ્રમાણે અર્થ કરવાથી 'શ્રુતબાધ'નો દોષ લાગે છે. આ જ પ્રમાણે જો વેદના વાક્યમાં વધારાનો કોઇ શબ્દ ઉમેરીને અર્થ કરવામાં આવે તો તે અર્થ વેદનો ન રહી જઇ અવૈદિક અર્થ હોવાથી 'અશ્રુતકલ્પના'નો દોષ લાગે છે. આ બન્ને દોષો શબ્દનિષ્ઠ હોય છે.

પ્રાપ્તબાધ અર્થનિષ્ઠ દોષ છે. 'પઞ્ચ પઞ્ચનખા ભક્ષ્યાઃ' વચનમાં ગણાવેલા પાંચ નખવાળા પાંચ પ્રાણિઓ સિવાયના પાંચ નખવાળા પ્રાણિઓના ભક્ષણનો શબ્દતઃ નિષેધ યદ્યપિ નથી તેમ છતાં પરિગણિત સિવાયના રાગતઃ પ્રાપ્ત પઞ્ચનખ પ્રાણિઓના ભક્ષણનો નિષેધ પણ, અન્ય નિષેધવચનો ઉપલબ્ધ થતા ન હોવાને કારણે, પ્રસ્તુત વચનથી જ સ્વીકારવામાં આવે છે. આ અર્થ શબ્દમર્યાદાથી નિકળતો ન હોવાથી દોષરૂપ મનાય છે. વાક્યમાં વાચક પદના અભાવમાં કલ્પના વડે લક્ષણાવૃત્તિથી અર્થની સઙ્ગતિ બેસાડવા જતાં આવા દોષો થવાની સમ્ભાવના રહેતી હોય છે. તાત્પર્ય એ છે કે વેદના જે શબ્દનો જે વાચ્યાર્થ, મુખ્યાર્થ કે અભિધાર્થ નિકળતો હોય તે પ્રમાણે જ વેદવાક્યોનો અર્થ કરવો જોઇએ.

સમ્પ્રદાયના આચાર્યદ્વારા વિરચિત ભાષ્યાદિ શાસ્ત્ર-વ્યાખ્યારૂપ ગ્રન્થો કે પ્રકરણ-સ્તોત્રાદિ ગ્રન્થોનો અર્થ કરવામાં પણ ઉપરોક્ત શ્રુતહાન, અશ્રુતકલ્પના કે પ્રાપ્તબાધ જેવા અક્ષમ્ય દોષો ન થાય તેની સાવધાની રાખવી જોઇએ જેથી કે આચાર્યદ્રોહના અપરાધથી બચી શકાય.

આચાર્યચરણોના વચનમાંથી ફક્ત એક શબ્દનું વ્યાખ્યાન પ્રમાદવશ પણ છોડી દેવાથી કેવો અનર્થ થઇ શકે છે તેનું દષ્ટાન્ત લઇએ તો નિબન્ધના સર્વનિર્ણયપ્રકરણાન્તર્ગત સાધનપ્રકરણમાં આચાર્યચરણે દીક્ષાદાતા ગુરુના લક્ષણમાં 'નરમ્' પદના વિશેષણ તરીકે

[૧]કૃષ્ણસેવાપરં વીક્ષ્ય [૨]દમ્ભાદિરહિતં નરમ્ ।
[3]શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુરાદરાત્ ॥

- કારિકામાં ૧. કૃષ્ણસેવાપરાયણ ૨. દમ્ભાદિરહિત અને 3. ભાગવતતત્ત્વજ્ઞ આમ ત્રણ પદો લખ્યા છે. સ્મર્તવ્ય છે કે આ ત્રણે પદો 'નરમ્' ના વિશેષણ છે. હવે ધારો કે આ શ્લોકના 'કૃષ્ણસેવાપરમ્' વગેરે ત્રણ વિશેષણોનું તો સવિસ્તર વ્યાખ્યાન કરી દેવામાં આવે પણ 'નરમ્' પદનું વ્યાખ્યાન કરવાનું કોઇ કારણસર રહી જાય તો કેવો અનર્થ થઇ જાય ? તે સ્થિતિમાં પૂર્વોક્ત ત્રણ લક્ષણો જેમાં હોય તેવી વલ્લભવંશજ પુત્રી-બેટીજી પણ પુષ્ટિમાર્ગીય દીક્ષા આપી શકે છે તેવી ભ્રાન્તી કોઇકને ઉભી થઇ જાય. જ્યારે કે ઉપરોક્ત આચાર્યવચન તેમજ પ્રભુચરણોક્ત **'ભુવિ ભક્તિપ્રચારૈક કૃતે સ્વાન્વયકૃત્પિતા, સ્વવંશે સ્થાપિતા-શેષસ્વમાહાત્મ્યઃ'** વચન ને સાથે રાખીને વિચાર કરવામાં આવે તો વસ્તુસ્થિતિ એવી છે કે સમ્પ્રદાયના સિદ્ધાન્ત અનુસાર વલ્લભવંશજ પુત્રી-બેટીજીઓ સમ્પ્રદાયની દીક્ષા આપી શકતા નથી. સિદ્ધાન્તતઃ પૂર્વોક્ત લક્ષણ ધરાવનાર વલ્લભાચાર્યના પુરુષ વંશજોનો જ દીક્ષાદાનાધિકાર સમ્પ્રદાયમાં સ્વીકારાયો છે.

'નરત્વ'ને આત્માનો વાચક માનીને પાછલા બારણેથી જો

સ્ત્રીનો દીક્ષાદાનાધિકાર સિદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવે તો 'ભાગવતત્ત્વજ્ઞતા' દ્વારા એનું પણ પ્રત્યાખ્યાન મહાપ્રભુ દ્વારા કરી દેવામાં આવ્યું છે. **'યદૌપનિષદં જ્ઞાનં શ્રીભાગવતમેવ વા, વર્ણિનામેવ તદ્ધિ સ્યાત્ સ્ત્રી-શૂદ્રાણાં તતોન્યથા'** (તત્ત્વાર્થ.નિ.ભાગ.પ્ર.૩-૧૭૮) સિદ્ધાન્ત અનુસાર સ્ત્રી-શૂદ્રાદિ અનુપનીતોને ભાગવતાદિ પુરાણના પાઠ-અધ્યયનાદિક કરવાનો નિષેધ છે, આમ છતાં શાસ્ત્રનિષેધની અવજ્ઞા કરીને, સ્વચ્છન્દી બનીને જો કોઇ સ્ત્રી ભાગવતત્ત્વજ્ઞતાના આધારે પોતાને દીક્ષાદાનાર્થ યોગ્ય માનીને દીક્ષા આપતી હોય તો તે **'યસ્ત્વિચ્છયા કૃતઃ પુમ્ભિઃ આભાસો હ્યાશ્રમાત્ પૃથક્'** ન્યાયે શાસ્ત્ર તેમજ આચાર્યની આજ્ઞાથી વિરુદ્ધ હોવાથી ધર્માભાસ માત્ર તેમજ પાપકૃત્ય જ કહેવાશે. આમ, આચાર્યચરણે વાક્યમાં મૂકેલા એક પણ પદને છોડી દેવાથી કેવો અનર્થ થઇ શકે છે તે આપણે જોયું.

અશ્રુતકલ્પનાના દૃષ્ટાન્તો તો સમ્પ્રદાયમાં 'ગણ્યા ગણાય નહિ ને વીણ્યા વીણાય નહિ' ન્યાયે અનેક મળી રહે છે. મિશ્રી-નાગરી-દૂધઘર આદિ સીમિત ભોગના સમર્પણપૂર્વક કરવામાં આવતી પ્રભુસેવા આમાંનો એક દીર્ઘકાલથી ચાલ્યો આવતો બહુપ્રચલિત પ્રકાર છે.

ઉપરોક્ત (તથાકથિત) સેવાપ્રકારની સૈદ્ધાન્તિક સ્થિતિને જાણવા માટે સર્વપ્રથમ સામ્પ્રદાયિક સાધનાના પ્રમુખ સોપાનો ઉપર દૃષ્ટિપાત કરી લેવો જોઇએ.

શરણ તથા સમર્પણ આમ બે સામ્પ્રદાયિક દીક્ષાના અનુસાર પુષ્ટિમાર્ગીય સાધનાનો પ્રથમ પ્રકાર ૧ અન્યાશ્રયત્યાગ પૂર્વક શરણાગતિ છે. બીજા ક્રમે અનન્યશરણાગતિ પૂર્વક પ્રભુના ૨ શ્રવણ-કીર્તન-સ્મરણ, ગુણગાન કે કથાપક્ષ છે. અને જ્યારે અસમર્પિતત્યાગપૂર્વક ભગવદ્-દાસત્વેન સમર્પિત જીવન જીવવાનો સઙ્કલ્પ જાગે ત્યારે ભક્તિમાર્ગીય આત્મનિવેદન દીક્ષાપૂર્વક સ્વગૃહમાં પ્રભુની સ્વ-સર્વસ્વ-સમર્પણાત્મિકા ૩ તનુવિત્તજા સેવામાં તત્પર બનવું - આમ પુષ્ટિમાર્ગીય સાધનાના આ ત્રણ ગ્રન્થોક્ત પ્રકારો છે. પરિચર્યા, તીર્થપર્યટન આદિ ગ્રન્થોક્ત

અન્ય અવાન્તર પ્રકારોનો અન્તર્ભાવ યથાયથા ઉક્ત મુખ્ય પ્રકારોમાં જ થઇ જાય છે.

આચાર્યગ્રન્થોમાં નિરૂપિત ઉપરોક્ત સાધના સિવાયના અન્ય કોઇ પણ પ્રકારો સમ્પ્રદાયમાં સ્વીકાર્ય નથી તેવો નિષેધ શ્રીહરિરાય-ચરણ 'ભક્તિવર્ધિની' ગ્રન્થની વિવૃત્તિમાં કરે છે : **'ઇતિ' શબ્દઃ સમાપ્ત્યર્થોઽન્યપ્રકારનિષેધકઃ'**. અર્થાત્ **'ઇત્યેવં ભગવચ્છાસ્ત્રમ્'** માં 'ઇતિ' શબ્દ સમાપ્તિનું સૂચન કરનારો છે. તાત્પર્ય એ છે કે આ 'ઇતિ' શબ્દ ગ્રન્થની સમાપ્તિની સાથો-સાથ એ પણ સૂચિત કરે છે કે ભક્તિવર્ધિની ગ્રન્થમાં નિરૂપિત પુષ્ટિભક્તિમાર્ગીય સાધનાના પ્રકારો સિવાય બીજા કોઇ પણ પ્રકારો પુષ્ટિમાર્ગીય સાધના તરીકે નિષિદ્ધ છે.

આ સ્થિતિમાં 'સિદ્ધાન્તમુક્તાવલી'-'સિદ્ધાન્તરહસ્ય' ગ્રન્થોક્ત અસમર્પિતત્યાગપૂર્વક સ્વ-સર્વસ્વ-સમર્પણાત્મિકા તનુવિત્તજા સેવા કે જેનો પરામર્શ ભક્તિવર્ધિનીમાં **'ગૃહે સ્થિત્વા...ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ'** રૂપે કરવામાં આવ્યો છે અને જેનું વ્યાખ્યાન શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણોએ **'એતેન ભગવદર્થં નિરુપધિ-સ્વસર્વસ્વ-નિવેદનપૂર્વકં તત્રૈવ સ્વદેહવિનિયોગે પ્રેમ્ણિ જાતે સા ભવતિ'** શબ્દોમાં કર્યું છે તેનો વિચાર કરતાં બ્રહ્મસમ્બન્ધ દીક્ષા પ્રાપ્ત કર્યા બાદ અસમર્પિતત્યાગ પૂર્વક દાસધર્મ રૂપે જે પ્રકારની પ્રભુસેવા કરવાનો આદેશ આત્મનિવેદીને કરાયો છે તે સેવાના સ્થાને મિશ્રી આદિ સીમિત ભોગના સમર્પણરૂપે સેવા કરવાનો ઉપદેશ કરવો એ ભગવદાદેશ અને આચાર્યાજ્ઞાની ક્રૂર મશ્કરીથી વિશેષ કંઇ નથી.

અન્યાશ્રય કરવાથી જેમ શરણધર્મનો નાશ થાય છે તેમ અસમર્પિતના સેવનથી દાસધર્મનો નાશ થાય છે. તેથી જ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યને બ્રહ્મસમ્બન્ધ મન્ત્ર આપીને બ્રહ્મસમ્બન્ધદીક્ષા લીધા બાદ આત્મનિવેદીએ પોતાનું જીવન ભગવદ્દાસ તરીકે કેમ વીતાવવું તેના ઉપદેશમાં પ્રભુએ **'અસમર્પિતવસ્તૂનાં તસ્માત્ વર્જનમ્ આચરેત્'** આમ અસમર્પિત વસ્તુમાત્રના સંસર્ગનો પણ ત્યાગ કરવો એમ સ્પષ્ટ

નિષેધ કર્યો છે. બ્રહ્મસમ્બન્ધદીક્ષા લીધા પછી ઉપદિષ્ટ પ્રકારે ભગવત્સેવા ન કરવાથી અથવા મિશ્રી આદિ સીમિત ભોગના સમર્પણ પૂર્વક (તથાકથિત) સેવા કરવાથી અસમર્પિતત્યાગની આજ્ઞા તેમજ સ્વ-સર્વસ્વના સમર્પણની આજ્ઞાનું પાલન જ સમ્ભવ નથી. જે સેવાપ્રકારનું અનુસરણ કરવાથી સ્વયં પ્રભુની અને આચાર્યની આજ્ઞાનું પાલન અશક્ય બનતું હોય તેવો પ્રકાર પ્રભૂક્ત કે આચાર્યચરણોક્ત હોઇ જ કેમ શકે ?

આત્મનિવેદીને સેવાર્થે ભગવત્સ્વરૂપને પધરાવવાની વિધિ 'પુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર'માં ગુરુઓને શ્રીગુસાંઇજીએ સ્પષ્ટ આદેશ આપેલો છે કે સેવિષ્યમાણ કૃષ્ણસ્વરૂપને પઞ્ચામૃતાદિથી શુદ્ધ કરીને, વસ્ત્ર-શૃંગાર ધરાવીને, તુલસીસમર્પણ તથા ધૂપ-દીપ કર્યા બાદ બાલભોગ, રાજભોગ તેમજ ઉત્સવભોગ પણ સમર્પવા **'બાલભોગાદિ-રાજભોગ-પર્યન્તમ્ ઉત્સવભોગં ચ સમર્પયેત્'**. હવે જે સેવ્ય સ્વરૂપનું પ્રથમપ્રાશન જ જ્યારે સર્વવિધ અન્નાદિ ભોજ્ય પદાર્થ સ્વરૂપે થયું હોય ત્યારે તે સ્વરૂપની સેવા મિશ્રી આદિ સીમિત ભોગના સમર્પણપૂર્વક કરવાનો ઉપદેશ કેટલો પાખણ્ડપૂર્ણ ગણાય તે સમજી શકાય તેવી બાબત છે.

બીજી તરફથી વિચાર કરવામાં આવે તો આત્મનિવેદન કરવા જનાર જો અસમર્પિત ત્યાગ કરવા તેમજ પ્રભુસેવામાં સર્વસ્વનું સમર્પણ કરવા સમર્થ ન જણાતો હોય તેમ છતાં તેવા અનધિકારીને અસમર્પિત-ત્યાગ અને સર્વસ્વસમર્પણ કરવાની પ્રભુ સમ્મુખ જુઠ્ઠી પ્રતિજ્ઞા લેવડાવવાનો સીધો અર્થ એ જ છે કે પ્રભુ સમ્મુખ હાથમાં તુલસીપત્ર લઇને સર્વસ્વનું સમર્પણ અને અસમર્પિતનો ત્યાગ કરવાની લીધેલી પ્રતિજ્ઞાનો ગણતરીપૂર્વક ભંગ કરાવવો. સાક્ષાત્ પ્રભુની સાથે આવી છેતરપિંડી કરનાર અને કરાવનાર ગુરુ-શિષ્ય બન્ને ત્રણ વર્ષ પર્યન્ત રૌરવ અને કુમ્ભીપાક નામના નરકમાં પડે છે એમ શ્રીહરિરાયચરણ 'ષટ્ષષ્ટિરપરાધાઃ .....' નામના ગ્રન્થમાં આજ્ઞા કરે છે : **'ગુરુદેવતયોઃ સમીપે અનૃતભાષણમ્, અબ્દત્રયં રૌરવે કુમ્ભીપાકે ચ પાતઃ'**. પરિસ્થિતિની ગમ્ભીરતા તો એ છે કે ચેલા મૂંડવાની લાલસામાં પ્રભુ

અને મહાપ્રભુ પ્રત્યે છેતરપિંડીનો ભાવ રાખીને લેવા-આપવામાં આવતી આવી દીક્ષા એ દીક્ષાનું મિથ્યા-નાટક સિવાય બીજું કંઇ નથી. તેથી પ્રથમ તો આવી દીક્ષાથી બ્રહ્મસમ્બન્ધ થતું જ નથી. બીજું **'અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ'** એ શ્રીપ્રભુચરણોના શાપથી અનધિકારીને દીક્ષા આપીને સ્વસમ્પ્રદાય સાથે દ્રોહ કરનાર ગુરુને ભગવન્નામને વેચવાનું પાપ લાગે છે. આના પરિણામે ગુરુનો નાશ થાય છે. અને ત્રીજું, પ્રભુ સામે અસમર્પિતત્યાગ પૂર્વક સર્વસ્વના સમર્પણની પ્રતિજ્ઞા લઇને તેના વિરુદ્ધ આચરણ કરનાર બ્રહ્મસમ્બન્ધિને ભગવદ્દ્રોહ, આચાર્યદ્રોહ, માર્ગદ્રોહ અને આત્મદ્રોહ જેવા ભયંકર પાપો લાગે છે.

આમ આપણે જોઇ શકીએ છીએ કે મિશ્રી આદિ સીમિત ભોગના સમર્પણપૂર્વક અનુસરાતો પ્રભુસેવાનો પ્રકાર બ્રહ્મસમ્બન્ધદીક્ષોત્તર કર્તવ્યત્વેન સમ્પ્રદાયના સિદ્ધાન્તમાં માન્ય નહિ હોવાથી સિદ્ધાન્તથી સદન્તર વિરુદ્ધ, અશ્રુત, અવિહિત તેમજ કાલ્પનિક પ્રકાર માત્ર છે.

અશ્રુતકલ્પનાનું બીજું દૃષ્ટાન્ત નીચે આપેલા પાખણ્ડપૂર્ણ વચનમાં જોઇ શકાય છે.

> '(૧) કેવળ વિત્તજા સેવા કરવાથી સંસારદુઃખની નિવૃત્તિ થાય છે. (૨) તથા કેવળ તનુજા સેવા કરવાથી બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન થાય છે. (૩) પણ તનુજા અને વિત્તજા બન્ને સેવા કરવાથી માનસી સેવા (ફલરૂપા) સિદ્ધ થાય છે'. (શ્રીવલ્લભગીતા વચનામૃત નં.૨)

કાવ્યમાં કલ્પના ભૂષણ મનાતી હશે પણ શાસ્ત્રનો અર્થ કરતી વખતે કલ્પનાના ઘોડાને દોડાવવાથી મોટું બીજું કોઇ દૂષણ હોઇ નથી શકતું. ઉપરોક્ત ઉદ્ધરણના પ્રથમ બે વાક્યો આવી જ કલ્પનાદૂષણના ઉદાહરણો છે. સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં આચાર્યચરણ આજ્ઞા કરે છે :

> 'ચિત્ત પ્રભુમાં પરોવાય તેનું નામ 'સેવા'. ચિત્તને પ્રભુમાં પરોવવા માટે શ્રીકૃષ્ણની તનુવિત્તજા સેવા

> સદા કરવી આવશ્યક છે. **આમ કરવાથી** સંસારદુઃખ દૂર થાય છે અને બ્રહ્મબોધ થાય છે'.

ઉક્ત વચનમાં '**ભક્ષ્યનિયમેન અભક્ષ્યપ્રતિષેધો ગમ્યતે**' ન્યાયે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે ભાડુતી સેવા કરવા તેમજ કરાવવાનો નિષેધ 'તનુવિત્તજા' પદથી કરી જ દીધો છે. આમ છતાં મહાપ્રભૂપદિષ્ટ સર્વસ્વસમર્પણપૂર્વક સ્વગૃહમાં બિરાજતા પ્રભુની તનુવિત્તજાના સ્થાને ધૂર્ત લોકો સ્વાર્થસિદ્ધિ માટે તનુજા અને વિત્તજા આમ સેવાના બે ભાગલા પાડીને સમ્પ્રદાય સાધનાને વિકૃત ન કરી દે તે માટે પ્રભુચરણોએ શ્રીમહાપ્રભુના ઉપરોક્ત વચનની સ્પષ્ટતમ શબ્દોમાં સમજુતી આપી છે :

> 'પૈસા આપીને કોઇક બીજા માણસ થકી કરાવવામાં આવતી સેવા તે સેવાનો એક પ્રકાર છે; અને આવી રીતે કૃષ્ણસેવા માટે કોઇક બીજા માણસ પાસેથી પૈસા લઇને કરવામાં આવતી સેવા તે સેવાનો બીજો પ્રકાર છે. આવા બન્ને પ્રકારોથી કરવામાં આવતી સેવાથી ચિત્ત ક્યારેય કૃષ્ણપ્રવણ બની શકતું નથી, આવા પોતાના અભિપ્રાયને જણાવવા માટે આચાર્યચરણોએ તનુજા-વિત્તજા આમ જુદા-જુદા પદોને ઠેકાણે 'તનુવિત્તજા' આમ સમસ્ત પદનો પ્રયોગ કર્યો છે. આથી સિદ્ધ થાય છે કે કોઇ પણ જાતના લૌકિક ભાવોને આધીન થયા વગર પોતાનું સર્વસ્વ ભગવાનને નિવેદિત કરીને પોતાના દેહનો પણ વિનિયોગ જ્યારે ભગવાનની સેવામાં કરવામાં આવે છે ત્યારે ભગવત્પ્રેમ પ્રકટ થતાં ચિત્ત કૃષ્ણપ્રવણ બની શકે છે. **આ પ્રકારે કૃષ્ણસેવા કરનારને** જે અવાન્તર (વચગાળાનું) ફળ મળે છે તે '**તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિઃ બ્રહ્મબોધનમ્**' માં જણાવ્યું છે. .... પ્રભુસેવામાં પરોવાયેલા ચિત્તવાળા ભક્તને જો કે આવા અવાન્તરફળોને પ્રાપ્ત કરવાની જરા પણ અભિલાષા હોતી નથી આમ છતાં પ્રભુસેવાના સ્વભાવબળથી જ ઉપરોક્ત અવાન્તર ફળો તનુવિત્તજા સેવાકર્તાને પ્રાપ્ત થઇ જતાં હોય છે.

આચાર્યચરણ અને પ્રભુચરણના તાત્પર્યને વધુ સ્પષ્ટ કરતાં શ્રીપુરુષોત્તમચરણ 'પ્રકાશ' વ્યાખ્યામાં લખે છે :

> 'કોઇક (મુખીયાજી-મહારાજ)ને મહેનતાણું, પગાર, ન્યોછાવર કે દક્ષિણા રૂપે પૈસા આપીને સેવા કરાવવામાં આવે તો તે ચિત્તને રાજસભાવ-દર્પ-દમ્ભવાળું બનાવે છે. આવી ભાડુતી સેવા કરાવવાથી ચિત્ત ક્યારે પણ કૃષ્ણપ્રવણ બની શકતું નથી. અને જો કોઇક (મનોરથી-દર્શનાર્થી) પાસેથી ભેટ-સામગ્રી લઇને ઠાકોરજીની સેવા કરવામાં આવે તો જેમ ગોરમહારાજને યજ્ઞ-યાગાદિનું ફલ મળતું નથી તેમ પારકે પૈસે કરવામાં આવતી તનુજા સેવાનું કૃષ્ણપ્રવણતારૂપ ફળ પણ (મુખીયાજી-મહારાજને) પ્રાપ્ત થતું નથી. ભક્તિમાર્ગના ઉપદેશમાં ભગવાને ભાડુતી સેવા કરવા કે કરાવવા નું કહ્યું ન હોવાથી તેમ ન કરી ભગવાને જે પ્રમાણે સેવા કરવાનો ઉપદેશ આપ્યો છે તે પ્રમાણે સ્વસર્વસ્વસમર્પણપૂર્વક જાતે જ તનુવિત્તજા સેવા કરવી'.

ઉપરોક્ત આચાર્યવચનોનો કલ્પના રહિત શુદ્ધ બુદ્ધિથી વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે જુદી-જુદી તનુજા અને વિત્તજા સેવા કરવાનો આચાર્યોએ નિષેધ કર્યો છે. આમ છતાં જો તનુજા અને વિત્તજા સેવાને જુદી-જુદી કરવામાં આવે તો તેવી સેવા કરનાર (દેવલક બને છે) અને સેવા કરાવનાર (દમ્ભી, અહંકારી બને છે) બન્નેનું અનિષ્ટ થાય છે. જે તનુજા-વિત્તજા સેવાનું શ્રીપુરુષોત્તમજી અનિષ્ટકારક ફલ બતાવી રહ્યા છે તેનાથી તદ્દન વિપરીત જઇને ઉપરોક્ત વચનામૃતકાર તનુજા-વિત્તજા સેવાનું ફળ સંસારદુઃખની નિવૃત્તિ અને બ્રહ્મબોધ જણાવી રહ્યા છે. શાસ્ત્રીય પદ્ધતિથી જો વિચારવામાં આવે તો આચાર્યચરણોક્ત 'તતઃ' તેમજ પ્રભુચરણોક્ત 'એતાદશસ્ય' (.....સમીપતરવર્તિ ચૈતદો રૂપમ્) બન્ને પદો પોતાનાથી અવ્યવહિતપૂર્વ ઉચ્ચરિત વચનોક્ત

સાધન-સાધકના પરામર્થક છે નહિ કે નિષિદ્ધ સાધન-સાધકના.

આ જ પ્રમાણે વર્તમાન સમયમાં પુષ્ટિસમ્પ્રદાયના નામે પ્રચલિત જાહેરસેવા-દર્શન, ઠાકોરજીના નામે ભીખ માગીને પારકે પૈસે ઠાકોરજીના મનોરથોનું આયોજન, કૃષ્ણની સેવા ગુરુભાવે કરવાનો અને ગુરુને કૃષ્ણ માનવાનો ઉપદેશ આપવો (ગજબની રાક્ષસી વૃત્તિ !!), 'વસ્તુતઃ કૃષ્ણએવ' વચનના સાચા અર્થ-તાત્પર્યને અવગણીને સ્વાર્થસિદ્ધિ માટે શ્રીવલ્લભાચાર્યની કૃષ્ણતુલ્યતા સાબિત કરવી અને જે કૃષ્ણને કારણે શ્રીવલ્લભાચાર્યની મહત્તા બતાવવામાં આવી છે તે સાક્ષાત્ કૃષ્ણને તરછોડી દેવા (!!!), મરણોત્તર ભાગવતસપ્તાહ, ફંડ-ફાળા માટે ભાગવત સપ્તાહ, દાનના દિવસોમાં ગુરુઓ દ્વારા દાન લેવું, અપુષ્ટસ્વરૂપની સેવા કરવી, વિધિપૂર્વક સ્વરૂપને પુષ્ટ ન કરી માત્ર ચરણસ્પર્શ કરીને સ્વરૂપને પુષ્ટ કરવાનું પાખણ્ડ કરવું, ધનલાલસા તેમજ પ્રતિસ્પર્ધા માટે વ્રજાદિ સ્થળોની યાત્રાનું આયોજન, યમુનાજીની લોટીનું લીલામ, શ્રીમહાપ્રભુજીના ૮૪ બેઠકોનું લીલામ, મહાપ્રસાદનું વેચાણ, કીર્તન ભેટ, માલાપહેરામણીમાં માલાનું લીલામ, બેઠકજી આદિ પવિત્ર સ્થળોને કોન્ટ્રાક્ટ (ઠેકા) પર આપવા, દીક્ષામન્ત્રોને સાર્વજનિક રૂપે જાહેર કરવા વગેરે આચારો પણ સમ્પ્રદાયના સિદ્ધાન્ત તેમજ ભાવનાથી સદન્તર વિરુદ્ધ, અશ્રુત, અવિહિત તેમજ કાલ્પનિક હોવાથી ત્યાજ્ય છે.

મહાપ્રભુના વચનોનો ખોટી રીતે, સન્દર્ભ રહિત, અન્ય સમસ્ત વચનોનો તેમજ મૂલક્રમાગત અર્થનો તિરસ્કાર કરીને ગેરમાર્ગે દોરનાર અર્થ કેવી રીતે કરી શકાય તે સમજવા માટે નીચે આપેલું વચન આદર્શ નમૂનારૂપ છે. વચન આ મુજબ છે :

> 'પ્રભુનો સમ્બન્ધ તો બધા જ વૈષ્ણવો સાથે છે કોઇ એક સાથે નહિ એટલે કે અન્ય વસ્તુઓનો વિનિયોગ પણ થઇ શકે છે' (શ્રીવલ્લભગીતા વચનામૃત નં.૮)

'सर्वेषां प्रभुसम्बन्धो न प्रत्येकम् इति स्थितिः, अतो अन्यविनियोगेपि चिन्ता का ?' આ નવરત્ન ગ્રન્થના વચનનો નબળો આધાર લઇને ઉલ્લિખિત વચનમાં છળ-કપટથી એમ સાબિત કરવાનો પ્રયાસ કર્યો છે કે પારકી વ્યક્તિની ભેટ-સામગ્રી પોતાના સેવ્ય પ્રભુની સેવા માટે લઇ-વાપરી શકાય છે. ટુંકમાં પાપી પેટ ખાતર ઠાકોરજીના સેવા-મનોરથોના નામે ભીખ આપતા રહેજો એવો ગર્ભિત સુર ઉલ્લિખિત વચનમાંથી નીકળે છે.

ભગવત્સેવાને લૌકિક પ્રયોજનથી કરનાર માણસ શ્રીમહાપ્રભુજીની દષ્ટિમાં સ્વાર્થી અને અધમ ગણાય છે. આવી ગંદી મનોવૃત્તિવાળાની નિન્દા કરતા મહાપ્રભુ આજ્ઞા કરે છે કે સ્તનપાન માટે આકુળ-વ્યાકુળ બનેલો અબુધ બાળક જેમ પોતાની માતા સિવાય બીજા કોઇને ઓળખતો નથી હોતો તેમ પૈસા પાછળ ગાંડા થયેલા લોકોનું ચિત્ત પણ ક્યારેય લક્ષ્મીના નાથમાં ચોંટી શકતું નથી. અધોલિખિત વચનો આ સન્દર્ભમાં દષ્ટવ્ય છે :

> **'યસ્તુ સ્વાર્થં ભગવન્તં સેવતે સો અધમઃ'**
> **'લોકાર્થી ચેત્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા'**
>
> **'ધનાભિનિવિષ્ટચિત્તાઃ ન ભગવત્સમ્મુખાઃ ભવન્તિ.**
> **બાલાએવ તે સ્તનપાનવ્યગ્રાઃ માતરમેવ મન્યન્તે'**

વસ્તુતઃ નવરત્નના ઉપરોક્ત શ્લોકમાં 'અન્યવિનિયોગ' એટલે કે પ્રભુથી અન્ય એવા પરિવાર જનોના કાર્યમાં પ્રભુને સમર્પિત થયેલા પોતાના દેહ-ધનાદિનો વિનિયોગ થતો હોવાના કારણે આત્મનિવેદીને થતી સ્વધર્મ હાનિની ચિન્તાના નિવારણ માટે આશ્વાસન આપવામાં આવ્યું છે નહિ કે હવેલી-મન્દિરોમાં અન્ય વૈષ્ણવો પાસેથી ભેટ-સામગ્રીની ભીખ સ્વીકારી શકવાની છૂટની અનુજ્ઞા. જુઓ પ્રભુચરણ વિરચિત નવરત્નગ્રન્થ ઉપરની વિવૃતિ :

> **નનુ ભગવતે સમર્પિતદેહાદેઃ સ્ત્રીપુત્રાદિષુ વિનિયોગેન**

સ્વધર્મહાનિચિન્તા બાધતે. તત્ર આહુઃ 'સર્વેષામ્ ....' ઇતિ. સ્વાત્મના સહ યાવન્તો નિવેદિતાઃ તૈઃ સહૈવ સ્વસ્ય અહંકારાત્ તેષાં સર્વેષામેવ પ્રભુસમ્બન્ધો ન તુ પ્રાધાન્યાત્ સ્વસ્યૈવેતિ તત્ર ઉપયોગે સ્વસ્ય કા ચિન્તા ? ન કાપિ ઇતિ અર્થઃ'.

શાસ્ત્રવચનનો અર્થ કરવામાં શ્રુત પદનો ત્યાગ તેમજ અશ્રુત પદનો નિવેશ જેમ દોષાવહ હોય છે તેમ મહાવાક્યરૂપ વિસ્તૃત શાસ્ત્રના અર્થ-તાત્પર્યનો વિચાર કરતી વખતે શાસ્ત્રના કોઇ એક પણ વચનની ઉપેક્ષા કરીને અથવા તો શાસ્ત્રના કોઇ એક મનગમતા વચનને પકડી લઇને તેને લગતાં અન્ય સમસ્ત શાસ્ત્રવચનોનો બાધ કરીને જે ધર્મકાર્ય કરવામાં આવે છે તે પણ પાખણ્ડરૂપ જ ગણાય છે. અતએવ આચાર્યચરણ ભાગવતાર્થ નિબન્ધપ્રકાશમાં આજ્ઞા કરે છે **'ન હિંસ્યાત્ સર્વભૂતાનિ' ઇતિ શ્રુતિલેશેન અખિલશ્રુતિકર્મકાણ્ડસ્ય બાધનં કૃત્વા ક્રિયમાણધર્મસ્યાપિ પાષણ્ડત્વમેવ'** (૪-૧૨૯).

ઘણા લોકો સિદ્ધાન્તરહસ્યના **'દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ, નગ્રાહ્યમ્ ઇતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં મતમ્'** આ વચનના આધારે એવું સાબિત કરવાનો પ્રયાસ કરતા હોય છે કે પુષ્ટિમાર્ગમાં 'દેવદ્રવ્ય' જેવું કંઇ થતું નથી. અને એવા વિધાનો પણ કરતા હોય છે કે

> 'પ્રભુને સમર્પિત અર્થાત્ ભગવદુપભુક્ત વસ્તુને દેવદ્રવ્ય માની ત્યાગ કરવાની વાતો પુષ્ટિસિદ્ધાન્તથી વિરુદ્ધ છે'.
>
> (શ્રીવલ્લભગીતા વચનામૃત નં.૭).

ઉપરોક્ત પાખણ્ડ પૂર્ણ વિધાનનો સિદ્ધાન્તસમ્મત તેમજ મનનીય સચોટ ઉત્તર ૧૯૯૨માં મુંબઇમાં યોજાયેલ 'પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા' માં થયેલ ગો.શ્રીશ્યામમનોહરજી (કિશનગઢ-પાર્લા) તેમજ ગો. શ્રીહરિરાયજી (જામનગર) વચ્ચેની ચર્ચામાંથી મળી રહે છે. ઉત્કટ

જિજ્ઞાસુઓએ તે ચર્ચાસભાના સંક્ષિપ્ત તેમજ વિસ્તૃત અહેવાલો વાંચવા જોઇએ. અહીં તેનો સારાંશ માત્ર આપ્યો છે :

ગો. શ્રીશ્યા.મ. : ....ઠાકુરજીકો પ્રદત્ત વસ્તુકા ભી પ્રસાદત્વેન ગ્રહણ હો સકતા હૈ યા સમર્પિતકા હી પ્રસાદત્વેન ગ્રહણ કરના ચાહિયે ? ઇસમેં આપકા ક્યા પક્ષ હૈ ?

ગો. શ્રીહરિરાયજી : ઇસમે પક્ષકા પ્રશ્ન હી નહીં હૈ; સમર્પિતકા હી ભોગ હોતા હૈ.

ગો. શ્રીશ્યા.મ : પ્રદત્તકા નહીં હો સકતા હૈ ?

....

ગો. શ્રીહરિરાયજી : ઇસમેં 'દત્તાપહારદોષોત્પાદકત્વાત્' યે હેતુ હૈ, ઇસલિયે નહીં હો સકતા. .... (પાના નં. ૧૭૫)

ગો. શ્યા.મ. : એ સ્થિતિમાં ગુરુ .... કાંઇ પણ ઠાકુરજી માટે માંગતો હોય તે ... શાસ્ત્રનિષિદ્ધ હોવાથી .... દાનત્વાત્ દેવદ્રવ્યત્વાદ્ અનુપયોગાર્હઃ.

ગો. શ્રીહરિરાયજી : યે તો બિલકુલ સ્પષ્ટ હૈ. ઇસમેં ઠાકુરજીકા તો પ્રશ્ન હી નહીં રહા. લાભપૂજાર્થ યત્ન કરકે કોઇ ભી ગુરુ કિસી ભી અપને શિષ્યકે પાસ કુછ ભી ગ્રહણ કરેગા તો વો ઋણાનુબન્ધ હૈ ઔર દોષોત્પાદક હી હૈ. યે અપને 'સ્વવૃત્તિવાદ' સે ભી સ્પષ્ટ હૈ. .... તો ઠાકુરજી કે લિયે કોઇ સવાલ નહીં રહ ગયા. અગર આપ ખુદ ભી લે લોગે, ઉસ ઢંગસે, તો વો આપકે લિયે બન્ધનકારી હી હૈ, વો અનુચિત હી હૈ.

પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભામાં થયેલ ઉપર ઉદ્ધૃત શંકાસમાધાનથી એ શીખ મળે છે કે શાસ્ત્રના કોઇ એકાદ વચનના આધારે કોઇ પણ નિર્ણલ લઇ લેવાની ઉતાવળ કરવી ન જોઇએ. શાસ્ત્રીય બાબતમાં સિદ્ધાન્તનું નિર્ધારણ વ્યાપક વિચારની અપેક્ષા રાખે છે.

વિચાર્ય વિષયને લગતા એકો-એક શાસ્ત્રવચનોને દૃષ્ટિ સમક્ષ રાખીને લેખના આરમ્ભના જણાવેલ યથાયોગ્ય પદ્ધતિથી સિદ્ધાન્તનું નિર્ધારણ કરવું જોઇએ. મીમાંસા મહારથી કુમારિલ ભટ્ટ લખે છે :

'અર્થબોધે સમાપ્તાનામ્ અંગાંગિત્વાદ્યપેક્ષયા,
વાક્યાનામ્ એકવાક્યત્વં પુનઃ સંહત્ય જાયતે'

જેમ કર્તા, ક્રિયા, કર્મ, કરણ વગેરેના બોધક પદો પોત-પોતાનો સ્વતન્ત્ર અર્થ ધરાવતા હોવા છતાં જ્યારે વાક્યમાં વપરાય છે ત્યારે તેઓ ભેગા મળીને એક સમ્મિલિત અર્થનો બોધ કરાવતા હોય છે તેમ વિભિન્ન અંગો-સિદ્ધાન્તોનો બોધ કરાવનારા અનેક શાસ્ત્રવચનો પણ પરસ્પર આકાંક્ષા ધરાવતા હોવાથી જ્યારે તેઓને એક સાથે રાખીને વિચાર કરવામાં આવે છે ત્યારે તે વાક્યોમાં એકવાક્યતા મળી રહે છે. આવી એકવાક્યતા ક્યારેક વિષયગત હોય છે તો ક્યારેક પ્રયોજનગત હોઇ શકે છે. ક્યારેક અધિકારિગત હોય છે તો ક્યારેક સાધન અથવા ફલને અનુલક્ષીને પણ હોઇ શકે છે. શાસ્ત્રનું એક માત્ર વચન નિરર્થક હોઇ શકતું નથી. તેથી સમસ્ત શાસ્ત્ર વચનોની કોઇને કોઇ રીતે એકવાક્યતા અને તેનો અવિરોધ સિદ્ધ કરવો આવશ્યક હોય છે. શાસ્ત્રનો અર્થ કરવામાં જો આ સાવધાની રાખવામાં ન આવે તો સ્વયં શાસ્ત્રની પ્રામાણિકતા જ સન્દિગ્ધ બની જાય છે. કારણ કે બધા જ વચનો શાસ્ત્રના જ છે. તેમાંથી કયું વચન માનવું અને કયું ન માનવું ! તે સ્થિતિમાં ધર્મ માત્રનો ઉચ્છેદ જ થઇ જાય. પ્રાચીન શાસ્ત્રવિચારકોની એ વિશિષ્ટતા હતી કે તેઓ કોઇ પણ વિચાર સમગ્રતાથી કરતા. અને તે પણ સમ્પૂર્ણ જવાબદારીના અનુસન્ધાન સાથે. ગો. શ્રીપુરુષોત્તમચરણ ભાષ્યપ્રકાશના મંગલાચરણમાં સ્વાચાર્યની વાણી સાથે પોતાની પ્રતિબદ્ધતાની અભિવ્યક્તિ કરતા લખે છે :

'આચાર્યવાચઃ પ્રણમામિ ભાષ્યસુબોધિનીસ્થા ઇતરાશ્ચ યાસ્તાઃ
મત્સ્વાન્ત આગત્ય કૃપાપ્લુતાસ્તા મદીયવાચાં રચયન્ત્વલંકૃતિમ્'

પ્રકૃત વિષયોપસંહારતયા, સ્વસમ્પ્રદાયાનુસારી પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ વિષયક સિદ્ધાન્તનું નિર્ધારણ કઇ પ્રણાલીથી કરવું જોઇએ તેનું, અહીં સુધી થયેલ સમગ્ર નિરૂપણના સારરૂપ, માર્ગદર્શન આપતા ગો. શ્રીહરિરાયચરણ 'શિક્ષાપત્ર'માં આજ્ઞા કરે છે :

તદાશ્રયો ન વચનૈઃ કિન્તુ તન્માર્ગનિષ્ઠયા ।
માર્ગનિષ્ઠા ન સ્વબોધૈઃ કિન્તુ તાદૃગ્ગુરૂદિતૈઃ ॥
ગુરૂદિતાનિ વાક્યાનિ ન સ્વતો હ્યનુવાદતઃ ।
અનુવાદો ન સ્વબુદ્ધ્યા કિન્તુ મૂલક્રમાગતઃ ॥
અથાપિ તત્ર ચાપેક્ષ્યો દૃઢઃ સ્વાચાર્યસંશ્રયઃ ।

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યનો આશ્રય કેવળ વાણીથી નહીં પરન્તુ મહાપ્રભુએ ચીંધેલા પુષ્ટિભક્તિમાર્ગમાં નિષ્ઠા રાખીને કરવો જોઇએ. માર્ગમાં નિષ્ઠા પણ કોરી પોતાની સમજથી નહીં પરન્તુ નિષ્ઠાશીલ ગુરુની આજ્ઞા અનુસાર રાખવી જોઇએ. ગુરુની આજ્ઞાનો અર્થ પણ કેવળ પોતાની બુદ્ધિથી કરી ન લેવો પરન્તુ અનુવાદથી એટલે કે ગુરુ જે સિદ્ધાન્તનો ઉપદેશ કરી રહ્યા છે તે ઉપદેશ સમ્પ્રદાયના મૂળ આચાર્યની ગ્રન્થોમાં કરેલી આજ્ઞા સાથે સરખાવીને કરવો જોઇએ. અને આ પ્રકારનો અનુવાદ પણ પાછો પોતાની અલ્પ બુદ્ધિથી નહીં પરન્તુ મૂલક્રમાગત અર્થ પ્રમાણે એટલે કે મહાપ્રભુના વચનોને શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ તેમજ શ્રીગોપીનાથ પ્રભુચરણના ગ્રન્થો-વચનોથી સમજવા. વળી આ આદ્ય આચાર્યોના વચનોને પણ શ્રીગિરિધરજી, શ્રીકલ્યાણરાયજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી આદિ પ્રાચીન આચાર્યો વિરચિત વ્યાખ્યા તેમજ સ્વતન્ત્ર ગ્રન્થોની મદદથી સમજવા જોઇએ. આ બધું કરતી વખતે પણ પાછો મહાપ્રભુનો દૃઢ આશ્રય તો જરૂરી છે જ.

કિંચિત્ પ્રાસ્તાવિક :

આજકાલ સામ્પ્રદાયિક વિષયો ઉપર ઘણું બધું લખાવા-બોલાવા લાગ્યું છે. વચનામૃત-પ્રવચનો ખુબ થાય છે. પત્રિકા-પુસ્તકોનું

પ્રકાશન પણ ઘણું થાય છે. વેબસાઇટ્, કેસેટ, સી.ડી., ટેલિવિઝન ચેનલ જેવા ઇલેક્ટ્રોનિક માધ્યમોનો પણ વિપુલ પ્રમાણમાં ઉપયોગ થવા લાગ્યો છે. સમ્પ્રદાય માટે આ બધું અત્યન્ત લાભદાયક બની શકે છે. પરન્તુ દુ:ખદ વાત એ છે કે એવું થતું નથી. આના પાછળનું મૂળ કારણ એ છે કે અધિકાંશ લેખકો તેમજ ભાષણ-પ્રવચકારો પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ વિષયક સમ્પ્રદાયસિદ્ધાન્તથી તદ્દન અજાણ છે. કેટલાક લોકો એવા પણ છે કે જેઓ ઘણું બધું જાણે છે પરન્તુ તેઓનું અદયયન પદ્ધતિસર થયું ન હોવાને કારણે એમનું જ્ઞાન સમ્પ્રદાય માટે કોઇ ખપનું નથી. નવોદિત આચાર્યવંશજોએ શાસ્ત્ર તેમજ સામ્પ્રદાયિક ગ્રન્થોનું અદયયન સમ્પૂર્ણપણે છોડી દીધું છે. કૌટુમ્બિક પ્રસંગે કે મિત્રમંડલીમાં ભેગા બેસવાનું થાય ત્યારે પણ મોટે ભાગે મોબાઇલ ફોન, ઘડીયાળ તેમજ મોટરગાડીના મોડેલોની ચર્ચાથી આગળ બીજી કોઇ વાતો સાંભળવા મળતી નથી. ટુંકમાં કહું તો દેશ,કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર કર્મ તેમજ જ્ઞાન-કર્મ-ઉપાસનામાર્ગ આદિના સન્દર્ભમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે જે વિપરીત પરિસ્થિતિનું વર્ણન કૃષ્ણાશ્રય ગ્રન્થમાં કર્યું છે તે જ કૃષ્ણાશ્રય ગ્રન્થ આજે સો-એ-સો ટકા સ્વયં પુષ્ટિભક્તિ સમ્પ્રદાય ઉપર લાગૂ કરી શકાય તેવી દુ:ખદ પરિસ્થિતિ સર્જાઇ છે. આવા કપરા સમયમાં સમાદરણીય ગો. શ્રીચન્દ્રગોપાલજીએ પરમ્પરાગત શાસ્ત્રીય શૈલીમાં ષોડશગ્રન્થો પર વિવરણ લખવાનો પ્રારંભ કર્યો છે તે વસ્તુતઃ સ્તુત્ય છે. મહાપ્રભુના ગ્રન્થોને મૂલક્રમાગત અનુવાદથી કેવી રીતે સમજવા અને પોતાની સમજની સુસ્પષ્ટ શબ્દોમાં પ્રસ્તુતી કેમ કરવી તેની સમજ આપશ્રીના લખાણથી બહુ સુન્દર રીતે પ્રાપ્ત થાય છે.

ગો. શરદ્

વિ.સં.૨૦૭૦ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી

॥ શ્રીવલ્લભવિઠ્ઠલેશૌ વિજયેતે ॥

ઉપક્રમ

સિદ્ધાન્તરહસ્ય પૂર્વપીઠિકા માં સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થ સમ્બન્ધી આનુષંગિક અને આધારરૂપ બાબતોની વિચારણામાં શ્રીવલ્લભાચાર્યચરણ પ્રદર્શિતા ફલરૂપા માનસી સેવાની સિદ્ધિમાં ભગવદ્રૂપ સેવા એ મુખ્ય સાધન છે એમ નિશ્ચ્વય કરીને એ સેવા માટે કરનારનું સેવા કરવાના પૂર્વ અને સેવાકાલમાં નિર્દોષપણું હોવું આવશ્યક છે. અને તે નિર્દોષતા એ ભગવત્ સમ્બન્ધ વિના શક્ય નથી, એમ સિદ્ધાન્તરહસ્યમાં શ્રીઆચાર્યચરણે જણાવ્યું હોવાથી સમર્પણના માધ્યમથી સેવામાં આવશ્યક એવું નિર્દોષપણું સિદ્ધ થઇ શકે છે, એમ વિચારણા કરીને પૂર્વપીઠિકામાં જ સમર્પણના પણ બે પ્રકારો ભગવદ્ધર્માનુરોધી સમર્પણ અને વ્યવહારાનુરોધી સમર્પણ એમ બન્ને પ્રકારોની પણ ત્યાં વિસ્તૃત વિચારણા કરવામાં આવી.

ષોડશ ગ્રન્થો પૈકીના જે ગ્રન્થો પર વિપુલ ટીકા સાહિત્ય ઉપલબ્ધ છે, તે પૈકીના પ્રચલિત ક્રમમાં પાંચમા અનુક્રમે આવતો આ સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ એના ઉપર પ્રાચીન કુલ અગિયાર ટીકાઓ સંસ્કૃત ભાષામાં લખાયેલી ઉપલબ્ધ છે, જે આ મુજબ છે (૧) ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજી (૨) પંચમ લાલજી શ્રીરઘુનાથજી (૩) દ્વિતીયલાલજી શ્રીગોવિંદરાયજીના જ્યેષ્ઠ લાલજી અને શ્રીગુસાંઇજીના જ્યેષ્ઠ પૌત્ર શ્રીકલ્યાણરાયજી (૪) શ્રીવ્રજોત્સવજી (૫) શ્રીગોકુલોત્સવજી (૬) શ્રીવિઠ્ઠલેશ્વરજી (શ્રીગુસાંઇજી નહિં) (૭)

વિદ્વદ્વરેણ્ય દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજી (૮) શ્રીગિરિધરજી (૯) શ્રીલાલુ ભટ્ટજી (૧૦) શ્રીશાચાર્ય મતાનુવર્તી (૧૧) મહાનુભાવ શ્રીહરિરાયજી (કારિકાઓમાં બદ્ધ) આ પ્રમાણે આ અગિયાર મહાનુભાવોની ટીકાઓથી આ ગ્રન્થ પરનું ટીકા સાહિત્ય સમૃદ્ધ બન્યું છે. દરેક ટીકાકારો ખૂબ જ વિદ્વાન અને ઊંડાણથી વિષયની તલસ્પર્શી વિચારણા કરનારા છે અને દરેકે પોતપોતાના લેખનમાં અલગ-અલગ સુંદર ભાવો પ્રકટ કર્યા છે અને તે બધા જ અલગ-અલગ હોઇને પણ એકબીજાના વિરોધીરૂપમાં નહિ પરંતુ જેમ બગીચામાં જુદા-જુદા રંગ-રૂપ અને સુવાસનાં પુષ્પો હોઇને પણ બધા મળીને ઉદ્યાનની શોભાને જ વધારનારા હોય છે. તેમ આ બધા ભાવો પણ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત ઉદ્યાનમાં શોભારૂપ બની રહ્યા છે. અતઃ તે ભાવોને આ લેખનમાં શક્ય તેટલા આવરી લઇ આ ઉપરાંત પણ શ્રીઆચાર્યચરણ શ્રીપ્રભુચરણ બીજું જે કંઇ પણ હૃદયમાં સ્ફુરાવશે તે મુજબ ગ્રન્થ વિવરણમાં પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરીશ.

◆◆◆◆

(૧) પ્રથમ શ્લોક

मूलम् - श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥

સાન્વય પદાર્થ :- **श्रावणस्य** (શ્રાવણ માસના) **अमले** (શુકલે એવા) **पक्षे** (પક્ષમાં) “**एकादश्यां** (એકાદશીમાં) **महानिशि** (મધ્યરાત્રિમાં) **साक्षात्** (સાક્ષાત્-પોતે-સ્વયં) **भगवता** (ભગવાને) **प्रोक्तं** (ઉપદેશેલું) **तत्** (તે) **अक्षरशः** (અક્ષરે અક્ષર) **उच्यते** (કહેવાય છે)

અક્ષરાર્થ : શ્રાવણ માસના શુકલ પક્ષમાં એકાદશીમાં એકાદશીની મધ્યરાત્રિમાં સાક્ષાત્ ભગવાને ઉપદેશેલુ તે અક્ષરે અક્ષર કહેવાય છે.

ગ્રન્થ વિવરણ : ગ્રન્થનો પહેલો શ્લોક અને બાકીના પછીના સાડાસાત શ્લોકોને જોતાં એવું દૃશ્ય ઉપસ્થિત થાય છે જેમ કે આ ગ્રન્થ જાણે કે કલિકાલના દૈવી જીવો પ્રતિ પરમ કૃપાલુ પ્રભુ શ્રીકૃષ્ણનો સ્વસેવા અધિકાર પ્રદાન કરનારો બક્ષિસ લેખ જેવો કોઇ દસ્તાવેજ હોય. જેમ બક્ષિસ લેખમાં આરંભે જે દિવસે, જે સમયે જે તિથિવારે અને જે સ્થળે લેખ કરવામાં આવ્યો હોય તેની વિગત લખવામાં આવે છે અને ત્યાર બાદ બક્ષિસમાં જે આપવાનું હોય અને જે શરતે આપવાનું હોય તેની વિગત દર્શાવવામાં આવે છે. તેવી જ રીતે અહીં પણ પ્રથમ શ્લોકમાં જે સમયે, જે કાલમાં, બ્રહ્મસમ્બન્ધની ભગવદ્ આજ્ઞા થઇ તે કાલ નિરૂપણપૂર્વક પક્ષકાર-૧ તરીકે એટલે બક્ષિસ આપનાર તરીકે કોણ છે તો તેના ઉલ્લેખ સાથે જણાવીને

બાકીના શ્લોકોમાં સેવા માટેની નિર્દોષતા સિદ્ધિની બક્ષિસ અને તે પણ સેવામાં અભિનિવિષ્ટ પૂરતી જ - તે શરતે આપવામાં આવી છે એની વિગત દર્શાવવામાં આવી છે.

અહીં મહિનો શ્રાવણ છે, પક્ષ (પખવાડિયું) શુક્લ એટલે કે સુદ છે, તિથિ એકાદશી છે અને સમય અર્ધ રાત્રિનો છે, આ સમયે ભગવાને પ્રકટ થઇને જે કંઇ પણ કહ્યું તે અક્ષરશઃ આ ગ્રન્થમાં કહેવાની પ્રતિજ્ઞા શ્રીઆચાર્યચરણ કરે છે.

ઉપર્યુક્ત શ્રાવણ માસ વગેરે કાલનો ઉલ્લેખ એ બધા ટીકાકારોના અનુસાર આધિદૈવિક કાલ જણાવનાર છે અને તે પણ સર્વ બાબતો ભગવાન વર્તમાનમાં જે કંઇ કરવાનું વિચારી રહ્યા છે તેના સૂચકપણાએ કાલનો ઉલ્લેખ કરાયો છે એમ જણાવે છે. પણ એક વાત નક્કી છે કે આમ કહેવાથી શ્રાવણ માસ એ આધિદૈવિક છે માટે એમાં પ્રકટ થયા અથવા તો શુક્લ પક્ષ યા એકાદશી તિથિ એ આધિદૈવિક છે એટલે ભગવાન એમાં પ્રકટ થયા અથવા તો મધ્યરાત્રિ એ પુષ્ટિ કાલ છે માટે ભગવાન એમાં પ્રકટ થયા એમ સમજવું જોઇએ નહિ. પરંતુ અહીં મુખ્ય આધિદૈવિકતા એ સાક્ષાદ્ આધિદૈવિક ભગવાનના પ્રાકટયથી જ છે. જન્મ પ્રકરણમાં પણ ભગવત્ પ્રાદુર્ભાવનો કાલ જણાવતાં **“अथ सर्वगुणोपेतः कालः परमशोभनः”** (ભાગ. ૧૦-૩-૧) એમાં પણ મહત્ત્વનો અને મુખ્ય શબ્દ એ “अथ” છે. અથ શબ્દ માસ આરંભ, પક્ષ આરંભ, તિથિ આરંભ, વાર આરંભ કે પછી અષ્ટમીની રાત્રિનો આરંભ ત્યાં સમ્બન્ધ કરતો નથી, પરંતુ અથ શબ્દ ભગવત્ પ્રાદુર્ભાવ પ્રવૃત્તિને સ્પર્શે છે. એટલે જે સમયે ભગવત્ પ્રાદુર્ભાવ પ્રવૃત્તિ થઇ ત્યારથી આરંભ થતા કાલને શ્રીઆચાર્યચરણ શ્રીસુબોધિનીજીમાં લીલા કાલ તરીકે આલેખે છે. અને એ લીલા કાલ જ સર્વ શુભ ગુણોથી યુક્ત કાલ ભાગવતના આ

સ્થળે કહેવાયો છે. અતઃ અહીં ગ્રન્થમાં પણ ટીકાકારો દ્વારા કાલની અલૌકિકતા દર્શાવવા પાછળ, કાલને મહત્ત્વ આપ્યું છે એમ નથી પરંતુ એ મહાનુભાવોનો એ જ આશય છે કે જે સમયે ભગવાન પ્રકટ થયા તે સમયે આ બધું જ લીલાત્મક અલૌકિક બની ગયું. આપણા ભારતીય શાસ્ત્રોમાં જે સમયને જે કાલને અતિશય શુભ માનવામાં આવ્યો છે એ બ્રાહ્મમુહૂર્તને શ્રીરુક્મિણીજી અશુભ માનતા હતાં. કારણ કે એ સમયે ભગવાન રુક્મિણીજીથી અલગ થઇ સ્નાનાદિ પ્રાતઃકાલ કર્મ માટે પધારી જતા હતાં. જ્યોતિષ શાસ્ત્રમાં પણ હંમેશા નક્ષત્રના ગુણો ચાહે ગમે તેવા હોય પણ જે નક્ષત્રમાં વ્યક્તિ જન્મ્યો હોય તે નક્ષત્ર તે વ્યક્તિને શુભ ફલ આપે છે. અતઃ કૃષ્ણ પ્રાદુર્ભાવમાં અથવા શ્રીમહાપ્રભુ સમક્ષ પ્રાકટ્યમાં કાલની આધિદૈવિકતા એ ભગવાનના પ્રાકટ્યથી જ છે. એટલે ચતુર્માસ અથવા તો અર્ધરાત્રિ વગેરે વિપરીત કાલ અને શુક્લ પક્ષ, એકાદશી વગેરે શુભ કાલ એ બન્નેનું શુભ-અશુભ અહીં આધિદૈવિકતામાં કારણ નથી. પરંતુ કાલાતીત અને કાલના પણ સ્વામી એવા શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ જણાવવા માટે જન્મ પ્રકરણમાં અને આ ગ્રન્થમાં કાલનો ઉલ્લેખ કરાયો છે.

શ્રીપુરુષોત્તમ આવિર્ભાવ પ્રકારમાં આરંભે શુભ વાર મુહૂર્ત નક્ષત્ર વગેરે જોઇને તે દિવસે સ્વરૂપને પાટ પર બિરાજમાન કરી અને ગ્રન્થમાં જણાવ્યા મુજબનો આવિર્ભાવ પ્રકાર કરવો એમ શ્રીપ્રભુચરણ જણાવે છે ત્યાં પણ ભગવાનના પ્રાદુર્ભાવમાં કે આવિર્ભાવમાં શુભ મુહૂર્ત આદિ શુભ કાલ સાપેક્ષ છે એમ નહિ માનવું જોઇએ પરંતુ ત્યાં પણ શુભ કાલ જોવાનું વિધાન એ પ્રેમપૂર્વકની ભક્તિ માટેનું છે. નહિં કે અશુભ કાલમાં યા તો ઉક્ત શુભ કાલ વિનાના કાલમાં કરવામાં આવેલા આવિર્ભાવથી સેવામાં બાધા ઉત્પન્ન થઇ શકે છે એવો ભાવ રાખીને શ્રીપ્રભુચરણે લખ્યું હોય. જેમ પતિવ્રતા સ્ત્રી પોતાનું સર્વ સૌંદર્ય અન્ય આગળ છુપાવે છે અને તે માત્ર

પોતાના પતિ સમક્ષ જ પ્રકટ કરે છે તેવી જ રીતે પાતિવ્રત્યરૂપ પૂર્ણ સેવક ધર્મને પ્રાપ્ત એવો ભગવાનનો સેવક કાલ એ પણ પોતાના સ્વામી શ્રીપ્રભુ સમક્ષ પોતાનામાં રહેલી સર્વ ઉત્તમતા પ્રકટ નહિં કરશે તો પછી તે ઉત્તમતાઓ બીજાના માટે યા બીજા સમક્ષ પ્રકટ કરશે ?

ભગવાન જ્યારે પોતાની જે લીલા પ્રકટ કરવાની ઇચ્છા કરે છે ત્યારે તે લીલાને પ્રકટ કરે છે અને જ્યારે જે લીલાને પ્રકટકરે છે ત્યારે તે લીલામાં ઉપયોગી પદાર્થોને પણ પ્રકટ કરે છે, કારણ કે લૌકિક પદાર્થો વડે ભગવાન લીલા કરતા નથી. **“मनुते नैव लौकिकम्”** (શિક્ષાશ્લોકા:) એ શ્રીમહાપ્રભુનું વાક્ય અહીં આ બાબતમાં પણ લાગુ પડે છે. તેથી જ તો પૂતના પ્રાણહરણના પ્રસંગમાં **“अहो बकीयम्”** (ભાગ. ૩-૨-૨૩) ની સુબોધિનીમાં ભગવાને પોતાના પ્રાદુર્ભાવની ઇચ્છા થતાં લીલામાં ઉપયોગિની નિત્યલીલાસ્થિતા પૂતનાને પણ ભૂતલ પર પ્રકટ કરી એમ જણાવાયું છે, આથી બીજા અસુરોની પણ આ મુજબની વ્યવસ્થા સમજી શકાય છે, જો એમ નહિં માનવામાં આવે તો શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણે વિદ્વન્મંડનમાં સિદ્ધ કરેલ નિત્યલીલાવાદ નો વિરોધ આવશે. આ પ્રમાણે ભગવાન લૌકિક કાલમાં પણ લીલા કરતા નથી તેથી લીલામાં ઉપયોગી લીલાત્મક કાલને પણ પ્રકટ કરે છે. લીલાત્મક કાલ એટલે ક્ષીણતાના સ્વભાવ વિનાનો લીલામાં ઉપયોગી સ્વરૂપનો અને માત્ર લીલાર્થ જ ઉપયોગનો એવો ભાવાત્મક કાલ. આ લીલાત્મક આધિદૈવિક કાલ જ પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવામાં સમય રૂપમાં સદૈવ વિદ્યમાન હોય છે. જેમ કીર્તન સંગ્રહમાં લખ્યું હોય છે **“शीतकाल के पद, उष्णकाल के पद, जगायवेके पद, पोढवे के पद”** આ બધાં વાક્યોમાં કાલસૂચન થાય છે અને તેથી એમ લાગે કે પુષ્ટિમાર્ગ

અને માર્ગમાં સેવ્ય શ્રીકૃષ્ણ ભલે કાલાતીત હોય, પણ સેવા-ભક્તિ તો કાલના અન્તર્ગત કાલાધીન જ છે. પરંતુ પુષ્ટિમાર્ગની રીતભાંતને સૂક્ષ્મતાથી વિચારવામાં આવે તો કાલને ઉક્ત વાક્યમાં ભગવાન સાથે યા તો ભગવાનની સેવા સાથે જોડવામાં આવે છે તેથી કાલને પણ સેવાને અનુકૂલ બતાવવામાં આવ્યો છે. જો એમ નહિ હોતે તો કીર્તન-સંગ્રહોમાં એમ જ લખાતે કે પ્રથમ પ્રહર કે પદ, દ્વિતીય પ્રહર કે પદ રાત્રિ પ્રહર કે પદ એટલે કે આ પદો પ્રહર મુજબ ઉપયોગમાં લેવાના નથી પરંતુ સેવાના અનુસાર ઉપયોગમાં લેવાના છે. ભલે ભૈરવ રાગ બ્રાહ્મમુહૂર્તનો હોય એટલે સૂર્યોદયના દોઢ કલાક પહેલાનો હોય પરંતુ જો શ્રીઠાકોરજી સવારે નવ વાગે જાગે તો તે વખતે દિવસના બીજા પ્રહરનો રાગ પણ ગવાતો નથી અને તે સમયનાં કીર્તનો પણ ગવાતા નથી, પરંતુ તે સમયે જગાવવાનાં જ પદો ગવાય અને તેમાં પણ ભૈરવ, લલિત, દેવગંધાર વગેરે જ રાગો ગવાય અને જો કોઇક કારણસર સેવામાં બપોરે એક વાગે કે બે વાગે શયન થાય તો ત્યારે લોકમાં રાત્રિ કાલમાં ગવાતાં કેદાર વગેરે રાગો જ ગવાય. આ રીત જ એ બતાવે છે કે પુષ્ટિ માર્ગની સેવા ભક્તિ એ કાલાન્તર્ગત કે કાલાધીન નથી. કારણ કે વલ્લભકુલના ઘરે યા વૈષ્ણવના ઘરે સેવામાં બિરાજતું ભગવત્ સ્વરૂપ એ કાલાતીત સાક્ષાત્ પુરુષોત્તમ જ બિરાજે છે તેથી તેમની સેવા કાલાધીન પ્રકારે હોઇ શકે જ નહિં. એટલે એટલું દરેકે માનવું જ જોઇએ કે ઘરે બિરાજતાં ઠાકોરજી જાગે છે એ ભગવત્ પ્રબોધ લૌકિક પ્રાત:કાલમાં થતો નથી. અને ન લૌકિકી રાત્રિમાં ભગવાન શયન કરે છે. ભગવાન જ્યારે પણ જાગે ત્યારે એ ભાવાત્મક, લીલાત્મક કાલ પોતાનું સેવાપયોગી એવું પ્રાત:સ્વરૂપ યા રાત્રિ સ્વરૂપ ભગવત્ સેવામાં પ્રકટ કરે છે. તેથી કીર્તન સાહિત્યમાં **‘પ્રાત સમે શ્રીગિરિધરલાલકો કરત પ્રબોધ જશોદા માઇ’** અહીં ઉપયોગ કરાયેલો પ્રાત શબ્દ એ ભાવાત્મક લીલાત્મક

કાલને સૂચવે છે.

લીલાત્મક કાલ એમ કહેવાથી આ કાલ ગણિતાનંદ અક્ષરાત્મક પણ નથી, પરંતુ આનંદમય ભગવદ્રૂપ છે એમ જાણવું જોઇએ. આ કાલ પણ ભગવાનની આત્મસૃષ્ટિમાં આવતો હોવાથી જેમ આત્મમાયા શબ્દથી આનંદમય ભગવદ્રૂપા શક્તિનો જ બોધ કરે છે. તેવી જ રીતે લીલાત્મક કાલ પણ આનંદમય ભગવદ્રૂપ પદાર્થ છે. જેમ આત્મસૃષ્ટિ માત્ર લીલોપયોગિની છે તે અનુસાર આ કાલ પણ માત્ર લીલોપયોગી જ છે એનો લૌકિકી સૃષ્ટિ સાથે કોઇ સમ્બન્ધ નથી.

વૈદિક કર્મો પણ કાલાધીન છે તેથી વૈદિકી પ્રક્રિયામાં વિનાકાલ યા વ્યતીતકાલમાં જે-તે કર્મ કરાતાં તે નિરર્થક હોય છે તેવા કર્મથી કોઇ પણ પુણ્ય ઉદ્ભવ થતું નથી. પ્રાતઃકાલની સંધ્યા, પ્રાતઃકાલ વેલા વ્યતીત થયા પછીથી કરવામાં આવે તો પણ સંધ્યા નહિ કર્યા નો જ દોષ પ્રાપ્ત થશે. તેવી રીતે શ્રાદ્ધાદિ કર્મ પણ પિતૃપક્ષમાં જ અને તે પણ જે તે કહેવાયેલા તિથિ વગેરેમાં જ અને તે પણ મધ્યાહ્ન કાલમાં જ કરાતાં પિતૃઓ તૃપ્ત થાય છે નહિતર પિતરોની અતૃપ્તિનો દોષ લાગે છે. તેવી જ રીતે દેવયજન યા દેવ સમ્બન્ધી કોઇ પણ કર્મ પણ દિવસમાં કરવામાં આવતાં જ ફલ આપે છે નહિતર એ નિષ્ફલ થઇ જાય છે. આ પ્રકારે વૈદિક કર્મો વેદમાં વિધાન કરાયેલા કાલને આધીન છે પરંતુ અવિહિત ભક્તિમાર્ગ પુષ્ટિમાર્ગ એ લોકવેદાતીત હોવાથી એ માત્ર ભાવાધીન છે. તેથી પ્રેમની સ્થિતિમાં જે-તે કાલ વ્યતીત થઇ ગયા છતાં પણ તે દોષરૂપ બનતો નથી.

શ્રીમહાપ્રભુ સમક્ષ પ્રકટ થઇને શ્રીપ્રભુએ જે સેવાના અધિકાર અર્થે બ્રહ્મસમ્બન્ધ મન્ત્ર પ્રદાન કર્યો છે તે સેવાનું અન્તિમ

પરિણામ આધિદૈવિકી સેવા જ છે કે જે સેવા-ભક્તિ કાલની અપેક્ષા કરતી નથી. અતઃ ચાહે સેવા તન-વિત્તથી કરવામાં આવે કે મન સહિત તન-વિત્તથી કરવામાં આવે બન્નેમાં શ્રીપુરુષોત્તમની આધિદૈવિકી સ્થિતિ તો છે જ. પણ સેવાને જે સાધનરૂપા અને ફલરૂપા એમ બે ભાગે જાણવામાં આવે છે તેમાં સેવાનું સાધનરૂપપણું એ જીવ સમ્બન્ધથી કહેવાયેલું છે કારણ કે દાસ્યધર્મ એ મુખ્યતયા જીવનો છે અને જીવ સમ્બન્ધે દેહાદિની સાથે પણ સમ્બન્ધ કરે છે. જીવાત્માની અપ્રધાનતાએ અને દેહ-ઇન્દ્રિયોની પ્રધાનતાએ જ્યારે ભક્તિનો પ્રકાર હોય છે ત્યારે તે ભક્તિ સાધન અવસ્થાવાળી કહેવામાં આવે છે. અથવા તો દેહ-ઇન્દ્રિયથી થનારી સેવા એ બાહ્ય છે અને અંતઃકરણથી થનારી ભક્તિ એ આભ્યન્તરી છે. અને આભ્યન્તર જ મુખ્ય અને બલિષ્ઠ હોવાથી તેમજ દેહમાં આત્માનું સૌથી નજદીકપણું ચિત્ત સાથે હોવાથી એને એટલે કે આભ્યન્તરી-માનસીને સાધનરૂપ સેવાના ફલરૂપમાં કહેવામાં આવે છે. આ માનસી સેવાની જ ઉત્કૃષ્ટ અવસ્થાને આધિદૈવિકી સેવા નામે આલેખવામાં આવે છે. આ આધિદૈવિકી સેવામાં જે ભાવરૂપે ભગવાન હૃદયમાં પ્રકટ થાય છે તે લીલાને અનુકૂલ સર્વ પદાર્થો ભાવાત્મક રીતે સિદ્ધ થતા હોવાથી ભક્તના હૃદયમાં વગર ભાદ્રપદ માસે પણ જો દાનની લીલા પ્રકટ થાય તો તે વખતે એની ભાવાત્મિકા સેવામાં એ દાનલીલા સમ્બન્ધી ઋતુ-માસ વગેરે લીલાત્મકતા પ્રકટ થાય છે.

અતઃ સિદ્ધાન્તરહસ્યમાં શ્રીઆચાર્યચરણે જે કાલનો ઉલ્લેખ કર્યો છે અને એ કાલ સમ્બન્ધી જે જુદા જુદા ભાવો ટીકાકારો એ પોતપોતાની ટીકામાં પ્રકટ કર્યા છે તે ભગવાને આ કાલ શ્રીમહાપ્રભુ સમક્ષ પ્રકટ થવામાં પસંદ કર્યો છે તેનાથી એ જ સૂચન થાય છે કે ભગવાન પ્રકટ થઇને આગળ હવે શું કરવાની ઇચ્છા રાખે છે. એટલે શ્રાવણ માસ, શુક્લ પક્ષ, એકાદશી તિથિ, મધ્ય રાત્રિ આ બધું જ

ભગવદ્ ઇચ્છાનું સૂચક છે.

સૂચક એ છે કે કલિના પ્રવાહમાં વહી રહેલા પોતાના નિજજીવો એમનું પણ સમુદ્ધરણ જ નહિં અપિતુ કૃષ્ણાવતાર કાલની માફક અત્યારે પણ એ જ યોગ ભક્તિના પરમ ફલને પ્રાપ્ત કરાવનારો બને અને એ ફલમાં યદિ કઇ અંતરાયરૂપ છે તો એ અંતરાયોની નિવૃત્તિ પણ ભગવાન પોતાના સ્વરૂપ બલે જ કરવાની ઇચ્છા રાખે છે માટે આ બધા કાલ સહિત સાક્ષાદ્ ભગવાને આ ઉપદેશ કર્યો છે એમ કહ્યું છે.

આ ઉપરાંત અહીં બીજું પણ એ સૂચક છે કે ભગવાનનું પ્રાકટ્ય શ્રીઆચાર્યચરણના સમક્ષ અને તે પણ ગોકુલમાં અને તેમાં પણ શ્રીયમુનાના તટ પર થયું છે. ભગવાનનું આ પ્રાકટ્ય નિજજીવોને જે ફલની પ્રાપ્તિ કરાવનારું છે તે ફલ ગોલોકસ્થ નિત્યલીલાત્મક ફલ કે જે કૃષ્ણાવતાર સમયે ભગવાને વ્રજમાં પ્રકટ કર્યું હતું. માટે જ પુરાણોમાં કહ્યું છે -

वैकुण्ठस्य च ऐश्वर्यं द्वारिकायां प्रतिष्ठितम् ।
गोलोकस्य च ऐश्वर्यं गोकुले तत् प्रतिष्ठितम् ॥

ગોલોકનું સંપૂર્ણ ઐશ્વર્ય ભગવાને ગોકુલમાં સ્થાપિત કર્યું છે એ જ વ્રજાધિપતિ ભગવાન ફરીથી ગોકુલમાં પ્રકટ થઇને ગોવર્ધન લીલાના સમાન ફરીથી કલિયુગના દૈવીજીવોને અભયદાન આપી રહ્યા છે કે **“ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिः”** તમારે કોઇ પણ બાબતથી ભય કરવાની આવશ્યકતા નથી. હુ જે આ બ્રહ્મસમ્બન્ધરૂપી ઉપાય આપી રહ્યો છું એનાથી જ ફલ પ્રતિબન્ધક જે પણ અવરોધરૂપ દોષો છે તેની નિવૃત્તિ થશે અને દશમ સ્કન્ધસ્થ તામસ પ્રકરણીય જીવોએ જે પરમ ફલનો લાભ કર્યો તે ફલનો લાભ કરનારા તમે પણ બની શકશો.

શ્રીપ્રભુના ઉક્ત વાક્યમાં ચીરહરણ પ્રસંગમાં કહેવાયેલ શબ્દોનો **“मयेमा रंस्यथ क्षपाः”** (ભાગ. ૧૦-૨૨-૨૭) એનો પણ રણકો સાંભળી શકાય છે.

શ્રીયમુનાજીના તટ પર ભગવાનનું પ્રાકટ્ય એ પણ **“जीव को जब ब्रह्मसम्बन्ध होत है तब इनकी वाम भुजा फरके”** આ ભગવદીય વાક્ય અનુસાર અને શ્રીયમુનાષ્ટકનું સ્વારસ્ય વિચારતાં ભૂતલસ્થ નિજલીલાપરિકરને તનુનવત્વ વગેરે સર્વ સાધનોનું સંપાદન થવાના સ્વરૂપની સર્વ સિદ્ધિઓ શ્રીયમુનાજી પ્રદાન કરે છે. અતઃ શ્રીપ્રભુ અને શ્રીઆચાર્યચરણ બન્નેની સ્થિતિ શ્રીયમુના તટ પર છે તેવે વખતે બ્રહ્મસમ્બન્ધ મન્ત્રનું પ્રાકટ્ય ભગવન્મુખથી થવું તે બતાવે છે કે બ્રહ્મસમ્બન્ધ મન્ત્રથી દોષ નિવૃત્તિપૂર્વક ભગવત્ સેવામાં અભિનિવિષ્ટને લીલામાં પ્રવેશ માટેના સર્વ સાધનનું સંપાદન શ્રીયમુનાજીની કૃપાથી થશે માટે વૈષ્ણવોએ આ બાબતમાં નિશ્ચિન્ત બની બ્રહ્મસમ્બન્ધ કરી ભગવત્ સેવામાં પરાયણ બન્યા રહેવું. અથવા તો શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુ અને શ્રીયમુનાજી એ ત્રણેના મધ્યે બ્રહ્મસમ્બન્ધનું પ્રાકટ્ય એ સૂચવે છે કે શ્રીમહાપ્રભુજીની કૃપાના રૂપમાં જીવને બ્રહ્મસમ્બન્ધ થાય છે અને જેના પર આ રૂપમાં શ્રીમહાપ્રભુની કૃપા થાય છે તેના ઉપર શ્રીયમુનાજીની પણ અવશ્ય કૃપા થાય જ છે અને તે શ્રીયમુનાજીની કૃપા વૈષ્ણવના જીવનમાં સેવા પ્રવાહના રૂપમાં ફલિત થાય છે અને જેના ઉપર આ રૂપમાં શ્રીયમુનાજીની કૃપા થાય છે ત્યારે શ્રીમહાપ્રભુ અને શ્રીયમુનાજીના કૃપાપાત્ર એવા વૈષ્ણવ ઉપર અતિશય આત્મીય ભાવે ભગવાનનો અનુગ્રહ વરસે છે અને તે અનુગ્રહ ભક્તિના પરમ ફલરૂપ હોય છે.

ત્રીજી વાત કૃષ્ણાવતારમાં ભગવાને પ્રકટ થઇને સર્વ જીવોનો અંગીકાર કર્યો છે અને તેમને ફલ પ્રદાન કર્યું છે. તેમ અહીં

ભગવાન પ્રકટ થયા છે પણ અંગીકાર શ્રીઆચાર્યચરણ દ્વારા જ કરવા માંગે છે માટે બ્રહ્મસમ્બન્ધનું દાન ભગવાને પાસે જ સૂઇ રહેલાં દામોદરદાસ કે કૃષ્ણદાસને કર્યું નથી પણ શ્રીમહાપ્રભુને કર્યું છે અને આજ્ઞા કરી છે કે આપ આના વડે જીવોને શરણે કરાવો. અતઃ પુષ્ટિમાર્ગમાં ભગવાન દૈવીજીવોનો અંગીકાર શ્રીમહાપ્રભુ દ્વારા જ કરવા માંગે છે એમ પણ જાણી શકાય છે.

પ્રથમ શ્લોકના પૂર્વાર્દ્ધમાં કહેવાયેલ શ્રાવણમાસ વગેરે કાલ બાબતમાં બીજા બધા ટીકાકારો લગભગ એકબીજાથી મળતા ભાવો પ્રકટ કરે છે જ્યારે કેટલાક તે બાબત કંઇ વિશેષ જણાવતા નથી. પરન્તુ આ બાબતમાં શ્રીહરિરાયચરણ અને શ્રીપુરુષોત્તમચરણ સુંદર-વિશેષ ભાવ જણાવે છે જે અહીં ઉલ્લેખનીય છે.

કારિકામાં લખાયેલ વિવૃત્તિમાં શ્રીહરિરાયજી જણાવે છે:-

मार्गेऽत्र प्रथमं पुष्टिः सम्बन्धवरणात्मिका ।
मध्ये वेदोक्तमर्यादायुतभक्तिस्थितौ स्थितिः ॥ १४ ॥
अपाषण्डित्वसिद्ध्यर्थं भगवत्तोषणाय च ।
फलपुष्टेर्योग्यतायै फलं कृष्णेन नान्यथा ॥ १५ ॥
निःसाधनत्वभङ्गः स्याद्यदि स्यात्साधनैः फलम् ।
एतादृग्मार्गबोधाय प्राकट्ये तादृशो मतः ॥ १६ ॥
कालो हरेः कृपापूर्णनिःसाधनफलात्मनः ।
श्रावणः पुष्टिमार्गीयश्चातुर्मास्यगतत्वतः ॥ १७ ॥
विष्णुसंबन्धिसम्बन्धात्सम्बन्धाख्यापको मतः ।
बोध्यते तेन पुष्टिर्हि प्रथमं वरणात्मिका ॥ १८ ॥
मर्यादाबोधनार्थाय पक्षः प्रोक्तोऽमलस्तथा ।
भक्तिमार्गीयमर्यादाबोधिकैकादशी मता ॥ १९ ॥
प्राकट्यकालः पूर्णस्य हरेः प्रोक्ता महानिशा ।

निःसाधनजनोद्धृत्यै फलदानाय भूतले ॥ २० ॥
फलसामयिकी पुष्टिस्तेनात्र विनिरूपिता ।
एवंविधे हरिः काले प्रादुर्भूय निजेच्छया ॥ २१ ॥
ब्रह्मसम्बन्धमारभ्य सर्वं मार्गं स्वयं जगौ ।

ભાવાર્થ :- (પોતાને અભીષ્ટ એવો જે ભક્તિમાર્ગ આ સમયે ભગવાન્ પ્રકટ કરવાની ઇચ્છા કરે છે તે -) માર્ગમાં પ્રથમ સમ્બન્ધવરણ સ્વરૂપની પુષ્ટિ છે, મધ્યમાં (સંબન્ધવરણાત્મિકા પુષ્ટિ અને ફલાત્મિકાપુષ્ટિ એ બેના વચ્ચે) વેદમાં કહેવાયેલ (વર્ણ-આશ્રમાદિ સમ્બન્ધની) મર્યાદાપાલન સહિતની ભક્તિમાં સ્થિત થઇ સ્થિતિ છે, આ સ્થિતિ પણ (અન્ય કારણથી નહિ પણ) પોતાનામાં પાખંડ ન પ્રવેશી જાય તેમ અપાખંડિપણાની સિદ્ધિ અર્થે અને ભગવાન ના તોષ માટે રાખવાની છે, આમ કરવાથી જીવમાં ફલપુષ્ટિની યોગ્યતા સિદ્ધ થાય છે, આનાથી ફલ થતું નથી - ફલ તો માત્ર કૃષ્ણ વડે જ થાય છે, બીજા કોઇથી શક્ય નથી. જો કૃષ્ણથી અતિરિક્ત કોઇ સાધનથી ફલ થાય તો નિઃસાધનપણાનો ભંગ થાય (અને નિઃસાધનોના ફલાત્મા ભગવાન્ ગોકુલમાં પ્રક્ટ થયા છે એ શ્રીઆચાર્યચરણની ઉક્તિનો વિરોધ આવે). આ પ્રકારનો આ માર્ગ છે એમ બોધ કરાવવા માટે (મૂલમાં પ્રથમ પુષ્ટિ અને સાધન દશામાં પાખંડી ધર્મો વગેરેનો પ્રવેશ ન થાય અને યથાજ્ઞા પરિપાલન વડે ભગવત્તોષ થાય તે માટે વેદમાં બતાવાયેલ વર્ણ-આશ્રમ વગેરે સંબન્ધી વિધિ નિષેધ સ્વરૂપની મર્યાદાઓનું પરિપાલન કરતાં પોતાની ભક્તિમાં જ સતત સ્થિતિ અને સંતુષ્ટ થયેલા પ્રભુ વડે પુષ્ટિ ભક્તિમાર્ગીય ફલનું દાન થવું આમ આ પ્રકારના આરંભથી ફલ પર્યન્તના માર્ગનો બોધ કરાવવા માટે) ભગવાને શ્રીમહાપ્રભુ સમક્ષ પોતાના પ્રાક્ટ્યમાં આ પ્રકારનો સૂચક કાલ સ્વીકાર્યો છે. અહીં (પ્રથમ) કાલમાં જે શ્રાવણ માસ કહ્યો છે તે પુષ્ટિમાર્ગીય માસ છે

કારણ કે તે ચાર્તુમાસ્યનાં અન્તર્ગત આવે છે. (આ ચાર મહિના દરમિયાન કોઇ પણ વૈદિક શુભ કાર્ય થતાં નથી કારણ કે આ સમયે દેવોની રાત્રિ હોવાથી દેવો શયન કરી જાય છે એટલે આમાં દેવ સન્નિધાન નહિં હોવાથી શુભ કાર્ય વર્જ્ય હોય છે. પરંતુ નિજભક્તોનાં સર્વ કાર્યો પ્રભુ પોતાના સ્વરૂપે અને અનુગ્રહ બલે જ કરતા હોવાથી બીજા કોઇ દેવતાઓનું સન્નિધાન અહીં અપેક્ષિત નહિં હોવાથી ભગવાન કૃષ્ણાવતાર સમયે પણ આ ચાર મહિનાના વચમાં જ પ્રકટ્યા છે અને પ્રકટ થઇને વ્રજભક્તોનાં સર્વ કાર્યો અને સર્વ મનોરથો પૂર્ણ કર્યા છે. એ જ અનુગ્રહને બતાવવા આ વખતે પણ પોતાના પ્રાક્ટ્યમાં શ્રાવણમાસ પસંદ કર્યો છે.) ઉપરાન્ત વિષ્ણુ સમ્બન્ધી શ્રવણ નક્ષત્ર એના સમ્બન્ધે આ શ્રાવણ માસ હોવાથી એ પણ બતાવે છે કે સર્વથા નિ:સાધન એવા જીવોના ફલાત્મા કૃપાથી પરિપૂર્ણ બનેલા અને જીવોનાં સર્વ પાપો અને દુ:ખોનું હરણ કરનાર એવા શ્રીહરિ સાથેનાં સંબન્ધ જોડવાનું પણ સૂચન આનાથી થાય છે. અતઃ પ્રથમ શ્રાવણ માસના ઉલ્લેખથી પ્રથમ વરણ સ્વરૂપની પુષ્ટિ છે એમ બોધ થાય છે. તેવી જ રીતે મધ્યમાં કહેવાયેલ વૈદિક મર્યાદા અને ભક્તિમાર્ગીય મર્યાદા એમ બન્ને મર્યાદાને જણાવવા અનુક્રમે શુકલ પક્ષ અને એકાદશી તિથિ કહી છે. વેદોક્ત મર્યાદા સેવા માર્ગમાં સાધનદશામાં રહેલાઓ માટે ઉપયોગી છે એમ જણાવવાં અમલ પક્ષ એટલે શુકલ પક્ષ કહ્યો છે. (કારણ કે શુકલ પક્ષ એ દેવોનો દિવસ કાલ છે અને કૃષ્ણ પક્ષ એ દેવોનો રાત્રિ કાલ છે. તેથી શુકલ પક્ષને શુભ અને કૃષ્ણ પક્ષને અશુભ કહેવામાં આવ્યો છે. અતઃ મર્યાદાને અનુકૂલ કાલ પ્રાક્ટ્યમાં રહેલો હોવાથી એ મર્યાદાની ઉપયોગિતાનો પણ બોધ થાય છે.) ત્યારબાદ એકાદશી તિથિ જે કહી છે તે ભકિતમાર્ગીય મર્યાદાનું બોધન કરે છે (ભકિતમાર્ગમાં વિષ્ણુ પંચકનું વ્રત વૈષ્ણવોએ કરવું એ ભક્તિમાર્ગીય

મર્યાદા છે. વિષ્ણુ પંચક એટલે ચાર જન્મ જયંતીઓ, જન્માષ્ટમી, વામન દ્વાદશી, રામનવમી, નૃસિંહ ચતુર્દશી તથા પાંચમું બાર મહિનાની ૨૪ અથવા તેર મહિનાની ૨૬ એકાદશીઓ. આ મર્યાદાને શ્રીઆચાર્યચરણે પણ આ માર્ગમાં સ્વીકારી છે અને તેઓશ્રી નિબંધમાં જણાવે છે **“एकादश्युपवासादि कर्तव्यं वेधवर्जितम्, तथा कृष्णाष्टमी चापि सप्तमी वेधवर्जिता”** (સર્વનિ. નિબંધ-૨૪૫) અહીં વિષ્ણુ પંચકનું વિધાન શ્રીઆચાર્યચરણ વૈષ્ણવો માટે કરે છે, આ જ સ્થળે આના પ્રકાશમાં શ્રીઆચાર્યચરણ લખે છે **“भुक्त्वा चोत्सवो निषिद्धः भगवदावेशाभावात्”** અર્થાત્ ભોજન કરીને ઉત્સવ માનવો નિષિદ્ધ છે કારણ કે તેવી દશામાં ભગવદ્ આવેશનો અભાવ હોવાથી. આ વિષ્ણુ પંચકના વ્રત બાબતે પદ્મપુરાણના ઉત્તરખંડમાં દ્વારકા માહાત્મ્યની સમાપ્તિમાં **“गोविन्दं परमानन्दं माधवं मधुसूदनम् । त्यक्त्वा नैव विजानाति पातिव्रत्यव्रतः स च । कृष्णजन्माष्टमी रामनवम्येकादशीव्रतम् । वामनद्वादशी तद्वन्नृहरेस्तु चतुर्दशी । विष्णुपञ्चकमित्येवं व्रतं सर्वाघनाशनम् ।”** અહીં ભગવાન ગોવિન્દ સમ્બન્ધે પાતિવ્રત્યને અનુલક્ષીને આ વિષ્ણુપંચકનું વિધાન પુરાણમાં કરાયું છે એટલે જેનું ભગવાનમાં પાતિવ્રત્ય છે તેવા સર્વ વૈષ્ણવોએ આ વિષ્ણુ પંચકનું યથાશકિત વ્રત કરવું જોઇએ એવી ભકિતમાર્ગીય મર્યાદા છે. એમ અહીં સાધનદશામાં જે જે ભક્તિમાર્ગીય મર્યાદાઓ છે તેનું રક્ષણ-પાલન કરવું જરૂરી છે એ જણાવવા એકાદશી તિથિ ગ્રહણ કરી છે. પોતાના દાસધર્મનું સર્વ પ્રકારે સર્વ કાલે અને સર્વત્ર પાલન કરવું એ મુખ્ય ભક્તિમાર્ગીય મર્યાદા છે.) અહીં પૂર્ણાનંદ પરબ્રહ્મ શ્રીહરિ-શ્રીકૃષ્ણના પ્રાકટ્યનો કાલ મહાનિશિ પદથી કહ્યો છે તેના વડે એમ જણાવાયું છે કે આ ભૂતલ પર જન્મેલા - રહેલા દૈવી જીવોને ફલદાન દ્વારા ઉદ્ધારને માટેની ફલ સમયની -

ફલ દાન કરવા માટેની જે પુષ્ટિ છે તે પુષ્ટિ અત્ર ભગવાનના હૃદયમાં પ્રકટ છે. આ મુજબના કાલમાં શ્રીહરિ પોતાની નિજઇચ્છા વડે જ (શ્રીમહાપ્રભુની પ્રાર્થનાથી યા એવા જ કોઇ બીજા કારણથી પ્રભુ પ્રકટ થયા નથી પણ ભૂતલ પર રહેલા દૈવીજીવોને સંસારમાંથી ઉદ્ધારપૂર્વક તેમને પુષ્ટિમાર્ગીય ઉત્તમ ફલ દાન કરવાની અનુગ્રહવાળી ઇચ્છાથી જ શ્રીમહાપ્રભુ સમક્ષ) પ્રકટ થઇને બ્રહ્મસમ્બન્ધથી આરંભીને સંપૂર્ણ સર્વ માર્ગ પ્રભુએ પોતાની વાણી દ્વારા કહીને પ્રકટ કર્યો છે. (બ્રહ્મસમ્બન્ધ મન્ત્ર પ્રદાન સહિત સિદ્ધાન્ત રહસ્યમાં કહેવાયેલ બ્રહ્મસમ્બન્ધ વડે જ સર્વ દોષોની નિવૃત્તિ તેમજ ભગવદ્ધર્માનુરોધી અને વ્યવહારાનુરોધી એમ સમર્પણના બે પ્રકારો તેમજ ભગવાનને અર્પેલું પોતાનાથી વપરાય કે નહિ તે બાબતમાં ખુલાસા સાથે પુષ્ટિમાર્ગીય સમર્પણનો પ્રકાર અને એની મર્યાદા માર્ગીય સમર્પણ કરતાં ભિન્નતા આ સર્વ બાબતો પ્રભુએ પોતે જ જણાવી છે એમ શ્રીહરિરાયજીનું કહેવાનું તાત્પર્ય છે.)

શ્રીહરિરાય મહાપ્રભુના જણાવ્યાં અનુસાર પુષ્ટિમાર્ગમાં ભક્તિની સાધનદશામાં અથવા તો સાધનરૂપા ભક્તિના કરણમાં ભગવાનનો વરણાત્મક-વરણસ્વરૂપનો જીવનો ભગવાન દ્વારા નિજ સેવકપણાએ સ્વીકાર થવો એવો અનુગ્રહ સ્વરૂપનો ભગવત્ સમ્બન્ધ રહેલો હોય છે અને એ પ્રથમ આવશ્યક પણ છે. તેવી જ રીતે મારે આ જીવને ભક્તિમાર્ગનું આ ફલ આપવું છે તેવા અનુગ્રહ સ્વરૂપની ભગવાનની ઇચ્છાનો સંબંધ ભક્તિની ફલદશામાં અથવા તો ફલરૂપા ભક્તિના કરણમાં રહેલો હોય છે અને તે મુખ્ય આવશ્યક છે. આમ પોતાની નિજ ભકિતનું દાન અને ભકિતથી સન્તુષ્ટ થઇને ભક્તિમાર્ગીય ફલનું દાન એમ અનુગ્રહના પણ બે ભેદો બતાવીને આ બે પ્રકારના અનુગ્રહના મધ્યે ભગવાન ભક્તિનું દાન કરે ત્યાર પછીથી લઇને ભગવાન જ્યારે ફલનું દાન કરે તેના પૂર્વ - એ બેના મધ્યમાં

જીવમાં જીવ સ્વભાવવશ અથવા તો સાંસારિકોનાં દુ:સંગવશ દંભ, પાખંડ, પ્રમાદ, આલસ્ય, અભિમાન વગેરે દોષો ન પ્રવેશી જાય તે માટે વેદોક્ત સદાચાર સહિતની પુષ્ટિમાર્ગીયા રીતિથી ભગવત્ સેવામાં વૈષ્ણવની સ્થિતિ થવી એમ-આ પ્રકારે આરંભથી લઇને ફલ પર્યન્તનો સંપૂર્ણ માર્ગ જે પુષ્ટિમાર્ગ નામે પ્રસિદ્ધ છે એનાં પ્રથમ ઉપદેષ્ટા આચાર્ય સ્વયં શ્રીકૃષ્ણ છે. અને એ કૃષ્ણનો જ પ્રકટ કરેલો માર્ગ પુષ્ટિમાર્ગ છે. એની પરંપરામાં શ્રીઆચાર્યચરણ પ્રકટ થયા છે અને આચાર્ય સ્વરૂપે બિરાજે છે. આનાથી આ સમ્પ્રદાય રુદ્ર સમ્પ્રદાય છે અને એના પ્રથમ આચાર્ય રુદ્ર છે અને એ પરંપરામાં શ્રીવલ્લભાચાર્ય છે. એ માન્યતાનું નિવારણ આથી આપોઆપ થઇ જાય છે.

શ્રીપુરુષોત્તમચરણ ગ્રન્થમાં કરાયેલ કાલના ઉલ્લેખ બાબત વિશિષ્ટ ભાવોને તેઓશ્રી પોતાની ટીકામાં પ્રકટ કરતાં લખે છે કે **“अत्र मासपक्षतिथिसमयानामुल्लेखो विवक्षितसाधनस्य साधकगताधिभौतिकादित्रिविधदोषनिवृत्तिसामर्थ्यसूचनार्थः । श्रवणर्क्षं हि वैष्णवम्, तत्सम्बन्धेन प्रसिद्धो मासः श्रावणो, ‘यः कश्चिद्वैष्णवो लोक’ इति न्यायेन साधकजनपावनः । पूर्वः पक्षोप्यमलत्वात्प्रत्यहमधिकाधिकतमोहर इति मासपक्षौ बाह्यभौतिकदोषनिवर्तकौ । एकादशी चोपवासेनैकादशेन्द्रियदोषहारिका गुणाधायिका चेत्याध्यात्मिकदोषहरा । महानिशा च भक्तरक्षार्थमाविर्भूतस्य भगवतः प्रादुर्भावकालत्वादाधिदैविकदोषहरेति । एतादृशे काले प्रादुर्भूययत्साधनमुपदिष्टं तत्साधकनिष्ठत्रिविधदोषनिवर्तकमिति बोधनम् ।”** ભાવાર્થ :- અહીં માસ, પક્ષ, તિથિ અને સમયનો જે ઉલ્લેખ છે એ બ્રહ્મસમ્બન્ધ પ્રાપ્તિ કરનારમાં રહેલાં આધિભૌતિક-આદ્યાત્મિક-આધિદૈવિક એમ ત્રણેય દોષોની નિવૃત્તિ કરવાનું સામર્થ્ય વિવક્ષિત સાધન એટલે કે આ બ્રહ્મસમ્બન્ધમાં છે

એનું સૂચન કરવાને અર્થે થયેલો છે. એમાં પ્રથમ કહેવાયેલ જે શ્રાવણમાસ છે તેમાં શ્રવણ નક્ષત્ર એ વિષ્ણુના અધિદૈવતવાળું વૈષ્ણવ નક્ષત્ર છે. અને તે વૈષ્ણવ-શ્રવણ નક્ષત્રના સમ્બન્ધથી પ્રસિદ્ધ થયેલો માસ એ શ્રાવણ માસ છે અને જે કોઇક (અતિ દુર્લભ) એવો વૈષ્ણવ છે લોકમાં સર્વને પાવન કરવાનો હોય છે એ ન્યાયથી શ્રાવણમાસ એ વૈષ્ણવ માસ હોવાથી સાધના કરનાર લોકોને પવિત્ર કરનારો છે. તેવી જ રીતે શુકલ-કૃષ્ણ એમ માસનાં બે પક્ષમાં પૂર્વનો જે પક્ષ શુકલ પક્ષ છે તે પણ અમલ એટલે કે મલ રહિત છે અને એ પક્ષમાં પ્રતિપદાથી લઇને પૂણિર્મા પર્યન્તમાં પ્રતિદિન વધુને વધુ અંધકારને દૂર કરનારો છે, આમ આ બન્ને માસ તથા પક્ષ એ બહારના તરફ રહેલાં ભૌતિક દોષો છે તેનું નિવારણ કરનાર છે. તેવી જ રીતે એકાદશી તિથિ પણ ઉપવાસ વડે કરીને અગિયાર ઇન્દ્રિયો (મન સહિત દશ ઇન્દ્રિયો) સમ્બન્ધનાં દોષોનું હરણ કરનારી છે અને વધુમાં ગુણોનું આધાન કરનારી પણ છે. આ પ્રમાણે એકાદશી તિથિ એ આધ્યાત્મિક દોષ હરણ કરનારી છે. તેવી રીતે મહાનિશા એટલે કે અર્ધ રાત્રિનો સમય એ પણ ભક્તોની રક્ષાને અર્થે આવિર્ભૂત થયેલાં ભગવાનનો પ્રાદુર્ભાવ કાલ હોવાથી એ મહાનિશા આધિદૈવિક દોષોનું હરણ કરનાર છે. આ મુજબના કાલમાં પ્રકટ થઇને જે બ્રહ્મસમ્બન્ધ રૂપ સાધન ઉપદેશ્યું છે તે સાધક એટલે કે બ્રહ્મસમ્બન્ધના લાભ કર્તામાં રહેલાં ઉપર્યુક્ત ત્રણેય પ્રકારનાં દોષોનું નિવારણ કરનાર છે એમ બોધ કરાવે છે.

શ્રીપુરુષોત્તમચરણ પોતાની વિશિષ્ટ શૈલીમાં કાલનો ઉલ્લેખ એ બ્રહ્મસમ્બન્ધમાં રહેલ દોષનિવર્તન કરવાના સામર્થ્યને સૂચવે છે એમ જણાવે છે. શ્રાવણમાસ અને શુકલ પક્ષ એ આધિકભૌતિકદોષ નિવારણ કરવાનું સામર્થ્ય બ્રહ્મસમ્બન્ધમાં છે એમ સૂચવે છે. એકાદશી તિથિ આધ્યાત્મિક દોષને અને અર્ધરાત્રિનો સમય એ આધિદૈવિક દોષને નિવૃત્ત કરવાનું સામર્થ્ય બ્રહ્મસમ્બન્ધમાં છે એમ સૂચવે છે. શ્રીહરિરાયજી કાલના ઉલ્લેખને બ્રહ્મસમ્બન્ધથી આરંભી ફલપર્યન્તના માર્ગ સાથે સાંકળે છે જ્યારે શ્રીપુરુષોત્તમજી કાલ ઉલ્લેખને બ્રહ્મસમ્બન્ધના દોષનિવર્તક સામર્થ્ય સાથે સાંકળે છે. સાધારણ દષ્ટિથી જોતાં એકવાર બુદ્ધિની અલ્પતા વશ એમ લાગે કે આ બંને મહાપુરુષો કાલ ઉલ્લેખ બાબતમાં એક બીજાથી અલગ ભાવો જણાવે છે અથવા તો બંને વચ્ચે આ બાબતે મતભેદ છે. પરંતુ શ્રીપુરુષોત્તમજીની આજ ગ્રન્થ પરની ટીકામાં આગળ દ્વિતીય શ્લોકના વ્યાખ્યાનમાં જે જણાવે છે તેનાથી એમ જાણી શકાય છે કે બંને વચ્ચે વિરોધાભાસ નથી. શ્રીપુરુષોત્તમજી જણાવે છે :- **“एवं सति ये पूर्वं भगवत्सेवकाः कुतश्चनहेतोरिहागताः, तेषामेवार्थेऽयं मार्ग इति त एव ब्रह्मसम्बन्धकरणेन तेन निवृत्तसर्वदोषा भवन्ति । त एव च तत्राधिकुर्वन्ति ।”** (શ્રીઆચાર્યચરણ ષષ્ઠસ્કન્ધ નિબન્ધમાં આજ્ઞા કરે છે કે જે લોકો ભગવત્સેવકો છે અને કોઇક કારણવશ ભગવત્સેવકપણાથી અલગ થયેલા છે, સર્વાત્મના - સર્વપ્રકારે પાપોનો નિ:શેષ નાશ તેવાઓનો જ જલદીથી - શીઘ્ર થાય છે આ ઉક્તિ મુજબ) જે લોકો પૂર્વમાં એટલે કે ભૂતલમાં આવતાં પહેલાં અથવા તો ગત જન્મમાં (ભગવત્ સ્થલમાં) ભગવત્સેવકો હતા અને ભગવદપરાધ વગેરે કોઇક કારણથી અહીં આ ભૂતલમાં આવેલા છે - જન્મેલા છે, તેવાઓ માટે જ આ (પુષ્ટિ) માર્ગ છે અને તેવાઓને જ બ્રહ્મસમ્બન્ધ કરાવવાથી સર્વદોષો નિવૃત્ત થાય છે અને તેવા લોકો જ ભગવત્સેવામાં (દોષરહિત) અધિકારવાળા થાય છે. શ્રીપુરુષોત્તમજીના આ કથન મુજબ બ્રહ્મસંબન્ધમાં દોષનિવારણ કરનારું જે સામર્થ્ય છે તે માર્ગના વિશેષ અનુગ્રહભાજી અધિકારી જીવો કે જે કોઇક કારણસર દોષવાળા બન્યા છે તેમના દોષ નિવારણ અર્થે સામર્થ્ય છે. બીજા

માર્ગના અધિકારી જીવોના સહજાદિ દોષો યા આધિભૌતિકાદિ દોષો બ્રહ્મસમ્બન્ધથી નિવૃત્ત થતા નથી. અને તેથી કરીને એવાઓ જો ગદ્યમંત્રનું ઉચ્ચારણ કરીને પોતાને સેવાના અધિકારી માની મને કમને કે ચર્ષણી પ્રકારથી એકવાર સેવામાં કંઇક પ્રવૃત્તિ કરે પણ ખરા તો એ તેમના વડે કરાયેલી સેવા યા સમર્પણ તેને પુષ્ટિપુરુષોત્તમ સ્વીકારતા નથી એ પણ નિશ્ચિત જ છે. આ રીતે બ્રહ્મસંબન્ધ પોતે જ ભગવદનુગ્રહરૂપ છે અને વરણ કરાયેલા જીવો કે જે કારણવશ સંબંધ વિનાના થઇ ગયા છે તેમનો સંબંધ કરાવનાર હોવાથી શ્રીહરિરાયજીએ જણાવેલ પ્રથમ સંબંધ વરણાત્મિકા પુષ્ટિ અને ફલસામયિકી પુષ્ટિ એ વાતથી કોઇ વિરોધ રહેતો નથી. એવા વરણ થયેલા જીવો જ બ્રહ્મસંબન્ધ વડે નિર્દોષ બની તનુ-વિત્તજા ભગવત્સેવામાં પ્રયોજાઇ તેના વડે માનસીમાં પ્રવેશી પરિણામે પુષ્ટિમાર્ગીય ફલ કે જે પુરુષોત્તમ સંબન્ધી છે તેને પામનારા બને છે.

“साक्षाद्भगवता प्रोक्तम्”

સાક્ષાત્ ભગવાને (જે) પ્રકર્ષે કહ્યું - આ વાક્ય શ્રીઆચાર્યચરણ ખૂબ જ સહેતુક લખે છે. સાક્ષાત્ ભગવાન વડે સ્વવાણી દ્વારા આ માર્ગનો બોધ કરાયો હોવાથી આ માર્ગના - પુષ્ટિમાર્ગના મૂલ પ્રણેતા સ્વયં પરમાનંદ પુરુષોત્તમ ભગવાન જ છે એ જાણી શકાય છે. શ્રીગોકુલનાથજી તથા બીજા ટીકાકારોના જણાવ્યા મુજબ પોતાના મનમાં અભિલાષા કરાયેલો -વિચારેલો ભક્તિમાર્ગ ભૂતલ પર પ્રકટ કરવાની શ્રીપ્રભુએ ઇચ્છા કરી અને તે માટે શ્રીપ્રભુએ શ્રીઆચાર્યચરણને ભૂતલ પર પ્રકટ થવા આજ્ઞા કરી અને શ્રીઆચાર્યચરણ ભૂતલ પર પ્રકટ થયા ત્યાર બાદ દૈવીજીવોના ઉદ્ધારાર્થ બ્રહ્મસમ્બન્ધ-ગદ્યમંત્ર પણ સ્વયં શ્રીપ્રભુએ જ શ્રીઆચાર્યચરણને ઉપદેશ્યો અને આ મંત્ર દ્વારા માર્ગીયજીવોને

આત્મનિવેદન કરાવી તેમને આ મંત્રથી દૈવીજનોના જીવ-દેહ સંબન્ધી દોષો કે જે સેવા-ભક્તિમાં અવરોધરૂપ છે તે દૂર થશે તેમ જણાવી આગળ પણ ભક્તિ-અવરોધક દોષોનો પ્રવેશ ન થાય તે માટે શુદ્ધ પુષ્ટિમાર્ગીય સમર્પણનો પ્રકાર પણ સ્વયં પોતાના શ્રીમુખે જણાવ્યો. વધુમાં પોતાના શ્રીમુખે પ્રકટ કરાયેલ ગદ્ય મંત્ર દ્વારા માર્ગીય રીતે આત્મનિવેદન કરી સેવામાં પ્રવૃત્ત થયેલ સાધકની સાધન અવસ્થામાં પણ સાધનાવસ્થાને અનુરૂપ ફલ થશે એમ પણ ગ્રન્થ સ્વારસ્યથી જણાવ્યું. સાધન અવસ્થામાં જે ફલ છે તે સાધક દ્વારા કરાયેલી સેવાનો અને સેવામાં નિવેદન કરાયેલ પદાર્થોનો સાધકની ઇન્દ્રિયોથી અગોચર રહીને પણ સાક્ષાત્ ફલરૂપ પોતે જ પ્રત્યક્ષ, ભગવાન વડે યથાસ્થાન (અન્નાદિ પદાર્થોનો આરોગીને, પુષ્પ-ચંદનાદિને શ્રીઅંગપર ધારણ કરીને વગેરે) સ્વીકાર થવો છે. આ રીતે આરંભથી લઇને ફલ પર્યન્તમાં સર્વત્ર ભગવદિચ્છા અને ભગવત્કૃતિ જ હોવાથી આ માર્ગના પ્રથમ પ્રણેતા અને આ સમ્પૂર્ણ માર્ગના સ્વામી સ્વયં શ્રીપ્રભુ-શ્રીકૃષ્ણ જ છે એમ જાણી શકાય છે.

શ્રીગોકુલનાથચરણ તો પોતાની ટીકામાં **“प्रोक्तम्”** માં પ્રયોજાયેલ **“प्र”** શબ્દનો ભાવ જણાવતાં લખે છે કે **“उक्तौ प्रशब्दोक्त्या अत्रोक्तेः केवलं कृपयैवाविर्भूय, न तु आचार्य-प्रार्थनयेति ज्ञापनाय प्रशब्दोपादानम्” અર્થાત્** - શ્લોકમાં ‘પ્ર’ શબ્દ પ્રયોગ થયેલો હોવાથી કેવલ પોતાની સ્વતંત્ર કૃપા વડે જ ભગવાને અહીં (શ્રીમહાપ્રભુ સમક્ષ) પ્રકટ થઇ પોતાની કૃપાપૂર્વક જ બધું કહ્યું છે, નહિં કે શ્રીઆચાર્યચરણની પ્રાર્થનાથી પ્રકટ થયા છે કે પછી શ્રીઆચાર્યચરણ વડે પ્રાર્થના કરાતાં કે આ દૈવીજીવોના ઉદ્ધાર માટે આપ કંઇ કહો એમ પ્રાર્થના કરાતાં ભગવાને બધું કહ્યું છે. અતઃ શ્રીગોકુલનાથચરણના જણાવ્યા અનુસાર પણ ભગવાનનું અત્ર પ્રકટ

થવું અને પ્રકટ થઇને માર્ગનો બોધ કરાવવો એ બંનેમાં માત્ર ભગવાનની પોતાની ઇચ્છા અને ભગવાનનો વિશેષ અનુગ્રહ જ માત્ર હેતુ છે.

સાક્ષાત્ ભગવાને (જે) કહ્યું આ વાક્ય પર ટીકાકારોના ભાવો આ મુજબ છે :-

શ્રીગોકુલનાથચરણ લખે છે - “यथा श्रीगोकुले साक्षाद्व्यूहरहितपूर्णपुरुषोत्तमप्राकट्येनैव भक्ताभिलषितं कृतवान्, तद्वदत्रापि साक्षात्प्राकट्येनैव आचार्यानुपदिष्टवानिति ज्ञापनायोक्तं साक्षाद्भगवता प्रोक्तमिति । यद्यपि भगवता प्रोक्तमित्येतावतैव चारितार्थ्येपि साक्षात्पदोक्तेरयमाशयः । भगवदुक्तौ प्रकारविशेषा बहव एव संभवन्ति । क्वचिद्भगवान् स्वोक्तिं सेवकद्वारा ज्ञापयति, क्वचित्स्वप्नद्वारा, क्वचिद्गिरं समाधाविति न्यायेनाकाशवाणीद्वारापि ज्ञापयति । अत्र तूक्तसम्भावितप्रकाराभावपूर्वकं स्वयं साक्षात्पूर्णप्राकट्येनाचार्यानुपदिष्टवानिति ज्ञापनायोक्तं साक्षादिति ।” અર્થાત્ - જેમ શ્રીગોકુલમાં સાક્ષાદ્ વ્યૂહરહિત પૂર્ણ પુરુષોત્તમે સ્વયં પ્રકટ થઇને ભક્તોની અભિલાષા અનુસાર સર્વ કાંઇ કર્યું, તેમ અહીં પણ તે મુજબ જ સાક્ષાદ્ વ્યૂહરહિત પૂર્ણ પુરુષોત્તમે જ સ્વયં પ્રકટ થઇને શ્રીઆચાર્યચરણને (ગદ્યમંત્રનો અને માર્ગનો) ઉપદેશ કર્યો છે એ જણાવવા માટે સાક્ષાદ્ ભગવાને કહ્યું છે એમ જણાવે છે. જો કે ભગવાને કહ્યું છે એટલું જ માત્ર કહેવાથી પણ ચાલી શકતું હતું તેમ છતાં પણ જે ‘સાક્ષાદ્’ એમ જે પદ કહ્યું છે તેનો આશય આ મુજબ છે. ભગવાનની આજ્ઞા (કહેવા) માં ઘણા બધા પ્રકારો સંભવી શકે છે. ક્યારેક ભગવાન પોતે જે કહેવું છે તે બાબતને પોતાના સેવક દ્વારા પણ જણાવે છે, ક્યારેક સ્વપ્ન દ્વારા અને ક્યારેક “गिरं समाधौ” (દશમ સ્કન્ધ જન્મ પ્રકરણ) એ ન્યાયે આકાશવાણી વડે

પણ જણાવતા હોય છે. અહીં આ બધા પ્રકારોમાંથી કોઇ પણ પ્રકારે ભગવાને કહ્યું નથી પરંતુ પોતે સ્વયમ જ સાક્ષાત્ પૂર્ણરૂપે પ્રકટ થઇને શ્રીઆચાર્યને ઉપદેશ કર્યો છે એ જણાવવા સાક્ષાત્ પદ કહ્યું છે.

પંચમ લાલજી શ્રીરઘુનાથજી ટીકામાં લખે છે કે :- “साक्षाद् अन्यवधानेन भगवता यत्प्रोक्तमुपदिष्टम्” અર્થાત્ - સાક્ષાદ્ એટલે કે અન્ય કોઇ વ્યવધાન વિના ભગવાને (પોતે જ) જે કહ્યું એટલે કે જે ઉપદેશ્યું.

શ્રીવ્રજોત્સવજી ટીકામાં લખે છે કે “महानिशा आसुरी वेला महादोषरूपा, परन्तु पुष्टिमार्गीयाणामर्थे तस्मिन्नेव समये तान् दोषान् दूरीकृत्य प्रकटो जातः, तथात्राप्ययमेव कालः साधको भविष्यतीति तथोक्तम् । ननु कदाचित्तथा प्राकट्यं न भवेत्, तत्राहुः साक्षादिति । एतावदलौकिककरणे सामर्थ्यं किमित्याशङ्कायामुक्तं भगवतेति । अलोकिकैश्वर्यादिना स सर्वकरणसमर्थ इति ।” અર્થાત્ - મહાનિશિ એટલે કે અર્ધરાત્રિ એ આસુરીવેલા છે. અને એ મહાન્ દોષરૂપવાળી છે, પરન્તુ પુષ્ટિમાર્ગીય એવા વ્રજસ્થ ભક્તોના અર્થે તે જ-તેવા જ સમયમાં તે દોષોને દૂર કરીને ભગવાન પ્રકટ થયા તેમ અહીં પણ આ જ કાલ સાધક થશે તે માટે આમ કહ્યું છે. જો કદાચિત્ તે મુજબ ભગવાન પ્રકટ ન થાય તો ? તેવી શંકાના નિરાકરણ અર્થે સાક્ષાત્ પદ યોજ્યું છે. આ મુજબ અલૌકિક પ્રકારે કરવામાં શું સામર્થ્ય છે ? એવી શંકાના નિવારણ અર્થે ભગવાને - ભગવાન વડે એમ કહ્યું છે. (ભગવાન શબ્દના પ્રયોગથી) અલૌકિક ઐશ્વર્ય વગેરે વડે સમ્પન્ન એવા તે ભગવાન સર્વ કંઇ કરવા સમર્થ છે એમ જણાવ્યું છે.

શ્રીગોકુલોત્સવજી ટીકામાં લખે છે કે “ननु तथापि कालस्यासुरत्वात्कथं तत्सम्बन्धमात्रेण दोषनिवृत्तिरिति चेत्तत्राहुः महानिशीति । सा हि आसुरीवेला । असुराणामतिप्राबल्य एव हि

भगवान्भक्तरक्षार्थमाविर्भवति । अक्लिष्टकर्मत्वाद्भगवतः । पूर्वमपि तथैवाविर्भावात् । एवं सति यथा पूर्वमाविर्भूय क्रमेणासुरा हताः, तथा क्रमेण दोषनिवृत्तिं विधास्यामीति भावः । तथापि आविर्भाववैजात्यात् कथं पूर्ववत्कृतिसम्भवः, तत्राहुः साक्षादिति । नन्वस्तु साक्षादाविर्भावः, अंशादिना तथात्वेपि कथं पूर्वसाजात्यम्, तत्राहुः भगवतेति ।" **અર્થાત્** - (વર્તમાન સમય કલિયુગનો હોઇ) વર્તમાનકાલ એનું આસુરીપણું હોવાથી માત્ર ભગવાનના સમ્બન્ધ થકી જ કેવી રીતે દોષનિવૃત્તિ થશે ? ત્યાં કહ્યું કે ભગવાન મહાનિશિમાં અર્ધરાત્રિ વેલામાં પ્રકટ થયા છે તે વેલા આસુરી છે. અસુરોનું અતિપ્રબલપણું હોતાં જ ભગવાન ભક્તોની રક્ષાર્થે આવિર્ભૂત થાય છે કારણ કે ભગવાન અક્લિષ્ટકર્મા હોવાથી. તેથી જ પૂર્વમાં કૃષ્ણાવતાર વખતે પણ તે મુજબ જ -અર્ધરાત્રિમાં જ પ્રકટ થયા હતા. આ પ્રમાણે હોતાં જેમ પૂર્વમાં - કૃષ્ણાવતાર વખતે પ્રકટ થઇને ક્રમે કરીને અનેક આસુરોને હણ્યા છે તે મુજબ જ ભક્તોના દોષોને હું (ભગવાન) નિવૃત્ત કરીશ એમ ભાવ છે. તેમ છતાં પણ પૂર્વમાં અને અત્યારે આવિર્ભાવની વિજાતીયતા છે (અવતાર વખતે અવતરણ પ્રક્રિયાથી ભગવાનનો આવિર્ભાવ છે અને અવતાર લઇને સંળગ અવતાર કાર્ય કર્યું છે જ્યારે અત્યારે અહીં તે મુજબનો અવતાર નથી પણ માત્ર હૃદયમાંથી પ્રકટ થઇને સર્વ આજ્ઞા કરી છે) તેથી જેમ કૃષ્ણાવતાર વખતે સળંગ ક્રમે કરીને અસુરોને હણ્યા તેવી રીતે અહીં સળંગ ક્રમે કરીને ભગવાન કઇ રીતે દોષોને દૂર કરશે ? અત્યારે ભગવાનની અવતારરૂપ સ્થિતિ તો નથી જ ? તેના સમાધાન માટે અહીં ગ્રન્થમાં સાક્ષાત્ પદ પ્રયોજાયું છે . ભલે સાક્ષાદ્ આવિર્ભાવ અહીં થયો છે પરંતુ તેવો આવિર્ભાવ તો અંશ-કલા વગેરેથી પણ હોઇ શકે છે તેથી પૂર્વમાં જેમ પૂર્ણ પુરુષોત્તમ એમણે જ સર્વ કાર્યો કર્યાં છે તેની સાથે અહીં થયેલા ભગવત્ પ્રાકટ્યની કઇ રીતે

સજાતીયતા છે ? તેના ઉત્તરમાં અહીં ભગવાન વડે એમ કહ્યું છે. (એટલે કે જેમ અવતારમાં છ ગુણોથી યુક્ત ભગવાન પ્રકટ થયા હતા તેમ અહીં પણ એ જ ગુણોથી યુક્ત એવા ભગવાન જ પ્રકટ થયા છે.

શ્રીહરિરાયચરણ કારિકાબદ્ધ ટીકામાં લખે છે :- "न भक्तैर्नावतारेण न स्वप्नप्रेरकेण च, न पूर्वरसरूपेण मूलरूपेण वै हरिः, उक्तवानिति बोधाय साक्षात्पदमिहोदितम्, सर्वलीलाविशिष्टत्वबोधाय भगवत्पदम्, साभिप्रायत्वबोधाय कथने प्रपदं मतम्" **અર્થાત્** - (ગદ્યમંત્રનો અને માર્ગનો ઉપદેશ ભગવાને) ભક્તો-સેવકો વડે નથી કર્યો, તેમજ (અંશાદિ) અવતારરૂપે નથી કર્યો, ન સ્વપ્ન દ્વારા કર્યો છે કે પછી ન તો કોઇ પ્રેરક વડે (જેમ નારદજીની પ્રેરણાથી વ્યાસજીએ શ્રીભાગવતની રચના કરી તેમ-) કર્યો છે, તેમજ પૂર્વરસ એટલે કે સંયોગાત્મા રૂપે પણ નથી કર્યો (માત્ર સંયોગાત્મા પૂર્ણ રસરૂપ ન કહેવાય કારણ કે રસની દ્વિદલાત્મકતા હોવાથી સંયોગ-વિપ્રયોગ બન્ને મળીને જ પૂર્ણરસરૂપતા થાય છે-જે ભગવાનનું પૂર્ણ રસાત્મક સ્વરૂપ ભાગવત દશમ સ્કન્ધ વેણુગીતાધ્યાયના "बर्हापीडम्" માં "नटवर" પદ ના વ્યાખ્યાનમાં "नटवत् वेरवत्" એમ શ્રીઆચાર્યચરણે વ્યાખ્યાન કર્યું છે ત્યાં સંયોગરસ-વિપ્રયોગરસ ઉભય વિશિષ્ટ ભગવાનનું રૂપ શ્રીઅંગ કહેવામાં આવ્યું છે), પરંતુ પૂર્ણરસરૂપ-પૂર્ણાનંદ પરબ્રહ્મ પુરુષોત્તમ એમણે પોતાના મૂલરૂપ વડે (પૂર્ણાનંદ-પૂર્ણ રસરૂપ-સંયોગ-વિપ્રયોગ દ્વિદલ વિગ્રહ-પુરુષોત્તમ શ્રીકૃષ્ણ રૂપ વડે) ઉપદેશ કર્યો છે એનું બોધન કરાવવા સાક્ષાત્ પદ અહીં કહેવાયું છે. સર્વ લીલાથી વિશિષ્ટ એવા શ્રીપ્રભુ પ્રકટ થયા છે એ જણાવવા ભગવત્ પદ યોજ્યું છે. ભગવાને જે પણ કંઇ કહ્યું તે પોતાનો વિશેષ અભિપ્રાય (કલિમાં વહેતા આધુનિક દૈવી જીવોનો પ્રવાહમાંથી ઉદ્ધાર થઇ

તેઓને પુનઃ લીલાસહિત પોતાની પ્રાપ્તિ થાઓ એવો વિશેષ અભિપ્રાય હૃદયમાં રાખી ભગવાને કહ્યું છે તે) જણાવવા **“उक्तम्”** ના પૂર્વ **“प्र”** પદ યોજ્યું છે.

શ્રીવિઠ્ઠલેશ્વરજી ટીકામાં પ્રથમ શ્લોકના વ્યાખ્યાન ના આરંભે લખે છે :- **“अर्द्धरात्रे साक्षादव्यवधानेन भगवता श्रीमद्गिरिधारिणा यत्प्रोक्तम्........एतैः सप्तप्रकारैः साक्षादन्तरालरहितं मनोवाक्शरीरैः सकलांशेन भगवता पूर्णपुरुषोत्तमेन प्रोक्तं प्रकर्षेण निश्चयं कृत्वा उक्तम्” અર્થાત્** - અર્ધરાત્રિએ સાક્ષાત્ એટલે કોઇ પણ પ્રકારના (આકાશવાણી-સ્વપ્ન વગેરે) વ્યવધાન વિના ભગવાન્ શ્રીગોવર્ધનધરે જે કહ્યું ....(શ્લોકાર્થ-અર્ધશ્લોકાર્થ વગેરે) સાત પ્રકારે અન્તરાલરહિત સકલ અંશે - મનવાણી શરીરથી પૂર્ણ - સકલ અંશવાળા એવા ભગવાન પૂર્ણપુરુષોત્તમે જે પ્રકર્ષે કહ્યું એટલે કે સારી રીતે નિશ્ચય કરીને કહ્યું.

દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમચરણ આ બાબત માં પોતાની ટીકામાં કોઇ વિશેષ ઉલ્લેખ કરતા નથી. અતઃ પ્રાચીનોએ જે ભાવો પ્રકટ કર્યા છે તેથી અલગ કોઇ વિશેષભાવ તેઓશ્રી જણાવવાની ઇચ્છા આ બાબતે નથી ધરાવતા એમ લાગે છે.

શ્રીગિરિધરજી આ બાબત ટીકામાં લખે છે - **“भगवता साक्षादव्यवधानेन, अथवा, साक्षाद्भगवान्निरावरण-पूर्णपुरुषोत्तमस्तेन, प्रकर्षेण परमकृपापूर्वकं यदुक्तम्” અર્થાત્** - ભગવાને સાક્ષાત્ એટલે કે કોઇ પણ પ્રકારના વ્યવધાન વિના (પ્રકટ થઇને) અથવા, સાક્ષાત્ ભગવાન (અક્ષરાદિના આવરણ વિનાજ) નિરાવરણ પૂર્ણ પુરુષોત્તમ તેમણે પ્રકર્ષે એટલે કે પરમ કૃપા પૂર્વક જે કહ્યું.

દીક્ષિત શ્રીલાલુભટ્ટજી ટીકામાં લખે છે - **“साक्षाद्भगवतेति । भगवान् परमकाष्ठापन्नः स्वयमेवाविर्भूयोक्तवान्, न त्वंशेन कलया विभूतिरूपेणावेशरूपेण वेति ज्ञापकं साक्षात्पदम् । अथवा । साक्षात्पदस्य प्रोक्तमित्यनेनान्वयः । तथा च भगवता साक्षादेवोक्तम्, न तु दूतादिद्वारा । न वा स्वप्नद्वारेति बोध्यते स्म” અર્થાત્** - પરમકાષ્ઠાપન્ન એવા ભગવાને સ્વયં પોતે જ આવિર્ભૂત થઇને કહ્યું છે, નહિં કે અંશ વડે યા કલા વડે યા વિભૂતિરૂપે યા આવેશરૂપે પ્રકટ થઇ કહ્યું છે એમ જણાવનાર અત્ર સાક્ષાત્ પદ છે. અથવા, સાક્ષાત્ પદનો **“प्रोक्तम्”** સાથે અન્વય કરવો. એમ અન્વય કરતાં ભગવાને સાક્ષાત્ (પ્રત્યક્ષ) પ્રકટ થઇને જ કહ્યું છે, નહિં કે દૂત વડે યા સ્વપ્નમાં આવીને કહ્યું છે એમ બોધ થાય છે.

શ્રીશાચાર્યમતાનુવર્તી ટીકામાં આ બાબત કંઇ વિશેષ લખતા નથી.

આ પ્રમાણે **‘સાક્ષાત્ ભગવાને કહ્યું’** એ બાબતમાં સર્વ ટીકાકારોના અભિપ્રાયો-ભાવો ઉપર મુજબ જોયા.

“तदक्षरश उच्यते”

(સાક્ષાત્ ભગવાને પ્રકટ થઇ મને-શ્રીવલ્લભાચાર્યને જે કંઇ પણ તે વખતે કહ્યું તે અહીં-) અક્ષરશઃ કહેવામાં આવે છે.

આ વાક્ય પરત્વે દરેક ટીકાકારો પોતપોતાનો શો અભિપ્રાય જણાવે છે તે પ્રથમ જોઇ લઇએ. તે આ મુજબ છે-

શ્રીગોકુલનાથજી :- **“साक्षाद्भगवद्वाक्यकथनं सर्वेषां सम्यक् हृदयारूढं न भवतीति तस्माद्वाक्यार्थ एव यथा यथा सम्यक्**

हृदयारूढो भवति, तथा पद्यबन्धेन कथनं प्रतिजानते तदक्षरश उच्यत इति। तदेव पूर्वोक्तमक्षरशः प्रत्यक्षरार्थविचारपूर्वकं उच्यते निरूप्यत इत्यर्थः" अर्थात् :- સાક્ષાત્ ભગવાન વડે ઉચ્ચાર્યમાણ વાક્યનું કથન એ દરેકના હૃદયમાં સારી રીતે આરૂઢ થતું નથી તેથી તે વાક્યોનો અર્થ જ જેમ જેમ સારી રીતે હૃદયારૂઢ થાય તે મુજબ (તે અર્થોને) પદ્યબદ્ધ-શ્લોકબદ્ધ રૂપે કહેવાની પ્રતિજ્ઞા કરે છે તે 'અક્ષરશ: કહેવાય છે' એમ વાક્યથી, પૂર્વમાં શ્રીપ્રભુએ જે કહ્યું તે અક્ષરશ: એટલે કે પ્રત્યેક અક્ષરના અર્થ વિચારપૂર્વક કહેવામાં આવે છે એટલે કે નિરૂપણ કરવામાં આવે છે એમ અર્થ જાણવો.

શ્રીરઘુનાથજી ટીકામાં જણાવે છે કે **-"तदेवाक्षरशोऽक्षरैः पद्यवाक्यादिरूपैः प्रदर्श्यत इत्यर्थः"** (ભગવાને જે ઉપદેશ કર્યો) તે જ અક્ષરશ: એટલે કે પદ્ય વાક્ય વગેરે રૂપના અક્ષરો વડે પ્રદર્શિત કરવામાં આવે છે તેમ અર્થ જાણવો.

શ્રીકલ્યાણરાયજી ટીકામાં જણાવે છે - **"तदक्षरैः पद्यबन्धेन कथ्यत इत्यर्थः" अर्थात्** અક્ષરો વડે એટલે પદ્યબદ્ધ-રૂપમાં - શ્લોકબદ્ધરૂપમાં કહેવામાં આવે છે તેમ અર્થ જાણવો.

શ્રીવ્રજોત્સવજી ટીકામાં જણાવે છે :- **"यानि भवगदुक्तान्येवाक्षराणि तदक्षररचितपद्यबन्धेन प्रत्यक्षरार्थविचारेण वा मयोच्यते" अर्थात्** - ભગવાન વડે જે કહેવાયેલા અક્ષરો છે તે જ અક્ષરો વડે શ્લોક બદ્ધરૂપમાં અથવા તો પ્રત્યેક અક્ષરમા અર્થ વિચારપૂર્વક મારા (શ્રીવલ્લભાચાર્ય) વડે કહેવામાં આવે છે.

શ્રીગોકુલોત્સવજી ટીકામાં જણાવે છે કે :- **"यदुक्तं तत्प्रत्यक्षरविचारेण मयोच्यते" अर्थात्** - ભગવાને જે કહ્યું છે એ પ્રત્યેક અક્ષરના વિચારપૂર્વક મારા વડે (શ્રીવલ્લભાચાર્ય) કહેવામાં

આવે છે.

શ્રીહરિરાયજી કારિકા ટીકામાં જણાવે છે કે :- **"यदुक्तं हरिणा तद्धि प्रत्यक्षरमिहोच्यते । ब्रह्मसम्बन्धकरणादित्यादि भगवद्वचः"** અર્થાત્ :- શ્રીહરિએ પ્રકટ થઇને જે કહ્યું તે પ્રતિ અક્ષર અહીં કહેવામાં આવે છે. **"ब्रह्मसम्बन्ध-करणात्"** અહીંથી આરંભીને ભગવાનનાં વચનો છે.

શ્રીવિઠ્ઠલેશ્વરજી ટીકામાં જણાવે છે કે :- **"तदक्षरश इति प्रत्यक्षरेण सप्तप्रकारेण निरूप्यते । सप्तप्रकारानाह । श्लोकार्थः, अर्धश्लोकार्थः, पदार्थः प्रकरणार्थः, वाक्यार्थः, वेदार्थः अक्षरार्थः" अर्थात्** :- અક્ષરશ: એટલે પ્રતિ અક્ષર વડે. એટલે કે સાત પ્રકાર વડે નિરૂપણ કરવામાં આવે છે. એ સાત પ્રકારો છે - શ્લોકાર્થ, અર્ધશ્લોકાર્થ, પદાર્થ, પ્રકરણાર્થ, વાક્યાર્થ, વેદાર્થ, અક્ષરાર્થ.

શ્રીગિરિધરજી ટીકામાં જણાવે છે કે :- **"अक्षरशः प्रत्यक्षरार्थपूर्वकमुच्यत इत्यर्थः" अर्थात्** :- અક્ષરશ: એટલે પ્રતિ અક્ષરના અર્થપૂર્વક કહેવામાં આવે છે એમ અર્થ જાણવો.

શ્રીલાલૂ ભટ્ટજી ટીકામાં જણાવે છે કે **"अक्षरश इति। भगवदुक्तस्यैकस्याप्यक्षरस्यार्थो न त्यक्त इत्यर्थः । अथवा, श्लोकरूपेणैव भगवतोक्तमिति त एव श्लोका 'ब्रह्मसम्बन्ध-करणा'दित्याभ्य तद्वदत्रापि चैव ही'त्यन्ता अत्र ग्रन्थे धृताः । सङ्गत्यर्थं प्रथमश्लोकः श्रीमदाचार्यैर्विरचित इति ज्ञातव्यम् । इदमत्राकूतम् । तृतीयस्कन्धनिबन्धविवृत्तौ भगवता प्रोक्तं यद्भगवदीया वदन्ति तद्भागवतमिति निरूपितम् । अतः साक्षाद्भगवता प्रोक्तमिदमिति भवत्यस्य भागवतत्वम् । तथा च, यथा साक्षाद्भगवता चतुःश्लोकीरूपं भागवतं ब्रह्मणे प्रोक्तं, यथा**

वा मैत्रेयाय प्रोक्तं, तस्य भागवतत्वम्, एवं श्रीमदाचार्यान् प्रति साक्षाद् भगवता प्रोक्तमिदमपि भागवतमेवेति ग्रन्थान्तरापेक्षया अस्य वैशिष्टचमनुसन्धेयम् । अत एव सिद्धान्तरहस्यमिति नामधेयमेतस्य ॥” અર્થાત્ :- અક્ષરશ: એટલે ભગવાને જે કહ્યું છે તે પૈકીના એક પણ અક્ષરનો અર્થ અહીં આ ગ્રન્થમાં છોડવામાં આવ્યો નથી. અથવા ભ઼ગવાને શ્લોકરૂપમાં જ કહ્યું છે અને તે જ શ્લોકો આ ગ્રન્થમાં **“ब्रह्मसम्बन्धकरणात्”** અહીંથી આરંભીને **“तद्वदत्रापि चैव हि”** અહીં સુધીમાં ગ્રન્થમાં કહેવામાં આવ્યા છે તેમજ એની સંગતિ માટે પહેલો શ્લોક શ્રીઆચાર્યચરણે રચેલો છે એમ જાણવું. અહીં આ પ્રમાણે સમજવું. તૃતીય સ્કન્ધ નિબન્ધની વિવૃત્તિમાં ભગવાને જે કહ્યું છે તે ભગવદીય બોલે છે અને તે ભાગવત છે એમ નિરૂપણ કરાયું છે. અત: સાક્ષાદ્ ભગવાન વડે કહેવાયેલું હોવાથી આ વાક્યોનું પણ ભાગવતપણું જ થાય઼ છે. જેમ સાક્ષાદ્ ભગવાને ચતુ:શ્લોકીરૂપે બ્રહ્માને ભાગવત કહ્યું તેમજ એનો ઉપદેશ ભગવાને મૈત્રેયને પણ કર્યો તેથી તેને ભાગવત કહેવામાં આવે છે. એ મુજબ જ શ્રીઆચાર્યચરણના પ્રતિ સાક્ષાદ્ ભગવાન વડે જ કહેવાયું તે પણ ભાગવત જ છે તેથી બીજા ગ્રન્થોની અપેક્ષા આ ગ્રન્થની આટલી વિશિષ્ટતા જાણવી જોઇએ. તેથી જ આ ગ્રન્થનું નામ સિદ્ધાન્તરહસ્ય એમ રાખવામાં આવ્યું છે.

શ્રીશાચાર્ય મતાનુવર્તી આ બાબતમાં કઇ વિશેષ ઉલ્લેખ કરતા નથી.

આ સ્થળે શ્રીપુરુષોત્તમચરણ બીજા બધા ટીકાકારો થી કંઇક વિશિષ્ટ રીતે જ પોતાનું સ્વતંત્ર મન્તવ્ય ટીકામાં પ્રકટ કરે છે તેઓશ્રી લખે છે :- **“इदमत्रोच्यमानं सर्वं भगवद्वाक्यान्याकलय्य श्रीमदाचार्यैः पद्येषु तदर्थसङ्ग्रहरूपमुक्तमिति सर्वे प्राञ्च आहुः ।**

अत्र मम त्वन्यदपि प्रतिभाति । तथाहि, एकादशस्कन्धे समर्पणं स्थल चतुष्टये निरूपितम् । तत्र पूर्वं योगेश्वरवाक्येषु कविना ‘ये वै भगवता प्रोक्ता उपाया ह्यात्मलब्धये । अञ्जः पुंसामविदुषां विद्धि भागवतान् हि ता’निति लक्षयित्वा, ‘यानास्थाय नरो राजन्नप्रमाद्येत कर्हिचित् । धावन्निमील्य वा नेत्रे न स्खलेत् पतेदिहे’ति तन्माहात्म्यं चोक्त्वा, ‘कायेन वाचा’ इति श्लोके सर्वक्रियाणां भगवदर्थे समर्पणमुक्तम् । ततोन्यानपि भक्तिपूर्वकगुरुभगवद्भजनादीनप्युक्त्वा, ‘भक्तिः परेशानुभवो विरक्ति’रिति द्वाभ्यां भक्तिप्रभृतीनि चत्वारि फलान्युक्तानि । ततः प्रबुद्धेन ‘तत्र भागवतान्धर्मान् शिक्षेदि’त्युपक्रम्य, ‘सर्वतो मनसो सङ्गमि’त्यादिना तान् वदता ‘इष्टं दत्तं तपो जप्तं वृत्तं यच्चात्मनः प्रियम् । दारान् सुतान् गृहान् प्राणान् यत्परस्मै निवेदनमि’त्याद्युक्त्वा ततो भक्त्या मायातरणरूपं तच्छिक्षाफलमुक्तम् । एकादशाध्याये च भक्तिस्त्वय्युपयुज्येत कीदृशी सद्भिरादृते’ त्युद्धवप्रश्ने, मल्लिङ्गमद्भक्तजनदर्शनस्पर्शनार्चन मित्याद्यष्टभिर्भगवता सर्वलाभोपहरणं दास्येनात्मनिवेदन’मिति भक्तिमध्ये गणितं, फलं तु तत्र नोक्तम्। तेन तत्र प्रश्नवाक्योक्तो भगवदुपयोग एव फलम् । उनविंशे तु महद्विमृग्यभक्तिप्रश्न उद्धवेन कृते ‘भक्तियोगः पुरैवोक्त’ इत्युक्त्वा, तत्परमकारणं कथयिष्यामीति प्रतिज्ञाय, ‘श्रद्धामृतकथायां म’इत्यादिभिश्चतुर्भिस्तद्वदता, ‘एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिना’मित्यनेनाधिकारतयात्मनिवेदन-मुक्त्वा’मयि संजायते भक्तिः कोन्योर्थोस्यावशिष्यत’इति फलमुक्तम् । अतोत्र निरूप्यमाणं ब्रह्मसम्बन्धात्मकं समर्पणं तत्फलं तत्प्राशस्त्यं तदावश्यकत्वं च यदस्ति तत्तेषामेव वाक्यानामनुवाद इति शङ्कानिरासार्थं कालविशेषे पृथगाविर्भूय भगवतोक्तमिति बोधनाय तादृशतत्कालानुवाद इति च । तथा वाक्यानि तु

श्लोकरूपाण्यपि भगवत एव, अक्षरश उच्यत इति कथनात् । तेन वाक्यकथनस्यैवेयं प्रतिज्ञेति च ।। (ननु यदि तदानीन्तनवाक्यकथनस्यैवेयं प्रतिज्ञा, तदा समर्पणगद्यमपि कुतो नोक्तमिति चेत्, उच्यते । तद्धि पञ्चाक्षरमन्त्रविवरकत्वादतिगोप्यम्, अतो नोक्तम् । शास्त्रे ह्यतिगोप्या मन्त्रादय उद्ध्रियन्त एव, न तु प्रकाशतया कथ्यन्ते, यथा 'स्पर्शेषु यत् षोडशमेकविंश' मित्यादि । तन्मन्त्रविवरकत्वं च तस्यैव ज्ञेयम्। तत्र हि मन्त्रस्थोत्तमपुरुषान्तक्रियापदसूचितस्य कर्तुः स्वरूपं, तस्य सपरिकरस्य भगवदीयत्वं, तस्यैव भगवद्वियुक्तत्वादिबोधनात् मन्त्रस्थषष्ठयुक्तभगवत्स्वामिकत्वसंबन्धशालित्वं च विवृतं, भगवत्पदविशेषितकृष्णपदेन च निरङ्कुशजगदीश्वरत्वादिबोधनादवतारं व्यावर्त्य मन्त्रस्थं कृष्णपदं विवृतं, तादर्थ्यचतुर्थ्या समर्पणफलं च बोधितमिति तथेति तदनुक्तिः । किंच, समर्पणं नवविधभक्तावात्मनिवेदनत्वेन प्रसिद्धमिति न तत्र कोपि सन्देह इत्यतोऽपि तथा । तस्य दोषनिवर्तकत्वं तु षष्ठस्कन्धे 'यथा कृष्णार्पितप्राणस्तत्पूरुषनिषेवये'त्यनेन भगवदीयसङ्गादुक्तम् । किंच, 'दुःसहप्रेष्ठविरहतीव्रतापधुताशुभा' इत्यत्र सर्वाशुभनिवारकत्वेन सिद्धस्य दुःसहभगवद्विरहतापस्य तदानीमभावात् सेवाङ्गीकारसम्पादिका दोषनिवृत्तिः कथं स्यादिति शङ्कानिवृत्त्यर्थं हि ब्रह्मसम्बन्धकरणपदेन तत्पूर्वोक्तं सर्वमनूद्य ततः सर्वदोषनिवृत्तिरत्राभिधित्सता, एकादशोनविंशाध्याये भगवदात्मनिवेदनस्य भक्तिमार्गीयधर्माधिकारत्वबोधनेन एतस्यैवार्थस्य सूचनात् । अतो यद्दुरूहं तदेव व्युत्यपाद्यं, न तु निःसंदिग्धं सुबोधं वा । अतोपि तदनुक्तिरिति जानीहि ।। ननु वाक्यकथनप्रतिज्ञायेपक्षया तदर्थकथनप्रतिज्ञैन साधीयसी, एतदुपपादनानपेक्षत्वादिति चेद्, गद्यं मन्त्रविवरणरूपं, तस्यार्थस्य

सुतरां गोप्यत्वम् । अतोर्थप्रतिज्ञायामपि सर्वेषां वाक्यानामर्थे क्रियमाणेपि वाक्यार्थप्रतिज्ञातत्वात् गद्यार्थः कुतो नोक्त इति शङ्का उदियात्, तदा गद्यस्यापि अर्थोवश्यं कर्तव्यत्वेनायाति, तदा वाक्यार्थयोः प्रतिज्ञायामविशेषः । तेनार्थप्रतिज्ञापेक्षया श्रीमुखवाक्यप्रतिज्ञा गरीयसीति सैव कृता,गद्यार्थः कुतो नोक्त इति शङ्कायास्तदाप्युदयात्, उदितायां तस्यां तत्राप्युपपादनस्यावश्यकत्वमिति पक्षद्वयेपि विशेषाभावात् । यत् पुनः प्राचीनैरत्र किमपि नोक्तं तत्रैतद्गोप्यत्वमेव बीजम् । मया तु यदिदमुक्तं तद्बहिर्मुखमुखध्वंसार्थमेवेति न तद्विरोधो दोषाय । यद्यपि मदुक्तौ मार्गरहस्यप्रकाशनापराध आयाति, तथापि प्रकाशनस्यान्यैरेव कृतत्वेन तदर्थसन्देहवारणस्यैव मत्कृततया स्वोत्कर्षप्रकाशनार्थत्वाभावाद् भगवान् श्रीमदाचार्यचरणाश्च मदपराधं क्षमन्त्विवति विज्ञापयामीतिदिक्) न च प्रबुद्धोक्तदारसुतगृहप्राणनिवेदनस्य कव्युक्तकायादिधर्मसमर्पणस्यैकादशाध्यायोक्तस्य दास्येनात्मनिवेदनस्य च गद्ये प्रत्यभिज्ञायमानत्वात्समर्पणगद्यस्य तदनुवादत्वं शङ्क्यम्, अर्थतः शब्दतो वा पुरोवादसादृश्यस्यानुवादत्वतन्त्रस्यात्रानुपलम्भात्, तदुक्तफलस्यात्राकथनाच्च । किन्तु सेवाकरणोपदेशात्पूर्वं ब्रह्मसम्बन्धकरणेनोनविंशोक्तसेवाधिकारत्वस्यात्र स्फुटत्वादात्मनिवेदनपूर्वकं क्रियमाणसेवाफलत्वेनोक्ताया महद्विमृग्यभक्तेरत्र सहस्रपरीत्यादिनाधिकारिविशेषणेन फलतया सूचनात्प्रबुद्धाद्युक्तार्थसंग्रहेप्यन्तःकरणाप्तेहपराणामधिकानां निवेशनेनोनविंशोक्ताधिकारिविशेषणसूचितसंस्कारस्वरूपनिश्चायकेऽस्मिन् गद्ये योगेश्वराद्युक्तातिरिक्तमेवेदं समर्पणं बोध्यते । न चान्तःकरणाद्यन्तकथनस्याधिक्यात् समर्प्यत्वांशे अप्रामाण्यं शङ्क्यम्, अम्बरीषमभिप्रेत्य 'ये दारागारपुत्राप्तान् प्राणान् वित्तमिमं

परम्। हित्वा मां शरणं याताः कथंतांस्त्यक्तुमुत्सह’ इति नवमस्कन्धे दुर्वाससं प्रति भगवद्वाक्ये तेषामपि बोधनात्। न चास्मिन् वाक्ये हित्वेति पदाद्दारादित्याग एव बोध्यते, न तु समर्पणमिति तदंशे कथमस्य प्रामाण्यमिति शङ्क्यम्। अम्बरीषस्य तदानीं राज्यदशासद्भावेन परमहंसवद्बहिस्त्यागस्याभावादान्तर एव स वाच्यः, राजा च ‘करौ हरेर्मन्दिरमार्जनादिष्व’त्यादिवाक्यान्महाराजोपचारेण स्वयं सेवां करोतीति भगवद्धर्मं जानन् रक्षकत्वेन भगवन्तमनुसन्दधानस्तानि कथं न समर्पयेदित्यर्थत एव प्राप्तत्वात्। वस्तुतस्तु राजा मर्यादापुष्टावङ्गीकृतो, न केवल पुष्टौ, न वा पुष्टिमर्यादायाम्, अतस्तस्य महद्भिमृग्यभक्त्यर्थित्वाभावात्तत्र तदकथनेप्यदोषः। तस्य तदर्थित्वाभावे च केवलेन हि भावेने’ति सन्दर्भे तदनुल्लेख एव गमकः, श्रीकृष्णावतारात् प्राक् तस्य मार्गस्याप्राकट्यादिति। तेन यदस्मिन् गद्ये उच्यते तन्न कस्याप्यनुवादः, किन्तु कर्मणः कल्पसूत्रवदिदमात्मनिवेदनप्रकारनिश्चायकम्, अतो नात्रानुवादशङ्कालेश इति दिक्॥ न च भवत्वेवम्, तथाप्यत्र पूर्वोक्तवाक्यार्थसङ्ग्राहकत्वं तु स्फुटम्। तथा तत्र पुरुषाणां जिज्ञासूनामेवाधिकारदर्शनादत्र पुमांस एवाधिकुर्युः, न तु स्त्रियोपीति शङ्क्यम्, ‘को नु राजन्निन्द्रियवान् मुकुन्दचरणाम्बुजम्। न भजेत्सर्वतोमृत्युरुपास्यममरोत्तमैः। सर्वेधिकारिणो ह्यत्र विष्णुभक्तौ यथा नृप। देवोसुरो मनुष्यो वे’त्यादिवाक्येरिन्द्रियवत्त्वेनैव सर्वेषां नवविधायामपि भक्तौ सामान्येनाधिकारसिद्धौ भक्तिविशेषभूत आत्मनिवेदने स्त्रीणां नाधिकार इति वक्तुमशक्यत्वात्, निषेधाभावात्, प्रत्युत सप्तमस्कन्धे ‘तत्तु कालस्य दीर्घत्वात्स्त्रीत्वान्मातुस्तिरोदध’ इति दैत्यबालकान् प्रति प्रह्लादवाक्ये कयाधूमुद्दिश्य नारदेन नवविधभक्त्युपदेशस्य बोधनेन तस्यां तस्यापि प्राप्तेश्च,

भगवताप्येकादशे संवादं समापयता ‘साधवे शुचये ब्रूयाद् भक्तिः स्याच्छूद्रयोषिता’मिति शूद्रयोषिद्भ्यो भक्तिसद्भावे पूर्वोक्तसर्वकथनस्याज्ञप्तत्वात्, कथनस्य च यथाधिकारं करणैकप्रयोजनत्वात्, ‘विद्याधरा मनुष्येषु वैश्याः शूद्राः स्त्रियोन्त्यजाः। रजस्तमः प्रकृतयस्तस्मिंस्तस्मिन् युगेऽनघ। बहवो मत्पदं प्राप्ता’इति तासामपि सत्सङ्गफलस्यापि बोधनाच्च। न तु भवतु स्त्रीणामप्यात्मनिवेदनेधिकारः, तथापि स्त्रीव्यक्तिवीतरागिबालानां निवेदने कार्यमाणे तेषां दाराद्यभावात्तत्र तत्पदाकथनं पत्याद्यूहश्च प्राप्नोति, अन्यथा तेषामसमर्पितत्वे तत्सङ्गाद्दोषः स्यात्, अतः स तत्र कुतो न क्रियत इति शङ्क्यं, सृष्टिन्यायाद्भूमनिबन्धनया गौण्या दारपदात्पत्युः सुतपदात् पित्रोश्चोपलक्षणे तेषां समर्पितत्वसिद्धेः पूर्वोक्तदोषासंसर्गे तत्प्रयोजनाभावात्। सृष्टिन्यायस्तु पूर्वतन्त्रे प्रथमाध्यायस्योपान्त्ये। तत्र हि ‘सृष्टिरूपं दधाती’तिवाक्यं सृष्टिसञ्ज्ञकानामिष्टकानामुपधानं विधत्ते। तत्र काः सृष्टय इत्याकाङ्क्षायां ‘तद्वानासामुपधानो मन्त्र’ इति पाणिनिसूत्राद्यदुपधाने सृष्टिवान् मन्त्रस्ताः सृष्टय इति सिध्यति। मन्त्रस्तु ‘ब्रह्मासृज्यत, भूतान्यसृज्यन्त’ इत्यादयः पश्चात्पठ्यन्ते। प्रथममन्त्रे सृजतिर्न प्रयुक्तः,किन्तु दधाति प्रयुक्तः, ‘एकया स्तुवत प्रजा अधीयन्ते’ति तत्पाठात्। तथापि द्वितीयतृतीयादिषु बहुषु मन्त्रेषु सृजति धातुप्रयोगाद्भूमरूपं सादृश्यमस्तीति सृष्टिशब्दः स सृष्टिसञ्ज्ञं बोधयतीति॥ ननु भवत्वेवम्, तथापि देहाद्यात्मान्तान् समर्पयामीत्यनुक्त्वा यदत्रैवमुक्तं तत्र किं बीजमिति चेत्, उच्यते। विधेयांशनिष्कर्षोनूद्यैष्वध्यासाभावाय तत्स्वरूपस्फुटीकरणं चेति जानीहि। अत्र ह्यात्मनिवेदने सर्वसाहित्यं विधेयमिति देहादीननूद्यात्मसाहित्यमवयुत्या निरूप्यते। देहादयोऽहमित्यध्यासविषयास्तद्धर्मा अहंममेत्युभयाध्यासविषया

दारादयः केवलममताविषया इति। आत्मना सहेति सहपदप्रयोगस्तु पितरि निमन्त्रिते पुत्रः पित्रा सहागत इत्यत्रेव प्राधान्यं न विहन्ति। तस्माद्गद्ये बोध्यमानं समर्पणमूनविंशोक्ताधिकार स्वरूपस्यैव बोधकम्, न तु कस्याप्यनुवादः, वाक्यार्थस्यापूर्वत्वादिति।' प्रकृतमनसरामः" अर्थात् :- 'અહીં આ ગ્રન્થમાં જે કંઇ પણ કહેવાય છે તે બધું જ ભગવદ્ વાક્યોને ભેગાં કરીને શ્રીમદ્ આચાર્યચરણે તેના અર્થસંગ્રહરૂપમાં પદ્યમાં-શ્લોકમાં કહ્યું છે એમ સર્વ પ્રાચીનો (શ્રીપુરુષોત્તમજીથી પૂર્વના સર્વ પ્રાચીન ટીકાકારો) કહે છે.

અહીં મને તો (શ્રીપુરુષોત્તમજીને) કંઇક બીજું પણ દેખાય છે તે આ મુજબ છે - શ્રીભાગવતના એકાદશ સ્કન્ધમાં ચાર સ્થળે સમર્પણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. (૧) (ત્યાં પ્રથમ-) કવિ નામના યોગેશ્વરના વાક્યમાં **"ये वै भगवता प्रोक्ता उपाया ह्यात्मलब्धये, अञ्जः पुंसामविदुषां विद्धि भागवतान् हि तान्"** (ભાગ. ૧૧-૨-૩૪) (ભગવાને આત્મલબ્ધિ-ભગવત્પ્રાપ્તિ માટે જે ઉપાયો કહ્યા છે જે-) કોઇ આયાસ વિના અનાયાસ થકી (ભક્તિરૂપ) કહેલા, પુરુષ પ્રતિ (જ્ઞાનરૂપે) કહેલા અને અવિદ્વાન (જે જ્ઞાનનો અધિકારી નથી તેવાઓ) પ્રતિ (કર્મરૂપે) કહેલા એ સર્વ ઉપાયો ભાગવત-ભગવદ્ધર્મ છે એમ તું જાણ એમ ભગવદ્ધર્મને લક્ષિત કરીને ત્યાં જ આગળ **"यानास्थाय नरो राजन् न प्रमाद्येत कर्हिचित्, धावन्निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिह"** (ભાગ. ૧૧-૨-૩૫) હે રાજન્ ! આ ભગવદ્ધર્મોમાં સારી રીતે સ્થિતિ કર્યા પછીથી તેને ક્યારેય પ્રમાદ થતો નથી અને ત્યારબાદ તે નેત્રો બન્ધ કરીને ભગવન્માર્ગ પર દોડે તોયે તેનું ભગવન્માર્ગથી સ્ખલન થતું નથી અને પતન પણ થતું નથી એમ એનું માહાત્મ્ય જણાવીને ત્યારબાદ ત્રીજા (૩૬મા) શ્લોકમાં **"कायेन वाचा मनसेन्द्रियैर्वा"** (ભાગ.૧૧-૨-૩૬)

આ શ્લોકમાં સર્વ ક્રિયાઓનું ભગવાનના અર્થે સમર્પણ કરવું જણાવ્યું છે. ત્યાર બાદ બીજા પણ ભક્તિપૂર્વક ગુરુ, ભગવાનના ભજન વગેરેને કહીને, **"भक्तिः परेशानुभवो विरक्तिः"** (ભાગ. ૧૧-૨-૪૨) પરાભકિત-ઇશાનુભવ-વિરક્તિ એમ બે શ્લોકો વડે ભક્તિ પ્રભૃતિ ચાર ફલ કહ્યાં છે.

(૨) ત્યાર બાદ પ્રબુદ્ધે ત્યાં **"भागवतान् धर्मान् शिक्षेत्"** (ભાગ. ૧૧-૩-૨૨) ભાગવતધર્મોનું શિક્ષણ લેવું એમ ઉપક્રમ કરીને **"सर्वतो मनसो सङ्गम्"** (ભાગ. ૧૧-૩-૨૩) સર્વમાંથી મનની આસક્તિ ત્યાગીને વગેરેથી તે ભાગવત ધર્મોને કહેતાં **"इष्टं दत्तं तपो जप्तं वृत्तं यच्चात्मनः प्रियम्, दारान् सुतान् गृहान् प्राणान् यत्परस्मै निवेदनम्"** (ભાગ. ૧૧-૩-૨૮) હોમ, દાન, તપ, જપ, વ્રત (જે કંઇ પણ કરાય તે તેમજ), જે પોતાને પ્રિય હોય તે ,તેમજ સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ (સર્વને) પર એટલે પરમાત્મામાં નિવેદન કરવું વગેરે કહીને ત્યારબાદ માયાતરણરૂપે ભાગવતધર્મની શિક્ષાનું ફલ કહ્યું છે.

(૩) ભાગવત એકાદશ સ્કન્ધના અગિયારમા અધ્યાયમાં **"भक्तिस्त्वय्युपयुज्येत कीदृशी सद्भिरादृता"** (ભાગ. ૧૧-૧૧-૨૬) હે પ્રભુ ! સત્પુરુષો વડે આચરણ કરાયેલી કયા પ્રકારની ભક્તિની આપમાં ઉપયોજના થઇ શકે છે ? આવો ઉદ્ધવજી વડે પ્રશ્ન કરાતાં તેના ઉત્તરમાં **"मल्लिङ्गमद्भक्तजन-दर्शनस्पर्शनार्चनम्"** (ભાગ. ૧૧-૧૧-૩૪) મારી મૂર્તિ હોય તેના અને મારા ભક્તોના દર્શન-સ્પર્શન-અર્ચન કરવા વગેરે આઠ શ્લોકો વડે ભગવાન વડે કહેવામાં ત્યાં જ **"सर्वलाभोपहरणं दास्येनात्मनिवेदनम्"** (ભાગ. ૧૧-૧૧-૩૫) દાસ્યપૂર્વક આત્મ-

નિવેદન કરવું એમ ત્યાં ભકિતના મધ્યમાં જ આત્મનિવેદનને ગણવામાં આવ્યું છે, ત્યાં ફલ તો કહ્યું નથી. તેથી કરીને પ્રશ્નમાં પૂછાયેલ ઉપયોગ -તમારામાં તેનો કયા પ્રકારે ઉપયોગ થઇ શકે છે એમ ત્યાં પુછાયેલ પ્રકારમાં ભગવાનમાં તેનો ઉપયોગ થવો જ ફલ છે.

(૪) ભાગવત એકાદશ સ્કન્ધના ઓગણીસમા અધ્યાયમાં મહાન લોકો પણ જેને શોધતા હોય છે તેવા ભક્તિયોગ બાબતનો પ્રશ્ન ઉદ્ધવજી વડે કરાતાં **“भक्तियोगः पुरैवोक्तः”** (ભાગ. ૧૧-૧૯-૧૯) ભક્તિયોગ તો મારા વડે પહેલાં જ તને (ઉદ્ધવને આ ઉપદેશમાં) કહ્યો છે એમ કહી ભકિતનું પરમ કારણ (જેનાથી ભક્તિ પ્રકટ થાય તેવું પરમ કારણ) તને કહીશ એમ પ્રતિજ્ઞા કરીને **“श्रद्धामृतकथायां मे”** (ભાગ.૧૧-૧૯-૨૦) મારી અમૃતસ્વરૂપા કથામાં શ્રદ્ધા હોવી વગેરે ચાર શ્લોકો વડે પરમ કારણ જણાવતાં **“एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम्”** (ભાગ. ૧૧-૧૯-૨૪) ‘આત્મનિવેદન કરેલાઓ વડે જ્યારે આ પ્રમાણે ધર્મોનું આચરણ કરવામાં આવતાં તે ધર્મો વડે’ એમ ભગવદ્ધર્મના આચરણ કરવામાં અધિકારરૂપમાં આત્મનિવેદનને જણાવીને **“मयि सञ्जायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यते”** (ભાગ. ૧૧-૧૯-૨૪) (તે ધર્મોના આચરણ વડે) મારામાં તેની ભક્તિ થાય છે. ત્યારબાદ તેને બીજો કયો અર્થ બાકી રહી જાય છે ? (પછી કંઇ પણ બાકી રહેતું નથી) એમ ત્યાં ફલ કહ્યું છે.

અત: અહીં નિરૂપણ કરવામાં આવી રહેલું બ્રહ્મસંબન્ધાત્મક જે સમર્પણ, તે સમર્પણનું ફલ અને તે સમર્પણનું આવશ્યકપણું જે છે, તે ભાગવત એકાદશસ્કન્ધોક્ત (સમર્પણ) વાક્યોનો જ અનુવાદ (અનુવાદ એટલે એક વાર કહેલું ફરીથી તે મુજબ જ કહેવું) છે ? એવી શંકા મનમાં થાય તો તેના નિરાકરણ

અર્થે (તે ભાગવતોક્ત સમર્પણથી અલગ જ પ્રકારનું) વિશેષ કાલમાં અલગથી આવિર્ભાવ પામીને ભગવાને કહેલ આ બ્રહ્મસંબન્ધાત્મક સમર્પણ છે એનો બોધ કરાવવા (ભગવાન અલગથી જે કાલમાં શ્રીમહાપ્રભુ સમક્ષ પ્રકટ થયા) તે કાલનો અને પ્રભુ-ઉચ્ચારિત વાક્યોનો અહીં અનુવાદ છે (તે કાલનો અહીં ઉલ્લેખ કર્યો છે). આ પ્રમાણે જે ભગવદ્વાક્યો છે તે પણ શ્લોકરૂપમાં જ ઉચ્ચારાયેલાં વાક્યો છે અને તે ભગવાન વડે જ શ્લોકરૂપમાં ઉચ્ચારાયેલા છે, કારણ કે અક્ષરશ: કહેવામાં આવે છે એમ પ્રથમ શ્લોકમાં કથન હોવાથી, અત: આમ કહીને ભગવાનનાં જે વાક્યો છે એને જ કહેવાની આ પ્રતિજ્ઞા (રૂપ પ્રથમ શ્લોકસ્થ શ્રીઆચાર્ય કથન છે).

(આટલો આગળનો ભાગ શ્રીપુરુષોત્તમજીએ પોતાની ટીકામાં પાછળથી ઉમેરો કરેલ છે- પ્રશ્ન - જો મહાપ્રભુ સમક્ષ પ્રભુએ પ્રકટ થઇને જે કહ્યું તે સમયના-તે વાક્યોને જ અહીં ગ્રન્થમાં આગળ કહેવાની પ્રતિજ્ઞા છે એમ તમે કહો છો, તો પછી તે સમયે ભગવાને કહેલ ગદ્યમંત્રનો પણ કેમ આ ગ્રન્થમાં સમાવેશ નથી કર્યો ? **ઉત્તર** :- તે ગદ્ય નિશ્ચય કરીને પંચાક્ષર મંત્રનું વિવરણ કરનાર હોવાથી તે અતિગોપ્ય છે, તેથી તે અહીં નથી કહ્યું. અતિગોપ્ય એવા મંત્ર વગેરે શાસ્ત્રમાં શબ્દોના સહારાથી જ જણાવવામાં આવે છે, સ્પષ્ટ અક્ષરોમાં કહેવામાં આવતા નથી. જેમ સ્પર્શોમાં ૧૬મો અને એકવીસમો (તપ) વગેરે પ્રકારે. ત્યાં (પંચાક્ષરમંત્રમાં) ઉત્તમ પુરુષાન્તક્રિયાપદ છે (કૃષ્ણ તારો છું માં અન્તમાં ‘**છું**’) તે નિવેદન કર્તાનું સ્વરૂપ છે (આજ સ્વરૂપનું ગદ્યમાં-વિવરણ **હજારો વર્ષથી** આરંભી **તાપકલેશ-આનંદનો તિરોભાવ થયો છે એવો હું** અહીં સુધીમાં આવે છે). અને પરિકર સહિત કર્તાનું ભગવદીયપણું (**દેહ-ઇન્દ્રિય** થી આરંભી **હું દાસ છું** પર્યન્તમાં ગદ્યમાં કહ્યું) છે અને તે નિવેદનકર્તા જ (પૂર્વમાં) ભગવાનથી વિયુક્ત થયેલો છે એમ ગદ્યમાં

કહ્યું હોવાથી પંચાક્ષરમંત્રસ્થ ષષ્ઠી વિભક્તિથી (**તારો**) જણાવ્યા મુજબ ભગવાન જેમાં સ્વામી થાય તેવા સંબન્ધપણું તે કર્તાનું જણાવવામાં આવ્યું છે. **ભગવત્પદ**થી વિશેષિત થતું જે **કૃષ્ણ** પદ છે તેના વડે ભગવાન નિરકુંશ જગદીશ્વર છે વગેરે બોધ કરાવેલો હોવાથી અવતારનું વ્યાવર્તન કરીને પંચાક્ષર મંત્રસ્થ કૃષ્ણપદનું (જ) વિવરણ કરવામાં આવ્યું છે અને ભગવાન્ કૃષ્ણ એમ બન્નેમાં ચતુર્થી વિભક્તિનો પ્રયોગ કરીને **"तादर्थ्ये चतुर्थी"** એ નિયમે સમર્પણ ફલનો પણ બોધ કરાવવામાં આવ્યો છે. આ રીતે ગદ્ય એ પંચાક્ષરમંત્રનું વિવરણ કરનાર હોવાથી અહીં આ ગ્રન્થમાં તે વાક્યો કહ્યાં નથી. બીજી રીતે પણ જો વિચારવામાં આવે તો સમર્પણ એ નવવિધા ભક્તિમાં આત્મનિવેદન નામે પ્રસિદ્ધ છે તેથી તે બાબતમાં કોઇ સંદેહ રહેતો નથી તેથી પણ નિવેદનાત્મક ગદ્યનો અહીં ઉલ્લેખ નથી. સમર્પણનું દોષનિવારકપણું ભાગવત ષષ્ઠસ્કન્ધમાં **'પાપવાળો તપ વગેરે સાધનોથી એટલો પવિત્ર નથી થતો જેટલો કે કૃષ્ણને પોતાના પ્રાણો અર્પણ કરેલા પુરુષની સેવાથી પવિત્ર થાય છે'** (ભાગ. ૬-૧-૧૬) આના વડે ભગવદીય સંગ વડે (ભગવદીય એટલે કૃષ્ણને પ્રાણાદિ સર્વ અર્પણ કરેલ હોય તે) કહ્યું છે.

વળી **"दुःसहप्रेष्ठविरहतीव्रतापधुताशुभाः"** (ભાગ.૧૦-૨૯-૧૦) અહીં સર્વ અશુભ નિવારક એવો દુ:સહ ભગવદ્વિરહતાપ એનો નિવેદન-બ્રહ્મસમ્બન્ધ કરતી વખતે અભાવ હોવાથી ભગવાન સેવાનો અંગીકાર કરે એનું સમ્પાદન કરનારી જે દોષનિવૃત્તિરૂપી સ્થિતિ કેમ થાય ? ભગવાન સેવાનો અંગીકાર કરે એમાં બાધક બનતા દોષો નિવૃત્ત કેવી રીતે થઇ શકે ? એવી શંકાને દૂર કરવા **"ब्रह्मसम्बन्धकरणात्"** એ વાક્યના પૂર્વ કહેવાયેલ સગદ્ય પંચાક્ષરનું ઉચ્ચારણ નહિં કરીને 'બ્રહ્મસમ્બન્ધકરણથી સર્વદોષનિવૃત્તિ થાય છે' એમ બ્રહ્મસમ્બન્ધ વડે સર્વદોષનિવૃત્તિના સંકેતથી સમર્પણાત્મક સગદ્ય પંચાક્ષરનો જં સંકેત કરવામાં આવ્યો છે. ભાગવંત એકાદશ સ્કન્ધના ઓગણીસમા અધ્યાયમાં ભગવાન દ્વારા આત્મનિવેદનનું ભક્તિમાર્ગીય ધર્મ (સેવા) ના અધિકારપણામાં બોધન વડે સગદ્ય પંચાક્ષરનું જ બોધન થાય છે. અત: જે સમજવામાં સરળ ન જ હોય - ક્લિષ્ટ હોય તેને જ વિશેષ પ્રકારે જણાવવું જરૂરી હોય છે, નહિં કે જે નિ:સંદિગ્ધ યા સરળતાથી બોધ થઇ શકતો હોય તેને પણ વિશેષ પ્રકારે સમજાવવું જરૂરી હોય છે. આ કારણે પણ ગદ્યનો આ ગ્રન્થમાં ઉલ્લેખ નથી કર્યો એમ જાણવું.

પ્રશ્ન :- ભગવાન વડે કહેવાયેલાં વાક્યોને કહેવાની પ્રતિજ્ઞાની અપેક્ષા તે વાક્યોનો અર્થ કહેવાની પ્રતિજ્ઞા જ સાધવી શ્રેષ્ઠ છે, વાક્યોને પ્રસ્તુત કરવું અનપેક્ષિત હોવાથી ? **ઉત્તર** :-જે ગદ્ય છે તે પંચાક્ષરમંત્રના વિવરણ રૂપ છે, અને તે અત્યન્ત ગોપ્ય છે. અત: અર્થપ્રતિજ્ઞા હોવાથી ગદ્યનો અર્થ કેમ ન કહ્યો એવી શંકા ઊભી થાય છે, ત્યારે ગદ્યનો પણ અર્થ અવશ્ય કહેવો જોઇએ એમ પ્રાપ્ત થાય છે, અને તેવી સ્થિતિમાં વાક્ય કહો કે તેનો અર્થ કહો બન્ને પ્રતિજ્ઞામાં કંઇ ફરક જ રહેતો નથી (કારણ કે અર્થમાત્ર કહેતાં પણ સુગોપ્યમંત્ર યા ગદ્ય તો જાહેર થઇ જ જાય છે), તેથી કરીને અર્થની પ્રતિજ્ઞાની અપેક્ષા શ્રીમુખે ઉચ્ચારાયેલા વાક્યની પ્રતિજ્ઞા જ શ્રેષ્ઠ છે અને તે જ કરી છે. ગદ્યાર્થ કેમ નથી કહ્યો એવી શંકા તો ત્યારે પણ કાયમ જ રહે છે અને તેમ વિચારતાં ત્યારે પણ ગદ્યનો અર્થ પ્રસ્તુત કરવો આવશ્યક બની જાય છે, તેથી બંને પક્ષમાં (વાક્ય કહેવાની પ્રતિજ્ઞા-વાક્યનો અર્થ કહેવાની પ્રતિજ્ઞા એમ બંને પક્ષમાં) એક બીજાથી કંઇ વિશેષ રહેતું નથી. અહીં આ બાબતમાં (ગદ્ય કે ગદ્યાર્થ કેમ નથી કહ્યો તે બાબતમાં) પ્રાચીન મહાનુભાવો કંઇ પણ લખતા નથી તેમાં પણ મંત્ર અને ગદ્યનું માત્ર ગોપ્યપણું જ મૂલમાં કારણરૂપ છે.

મારા વડે (શ્રીપુરુષોત્તમજી વડે) અહીં જે (મંત્રના વિવરણરૂપંમાં ગદ્યના અર્થરૂપમાં) કહેવામાં આવ્યું છે તેમાં માર્ગના રહસ્યને જાહેરમાં મૂકવાનો અપરાધ પ્રાપ્ત થાય છે, તેમ છતાં પણ માર્ગરહસ્યનું પ્રકાશન બીજાઓ વડે થયેલું છે તેથી તેના અર્થમાં ઉત્પન્ન થતા સંદેહના વારણ અર્થેની જ મારી આ કૃતિ હોવાથી તેમાં મારા પોતાના ઉત્કર્ષને બતાવવાના હેતુનો અભાવ હોવાથી ભગવાન તેમજ શ્રીઆચાર્યચરણ મારા આ અપરાધને ક્ષમા કરો તેમ હું વિજ્ઞાપના કરું છું.

(ભાગવત એકાદશ સ્કન્ધમાં) પ્રબુદ્ધ નામના યોગેશ્વર દ્વારા કહેવાયેલ સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણનું નિવેદન, કવિ નામના યોગેશ્વર દ્વારા કહેવાયેલ કાયાદિ ધર્મ સમર્પણ, એકાદશ અધ્યાયમાં કહેવાયેલ દાસ્યપૂર્વકનું આત્મનિવેદન ગદ્યમાં જોવામાં આવતું હોવાથી સમર્પણ ગદ્ય એ ઉપર્યુક્ત વાક્યોનો અનુવાદ છે તેમ શંકા કરવી જોઇએ નહિં. અર્થતઃ અથવા શબ્દતઃ પૂર્વમાં કહેવાયેલ વાદનું સાદશ્ય હોવું અનુવાદ છે એટલે કે પ્રથમ વ્યક્તિએ જે કહ્યું હોય તેનો બીજા વ્યક્તિ વડે અર્થ કહેવો અથવા તો તેના તેજ શબ્દો ફરીથી કહેવા તે અનુવાદ છે અને એનો નિર્વાહ અહીં ગદ્યમાં થતો જોવામાં ન આવતો હોઇ તેમજ ઉપર્યુક્ત વાક્યોમાં ત્યાં ત્યાં કહેવાયેલ ફલ એ આ ગદ્યમાં કહેવાયેલ ન હોઇ (તે અનુવાદ છે એમ શંકાને અહીં સ્થાન નથી). કિન્તુ અહીં તો સેવાકરણના ઉપદેશ પહેલાં બ્રહ્મસમ્બન્ધ કરવાનું જણાવેલું હોઇ ભાગવત એકાદશ સ્કન્ધમાં જે આત્મનિવેદનને સેવા-ભક્તિના અધિકારરૂપમાં કહ્યું છે તે જ અહીં સ્ફુટ થતું હોવાથી આત્મનિવેદનપૂર્વક (આત્મનિવેદન કરીને) કરાતી સેવાના ફલરૂપમાં કહેવાયેલી મહદ્‌વિમૃગ્યા એટલે કે 'મહાપુરુષો જે ભક્તિને શોધે છે' તે ભક્તિને અહીં ગદ્યમાં **હજારો** વગેરે વાક્યોથી અધિકારીના વિશેષણ વડે (**'સહસ્ર'થી 'તિરોભાવ થયો છે તેવો હું'** પર્યન્તનાં વાક્યો નિવેદનકર્તા-સેવાધિકારીનું વિશેષણ છે એમ જાણવું) ફલરૂપમાં સૂચન થયુ હોવાથી તેમજ પ્રબુદ્ધ વિગેરે વડે કહેવાયેલનો ભાવ સ્ત્રી-પુત્ર વગેરેના સમર્પણનો તે અહીં ગદ્યમાં પણ જોવામાં આવે છે છતાં પણ ગદ્યમાં અન્તઃકરણ-આપ્તજનો-આલોક-પરલોક સમ્બન્ધી વગેરેનો તેથી અધિક (જે યોગેશ્વરોના વાક્યમાં નથી તેનો તેથી અધિક) અહીં નિવેશ કરાયેલો હોવાથી ઓગણીસમા અદ્યાયમાં કહેલ અધિકારી વિશેષણ (આત્મનિવેદન કરનાર) વડે સૂચિત જે સંસ્કાર છે તે સંસ્કારરૂપ આ બ્રહ્મસંબન્ધ છે એમ નિશ્ચય થતાં તે સંસ્કારરૂપ નિશ્ચાયક આ ગદ્યમાં યોગેશ્વર વાક્ય વગેરે સ્થળોએ કહેલ સમર્પણથી જુદું જ આ સમર્પણ છે એમ જાણી શકાય છે (યોગેશ્વરોએ કહેલ શબ્દોનો ગદ્ય એ અનુવાદ નથી).

યોગેશ્વરોએ જણાવેલ કરતાં ગદ્યમાં અન્તઃકરણ વગેરેનું સમર્પણ અધિકમાં જણાય છે તેથી કરીને સમર્પણ કરવાના પદાર્થોના અંશમાં તેટલો અંશ અપ્રમાણ છે (કારણ કે શ્રીભાગવત કરતાં જે વિશેષ અંશ હોય તેને પ્રામાણિક કેમ કહી શકાય ?) એમ શંકા ન કરવી. કારણ કે ભાગવત નવમ સ્કન્ધમાં અંબરીષ આખ્યાનમાં અંબરીષને અભિપ્રાયમાં રાખી દુર્વાસાને કહેતાં ભગવાને કહ્યું છે કે **'જે લોકો સ્ત્રી-પુત્ર-ગૃહ-આપ્તજનો-પોતાના પ્રાણો-વિત્ત-આલોક તથા પરલોક સંબંધી બધું જ છોડીને મારા શરણે આવેલા છે તેનો હું ત્યાગ કેમ કરી શકું ?'** (ભાગ. ૯-૪-૬૫) ગદ્યમાં જે યોગેશ્વર વાક્યથી અધિક કહ્યું છે તેને આ ભગવદ્વાક્યમાં કહ્યું છે. આ ભગવદ્વાક્યમાં **"हित्वा" 'છોડીને - ત્યાગીને'** એમ કહેવાથી સ્ત્રી-પુત્ર વગેરેનો ત્યાગ કરવાનું કહેવાયું છે, તેથી આ વાક્ય તે બધાનું સમર્પણનું પ્રમાણ થતું નથી એમ શંકા અસ્થાને છે. કારણ કે આ વાક્ય કહેવાયું છે તે વખતે અમ્બરીષ રાજા છે અને

તે વખતે રાજકાજ સંભાળતા હતા, અતઃ પરમહંસ -પરિવ્રાજક લોકોની માફક બાહ્ય રીતે-પ્રત્યક્ષ ત્યાગનો અભાવ છે (સ્ત્રી,પુત્ર,ઘર, પૈસો, વગેરે સર્વ કંઇ બાહ્ય રીતે અંબરીષના જ સ્વત્વવાળા હતા તેનો કંઇ તેમણે સંન્યાસીઓની માફક પ્રત્યક્ષ-બાહ્ય ત્યાગ કર્યો ન હતો) અતઃ **'ત્યાગીને'** એ પદ અંબરીષના આન્તર ત્યાગને જ જણાવે છે (અને આન્તર ત્યાગ એટલે કે આ સર્વ મારું કે મારા માટે નહિં પરન્તુ આ સર્વ પ્રભુનું જ છે અને હું પણ સર્વ પ્રકારે માત્ર પ્રભુનો જ છું, દેહ-પ્રાણ વગેરે પણ પ્રભુએ જ આપ્યા છે અને તે પણ ભગવત્સેવાર્થ આપ્યા છે એવું ચિત્તમાં સતત ભાન રહેવું એ વૈષ્ણવમાર્ગીય - ભક્તિમાર્ગીય આન્તર ત્યાગ છે). તેમજ રાજા અંબરીષ પણ 'અંબરીષના બે હાથ ભગવાનનું સેવાસ્થળ સ્વચ્છ કરવું- સેવોપયોગી પાત્રો માંજવા વગેરેમાં લાગ્યા રહેતા હતા' વગેરે વાક્યોથી મહારાજાઓ માટે જે ઉપચાર કરાય તે મહારાજોપચારથી સ્વયં પોતે જ સેવા કરે છે સ્વયં પોતાના દેહ-ઇન્દ્રિય વગેરેને તથા પોતાનું જે કંઇ હોય તેને ભગવાનના અર્થે યોજી સેવા કરવી એ ભગવદ્ધર્મને જાણતાં અને ભક્તના અને ભક્તનું જે કંઇ હોય તેના રક્ષક એક માત્ર ભગવાન જ છે એમ ચિત્તમાં ભગવાનનું જ અનુસંધાન રાખનાર અંબરીષ પોતાના દેહ-પ્રાણ વિગેરે ઉપરાંત આલોક-પરલોક સંબન્ધી કે પોતાનું વિત્ત કે અંતઃકરણનું સમર્પણ કેમ નહિં કરે ? એનું અવશ્ય સમર્પણ કરે જ એમ અર્થથી જ એ જાણી શકાય છે. (છતાં પણ અંબરીષના સમર્પણને ભગવાન ત્યાગ શબ્દથી કેમ જણાવે છે તે બાબત ખુલાસો આપતાં શ્રીપુરુષોત્તમજી લખે છે-) ખરેખર વિચારવામાં આવે તો મર્યાદાપુષ્ટિમાં રાજાનો અંગીકાર છે, કેવલ પુષ્ટિમાં નહિં, કે પછી પુષ્ટિમર્યાદામાં પણ નહિં, અતઃ મહદ્વિમૃગ્ય મોટાઓ-બ્રહ્માદિક જેને શોધે છે તેવી ભક્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છાનો રાજામાં અભાવ હોવાથી તેવા પુષ્ટિ સમર્પણ -

નિવેદનની જગ્યાએ ત્યાગ શબ્દનો પ્રયોગ થયો છે તેમાં પણ કંઇ વાંધા જેવું નથી. રાજા તેવી ભક્તિને મેળવવાના અર્થી નથી તેમાં મુખ્ય પ્રમાણ એકાદશ સ્કન્ધમાં ભગવાને કહ્યું છે કે **'અન્ય સાધન કર્યા વિના કેવલ ભાવ વડે જ ગોપીઓ, ગાયો પક્ષીઓ, પશુઓ વગેરેએ મને પ્રાપ્ત કર્યા છે'** (ભાગ. ૧૧-૧૨-૮) અહીં કેવલ ભાવ વડે પ્રાપ્ત કરનારાઓની યાદીમાં ભગવાન વડે અંબરીષ રાજાનો ઉલ્લેખ નથી થયો તે છે, તેમજ કૃષ્ણાવતારના પહેલાં પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય થયું ન હતું તેથી. તેથી કરીને આ ગદ્યમાં જે સમર્પણ કહ્યું છે તે કોઇ પણ વાક્યનો અનુવાદ નથી (પણ ભગવાને સ્વતંત્ર રીતે જ કહ્યું છે) જેમ વેદોમાં કહેવાયેલ કર્મ કયા વિધિથી કેવી રીતે કરવા એ કલ્પસૂત્રથી નક્કી થાય છે. અતઃ કલ્પસૂત્ર એ વૈદિક કર્મ કરણનો નિશ્ચય કરી આપનાર છે, તેમ આ ગદ્ય ભાગવત-ગીતા વગેરેમાં કહેવાયેલ સમર્પણનો નિશ્ચય કરી આપનાર છે તેથી ગદ્ય ભાગવતાદિ વાક્યોનો અનુવાદ નથી તેમાં લેશમાત્ર પણ શંકાને સ્થાન નથી.

શંકા - ભલે તમે કહો તેમ ગદ્ય અનુવાદ નથી તો ન સહી, છતાં પણ ભાગવતોક્ત વાક્યોનો સંગ્રાહક તો ગદ્ય છે જ, તેમ હોતાં ભાગવતાદિમાં તેવા સમર્પણ-નિવેદન માટે જિજ્ઞાસાવાળા પુરુષોનો જ અધિકાર છે તેમ જોવામાં આવે છે, અતઃ અહીં બ્રહ્મસમ્બન્ધમાં પણ ફકત પુરુષોનો જ અધિકાર હોવો જોઇએ, સ્ત્રીઓને બ્રહ્મસમ્બન્ધ વડે આત્મસમર્પણનો અધિકાર ન હોવો જોઇએ ? એ બાબતમાં તમારો શો અભિપ્રાય છે ?

ઉત્તર - ભાગવત માં જે **'ચારે તરફથી મૃત્યુમાં સપડાયેલો છે એવો કયો ઇન્દ્રિયવાળો છે જે સર્વ પ્રકારના ભયથી રહિત અભય મોક્ષને આપનારા એવા શ્રીભગવાનનાં શ્રીચરણકમલો કે જે ઉત્તમ દેવો વડે પણ ઉપાસના કરવા યોગ્ય છે એને ભજતો નથી-સેવતો નથી ?'** (ભાગ. ૧૧-૨-૨)'અહીં

વિષ્ણુભક્તિમાં સર્વ કોઇ અધિકારવાળા છે ચાહે તે દેવ, અસુર, મનુષ્ય, યક્ષ, ગન્ધર્વ કોઇ પણ હોય (ભાગ.૭-૭-૫૦) વગેરે વાક્યો વડે ઇન્દ્રિયોવાળા હોવાથી સર્વનો નવવિધા ભક્તિમાં પણ સર્વ સામાન્યપણાએ જ અધિકાર થતાં ભક્તિનો જ એક પ્રકાર આત્મનિવેદનમાં સ્ત્રીઓનો અધિકાર નથી એમ કહેવું શક્ય ન હોવાથી, તેમજ સ્ત્રીઓને અધિકાર નથી તેવો નિષેધ પણ ક્યાંય થયો ન હોવાથી, બલ્કે સપ્તમ સ્કન્ધમાં (પ્રહ્લાદે અસુરપુત્રોને ભગવદ્ ભક્તિ જણાવતાં તેથી પ્રભાવિત થઇ અસુરપુત્રોએ પ્રશ્ન કરતાં કે તને આટલી નાની વયમાં ભક્તિની વાતો કેવી રીતે સૂઝે છે ? ત્યારે અસુરપુત્રોને તેનું કારણ જણાવતાં પ્રહ્લાદજી કહે છે મારી માતા કયાધૂને જ્યારે હું ગર્ભમાં હતો ત્યારે નારદજીએ આવી નવવિધા ભક્તિનો ઉપદેશ આપ્યો હતો તે ગર્ભસ્થ સંસ્કારો ભગવદનુગ્રહે મારામાં પ્રકટ થયા પણ -) **'મારી માતાને દીર્ઘકાલ થવાથી યા તો સ્ત્રીત્વના કારણે તેનું સ્મરણ તિરોધાન થયું છે'** (ભાગ. ૭-૭-૧૬) આ પ્રહ્લાદવાક્યથી નારદજી વડે નવવિધાભક્તિનો ઉપદેશ કયાધૂ કે જે સ્ત્રી-શરીર હતી તેને થયો છે, તેથી સ્ત્રીઓને પણ નિવેદનાધિકાર છે એમ નક્કી થાય છે. વળી એકાદશ સ્કન્ધમાં કૃષ્ણ-ઉદ્ધવ સંવાદમાં ઉદ્ધવને સર્વ જ્ઞાન આપ્યા પછી અન્તમાં ભવગાન ઉદ્ધવને કહે છે - **'હે ઉદ્ધવ ! મેં જે તને કહ્યું છે તે (ગમે તેવા આગળ નહિં પણ) જે સાધુજનો યા પવિત્રજનો હોય તેને કહેવું તેમજ શૂદ્રની સ્ત્રી હોય છતાં પણ જો તેનામાં ભક્તિ હોય તો તેને પણ કહેવું.'** (ભાગ. ૧૧-૨૯-૩૧) એમ ભક્તિ હોતાં શૂદ્ર સ્ત્રીને પણ પોતે કહેલ ઉપદેશ કહેવાની આજ્ઞા ઉદ્ધવને ભગવાને આપી હોવાથી અને તેમને કહેવું, તો શા માટે કહેવું ? તેમાં યથાધિકાર તે મુજબ કરવા માટે જ કહેવાનું પ્રયોજન હોવાથી (સ્ત્રીઓને પણ નિવેદનાધિકાર છે). વળી શ્રીપ્રભુ કહે છે -

'(સત્ત્વગુણપ્રધાન યા પ્રવૃદ્ધ સત્ત્વ ઉત્તમ લોકો જ માત્ર નહિં પરન્તુ-) **'વિદ્યાધરો, મનુષ્યજાતિમાં વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ, અન્ત્યજો, વગેરે કે જે રજોગુણી-તમોગુણી પ્રકૃતિના છે તે લોકો પણ તે-તે યુગોમાં મોટી સંખ્યામાં મારા પદને પામનારા થયા છે'** (ભાગ. ૧૧-૧૨-૪,૫)અહીં સ્ત્રીઓને સત્સંગ વડે ઉત્તમ ફ્લ કહેલું હોવાથી સ્ત્રીઓને નિવેદનાધિકાર બાબત કોઇ શંકાને સ્થાન રહેતું નથી.

પ્રશ્ન :- તમે કહો છો તેમ ભલે સ્ત્રીઓને પણ આત્મનિવેદનનો અધિકાર હોય, પરન્તુ સ્ત્રીઓ સિવાયના જે વૈરાગીઓ અથવા બાળકોને નિવેદન કરાવવામાં આવે ત્યારે તેવાઓને સ્ત્રી-પત્ની તો હોતી નથી પછી તે લોકોને માટે પણ સ્ત્રી-પુત્ર વિગેરે શબ્દો જ બોલાવવા કે પછી પત્નીની જગ્યાએ પતિ વગેરે શબ્દ બોલાવવાની વ્યવસ્થા કરવી ? અને જો તે મુજબ શબ્દોનો ફેર કરવામાં ન આવે તો ત્યારે સ્ત્રી વડે નિવેદન કરાતાં પતિનું નિવેદન નહિં થઇ નિવેદન પૂર્ણ થશે નહિં તેમજ તેવા અનિવેદિત પતિ વગેરે સાથે રહેવાથી તેમનો સંગદોષ પણ પ્રાપ્ત થશે ?

ઉત્તર :- સૃષ્ટિ આદિ ન્યાયે (આ ન્યાય પૂર્વમીમાંસામાં છે) ભૂમનિબન્ધના ગૌણી વડે દારા પદથી પતિ અને પુત્ર પદથી માતા-પિતા એમ ઉપલક્ષણથી તેમનું પણ નિવેદન-સમર્પણ સિદ્ધ થતાં પહેલાં શંકા કરાયેલો સંસર્ગદોષ એ અહીં પ્રયોજન વિનાનો થઇ જાય છે (કારણ કે તેમનું સમર્પણ આવી જ જતાં પછી સંગદોષ ક્યાં રહે છે ?) સૃષ્ટિ ન્યાય છે તે પૂર્વમીમાંસામાં પ્રથમ અદ્યાયના પાછલા-ઉત્તરભાગમાં આવે છે. ત્યાં **“सृष्टिरुपदधाति”** એમ વાક્ય સૃષ્ટિ સંજ્ઞાવાળી જે ઇષ્ટકા છે તેના ઉપધાનનું વિધાન કરે છે. ત્યાં સૃષ્ટિઓ કઇ એ શંકામાં **“तद्वानासामुपधानो मंत्रः”** એમ પાણિનિસૂત્રથી જે સૃષ્ટિવાળા મંત્રો છે તે સૃષ્ટિઓ એમ સિદ્ધ થાય

છે. મંત્રો જે છે તે **“ब्रह्मासृज्यत, भूतान्यसृज्यन्त”** વગેરે પાછળથી ભણવામાં આવે છે. ઉપર જણાવેલો જે મંત્ર છે તે પ્રથમ મંત્ર છે અને તેમાં **“सृजति”** પ્રયોગ નથી, કિન્તુ **“दधाति”** શબ્દ પ્રયોજાયો છે તે **“एकया स्तुवते प्रजा अधीयन्ते”** એમ પઠન હોવાથી. છતાં પણ બીજા-ત્રીજા ઘણા મંત્રોમાં **“सृजति”** ધાતુ પ્રયોગથી ભૂમરૂપ સાદશ્ય છે તે સૃષ્ટિ શબ્દ છે, તે સૃષ્ટિ સંઘનું બોધન કરે છે.

પ્રશ્ન :- ભલે તમે કહો છો તેમ સૃષ્ટિન્યાયે દારા પદથી પતિનું ઉપલક્ષણ થાય છે, તેમ છતાં પણ **‘દેહથી લઇને આત્માપર્યન્તનું સર્વ સમર્પણ કરું છું’** એમ નહિં કહીને અલગ-અલગ દેહ-ઇન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ એના ધર્મો સ્ત્રી-ઘર-પુત્ર-આપ્તજનો-વિત્ત આલોક-પરલોક સંબન્ધી સર્વ કંઇ આત્મા સહિત સમર્પણ કરું છું તેમ કહેવામાં શો હેતુ છે ?

ઉત્તર :- વિધેય પદાર્થો (દેહ-પુત્ર વગેરે સાહિત્ય) નો (માત્ર) નિષ્કર્ષ નહિં ઉચ્ચારીને જે દરેકને અલગથી ઉચ્ચારવામાં આવે છે તે તે બધામાં (આ મારું છે તેવા) અધ્યાસના અભાવ માટે છે તેમ જાણો. અહીં આત્મનિવેદનમાં સર્વસાહિત્ય વિધેય છે તેમાં ‘દેહથી આત્મા પર્યન્તનું’ એમ નહિં ઉચ્ચારી આત્માના સાહિત્યે આ બધાને જુદા-જુદા અંશથી નિરૂપણ કરાયું છે. દેહ વગેરે એ **“अहम्”** **‘હું’** એમ અધ્યાસના વિષયો છે અને તેના ધર્મો છે તે **‘હું’ અને** **‘મારું’** બે પ્રકારના અધ્યાસના વિષયો છે, જ્યારે સ્ત્રી વગેરે એ કેવલ **‘મારા’** એમ મમતાના વિષયો છે. અહીં (ગદ્યમાં) **‘આત્મા સહ’** એમ આત્મા સાથે સહ પદ પ્રયોગ હોવાથી **“अप्रधाने तृतीया”** એ વ્યાકરણના નિયમે) આત્માની મુખ્યતા નથી એમ અર્થ થતો નથી. જેમ પિતાને નિમંત્રિત કરતાં પુત્ર સહિત પિતા આવે ત્યારે પુત્ર પિતા સાથે આવ્યો છે એમ કહેવાથી આવનાર પુત્ર મુખ્ય છે

અને પિતા અમુખ્ય છે એમ સમજવામાં આવતું નથી તેમ અહીં સહ પદ પ્રયોગથી આત્માની મુખ્યતામાં ઘાત થતો નથી. અતઃ ગદ્યમાં બોધ કરાયેલ સમર્પણ એ એકાદશ સ્કન્ધમાં કહેવાયેલ અધિકાર સ્વરૂપનો જ બોધ કરાવનાર છે, કોઇ પણ વાક્યનો એ અનુવાદ નથી, તે તો માત્ર તે વાક્યોના અર્થની દિશા જ બતાવે છે.

આ પ્રમાણે શ્રીપુરુષોત્તમચરણ વિશિષ્ટ રીતે શ્લોકના ચતુર્થ ચરણને સમજાવે છે. આમાં કુલ તેઓશ્રી જે બાબત પર સપ્રમાણ પ્રકાશ પાડે છે. તે પૈકી (૧) ગદ્યમાં જણાવેલ સમર્પણ એ ભાગવત એકાદશ સ્કન્ધમાં યોગેશ્વર વાક્યોનો અનુવાદ નથી પરન્તુ તેથી અલગ જ -સ્વતંત્ર છે. શ્રીપુરુષોત્તમજી વડે કરાયેલ આ સ્પષ્ટતાથી અનાયાસ બીજી પણ એક વાત સ્પષ્ટ થઇ જાય છે કે આ પુષ્ટિમાર્ગીય સમર્પણ કે જે સેવામાં બાધક દોષોના નિવારણ રૂપે સેવાધિકારરૂપ છે તે પુષ્ટિમાર્ગીય રીતે કરવામાં આવે ત્યારે જ તે દોષ નિવારક યા અધિકાર સમ્પાદક બને છે. કોઇ વ્યક્તિ પોતાના મનમાં જ મેં આ બધું ભગવાનને સમર્પણ કર્યું એમ વિચારી પોતાને પુષ્ટિમાર્ગીય સેવાનો અધિકારી માને તો તે ભૂલ છે. પુષ્ટિમાર્ગીય આત્મનિવેદન કહેતાં તે શ્રીમહાપ્રભુ દ્વારા થવું જોઇએ તેમજ પોતાના મનથી ગોઠવેલા શબ્દો નહિં પણ ભગવદુક્ત વાક્યોને જ શ્રીમહાપ્રભુ દ્વારા જીવ બોલે ત્યારે બ્રહ્મસમ્બન્ધ થાય છે. પુષ્ટિમાર્ગના નામ પર એક ફાંટા જેવો અલગ જ પંથ અત્યારે પ્રચલિત છે જેમાં એ લોકોએ ગદ્ય મંત્રમાં પોતાના મનમાન્યા શબ્દોના ફેરફાર કરી નાંખ્યા છે. તથા તે ફરકો પણ એકદમ અશુદ્ધ અને હાસ્યાસ્પદ જેવા છે. તેમજ એ લોકો વૈષ્ણવો જ આપસ-આપસમાં બોલી બ્રહ્મસમ્બન્ધ મંત્ર લે છે. આ બધું જ માત્ર પાંખડ જ છે, તેથી અલગ કંઇ જ નથી.

એકાદશ સ્કન્ધસ્થ પ્રથમ - કવિ નામના યોગેશ્વરના વાક્યમાં જે પ્રકારનું સમર્પણ અને જે ફલ કહ્યું છે તેની સાથે

બ્રહ્મસમ્બન્ધ-ગદ્ય સમર્પણની સંગતિ પણ નથી, કારણ કે ત્યાં ક્રિયાઓનું સમર્પણ કહેવાયું છે જ્યારે એ બધાને તો ગદ્યમાં માત્ર **‘અને તેના ધર્મો’** એટલાથી જ કહી દેવાયું છે. ખરેખર તો **‘કાયા, વાણી, મન, ઇન્દ્રિયો, બુદ્ધિ, અનુસૃત સ્વભાવ વડે નારાયણ અર્થે કર્મ ક્રિયા કરવા’** આટલા માત્રથી જ શુદ્ધ ભક્તિમાર્ગીય ભગવદ્ધર્મનું સ્વરૂપ પૂર્ણરૂપેણ ઉપસતું નથી. કારણ કે અનિવેદિત અભગવદીય એવા કાયા, વાણી, મન વગેરે વડે ભલે નારાયણ અર્થે કરવામાં આવે તો પણ પોતાની સાથે સંબન્ધ વિનાના અને જીવની અહંતા-મમતાના વિષય તરીકે પ્રવર્તી રહેલ કંઇ પણ વસ્તુમાત્રને ભગવાન સ્વીકારતા નથી. આ અંગેની સ્પષ્ટતા ત્યાં જ શ્રીસુબોધિનીમાં શ્રીઆચાર્યચરણે કરી છે કે **‘યદ્યપિ આત્મનિવેદન વખતે જ સર્વવસ્તુઓ ભગવાનને અર્પણ કરી હોવા છતાં પણ જીવ પોતાના દુષ્ટ સ્વભાવવશ પોતાના દ્વારા કરાયેલા નિવેદનને વિસ્મરીને તે નિવેદિત પદાર્થોને પણ પોતાના અહંતા-મમતાના વિષય તરીકે માને છે અને વ્યવહાર કરે છે. તેથી તેનું જ અહીં ક્રિયાત્મક સમર્પણ કહ્યું છે’** અતઃ અહીં સ્વસર્વસ્વ નિવેદનાત્મક સમર્પણનો પ્રકાર ન હોવાથી તેનો ગદ્યમાં અનુવાદ છે એમ કહેવું ભૂલ ભરેલું છે.

તેવી જ રીતે ફલથી પણ વિચારવામાં આવે તો ઉપર્યુક્ત-કવિયોગેશ્વર દ્વારા કહેવાયેલ ક્રિયાત્મક સમર્પણના ત્યાં જ ભક્તિ,વિરક્તિ, ભગવત્પ્રબોધ અને શાન્તિ એમ ચાર ફલ કહ્યાં છે. જ્યારે ગદ્યમાં કહેવાયેલ સમર્પણનું ફલ સિદ્ધાન્ત રહસ્યમાં સેવામાં બાધક દોષોની નિવૃત્તિ છે. ગદ્યોક્ત સમર્પણ બાબતમાં નવરત્નમાં શ્રીઆચાર્યચરણનું વચન **“अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम्, यैः कृष्णसात्कृतप्राणैः तेषां का परिवदेवना”** અહીં ત્રણ પ્રકારના અધિકારી વડે થનારા ત્રણ પ્રકારના નિવેદનને

જણાવ્યું છે જેમાં અજ્ઞાનદશામાં, જ્ઞાનવાળી સ્થિતિમાં અને પ્રેમપૂર્વક એમ ત્રણ પ્રકારે નિવેદન થાય છે, આ રીતે જોતાં યોગેશ્વરોક્ત સમર્પણના જે ચાર ફલ કહ્યાં છે તે ફલ સિદ્ધ થઇને પણ પુષ્ટિમાર્ગમાં ગદ્યોક્ત સમર્પણ આવશ્યક રહે છે. નવરત્નમાં કહેવાયેલ **‘જ્ઞાનપૂર્વક કરાયેલ આત્મનિવેદન’** એથી યોગેશ્વરોક્ત સમર્પણ ફલ **‘ભગવત્પ્રબોધ’** થઇને પણ આ આત્મનિવેદન કરવું જરૂરી છે એમ સમજી શકાય છે. તેવી જ રીતે યોગેશ્વરોક્ત **ભક્તિ** એટલે કે ભગવાનમાં પ્રેમ થઇને પણ આ આત્મનિવેદન જરૂરી છે એમ નવરત્નના **‘કૃષ્ણસાત્કૃત પ્રાણો વડે કરાયેલ આત્મનિવેદન’** વાક્યથી જાણી શકાય છે. યોગેશ્વરોક્ત **વિરક્તિ** ભગવાન સિવાય અન્ય સર્વમાં વિરાગ થવો શ્રીઆચાર્યચરણે આ સ્થળે કરેલા અર્થથી ભગવાનમાં અનુરાગ રહીને અન્ય સર્વમાં વિરાગ એમ આપોઆપ નક્કી થઇ જાય છે. અતઃ પ્રેમ થયા પછી પણ નિવેદનની પુષ્ટિમાર્ગમાં આવશ્યકતા કહેતાં વિરક્તિ પછી પણ આત્મનિવેદનની આવશ્યકતા કહ્યા વગર જ સિદ્ધ થઇ જાય છે અને છેલ્લે યોગેશ્વર વાક્યમાં કહેવાયેલ ચોથું ફલ **શાન્તિ** એવું બ્રહ્મભાવાત્મક શાન્તિરૂપ ફલ તો પુષ્ટિમાર્ગમાં અપેક્ષિત જ નથી. તેમજ તેવી શાન્તિ તો પુષ્ટિમાર્ગની સાધનદશામાં જ અનાયાસ-અનપેક્ષિત રીતે જ સિદ્ધ થઇ જાય છે જેને શ્રીઆચાર્યચરણ સિદ્ધાન્તમુક્તાવલીમાં **“ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम्”** થી જણાવે છે.

અતઃ કવિ યોગેશ્વરોક્ત સમર્પણના પ્રકારથી અને સમર્પણથી થનારા ફલથી ગદ્યોક્ત સમર્પણ અલગ છે એ નક્કી છે.

હવે એકાદશસ્કન્ધના ત્રીજા અદ્યાયમાં પ્રબુદ્ધ નામના યોગેશ્વર વડે કહેવાયેલ સમર્પણ બાબતમાં વિચારતાં - **‘તપ-જપ વગેરે તથા સ્ત્રી-ઘર વગેરે પરમાત્માને નિવેદન કરવા’** (ભાગ.

૧૧-૩-૨૮) એમ જે સમર્પણ કહ્યું છે તે ભાગવત ધર્મોના અન્તર્ગત કહ્યું છે. ત્યાં પ્રબુદ્ધે ભક્તિમાર્ગમાં પ્રવેશ માટે પ્રથમ પ્રેમ સહિત શ્રવણ-કીર્તન-ધ્યાન કહ્યું છે અને ત્યાર બાદ ઉપર્યુક્ત આત્મનિવેદન કહ્યું છે. આ સ્થળની સુબોધિનીમાં પ્રેમ સહિત શ્રવણાદિ ચારના અર્થે બાકીની ઇન્દ્રિયોના પણ વિનિયોગની શિક્ષા લઇ **“ततः कियत्कालसेवया परिचये जाते आत्मसमर्पणं कर्तव्यम्”** ત્યાર બાદ કેટલોક વખત ઉપર્યુક્ત શ્રવણાદિ વડે ભગવદ્ધર્મના સેવનથી ભગવદ્ધર્મનો પરિચય થતાં પછી આત્મનિવેદન કરવું એમ અહીં આત્મનિવેદન શ્રવણાદિના અનન્તર કહ્યું છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં પ્રથમ આત્મનિવેદન કર્યા પછીથી ભગવત્સેવા સહિત શ્રવણાદિ ધર્મોનું આચરણ છે. તેવી જ રીતે આનું ફલ પણ યોગેશ્વરના કહ્યા પ્રમાણે **‘આ પ્રમાણે ભાગવત ધર્મોની શિક્ષા લેતાં તેનાથી ઉત્પન્ન થનારી ભક્તિ વડે નારાયણમાં પરાયણ થયેલો દુસ્તર એવી માયાને શીઘ્ર તરી જાય છે’** (ભાગ. ૧૧-૩-૩૩) આમ માયાતરણ એનું ફલ છે જ્યારે સિદ્ધાન્ત રહસ્યમાં કહેવાયેલ આત્મનિવેદનનું ફલ એ સેવામાં બાધક સર્વદોષોની નિવૃત્તિ કે જે સાધકની સેવામાં નિર્બાધ પ્રવૃત્તિ થવા માટે આવશ્યક છે તે છે. અતઃ પ્રબુદ્ધ વાક્યોક્ત સમર્પણનો પ્રકાર અને એના ફલથી ગદ્યસ્થ સમર્પણ અને એનું સિદ્ધાન્ત રહસ્યોક્ત ફલ એ બન્ને જુદા છે.

એકાદશ સ્કન્ધનાં અગિયારમાં અધ્યાયમા કૃષ્ણ-ઉદ્ધવ સંવાદમાં ઉદ્ધવજી દ્વારા પ્રશ્ન કરાતાં - **‘હે પ્રભુ, સત્ પુરુષો વડે આદર કરાયેલી-આચરણ કરાયેલી કયા પ્રકારની ભક્તિની આપમાં ઉપયોજના થઇ શકે છે ?’** (ભાગ. ૧૧-૧૧-૨૬) એના ઉત્તરમાં પરબ્રહ્મમાં, પોતાનામાં યોજિત થઇ શકનારી ભકિતને જણાવતાં ભગવાન કહે છે **‘મારી મૂર્તિ તેમજ મારા ભક્તજનો, એનાં દર્શન, સ્પર્શન, અર્ચના કરવી, એની પરિચર્યા કરવી, એમની**

સ્તુતિ કરવી, એમને પ્રણામ કરવાં અને એના ગુણ કર્મોનું અનુકીર્તન કરવું, મારી કથા શ્રવણ કરવામાં શ્રદ્ધા રાખવી, મારું અનુધ્યાન રાખવું, લાભમાં ગણાતાં એવાં ગૃહ-ઉદ્યાન, વસ્ત્ર, અલંકાર, રત્નો વગેરે સર્વને મારી સેવામાં અને દાસભાવ પૂર્વક, દાસ કર્મ વડે મને આત્મનિવેદન કરવું’ (ભાગ. ૧૧-૧-૩૪,૩૫) આ રીતે અહીં આત્મનિવેદનને ભક્તિના મધ્યમાં જ ગણવામાં આવ્યું છે. અને ત્યાં એના કોઇ ફલનો ઉલ્લેખ થયો નથી તેથી પ્રશ્નમાં પૂછાયેલ ઉપયોગ જ એનું ફલ છે. ઉપયોગ એટલે જે પ્રકારની ભક્તિની ભગવાનમાં યોજના થઇ શકે તેના અન્તર્ગત આત્મનિવેદન કહ્યું હોવાથી ભક્તિના અન્તર્ગત આત્મનિવેદનની પણ ભગવાનમાં યોજના થવી એ જ એનું ફલ છે.

જ્યારે ગદ્યમાં કહેવાયેલ સમર્પણ એ ભક્તિને અર્થે છે અને એનાથી સેવા-ભક્તિના અધિકારનું સંપાદન થાય છે. અતઃ ભગવદ્વાક્યોક્ત સમર્પણ અને ગદ્યમાં કહેવાયેલ સમર્પણ બન્નેનું સ્વરૂપ જુદું છે. ફલથી જો વિચારવામાં આવે તો ભગવાનમાં જે ભક્તિ યોજાય છે તેનો એક ભાગ એ આ આત્મનિવેદન છે. અને તે પણ ભક્તિનો પ્રથમ ભાગ કે પૂર્વ ભાગ નહિં કિન્તુ ભક્તિના મધ્યમાં ગણવામાં આવ્યું જ્યારે ગદ્યનું સમર્પણ એ પુષ્ટિ ભક્તિના પૂર્વ આધિભૌતિક આદિ દોષ નિવૃત્તિરૂપે સેવાધિકાર સંપાદક છે. અતઃ ફલથી પણ બન્ને જુદા છે.

એકાદશ સ્કન્ધનાં ઓગણીસમા અધ્યાયમાં કૃષ્ણ-ઉદ્ધવ સંવાદમાં - **‘બ્રહ્માદિક મહાન પુરુષો પણ જેને શોધતા હોય છે તેવો મહદ્વિમૃગ્ય તમારો ભક્તિયોગ મને કહો’** (ભાગ. ૧૧-૧૯-૮) એમ પ્રાર્થના કરાતાં ભક્તિયોગ તો મારા વડે તને (ઉદ્ધવને આ ઉપદેશમાં) પૂર્વમાં જ કહ્યો છે એમ કહી તેથી હવે હું તને જેનાથી ભક્તિ પ્રકટ થાય તેવું ભક્તિનું પરમ કારણ તને કહીશ એમ પ્રતિજ્ઞા

કરીને '**મારી કથામાં શ્રદ્ધા હોવી**' (ભાગ. ૧૧-૧૯-૨૦) વગેરે ચાર શ્લોકો વડે ભક્તિનું પરમ કારણ જણાવતાં અંતમાં '**હે ઉદ્ધવ, આત્મનિવેદન કરેલાઓ જ્યારે આ મુજબ ધર્મોનું આચરણ કરે છે ત્યારે તેની મારામાં ભક્તિ થાય છે.**' (ભાગ. ૧૧-૧૯-૨૪) એટલે કે સાધકમાં વિશુદ્ધ પ્રેમવાળી ભક્તિનો ઉદય થાય છે. અહીં વ્યકિત પોતે મનમાં આત્મનિવેદનનો ભાવ ધારણ કરી આત્મનિવેદિત પ્રકારે આચરણ કરતાં જ્યારે ઉકત શ્રવણાદિ ધર્મોનું આચરણ કરે છે ત્યારે એનામાં ભક્તિનું પ્રકટવું એ આત્મનિવેદનનું ફલ છે. અહીં આત્મનિવેદનને ભકિતના પરમ કારણમાં જણાવીને પણ આત્મનિવેદનનો કોઇ વિધિ બતાવ્યો નથી ત્યારે વિવાહથી દામ્પત્ય અધિકાર ઉત્પન્ન થાય છે એટલું શાસ્ત્ર વાક્ય વાંચતાં કોઇ સ્ત્રી કે કોઇ પુરુષ પોતાના મનમાં જ એવો ભાવ ધારણ કરી લે કે મારો અમુક સાથે વિવાહ થયો અને એવો ભાવ ધારણ કરી વિવાહ કર્યા પછીના ધર્મોનું આચરણ કરે તેનાથી તે બન્નેમાં શાસ્ત્રીય દામ્પત્ય પ્રકટ થતું નથીજ, પરંતુ શાસ્ત્રોક્ત વિવાહ સંસ્કારથી જ બન્નેમાં દામ્પત્ય પ્રકટ થઇ શકે છે તેવી જ રીતે જીવ કલ્પિત કે પછી માત્ર જીવ વિચારિત આત્મનિવેદનમાં સર્વદોષ નિવૃત્તિરૂપ સાક્ષાત્ શ્રીગોકુલેશ ભજનાધિકારનું સંપાદન થવું શક્ય નથી. કારણ કે સર્વદોષનિવૃત્તિ એ જીવની શકિતથી સાધ્ય નથી. એ તો ફકત ભગવદ્‌બલથી ભગવાનના અનુગ્રહબલથી જ સાધી શકાય છે. અત: ગદ્યમાં કહેવાયેલ સમર્પણ એમાં ભગવાનનું અનુગ્રહબલ રહેલું છે. કારણ કે ભગવાન કોઇ જીવની કે શ્રીઆચાર્યચરણની પ્રાર્થના વિના જ પોતાના સ્વતંત્ર અનુગ્રહે પ્રકટ થયા છે અને તે અનુગ્રહ પ્રવાહમાં વહી રહેલા દૈવી જીવો ઉપરનો છે અને પ્રવાહમાં પડેલા દૈવીજીવોની અતિશય દોષોવાળી દશાને ચિત્તમાં રાખીને જ ભગવાને આ અનુગ્રહ કર્યો છે અને શ્રીઆચાર્યચરણ સમક્ષ પોતાના અનુગ્રહપૂર્વક વચનો

ઉચ્ચાર્યા છે કે આ મન્ત્ર વડે આપ જે જીવોનું આત્મનિવેદન કરાવશો તેને મારી સેવામાં તેના દોષો બાધક બનશે નહિં અને એના વડે કરાયેલી સેવાને હું પોતે જ અંગીકાર કરીશ. અત: અહીં પુષ્ટિમાર્ગીય આત્મનિવેદનમાં અનુગ્રહપૂર્ણ ભગવદ્ વચનોનું બલ છે અને ભગવાન દ્વારા ઉચ્ચારાયેલા મન્ત્રસ્થ અક્ષરોનું જીવ વડે ઉચ્ચારણ કરાઇને આત્મનિવેદન કરાતાં તે સેવાધિકાર સંપાદક બને છે. અત: ઓગણીસમા અધ્યાયમાં કહેવાયેલાં આત્મનિવેદનનું સેવાધિકાર સંપાદકપણું એની ભાવના અહીં સિદ્ધાન્ત રહસ્યમાં રહેલી હોવા છતાં પણ ભગવાનના મુખે ઉચ્ચારાયેલા મન્ત્રરૂપ વાક્યોના ઉચ્ચારણ વડે આત્મનિવેદન થવું એટલું અહીં વૈશિષ્ટ્ય રહેલું હોવાથી ઓગણીસમા અધ્યાયમાં કહેવાયેલ સમર્પણનો પણ ગદ્યસ્થ સમર્પણ અનુવાદ છે એમ કહી શકાય નહિં.

શ્રીમદ્ ભાગવતના નવમા સ્કન્ધમાં અમ્બરીષ આખ્યાનનાં પ્રસંગમા પોતાના ભકત અમ્બરીષ માટે કહેવાયેલાં વચનોમા '**હે દુર્વાસા મુનિ, એવા જે મારા ભકતો કે જે લોકોએ સ્ત્રી, ઘર, પુત્ર, આપ્તજન, પોતાના પ્રાણો અને વિત્ત એમ સર્વ કંઇ મારા અર્થે ત્યાગીને અને માત્ર મારો જ આશ્રય કરીને રહેલાં હોય તેનો હું કેમ કરીને ત્યાગ કરી શકું**' (ભાગ. ૯-૪-૬૫) અહીં કહેવાયેલ સ્ત્રી, પુત્ર વગેરેનું સમર્પણ એને ભગવાન ત્યાગીને એમ કહે છે. યદ્યપિ અહીં કહેવાયેલો ત્યાગ એ સંન્યાસમાં કરાતા ત્યાગ સમો ત્યાગ નહિં પણ સમર્પણરૂપ જ છે. જેમ યજ્ઞમાં દેવતાને ઉદ્દેશીને દ્રવ્યનો ત્યાગ કરાય છે તે ત્યાગ પણ સમર્પણરૂપનો જ છે તેવી જ રીતે નવમ સ્કન્ધના આ વાક્યમાં કહેવાયેલો ત્યાગ એનો પ્રકાર સમર્પણરૂપ જ છે કારણ કે આ વાક્ય કહેવાયું તે વખતે અમ્બરીષ સંન્યાસી ન હતાં પરંતુ રાજા હતા. પત્ની, પૈસો, રાજ્ય, વૈભવ, વગેરેથી સમ્પન્ન હતા. અત: સંન્યાસીની માફક આ બધું છોડીને

ભક્તિ કરતા હતા તેવો તો અર્થ નથી જ. તેમ છતાં પણ ભગવાને ત્યાગીને એમ કહ્યું છે. અતઃ અમ્બરીષનો આ પ્રત્યક્ષ ત્યાગ નહિં કિન્તુ ગણાવેલા સર્વ પદાર્થો એમાં એમની મમતા ન હતી એ પ્રકારે એમનો આ માનસિક ત્યાગ હતો. તેમ છતાં પણ રાજાનાં આ સમર્પણને ત્યાગ શબ્દથી કહ્યું તેનું પણ એ જ કારણ સમજમાં આવે છે કે રાજાનો પુષ્ટિમાં કે પુષ્ટિમર્યાદામાં અંગીકાર નથી પરંતુ તેનો અંગીકાર મર્યાદા પુષ્ટિમાં છે. અતઃ મુખ્ય અધિકાર મર્યાદાનો રહીને એમાં પુષ્ટિનું મિશ્રણ છે. ભક્તિ છે માટે તો પુષ્ટિ તો છે જ તેથી રાજાની ભકિત પણ અને રાજાનું સમર્પણ પણ મર્યાદા પુષ્ટિ પ્રકારનું છે. તેથી તે વસ્તુઓમાં મમતા નહિં રાખીને જે કંઇ પણ વસ્તુઓ પ્રાપ્ત છે તો તેને પોતાના અર્થે નહિં યોજી અને ભગવાનની સેવામાં યોજવી ઉત્તમ છે. કારણ વિનાનો ત્યાગ કરવો એની અપેક્ષાએ એને ભગવાનમાં સમર્પવું એ ભક્તિમાર્ગીય સિદ્ધાન્ત છે. અને એ ભક્તિમાર્ગીય સિદ્ધાન્તને અનુસરીને રાજાએ સર્વ કંઇ ભગવાનની સેવામાં યોજ્યું હતું. અને સેવામાં અનુપયોગી એવા પ્રત્યે ઉપેક્ષા રાખી હતી. જ્યારે પુષ્ટિમાં તો સર્વ કંઇ પદાર્થને બલ્કે સંપૂર્ણ જગતને ભગવદ્ ઉપયોગમાં જ જોવા વિચારવાનું છે અને તેમાં પણ સાક્ષાત્ સેવામાં ઉપયોગી પદાર્થ માટે તો ભગવદીયત્વેન મમત્વ પણ રાખવાનું છે. સ્વકીયપણાએ મમત્વ ત્યાગીને પણ ભગવદીયપણાએ તો મમત્વ રહેવાનું છે જેમ ૨૫૨ વૈષ્ણવોની વાર્તાના અન્તર્ગત શ્રીગુસાંઇજીના સેવક ડોસીના બન્ને છોકરાઓ સાથે શ્રીપ્રભુ ખેલતા હતા. એમાંથી એક પુત્ર જ્યારે મરી ગયો ત્યારે ડોસી ચોધાર આંસુએ રડીને શોક કરવા લાગી પણ એ શોકમાં પુત્રની મમતા કારણ ન હતું પણ મારો છોકરો શ્રીઠાકોરજીનું રમકડું છે એ તૂટી ગયું અને હવે એ બાળક રમકડું માંગશે તો હું કેવી રીતે આપીશ એમ એમાં ભગવદીયપણાએ મમતા હતી- શોક હતો. અતઃ નવમા સ્કન્ધમા કહેવાયેલ સમર્પણમાં

પણ મર્યાદા પુષ્ટિ પ્રકાર રહેલો હોવાથી ગદ્યમાં એનો અનુવાદ નથી.

ગીતાના નવમા અધ્યાયમા **“यत् करोषि”** એ શ્લોકમાં **જે તું કરે છે, જે તું ખાય છે, જે તું હોમે છે, જે તું આપે છે, જે તું તપ કરે છે, તે બધું જ હે અર્જુન મને અર્પણ કર**’ (ગીતા. ૯-૨૭) એમ ગીતામાં કહેવાયેલ આ સમર્પણમાં પણ જે તું કરે છે વગેરે તેમાં જીવ પોતાને માટે અથવા પોતાના થકી જે કંઇ પણ કરે વગેરે એ ભગવાનને અર્પણ કરવાનો અર્થ પ્રાપ્ત થાય છે. અને તેથી જ એના ફલમાં પણ તેથી આગળના શ્લોકમાં આવા કેવલ સમર્પણનું ફલ એ શુભ-અશુભ કર્મોનાં શુભ-અશુભ ફલરૂપ કર્મબન્ધનથી મુક્તિ કહી છે. તેમજ વિમુક્તિને માટે સંન્યાસ અને યોગનું સમર્પણ સાથે સાહચર્ય આવશ્યક કહ્યું છે. છતાં પણ આ શ્લોકને એની પહેલાંનો શ્લોક **“पत्रं पुष्पम्”** સાથે સાંકળીને સમર્પણનો વિચાર કરવામાં આવે ત્યારે પણ ત્યાં પણ ભગવાન એ શરત તો મૂકે જ છે કે સમર્પણ કરાયેલો પદાર્થ ભક્તિથી ઉપહૃત થયેલો-લવાયેલો હોવો જોઇએ તો જ ભગવાન તેનું અશન કરે છે. જ્યારે સિદ્ધાન્ત રહસ્યના વિચારે બ્રહ્મસમ્બન્ધ-નિવેદન કર્યા પછી પણ નિવેદનકર્તામાં કંઇ તરતને તરત પ્રેમ ભક્તિનો ઉદય થઇ જતો નથી અને તે પ્રેમ ભક્તિની અનુદિત દશામાં જ ભગવત્ સેવાનો આરંભ કરે છે અને છતાં પણ પ્રેમભક્તિની અનુદિત દશા પોતે જ દોષરૂપ હોવા છતાં પણ ભગવાન તે દોષને ગણકાર્યા વિના તેની કરેલી સેવાને પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરે છે. આમ ગીતામાં કહેવાયેલ સમર્પણથી પણ બ્રહ્મસમ્બન્ધ - આત્મનિવેદન એ અલગ જ છે.

આ રીતે શ્રીપુરુષોત્તમજી પોતાના લેખનમાં એમ સિદ્ધ કરે છે કે ગદ્ય એ બીજાં બીજાં શાસ્ત્રોમાં કહેવાયેલ કોઇ પણ સમર્પણનો અનુવાદ નથી પરંતુ આ સ્વતંત્ર જ છે. બધાથી અળગો

જ છે એ જણાવવા માટે ભગવાન જે તિથિ પક્ષ માસ સમયમાં પોતાની સમક્ષ પ્રકટ થયા અને આત્મનિવેદન મન્ત્ર ભાવના સહિત પ્રદાન કર્યો અને જીવોને આત્મનિવેદન કરાવવાની આજ્ઞા કરી તે સમયનો ઉલ્લેખ શ્રીઆચાર્યચરણ ગ્રન્થના પ્રથમ શ્લોકમાં કરે છે.

(૨) બીજી એક વાત શ્રીપુરુષોત્તમજી જણાવે છે કે સમ્પૂર્ણ ગદ્ય એ પંચાક્ષર મંત્રનું વિવરણ કરે છે. તેમજ ગદ્ય ભાગ પણ ભગવદ્ ઉક્ત જ છે. ઘણા લોકો ગદ્ય બાબતમાં જાત જાતની શંકાઓ સેવે છે કે ગદ્ય શ્રીમહાપ્રભુ કૃત છે, શ્રીપ્રભુચરણકૃત છે, શ્રીગોકુલનાથજી કૃત છે યા તો પછી તેથી અલગ જ કોઇ બીજા કૃત છે અને તેને ભગવદ્ ઉક્ત પંચાક્ષર મંત્ર સાથે પાછળથી ઉમેરવામાં આવ્યો છે અને તેથી જ ગદ્યનો સમાવેશ કે તેનો સ્પષ્ટ ઉલ્લેખ સિદ્ધાન્તરહસ્યમાં થયો નથી. આવી બધી જ શંકાઓનું નિરાકરણ શ્રીપુરુષોત્તમજી પોતાના એકદમ સ્પષ્ટ મતથી જણાવે છે.

તેમ છતાં પણ ગદ્ય ભગવદ્ ઉક્ત હોવા છતાં પણ અને સિદ્ધાન્તરહસ્યમાં સાક્ષાત્ ભગવાને પ્રકટ થઇ જે કહ્યું તે અહીં અક્ષરશ: કહેવામાં આવે છે એમ પ્રતિજ્ઞા કરી હોવાથી જો ગદ્ય ભગવદ્ ઉક્ત હોય તો ગદ્યના અક્ષરો સિદ્ધાન્તરહસ્યમાં કેમ કહેવાયા નથી ? તેમજ અક્ષરશ: પ્રત્યેક અક્ષર કહેવાની જ જો આ પ્રતિજ્ઞા હોય અને અક્ષરશ:નો અર્થ ભગવાને કહેલાં વાક્યોનો અર્થ કહીશ એમ પ્રાચીનોના મત મુજબની પ્રતિજ્ઞા ન હોય તો પછી ગદ્યને પણ આમાં કહેવું જ જોઇએ ? આવી બન્ને શંકાઓનું સમાધાન ગદ્ય એ પંચાક્ષર મંત્રનું જ વિશદરૂપમાં વિવરણ કરે છે-એનાથી થઇ જાય છે. પંચાક્ષરમંત્રમાં કુલ ત્રણ શબ્દો છે અને પુરુષોત્તમજી તે અનુસાર ગદ્યને પંચાક્ષરના વિવરણ રૂપમાં ત્રણ ભાગે વહેંચે છે. એમાં પંચાક્ષર **(કૃષ્ણ તારો છું)** માં જે છેલ્લું "છું" પદ છે એનું વિવરણ હજારો

વર્ષથી અહીંથી લઇ **તાપકલેશ-આનંદનો તિરોભાવ થયો છે એવો** હું અહીં સુધીમાં આવે છે અને તે વડે નિવેદન કર્તાનું મૂલ સ્વરૂપ અને નિવેદન કરતી વખતનું રૂપ એમ બન્ને કહેવાયું છે. એટલે કે હું છું, તો કોણ છું ? તો કહ્યું પૂર્વમાં મૂલરૂપે હું તમારો - પરમાનંદ શ્રીકૃષ્ણનો જ હતો, પરન્તુ કારણવશ તમારાથી અલગ થયો અને તે અલગ થયાને પણ હજારો યુગો વીતી જવાનો સમય થયો હોવાથી આજે હું આનન્દ સમ્પત્તિ વિહોણો - જે તાપકલેશ સર્વદોષોને દૂર કરનાર છે તે તાપકલેશ વિનાનો અને સંસાર પ્રવાહના દોષવાળો છું. છતાં પણ પ્રથમથી લઇને અદ્યાવધિ પણ છું તો તમારો જ, એવો હું છું, એમ આના વડે નિવેદનકર્તા જીવનું સ્વરૂપ કહ્યું છે.

આ રીતે ગદ્યના પ્રથમ ભાગને નિવેદનકર્તા જીવના સ્વરૂપના વિવરણરૂપે વિચારતાં આથી સગદ્ય પંચાક્ષર વડે આત્મનિવેદન કરનાર અધિકારી કોણ, જીવ માત્ર ? કે પછી કોઇક વિશેષ પ્રકારના જીવો ? એમાં જીવમાત્ર પક્ષ દૂર થઇ જાય છે. કારણ કે કૃષ્ણનો વિયોગ એનાથી થનારો તાપકલેશ એ જીવમાત્રને હોતો નથી પરન્તુ પુષ્ટિ જીવોને જ હોઇ શકે છે. ગીતામાં ભગવાને બે સૃષ્ટિ બતાવી છે એક દૈવી સૃષ્ટિ અને બીજી આસુરી સૃષ્ટિ. દૈવી સૃષ્ટિવાળાઓ મોક્ષના અધિકારી છે. જ્યારે આસુરી સૃષ્ટિવાળા જીવો સદાકાળ બંધનને યોગ્ય હોય છે એમ ત્યાં સોળમા અધ્યાયમાં કહ્યું છે. તેમજ તે આસુરી જીવો મને ક્યારેય કોઇ પણ રૂપમાં પ્રાપ્ત નહિં કરીને અધમગતિને જ પામતા હોય છે એમ પણ કહ્યું છે. અત: આસુરી જીવોમાં કૃષ્ણવિયોગજ તાપકલેશ હોતો નથી. આસુરી જીવો એટલે માયાંશ જીવો, કે જેને નૃસિંહતાપિની ઉપનિષદ્ માં **"तथेयमपि स्वान्यतिरिक्तानि क्षेत्राणि दर्शयित्वा जीवेशावाभसेन करोति माया चाविद्या च स्वयमेव भवति"** વગેરેથી જણાવ્યા છે. તેમજ અન્યત્ર પણ **"मायेत्यसुराः"** થી કહેવાયા છે. જે ભગવદંશ જીવ છે તે જીવોને

જ ગીતામાં દૈવી નામથી અને જે માયાંશ જીવો છે તેને આસુરી નામથી ગીતામાં કહ્યા છે. અત: જે જીવો માયાંશ છે-માયાથી પ્રકટેલા છે તે જીવોને કૃષ્ણવિયોગ થવાનો પ્રશ્ન જ આવતો નથી. કારણ કે પૂર્વમાં યોગ વિના વિયોગ સંભવી શકે જ નહિં. 'વાછરડું ગાયથી જુદું પડી ગયું' એમ કહેતાં પ્રથમ વાછરડાનો ગાય સાથે યોગ હતો ત્યારે જ તે જુદું પડી ગયું એમ કહી શકાય છે. એવી જ રીતે જેને પ્રથમ કૃષ્ણયોગ હતો તે કૃષ્ણથી વિલગ થતાં તેને માટે કૃષ્ણવિયોગ પદ લાગી શકે. અત: જે માયાંશ - આસુરી જીવો છે તે આ બ્રહ્મસમ્બન્ધના અધિકારી નથી એ નક્કી છે. માયાંશ જીવોમાં તો આનંદની પણ સત્તા હોતી નથી તેથી આનંદનો પણ તેમનામાંથી તિરોભાવ થયો છે તેમ કહી શકાય નહિં.

જે દૈવીજીવો છે એ ભગવદંશ છે. અત: તે જીવો પૂર્વમાં સચ્ચિદાનંદ રૂપ હતા. પરંતુ **“पराभिध्यानात्तु तिरोहितं ततोह्यस्य बन्धविपर्ययौ”** (બ્ર.સૂ. ૩-૨-૫) આનાં ભાષ્યમાં શ્રીઆચાર્યચરણે લખ્યા મુજબ **“आनन्दांशस्तु पूर्वमेव तिरोहितः”** આનંદ-અંશ તો પૂર્વમાં જ એટલે કે વ્યુચ્ચરણ કાલમાં જ તિરોહિત થયો હતો અત: દૈવીજીવોમાં આનંદનો તિરોભાવ સાધારણ-પ્રવાહી દશામાં હોય છે.

દૈવી જીવો એટલે સાધારણ પ્રકારે અર્થ કરતાં દૈવીસંપદાવાળા, અથવા તો વેદમાર્ગે જેમની મુક્તિ છે એવા જીવો. આ દૈવી જીવોને શ્રીમહાપ્રભુના શબ્દોમાં કહેવામાં આવે તો પુષ્ટિમાર્ગીય જીવો અને મર્યાદામાર્ગીય જીવો. આ બન્નેનો સમાવેશ દૈવી સૃષ્ટિમાં થાય છે. આ જીવો વેદમાર્ગે મુક્ત થાવ એવી ભગવાનની ઇચ્છાથી જેનું જીવત્વ છે એ મર્યાદામાર્ગીય જીવ. અને આ જીવો મારા સ્વરૂપની સેવામાં ઉપયોગી બનો તેવી ભગવાનની ઇચ્છાથી જેમનું જીવત્વ છે એ પુષ્ટિમાર્ગીય જીવો કહેવાય છે. આની વિગતવાર ચર્ચા

પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણે કરી છે અને એનું વિશદ વિવેચન શ્રીપુરુષોત્તમચરણે ગ્રન્થ પરની પોતાની ટીકામાં ત્યાં જ કર્યું છે. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થનાં સ્વારસ્યે પુષ્ટિમાર્ગીય અને મર્યાદામાર્ગીય જીવોમાં બન્નેમાં મિશ્ર ભેદોનો પણ સમાવેશ સમજવાનો છે. એટલે કે પુષ્ટિ પુષ્ટિ, પુષ્ટિમર્યાદા, પુષ્ટિ પ્રવાહ, મર્યાદાપુષ્ટિ, મર્યાદા મર્યાદા, અને મર્યાદા પ્રવાહ એનો સમાવેશ દૈવી જીવોમાં સમજવાનો છે.

દૈવીજીવોમાં પુષ્ટિ-મર્યાદા બે પ્રકારથી દૈવી સર્ગનો પણ બે પ્રકાર વડે ભેદ સ્વીકારવો પડશે. કારણ કે બન્નેના પ્રાકટ્યમાં હેતુમાં ભેદ રહેલો છે. એકની ઉત્પત્તિ સ્વાર્થ છે અને બીજાની ઉત્પત્તિ અન્યાર્થ છે. સ્વાર્થ એટલે સ્વ એટલે ભગવાન, એમના અર્થે. એટલે કે પોતાની સેવાર્થે પુષ્ટિ જીવોનું પ્રાકટ્ય છે અને અન્યાર્થ એટલે અન્ય એટલે પરમાનંદ આનંદમય પુરુષોત્તમ શ્રીકૃષ્ણથી કોઇ અન્ય એવા અક્ષરરૂપમાં મુક્તિને અર્થે. આમ બે હેતુઓ હોવાથી ઉપનિષદોમાં પણ સાક્ષાત્ અને પરંપરાથી **“स आत्मानं स्वयमकुरुत”** (તૈત્તિરીય ઉપ.)અને **“तस्माद् वा एतस्माद् आत्मन आकाशः संभूतः”** (તૈત્તિરીય ઉપ.) આમ તૈત્તિરીય ઉપનિષદમાં પણ સાક્ષાત્ અને પરંપરાથી બે પ્રકારે સર્ગ ભેદ કહ્યા છે. તેથી કરીને બન્નેનાં ફલ પણ જુદા છે. એકનું ફલ કૃષ્ણયોગ છે અને બીજાનું ફલ અક્ષરયોગ છે. શ્રીઆચાર્યચરણ પુષ્ટિપ્રવાહમર્યાદામાં જ **“तस्मात् जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः। भगवद्रूप सेवार्थम्”** અત: દૈવીજીવોમાં પણ જે કૃષ્ણયોગવાળા છે તેને પુષ્ટિમાર્ગીય જીવ સમજવામાં આવે છે અને જે દૈવીજીવોને કૃષ્ણયોગ નથી માત્ર અક્ષરયોગ જ છે તેને મર્યાદા જીવ સમજવામાં આવે છે. તેવી જ રીતે **“वचसा वेदमार्गं हि पुष्टिं कायेन निश्चयः”** એ શ્રીઆચાર્યચરણની

ઉક્તિ અનુસાર પુષ્ટિસૃષ્ટિની રચના ભગવાને પોતાના શ્રીઅંગ વડે કરી છે અને કરે છે. તેથી જ કદાચિત્ અન્યમાર્ગીય જીવ ઉપર પ્રભુ વિશેષ અનુગ્રહ કરે છે ત્યારે તેને પોતાનામાં સમાવી લઇ તેણે ફરી પાછો પુષ્ટિસૃષ્ટિમાં પ્રકટ કરે છે. તેને ફરીથી પુષ્ટિ સૃષ્ટિમાં પ્રકટ કરવાનો અર્થ જ એ થાય છે કે તેને પોતાના અક્ષરરૂપમાંથી નહિં કિન્તુ પોતાના સાક્ષાત્ સ્વરૂપમાંથી પ્રકટ કરે છે. ત્યારે એ જીવ સાક્ષાત્ કૃષ્ણયોગવાળો થાય છે અને ભગવત્ કાર્યાર્થે તેનો સૃષ્ટિમાં ભૂતલ પર પ્રાદુર્ભાવ થતાં તે કૃષ્ણવિયોગવાળો થાય છે. અતઃ એવા કૃષ્ણવિયોગવાળા અથવા તો એ કૃષ્ણવિયોગજ તાપ-કલેશના તિરોભાવવાળા જીવોને બ્રહ્મસમ્બન્ધ દ્વારા પુનઃ એ તાપકલેશાનુભવ થાય છે. જ્યારે દૈવીજીવો પૈકી મર્યાદામાર્ગીય જીવોને કૃષ્ણયોગ જ નથી તો કૃષ્ણવિયોગજ તાપકલેશનો સવાલ જ રહેતો નથી. અતઃ મર્યાદામાર્ગીય જીવો પણ આ બ્રહ્મસમ્બન્ધના અધિકારી નથી એમ નિશ્ચય થાય છે. આ રીતે આ બ્રહ્મસમ્બન્ધના અધિકારી માત્ર પુષ્ટિમાર્ગીય જીવો જ છે કે જેઓ પ્રવાહમાં વહી ગયેલા છે અને પ્રવાહમાં રહીને પ્રવાહી જેવા થઇ ગયા છે તેમના જ ઉદ્ધારની ઇચ્છા કરીને તેમને ફરીથી પ્રવાહથી જુદા પાડી સાક્ષાત્ સ્વરૂપની જેમાં ભક્તિ હોય તેવા ભક્તિમાર્ગમાં તેમનો પ્રવેશ શક્ય બને તે માટે પ્રભુએ બ્રહ્મસમ્બન્ધ આત્મનિવેદન પ્રકારનો ઉપદેશ કર્યો છે. જેમ કાષ્ઠમાં તિરોભૂતરૂપે અગ્નિ રહેતા અને બહારથી તેને અગ્નિનો સંસ્કાર કરાતાં કાષ્ઠમાં પણ અગ્નિ પ્રકટ થઇ જાય છે. પરંતુ જેમાં તિરોભૂતરૂપમાં અગ્નિ નથી તેવા પથ્થરને સંસ્કારિત કરવા છતાં પણ તેમાં અગ્નિ પ્રકટ થતો નથી એમ લોકમાં જોઇ શકાય છે. તેવી જ રીતે જ્યાં પૂર્વમાં કૃષ્ણયોગ હતો ત્યાં જ કૃષ્ણવિયોગ સંભવી શકે અને તો જ કૃષ્ણવિયોગજ તાપકલેશ આવિર્ભૂત યા તિરોભૂત થઇ શકે છે. અતઃ બ્રહ્મસમ્બન્ધ ગદ્યમંત્રમાં જેમાંથી કૃષ્ણવિયોગજ તાપકલેશનો

તિરોભાવ થયો છે તેવો હું એટલે કે નિવેદનકર્તા જીવ એમ નિવેદનકર્તાના સ્વરૂપ વિચારથી આ નિવેદનનો અધિકારી પણ એ પ્રકારનો જ જીવ હોઇ શકે એ નક્કી છે.

(૩) શ્રીપુરુષોત્તમચરણ ત્રીજી વાત એ પણ સ્પષ્ટ કરે છે કે પુષ્ટિમાર્ગમાં પ્રભુનો તીવ્ર વિરહ તાપ જ જીવના સકલ અશુભ-દોષોને દૂર કરનાર છે. કે જે વાત રાસપંચાધ્યાયીમાં અન્તર્ગૃહગતા ગોપિકાઓના પ્રકરણમાં **'પોતાના પરમ પ્રિય ભગવાનનો સહી ન શકાય તેવો વિરહતાપ એનાથી જેમના સર્વ અશુભો, સર્વ દોષો ધોવાઇ ગયા છે એવી એ નિર્દોષ ગોપિકાઓએ પોતાના ગુણમય દેહનો ત્યાગ કરી ભગવત્ સાયુજ્યને પ્રાપ્ત કરનારી બની.** (ભાગ. ૧૦-૨૯-૧૦) આમ શ્રીભાગવતવચન અનુસાર ભગવાનનો વિરહ તાપ એ સર્વ અશુભ નિવારક છે. આ અશુભતા અથવા તો આ દોષ કૃષ્ણયોગ થવામાં રહેલી જીવની જે કંઇ અયોગ્યતાઓ છે તેને જ અહીં અશુભ નામથી કહેવાઇ છે. **“बलिष्ठाः अपि मद्दोषाः त्वत् कृपाग्रेऽतिदुर्बलाः”** શ્રીપ્રભુચરણની આ ઉક્તિ અનુસાર જીવના અન્ય વ્યવહારમાં અને શાસ્ત્રમાં બલિષ્ઠ દોષો પણ સર્વ સમર્થ પ્રભુના અનુગ્રહ બલ આગળ નગણ્ય છે. અતઃ જીવને ભગવત્ પ્રાપ્તિમાં સૌથી મહાન અશુભ જે કોઇ હોઇ શકે તો તે તેવા ભગવદ્ અનુગ્રહનો અભાવ જ છે. તેથી ભક્તના તીવ્ર વિરહ તાપને જોઇને જ પરમ કૃપાલુ પ્રભુ તે ભક્ત પ્રતિ અતિશય અનુગ્રહવાળા થઇને જેમાં જીવને કૃષ્ણવિયોગ દૂર થઇ કૃષ્ણયોગ થતો હોય તેવું ઉત્તમ ફલ પ્રદાન કરે છે. પરંતુ જે પ્રકારનો આ ગોપિકાઓને વિરહતાપ થયો એ પ્રકારનો વિરહતાપ દોષવાળા જીવમાં પણ ત્યારે જ સંભવી શકે છે કે જ્યારે અવતારદશા હોય અને કૃષ્ણ સાંનિધ્ય ઉપલબ્ધ હોય. તેવા વખતે ભગવદ્ વિરહ તાપનો હૃદયમાં પ્રાદુર્ભાવ થવો અને ચિત્તનું અન્યાકર્ષણ વગેરે બાધક તત્ત્વોનું નિરાકરણ

ભગવાનનાં સ્વરૂપ થકી જ થતું હોય છે. પરંતુ અત્યારના સમયમાં અવતારદશા પણ નથી અને કૃષ્ણ સાંનિદ્ય પણ નથી તેવી સ્થિતિમાં દૈવીજીવોના દોષોનાં નિરાકરણ માટે વર્તમાનમાં એ મુજબનો વિરહ તાપ ન હોઇ એ જીવોના પ્રતિબંધક દોષોનું નિવારણ કઇ રીતે શક્ય બને ? અને જો દોષો નિરાકૃત ન થાય તો તેમના વડે કરાયેલી સેવાનો ભગવાન વડે અંગીકાર ન થતાં ભક્તિમાર્ગમાં તેમનું ઉદ્ધરણ પણ કઇ રીતે શક્ય બને ? માટે પૂર્વથી પણ અધિક આધુનિક જીવો પર અનુગ્રહવાળા થઇને ભગવાને સેવા પ્રતિબંધક દોષોના નિવારણ માટે આ બ્રહ્મસમ્બન્ધાત્મક આત્મનિવેદનરૂપ અનુગ્રહ વિશિષ્ટ સાધનને પોતાની વાણી દ્વારા શ્રીમહાપ્રભુને ઉપદેશ્યું છે.

આ વાતને શ્રીહરિરાયજીનાં વાક્ય સાથે 'પ્રથમ સમ્બન્ધ વરણાત્મિકા પુષ્ટિ, મધ્યમા વેદોક્ત મર્યાદાથી યુત એવી ભક્તિમાં સ્થિતિ અને પરિણામે ફલરૂપપુષ્ટિ' એમ ત્રણ સાથે સરખાવતાં બ્રહ્મસમ્બન્ધ વડે ભગવાન સાથે સમ્બન્ધ થતાં જેમ ગંગામાં મળતાં પહેલાં જ જલના ગુણદોષ કહેવાય છે. પરંતુ તે ગુણવાળું કે તે દોષવાળું જલ ગંગામાં મળી જતાં તે જલને પણ ગંગા જ કહેવામાં આવે છે. પછીથી તેના ગુણ દોષનો વ્યવહાર થતો નથી. તેવી જ રીતે ભગવાન સાથે સમ્બન્ધ થતાં સર્વથા નિર્દોષ બ્રહ્મ છે અને પદાર્થોની બ્રહ્મતા થતાં પછી સમ્બન્ધ થતાં પહેલાં તેમાં રહેલા ગુણદોષોનો સમ્બન્ધ થયા પછીથી ગુણદોષરૂપે વ્યવહાર થતો નથી પણ ભગવદ્રૂપે જ વ્યવહાર થાય છે. તેથી જ આપણા સમ્પ્રદાયમાં સેવા સમ્બન્ધી પદાર્થો માટે લૌકિક પ્રયોગો થતા નથી પણ ભક્તિમાર્ગીય અલૌકિક પ્રયોગ જ કરાવામાં આવે છે. તેમજ તે પદાર્થો પ્રત્યે પણ ભગવાન સમાન જ આદર બુદ્ધિ રાખવામાં આવે છે કારણ કે તે બધું જ ભગવદ્રૂપ હોય છે. આ રીતે દૈવી જીવ બ્રહ્મસમ્બન્ધ વડે સેવાનો આરંભ કરે છે અને તે પોતાની સાધનદશામાં આસુરીપણું પ્રવેશી

ન જાય તે માટે વેદોક્ત મર્યાદાનું યથોચિત યથાશકય પાલનસહ ભગવદ્ ભક્તિમાં પ્રવૃત્ત રહે છે ત્યારે એનાથી એ સાધકના હૃદયમાં વિરહ ભાવોનું પ્રાકટ્ય થાય છે. કદાચ માનસી એ વિરહની જ કોઇક અવસ્થાને દર્શાવે છે અને જ્યારે પૂર્ણ વિરહતાપ પ્રગટ થાય છે ત્યારે એ જીવોને તેમના અધિકાર અનુસાર ઉત્તમોત્તમ પુષ્ટિફલ પ્રદાન કરે છે. આ ફલપ્રદાન કરવું એને જ શ્રીહરિરાયજીના શબ્દોમાં ફલસામયિકી પુષ્ટિ કહી છે. અત: આધુનિક જીવો માટે બ્રહ્મસમ્બન્ધથી આરંભી વિરહતાપના પ્રાકટ્ય પર્યન્તનો આ માર્ગ છે અને એને જ શ્રીદામોદરદાસજીની વાર્તાના પ્રસંગમાં '**યહ વિરહ-તાપકો મારગ હૈ** એમ કહ્યું છે' એટલે કે આ સમ્પ્રદાયમાં ભગવદ્ ઉપલબ્ધિમાં મુખ્ય સાધન એ વિરહતાપ છે અને એ વિરહ તાપનું પ્રથમ સાધન એ બ્રહ્મસમ્બન્ધ છે.

(૪) ચોથી વાત શ્રીપુરુષોત્તમજી જણાવે છે - જીવનો ભગવાન સાથે બ્રહ્મસમ્બન્ધ વડે જે સમ્બન્ધ થાય છે તે ભગવત્ સ્વામિકત્વનો સંબન્ધ થાય છે. એટલે કે જેમાં ભગવાન સ્વામી થાય તેવો સંબન્ધ કર્તાનો ભગવાન સાથે થાય છે અને એ સમ્બન્ધનું સ્વરૂપ પંચાક્ષર મંત્રમાં '**તારો**' શબ્દથી થાય છે. આ તારો શબ્દનુંજ વિવરણ ગદ્યમાં **દેહ-ઇન્દ્રિય-પ્રાણ** વગેરેથી આરંભી **હું દાસ છું** પર્યન્તમાં કરવામાં આવ્યું છે. આથી શ્રીહરિરાયજીના વાક્યમાં જે પ્રથમ વરણાત્મક સંબન્ધ થાય છે એમ કહ્યું છે ત્યાં વરણનું સ્વરૂપ શું તે પણ શ્રીપુરુષોત્તમજીની સ્પષ્ટતાથી સ્પષ્ટ થાય છે. અહીં જે વરણ છે તે સ્વકીયપણાએ એટલે કે જીવને પોતાના સેવક રૂપમાં ભગવાન વરણ કરે છે સ્વીકારે છે. સેવકનો ધર્મ જ છે કે સ્વામીની સેવા કરવી અને જ્યારે ભગવાન કોઇને સેવક તરીકે સ્વીકારે ત્યારે તે સ્વીકાર પોતાની સેવા અર્થે જ હોય છે અને તેવા સ્વીકૃત સેવક વડે કરાયેલી સેવા ભગવાન અંગીકાર કરે જ. તેથી તારો શબ્દથી

અને તેના ગદ્યસ્થ વિવરણથી આત્મનિવેદન કર્તા પોતે એના પરિકર સહિત સર્વનું ભગવદીયપણું-એટલે કે જીવ તર્ફે સ્વકીયપણું નહિં પણ તે બધાનું ભગવદીયપણું થાય છે. જેમ કોઇને એક મકાન અર્પણ કરવામાં આવે ત્યારે મકાનની સાથે મકાનમાં જડાયેલાં બારી બારણા વગેરે સર્વકાંઇ બધું જ આપોઆપ જેને મકાન અર્પણ કરવામાં આવ્યું છે તેની સત્તાનો સ્વીકાર થઇ જ જાય છે, તેમ હું તારો છું એમ સ્વીકારતાં આ મારું કે આ મારા એમાં આવતી બધી જ વસ્તુઓ પણ આપોઆપ તારી (ભગવાનની) થઇ જ જાય છે. તે પ્રકારે મંત્રમાં તારો એટલે શું એવો પ્રશ્ન થતાં ગદ્ય તેને સ્પષ્ટ કરે છે કે કેવલ નિવેદનકર્તા જ ભગવદીય બને છે એમ નથી પરંતુ તેની સાથે તેના મમતાસ્પદ સર્વ પદાર્થોનું પણ ભવગદીયપણું સિદ્ધ થાય છે. ભગવદીયપણું એટલે આ બધું ભગવાનનું - ભગવાનને જ આધીન છે અને આ સર્વના સ્વામી માત્ર ભગવાન જ છે તેવો સ્વામિપણાનો સંબન્ધ સ્થાપિત થવો. એટલે દેહથી આરંભી **પરલોક** પર્યન્તમાં કહેવાયેલ જીવના સર્વ મમતાસ્પદ પદાર્થો-પરિકર અને **હું દાસ છું** એટલે નિવેદન કર્તા પોતે આ બધા સહિત પોતાનામાં ભગવાનના સ્વામિપણાનો સ્વીકાર કરે છે.

જો કે અહીં એટલું સ્પષ્ટ જાણવું જોઇએ કે આ પ્રકારે નિવેદન કરવાથી જ જીવ ભગવાનનો દાસ બન્યો છે, એ પહેલાં એ દાસ ન હતો અને પોતે પોતાને જ સ્વાધીન-સ્વતંત્ર હતો તેમ નથી. શ્રીપ્રભુચરણ સિદ્ધાન્તમુક્તાવલીની ટીકામાં લખે છે - **"सेवा हि सेवकधर्मः, तदुक्त्या जीवानामशेषाणां सहजदासत्वं ज्ञापितम् भवति"** નિશ્ચય કરીને સ્વામીની સેવા જ સેવકધર્મ છે, એમ કહેવાથી સર્વજીવો ભગવાનના સહજદાસ છે એમ જણાવ્યું છે. અહીં શ્રીપ્રભુચરણના વાક્યમાં સહજ શબ્દ ઉપયોગ કરાયો છે અને એનો અર્થ થાય છે **"सह जातः सहजः"** એટલે કે સાથે સાથે ઉત્પન્ન

થયો હોય તે. અહીં જીવનું દાસપણું સહજ છે એમ કહેતાં જીવની નિત્યતા હોવાથી એ ઉત્પન્ન થયો એમ કહેવું બરાબર નથી તેથી દાસપણું જીવનું સહજ કેવી રીતે એવો પ્રશ્ન થાય તો તેનું સમાધાન શ્રીવલ્લભજી આજ સ્થળની ટીકામાં કરે છે કે - **"जननं सत्तेति ज्ञेयम्, जीवस्य नित्यत्वेन जननासम्भवात्, तथा च सहसत्ताकमित्यर्थः"** અહીં જનન છે તે સત્તાવાચક છે, જીવની નિત્યતા હોવાથી એનું ઉત્પન્ન થવું અસંભવ હોવાથી, અતઃ જીવની જેમ સર્વદા સત્તા છે તેમ તેની સાથે જ તેનું દાસપણું પણ સાર્વદિક-સર્વદાનું છે એમ અર્થ જાણવો આ રીતે જીવ ભગવાનનો નિત્ય દાસ છે. તે પૂર્વમાં પણ દાસ હતો, આજે પણ દાસ છે અને ભવિષ્યમાં પણ દાસ રહેશે. એટલે કે જીવ એની અવિદ્યાવાળી દશામાં, મુક્તદશામાં કે ગર્ભદશામાં (ગર્ભ દશા એટલે બ્રહ્મમાં લય થઇને રહેલી દશામાં) સર્વ દશામાં તે દાસ જ છે. અતઃ આ નિવેદન કરવાથી તે દાસ બન્યો છે તેમ નથી. તે દાસ જ હતો. છતાં પણ અવિદ્યાવશ તે પોતાના નિજ-દાસ સ્વરૂપને વિસ્મરીને પોતાનું દાસકર્મ છોડીને જે અહં-મમમાં સપડાયો અને તેવી દશામાં ઘણો કાલ વ્યતીત થઇ ગયો. તેથી નિવેદનકર્તામાં રહેલો અહંભાવ અને પોતાનાથી સંકળાયેલા પદાર્થોમાં તેનો રહેલો મમભાવ એને અસ્વીકારી પુનઃ પોતાના મૂલ દાસ સ્વરૂપનો અને મમતાસ્પદોમાં આ ભગવાનના છે તેનો સ્વીકાર-સંસ્કારરૂપે આ આત્મનિવેદન છે. જેમ ભૂલથી કોઇ બીજાની પડેલી વસ્તુને પોતાની માની ઉઠાવી લે પરંતુ આ મારી નથી - બીજાની છે એમ જાણતાં જેની વસ્તુ છે એ મૂળ માલિકને પાછી આપવામાંઆવે તેમ ભૂલથી પોતાનું માની લીધા પછીથી આ મારું નથી એમ જાણ થતાં શ્રીપ્રભુને તે વસ્તુઓ નિવેદન કરવામાં આવે છે એમ સમજવું.

(૫) પાંચમી વાત શ્રીપુરુષોત્તમજી ગદ્ય અને પંચાક્ષરમાં પ્રયોજાયેલ કૃષ્ણ પદની સ્પષ્ટતા કરે છે. પંચાક્ષર મન્ત્રમાં **હે કૃષ્ણ હું તારો છું** એમાં આવતો કૃષ્ણ શબ્દ અને ગદ્યમાં **ભગવાન કૃષ્ણ** એમાં આવતો કૃષ્ણ શબ્દ એ કયા અર્થે પ્રયોજાયો છે ? એ કૃષ્ણ કયા ? પ્રતિ અઠ્ઠાવીસમા દ્વાપરના અંતમાં કૃષ્ણ નામે થતો ભગવાનનો અવતાર કે પછી **“परंब्रह्म कृष्ण इत्यभिधीयते”** એ ગોપાલતાપિની ઉપનિષદમાં કહ્યા પ્રમાણે કૃષ્ણ નામથી પરબ્રહ્મનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે. અહીં શ્રીપુરુષોત્તમજી જણાવે છે મન્ત્રસ્થ જે **કૃષ્ણ** પદ છે એનું વિવરણ **ભગવાન કૃષ્ણ** એમ ગદ્યમાં કરવામાંઆવ્યુંછે. કૃષ્ણ નામ સાથે ભગવાન પદ જોડીને એ સૂચવવામાંઆવ્યુંછે કે આ કૃષ્ણ અંશ-કલા વગેરેથી થતો કોઇ અવતાર વિશેષ નથી પરંતુ સર્વ અવતારોના અવતારી અને નિરંકુશ સર્વ જગતના ઇશ્વર નિયંતા સ્વામી છે. અતઃ નિવેદન કરાયા પછીથી નિવેદિત વસ્તુનાં સ્વામી કૃષ્ણ છે એમ નથી પરંતુ સર્વ જગતના સર્વ કાલમાં સ્વામી અને નિયન્તા એકમાત્ર કૃષ્ણ જ છે. કોઇ પણ જીવ, કોઇ પણ વસ્તુને પોતાની માની અને હું એનો સ્વામી છું, માલિક છું, આ વસ્તુ મારા આધીન છે તેમ માનતો હોય ત્યારે પણ તે કોઇ પણ વસ્તુનો ખરા અર્થમાં નિયન્તા તો નથી જ બની શકતો . અને જયાં ક્યાંય પણ એનું નિયન્તાપણું દેખાય છે ત્યાં પણ એનું નિયન્તાપણું બીજાની સત્તામાં રહીને છે, સ્વતંત્ર નથી. જેમ કે સ્વર્ગનો સ્વામી ઇન્દ્ર છે અને તે સ્વર્ગલોકનો નિયન્તા ગણાય છે. છતાં પણ એનો કાલ પૂરો થતાં એણે ઇન્દ્રપદ મને કે કમને છોડવું પડે છે. ભલે આખા વિશ્વનો કોઇ ચક્રવર્તી રાજા હોય પણ એ પણ એનું આયુષ્ય પૂરું થતાં એ જગ્યા ખાલી કરવી પડે છે. પેલી સિકંદરવાળી ઉક્તિ કે સિકંદર જયારે મૃત્યુ શૈય્યા પર હતો, વિશ્વનું સામ્રાજ્ય એની સત્તામાં હતું, એણે જાહેરાત કરાવી કે જે કોઇ પણ એને આ મૃત્યુમાંથી ઉગારશે

તેને વિશ્વનું અડધું સામ્રાજ્ય મળી જશે. અને લોભથી ઘણા લોકો મથ્યા પણ ખરાં, પરંતુ જયારે કંઇ વળ્યું નહિં ત્યારે સિંકદરે પોતાની અંતિમ ઇચ્છા જાહેર કરી કે મારા મર્યા પછીથી મને દફનાવામાં આવે ત્યારે અંતિમ સમયની મારા અંતરની આ ઉકિત મારી કબર પર કોતરાવજો. અને તે ઉક્તિ છે -

इकट्ठे गर जहाँके जर सभी मुल्कों के मालिक थे
सिकंदर गया दुनियासे तो दोनों हाथ खाली थे

આ રીતે પોતાને સ્વામી માનેલાઓ પણ જગતની નાનામાં નાની વાતનું કે વસ્તુનું નિયંત્રણ કરવાની શક્તિ ધરાવતા નથી. અતઃ નિરકુંશ, નિયન્તા, સર્વતંત્ર સ્વતંત્ર સર્વનિયન્તા એ ભગવાન જ છે. અને એ ભગવાન પદ કૃષ્ણ સાથે જોડાયેલુ હોવાથી એ કૃષ્ણને નિવેદન કરવાથી એ નિવેદનનો અર્થ પોતાને અને પોતાના સર્વસ્વને કૃષ્ણાધીનતામાં સ્વીકારવું એ જ નિવેદનનો અર્થ છે. એટલે જીવ ભગવાનને નિવેદન કરીને કંઇ ઉપકાર કરતો નથી. કે જેમ કોઇ વ્યક્તિ પોતાની કોઇ વસ્તુ બીજાને આપી બીજાને ઉપકૃત કરે છે. બલ્કે ખરેખર આ નિવેદનથી એના પોતાના ઉપર જ ઉપકાર થાય છે. એ ભગવાનની વસ્તુને પોતાની માની લેવાના થઇ રહેલા અપરાધમાંથી અટકે છે.

પુરુષોત્તમજીની આ કૃષ્ણ પદની ચોખવટથી કૃષ્ણ વિયોગ પદનો અર્થ પણ વધુ સ્પષ્ટ થાય છે કે કૃષ્ણ વિયોગ એટલે કૃષ્ણાવતાર કાલમાં કૃષ્ણ સાથે રહેલો કોઇ જીવ ત્યાંથી અળગો થઇને આ ભૂતલ પર જન્મમરણના ફેરામાં ફરતો હતો એને અહીં કૃષ્ણવિયોગ કહેવામાં આવ્યું છે એમ નથી પણ કૃષ્ણવિયોગપદ પરબ્રહ્મ કૃષ્ણથી સૃષ્ટિના ઉદ્ભવ કાલમાં જે અળગો થયો તેને જણાવવામાં આવ્યું છે. રસનું એક દલ જેને વિપ્રયોગ કહેવામાં આવે

છે એમાં પણ ભગવાનની પ્રત્યક્ષ સ્થિતિ નથી હોતી. અને ગદ્યમાં કહેવાયેલ કૃષ્ણવિયોગમાં પણ ભગવાનની પ્રત્યક્ષ સ્થિતિ નથી. છતાં પણ બન્ને વચ્ચે ઘણું અંતર રહેલું છે અને તે એ છે રસના ઉત્તરદલ એવા વિપ્રયોગમાં ભગવાનની બહિઃ સ્થિતિ નહિં હોઇને પણ રસાત્મક આનંદમય પુરુષોત્તમની અંતઃસ્થિતિ તો હોય છે. જો એમ ન હોય તો એ વિપ્રયોગ રસમાં આનંદના બહિઃ - અંતઃ સર્વ પ્રકારના અભાવમાં એ રસનું ઉત્તરદલ હોઇ શકે જ નહિં, જ્યારે ગદ્યમાં કહેવાયેલ કૃષ્ણવિયોગમાં આનંદમયની અંતઃસ્થિતિનો પ્રશ્ન જ નથી જ્યાં આનંદાંશનો પણ તિરોભાવ કહેવાયેલો છે. અતઃ ગદ્યસ્થ કૃષ્ણવિયોગપદ રસદલરૂપે નથી પ્રયોજાયું પણ **"पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ"** (બ્ર.સૂ.૩-૨-૫) એ સૂત્રમાં જણાવ્યાં પ્રમાણે ભગવદ્ ધર્મોનો તિરોભાવ થઇ પરિણામે દુઃખકલેશવાળો જીવ બન્યો એ વિભાગને અહીં કૃષ્ણવિયોગ પદે કહેવામાં આવ્યું છે. જો રસાત્મક વિયોગ હોતે તો તાપ-કલેશનો તિરોભાવ થવાનો પ્રશ્ન જ રહેતે નહિં. અતઃ કૃષ્ણ એટલે પરમાનંદ અને એના વિયોગવાળો કહેવાથી પરમાનંદ વિહોણો જીવ એ રસરૂપ તાપકલેશને નહિં પણ દુઃખરૂપ કલેશને જ પ્રાપ્ત થાય.

આ રીતે શ્રીપુરુષોત્તમજીનાં વાક્યમાં ભગવાન કૃષ્ણ એ પદથી વિચારણા કરતાં ટીકાનો આ સ્થળનો અભ્યાસ કરતાં એમ જણાય છે કે શ્રીપુરુષોત્તમજી અહીં શ્રીગોપીજનવલ્લભ પદનો ક્યાંય કોઇ ઉલ્લેખ કરતા નથી. શ્રીગોપીજનવલ્લભ પદ છે નથી એમ બે માન્યતાઓ સમ્પ્રદાયમાં છે તેમાં શ્રીપુરુષોત્તમજીની ટીકામાં બાકીના બે પદ સાથે ત્રીજા પદનો સર્વથા અનુલ્લેખ એનાથી એમ સંભાવના વિચારી શકાય છે કે તેઓશ્રી આ પદને ગદ્યમાં ગ્રહણ કરતાં નથી. અમારું સૂરતનું ઘર એ શ્રીપુરુષોત્તમજીની પરંપરામાં છે અને અમારા સૂરતના ઘરમાં શ્રીગોપીજનવલ્લભ પદ ગ્રહણ કરવામાં આવે છે તો

એ મારી જાણની બહાર છે કે આ પદ અમારા ઘરમાં ક્યારથી અને કેવી રીતે ગ્રહણ કરાતું થયું.

◆ ◆ ◆

(૨) દ્વિતીય શ્લોક

મૂલ - **ब्रह्मसम्बन्धकरणात्सर्वेषां देहजीवयोः ।**
सर्व दोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधाः स्मृताः ॥२॥

સાન્વય પદાર્થ :- **ब्रह्मसम्बन्धकरणात्** (બ્રહ્મસમ્બન્ધના કરણથી) **सर्वेषां** (બધાનાં) **देहजीवयोः** (દેહ અને જીવના) **सर्वदोषनिवृत्तिः** (સર્વ દોષોની નિવૃત્તિ) (થાય છે) **हि** (નિશ્ચય કરીને) **दोषाः** (દોષો) **पञ्चविघाः** (પાંચ પ્રકારના) **स्मृताः** (સ્મરણ કરાયેલા છે.)

અર્થ :- બ્રહ્મસમ્બન્ધના કરણથી સર્વના દેહ અને જીવના સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. નિશ્ચય કરીને દોષો પાંચ પ્રકારના સ્મરણ કરાયેલા છે.

ગ્રન્થ વિવરણ :- પ્રથમ શ્લોકમાં ભગવાન વડે કહેવાયેલા અક્ષરે અક્ષરને આ ગ્રન્થ વડે કહેવાની પ્રતિજ્ઞા શ્રીઆચાર્યચરણે કર્યા બાદ હવે આ બીજા શ્લોકમાં પોતાની સમક્ષ પ્રકટ થયેલા શ્રીકૃષ્ણે પોતાની વાણી વડે જે કંઇ પણ કહ્યું તે બીજાથી આરંભીને સાડા આઠમા શ્લોક પર્યન્તમાં કહેવામાં આવે છે. બ્રહ્મસમ્બન્ધ કરવાથી સર્વના દેહ તથા જીવ સમ્બન્ધી સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. અને તે દોષો પાંચ પ્રકારનાં છે. એમ ભગવાન વડે કહેવાતાં ઉક્ત વાક્યમાં બ્રહ્મસમ્બન્ધ કરવાથી. આટલાં વાક્યને પહેલાં વિચારી લઇએ કે બ્રહ્મસમ્બન્ધ કરવાથી એટલે શું ? આ બાબતમાં પ્રથમ સર્વ ટીકાકારોનો મત તપાસી લઇએ.

"ब्रह्मसम्बन्धकरणात्"

(૧) શ્રીગોકુલનાથજી લખે છે :- **"ब्रह्मसम्बन्धकरणं नाम एतन्मार्गीयाचार्य द्वारा भगवन्निवेदनम्"** **અર્થાત્ :-** બ્રહ્મસંમ્બન્ધ કરણ એટલે આ માર્ગના (પુષ્ટિમાર્ગના) આચાર્ય દ્વારા ભગવાનને નિવેદન કરવું તે.

(૨) શ્રીરઘુનાથજી પોતાની ટીકામાં જણાવે છે કે :- **"बृहत्त्वाद्ब्रह्मपुरुषोत्तमः तत्सम्बन्धस्तस्मिन्देहात्मनोर्निवेदनलक्षण स्तत्करणात्"** **અર્થાત્ :-** બૃહદ્ હોવાથી બ્રહ્મ નામે કહેવાતા પુરુષોત્તમ તેમનો સમ્બન્ધ એટલે કે પુરુષોત્તમમાં દેહ અને આત્માના નિવેદન લક્ષણવાળો સમ્બન્ધ તેને કરવાથી.

(૩) શ્રીકલ્યાણરાયજી પોતાની ટીકામાં જણાવે છે કે :-**"ब्रह्मसम्बन्धो नाम स्वमार्गाचार्यद्वारा भगवति निवेदनं तत्करणात् पुनः स्वयं जीवदेहादीनां भगवत्युपयोगकरणात् "** **અર્થાત્ :-** બ્રહ્મસમ્બન્ધ એટલે સ્વમાર્ગના એટલે કે પુષ્ટિમાર્ગના આચાર્ય દ્વારા ભગવાનમાં નિવેદન કરવું. અને તે નિવેદન કરીને સ્વયં પોતે જીવ દેહ વગેરેનો ભગવાનમાં ઉપયોગ કરવાથી દેહ જીવ વગેરેના સર્વદોષ નિવૃત્ત થાય છે.

(૪) શ્રીવ્રજોત્સવજી પોતાની ટીકામાં જણાવે છે કે :- **"ब्रह्मसम्बन्धकरणं नाम साक्षात्पुरुषोत्तमसम्बन्धकरणम् । तच्च श्रीमदाचार्यद्वारा शरणगमनपूर्वकम् । देहजीवयोः सर्वेषां च कोऽर्थः। तत्सम्बन्धिनां दारादीनां सर्वेन्द्रियप्राणान्तः-करणादीनां च प्रभोश्चरणे समर्पणेन केवलतदीयत्वकरणम् ।"** **અર્થાત્ :-** બ્રહ્મસમ્બન્ધકરણ એટલે સાક્ષાત્ પુરુષોત્તમનો સમ્બન્ધ કરવો. અને તે શ્રીઆચાર્ય દ્વારા શરણગમન પૂર્વક કરવો. સર્વ દેહ જીવના એટલે એનો શો અર્થ ? દેહ અને જીવના સમ્બન્ધમાં રહેલાં સ્ત્રી,

પુત્ર, ઘર આપ્તજન, વિત્ત, લોક અને પરલોક સમ્બન્ધી તેમજ સર્વ ઇન્દ્રિયો પ્રાણ, અન્તઃકરણ વગેરેને (સ્વાત્મ સહિત) પ્રભુનાં ચરણમાં સમર્પણ કરીને તે બધાનું જ તદીયપણું કરવું. તે બધાને જ કેવલ શ્રીકૃષ્ણના માનવા,સ્વીકારવા.

(૫) શ્રીગોકુલોત્સવજી પોતાની ટીકામાં જણાવે છે કે :- "देहजीवयोरुभयोः सम्बन्धिनां सर्वेषां ब्रह्मणः श्रीपुरुषोत्तमस्य सम्बन्धिकरणात्सर्वस्वसमर्पणेन तदीयत्वसम्पादनात्" **અર્થાત્** :- દેહ અને જીવ બન્નેનાં સમ્બન્ધી સર્વને સર્વસ્વ સમર્પણ વડે ભગવદીયપણાનાં સમ્પાદનરૂપે બ્રહ્મના એટલે કે પુરુષોત્તમના સમ્બન્ધવાળા કરવાથી.

(૬) શ્રીહરિરાયજી પોતાની ટીકામાં જણાવે છે કે:- "आदौ सम्बन्धकरणं कन्ययेव स्वयंवरे । स्वस्य सर्वपदार्थानां मनसा तेन योजनम् ॥ २६ ॥ सम्बन्धवत्या दूत्येव गुरुणा तत्कृतिर्भवेत् । सम्बन्धश्चापि निर्दोषस्तथा सर्वसमः स्मृतः ॥ २७॥ वह्नेरिवेति बोधाय प्रोक्तं ब्रह्मपदं पुनः । 'निर्दोषं हि समं ब्रह्मे'त्यत्रोक्तं तत्तथाविधम् ॥ २८ ॥ स्यात्प्रयुक्ते कृष्णपदे विषमत्वं गुणाहितिः । सम्बन्धे तादृशापेक्षा नास्ति दोषनिवारणात् ॥ २९ ॥ दोषमात्रनिवृत्त्यर्थं ब्रह्मसम्बन्ध उच्यते । गुणाधायकसम्बन्धः फलसामयिको मतः ॥ ३० ॥ तस्मिन्वाच्ये कृष्णपदं वाच्यं कृष्णः फलात्मकः । तत्सम्बन्धे स्वतः सिद्धे फलसंसिद्धिसंभवात् ॥ ३१॥ अपरा कृष्णसेवादिकृतिर्वैयर्थ्यमाप्नुयात् । अतः साधनसम्बन्धो विवाह इव लौकिके ॥ ३२ ॥ तेन निर्दुष्टतासिद्धिर्विधिनेव रतौ पुनः । ईदृक्सम्बन्धबोधाय प्रोक्तं ब्रह्मपदं पुरा ॥ ३३ ॥ विषमश्च हरिः कृष्णो न यायात्समतां यतः । हेतुसम्बन्धसम्बन्धात्कृष्णः साधनतां गतः ॥ ३४ ॥ ब्रह्मेति प्रोच्यते सर्वसमत्वाद्दोषनिर्हृतेः ।

व्यापकत्वं च सम्बन्धे तेनैव विनिरूपितम् ॥ ३५ ॥ करणोक्त्या न मुख्योत्र भावित्वान्मानसी कृतिः । युक्तः प्रथमसम्बन्धो भावात्मा भावरूपिणा ॥ ३६ ॥ अग्रिमोपि तथाभूतः सर्वथा नात्र संशयः । विशेषः परमेतावान् प्रथमो मानसो मतः ॥ ३७ ॥ सर्वेन्द्रियैस्तथा चान्तःकरणैरात्मनापि हि । साक्षात्स्वरूपसम्बन्धो द्वितीय इति निश्चयः ॥ ३८ ॥ परं तत्रेन्द्रियादीनां कृत्यादीनां च सर्वथा । भावात्मकत्वं मन्तव्यं तादृग्रूपानुभूतितः ॥ ३९ ॥ अप्राकृतत्वं चैतद्धि बोध्यं स्यादिन्द्रियात्मनाम् । मानसे पूर्वसम्बन्धे या कृतिस्तनुवित्तजा ॥ ४० ॥ सा हि साधनतां प्राप्ता प्राकृतेन्द्रियदेहजा । तथोक्तमस्मदाचार्यैस्तत्सिद्ध्यै तनुवित्तजा ॥ ४१ ॥ एतादृशस्य योगस्य सकृत्करणमात्रतः । अयोग्यानां च योग्यानां सर्वेषामधिकारिणाम् ॥ ४२ ॥ स्त्रीशूद्रद्विजबन्धूनां ब्राह्मणादेरपि स्वतः । ज्ञानाज्ञानविभेदेन हीनमध्याधिकारिणाम् ॥ ४३ ॥ श्रीकृष्णसात्कृतासूनामुत्तमाधिकृतावपि । भवति ब्रह्मसम्बन्धः समत्वात्सकलान्प्रति ॥ ४४ ॥" **અર્થાત્** :- પ્રથમ જે સમ્બન્ધ કરવામાં આવે છે તે સ્વયંવરમાં કન્યાની માફક (જેમ કન્યા સ્વયંવરમાં ઉપસ્થિત ઘણા બધા કન્યા સાથે વિવાહ કરવા ઉત્સાહ ધરાવતા રાજાઓ અને રાજકુમારોમાંથી એકનું વરણ કરે છે તે રીતે) એમ બ્રહ્મસમ્બન્ધમાં પ્રથમ પોતાના મનથી સર્વ પદાર્થોનું ભગવાનમાં યોજવું. તે મન વડે કરવામાં આવેલી યોજના પણ ત્યારે જ કૃતિરૂપ થાય છે જ્યારે તે યોજના ગુરુ દ્વારા કરવામાં આવે. ગુરુ પણ પાછા ભગવાનનું (સ્વામિપણાથી) વરણ કરવાનું છે તે ભગવાનનાં સમ્બન્ધવાળાં હોવા જોઇએ. (તેમના ભગવાન સાથેના સમ્બન્ધથી જ જીવનો ભગવાન સાથે સમ્બન્ધ થાય છે.) જેમ કોઇની સાથે સમ્બન્ધ કરવામાં દૂતિ એ મુખ્ય સાધન બને છે. પરંતુ એ ત્યારે જ બને છે જ્યારે એ દૂતિ પ્રિય સાથે કોઇને કોઇ પ્રકારે સમ્બન્ધ

ધરાવતી હોય. સમ્બન્ધ પણ બન્નેની નિર્દોષતા હોતાં નિર્દોષ સમ્બન્ધ બને છે. અને બ્રહ્મ માટે શાસ્ત્રોમાં વિષમપણુ નથી, સર્વ સમપણું છે એમ કહેવાયું છે તેથી જેમ કોઇ પણ ગુણદોષવાળી વસ્તુ એનો અગ્નિ સાથે સમ્બન્ધ થતાં એ પોતાના ગુણ-દોષોને છોડીને અગ્નિરૂપ બની જાય છે. તેવી જ રીતે નિવેદનાત્મક સમ્બન્ધથી બ્રહ્મ સાથે સમ્બન્ધ થતાં જીવ અથવા તો પદાર્થો એ પણ બ્રહ્મરૂપ બની જાય છે એનો બોધ કરાવવા સમ્બન્ધ વિષયમાં બ્રહ્મ પદ કહેવાયું છે. **“निर्दोषं हि समं ब्रह्म”** અહીં કહેવાયેલ બ્રહ્મની સર્વથા નિર્દોષતા તેની સાથે સમ્બન્ધ થનાર દરેક વસ્તુ પણ નિર્દોષ થાય છે. કેવલ દોષોની નિવૃત્તિ અર્થે જ અહીં બ્રહ્મસમ્બન્ધ એમ કહેવામાં આવે છે. ભગવાન સાથેનો જે ગુણાધાયક સમ્બન્ધ છે તે સમ્બન્ધ તો ફલ સમયમાં જ કહી શકાય છે (એટલે કે આ આત્મનિવેદનથી થનારો સમ્બન્ધ એ માત્ર સેવામાં પ્રતિબન્ધક દોષોને જ દૂર કરનારો છે ત્યારબાદ શ્રીઆચાર્યઉપદિષ્ટ પ્રકારે ભગવત્ સેવા કરતાં જ્યારે સેવાથી સન્તુષ્ટ થયેલા પ્રભુ ફલદાન કરવા તત્પર થાય ત્યારે તે સમયે એ ગુણાધાયક સમ્બન્ધ થાય છે.) એ ગુણાધાયક સમ્બન્ધ જ્યારે થાય ત્યારે તે સમ્બન્ધને પછી બ્રહ્મસમ્બન્ધ નહિં પરંતુ કૃષ્ણ-સમ્બન્ધ એમ કહેવું જોઇએ. કારણ કે કૃષ્ણનામ એ ભગવાનના ફલાત્મક સ્વરૂપનું નામ છે. ફલાત્મક કૃષ્ણ સાથે તેવો ગુણાધાયક સમ્બન્ધ થતાં કે જે ગુણાધાયક સમ્બન્ધ કરવાથી થતો નથી પરંતુ સ્વતઃ એટલે ભગવાનના અનુગ્રહથી જ થઇ શકે છે. અને ત્યારે જ તેવો સમ્બન્ધ થતાં ફલની સારી રીતે સિદ્ધિ સમ્ભવ થાય છે. કૃષ્ણની અપરા સેવા (પરા એટલે માનસી અને અપરા એટલે તનુ-વિત્તજા) વગેરે જીવ વડે થનારી કૃતિ છે તે વ્યર્થ ન થાય. અતઃ જેમ લૌકિકમાં વિવાહ સમ્બન્ધ છે તેમ અહીં સાધનરૂપ સમ્બન્ધ છે. જેમ પ્રાયશ્ચિત્તાદિ વિધિ વડે દોષનિવારણ થાય તેમ અહીં આ

આત્મનિવેદન વિધિ વડે નિર્દોષપણું સિદ્ધ થતાં સેવામાં પ્રવેશ કરી જીવ ભગવત્ સેવામાં પ્રવૃત્ત થાય છે ત્યારે તેની ભગવાનમાં ગતિ થાય છે. આ પ્રકારના સમ્બન્ધને જણાવવા માટે પ્રથમ બ્રહ્મ પદ કહેવામાં આવ્યું છે. અહીં બ્રહ્મસમ્બન્ધકરણ એમ કરણ પદ કહ્યું હોવાથી આ મુખ્ય સમ્બન્ધ નથી પણ આના પછી મુખ્ય સમ્બન્ધ થશે તેથી જ આ માનસી કૃતિ છે. એટલે કે આત્મનિવેદન વખતે હું અને આ બધું ભગવાનનું છે એવો મનમાં ભાવ ધારણ કરવાનો છે. આના વડે ભાવાત્મા ભાવરૂપ ભગવાન સાથે જોડાવારૂપ પ્રથમ સમ્બન્ધ છે. તે જ પ્રકારે વિશેષ પ્રકારનો આગળ પણ સમ્બન્ધ થશે જ એમાં કોઇ સંશય નથી. પરંતુ અહીં સુધીનો એટલે કે આત્મનિવેદન કર્યા સુધીનો એ પ્રથમ સમ્બન્ધ છે અને એ માનસ સમ્બન્ધ છે (કેવલ મનનો) આત્માસહિત સર્વ ઇન્દ્રિયો વડે અને અન્તઃકરણ વડે સાક્ષાત્ સ્વરૂપનો સમ્બન્ધ એ બીજો છે તે નક્કી છે. પરંતુ ત્યાં ઇન્દ્રિયો વગેરે તેમજ કૃતિ વગેરે એનું સર્વથા ભાવાત્મકપણું છે એમ માનવું. કારણ કે ત્યાં તે પ્રકારે જ ભાવરૂપે જ અનુભૂતિ થતી હોવાથી. બીજા સમ્બન્ધમાં ઇન્દ્રિય-અંતઃકરણ વગેરે એ નિશ્ચય કરીને પ્રાકૃત નથી હોતાં પણ અપ્રાકૃત હોય છે એમ જાણવું. પ્રથમ જે માત્ર માનસ સમ્બન્ધ છે, એમાં જે કૃતિ તનુવિત્તજા સેવા છે, તે એટલા માટે સાધનરૂપમાં કહી છે કારણ કે તે કૃતિ તે સેવા પ્રાકૃત ઇન્દ્રિય અને દેહથી થનારી છે. તેથી જ શ્રીઆચાર્યચરણે પણ તે મુજબ જ સિદ્ધાન્ત મુકતાવલીમાં જણાવ્યું છે '**તે ફલરૂપા માનસીની સિદ્ધિને માટે તનુ-વિત્તજા સેવા કહી છે**' ચાહે અયોગ્ય હોય, ચાહે યોગ્ય હોય પરંતુ સર્વ કોઇ જે અધિકારવાળા છે તેવા સ્ત્રી, શૂદ્ર કે દ્વિજબંધુ હોય કે પછી બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય હોય, તેમાં જ્ઞાનવાળા કે અજ્ઞાનવાળાં એમ અનુક્રમે હીન તથા મદયમ અધિકારવાળા અથવા તો પછી જેણે પોતાના પ્રાણો કૃષ્ણથી

આત્મસાત્ કર્યા છે તેવા ઉત્તમ અધિકારવાળા એ સર્વ કોઇ માત્ર એક જ વખત આ પ્રકારનો યોગ કરવાથી (પુષ્ટિમાર્ગીય આત્મનિવેદનની વિધિપૂર્વક પોતાની યોજના કરવાથી) તે બધાને જ બ્રહ્મસમ્બન્ધ થાય છે. કારણ કે બ્રહ્મ એ સમ છે અને જીવો ભલે જુદા-જુદા પ્રકારના હોય પરંતુ ભગવાન તેનો અંગીકાર કોઇનો વધારે પ્રમાણમાં અને કોઇનો ઓછા પ્રકારે નહિં પરંતુ સમાન પ્રકારે જ અંગીકાર કરે છે.

(૭) શ્રીવિઠ્ઠલેશ્વરજી પોતાની ટીકામાં જણાવે છે કે "भगवद्भजनं कर्तुमुद्युक्तो यो जीवः स तत्कालं शुद्धो भवति । तस्य शुद्धजीवस्य मया सह सम्बन्धः कार्यः । अथवा, ब्रह्मणा मया सह सम्बन्धः कार्य । तत्सम्बन्धप्रकारा दशमस्कन्धे उक्ताः 'कामं क्रोधं भयं स्नेह'मिति श्लोके । तेषु षट्सु कामसम्बन्ध उत्तमः । कामसम्बन्धात् सकलदोषनिवृत्तिः । तत्र तत्सम्बन्धेन यथा कस्यचिद्राज्ञो दुष्कुला स्त्री कामसम्बन्धेन भजन्ती राजतुल्या स्यात्, तथा अनन्यत्वेन जीवो मां भजन् शुद्धः स्यात् । कामसंबन्ध इति किम् । साध्व्या आचारः, अथ च स्वैरिणीवत् नित्यनूतनभावेन भजनमिति । नवमस्कन्धे 'मयि निर्बद्धहृदयाः साधवः समदर्शिनः । वशे कुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथे'ति । एतेनानन्यत्वेन व्यभिचारिण्या भावमादाय भजनं विधेयमिति कामसम्बन्धः । .....यथा देहस्य जीवसम्बन्धात् सर्वदोषनिवृत्तिस्तथा ब्रह्मसम्बन्धकरणादिति । यथा जीवमन्तरेण देहः अपूर्णः, तत्सम्बन्धेन सकलगुणपूर्णः, तथा ब्रह्मसम्बन्धादिति । यथा जीवो देहदुःखेनातुरो भवति, तथाहं भक्तदुःखेनातुरो भवामीत्यर्थः ।"

અર્થાત્ :- જે જીવ 'ભગવદ્ ભજન કરવા માટે તત્પર થયેલો હોય તે તેજ ક્ષણે શુદ્ધ થાય છે. તેવા શુદ્ધ જીવનો મારી સાથે (ભગવાન

સાથે) સંબંધ કરાવવો. અથવા, મારીસાથે -બ્રહ્મ સાથે સમ્બન્ધ કરાવવો. તે સંબંધ પ્રકાર દશમ સ્કન્ધમાં **"कामं क्रोधं भयं स्नेहम्"** (૧૦-૨૯-૧૫) એ શ્લોકમાં કહ્યો છે. ત્યાં કામ વગેરે જણાવેલા છ પૈકી કામસમ્બન્ધ એ ઉત્તમ છે. કામ સમ્બન્ધથી સકલ દોષોની નિવૃત્તિ થાય છે. જેમ કોઇ નીચા કુળની સ્ત્રી કોઇક રાજાને કામસમ્બન્ધ વડે ભજે છે તો તેથી પણ રાજાના સમાન-રાજતુલ્ય થાય છે, તેમ અનન્યતાથી મારું ભજન કરતાં જીવ શુદ્ધ થાય છે. કામ સમ્બન્ધ એટલે શું ? સાદવી-સારા ઘરની અને સારા સંસ્કારવાળી સ્ત્રીનો આચાર. તે સ્ત્રીના આચાર પ્રમાણે અનન્યતાથી ભજવું એ કામસમ્બન્ધ છે. હવે જો કામસમ્બન્ધનો સ્વૈરિણી-સ્વચ્છન્દ, સ્વેચ્છાચાર કરનારી સ્ત્રીનો અર્થ લેવામાં આવે ત્યારે નિત્ય નવા-નવા ભાવો વડે ભજન કરવું એમ સમજવું. નવમ સ્કન્ધમાં કહ્યું છે કે - **'મારામાં જ જેમનું હૃદય બંધાયેલું છે એવા સમદર્શી સાધુજનો મને ભક્તિ વડે વશ કરી લે છે,'** જેમ સત્કુલોત્પન્ના સદાચારિણી સ્ત્રી સત્પુરુષ પતિને વશ કરી લે છે. આ વાક્ય મુજબ અનન્યતાનો ભાવ-આચરણ ધારણ કરીને વ્યભિચારિણી સ્ત્રીના ભાવને લઇ (નિત્ય નૂતન ભાવ વડે) ભજન કરવું એ કામસમ્બન્ધ છે........જેમ જીવના સમ્બન્ધે દેહના સર્વ દોષો નિવૃત્ત થાય છે, તેમ બ્રહ્મસમ્બન્ધથી જીવના સર્વ દોષ નિવૃત્ત થાય છે. જેમ જીવ વિના દેહ અપૂર્ણ છે, જીવસમ્બન્ધ દેહ સકલ ગુણોથી પૂર્ણ થાય છે, તેમ ભગવાન વિના જીવ અપૂર્ણ છે અને બ્રહ્મ સાથે સમ્બન્ધ થવાથી જીવ સકલ ગુણોથી પૂર્ણ થાય છે. જેમ જીવનો દેહ સાથે સમ્બન્ધ થવાથી દેહનાં દુઃખોથી જીવ પણ દુઃખી થાય છે, તેમ મારી સાથે સંબન્ધમાં રહેલા એવા મારા ભક્તોના દુઃખથી હું પણ દુઃખમાં આતુર થાઉં છું-હું પણ દુઃખી થાઉં છું

(૮) શ્રીપુરુષોત્તમજી પોતાની ટીકામાં જણાવે છે કે :-

“ब्रह्मसम्बन्धो नाम सर्वस्मिन् भगवत्स्वामिकत्वरूपः सम्बन्धः, तस्य करणं नाम भगवता आचार्यान् प्रति गद्येनोक्तो च आत्मसमर्पणप्रकारः, तद्रीत्या भगवति स्वात्मसहितस्वीयसर्वपदार्थानां भगवति तथात्वविज्ञापनम्। ‘स वै नैव रेम’ इति श्रुतेः, ‘क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते स्वाम्यं तु तत्र कुधियो पर ईश कुर्यु’ रित्यादिवाक्याच्च, वस्तुतः सर्वस्य भगवदीयत्वेपि ‘स वै नैवे’ त्यादिश्रुत्या रमणार्थं द्वितीयनिर्माणादिश्रवणात्तेनापादिता या तत्तत्पदार्थे जीवस्य स्वत्वस्वीयत्वाभिमतिस्तत्परित्यागेन तेषु भगवदीयत्वस्य विज्ञापनमिति यावत्। ” **અર્થાત્** :- બ્રહ્મસમ્બન્ધ એટલે બધામાં ભગવાનના સ્વામિપણાનાં રૂપમાં સમ્બન્ધ થવો, તે કરવો એટલે ભગવાને જે ગદ્ય વડે આત્મસમર્પણનો પ્રકાર ઉપદેશ્યો છે તે રીતે ભગવાનમાં સ્વ-આત્માસહિત પોતાના કહેવાતાં સર્વ પદાર્થોનું ભગવાનમાં નિવેદન કરવું. “स वै नैव रेमे” આ શ્રુતિના તેમજ “क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते स्वाम्यं तु तत्र कुधियो पर ईश कुर्युः” વગેરે વાક્યોથી વસ્તુતઃ સર્વ વસ્તુઓ ભગવદીય હોવા છતાં પણ શ્રુતિ વાક્યથી રમણને અર્થે દ્વિતીય નિર્માણ વગેરે કહેવાયેલું હોવાથી તે રમણાર્થ આપાદિત તેમાં તે તે પદાથોમાં આ હું અને આ મારું એવી જે અભિમતિ હોય છે, તે હું મારાપણાની બુદ્ધિના પરિત્યાગરૂપમાં તે પદાર્થોમાં ભગવદીયપણાએ-આ ભગવાનનું જ છે તે રૂપમાં ભગવાન આગળ વિજ્ઞાપન કરવું.

(૯) શ્રીગિરિધરજી પોતાની ટીકામાં જણાવે છે કે “अस्मिन्मार्गे यशोदोत्सङ्गलालितश्रीकृष्णस्यैवोपास्यत्वात् तस्य चाज्ञलोके अवतारमात्रभ्रमत्वादत्र तद्व्यावृत्त्यर्थं ब्रह्मपदोपादानम्। अथवा, भगवद्वाक्यार्थकथनाद्वेद इवात्रापि ब्रह्मपदम् । तथा च तेन ब्रह्मणा देहजीवयोर्यः सम्बन्धः स्वमार्गीयनिवेदनेन तदीयत्वसम्पादनलक्षणस्तत्करणात्” **અર્થાત્** :- આ માર્ગમાં યશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ જ ઉપાસ્ય છે. પરંતુ જે અજ્ઞાની-અજાણ લોકો છે તે લોકોમાં આ કૃષ્ણ એ અવતારમાત્ર છે એવો ભ્રમ હોવાથી અવતાર માત્ર કૃષ્ણ નહિં પરંતુ સાક્ષાત્ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ એમ જણાવવા બ્રહ્મ પદ યોજવામાં આવ્યું છે. અથવા જેમ વેદમાં ભગવાનને બ્રહ્મ કહેવામાં આવે છે તે જ આ કૃષ્ણ છે એમ જણાવવા અહીં બ્રહ્મ પદ યોજ્યું છે. તેથી કરીને સ્વમાર્ગીય નિવેદન વડે તદીયત્વનું જેમાં સંપાદન થતું હોય તે લક્ષણવાળો બ્રહ્મ સાથેનો દેહ અને જીવનો જે સમ્બન્ધ છે તે સમ્બન્ધ કરવાથી સર્વ એટલે દૈવી જીવો માત્રના સર્વ દોષો નિવૃત્ત થાય છે.

(૧૦) શ્રીલાલુ ભટ્ટજી પોતાની ટીકામાં જણાવે છે કે “ब्रह्मणा सह सम्बन्धः स्वस्वामिभावलक्षणो देहेन्द्रियप्राणान्तःकरणदारागारपुत्रादीनां आत्मनश्च तदीयत्वमिति यावत्। तस्य करणाद्गद्यसहितपञ्चाक्षरनिवेदनमन्त्रस्योपदेशेन स्फुटीकरणादित्यर्थः। यद्यपि जीवानां सहजहरिदासत्वेन स्वस्वामिभावसम्बन्धः सिद्धोस्ति, तथापि संसारदशायां बाहिर्मुख्येन विस्मृतः स एतेनोपदेशेन ह्याविर्भाव्यते। ‘क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते स्वाम्यं तु तत्र कुधियो पर ईश कुर्यु’ रित्यष्टमस्कन्धे विन्ध्यावलिवाक्यात् प्रपञ्चस्य सर्वस्यापि भगवत्क्रीडार्थनिर्मितत्वेन भगवदीयत्वात् प्रपञ्चान्तर्गतदेहादीनामपि भगवदीयत्वं वर्तत एव, तथापि ‘स्वाम्यं तु तत्र कुधियो पर ईश कुर्यु’ रित्युक्त्या कुधीत्वप्रयुक्तो देहादावहंममाभिमानः, स एतेन सगद्यमन्त्रेण नाश्यते, ततश्च तदीयत्वं स्फूटीभवति। सेयमात्मनिवेदनरूपा भक्तिः सर्वथा संपादनीया, ‘दारान् सुतान गृहान् प्राणान् यत्परस्मै निवेदनम् । एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् । मयि सञ्जायते भक्तिः

कोऽन्योर्थोस्यावशिष्यत'इति भगवद्वाक्यात् ॥" અર્થાત્ :- ભગવાન પોતાના સ્વામી છે તેવા સ્વામિભાવ લક્ષણનો બ્રહ્મ સાથેનો સમ્બન્ધ એ બ્રહ્મસમ્બન્ધ છે. એટલે કે દેહ-ઇન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ, સ્ત્રી, ઘર, પુત્ર વગેરેનું તથા પોતાના આત્માનું તદીયપણું તેવા સમ્બન્ધનું કરણ એટલે તેવો સમ્બન્ધ કરવો એટલે ગદ્ય સહિત પંચાક્ષર નિવેદન મંત્રના ઉપદેશ વડે તદીયપણું સ્ફુટ કરવું. યદ્યપિ જીવોનું સહજ હરિદાસપણું હોવાથી ભગવાન તેમના સ્વામી છે એ સિદ્ધ છે. તેમ છતાં પણ સંસાર દશામાં બહિર્મુખતાને લઇને એ વાતનું જીવને જે વિસ્મરણ હોય છે તે આ ઉપદેશ વડે જીવમાં ભગવાન પ્રત્યેનો સ્વામિભાવ આવિર્ભૂત થાય છે. **"क्रीडार्थमात्मन इदं"** એ વિંદ્યાવલિ વાક્યથી સંપૂર્ણ પ્રપંચ-જગત ભગવાનની ક્રીડા અર્થે જ નિર્મિત થયું હોવાથી જગતનું ભગવદીયપણું હોવાથી તે જગતમાં રહેલા દેહ વગેરે પણ ભગવદીય જ છે તેમ છતાં પણ **'તમારા સ્વામિપણામાં જ જગત રહેલું હોવા છતાં પણ જેને કુબુદ્ધિ થઇ છે એવો મારો પતિ બલિરાજા કુબુદ્ધિથી તમારાથી અલગ બીજાને ઇશ કરી રહ્યો છે અથવા તો માની રહ્યો છે.'** એ ઉક્તિ મુજબ કુબુદ્ધિને કારણે દેહ વગેરેમાં હું અને મારુંનું અભિમાન થાય છે. તે દુરભિમાન આ સગદ્ય મંત્ર વડે નાશ થાય છે. ત્યારબાદ તદીયતા સ્ફુટ થાય છે તેથી આ આત્મનિવેદનરૂપા ભક્તિ સર્વથા સંપાદન કરવી. કારણ કે ભાગવતના એકાદશ સ્કન્ધના **'સ્ત્રીને પુત્રને, ઘરને, પ્રાણને ભગવાનને નિવેદન કરવા'** એમ યોગેશ્વર વાક્યમાં તેમજ **'આત્મનિવેદન કરેલાઓ જ્યારે પૂર્વમાં કહ્યા મુજબ ભકિતમાર્ગીય ધર્મોનું અનુષ્ઠાન કરે છે ત્યારે તેને મારામાં ભક્તિ થાય છે, ત્યાર પછી એને બીજો કોઇ અર્થ અવશિષ્ટ રહેતો નથી'** એમ એકાદશ સ્કન્ધસ્થ ભગવદ્‌વાક્યથી આ આત્મનિવેદન ભકિતમાર્ગમાં આવશ્યક છે.

(૧૧) શ્રીશાચાર્ય મતાનુવર્તી પોતાની ટીકામાં લખે છે :- **"निर्दोषं हि समं ब्रह्माहम्, तस्मिन् सम्बन्धस्य करणात् साधकतमात् सगद्यपञ्चाक्षरकथनात् । अंशत्वेपि 'पराभिध्यानात्तु तिरोहितं, ततो ह्यस्य बन्धविपर्यया'विति भक्तिमार्गीयात्मसमर्पणापरपर्यायनिवेदनद्वारा सेवकत्वकरणादित्यर्थः ।"** અર્થાત્ :- જે સમ અને નિર્દોષ છે તેવું બ્રહ્મ હું (ભગવાન) છું તેમાં સમ્બન્ધ કરવાથી તે સમ્બન્ધ કરવાનું સાધન તેવા સમ્બન્ધનું ઉત્તમોત્તમ સાધન એ ગદ્ય સહિત પંચાક્ષર છે એનું વાણીથી કથન કરવાથી. યદ્યપિ પોતે ભગવાનનો જ અંશ છે છતાં પણ **ભગવાનના અભિદ્યાનથી (ભગવાનની સર્વતઃ ભોગેચ્છાથી) જીવમાંથી ભગવત્ત્વનું તિરોધાન થયું તેથી કરીને જીવને બન્ધ અને વિપર્યય એમ બે પ્રાપ્ત થયા'** એમ બ્રહ્મસૂત્રના ત્રીજા અધ્યાયમા જણાવ્યા મુજબ ભગવત્ત્વનાં તિરોધાનથી બન્ધ-વિપર્યય થયા છે. તેથી જેને બીજા નામે ભક્તિમાર્ગીય આત્મસમર્પણ કહેવામાં આવે છે તે નિવેદન વડે સ્વ અને સ્વીય સર્વમાં સેવકપણું -વૈષ્ણવપણું કરવાથી (બ્રહ્મસમ્બન્ધકરણ થાય છે) એમ અર્થ થાય છે.

આ પ્રકારે 'બ્રહ્મસમ્બન્ધ કરણ' બાબતમાં સર્વ ટીકાકારોનો મત જોતાં સર્વ ટીકાકારો એ વિષયમાં તો સર્વસંમતિ સાધી શક્યા છે કે સગદ્ય પંચાક્ષર મંત્રનો આ માર્ગના આચાર્ય દ્વારા ઉચ્ચારણપૂર્વક ભગવાનને સપરિકર (સ્ત્રી-ગૃહ-દેહ વગેરે સહિત) પોતાના આત્માનું નિવેદન કરવું એ 'બ્રહ્મસમ્બન્ધ કરવો' છે. તેમ સંબન્ધ સાથે જોડવામાં આવેલ બ્રહ્મપદ વિષયમાં પણ પ્રાયઃ દરેક અલગ-અલગ ભાવો જણાવ્યા છે, પરંતુ તે બધા જ એકબીજાથી અવિરોધી છે અને તે બધા જ ભાવો એકી સાથે ગ્રહણ કરીને અર્થ ગ્રહણ થઇ શકે છે. પરંતુ શ્રીહરિરાયચરણ બ્રહ્મપદ પ્રયોગ બાબત વિસ્તારથી એની ચર્ચા કરે છે અને તેમાં તેઓશ્રી બ્રહ્મસમ્બન્ધ

બાબતના કેટલાક ખુલાસા સુન્દર અને સચોટ રીતે પ્રસ્તુત કરે છે. તે આ મુજબ છે. :-

(૧) આ સમ્બન્ધ રસાત્મક પૂર્ણરસરૂપ શ્રીભગવાન સાથે થાય છે. અતઃ સમ્બન્ધોની રીત પણ રસમાર્ગ મુજબની હોવી જોઇએ. રસશાસ્ત્રમાં પ્રિય સાથે સમ્બન્ધ જોડવામાં દૂતિને ઉત્તમ સાધન તરીકે માનવામાં આવે છે. પોતાનો પ્રિય સાથે જ્યાં સુધી સમ્બન્ધ ન હોય અને પોતે સ્વયં તેની સાથે બાંધી શકતો ન હોય તેમજ આજને દિવસે તે વ્યક્તિ સાથે પોતાનો સીધો કે કાર્યોપયોગી કોઇ પણ પ્રકારનો સંબંધ ન હોય તેવી સ્થિતિમાં તે વ્યક્તિ સાથે સમ્બન્ધ ધરાવતી હોય એવી દૂતિ એટલે કે મધ્યસ્થ વ્યક્તિ વચમાં રહીને એક વ્યક્તિની ભાવનાને બીજી વ્યક્તિ સુધી ચતુરતાપૂર્વક મામલો બિચકાઇ ન જાય તે રીતે પ્રસ્તુત કરીને બીજી વ્યક્તિના મનમાં એક વ્યકિત માટે ભાવપ્રેમ આકર્ષણ ઉત્પન્ન કરે છે તેથી જ વાત્સાયન શાસ્ત્રમાં સ્વતંત્ર રૂપમાં દૂતિ પ્રકરણ આપવામાં આવ્યું છે. તેવી જ રીતે અહીં પણ ભગવાન સાથે સમ્બન્ધ ધરાવતો હોય અને દૂતીનું કાર્ય કરી શકે તેવું મધ્યસ્થ કોણ છે ? તો શ્રીહરિરાયજી જણાવે છે આ સમ્બન્ધ કરાવવાની કૃતિ ગુરુવર્ય શ્રીવલ્લભાચાર્ય દ્વારા જ શક્ય છે. ભગવાન સાથે સમ્બન્ધવાળા તો બીજા પણ ભગવદીય વૈષ્ણવો વગેરે હોય છે તો તેઓ પણ દૂતીનું કાર્ય કરી શકે છે તો પછી આ સમ્બન્ધ કેમ ફક્ત ગુરુ વડે જ જણાવ્યો છે ? તેથી જ સમ્બન્ધવાળી એમ જણાવ્યું છે. અહીં સમ્બન્ધવાળી પદથી સાધારણ સમ્બન્ધવાળી વ્યક્તિઓ છોકરા-છોકરીના સમ્બન્ધને જોડાવી શકતા નથી અને તેવા સાધારણ વ્યક્તિ દ્વારા સમ્બન્ધ જોડવાનો રસ્તો શોધવામાં આવે તો પણ તે પ્રસ્તાવ સ્વીકૃત થશે કે કેમ એમાં તો શંકા રહે છે. અને અત્યન્ત અન્તરંગ અને તે વ્યક્તિ પર પ્રભાવ કે લાગવગ ધરાવતી વ્યક્તિ જો મધ્યસ્થી કરે તો પછી સમ્બન્ધ પ્રસ્તાવ સ્વીકૃત થવામાં કોઇ શંકા જ હોતી નથી. ભગવદીયોનો - વૈષ્ણવોનો ભગવાન સાથે જે સમ્બન્ધ છે તે સાધારણ સમ્બન્ધ છે. અસાધારણ, પ્રભાવશાળી લાગવગવાળો સમ્બન્ધ નથી. વધારામાં વધારે એ લોકો પોતાના અર્થે પોતાના સમ્બન્ધી કોઇ વિષયથી ભગવાનને વિનંતી કરે યા કરી શકે પરંતુ જો કોઇ બીજાના અર્થે એ વિનંતી કરે તો ભગવાન ચોખ્ખા શબ્દોમાં રોકડું પરખાવી દે કે તું તારી પંચાત કર, બીજાની પંચાતમાં તો તું તારું પણ ખોઇ બેસશે. તેમજ એ પણ ન ભૂલવું જોઇએ કે એ ભગવદીય વૈષ્ણવનો ભગવાન સાથે સમ્બન્ધ પણ એમના પોતાના ભાવ કે સામર્થ્ય વડે નહિં પરંતુ તેમનો પણ ભગવાન વડે અંગીકાર ગુરુના માધ્યમથી જ રહેલો છે. જ્યારે અહીં શ્રીઆચાર્યચરણ એ સાક્ષાત્ શ્રીસ્વામિની સ્વરૂપ છે અને શ્રીસ્વામિનીથી વધારે બીજી કઇ ઉત્તમ લાગવગ ભગવાન વિષયમાં હોઇ શકે છે ! શ્રીહરિરાયજીની આ ઉક્તિથીઆધુનિક છેલ્લા કેટલાક સમયથી કેટલાક વૈષ્ણવો દ્વારા, કેટલાક શાસ્ત્રી-પંડિતો દ્વારા, કેટલાક મુખયાજી વગેરે દ્વારા, બ્રહ્મસમ્બન્ધ આપવાની વાત કર્ણોપકર્ણ સાંભળવા મળે છે. અને તે જો સાચું હોય તો એ સમ્પ્રદાય સિદ્ધાન્ત માન્ય નથી એ નક્કી થાય છે. તેવી જ રીતે શ્રીવલ્લભવંશજ વ્યક્તિ પણ જો માત્ર પોતાના તરફે જ અને પોતાના સ્વતંત્ર ગુરુત્વમાં બ્રહ્મસમ્બન્ધ કરાવે છે તો તે પણ સમ્પ્રદાય સિદ્ધાન્ત માન્ય નથી કારણ કે આવું ગુરુત્વ કેવલ માત્ર શ્રીઆચાર્યચરણનું જ છે અને તે બાબાત શ્રીહરિરાયજી જેવા પ્રાચીન મહાનુભાવોનો પણ આ જ મત છે.

(૨) બીજી વાત શ્રીહરિરાયજી જણાવે છે-જે પહેલાં પણ સંક્ષિપ્તમાં કહેવાઇ ગઇ છે તેને જ અહીં વધુ વિસ્તારથી કહી છે કે સમ્બન્ધ સાથે કૃષ્ણપદ નહિં જોડીને બ્રહ્મપદ જોડ્યું છે. એથી એમ સૂચિત થાય છે કે આ સમ્બન્ધ માત્ર દોષનિવૃત્તિરૂપ છે ગુણાધાયક

સમ્બન્ધ નથી. ગુણાધાયક એટલે ફલાનુભવ કરાવનારો. એટલે કે જે સમ્બન્ધથી ફલાનુભવ થાય તે ગુણાધાયક સમ્બન્ધ. જો એમ ન હોતે તો શ્રીઆચાર્યચરણે સ્વસિદ્ધાન્ત નિરૂપણમાં કૃષ્ણસેવા જણાવીને તે સેવાનું સ્વરૂપ ચિત્તની પ્રવણતારૂપ પરા-માનસી સેવાને જણાવીને ત્યારબાદ તેની સિદ્ધિને માટે અપરા તનુવિત્તજા સાધનરૂપ સેવા કહી છે તે કહેવું વ્યર્થ થઇ જાય. એટલે બ્રહ્મસમ્બન્ધથી દોષની નિવૃત્તિરૂપે ભગવત્ સેવાનો આરંભ છે અને તે આરંભ તનુ-વિત્તજા પ્રકારે સેવા કરવાનો છે અને તે કરતાં કરતાં ભગવાનના અનુગ્રહે જ્યારે માનસી સિદ્ધ થાય ત્યારે તે માનસી સેવા વૈષ્ણવને ફલાનુભવ પર્યન્ત લઇ જાય છે. ત્યારે તે માનસી સિદ્ધ થતાં વૈષ્ણવનો ભગવાન સાથે ગુણાધાયક સમ્બન્ધ કહેવાય છે. અને ત્યારે તે વૈષ્ણવને બ્રહ્મસમ્બન્ધી વૈષ્ણવની જગ્યાએ કૃષ્ણસમ્બન્ધી વૈષ્ણવ એમ કહેવામાં કોઇ આપત્તિ નથી. બલ્કે એમ કહેવું વધારે યોગ્ય છે. અતઃ શ્રીહરિરાયજી બ્રહ્મસમ્બન્ધને વિવાહ સંસ્કાર સાથે સાંકળે છે. જેમ લૌકિકમાં અપરિણીતા કન્યાને કોઇ બીજા પુરુષની સાથે પ્રેમપૂર્વક કે પ્રેમ વિના રહેવાનો અધિકાર નથી અને બેનાં વિશિષ્ટ સામીપ્ય વિના અથવા તો વિશિષ્ટ કારણ વિના પ્રેમ પાંગરવો પણ શક્ય નથી હોતો તેવી સ્થિતિમાં એ કન્યાનું કોઇ પુરુષ સાથે વિવાહ થતાં સાથે રહેવાનો જે અનધિકાર દોષ છે એ દોષ નિવૃત્તિ થાય છે અને વિના પ્રેમે કે સાધારણ પ્રેમે પણ પતિગૃહમાં રહી પતિ ભાવે પતિનું ભજન કરી શકે છે અને તેની કરેલી સેવાને પતિ સ્વીકારે પણ છે અને ત્યારબાદ સાથે રહેતાં રહેતાં પ્રેમ પાંગરી પણ જાય છે અને તેમજ તે ઘનિષ્ઠ પણ થાય છે. તેવી જ રીતે અહીં આ બ્રહ્મસમ્બન્ધ વિવાહરૂપ છે. જેમ ત્યાં સમ્બન્ધ વિના પતિભાવે સેવા કરવાનો અનધિકાર છે અને વૈદિક સંસ્કારનાં માધ્યમથી પતિ તરીકેનો સ્વીકાર કર્યા પછીથી પતિસેવાનો અધિકાર સંપાદન થાય છે તેમ અહીં લૌકિકતા

યા લૌકિક ભાવો એ ભગવાનના પતિભાવે ભજનમાં અનધિકારરૂપ દોષ છે. અને તેવાં અનધિકારે પતિભાવે ભજન કરવામાં આવે તો પણ તેનો ભગવાન સ્વીકાર કરતા નથી. જીવમાં લૌકિક ભાવ હોવાથી જે અનધિકાર છે તે અનધિકારને આ બ્રહ્મસમ્બન્ધ દૂર કરે છે અને બ્રહ્મસમ્બન્ધ વડે ભગવાનનું સંપૂર્ણ સ્વામિપણું ગુરુના માધ્યમથી સ્વીકાર કર્યા પછીથી ભગવાનનું પતિભાવે, સ્વામીભાવે ભજન કરવા માટે જીવનો અધિકાર સંપાદન થાય છે. ત્યારબાદ તેના વડે કરાયેલી સેવાનો પણ ભગવાન સ્વીકાર કરે છે.

(૩) ત્રીજી વાત શ્રીહરિરાયજી આ સ્થળે જણાવે છે કે અહીં બ્રહ્મસમ્બન્ધ સાથે કરણ પદ જોડાયેલું હોવાથી એટલે કે બ્રહ્મસમ્બન્ધ કરવાથી એમ કહ્યું હોવાથી આ પ્રથમ સમ્બન્ધ છે મુખ્ય સમ્બન્ધ નથી પણ મુખ્ય સમ્બન્ધ આગળ જઇને થશે, અત્યારે તો માત્ર માનસી કૃતિ છે. પોતાના મન વડે આ બધુ અને હું એ ભગવાનનું છે અને ભગવાનને નિવેદન કરું છું એ રીતે માત્ર મનમાં જ નિવેદન થાય છે અને એ રીતે ભાવરૂપે મનમાં જ રહેલા ભાવરૂપ ભાવાત્મા ભગવાન સાથે પ્રથમ સમ્બન્ધથી જોડાય છે. જ્યારે દ્વિતીય સમ્બન્ધ છે તેમાં તો સર્વ ઇન્દ્રિયો વડે તથા અન્તઃકરણ વડે તેમજ આત્મા વડે સાક્ષાત્ સ્વરૂપ સાથે સમ્બન્ધ થાય છે એટલે કે કેવલ મનમાં ભાવરૂપ રહેલા ભગવાન સાથે મનની કૃતિરૂપે એ સમ્બન્ધ નથી હોતો પરંતુ તે સમ્બન્ધમાં ભગવાનનાં સ્વરૂપ સાથે સાધકની ઇન્દ્રિયો-અન્તઃકરણ અને આત્માનો સમ્બન્ધ થાય છે. તે વખતે એ બીજા સમ્બન્ધમાં સાધકનાં ઇન્દ્રિયો વગેરે તથા તેની કૃતિ વગેરે પણ લૌકિક પ્રાકૃત નથી હોતાં પણ તે બધું જ ભાવાત્મક ભગવદ્રૂપ હોય છે અને એ ભાવાત્મક ભગવદ્રૂપ ઇન્દ્રિયો વગેરે વડે સાક્ષાત્ આનંદમય રસમય શ્રીકૃષ્ણનો સ્વરૂપાત્મક અનુભવ કરવાવાળો થાય છે. પ્રથમ સમ્બન્ધમાં એટલે કે બ્રહ્મસમ્બન્ધ વડે સિદ્ધ થતા

સમ્બન્ધમાં સાધકનાં દેહ-ઇન્દ્રિયો વગેરે લૌકિક-પ્રાકૃત હોય છે અને તે પ્રાકૃત દેહ-ઇન્દ્રિય વડે તનુ-વિત્તજા સેવા થતી હોવાથી તે સેવાને સાધનરૂપા કહેવામાં આવે છે. જ્યારે બીજા સમ્બન્ધમાં દેહ-ઇન્દ્રિય વગેરે અપ્રાકૃત હોય છે અને તે અપ્રાકૃત-ભાવાત્મક-અલૌકિક દેહ-ઇન્દ્રિય વગેરે વડે જ સાક્ષાત્ ભગવાનનાં સ્વરૂપ સાથે સમ્બન્ધ થઇ સાક્ષાત્ સ્વરૂપાનુભવ થાય છે તેથી એ બીજા સમ્બન્ધને -માનસી સેવાથી સિદ્ધ થતા સમ્બન્ધને ફલરૂપ કહેવામાં આવે છે. આ રીતે શ્રીહરિરાયજી સમ્બન્ધના બે પ્રકારો ભક્તિનાં સાધન ફલના બે પ્રકારો સાંકળીને જણાવે છે અને એ રીતે સમ્બન્ધનાં પણ તેઓ બે નામ સૂચવે છે. કે જેમાં પ્રથમ સમ્બન્ધ એ બ્રહ્મસમ્બન્ધ અને દ્વિતીય સમ્બન્ધ ફલાત્મક કૃષ્ણ નામ સાથે જોડે છે. કૃષ્ણ સમ્બન્ધ નામ આપે છે.

(૪) ચોથી બાબત શ્રીહરિરાયજી બહુ જ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થયેલા જીવો માત્ર બ્રાહ્મણ દેહમાં જ અથવા તો ઉચ્ચકુલમાં જ જન્મેલા હોય તેમ જરૂરી નથી. પરંતુ તેઓ ઉચ્ચવર્ણમાં , ઉચ્ચકુલમાં યા નીચવર્ણમાં યા નીચ કુલમાં પણ ઉત્પન્ન થયેલા હોય છે. તેઓ લૌકિક યા વૈદિક દૃષ્ટિમાં યોગ્ય પણ હોઇ શકે છે અને અયોગ્ય પણ હોઇ શકે છે. અતઃ પુષ્ટિભક્તિમાર્ગમાં પુષ્ટિભક્તિ અર્થે વર્ણ, કુલ કે ઇતર યોગ્યતાઓની અપેક્ષા રહેતી નથી. પરંતુ આ માર્ગમાં પુષ્ટિભક્તિ અર્થે માત્ર ભગવાનનો વિશેષ અનુગ્રહ હોવો એ જ આ માર્ગમાં અધિકાર છે. અતઃ ચાહે જીવ દેહધારકના રૂપમાં સ્ત્રી હોય, શૂદ્ર હોય કે દ્વિજબન્ધુ હોય, ચાહે તે બ્રાહ્મણ, ક્ષત્રિય યા વૈશ્ય હોય, ધનવાન હોય કે નિર્ધન હોય, ચાહે તે જ્ઞાની હોય કે અજ્ઞાની હોય પરંતુ તે આ માર્ગનો પુષ્ટિભક્તિનો ભગવદનુગ્રહ પ્રાપ્ત કરેલો અધિકારી હોય તો તેવા તમામ પ્રકારના અધિકારી લોકો - તેમાં ભગવદનુગ્રહ પ્રકારે ચાહે તે

ઉત્તમાધિકારી હોય, મધ્યમાધિકારી હોય યા હીનાધિકારી હોય, તે બધા જ (પુષ્ટિમાર્ગીય રીતે) બ્રહ્મસમ્બન્ધ કરવાના અધિકારી છે અને તેમને બ્રહ્મસમ્બન્ધ કરાવવું જોઇએ. આ વાતથી બીજી એક વાતનો પણ શ્રીહરિરાયજીનો અભિપ્રાય જાણી શકાય છે કે જીવના અધિકારનો વિચાર કરીને બ્રહ્મસમ્બન્ધ કરાવવું જોઇએ. ભલે તે ઉત્તમ -મધ્યમ કે હીન અધિકારવાળો હોય, ભગવદિચ્છાએ તેમને સેવાનું ફલ પણ તે મુજબ જ સેવાફલમાં જણાવેલ ત્રણ ફલો મુજબ ઉત્તમને અલૌકિક સામર્થ્ય, મધ્યમને કૃષ્ણસાયુજ્ય અને ત્રીજાને વૈકુંઠ-વ્રજ વગેરેમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિરૂપે થશે પરંતુ તે ફલ અધિકારીને જ થાય છે તેથી બ્રહ્મસમ્બન્ધ કરાવતા પહેલાં તે ભગવદનુગ્રહે પુષ્ટિભક્તિનો અધિકારી છે કે નહિં તેનો અવશ્ય વિચાર કરવો જોઇએ. જીવ અધિકારી છે કે નહિં તેનો વિચાર કઇ રીતે કરવો ? એ બાબત આગળ શ્રીપુરુષોત્તમજીની ટીકા વિચારતાં તેમાં કરીશું તેથી તે બાબત અહીં ચર્ચા કરવામાં નથી આવતી.

શ્રીપુરુષોત્તમજી મહારાજ પોતાની ટીકામાં બ્રહ્મસંબન્ધકરણ વિષયમાં જણાવે છે કે બ્રહ્મસમ્બન્ધ એટલે સર્વમાં ભગવાનના સ્વામિપણાના રૂપમાં સંબન્ધ થવો તે, અને તેનું કરણ એટલે ભગવાને શ્રીઆચાર્યચરણ પ્રતિ ગદ્યવડે કહેલો આત્મસમર્પણ પ્રકાર, એ રીતે ભગવાનમાં પોતાના આત્મા સહિત પોતાના કહેવાતા સર્વપદાર્થોનું ભગવાન આગળ વિજ્ઞાપન રૂપે નિવેદન કરવું તે. આ બાબતમાં પ્રથમ શ્રીપુરુષોત્તમજી પ્રશ્ન ઉઠાવે છે કે ઉપનિષદ્નાં તથા શ્રીભાગવતનાં વાક્યો અનુસાર કંઇ જીવ નિવેદન કરે ત્યારથી જ તે પદાર્થો ભગવાનના થાય છે તેમજ નિવેદન કરતાં પહેલાં જીવ પોતે સ્વતંત્ર હતો અને નિવેદન કર્યા પછી તેના ભગવાન સ્વામી થાય છે, તેમ નથી, તો પછી જો બધું જભગવાનનું જ હતું અને ભગવાનનું જ છે તો ભગવાનનું જ ભગવાનને સમર્પણ કરવાનો અર્થ શો ? ભગવાનનું

જ છે પછી હું તમને અર્પણ કરું છુ એમ કેવી રીતે કહી શકાય ? જે વસ્તુ પર આપણી સત્તાજ નથી, માલિકી જ નથી, બીજાની છે. તેનું આપણે કઇ રીતે સમર્પણ કરી શકીએ ? બ્રહ્મસમ્બન્ધ એ સંસ્કારરૂપ છે તો - તો પછી તે સંસ્કારોથી સંસ્કારિત થયેલી બુદ્ધિમાં પછી એવો જ નિશ્ચય થશે કે બ્રહ્મસમ્બન્ધ સેવાધિકાર રૂપ હોવાથી તે બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી જે ભગવત્સેવા પુષ્ટિભક્તિરૂપમાં કરવાની છે તેમાં પણ એવો જ વિવેક આવશે કે સેવાને અર્થે પણ સેવામાં નિવેદન કરવાનાં વસ્ત્ર, ફલ, અન્ન, આભૂષણ વગેરે પદાર્થો એ પણ કોઇ બીજાની સત્તાના હોય તે તેમની પાસેથી નિવેદનાર્થ માંગી સેવામાં ભગવાનને નિવેદન કરવું, તો શું તેવુ નિવેદન આવશ્યક છે ? તેમજ તેવું નિવેદન શું પુષ્ટિભક્તિમાર્ગીય છે ? જેમ મર્યાદામાર્ગમાં યજ્ઞરૂપ **દેવતાને ઉદ્દેશીને સ્વકીય દ્રવ્યનો ત્યાગ કરવો** એ ચિત્તગત દોષોને દૂર કરી ચિત્તની નિર્દોષતા-પાવકતા અર્થેનું આવશ્યક સાધન કહેવાયું છે, તો મર્યાદામાર્ગમાં પણ જ્યારે સ્વકીય-પોતાના સ્વત્વવાળા દ્રવ્યનો ત્યાગ દેવતા અર્થે કહ્યો છે ત્યાં પછી પુષ્ટિભકિતમાં પરકીય દ્રવ્યનું નિવેદન કઇ રીતે શ્રેષ્ઠ છે ? તેમજ બીજા માર્ગના નિવેદન પ્રકારમાં અને પુષ્ટિમાર્ગીય નિવેદન પ્રકારમાં અન્તર શું ? આવી બાબતોને ચિત્તમાં લઇને તે આધાર પર ભગવદીય પદાર્થનું ભગવાનને નિવેદન શા માટે જરૂરી છે તેવો પ્રશ્ન ઉઠાવીને તેનું સમાધાન શ્રીપુરુષોત્તમજી આપે છે કે -

ભગવાને સૃષ્ટિની રચના કરી છે તે પોતાની ક્રીડાને અર્થે કરી છે તે સર્વ શાસ્ત્ર સિદ્ધ વાત છે. ભગવાન વડે જે ભૌતિક રચના થઇ છે તે પંચમહાભૂતોની અથવા તો ૨૮ તત્ત્વરૂપમાં થઇ છે. એટલે કે બ્રહ્મ જે જગતરૂપમાં પરિણમ્યા તે પંચમહાભૂત અથવા તો ૨૮ તત્ત્વનાં રૂપમાં પરિણમ્યા છે, અતઃ એમાં ક્યાંય માયિકપણું નથી. પરન્તુ તેટલા માત્રથી જ ક્રીડા સંભવ ન હોવાથી જેમ ચેતન સૃષ્ટિમાં

ભગવદંશ જીવને અવિદ્યા વડે બંધન થઇ તે જીવ સંજ્ઞાને પ્રાપ્ત થયો, તેવી જ રીતે ભગવદ્રૂપ સૃષ્ટિને ગ્રહણ કરીને ભગવાનની શકિત માયાએ જે જગતનું રૂપ જુદા-જુદા આકાર-પ્રકારે પ્રસ્તુત કર્યું તેમાં એ જ તત્ત્વોને ગ્રહણ કરી ચેતન અર્થેના જુદા-જુદા શરીરો જીવ-જંતુ, પશુ, પક્ષી, મનુષ્ય વગેરે રૂપમાં તેમજ તેમાં પણ કાળા, ગોરા, કાબરચિતરા, વગેરે વિવિધ વર્ણોમાં, જાડા, પતલા, લાંબાં, ચુંકા, ઝીણા, મોટા સ્વરૂપમાં વગેરે પ્રકારે પ્રસ્તુત કર્યા, અને તેમાં જ દેહધારી ચેતનને ક્યારેક-ક્યાંક પુત્રરૂપમાં તો ક્યારેક -ક્યાંક પતિરૂપમાં તો ક્યારેક -ક્યાંક તેવા જ અન્ય-અન્ય પ્રકારે પ્રસ્તુત કર્યા. એજ પંચમહાભૂતોને ગ્રહણ કરીને ક્યાંક, પૃથ્વી-સ્વર્ગ વગેરે લોકરૂપમાં તો ક્યાંક ગૃહરૂપમાં તો ક્યાંક પાષાણ-કાષ્ઠ વિગેરે રૂપમાં તો ક્યાંક સુવર્ણ વિગેરે ધાતુરૂપમાં તો ક્યાંક અન્ન વિગેરે રૂપમાં પ્રસ્તુત કર્યા. તેવી જ રીતે યદ્યપિ દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ વગેરેથી અલગ ભગવદંશ ભગવાનનો શુદ્ધ ચેતન-અંશ હોવા છતાં પણ એને હું દેહ-ઇન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ વગેરે છું તેમ દેહાદિથી અભિન્ન ભાનવાળો તેને પ્રસ્તુત કર્યો. આ કારણથી ભગવદ્રૂપ સૃષ્ટિને ગ્રહણ કરીને માયાએ જે જગતનું રૂપ પ્રસ્તુત કર્યું તેમાં અવિદ્યાથી બદ્ધ એવો ભગવદંશજીવ અવિદ્યાને વશ થઇને તે સૃષ્ટિમાં દેખાતા પદાર્થોમાં હું અને મારું માનનારો થયો કે જે અવાસ્તવિક છે. બસ એ અહં-મમની અવિદ્યાજન્ય બુદ્ધિનો ત્યાગ કરી-પોતાનામાં તથા પોતાનું માની બેઠેલા પદાર્થોમાંથી હું, મારાપણાનું અભિમાન ત્યાગીને તે બધામાં આ બધું જ મૂલતઃ ભગવાનનું જ છે-એના સ્વામી માત્ર ભગવાન જ છે અને આ બધું જે કંઇ પણ છે એ ભગવાન અર્થે જ છે, બીજા કોઇ હેતુથી નથી એમ સ્વીકાર કરી તે બધાનું ભગવાન આગળ વિજ્ઞાપન કરવું એ આત્મનિવેદન છે. આ રીતે પુષ્ટિમાર્ગીય આત્મનિવેદન એટલે સ્વાત્મસહિત જગતની સર્વ

વસ્તુને ભગવદીય રૂપમાં સ્વીકારી તેમાંથી હું-મારું નું અભિમાન ત્યાગી તેમાં ભગવાનના સ્વામિપણાનો સ્વીકાર ગુરુદ્વારા ભગવાન સમક્ષ વિજ્ઞાપનપૂર્વક અને તે પણ ગદ્યમાં ભગવાન વડે કહ્યા મુજબ અને તે જ અક્ષરોમાં કરવું છે.

"देहजीवयोः सर्वदोषनिवृत्तिः"

દેહ અને જીવના સર્વદોષોની નિવૃત્તિ થાય છે.

અહીં શ્રીકલ્યાણરાયજી એક વિશેષ વાત કહે છે - **'નિવેદન કર્યા પછીથી ભગવત્સેવામાં દેહ-જીવનો ઉપયોગ કરવાથી, તેમાં જીવનો ભગવત્સ્મરણ વગેરે દ્વારા ઉપયોગ કરવાથી, દેહનો ભગવત્સેવા વગેરે કરવાથી તેમજ અન્ન-વસ્ત્ર વગેરેનો તે ભગવદ્‌ભોગનું સમ્પાદન કરનારા હોવાથી તે રૂપમાં ભગવાનમાં તેનો ઉપયોગ કરવાથી તે બધાના સર્વ દોષો નિવૃત્ત થાય છે'** શ્રીકલ્યાણરાયજીના આ કથન દ્વારા એમ જણાવવાનું તાત્પર્ય છે કે ગુરુદ્વારા બોલાવવામાં આવેલ ગદ્યમંત્ર માત્ર વાણીથી ઉચ્ચારણ માત્ર કરવાથી દોષો ચાલ્યા જાય છે તેમ નહિં, પરંતુ જે અર્થે દોષ નિવૃત્તિ અપેક્ષિત છે, અથવા તો જે અર્થે ગદ્યોકત આત્મનિવેદન દોષનિવૃત્તિ ભગવાને કહી છે તે ભગવત્સેવામાં દેહ-જીવ યા બીજા મારા કહેવાતા પદાર્થોનો ભગવાન અર્થે ઉપયોગ કરવાથી તે દોષો જાય છે. તેનો જ્યાં સુધી ભગવાનમાં ઉપયોગ કરવામાં ન આવે ત્યાં સુધી તે દોષોની સત્તા બની રહે છે. અતઃ આ રીતે બ્રહ્મસમ્બન્ધની પૂર્ણચરિતાર્થતા અને ઉપકારકતા એ ભગવત્સેવાથી જ છે એમ તાત્પર્ય જાણી શકાય છે. આ રીતે માત્ર બ્રહ્મસમ્બન્ધ કરેલો વ્યક્તિ છે તેટલું જાણીને બીજા વૈષ્ણવોએ તેની સાથે ખાન-પાન વગેરે વ્યવહાર કરી ન બેસવું કારણ કે તે જો સેવા ન કરતો હોય તો તેનો સંગ પણ દુષ્ટ છે ત્યાં ખાન-પાનની તો વાત જ ક્યાં કરવી ?

અથવા તો, બ્રહ્મસમ્બન્ધ કરવાથી સર્વ દોષનિવૃત્તિ મૂલમાં કહી છે તેથી નિવેદનથી દોષનિવૃત્તિ તો બતાવવી જરૂરી છે. શ્રીકલ્યાણરાયજીના જ્યેષ્ઠ લાલજી શ્રીહરિરાયજી પણ આ સ્થળે એમ જ લખે છે કે - **'આ પ્રકારની યોજના એકવાર માત્ર કરવાથી પણ ત્રણે પ્રકારના અધિકારીને બ્રહ્મસમ્બન્ધ થાય છે, બ્રહ્મ સમ હોવાથી-તેમાં કોઇ પણ વિષમતા ન હોવાથી દરેકનો અંગીકાર તો સમાન જ -સ્વકીય રૂપમાં જ ભગવાન કરે છે'** શ્રીકલ્યાણરાયજી અને શ્રીહરિરાયજીનાં વાકયોને સાથે રાખી શ્રીકલ્યાણરાયજીના વાક્યની પંક્તિનો અર્થ કરતાં વિધિપૂર્વકનું બ્રહ્મસમ્બન્ધ-આત્મનિવેદન કરતાં દોષો જે ભગવાનના અનંગીકારરૂપમાં સેવામાં બાધકરૂપમાં હતા તે દોષોની સેવામાં બાધકતા દૂર થાય છે અને તે જીવ વડે થતી સેવાનો ભગવાન અંગીકાર કરે છે. અને જ્યારે તે પૂર્ણરૂપેણ સેવામાં પ્રવૃત્ત રહે છે ત્યારે ભગવત્સેવા એ દોષોના સમુદ્રમાં તરવા માટે નૌકા સમાન હોઇ તે દોષો તેને સ્પર્શી શકતા નથી જેમ નાવમાં બેઠેલા વ્યક્તિને જળ સ્પર્શી શકતું નથી. પણ જે ઘડીએ તે નાવથી નીચે ઉતરવા સમાન સેવાને ત્યાગે છે ત્યારે દોષોમાં ડૂબવાનું જ પરિણામ આંવે છે. આ વાતને શિક્ષાશ્લોકીમાં કહેવાયેલ શ્રીઆચાર્યચરણના વાક્યથી પણ સમર્થન મળે છે કે **'જ્યારે (જો) તમે ભગવાનથી બહિર્મુખ થશો ત્યારે (તો) કાળપ્રવાહમાં રહેલા તમારા દેહ-ચિત્તાદિ હોવાથી તમારા સર્વસ્વનો નાશ થશે'** શ્રીઆચાર્યચરણે આ વાક્ય જેમના પ્રતિ કહ્યું છે તે સર્વ આત્મનિવેદન કરેલા અને સેવામાં પ્રવૃત્ત લોકો છે. તેથી જ શ્રીઆચાર્યચરણ નિબંધમાં પણ જણાવે છે કે - **'સ્ત્રી વગેરે (પત્ની-પુત્ર-સંબંધી વગેરે) સેવામાં અનુકૂલ હોય તેમને સેવામાં જોડવા અને શેષ પ્રતિ ઉદાસીનતા સેવવી યા તેમનો**

ત્યાગ કરવો- ભગવાનથી વિમુખ એવા લોકોનો ત્યાગ એ ભક્તિમાર્ગમાં દોષરૂપ નથી' આજ વાત - ભગવદુપયોગે જ પ્રાણ પણ ધારણ કરવા અને ભગવદ્ અનુપયોગે પ્રાણો પણ ત્યાગવાની વાત શ્રીગોપિકાઓના ગોપીગીતસ્થ વાક્યોનો ભાવ પ્રકટ કરતાં સુબોધિનીમાં જણાવાયા છે. ગોપીગીતના પ્રથમ શ્લોકમાં **"त्वयि धृतासवः"** ના અર્થમાં શ્રીઆચાર્યચરણ લખે છે **'અમે (ગોપિકાઓએ) તમારા (ભગવાનના) અર્થે જ પ્રાણ ધારણ કરી રાખ્યા છે, અમારું એ પ્રાણધારણ કરવું તમારા કોઇ ઉપયોગમાં નથી એ જે ક્ષણે અમને માલૂમ પડશે તે જ ક્ષણે પ્રાણો અમારાથી ત્યજાઇ જશે'** આ રીતે ભગવન્નિવેદિત પદાર્થ પણ જો ભગવત્સેવામાં ભગવદુપયોગમાં ન આવે એટલે કે આત્મનિવેદન વખતે સર્વ કંઇ ભગવાનને નિવેદન કરી દેવા છતાં પણ તે પદાર્થો ભગવદ્ ઉપયોગથી જ જીવને માયા-અવિદ્યાના બંધનથી મુક્ત કરવા સક્ષમ બને છે. ઉદ્ધવજી કે જેઓ શ્રીપ્રભુના પરમદાસ છે તેઓ પણ ભગવદ્ ભુક્ત પદાર્થોને જ માયાતરણમાં એક માત્ર સાધન માને છે. અતઃ બ્રહ્મસંબન્ધ-નિવેદનથી જીવગત (જીવગત અને જીવસંબન્ધે રહેલ દેહગત) દોષોની સેવામાં બાધકતા દૂર થાય છે અને ત્યારબાદ સાધક પોતાના પ્રાકૃત લૌકિક દેહ-ઇન્દ્રિયોથી અને પ્રાકૃત અન્તઃકરણથી જે કંઇ પણ ભગવાનની સેવા કરે છે તે સેવાને શ્રીપ્રભુ અતિશય અનુગ્રહપૂર્વક દોષોને અવગણીને સ્વીકારે છે અને સેવામાં ભગવાનને નિવેદન કરાતા પદાર્થો પ્રભુ પ્રસાદરૂપમાં સેવકને આપે તેનાથી પોષિત દેહ વગેરે ના દોષો સર્વથા દૂર થઇ તે દેહ વગેરે પણ સર્વથા નિર્દોષ-અપ્રાકૃત બની સેવામાં (માનસીમાં) યોજાય છે અને ત્યારે સર્વથા સંતુષ્ટ પ્રભુ સેવકને સાક્ષાત્ સ્વરૂપાત્મક ફલ-પુષ્ટિફલ પ્રદાન કરે છે.

'સર્વ દોષનિવૃત્તિ' માં રહેલ સર્વ પદ માટે શ્રીહરિરાયજી લખે છે કે **'દોષો ધીમે ધીમે અલગ અલગથી ઘણા કાળે નિવૃત્ત થાય છે તેમ નથી પણ દોષો એક સાથે નિવૃત્ત થાય છે તે જણાવવા દોષોના નિવર્તન સાથે 'સર્વ' પદ જોડ્યું છે.'** એટલે કે બ્રહ્મસમ્બન્ધ માત્રથી જ સર્વદોષો નિવૃત્ત થાય છે. 'તે દોષો કોના અને કયા તો એમાં તેઓશ્રી જણાવે છે **'તે દોષો દેહના-જીવના, એટલે કે જે દોષોથી દેહ વગેરે અને જીવ દૂષિત - દોષવાળો થાય છે તે દોષો. આમાં જીવગત જે અશુદ્ધિ છે તે અવિદ્યાનાં બંધન થકી ઉત્પન્ન થયેલ અહંતા-મમતાત્મક તે સંસારથી ભગવાનની વિસ્મૃતિ થવી છે.' તેમાં બ્રહ્મસમ્બન્ધ થતાં (સેવામાં પ્રવૃત્તને) ભગવદ્વિસ્મૃતિનું કારણ એવા અહંતા-મમતાની નિવૃત્તિ થાય છે અને તે દોષ દૂર થતાં ભગવાનનો તાપક્લેશ અનુભવાય છે અને તે તાપક્લેશ વડે સર્વદાની ભગવત્સ્મૃતિ થાય છે.** તેઓશ્રી દોષનિવૃત્તિને એક મલિન કપડાની મલિનતા જલ વડે જવારૂપ શુદ્ધિ અને બીજી માટીના ઘડાને અગ્નિમાં પકવવાથી શુદ્ધતા થાય છે એમ બે પ્રકારો જણાવી આમાં બીજા પ્રકારની દોષનિવૃત્તિ -માટીના ઘડાના દષ્ટાન્ત મુજબની જાણવી જોઇએ. આમાં તેઓશ્રી કારણ આપે છે કે નિવેદન કરતી વખતે દેહ-જીવ સહિત સર્વ પદાર્થો દોષવાળા જ હોય છે, નિવેદનના પૂર્વ તે દોષોની નિવૃત્તિ કરી શુદ્ધિ માટે કોઇ બીજાં સાધન કરવામાં આવતાં નથી, અતઃ એનાથી એમ જાણી શકાય છે કે ભગવાન વડે દોષવાળા જ દેહ-જીવ વગેરેનો અંગીકાર કરવામાં આવે છે, અતઃ ભગવાન વડે અંગીકાર માત્રથી જ દોષોની નિવૃત્તિ થયા પછીથી તેના કૃષ્ણોપયોગથી એટલે કે તે દેહ-જીવ વગેરેનો કૃષ્ણમાં ઉપયોગ થવાથી દોષો જાય છે એ કહેવું વ્યર્થ હોવાથી કૃષ્ણમાં તેનો ઉપયોગ થવાથી તે બધાની બ્રહ્મરૂપતા થાય છે. જેમ શુદ્ધ માટીમાંથી જ ઘડો

બને છે અને તેના પૂર્વ જ માટીના દોષ નિવૃત્ત કરી દેવામાં આવે છે છતાં પણ માટીમાંથી ઘડો બન્યા પછીથી પણ તે માટી કાચી હોય છે એનો અગ્નિ સાથે સમ્બન્ધ કરાતાં ઘડામાં રહેલી માટી એ પરિપક્વ થાય છે ત્યારે એ ઘડો પાકી માટીનો ઘડો કહેવાય છે તેવી જ રીતે ભગવાનના અંગીકાર માત્રથી જ દેહ-જીવગત સર્વ દોષોની નિવૃત્તિ થઇ જાય છે અને તેનો કૃષ્ણમાં ઉપયોગ થતાં તાપ-ક્લેશના ઉદ્ભવથી તે બધું જ પાકી માટી જેવાં એમાં ક્યારેય કોઇ પણ પ્રકારે ફરીથી પાછાં દોષો ન પેસે તેવાં પરિપક્વ થઇ જાય છે. તેથી જ આ જ વાતને આજ ગ્રન્થમાં ગંગાના દૃષ્ટાન્તથી સમજાવવામાં આવ્યું છે. સારાંશમાં કોટિ સૂર્ય સમાન અગ્નિરૂપ ભગવાનના સમ્બન્ધથી સર્વ દોષોનું નિવારણ થાય છે, અને તે નિશ્ચિત થાય છે તે જણાવવા **હિ** પદ મૂકવામાં આવ્યું છે.

શ્રીગોકુલનાથજી પણ આ મુજબ જ ભગવાનનો અંગીકાર જ દોષોના અભાવનું કારણ છે એમ જણાવી તેવો પ્રશ્ન ઉઠાવે છે કે જેમ પૂજા માર્ગમાં પૂજાનાં પદાર્થોની ભૂતશુદ્ધિ વગેરે પ્રકારે શુદ્ધિ કરવામાં આવે છે તો પછી અહીં પદાર્થ માત્ર ભગવદીય બને એનાથી જ તે પદાર્થો કઇ રીતે શુદ્ધ થઇ જાય છે એમ પ્રશ્ન ઉઠાવી તેઓશ્રી સમાધાન આપે છે કે જેમાં કોઇ દોષ ન હોય તેના વડે જ, તેના સમ્બન્ધથી જ સર્વ દોષો નિવૃત્ત થઇ શકે છે. અને તેવા સર્વથા નિર્દુષ્ટ શ્રીકૃષ્ણ સિવાય અન્ય કંઇ પણ ન હોવાથી સર્વથા નિર્દોષપણું એ કૃષ્ણ સમ્બન્ધથી જ શક્ય છે. તેથી આ માર્ગમાં ભગવદીયપણું સર્વદોષની નિવૃત્તિનું કારણ છે.

'દેહ જીવના' એમ કહ્યું છે ત્યાં શ્રીવ્રજોત્સવજી જણાવે છે કે પ્રથમ દેહ પદ એટલા માટે યોજ્યું છે કારણ કે જીવ સ્વરૂપથી તો શુદ્ધ જ છે પરંતુ દેહસમ્બન્ધથી જ તેનું દુષ્ટપણું હોવાથી અહીં પ્રથમ દેહ પદ મૂક્યું છે.

શ્રીપુરુષોત્તમજી **'દેહજીવ'** પદનો અર્થ સ્થૂલ શરીર અને લિંગ શરીર એમ જણાવે છે. દેહ એટલે સ્થૂલ શરીર અને જીવ એટલે લિંગ શરીર. જીવ પદથી કેવલ ચેતન અર્થ નહિં જાણવો જોઇએ. પરંતુ શરીરથી વિશિષ્ટ થયેલો ચેતન સમજવું જોઇએ. એમ અર્થ કરી **"यद्वा"** એમ કહી વિકલ્પે બીજો અર્થ પ્રસ્તુત કરે છે જીવ પદથી અવિદ્યાના સમ્બન્ધવાળો ચેતન અંશ એમ જાણવો. અને દેહ પદથી સ્થૂલ અને લિંગ એમ બે દેહ સમજવા.

શ્રીપુરુષોત્તમજી સર્વદોષનિવૃત્તિ બાબતમાં એકદમ સ્પષ્ટ શબ્દમાં જણાવે છે કે અહીં જે સર્વ દોષનિવૃત્તિ કહી છે તે દોષોની સેવામાં પ્રતિબંધકતાના રૂપમાં જ કહી છે. દોષોની સ્વરૂપતઃ નિવૃત્તિ નથી કહી. આ સ્થળે તેઓશ્રી પ્રથમ પ્રશ્ન ઉઠાવે છે કે બ્રહ્મસમ્બન્ધકરણ માત્રથી જ બધાના દેહગત અને જીવગત સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. તો પછી બ્રહ્મસમ્બન્ધ કરેલો તે વખતે સર્વથા દોષ વિનાનો હોય છે અતઃ તે વખતે પ્રતિબંધ કરનાર કોઇ પણ કારણ તેમાં ન હોવાથી તે જ વખતે સેવા વડે તેણે મુખ્ય ફલની પ્રાપ્તિ કેમ થતી નથી. ગદ્યમાં તે મુજબના અર્થથી સમર્પણ કહેલું હોવાથી. અને જો તમે એમ કહો કે તેવું મુખ્ય ફલ તો ભગવાનની ઇચ્છાને આધીન છે. અને તેનું ભગવાન દાન કરે ત્યારે જ થઇ શકે. તો ભલે મુખ્ય ફલ ન થાય પરંતુ તેને સાયુજ્યની તો પ્રાપ્તિ થવી જ જોઇએ. કારણ કે તે વખતે કોઇ પ્રતિબંધ કરનાર તો છે જ નહિં. અને વળી પાછી સેવા પણ કરી છે અને એ સેવા ભકિત સાયુજ્ય આપે છે એમ પ્રમાણ સિદ્ધ હોવાથી તે સેવાની નિષ્ફલતા કહેવી પણ શક્ય નથી, વળી, આ મુજબ બ્રહ્મસમ્બન્ધ કર્યા પછી પણ બ્રહ્મસમ્બન્ધ પ્રાપ્ત દેહ-જીવમાં દોષો પ્રત્યક્ષ અનુભવવામાં આવે છે તેથી પણ દોષનિવૃત્તિ થઇ છે તે વાત સાથે વિરોધ આવે છે. આમ પ્રશ્ન ઉઠાવીને તેઓશ્રી સમાધાનમાં જણાવે છે કે આથી આગળના શ્લોકમાં જે 'પાંચ

પ્રકારના દોષો કહ્યા છે તે દોષો નહિં માનવા' એમ કહ્યું હોવાથી તે દોષોની બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી દેહ-ઇન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ અને જીવમાં તેમજ તેના ધર્મોમાં ભગવદીયપણું અનુસંહિત થતાં (મન્ત્ર-પાઠ મુજબ તેનું ઉચ્ચારણ થતાં) પૂર્વોક્ત સર્વના સ્વામી અને તે બધાનાં પ્રેરક ભગવાન જ છે એમ અનુસંધાન થકી તે બધામાંથી પોતાનાપણાની નિવૃત્તિ થઇ જાય છે. એમ તે દોષો સ્વરૂપતઃ રહીને પણ જેમ કે કોઇની પાસે કોઇ બીજાની વસ્તુ પડી હોય તેમ આ દોષોની સત્તા રહે છે. આ પ્રકારે રહેલા દોષો છે તે અર્થહીન હોવાથી આ દોષોની જે સેવા પ્રતિબંધકતા હતી તે પ્રતિબંધકતા દૂર થતી હોવાથી સેવા પ્રતિબંધકતાની જ નિવૃત્તિ અહીં નિવૃત્તિ શબ્દથી કહેવાનો અભિપ્રાય છે, સ્વરૂપતઃ નિવૃત્તિ કહેવાનો અભિપ્રાય નથી. અતઃ આ પ્રમાણે બ્રહ્મસમ્બન્ધ કર્યા પછી પણ તે દોષોની સ્વરૂપતઃ સત્તા રહેતી હોવાથી બ્રહ્મસમ્બન્ધ કરનારને ન તો સાયુજ્યની પ્રાપ્તિ થાય છે કે ન તેને મુખ્ય ફલની પ્રાપ્તિ થાય છે અને તે કારણે બ્રહ્મસમ્બન્ધ કર્યા પછી પણ તેનામાં દોષો પ્રત્યક્ષે અનુભવાય છે. આમ કહેવાથી બ્રહ્મસમ્બન્ધ કરવાથી દોષોમાં જે પ્રતિબંધ કરનારું સામર્થ્ય છે, એ સામર્થ્ય વિનાના દોષો થઇ જવાથી ભગવાન વડે સેવાનો અંગીકાર થાય છે એમ કહેવામાં, માનવામાં કોઇ આપત્તિ આવતી નથી. આમ કહેવાથી એવી શંકાને પણ અવકાશ નથી રહેતો કે આ પ્રકારની દોષ નિવૃત્તિ તો પ્રાયશ્ચિત્ત વગેરે ઉપાયોથી પણ સંભવ છે તો પછી બ્રહ્મસમ્બન્ધથી થતી દોષ નિવૃત્તિમાં શું વિશેષ છે ? (તો પછી યદિ કોઇ પોતાની દોષનિવૃત્તિ પ્રાયશ્ચિત્ત વગેરે ઉપાયોથી કરીને જો તે વ્યક્તિ પુષ્ટિમાર્ગીય રીતે ભગવાનની સેવા આરંભ કરે તો તેની કરેલી સેવાનો ભગવાન વડે પુષ્ટિમાર્ગમાં અંગીકાર થશે ?) આના સમાધાનમાં જ આ ગ્રન્થમાં આગળ કહેવાયું છે તે અનુસાર બીજા કોઇ પણ પ્રકારથી - બ્રહ્મસમ્બન્ધથી અતિરિક્ત બીજા કોઇ પણ

પ્રકારથી સર્વ દોષની નિવૃત્તિ શક્ય નથી. બીજા કોઇ પણ પ્રકારથી એટલે કર્મમાર્ગીય પ્રકાર, જ્ઞાનમાર્ગીય પ્રકાર અને ભક્તિમાર્ગીય પ્રકાર એ ત્રણેય પ્રકારોથી સર્વ દોષનિવૃત્તિ શક્ય નથી. કારણ કે દોષના હેતુ એવા કર્મ, દેશ અને કાલ એ ત્રણેયની પ્રાયશ્ચિત્ત કર્યા પછી પણ વિદ્યમાનતા રહેવાથી તેના સંયોગ અને સ્પર્શ વડે અથવા તો કર્મ, દેશ, કાલ વગેરેની વિદ્યમાનતાથી તેના વડે તેમજ લોકમાં થનારા સંયોગ અને સ્પર્શ વડે કરીને તે દોષોની ઉત્પત્તિ થવાની જ છે. જ્યારે બ્રહ્મસમ્બન્ધ કરાતાં તો જેને દોષો પ્રાપ્ત થયા છે તેવા જીવ-દેહ વગેરેમાં'ભગવદીયપણાના અનુસંધાનથી આ ભગવાનનું છે તેવા અનુસંધાનથી તેમાં પોતાના સમ્બન્ધની નિવૃત્તિ થઇ જવાથી જે દોષો છે તે અર્થહીન બની જાય છે. અર્થાત્ તે સેવા કાર્યમાં કે ભગવદ્ અંગીકારમાં સામર્થ્યહીન થઇને બાધક બની શકતા નથી. આ જ કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ એમાં જણાવેલા દોષ-નિવૃત્તિના સાધનથી સ્વતંત્ર-અલગ જ આ બ્રહ્મસમ્બન્ધ એ પુષ્ટિમાર્ગમાં દોષનિવૃત્તિનું સાધન છે.

શ્રીલાલુ ભટ્ટજી **'દેહ જીવ'** પદમાં દેહ શબ્દથી દેહ એ ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ એમ ત્રણેયનું ઉપલક્ષણ કરનાર હોવાથી બ્રહ્મસમ્બન્ધથી દેહ,ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ અને જીવ એમ સર્વ સમ્બન્ધી સર્વ દોષોની નિવૃત્તિ થાય છે, એટલું વિશેષ સમજાવે છે.

આ બીજા શ્લોક ઉપરના પ્રાચીન મહાનુભાવોના અભિપ્રાયો-અર્થઘટનો જોયા પછીથી સરવાળે એક વાત તો સમજી શકાય છે કે **'સર્વ દેહ-જીવના'** એમ કહેતાં સર્વ શબ્દથી બે વાતનું સૂચન થાય છે. (૧) એક તો સર્વ પદથી એમ સૂચિત થાય છે કે આ સગદ્ય પંચાક્ષર દ્વારા બ્રહ્મસમ્બન્ધ માટે વર્ણ, આશ્રમ, જાતિ, વય, દ્રવ્ય, વિદ્યા સ્ત્રી, પુરુષ, નપુંસક વગેરે કોઇ પણ હોય કે પછી તે દેવ-દાનવ-માનવ યા કોઇ પણ દેશનો કોઇ પણ વિભાગનો કે પછી

મનુષ્ય-પશુ-પક્ષી વગેરે કોઇ પણ દેહમાં રહેલો હોય કે પછી બ્રહ્મસમ્બન્ધ દીક્ષા પૂર્વ તે કોઇ પણ ધર્મસંમત કે ધર્મઅસંમત (ચોર-ડાકુ-વેશ્યા વગેરેનો) વ્યવસાય કરવાવાળો હોય, પુણ્યવાળો હોય કે પછી પાપવાળો હોય, વિદ્વાન હોય કે મૂર્ખ હોય તે બધા જ આ માર્ગમાં બ્રહ્મસમ્બન્ધ ઉક્ત વિધિથી કરી શકે છે અને બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી તે સ્વગૃહે પુષ્ટિરીતિથી પુષ્ટિપુરુષોત્તમની સેવા કરી શકે છે તેમજ સેવા દ્વારા ગુરુકૃપાએ માનસી સુધી પહોંચી ઉત્તમ પુષ્ટિફલને પામી શકે છે. બ્રહ્મસમ્બન્ધ કરવામાં કે પુષ્ટિફલ પામવામાં ઉપર જણાવ્યા મુજબની બાબતો તેના માર્ગમાં અવરોધરૂપ બની શકતી નથી. (૨) બીજી વાત એ સૂચિત કરી છે બ્રહ્મસમ્બન્ધ માટે ભગવાનના વિશેષ અનુગ્રહવાળો જીવ હોવો જોઇએ. તેવો જ જીવ બ્રહ્મસમ્બન્ધનો અને પુષ્ટિફલ પ્રાપ્ત કરી શકવાનો અધિકારી છે. ઉચ્ચકુલ, ઉચ્ચવર્ણ, ઉચ્ચ વિદ્યા યા ઉચ્ચ સંસ્કારોથી સમ્પન્ન તેમજ સન્માર્ગ પ્રવૃત્ત સદાચરણશીલ ખૂબ જ જપ-તપ-વ્રત-ઉપવાસાદિ કરેલો અનેક ગુણોથી સમ્પન્ન હોવા છતાં પણ તે જીવ જો વિશેષ ભગવદનુગ્રહવાળો ન હોય - તે જીવ પુષ્ટિમાર્ગીય (શુદ્ધ પુષ્ટિ કે મિશ્રપુષ્ટિ) ન હોય તો તેવાઓ પણ આ બ્રહ્મસમ્બન્ધના અને પુષ્ટિફલના અધિકારી નથી.

જે લોકો અધિકારી નથી તેવા લોકો માટે બ્રહ્મસમ્બન્ધનો વિધિ થઇને પણ તેમને કંઇ પણ ફલિત થતું નથી કારણ કે તેવાઓને વિધિ થઇને પણ બ્રહ્મસમ્બન્ધ થતો જ નથી. અહીં મુખ્ય યા અમુખ્ય જે કંઇ પણ અધિકાર છે તે ભગવદનુગ્રહથી જ છે, ઉચ્ચગુણો વગેરેનો અધિકાર બાબતમાં ક્યાંય જરા પણ ઉપયોગ નથી. અતઃ બ્રહ્મસમ્બન્ધ કરાવતાં પહેલાં જીવનો કેવો કેટલો અધિકાર છે તેની ચકાસણી કરીને ત્યાર બાદ જે અધિકારી હોય તેને બ્રહ્મસમ્બન્ધ કરાવવું જોઇએ. આ બાબતમાં શ્રીઆચાર્યચરણ સર્વનિર્ણય

નિબન્ધમાં એકદમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. ત્યાં પૂર્વમાં શ્લોકમાં ભક્તિમાર્ગની સર્વોત્તમતા બતાવી ભક્તિમાર્ગમાં પ્રવેશમાત્રથી જ પ્રવિષ્ટ જીવની કૃતાર્થતા સિદ્ધ થઇ જાય છે તેમ જણાવી ત્યાર બાદ આ માર્ગનો આચાર કે પ્રમેય શ્રુતિ-સ્મૃતિ વિરુદ્ધ ન હોવાથી આમાં પાષંડીપણાની ગંધમાત્ર પણ નથી એમ કહી ત્યારબાદ કહે છે-

सर्वथा चेद्धरिकृपा न भविष्यति यस्य हि
तस्य सर्वमशक्यं स्यान्मार्गेऽस्मिन् सुतरामपि ।
कृपायुक्तस्य तु यथा सिद्ध्येत् कारणमुच्यते ॥
(સર્વનિ.નિ.૨૨૯)

પૂર્વમાં કહેવાયેલો જે ઉત્તમોત્તમ ભક્તિમાર્ગ છે તે ભગવાનની કૃપાથી યુક્ત થયેલાઓ અર્થે જ છે, પણ જેમને સર્વથા શ્રીહરિની કૃપા પ્રાપ્ત નથી થઇ તેવાઓ યદિ અપેક્ષાકૃત સારા હોવા છતાં પણ તેમના માટે તો આ માર્ગમાં સર્વ કંઇ અશક્ય જ છે. આની વધારે ચોખવટ કરતાં શ્રીઆચાર્યચરણ આના પ્રકાશમાં જણાવે છે કે - **“परमत्र न सर्वेषां फलमुखाधिकारः, किन्तु येषु भगवत्कृपा कृपापरिज्ञानं च मार्गरुच्या निश्चीयते”** અહીં બધાનો જ ફલમુખ અધિકાર (એ પ્રકારનો અધિકાર કે ફલ પ્રતિ જેનું મુખ હોય) નથી હોતો, કિન્તુ જેના ઉપર ભગવત્કૃપા છે તે જ ફલમુખ અધિકારવાળો હોય છે અને ભગવત્કૃપા આ જીવ પર છે એનો નિશ્ચય એની આ માર્ગમાં કેવી કેટલી રુચિ છે તેના વડે અમારા દ્વારા નક્કી થાય છે. આથી આગળના શ્લોકમાં **“कृष्णसेवापरम्”** એમાં શિષ્ય - સાધકની યોગ્યતા જિજ્ઞાસા પદથી કહેવામાં આવી. ત્યાં આના આવરણભંગમાં શ્રીપુરુષોત્તમજી લખે છે - **“तत्राप्युत्कटा गुरुभक्त्यादरजनिका सुतरां तादृशस्यैवेति स एवाधिकारी । तेन ब्रह्मसम्बन्धोऽपि फलमुखस्तस्यैवेति सिद्ध्यति”** જિજ્ઞાસા હોવી એ

શિષ્યની યોગ્યતા છે. પણ તે જિજ્ઞાસા પણ ગુરુ પ્રત્યેની ભકિત અને આદરથી ઉત્પન્ન થયેલી એવી ઉત્કટ જિજ્ઞાસા હોય તે જ અહીં અધિકારી છે (ગુરુભકિત-આદર વિનાનો સાધારણ જિજ્ઞાસાવાળો નહિં). આથી એમ પણ સિદ્ધ થાય છે કે બ્રહ્મસમ્બન્ધ પણ ફલમુખ અધિકારીને જ થાય છે.

ઉપર મુજબનાં વાક્યોથી એટલું તો નિશ્ચિત થાય જ છે કે ભગવત્કૃપાનું પરિજ્ઞાન કર્યા પછી જ - જીવનો અધિકાર નિશ્ચય કર્યા પછી જ તેને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવી જોઇએ. અધિકાર નિશ્ચય માટે શિષ્યની આ માર્ગમાં રુચિ એટલે કે આ માર્ગે ચાલવાની ઇચ્છા, આ માર્ગમાં એનો રસ, આ માર્ગના સિદ્ધાન્તોમાં એને શ્રદ્ધા તેમજ એને પાળવામાં એની તત્પરતા, આ માર્ગના સેવ્યમાં એની નિષ્ઠા, આ માર્ગ સિવાય અન્ય માર્ગમાં જવાની એની પૂર્ણ અનિચ્છા, આ માર્ગના ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણમાં તેનો પૂર્ણ વિશ્વાસ, આ માર્ગ વિરોધી બાબતોથી, લોકોથી અને સાહિત્યથી અળગા રહેવાની તેની પ્રવૃત્તિ વગેરે બધા લક્ષણોથી તેની માર્ગરુચિનો પ્રકાર જાણી શકાય છે. બ્રહ્મસમ્બન્ધ કરાવનાર જો અલૌકિક-દિવ્ય ગુરુત્વ પ્રભુત્વથી સમ્પન્ન હોય ત્યારે તો તેને પોતાની અલૌકિક વિચક્ષણતાથી જ જીવના અધિકારનું પરિજ્ઞાન થઇ જશે, પરન્તુ જો બ્રહ્મસમ્બન્ધ કરાવનારમાં તેવી અલૌકિકતા અપ્રકટ હોય ત્યારે તો ગુરુસ્થાનીયે શિષ્યને સમજવા કેટલોક સમય લઇ સમજવાનો પ્રયત્ન જરૂરી બની રહે છે.

હું પોતે અંગત રીતે એમ માનું છું કે આપણા સમ્પ્રદાયમાં આજે શિષ્યસમુદાયમાંથી સાધનાનો વિચાર કે કલ્પના પણ રહી નથી અને માત્ર સાધનાનું એક અંગ દીક્ષા લેવાનું જ માત્ર શેષ રહી ગયું છે. અતઃ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા પણ સાધનાના આવશ્યક અંગ તરીકે લઇ રહ્યો છું તેવી સ્પષ્ટ સમજ શિષ્યવર્ગમાં ઊભી થવી જોઇએ.

આધુનિક શિષ્યવર્ગની નબળાઇઓને વિચારતાં આપણી સાધનાપદ્ધતિને પણ નવેસરથી ક્રમબદ્ધ અને તબક્કાવારની ગોઠવવી જરૂરી છે. જો કે આપણી પ્રાચીન રીતમાં પણ પ્રથમ તબક્કો શરણ દીક્ષાનો અને બીજો તબકો આત્મનિવેદન દીક્ષાનો એમ બે તબક્કા અને ત્યાર બાદ કમ અપરસમાં સેવાનો આરંભ અને આગળની કક્ષામાં મર્યાદા (મર્જાદી) કક્ષાનો તબક્કો તેમજ મિશ્રીભોગની સેવાથી આરંભ કરીને સખડી ભોગ ધરવા સુધીની કક્ષાનો તબક્કો વગેરે તબક્કાઓ જોઇ શકાય છે. પરન્તુ સેવા સાથે આનુષંગિક સિદ્ધાન્ત પાલનના નિયમોનું સાધનામાં સ્થાન હોવું જોઇએ તે જોવા મળતું નથી. ત્યારે કયા તબક્કામાં કોને કયા સૈદ્ધાન્તિક નિયમો બતાવવા અને તબક્કાઓનો શો પ્રકાર એમાં જો સમ્પ્રદાયમાન્ય કોઇ ચોક્કસ વિગત તૈયાર થઇ શકે તો સમ્પ્રદાયમાં સર્વત્ર સર્વનો એક જ ખ્યાલ બન્યો રહે. જો કે આની વધુ વિગતે ચર્ચા કયારેક અલગથી કરીશું. તેમ છતાં પણ સારાંશમાં એટલું તો નક્કી જ છે કે બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવાથી જ વ્યક્તિ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કહેવાય અને તે માટે જે આવે તે તમામને બ્રહ્મસમ્બન્ધ કરાવવાની પ્રથા જે પાછલા કેટલાંક વર્ષોથી પ્રચલિત બની છે તે બરાબર નથી જ. બલ્કે અષ્ટાક્ષર દીક્ષા તો હવે માત્ર ૪૦ દિવસ ઉપરનાં નાના બાળકો પૂરતી જ સીમિત બની રહી છે. મોટી ઉમર વાળાઓને તો સીધો બ્રહ્મસમ્બન્ધનો જ વિચાર આવે છે, એના મગજમાં અષ્ટાક્ષર દીક્ષાની તો કલ્પના પણ નથી આવતી.

* * *

(૩) તૃતીય શ્લોક

मूलम् : सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ।
संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कथञ्चन ॥ ३ ॥

સાન્વય પદાર્થ :- **सहजा** (સાથે જ ઉત્પન્ન થતા) **देशकालोत्थाः** (દેશ અને સમયથી ઊભા થનારા) **लोकवेदनिरूपिताः** (લોકમાં અને વેદમાં નિરૂપણ કરાયેલા) **संयोगजाः** (સંયોગથી ઉત્પન્ન) **स्पर्शजाः** (સ્પર્શથી ઉત્પન્ન) **च** (અને) **न** (નહિં) **मन्तव्याः** (માનવા) **कथञ्चन** (કોઇ પણ રીતે)

અર્થ :- સાથે જ ઉત્પન્ન થતા, દેશ અને કાલથી ઊભા થનારા, લોકમાં અને વેદમાં નિરૂપણ કરાયેલા, સંયોગથી ઉત્પન્ન, સ્પર્શથી ઉત્પન્ન, એ (પાંચ દોષો) કોઇ પણ રીતે માનવા નહિં (બ્રહ્મસમ્બન્ધ કર્યા પછી તેને સેવામાં બાધક માનવા નહિં.)

ગ્રન્થવિવરણ :- બીજા શ્લોકમાં જે દોષો બ્રહ્મસમ્બન્ધ કરવાથી નિવૃત્ત થાય છે કે જે દોષો દેહ અને જીવ સમ્બન્ધે છે તે કયા એ જિજ્ઞાસાની પૂર્તિમાં આ ત્રીજા શ્લોકમાં તે દોષો પાંચ પ્રકારના છે એમ જાણવા, એમ પાંચ દોષો અહીં જણાવવામાં આવ્યા છે. આ દોષો બાબત સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે.

(૧) શ્રીગોકુલનાથજી લખે છે :- **देहेन सहैव जायन्ते सहजाः । देहस्य पाञ्चभौतिकत्वात् । भूतेषु भगवत्सम्बन्धाभावात् दोषाः संभवन्ति, ते पूजामार्गे भूतशुद्ध्यादिना निराक्रियन्ते । तथैव पूजाप्रदेशेपि पूजार्थमासनादिशुद्धिविधानात्पूजाप्रदेशेपि दोषाः सन्ति । अन्यथा 'अपसर्पन्तु ते भूताः पवित्रं कुरु चासन' मित्यादिना तन्निराकरणं न स्यात् । तद्वत्कालेपि 'प्रातर्होमं च कृत्वैव कृत्वा वा ब्रह्मयज्ञकम् । यद्वा माध्याह्निकं कृत्वा पूजयेत्पुरुषोत्तम'मिति** मन्त्रराजानुष्टुब्विधानवचनात् । पूजायां नियतकालविधानात्तदतिरिक्तकालपूजाकरणे कालदोषोपि सम्भवति । अत उक्तं देशकालोत्था इति । 'पूजादिना ब्रह्मलोक'मिति वचनात्पूजाप्राप्यब्रह्मलोकेपि 'आब्रह्मभुवनल्लोकाः पुनरावर्तिनोर्जुने'ति वचनात्पुनरावृत्तिरूपो दोषस्तत्रापि निरूपितः । किञ्च, पूजायां पूजाङ्गत्वेनाग्निस्थापनपूर्वकवैदिकमन्त्रैर्होमविधानात्तत्रापि न्यूनातिरिक्तदोषः संभवत्येव । अन्यथा 'यस्य स्मृत्या च नामोक्त्ये'त्यादि प्रार्थनं न स्यात् । एवं लोकवेदोत्थान्निरूप्य संयोगजान्निरूपयन्ति संयोगजा इति । पूजायामभिषेकाद्यर्थं मन्त्रादिसंस्कृतशंखादिजलेष्वसंस्कृतजलादिसंयोगे संयोगजो दोषो भवति । तथैवासादितपात्रादिपदार्थानां पुष्पगन्धादीनां तेषां स्त्रीशूद्रादिस्पर्शेपि स्पर्शदोषो भवति । चकारादन्येपि नैवेद्यादिष्वप्यागन्तुका दृष्ट्यादिदोषा उक्ताः । एवं पूजामार्गीयान् दोषाननूद्य भक्तिमार्गे तेषां निराकरणमाहुः न मन्तव्याः कथञ्चनेति । **અર્થાત્** – દેહની સાથે જ ઉત્પન્ન થનારા દોષો સહજ છે. દેહ એ પાંચભૌતિક હોવાથી તેમજ ભૂતોમાં ભગવત્સમ્બન્ધનો અભાવ હોવાથી દોષો ઉત્પન્ન થાય છે, તે દોષોનું પૂજામાર્ગમાં ભૂતશુદ્ધિ વગેરે પ્રકારે નિરાકરણ કરવામાં આવે છે. તેવી જ રીતે પૂજા પ્રદેશમાં પણ પૂજાને અર્થે આસન શુદ્ધિનું વિધાન હોવાથી પૂજા પ્રદેશમાં પણ દોષો થાય છે. નહિંતર **"अपसर्पन्तु ते भूताः"** વગેરેથી આસન સમ્બન્ધી દોષોનું નિરાકરણ કરવામાં ન આવે. તેવી જ રીતે કાળની બાબતમાં પણ **"प्रातर्होमं च कृत्वैव"** વગેરે મંત્રરાજ અનુષ્ટુબનાં વિધાનવચનોથી પૂજામાં નિયત કાલનું વિધાન હોવાથી તે સિવાયના કાલમાં પૂજા કરાતાં કાલદોષ પણ સંભવે છે. તેથી અહીં 'દેશકાલથી ઊભા થનારા' એમ કહ્યું છે. આ પ્રમાણે દેશકાલોત્થ દોષોનું નિરૂપણ કરીને લોકવેદોત્થ દોષોને કહે છે – 'લોકવેદમાં નિરૂપણ કરાયેલા'

એમ કહીને 'પૂજા વગરેથી બ્રહ્મલોક થાય છે' એ વચનથી પૂજાથી પ્રાપ્ત થનારો બ્રહ્મલોક એમાં પણ **"आब्रह्मभुवनाल्लोकाः"** એ ગીતા વાક્યથી પુનરાવૃત્તિ (પાછા આવવું - આવી પાછા જવું, જઇ પાછા આવવા રૂપ આવૃત્તિ) રૂપ દોષ ત્યાં માટે પણ કહેવાયો છે. વળી પૂજાના અંગરૂપમાં અગ્નિસ્થાપન પૂર્વક વૈદિક મંત્રો વડે હોમ કરવાનું વિધાન હોવાથી ત્યાં પણ ન્યૂનાતિરિક્ત દોષ સંભવે જ છે. નહિંતર **"यस्य स्मृत्या"** વગેરે રૂપે પ્રાર્થના કરાય છે તે ન થાય. આ પ્રમાણે લોક-વેદથી ઊભા થનારા દોષોનું નિરૂપણ કરીને સંયોગ જ દોષોનું નિરૂપણ કરે છે. પૂજામાં અભિષેક વગેરેનાં અર્થે મન્ત્ર વગેરેથી સંસ્કૃત કરાયેલ શંખજલ વિગેરેમાં અસંસ્કૃત જલ વગેરેનો સંયોગ થતાં સંયોગ જ દોષ થાય છે. તેવી જ રીતે પૂજાને અર્થે પ્રાપ્ત કરાયેલાં પાત્ર વગેરે પદાર્થો તેમજ પુષ્પ-ગંધ વગેરે તેને સ્ત્રી, શૂદ્ર વગેરેનો સ્પર્શ થતાં પદાર્થો સ્પર્શદોષ પણ થાય છે. મૂલમાં ચકાર કહેલો હોવાથી નૈવેદ્ય વગેરેમાં દષ્ટિ વગેરેથી થનારા આગન્તુક દોષો કહ્યા છે.

(૨) શ્રીરઘુનાથજી પોતાની ટીકામાં જણાવે છે કે :-

"देहेन सहैवोत्पन्नाः कुष्ठापस्मारादयः । जीवदोषाः कामक्रोधादयः। देशोत्था मगधम्लेच्छादि देशोत्थाः । कालो रौद्रः कल्पादिरूपस्तदुत्थाः । तस्मादुत्तिष्ठन्ति, जायन्त इति यावत् । संयोगः पतितादिसंसर्गः । स्पर्शो निषिद्धेन्द्रियार्थसंयोगः । चकारात्कर्मजा अपि । ते सर्वेपि लोके वेदे च कथिता इत्यर्थः । तत्र केशभस्मतुषाङ्गारादिदूषितप्रदेशस्थितिः । संध्यायां चतुष्पथादि सेवनम् । म्लेच्छादिस्पर्शः । मुखरतिः । अद्वारेण प्रवेशनमित्यादयो लोकप्रसिद्धाः । तस्मादाहिताग्निः श्रद्धादेवः स्वकृत इरिउषरभूमिनावस्येत् । नामावास्यां च पौर्णमास्यायां च स्त्रियमुपेयात् । तस्मान्मलवद्वाससा न संवदेत, न सहासीत, नास्या अन्नमद्यात्,

या मलवद्वाससा संभवति । तस्माद्ब्राह्मणाय नापगुरेते इत्यादयो वेदप्रसिद्धा दोषाः । " **અર્થાત્** :- દેહની સાથે જ ઉત્પન્ન થનારાં દોષો કુષ્ઠ, અપસ્માર વગેરે, જીવદોષો કામ-ક્રોધ વગેરે, દેશથી ઊભા થનારા દોષો-મગધ, મ્લેચ્છ, વગેરે દેશોત્થ દોષો, કાળથી થનારા એટલે રુદ્ર-કલ્પ વગેરે રૂપમાં રહેલો કાળ તેનાથી ઉત્પન્ન થનારા. તદુત્થ એટલે તેનાથી ઊભા થનારા - ઉત્પન્ન થનારા, સંયોગ એટલે પતિત વગેરે (દુષ્ટ)નો સંસર્ગ થવો, સ્પર્શ એટલે ઇન્દ્રિયોનો નિષિદ્ધ એવાં શબ્દ, રસ, રૂપ વગેરે અર્થ સાથે સંયોગ થવો. મૂલમાં ચકાર કહ્યો હોવાથી કર્મથી થનારા દોષોને પણ અહીં સમજવું. તે બધા જ લોકમાં અને વેદમાં કહેવાયેલા છે. તેમાં કેશ, ભસ્મ, વગેરેથી દુષિત પ્રદેશમાં જવું, સંધ્યા સમયમાં ચાર રસ્તા પર બેસવું, મ્લેચ્છ વગેરેનો સ્પર્શ, મુખરતિ થવી, દ્વાર વિના અદ્વારથી પ્રવેશ કરવો, વગેરે લોક પ્રસિદ્ધ દોષો છે તેવી જ રીતે આહિતાગ્નિએ ઉષર વગેરે ભૂમિમાં રહેવું નહિ, અમાવાસ્યા અને પૂર્ણિમાએ સ્ત્રીગમન કરવું નહિ, મલિન વસ્ત્રવાળાં સાથે સંભાષણ ન કરવું, તેની સાથે બેસવું નહિં, તેવાઓનું અન્ન લેવું નહિ વગેર વેદ પ્રસિદ્ધ દોષો છે.

(૩) શ્રીકલ્યાણરાયજી પોતાની ટીકામાં જણાવે છે કે :

- "सहजाः शूद्रत्वकिरातादयः । देशोत्था दुष्टदेशतज्जन्यान्नाद्युपभोगजन्याः । कालोत्था दुष्टकालसंसर्गजन्याः । ते लोकवेदनिरूपिता बहव एव सन्ति । संयोगजा दुष्टसहासनादिजन्याः ।" **અર્થાત્** :- સહજ દોષ એટલે શૂદ્રપણું, કિરાતપણું વગેરે. દેશથી ઉત્પન્ન થનારા એટલે જે પણ દુષ્ટ દેશ, તે દેશમાં ઉત્પન્ન થનારા અન્ન વગેરેનો ઉપભોગ કરવાથી ઉત્પન્ન થનારાં દોષો. કાલથી ઊભા થનારા એટલે દુષ્ટ કાલના સંસંર્ગથી ઉત્પન્ન થનારા. તે બધા જ ઘણા બધાં લોક વેદમાં નિરૂપણ કરાયેલા છે. સંયોગજ દોષો એટલે દુષ્ટોની સાથે બેસવા વગેરેથી થનારા દોષો.

(૪) શ્રીવ્રજોત્સવજી પોતાની ટીકામાં જણાવે છે કે :-

"देहस्य भौतिकत्वात्प्राकृतगुणविचारेष्वेव साहजिकी प्रवृत्तिर्नाप्राकृत इति सहजा दोषाः स्वभावजा उक्ता। किञ्च, देह इत्युपलक्षणम्। सर्वेन्द्रियाणामपि तथोक्ताः। तथैव जीवाः स्वभावतो दुष्टा इति 'अन्यत्सर्वं कर्तव्यं, भगवद्भजनं न कर्तव्य'मित्यादयश्च जीवानां सहजास्ते। तथैव देशाः सौराष्ट्रमगधादयस्तदुत्थाः। पूर्वं ते दुष्टा एव, पुनर्यत्र गमनमात्रेण संस्कारमर्हन्ति तत्र जन्मस्थित्यादिना विशेषतो दुष्टाः। धर्मवासनापि तेषां नास्तीति। तथैव जीवस्यापि तद्देहाभिमानात्तथात्वम्॥ ननु पुण्यदेशोद्भवानां दुष्टत्वं न भविष्यति, तत्राहुः कालोत्था इति। कलिकालस्य दुष्टत्वं न भविष्यति, तत्राहुः कालोत्था इति। कलिकालस्य प्रबलदोषरूपत्वात्पुण्यदेशानामपि तद्दोषकलुषितत्वादाधिदैविकतिरोधानेन सामर्थ्याभावात्तत्रोत्पन्नदेहानामपि तथात्वमेव। तदभिमानित्वाज्जीवस्य तथात्वं स्पष्टमेव॥ ननु केचन सन्तोपि भविष्यन्ति, तत्राहुः संयोगजा इति। पूर्वोक्तानां सङ्गेन अविद्यासंयोगः सतामपि भवतीति। 'तत्संसर्गी च पञ्चम'इति वाक्यात्तत्संयोगजनिता दोषास्तेष्वपि वर्तन्त इति तेषामपि तथात्वम्॥ ननु तादृशानां दुष्टसङ्गः कथं भवेत्, तत्राहुः स्पर्शजा इति। परस्परासम्बन्धेनापि तद्द्रव्यान्नादि-संसर्गात्तद्दोषस्पर्शो भवत्येवेति तादृशकर्मस्पर्शजनितत्वात् स्पर्शजा उक्ताः। चकारादनुक्ता अपि ज्ञेयाः। परम्परासम्बन्धेनापि स्पर्शोऽस्मिन्मार्गे बाधक इति समर्पणानन्तरं तादृशानां परम्परासम्बन्धस्पर्शोऽपि न भवेत्तथा स्थेयमिति ज्ञाप्यते। यद्वा, संयोगजा इति। यद्यपि केचन समीचीना अपि भविष्यन्ति, तथापि स्वपाण्डित्याभिमानात्तत्तच्छास्त्रमतेष्वेव भगवद्भजनधर्मेष्वेवासन्मतिप्रवृत्त्या तत्संयोगजनितदोषेण भगवद्भजनधर्मेष्वेवासन्मतिप्रवृत्त्या स्तेषामिति संयोगजा उक्ताः।" અર્થાત્ :- દેહ એ ભૌતિક હોવાથી પ્રાકૃતગુણ વિચારોમાં જ એની સાહજિક પ્રવૃત્તિ હોય છે, અપ્રાકૃતમાં

નથી હોતી એમ સહજ દોષો અહીં સ્વભાવે જ કહ્યા છે. વળી, દેહ એ ઉપલક્ષણ છે. તેથી સર્વ ઇન્દ્રિયોમાં પણ તે મુજબ દોષો જાણવા. તેવી જ રીતે જીવ એ સ્વભાવ થકી દુષ્ટ છે, તેથી બાકીનું બધું જ કરવું પણ ભગવાનનું ભજન જ ન કરવું વગેરે સ્વરૂપનાં જીવના સહજ દોષો, તેવી જ રીતે દેશો સૌરાષ્ટ્ર મગધ વગેરે તેનાથી ઉત્પન્ન થનારા. પહેલાં જ તે જીવો દુષ્ટ હતાં અને એમાં પાછા જ્યાં ગમન કરવા માત્રથી જ ફરીથી સંસ્કાર કરવા પ્રાપ્ત થાય છે તેવાં મગધ વિગેરે દેશોમાં જન્મ થવો અથવા ત્યાં રહેવું વિગેરેથી વિશેષ દુષ્ટતાને પ્રાપ્ત થયેલાં. આવાઓને ધર્મવાસના પણ હોતી નથી. તેવી જ રીતે તેવા જ દેહના અભિમાનવાળાઓ એટલે કે જે દેહ મગધ વિગેરે દુષ્ટ દેશોમાં ઉત્પન્ન થયેલો છે અથવા તો સ્થિતિ કરે છે તેવા દેહના અભિમાનવાળો-અભિમન્તા હોવાથી તેની પણ આવી દેહસ્થિતિમાં ધર્મવાસના જીવને પણ હોતી નથી. એમ શંકા થાય કે જે લોકો કે જે શરીરો પુણ્ય દેશમાં ઉત્પન્ન થયેલાં છે તે લોકો દોષવાળા છે એમ નહિં કહેવાશે ? તો ત્યાં કહે છે કે કાલોત્થ દોષ તો પુણ્યદેશને પણ સ્પર્શે છે. કલિકાલ એ પ્રબલ દોષરૂપ છે અને તે કલિકાલના પ્રબલ દોષમાં પુણ્ય દેશો પણ કલિદોષથી કલુષિત થયેલા હોવાથી તીર્થ ક્ષેત્ર વગેરેમાંથી આધિદૈવિક દેવોનું તિરોધાન થયું હોવાથી તે પુણ્ય સ્થળો પણ પાવન કરવાના સામર્થ્ય વિનાના થઇ ગયા હોવાથી પુણ્ય દેશોમાં ઉત્પન્ન થયેલાં કે રહેલાં શરીરોનું પણ દુષ્ટપણું જ સમજવું જ જોઇએ. અને તેથી કરીને તેવા શરીરના અભિમાની જીવનું પણ દુષ્ટપણું સ્પષ્ટ જ કરે છે. જો એમ માનવામાં આવે કે તીર્થના-ક્ષેત્રના દોષોને દૂર કરનારા એવા સંતો પણ થશે તો તેવા સંતોથી દેશ વગેરેના દોષો દૂર થતાં રહેશે તો કહેવાનું કે સંયોગજ દોષો તો સંતોને પણ છોડતાં નથી. પૂર્વમાં જણાવેલા દોષોવાળા લોકોનાં સંગ વડે કરીને સત્પુરુષોને પણ અવિદ્યાનો સંયોગ થાય છે અને શાસ્ત્રમાં કહ્યું છે

કે ચાર પાપીઓ અને તેના સંસર્ગવાળો પાંચમો મહાપાપી એ વાક્યથી એવાઓના સંયોગથી ઉત્પન્ન થયેલા દોષો તીર્થ-ક્ષેત્રમાં રહેલા સંતો-સત્‌પુરુષોમાં પણ રહેલા હોય છે તેથી તેઓ પણ દોષવાળા જ છે. જો એમ વિચારવામાં આવે કે આવા સત્ પુરુષોને દુષ્ટોનો સંગ જ કેમ કરીને થાય ? તો તે માટે કહે છે સ્પર્શજ દોષ વડે કરીને દુષ્ટ પુરુષોના દોષોનો સંગ થાય છે. પરમ્પરાના સમ્બન્ધ વડે કરીને પણ તે દુષ્ટ પુરુષોનાં દ્રવ્ય-અન્ન વગેરેના સંસર્ગથી પણ તે દુષ્ટ પુરુષોના દોષો સત્ પુરુષોમાં પ્રવેશતા હોય છે. તે મુજબનાં કર્મના સ્પર્શ થકી ઉત્પન્ન થતા હોવાથી સ્પર્શજ એમ કહ્યું છે. અહીં ચકાર પ્રયોગ છે તેથી આ સિવાયના નહિં કહેવાયેલા દોષો પણ. આ માર્ગમાં પરમ્પરા સમ્બન્ધથી પણ જે દોષોનો સ્પર્શ થાય છે તે બાધ કરનાર છે. અતઃ આત્મનિવેદન - બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી આ પ્રકારના દોષવાળા લોકોનો સીધો તો ઠીક, પરમ્પરા સમ્બન્ધથી પણ એટલે કે એવાઓનાં જલ-અન્ન-વસ્ત્ર વગેરે અન્ય પદાર્થો વગેરેનાં ઉપયોગરૂપ પરમ્પરા સમ્બન્ધથી પણ તેમનો સ્પર્શ ન થાય તે મુજબ વૈષ્ણવે રહેવું તેમ જણાવ્યું છે. બીજા અર્થે વિચારવામાં આવે તો સંયોગજ એટલે યદ્યપિ કેટલાક તેવા દોષ વગરના સમીચીન લોકો પણ હોય છે છતાં પણ પોતાના પાંડિત્ય - જ્ઞાનનાં અભિમાન થકી ભક્તિમાર્ગથી ઇતર તે તે શાસ્ત્રોના મતોમાં જ તેમની પ્રવૃત્તિ હોવાથી તે મતોના સંયોગથી ઉત્પન્ન થનારા દોષો વડે કરીને ભગવદ્ ભજનવાળા ધર્મોમાં જ એમની અસન્મતિ રહેવાથી અહીં સંયોગજ એમ કહ્યું છે.

(૫) શ્રીગોકુલોત્સવજી પોતાની ટીકામાં જણાવે છે કે :- "तथा हि सहजा इति । नात्र क्रमो विवक्षितः । सहजा इति प्राणाध्यासजा उक्ताः । जातमात्रस्यैव प्राणपोषणप्रवृत्तेः प्राणाध्यासस्य सहजत्वम् । देशोत्था इति देहाध्यासजाः, तद्वतामेव तत्तद्देशगमने दोषसम्भवात् । कालोत्था इति स्वरूपविस्मृतिजन्याः,

कालेनैव तत्सम्भवात् । संयोगजा इत्यन्तःकरणाध्यासनजन्याः, तत्रैवेतरसंयोगे भगवद्बाहिर्मुख्यस्वधर्मभगवद्धर्माज्ञानसंभवात् । स्पर्शजा इति मात्रास्पर्शजन्याः । तथा चेन्द्रियाध्यासजा उक्ताः ।"

અર્થાત્ :-અહીં ક્રમ વિવક્ષિત નથી. સહજ દોષ એટલે પ્રાણાધ્યાસથી ઉત્પન્ન થનારા. ઉત્પન્ન થયેલા દરેકની પ્રાણ પોષણ અર્થેની જ પ્રવૃત્તિ થતી હોવાથી પ્રાણાધ્યાસનું સહજપણું છે. દેશથી ઊભા થનારા એટલે દેહાધ્યાસથી ઉત્પન્ન થનારા દોષો. દેહાધ્યાસવાળાં લોકોનું જ તે તે મગધ વગેરે દેશમાં ગમન થતાં દોષ સમ્ભવતો હોવાથી. કાલથી ઉત્પન્ન થનારા એટલે સ્વરૂપ વિસ્મૃતિ થકી ઉત્પન્ન થનારા દોષો. કારણ કે કાલ વડે કરીને જ સ્વરૂપ વિસ્મૃતિ સંભવતી હોવાથી. સંયોગજ એટલે અંતઃકરણાધ્યાસથી ઉત્પન્ન થનારા દોષો. કારણ કે અંતઃકરણમાં જ ઇતર બાબતોનો સંયોગ થતાં ભગવાનથી બહિર્મુખ થવું તેમજ સ્વધર્મ અને ભગવદ્ધર્મનું અજ્ઞાન સંભવે છે. સ્પર્શજ એટલે શબ્દ-સ્પર્શ વિગેરે વિષયોની માત્રાના સ્પર્શથી ઉત્પન્ન થનારા દોષો. એટલે કે ઇન્દ્રિયાધ્યાસથી ઉત્પન્ન થનારા દોષો.

(૬) શ્રીહરિરાયજી પોતાની ટીકામાં જણાવે છે કે :- "दोषत्वेनैव दोषाणां संग्रहस्तु निरूपितः । न प्रत्येकमपारत्वात्ते शक्यन्त उदीरितुम् ॥ ५७ ॥ बुद्धिसौकर्यसिद्ध्यर्थं तत्पञ्चविधतोदिता । दुष्यन्ति यैस्तु देहाद्या जीवाः कृष्णोपयोगतः ॥ ५८ ॥ निवर्तन्ते सर्वथैव ते दोषाः परिकीर्तिताः । निवृत्तिस्तु द्विधा दूरीकृतेः शुद्धिकृतेरपि ॥ ५९ ॥ आद्या तु वस्त्रमालिन्यनिवृत्तिरिव शोधकैः । द्वितीया मृण्मयस्येव पाकेनेव च शुद्धता ॥ ६० ॥ सदोषाङ्गीकृतेस्तस्यास्तद्‌गतौ व्यर्थता भवेत् । अतोत्र विनिवृत्तिस्तु द्वितीयैव हि युज्यते ॥ ६१ ॥ एतदेव हि 'गङ्गात्व'मित्यत्राग्रे निरूपितम् । हिशब्दः सर्वदोषाणां निवृत्तौ युक्तिबोधकः ॥ ६२ ॥

कोटिसूर्याग्निरूपस्य सम्बन्धाद्दोषवारणे । निश्चयार्थोपि बोद्धव्यः सत्यसङ्कल्यवाक्यतः ॥ ६३ ॥ अविद्यारूपतस्तेषां संख्या चोक्ता तथाविधा । स्मृता इति पदोक्तौ च प्रसिद्धिरपि बोधिता ॥ ६४ ॥ सर्वश्रुतिपुराणेषु लोके वेदेपि चैव हि । तेषु पञ्चविधत्वोक्त्या तत्रैवान्यनिवेशनम् ॥ ६५ ॥ देहेन सह जायन्ते जीवेनापि तथा पुनः । ते हि शूद्रत्वसंसारित्वादयः सहजा मताः ॥ ६६ ॥ नन्वासुरत्वं सहजं कथं न हि निवर्तते । ब्रह्मसम्बन्धतः सर्वदोषदाहकतोपि हि ॥ ६७ ॥ इति चेत्सत्यमेवास्ति परं सम्बन्धसम्भवः । दुर्लभस्तेषु तद्दोषाद्भक्तिमार्गाप्रवेशतः ॥ ६८ ॥ यथाकथञ्चित्सम्बन्धे तन्निवृत्तिरपीष्यते । अत एवावतारे तु सम्बन्धात्तत्कृतार्थता ॥ ६९ ॥ परं रूपेण करणं न भक्त्येति विनिश्चयः । इदानीं भक्तिमात्रेण ह्युद्धारो भगवन्मतः ॥ ७० ॥ तदा क्रोधादिभावेपि नेदानीं तद्धि साधनम् । भक्तिसाधनसत्त्वेन तेषां भक्तिविरोधतः ॥ ७१ ॥ सन्तो न कुर्युस्तत्सङ्गमिति सङ्गोपि दुर्लभः । तस्मादनवतारे तु नासुराणां फलं भवेत् ॥ ७२ ॥ अङ्गबङ्गादि-गमनजनिता दैशिका मताः । यथा परीक्षितः कालस्थानदानात्तथा पुनः ॥ ७३ ॥ कालावेशेन ये जातास्ते दोषाः कालिकाः स्मृताः। यथा लोके राजसेवा योग्या नैव कुरूपिणः ॥ ७४ ॥ चातुर्यरहिता मूर्खा दुःशीलाः स्तेयकारिणः । कुरूपित्वादयो दोषा अतस्ते लौकिकाः स्मृताः ॥ ७५ ॥ वेदोक्तविध्य-करणान्निषिद्धकरणादपि। वैदिकास्ते समाख्याता आज्ञाभङ्गो यतो हरेः ॥ ७६ ॥ सान्निध्यादेव दोषाणामेकोक्तिर्देशकालयोः । अपकीर्त्या निषिद्धकृतिजन्यानां तेषां लोकेपि सम्भवात् ॥ ७७ ॥ अतस्तथैव ग्रन्थेऽस्मिन्ने-लौकिकेषु साङ्कर्याद्वेदवर्तिनाम् । अतो लोकेषु संख्याया नाधिक्यमिह कोक्तिर्लोकवेदयोः ॥ ७८ ॥ अतो लोकेषु संख्याया नाधिक्यमिह शङ्कितम् । सम्यग् योगो हि संयोगः कामलोभादयश्च सः ॥ ७९ ॥ नैरन्तर्येण संवासशयनासनभोजनैः । म्लेच्छशूद्रादिसंयोगस्तज्जाः

संयोगजाः स्मृताः ॥ ८० ॥ स्पर्शजाः स्पर्शमात्रेण प्रायश्चित्तं विधीयते । यत्र चाण्डालपतितादीनां ते तादृशा मताः ॥ ८१ ॥ एवं पञ्चविधा दोषा विज्ञेया भगवत्परैः । उक्ता अनुक्ता सर्वेपि चकारेण समुच्चिताः ॥ ८२ ॥" અર્થાત્ :- દોષપણાથી જ અહીં દોષોનો સંગ્રહ નિરૂપણ કરાયેલો છે. દોષો અપાર હોવાથી જુદા જુદા અલગથી દોષોને જણાવવું શક્ય ન હોવાથી, તેથી બુદ્ધિમાં સારી રીતે અને સરળતાથી સમજી શકાય છે માટે તે બધા જ દોષોને પાંચ પ્રકારમાં આવરી લઇ કહ્યા છે. અને તે પણ એ દોષો અહીં કહ્યા છે કે જે દોષો વડે દેહથી લઇને જીવ પર્યન્ત સર્વ કાંઇ દૂષિત થાય છે. દેહાદિનો કૃષ્ણમાં ઉપયોગ થવાથી જે દોષો સર્વથા નિવૃત્ત થાય છે તે દોષો અહિં કહ્યા છે. હવે જે દોષોની નિવૃત્તિ છે તે બે પ્રકારે થાય છે. દોષોને દૂર કરવાથી અને શુદ્ધિ કરવાથી. દોષો દૂર કરવાથી દોષનિવૃત્તિ એટલે કે જેમ મલિન કપડું હોય એને સારી રીતે ધોવાથી કપડા ઉપરનો મેલ દૂર કરવાથી તે શુદ્ધ થાય છે. એ મુજબ દોષો દૂર કરવા એ એક પ્રકાર. અને બીજો પ્રકાર છે જેમ માટીનાં બનેલા વાસણને અગ્નિમાં પરિપકવ કરવાથી તે શુદ્ધ થાય છે. એમ બે પ્રકારે શુદ્ધિ થાય છે. તેથી અહીં જે દોષોની નિવૃત્તિ થાય છે તે ઉપર કહેલામાં બીજા પ્રકારથી થાય છે. આજ બાબતને ગંગાપણાના દૃષ્ટાન્તથી આગળ નિરૂપણ કર્યું છે. પાંચ પ્રકારની અવિદ્યા હોવાથી અને આ દોષો અવિદ્યારૂપ હોવાથી પાંચ પ્રકારના એમ પાંચની સંખ્યાથી દોષો જણાવ્યા છે, સર્વ શ્રુતિઓમાં-પુરાણોમાં તેમજ લોકમાં-વેદમાં પણ દોષો પાંચ પ્રકારે કહ્યા હોઇ જે પણ બીજા દોષો છે તેનો પણ આ પાંચમાં જ સમાવેશ સમજવો. દેહની સાથે ઉત્પન્ન થનારા તથા જીવની સાથે ઉત્પન્ન થયેલા સહજ દોષો તે શૂદ્રપણું, સંસારપણું (અહંતા-મમતા) વગેરે જાણવા, બ્રહ્મસમ્બન્ધ એ સર્વ દોષોને બાળી નાખનાર છે તો પછી તેનાથી સહજ આસુરપણું કેમ દૂર થતું નથી ? બ્રહ્મસમ્બન્ધથી નક્કી

જ સર્વ દોષો દૂર થાય છે તે સત્ય જ છે, પણ જીવનો ભગવાન સાથે સમ્બન્ધ થવો જરૂરી છે, તેમજ જે સહજ આસુર છે તેમનો ભક્તિમાર્ગમાં જ અપ્રવેશ હોવાથી તેમના દોષને કારણે સબન્ધ થવો દુર્લભ હોય છે. કોઇ પણ પ્રકારે ભગવાન સાથે સમ્બન્ધ થતાં તો તેની પણ નિવૃત્તિ થાય છે. તેથી જ અવતાર દશામાં ભગવાન સાથે વેર-ઈર્ષ્યા વગેરે કોઇ પણ પ્રકારે સમ્બન્ધ થતાં તેવાઓ પણ કૃતાર્થ થયા જ છે, પરંતુ ત્યાં પણ તેમનો જે સમ્બન્ધ થયો છે તે ભગવદ્ રૂપ સાથે જ થયો છે, ભકિત વડે સમ્બન્ધ નથી થયો એ નક્કી છે, જ્યારે આ સમયમાં અનવતાર કાલમાં માત્ર ભક્તિ વડે જ ઉદ્ધાર કરવો ભગવાનને અભિપ્રેત છે. ત્યારે અવતાર કાલમાં તો કામ-ક્રોધ વગેરે પણ સમ્બન્ધના સાધન બની ગયા હતાં તેમ અત્યારે અનવતાર કાલમાં તે કામ-ક્રોધાદિ ભગવાન સાથેના સંબન્ધમાં સાધન નથી, ભક્તિરૂપ સાધનની સત્તાથી જ સમ્બન્ધ થાય છે જ્યારે તે સહજ અસુરો ભગવદ્‌જનોનો વિરોધ કરનારા છે. સન્તો-ભક્તો પણ આવા અસુરોનો સંગ કરતા નથી તેથી એમને સત્સંગ પણ દુર્લભ હોય છે, આ બધાં કારણોથી અનવતાર દશામાં આસુરોને બ્રહ્મસમ્બન્ધ ફલરૂપ થતું નથી, દેશજ દોષો એટલે અંગ-બંગ વગેરે દેશમાં જવાથી ઉત્પન્ન થતા દોષો દેશજ છે. જેમ પરીક્ષિત રાજાએ કલિને પાંચ સ્થળ રહેવા માટે આપ્યાં તેથી તે પાંચમાં કલિનો પ્રવેશ થયો, તે મુજબના કાલના આવેશથી થતા દોષો કાલજ સમજવા. તેવી જ રીતે જેમ કુરૂપ લોકો રાજસેવા યોગ્ય ગણાતા નથી. તેમ ચતુરતા વિનાના, મૂર્ખો, ખરાબ ચરિત્રવાળા, ચોરી કરનારા, વિકૃતરૂપવાળા વગેરે દોષવાળા માં રહેલા દોષો લૌકિક જાણવા, વેદમાં કહેવાયેલ વિધિ મુજબ ન કરવું, વેદમાં જેનો નિષેધ હોય તેવું કરવું વગેરે તે વૈદિક દોષો છે - કારણ કે વેદ એ શ્રીહરિની આજ્ઞારૂપ હોવાથી આ (જણાવેલા) દોષોમાં ભગવાનની આજ્ઞાનો ભંગ થયાનો દોષ રહેલો

છે. કામ, લોભ વગેરેનો જેમાં સારી રીતે યોગ થતો હોય તેવા દોષો સંયોગજ છે. મ્લેચ્છ, શૂદ્ર વગેરે સાથે નિરન્તર રહેવાથી તેમની સાથે શયન, આસન, ભોજન વગેરેના વ્યવહારથી - મ્લેચ્છ-શૂદ્રના સંયોગથી ઉત્પન્ન થનારા દોષો સંયોગજ દોષો છે. તેવી જ રીતે જેમના સ્પર્શ માત્રથી પ્રાયશ્ચિત્તકરવું પડે તેવા ચાંડાલ-પતિત વગેરેના સ્પર્શથી ઉત્પન્ન થનારા દોષો સ્પર્શજ દોષો છે. આ મુજબ ભગવાનની સેવામાં પરાયણ થયેલા લોકોએ આ પાંચેય પ્રકારમાં કહેવાયેલા દોષો છે એમ જાણવું. અહીં ચકાર કહેલો હોવાથી કહેલા-નહિં કહેલા જે કંઇ પણ દોષો હોય તે બધા જ દોષોનો આમાં સમાવેશ છે એમ જાણવું.

(૭) શ્રીવિઠ્ઠલેશ્વરજી પોતાની ટીકામાં જણાવે છે કે :- **“सहजा द्वादश। देशोत्थाः सप्त। त्रयः कालोत्थाः। संयोगजाः सप्त। स्पर्शजास्त्रयः। एवं द्वात्रिंशद्भेदा वेदपुराणादिषूक्ताः। सहजा द्वादश। तत्र एकादश इन्द्रियाणां कुमार्गप्रवृत्तिरूपाः, एको देहस्थ हीनजातिलक्षणः। देशस्य सप्त। उषरभूमिः, गर्दभक्षेत्रं, दुर्जनवासः, हीनजलदेशः, जलान्तर्गतदेशः, स्वचक्रभीतिदेशः, परचक्रभीतिदेशः। त्रयः कालदोषाः प्रातरादयः। एते त्रयो दोषरूपाः, भगवद्भजने न गुणरूपाः। संयोगजाः सप्त, सहभोजनशयनासनगानमैथुन-भाषणनिवासादयः। मानसवाचिककायिकास्त्रयः स्पर्शजा। एवं द्वात्रिंशत्प्रकारका दोषाः।”** અર્થાત્ - સહજ દોષો બાર છે. દેશથી ઊભા થનારા સાત છે. કાલથી થનારા ત્રણ છે. સંયોગથી સાત, સ્પર્શથી ત્રણ. એમ વેદ-પુરાણ વગેરેમાં ૩૨ ની સંખ્યામાં દોષો કહેલા છે. સહજ બાર પ્રકારના છે તેમાં અગિયાર ઇન્દ્રિયોની કુમાર્ગમાં પ્રવૃત્તિરૂપ અને હીન જાતિના લક્ષણવાળો દેહનો એક, એમ કુલ બાર દોષોની સંખ્યા થાય છે. દેશથી થનારા દોષોના સાત પ્રકારો છે તેમાં ક્ષારવાળી ભૂમિ, ગધેડાઓને રહેવાની જગ્યા, દુર્જન લોકોનો

નિવાસ, જલ વિનાનો અથવા તો સારા જલ વિનાનો પ્રદેશ, જલના વચમાં રહેલો પ્રદેશ, સ્વચક્રના ભયનો દેશ, પરચક્રના ભયનો દેશ, તેવી જ રીતે પ્રાતઃ, મધ્યાહ્ન, સાયં તે ત્રણ કાલ દોષો છે. આ ત્રણેય ભગવદ્ ભજનમાં દોષરૂપ છે, ગુણરૂપ નથી. સંયોગજ સાત પ્રકારના છે તે દોષવાળાઓની સાથે રહીને ભોજન-શયન, બેસવું, ગાવું, મૈથુન કરવું, સંભાષણ કરવું, અને નિવાસ કરવો એમ સાત પ્રકારના દોષો છે. માનસ, વાચિક અને કાયિક એમ ત્રણ સ્પર્શજ દોષો છે. એમ આ બધા મળીને બત્રીસ પ્રકારના દોષો થાય છે.

(૮) શ્રીપુરુષોત્તમજી પોતાની ટીકામાં બીજા શ્લોકના વ્યાખ્યાનમાં જણાવે છે કે :- **"अत्र जीवस्य सहजा दोषा अविद्यासम्बन्धतत्कृताभिमतिप्राणधारणप्रयत्नाः । लिङ्गदेहस्य सहजाः कामक्रोधादयः क्षुधादयश्च । स्थूलदेहस्य सहजास्तु मातापितृमलानुषङ्गात्मत्वं रोगादयश्च । देशकालोत्थादयस्तु देहयोरेव, न जीवस्य । ते तद्द्वारा जीवा उपचर्यन्ते । तत्र देशोत्था मगधमरूसिन्धुप्रभृतिदेशेषूत्पत्त्या तत्र गमनादिना च जाताः । कालोत्थाः कलिप्रभवा दुर्मुहूर्तप्रभवा अवस्थादिकृताश्च । उत्थशब्दो द्वन्द्वान्ते श्रूयमाणः प्रत्येकमभिसम्बध्यते । तेनात्र दोषद्वयम् । एतान् भक्तिमार्गीयेभ्यो दोषेभ्यो व्यावर्तयितुं विशिंषन्ति लोकवेदनिरूपिता इति । इदं च विशेषणं देहलीदीपवत् पूर्वापरयोः सम्बन्ध्यत इति पञ्चस्वपि तदन्वः । उचितं चैतद्, 'गुणदोषभिदा दृष्टिर्निगमात्ते न हि स्वत' इत्येकादशस्कन्ध उद्धववाक्ये गुणदोषयोः श्रुतिमूलकत्वस्य कथनात् लोकस्यापि दूरतस्तदुपजीवकत्वादिति । संयोगजा बुद्धिपूर्वकं कामेन च सम्यङ्मनोयोगजन्याः । स्पर्शजा अबुद्धिपूर्वकमकामतश्च जाताः ।"** **અર્થાત્** :- અહીં જીવના જે સહજ દોષો છે તે અવિદ્યાના સમ્બન્ધથી અવિદ્યાકૃત જીવની જે અભિમતિ બને છે હું દેહ છું , હું પ્રાણ છું વગેરે પ્રકારની એ અભિમતિ વડે કરીને

પ્રાણધારણનો પ્રયત્ન એ જીવનો સહજ દોષ છે. લિંગ દેહના જે સહજ દોષો છે તે કામ ક્રોધ વગેરે અથવા તો ભૂખ તરસ વગેરે છે. સ્થૂલ દેહના જે સહજ દોષો છે તે માતા-પિતાના મલથી અનુષંગ થયેલો દેહ તેમજ તેમાં રોગ વગેરેનો થવા તે છે. દેશ અને કાલથી થનારા જે દોષો છે તે લિંગદેહ અને સ્થૂલ દેહ સમ્બન્ધના જ છે, તે જીવ સમ્બન્ધના નથી. તેમ છતાં પણ તે દોષો દેહ દ્વારા જીવમાં પણ ઉપચરિત થાય છે. તે પૈકી દેશથી થનારા જે દોષો છે તે મગધ,મરૂ, સિન્ધ વગેરે દેશોમાં જન્મ થવાથી અને ત્યાં ગમન કરવાથી દોષ થાય છે તે દોષો. કાલથી થનારા જે દોષો છે તે કલિથી ઉત્પન્ન થનારા, દુર્મુહૂર્તથી ઉત્પન્ન થનારા અને અવસ્થા વિગરેથી થનારા દોષો. અહીં ઉત્થ શબ્દ દ્વન્દ્વના અન્તમાં એટલે કે દેશ-કાલ-શબ્દ પછી કહેવાયેલો હોવાથી દેશ-કાલ બન્નેને દેશોત્થ-કાલોત્થ એમ સ્પર્શે છે. તેથી દેશોત્થ દોષ અને કાલોત્થ દોષ એમ બે દોષો અલગ જાણવા. આ બધા દોષો ભકિતમાર્ગમાં કહેવાયેલા દોષોથી અલગ છે એ જણાવવા કહે છે. **'લોક વેદમાં નિરૂપણ કરેલા'** એમ આ જે વિશેષણ છે એ દેહલીદીપની માફક પૂર્વ-અપર બન્નેને સમ્બન્ધ કરે છે તેથી આ વિશેષણ પાંચેય પ્રકારો સાથે જોડવું. અને આમ જાણવું ઉચિત જ છે કારણ કે એકાદશ સ્કન્ધના ઉદ્ધવ વાક્યમાં **'ગુણ દોષમાં ભેદ કરવાવાળી દષ્ટિ વેદથી છે. સ્વતઃ નથી.'** આમાં ગુણદોષ બન્નેને શ્રુતિમૂલકપણાથી એટલે જેનું મૂલ શ્રુતિમાં છે તે મુજબ કહેવાયેલું હોવાથી અને લોક પણ દૂરથી તો તેનો જ ઉપજીવક હોવાથી આ મુજબની સમજ યોગ્ય જ છે. સંયોગજ એટલે બુદ્ધિપૂર્વક કામ વડે અને સારી રીતે જેમાં મનનો યોગ થયો હોય તેથી ઉત્પન્ન થનારા દોષો. સ્પર્શજ એટલે બુદ્ધિ વિના અને કામના વિના ઉત્પન્ન થનારા દોષો.

શ્રીપુરુષોત્તમજી ત્રીજા શ્લોકના વ્યાખ્યાનમાં એક વિશેષ

સ્પષ્ટતા કરે છે કે "प्राङ्भिस्त्वत्र पञ्चविधदोषरूपमात्रं स्वस्वविचारितरीत्योच्यते, न तु प्रासङ्गिकं विचार्यते, न वा प्रत्यक्षविरोधः परिह्रियते । तथा सति तन्मतेनाधुनिकानां जघन्याधिकारिणां तद्रीत्या दोषनिवृत्त्यादिः क्लेशेन साधयितव्य इति तन्मतं विहाय श्रीरघुनाथानां विवरणमनुसृत्यैवं विवृतम् ।" **અર્થાત્ :-** અહીં પ્રાચીનોએ પાંચ પ્રકારના દોષોનું સ્વરૂપ માત્ર પોતપોતાના વિચારની રીતિથી જણાવ્યું છે, પરંતુ તેમાં પ્રાસંગિકને વિચારવામાં આવ્યું નથી તેમજ તેમાં પ્રત્યક્ષ આવતો વિરોધ તેને પણ દૂર કરવામાં આવ્યો નથી. તે મુજબ તે લોકોના મતે તેમ વિચારતાં આધુનિકમાં રહેલા જે જઘન્ય અધિકારીઓ છે તેમની દોષનિવૃત્તિ વગેરે તે રીત મુજબ તો બહુ જ ક્લેશપૂર્વક સાધી શકાય તેવી છે. તેથી તે બધાના મતોને છોડીને શ્રીરઘુનાથજીના વિવરણ અનુસાર મેં આ પાંચ દોષોનું વિવરણ કર્યું છે.

(૯) શ્રીગિરિધરજી પોતાની ટીકામાં જણાવે છે કે :- "तत्र देहस्य सहजदोषाः कुण्डगोलकत्वादयः, म्लेच्छत्वचाण्डालत्वादयश्च । जीवस्य तु 'जीवाः स्वभावतो दुष्टा' इति वचनात्तदीयः सहजः स्वभावः स्वतःसिद्धभगवद्वियोगजनितार्त्यादिभगवदानन्दतिरोभावत्वरूपः । यतः श्रुतिस्मृत्यादिषु सर्वोपास्यत्वादिधर्मवत्त्वेन श्रुतस्यापि भगवतो भजनदर्शनादावार्त्याद्यभावः सहजो दोष एव भवति । अथवा, आसुरावेशित्वादिकं च जीवस्य सहजो दोषः इत्यादिमाः ॥ द्वितीयानाहुः, देशकालोत्था इति । देशो मगधम्लेच्छा-दिस्तदुत्थाः । कालः कल्पादिरूपस्तदुत्थाः । देशकालयोः प्रायो बहुस्थले सहभावो दृश्यत इत्यनयोरेकरूपता द्वितीयप्रकारादारभ्य सर्वे दोषा देहग्रहणानन्तरमेवोत्पद्यन्त इति ते देहजीवयोः समा एवेति न पृथगुच्यन्ते ॥ तृतीयानाहुः, लोकवेदनिरूपिता इति । लोके

परजातीयसिद्धान्नभक्षणादिर्दोषत्वेनोच्यते, न परमार्थतः । एवंविधा लोकनिरूपिताः । अथवा, स्मृत्याद्युक्ता लोकनिरूपिताः । वेदनिरूपिता असंस्कृतत्वादयः, आश्रमभ्रष्टत्वादयश्च । अत एवानयोरेकप्रकारता, स्मृत्यादीनामपि वेदमूलकत्वात् ॥ तुरीयानाहुः, संयोगजा इति । संयोगः पतितादिसंसर्गः, नीचसेवकादिकं च, तज्जाः ॥ पञ्चमानाहुः, स्पर्शजाश्चेति । स्पर्शजा वातव्याधित्वादयः, अगम्यास्पर्शादयश्च । चकारात् कर्मजा अपि कुष्ठापस्मारादयः, कामक्रोधादयो वा । अथवा, लोकवेदनिरूपिता इत्युक्तपञ्चविधानामपि विशेषणम् । पदार्थमात्रस्य लोकवेदनिरूपितत्वात्तद्योगात् । तदा पञ्चमप्रकारकाश्चकारोक्तकर्मजादयः, शेषं प्राग्वत् ।" **અર્થાત્ :-** કુંડ એટલે પતિ જીવિત હોય તેવી સ્થિતિમાં પરપુરુષથી ઉત્પન્ન સંતાન અને ગોલક એટલે વિધવા સ્ત્રીથી પરપુરુષ વડે ઉત્પન્ન સંતાન, આવું કુંડપણું કે ગોલકપણું એ દેહના સહજ દોષ છે, તેવી જ રીતે મ્લેચ્છ - ચાંડાલ વગેરે હોવું એ પણ દેહના સહજ દોષ છે, જીવનો સહજ દોષ એટલે જીવો સ્વભાવથી દુષ્ટ છે એ વાક્ય મુજબ તે-તે જીવોનો સહજ સ્વભાવ એ સ્વતઃ ભગવદ્વિયોગજ આર્તિ વગેરે તેમજ ભગવદાનંદનું તિરોભાવપણું વગેરે છે જેથી કરીને શ્રુતિ-સ્મૃતિ વગેરે શાસ્ત્રોમાં પ્રત્યેક જીવમાત્રે ભગવાનની ઉપાસના કરવી એ જ એનો સ્વધર્મ છે એમ સ્પષ્ટ કહેવાયેલું હોવા છતાં પણ ભગવાનના ભજન-દર્શન વગેરે માટે આર્તિ હોવી વગેરેનો અભાવ હોવો એ જીવનો સહજ દોષ છે. અથવા આસુરાવેશ વગેરે જીવના સહજ દોષ છે. દેશોત્થ દોષો મગધ-મ્લેચ્છાદિ દેશોથી થનારા દોષો. કાલોત્થ દોષ તામસ વગેરે કલ્પ રૂપ કાળથી થનારા દોષો. સહજ દોષ પછીથી બાકીના ચાર દોષો દેહધારણ કર્યા પછી જ થાય છે તેથી તે દેહ-જીવ બન્નેમાં સમાન જ હોઇ અલગથી નથી કહ્યા. (પહેલો દોષ સહજ, બીજો દેશથી-

કાલથી થનાર અને હવે) ત્રીજો દોષ કહે છે-લોકવેદમાં નિરૂપિત દોષો, બીજી જાતિ વડે પકાવેલું અન્ન ભક્ષણ કરવું દોષરૂપ છે, તે લોકમાં તેની દોષરૂપતા છે, પરમાર્થમાં તેની દોષરૂપતા નથી કહી, આવા પ્રકારના જે હોય તે લોકમાં નિરૂપિત દોષો સમજવા. વેદનિરૂપિત દોષો એટલે સંસ્કાર કર્યા વિનાનું હોવું - પોતાના આશ્રમ (ગૃહસ્થ વગેરે) થી ભ્રષ્ટ થવું વગેરે સમજવા સ્મૃતિ વગેરે પણ વેદમૂલક હોવાથી લોક-વેદ બંનેને સાથે કહ્યા છે. દોષોનો ચોથો પ્રકાર છે સંયોગજ. સંયોગ એટલે પતિત વગેરેનો સંસર્ગ થવો-નીચકુલોત્પન્ન અથવા પોતાનાથી નીચેના સેવકો વગેરેનો સંસર્ગ થવો-તેનાથી થનારા દોષો સંયોગજ છે. દોષોનો પાંચમો પ્રકાર છે સ્પર્શજ દોષ. સ્પર્શજ એટલે વાતવ્યાધિ વગેરે. તેમજ અગમ્ય સ્પર્શ વગેરે. ચકારથી કુષ્ઠ, અપસ્માર વગેરે કર્મજ દોષો પણ સમજવા. અથવા કામ-ક્રોધ વગેરે પણ સમજવા (લોક તેમજ વેદમાં નિરૂપિત દોષોને ત્રીજા પ્રકારમાં ગણવામાં આવ્યા છે પરંતુ વિકલ્પે શ્રીગિરિધરજી અથવા કહી લખે છે)અથવા લોકવેદ નિરૂપિત એ પાંચેય પ્રકારના દોષોનું વિશેષણ છે. કારણ કે પદાર્થ માત્ર લોક-વેદમાં નિરૂપણ કરાયેલો હોવાથી તેના યોગથી આ પાંચેયનું વિશેષણ છે. આ પ્રકારે વિચારવામાંઆવે ત્યારે સહજ-દેશ કાલોત્થ-સંયોગજ અને સ્પર્શજ એમ ચાર પછી પાંચમો પ્રકાર એ કર્મજ દોષો ગણવા.

(૧૦) શ્રીલાલુ ભટ્ટજી પોતાની ટીકામાં જણાવે છે કે :-

"इहसहजदोषदेशोत्थदोषकालोत्थदोषसंयोगजन्यदोषस्पर्शजदोषश्चेति पञ्च दोषाः । लोकवेदनिरूपिता इति तु विशेषणम् । लोकशब्देन स्मृतिपुराणादि ग्राह्यम् । तत्र केचन देहस्य, अपरे तु जीवस्येति विवेचनीयम् । तत्रापि देहदोषाणां जीवेपि सम्बन्धो देहाध्यासात् । ते सर्वेपि दोषा आत्मसमर्पणरूपया भक्त्या निवर्तन्ते, 'तथा मद्विषया भक्तिरुद्धवैनांसि कृत्स्नश' इति भगवद्वाक्येन भक्तिमात्रस्य सर्वदोषनिवारकत्वात् । पञ्चविधदोषास्तु प्रथमस्कन्धसप्तमाध्याये 'भक्तानामभयकंर । त्वमेकोदह्यमानानामपवर्गोसि संसृते'रित्यस्य सुबोधिन्यां कर्मजाः कालजाः स्वभावजा मायोद्भवा देशोद्भवाश्चेति पञ्चोक्तास्त एवात्राप्युक्ता इति ज्ञेयम् । तत्र स्वभावजा दोषा इह सहजपदेनोक्ताः । कालजा देशोद्भवाश्च देशकालोत्था इत्यनेन । मायोद्भवास्ते संयोगजपदेन निरूपिताः, अविद्यासंयोगजन्यत्वात् । कर्मजाः स्पर्शजपदेनाभिहिताः । एवं पञ्चविधा दोषाः । तत्र सहजाः स्त्रीत्वशूद्रत्वादयः । तेपि निवेदननाश्याः, 'मां हि पार्थ व्यपाश्रित्य येपि स्युः पापयोनयः । स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेपि यान्ति परां गति'मिति वाक्यात् । देशदोषा मरुमगधसौराष्ट्रदुष्टदेशस्थित्यादयः । कालदोषाः कलिकालप्रभवाः शरीराशुद्ध्यादयः । एते त्रयो देहदोषाः । अविद्यासंयोगजन्याः संयोगजास्तु भगवद्भजनसद्धर्मबाहिर्मुख्यरूपाः । जीवदोषा एते । स्पर्शजा दुष्टकर्मस्पर्शेनोत्पन्नाः पातित्यादयः । तेषां पञ्चविधानां समर्पणजन्येन स्वस्वामिभावसम्बन्धेन निवृत्तिर्जायते । तत्र शूद्रत्वादयः सहजदोषाः । मरुमगधादिदुष्टदेशस्थित्यादयो दोषा न सर्वेषां, ब्राह्मणाद्युत्तमकुलोत्पन्नेषु सहजदोषाभावात्, मथुरादिशुभदेशवासिषु देशदोषाभावात् । अथवा, देशदोषा अपि सर्वेषां भवन्ति, मथुराद्युत्तमदेशस्थितावपि दुष्टस्वामिकस्थलस्थित्यादिजन्यापावित्र्यादिरूपदेशदोषाणां तत्रापि सत्त्वात्" अर्थात् :- અહીં સહજ દોષ, દેશોત્થ દોષ, કાલોત્થ દોષ, સંયોગજન્ય દોષ, સ્પર્શજ દોષ એમ પાંચ દોષો સમજવા. અને લોક વેદ નિરૂપિત એ પાંચેય દોષોનું વિશેષણ સમજવું. લોક શબ્દથી અહીં સ્મૃતિ, પુરાણ વગેરે જાણવું. આ પાંચ દોષો પૈકી કેટલાક દેહના અને બાકીના બીજા જીવના એમ સમજવું. તેમાં પણ દેહસમ્બન્ધી દોષોનો જીવ સાથેનો સમ્બન્ધ દેહાદ્યાસ

થકી જાણવો. આ બધા જ દોષો આત્મસમર્પણરૂપા ભક્તિ વડે નિવર્તિત થાય છે. **‘હે ઉદ્ધવ, જેનો વિષય હું છું એવી મદ્‌વિષયાભક્તિ સર્વ પાપોનો નાશ કરે છે’** એ ભગવદ્‌વાક્ય વડે ભક્તિ એ સર્વ દોષ નિવારણ કરવાવાળી છે. આ પાંચ પ્રકારના દોષો પ્રથમ સ્કન્ધના સાતમા અધ્યાયમાં **‘હે પ્રભુ, સંસારના અગ્નિથી તપી રહેલાઓને એક માત્ર આપ જ એનાથી છૂટકારો અપાવી શકો છો.’** આ સ્થળની સુબોધિનીમાં કર્મજ, કાલજ, સ્વભાવજ, માયોદ્‌ભવ અને દેશોદ્‌ભવ એમ પાંચ પ્રકારે કહ્યા છે તે જ પાંચ પ્રકારો અહીં પણ કહ્યાં છે તેમ જાણવું. તેમાં સુબોધિનીમાં જે સ્વભાવજ દોષ કહ્યો છે તે અહીં સિદ્ધાન્તરહસ્યમાં સહજ પદથી જાણવું. સુબોધિનીમાં કાલજ અને દેશોદ્‌ભવ છે તેને અહીં દેશકાલોત્થથી સમજવું. સુબોધિનીમાં માયોદ્‌ભવ જે દોષો છે તેનું અહીં સંયોગજ પદથી નિરૂપણ કરાયેલું છે. એ દોષો અવિદ્યાના સંયોગથી ઉત્પન્ન થનારા હોવાથી એને સંયોગજ અને સુબોધિનીમાં જે કર્મજ દોષો છે એને અહીં સ્પર્શજ પદથી કહ્યા છે આ પ્રમાણે પાંચ પ્રકારના દોષો છે. આ પૈકી સહજ એટલે સ્ત્રીપણું, શૂદ્રપણું વગેરે. આ દોષો પણ નિવેદન વડે નાશ પામે છે. **‘હે પાર્થ, મારો આશ્રય કરીને રહેલાઓ અગર પાપયોનિવાળા હોય, સ્ત્રી હોય, વૈશ્ય હોય કે શૂદ્ર હોય તે બધા જ પરાગતિને પરબ્રહ્મ જ જેની ગતિ છે તેવી પરાગતિને પામે છે’** એ ગીતાવાક્યથી જાણી શકાય છે. દેશદોષ એટલે મરુ, મગધ, સૌરાષ્ટ્ર વગેરે દુષ્ટ દેશોમાં સ્થિતિ વગેરે સમજવાં, કાલદોષ એટલે કલિકાલથી ઉત્પન્ન થનારાં, શરીર અશુદ્ધિ વગેરે. આ રીતે આ ત્રણેય દોષો દેહ સમ્બન્ધી દોષો છે એમ જાણવાં. અવિદ્યાના સંયોગથી ઉત્પન્ન થનારાં, સંયોગજ દોષો એટલે ભગવદ્ ભજન અને સદ્ધર્મ એનાથી બહિર્મુખ સ્વરૂપવાળા હોવું તે છે. આ સંયોગજ દોષો એ જીવસમ્બન્ધી દોષો છે. દુષ્ટ કર્મના

સ્પર્શથી પાતિત્ય વગેરે સ્પર્શજ દોષો જાણવા. દોષો જેમાં ભગવાન અમારા સ્વામી છે એવા ભાવનો સમ્બન્ધ થતો હોય એવા સમર્પણથી ભગવાન સાથે જે સમ્બન્ધ થાય છે તેનાથી આ પાંચેય પ્રકારનાં એની નિવૃત્તિ થાય છે. આમાં શૂદ્રપણું વગેરે સહજ દોષો છે. મરુ-મગધ વગેરે દુષ્ટ દેશોમાં સ્થિતિ થવી તે દોષ બધાને જ પ્રાપ્ત હોતો નથી. તેવી જ રીતે બ્રાહ્મણ વગેરે ઉત્તમકુલમાં ઉત્પન્ન થનારાઓમાં સહજ દોષનો પણ અભાવ હોય છે. તેવી જ રીતે મથુરા વગેરે શુભ દેશોમાં રહેનારાઓને દેશ દોષ પણ હોતો નથી અથવા દેશદોષ પણ બધાને જ પ્રાપ્ત થાય છે. કારણ કે મથુરા વગેરે ઉત્તમ દેશમાં સ્થિતિ કરેલી હોવા છતાં પણ આ બધા શુભ દેશો પણ દુષ્ટ-મ્લેચ્છ વિગેરે રાજાઓનાં આધીનપણામાં , આધિપત્યમાં હોવાથી તેના વડે તે શુભ દેશોમાં પણ જે અપાવિત્ર્ય વિગેરે ફેલાય છે તેથી કરીને દેશદોષ શુભદેશોમાં પણ વિદ્યમાન હોવાથી દેશદોષ સર્વને લાગે છે.

(૧૧) શ્રીશાર્ચ મતાનુવર્તી પોતાની ટીકામાં આ પાંચ દોષ સમ્બન્ધે કંઇ પણ વિશેષ લખતા નથી.

આ મુજબ સર્વ ટીકાકારોના પાંચ દોષોના પ્રકાર બાબત મતોને જોતાં પ્રથમના બે ટીકાકારો એટલે કે ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજી અને પંચમ લાલજી શ્રીરઘુનાથજી આ બન્ને મહાનુભાવો એકબીજાથી અલગ પ્રકારે પાંચેય દોષોના પ્રકારોને જણાવે છે. અને બાકીના નવ ટીકાકારો પૈકી કેટલાક શ્રીગોકુલનાથજીનું અનુસરણ કરે છે તો કેટલાક શ્રીરઘુનાથજીનું અનુસરણ કરે છે. તો કેટલાક બન્નેનો સમન્વય સાધીને પોતાનો મત પ્રસ્તુત કરે છે. પણ સારાંશમાં પ્રથમના બેના એકબીજાથી અલગ અભિપ્રાયો વિચારણીય છે. આ પૈકી શ્રીગોકુલનાથજી આ પાંચ દોષોને સેવા પ્રતિબન્ધક રૂપમાં પૂજામાર્ગમાં કહેવાયેલા જે દોષો છે તે દોષોને અહીં જણાવે છે. એ દોષોની નિવૃત્તિ અહીં આ માર્ગમાં

આત્મનિવેદનાત્મક બ્રહ્મસમ્બન્ધરૂપ સાધન વડે જ સધાય છે અને પૂજામાર્ગમાં ભગવાનનાં અંશ-વિભૂતિ વગેરે રૂપો ઉપાસ્ય હોવાથી પૂજામાર્ગમાં દોષનિવૃત્તિરૂપ શુદ્ધિ અપેક્ષિત રહે છે, પરંતુ આ માર્ગમાં પુરુષોત્તમ જ સેવ્ય હોવાથી પુરુષોત્તમ વિના સેવા પ્રતિબન્ધક દોષોની નિવૃત્તિ કે જેનાથી પ્રેમાત્મિકા ભક્તિને પનપવાનો પૂર્ણ અવકાશ ઉપસ્થિત થાય તેવી દોષનિવૃત્તિ તો પુરુષોત્તમ સમ્બન્ધ વડે જ થઇ શકે છે. અને પુરુષોત્તમનો સમ્બન્ધ હોય પછી અન્ય કોઇ સાધન કે ઉપાયની અપેક્ષા પણ રહેતી નથી, એમ તેઓશ્રીનું મન્તવ્ય સિદ્ધાન્તરહસ્યમાં આ સ્થળની આપશ્રીની ટીકાથી તેમજ ભક્તિવર્દ્ધિનીમાં **"પૂजया श्रवणादिभिः"** આ સ્થળ ઉપરની આપશ્રી દ્વારા લખાયેલી ટીકાનાં સ્વારસ્યથી સ્પષ્ટ થાય છે.

શ્રીગોકુલનાથચરણનાં આ મન્તવ્ય બાબતમાં શ્રીપુરુષોત્તમજી સિદ્ધાન્ત રહસ્યના ત્રીજા શ્લોકનાં વ્યાખ્યાનમાં જણાવેછે કે પ્રાચીનોએ એટલે કે પોતાનાથી મોટા પોતાના પૂર્વ થઇ ગયેલા એવા મહાનુભાવોએ પોતાની ટીકાઓમાં પાંચ પ્રકારના દોષ બાબતે પોતપોતાની વિચારેલી રીતિ મુજબ લખ્યું છે પરન્તુ તેમાં પ્રાસંગિક રીતે વિચાર કરાયેલો નથી. તેમાં એ રીતે દોષોનું નિરૂપણ કરવામાં જે પ્રત્યક્ષ વિરોધ આવે છે તેને પણ દૂર કરવામાં આવ્યો નથી અને તે રીતે વિચારતાં આધુનિક સમયના જે જઘન્ય અધિકારવાળા છે તેઓની દોષનિવૃત્તિ વગેરે ખૂબ જ કલેશપૂર્વક સાધી શકાશે. શ્રીપુરુષોત્તમજીનાં આ મન્તવ્યમાં પ્રાચીનો એટલે અત્યારે જેમની ટીકા ઉપલબ્ધ છે એવાઓમાં શ્રીગોકુલનાથજી, શ્રીકલ્યાણરાયજી, શ્રીવ્રજોત્સવજી, શ્રીગોકુલોત્સવજી અને શ્રીહરિરાયજી આટલાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પણ આ બધાના સમકાલીન બીજા મહાનુભાવોનું પણ આ ગ્રન્થ ઉપરનું ટીકા સાહિત્ય હોઇ શકે છે પણ તેની જાણકારી આજે આપણી પાસે નથી.

તેથી પ્રાચીનોમાં ઉપર્યુકતનો જ સમાવેશ કરી શકાય છે. શ્રીરઘુનાથજીનો આ યાદીમાં સમાવેશ એટલા માટે નથી કર્યો કારણ કે શ્રીપુરુષોત્તમજી પોતે જ આથી આગળ લખે છે 'આ કારણે શ્રીરઘુનાથજીની ટીકાને અનુસરી મેં મારા વ્યાખ્યાનમાં પાંચ દોષોના પ્રકારો લખ્યા છે. અતઃ પ્રાચીનોમાં શ્રીરઘુનાથજીની વિચાર પદ્ધતિ ભિન્ન છે અને શ્રીરઘુનાથજીની વિચાર પદ્ધતિમાં પ્રાસંગિકનો પણ વિચાર અને પ્રત્યક્ષ વિરોધનો પરિહાર તેમજ એ રીતે આધુનિક જઘન્ય અધિકારવાળાઓને પણ દોષનિવૃત્તિમાં કલેશ પ્રાપ્ત થતો નથી એ મુજબની વિચારપદ્ધતિ છે તેમ તેઓશ્રીનો અભિપ્રાય પણ જાણી શકાય છે.

શ્રીગોકુલનાથજી ૧. સહજ, ૨. દેશકાલોત્થ, ૩.લોકવેદનિરૂપિત, ૪. સંયોગજ, અને ૫. સ્પર્શજ એમ પાંચ પ્રકારે ગણાવે છે. જયારે શ્રીરઘુનાથજી ૧. સહજ, ૨. દેશોત્થ, ૩. કાલોત્થ, ૪. સંયોગજ, અને ૫. સ્પર્શજ એમ પાંચ દોષો ગણાવી લોકવેદ નિરૂપિત પદને આ પાંચેયના વિશેષણ તરીકે જણાવે છે. તેવી જ રીતે જયાં શ્રીગોકુલનાથજી આ પાંચેય દોષોને પૂજામાર્ગમાં કહેવાયેલા દોષોના પ્રકારોમાં સમજાવે છે તેમજ દરેક દોષને દેહ સાથે સમ્બન્ધ કરીને દોષોને લિંગદેહ અને સ્થૂલદેહના સમ્બન્ધવાળા જણાવી જીવ સમ્બન્ધે દોષો કયા તેનો કોઇ ઉલ્લેખ કરતા નથી. જયારે શ્રીરઘુનાથજી દેહ સમ્બન્ધી દોષો ઉપરાંત જીવ સમ્બન્ધ દોષોને ઉલ્લેખે છે તેમજ પૂજામાર્ગ સિવાયના વર્તમાનમાં દેહ સમ્બન્ધથી પ્રાપ્ત થનારા દોષોને પ્રકારોમાં જણાવે છે.

અમે જલભેદ પૂર્વપીઠિકામાં જણાવ્યું છે તે મુજબ શ્રીપુરુષોત્તમજી ઘણું કરીને શ્રીરઘુનાથજીની વિચાર પદ્ધતિને અનુસરે છે. અને તે આ ગ્રન્થની ટીકામાં પણ સ્પષ્ટ જોવા મળે છે. પ્રાયઃ કરીને શ્રીરઘુનાથજીની વિચાર પદ્ધતિ એમાં ષોડશ ગ્રન્થોના

શ્લોકોનાં અર્થઘટનમાં તેઓશ્રીની મધ્યમાધિકારીઓને અનુલક્ષીને તેમજ આધુનિક જઘન્ય અધિકારીઓને દષ્ટિમાં રાખીને અર્થઘટન કરવાની છે. જ્યારે શ્રીગોકુલનાથજીની ષોડશ ગ્રન્થોની ટીકા વાંચતાં મધ્યમાધિકારીઓમાં ઉત્તમ પ્રકારના અથવા તો તેથી ઉત્તમ પ્રકારનાં અધિકારીઓને દષ્ટિમાં રાખીને અર્થઘટન કરવાની વિચાર પદ્ધતિ રહી છે. અતઃ બન્ને વચ્ચે વિરોધ નથી પરંતુ દષ્ટિમા રહેલાં અલગ અલગ અધિકારીઓને કારણે આ મતભેદ જોવા મળે છે.

ઉત્તમ, મધ્યમ, જઘન્ય અધિકાર અને તે અધિકારવાળા અધિકારીઓની જ્યારે શ્રીપુરુષોત્તમજીની પંક્તિઓથી ચર્ચા કરવામાં આવે છે ત્યારે અધિકાર એટલે શું અને અધિકારી એટલે શું એને પણ બરાબર વિચારી લેવું જોઇએ. પુષ્ટિમાર્ગમાં સેવામાં થનારાં ત્રણ ફળો શ્રીઆચાર્યચરણ સેવાફલ વિવરણમાં જણાંવે છે અને તે ઉત્તમ-મધ્યમ-જઘન્ય રૂપમાં અનુક્રમે અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને વૈકુંઠાદિમાં સેવાપયોગી દેહ પ્રાપ્ત થવો એ ત્રણ ફળ છે. આ ફળોને મેળવવાનો જેને અધિકાર છે તે અધિકારી છે અને જે-તે ફળના અનુસાર જેનો-તેનો ઉત્તમ વગેરે અધિકાર નક્કી થાય છે. આમ કહેવાથી ફલપ્રાપ્તિ થઇને તેનો અધિકાર નિશ્ચય થાય છે તેમ નહિં માનવું જોઇએ પરંતુ જે પ્રકારનો જીવ તેના પ્રકાર અનુસાર તેને તે-તે ફલ થાય છે એમ જાણવું જોઇએ. પુષ્ટિમાર્ગીય જીવોના ત્રણ ભેદો શ્રીઆચાર્યચરણે પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં સ્પષ્ટ કર્યા છે જેને ત્યાં પુષ્ટિ-પુષ્ટિ, મર્યાદા-પુષ્ટિ અને પ્રવાહ-પુષ્ટિના નામે કહ્યા છે. આ ત્રણે અનુક્રમે ઉત્તમ-મધ્યમ-જઘન્ય અધિકારવાળા છે અને એ ત્રણેને સેવામાં અનુક્રમે ઉત્તમ-મધ્યમ-જઘન્ય ફલ થાય છે. જે શુદ્ધ પુષ્ટિજીવો છે કે જેમની ભગવલ્લીલામાં જ નિત્ય સ્થિતિ છે તેવા જીવો કદાચિત્ ભગવલ્લીલાર્થ ભગવદિચ્છાથી આ ભૂતલ પર પ્રગટે પણ છે તો ત્યારે પણ તેમનામાંથી આનન્દનો તિરોભાવ નથી હોતો. અને

તેમને અનુભવાતો ભગવદ્ વિયોગ પણ ભગવદ્ રસાત્મક જ હોય છે તેથી તેમના માટે ભક્તિબીજનું સ્થાપન કે ભક્તિવૃદ્ધિનાં સાધનોએની અપેક્ષા નથી હોતી. ઉત્તમોત્તમ ફલના અનુભવમાં ભગવદનુગ્રહમાં કોઇ પણ પ્રકારનાં સાધનોની સર્વથા અનપેક્ષા યા સાધનનું સર્વથા અમિશ્રણ એ જ એમની ઉપરની કૃપાનું શુદ્ધ સ્વરૂપ છે અને એ જ એમની પુષ્ટિજીવ તરીકેની શુદ્ધતા છે. જ્યારે ઉક્ત ત્રણ પ્રકારના પુષ્ટિ જીવો માટે કમ યા જ્યાદારૂપમાં સાધનની અપેક્ષા રહે છે. શુદ્ધ જીવોને અલૌકિક સામર્થ્ય સદૈવ ઉપલબ્ધ હોય છે જ્યારે પુષ્ટિ-પુષ્ટિ જીવોને સાધનના અનન્તર ઉપલબ્ધ થાય છે. બાકીના બેને સાધનના અનન્તર સાયુજ્ય અને સેવોપયોગી દેહ પ્રાપ્ત થાય છે. આટલું અંતર શુદ્ધ-મિશ્ર વચ્ચે સમજવું જોઇએ. અતઃ જે શુદ્ધ જીવો છે તેમને માટે સાધન ભક્તિ કે ભક્તિવૃદ્ધિનાં સાધનો અપેક્ષિત રહેતાં નથી. અતઃ ષોડશ ગ્રન્થોમાં જે પણ સાધનોનું નિરૂપણ થયું છે તે શુદ્ધ પછીના એટલે કે મિશ્ર અધિકારવાળાઓ માટે થયું છે. આ રીતે શ્રીગોકુલનાથજી ઉત્તમાધિકારીને અનુલક્ષીને જણાવે છે એમ કહેવાથી ઉત્તમાધિકારી એટલે પુષ્ટિ પુષ્ટિ જીવો સમજવા અથવા તો મધ્યમાધિકારીઓમાં જે ઉત્તમ કક્ષાના છે તેમને સમજવા અને શ્રીરઘુનાથજી મધ્યમાધિકારીને અનુલક્ષીને જણાવે છે એમ કહેવાથી મધ્યમમાં પણ મધ્યમ પ્રકારના અથવા તો તે પછીના અધિકારીને અનુલક્ષીને જણાવે છે તેમ જાણવું. શ્રીપુરુષોત્તમજી જે ખુલાસો આપે છે તેમાં પણ શ્રીગોકુલનાથજીની વાત સાથે તેઓ સર્વથા અસમંત છે એમ જણાવવાનો તેઓશ્રીનો આશય નથી, પરંતુ શ્રીગોકુલનાથજીનો અર્થ ગ્રહણ કરતાં તે આધાર પર તેથી નીચેની કક્ષાના અધિકારવાળાઓનું શું અને તેમની દોષનિવૃત્તિ કયા પ્રકારે એ સ્પષ્ટ ન થતાં એ લોકોની દોષનિવૃત્તિમાં કોઇ સુકર ઉપાય કે જે તેમના વડે સાધ્ય બની શકતો હોય તેવું બતાવવું જોઇએ. અથવા તો

અહીં દોષનિવૃત્તિનો પ્રકાર જ એ રીતે સ્વીકારવો જોઇએ કે તેથી ઉતરતાં અધિકારીઓની પણ સુકરતાથી દોષનિવૃત્તિ થઇ તેઓ પણ સેવામાર્ગમાં પ્રવેશી શકે.

બીજી વાત એ પણ છે કે પૂજા માર્ગમાં કહેવાયેલા જે દોષો છે તે અમુક દોષનિવૃત્તિ પછીના છે. અને અમુક પ્રકારના દોષો હોતાં તો તે પૂજા માર્ગનો અધિકારી જ નથી રહેતો. જેમ કે સ્ત્રી, શૂદ્ર, વગેરેને પૂજામાર્ગનો અધિકાર જ નથી. તેવી જ રીતે મ્લેચ્છાદિ દેશોમાં પણ પૂજા કરવાનું વિધાન નથી. તેવી જ રીતે જ્યાં પૂજા માર્ગમાં કાલના અતિક્રમથી ઉત્પન્ન થનારો દોષ એનું નિવારણ કહેવાયું છે. ત્યાં કલિકાલજન્ય દોષોનું નિવારણ કહેવાયું નથી. જ્યારે આ બધા દોષો પણ સેવામાં કે પૂજામાં પ્રતિબન્ધ કરનારા તો છેજ. તેથી જ તો વૃત્રાસુર પણ પોતાના ધર્મ પુરુષાર્થમાં **“दासानुदासो भवितास्मि”** એમ પોતાના દાસાનુદાસપણામાં ભવિષ્યકાલનો પ્રયોગ કરીને વર્તમાનમાં પોતે દૈવી જીવ હોવા છતાં પણ વર્તમાનમાં આસુર શરીર સંપત્તિવાળો હોવાથી દાસધર્મ કરણમાં પોતાની અયોગ્યતા જણાવે છે. યદ્યપિ ગીતામાં સ્ત્રી, શૂદ્ર વગેરે તેમજ દુરાચારી વગેરેને પણ ભક્તિ વડે પરમ ફલ મળે છે એમ કહ્યું છે તેમ છતાં પણ ત્યાં એ બન્ને સ્થળોએ દુરાચારી પણ જો ભગવન્નિષ્ઠ થઇ ભજનમાં પ્રવૃત્તિ કરે તો તેને ઉત્તમ ગણવું તેમ જણાવ્યું છે. તેમજ બીજા સ્થળમાં ભગવદ્ ભજન કરનારા સ્ત્રી-શૂદ્રાદિ પરાગતિને પામે છે તેમ કહ્યું છે. પરંતુ આ બન્ને સ્થળે ભજનાધિકારનું સંપાદન કેવી રીતે એની કોઇ સ્પષ્ટતા ગીતામાં કરવામાં આવી નથી. પરંતુ શાસ્ત્રવિધિનો ઉચ્છેદ કરીને સ્વચ્છન્દ રીતે કામકાર બનીને કોઇ પણ સદ્ વર્તન કરે પણ છે તો તેથી તેની સિદ્ધિ, સુખ કે પરાગતિ કંઇ પણ મળતું નથી. અને શાસ્ત્ર વિધાન અમુક દેહવાળાઓને વૈદિક કે શાસ્ત્રીય પ્રવૃત્તિઓમાં અનધિકૃત જાહેર કરે છે. ત્યારે ભક્તિ એટલે સેવા અને સેવા એ

સેવકધર્મ છે તેથી જે પણ સેવક હોય તે જ સેવામાં યોજાય. કોઇ પણ રસ્તે ચાલતો માણસ કોઇકના ઘરેથી ચોરી લાવેલા ચોખાના ચાર દાણા ભગવાન પર ચઢાવે તો તેવી સેવા ભગવાન અંગીકાર કરતા નથી. ત્યારે વ્યક્તિ ભગવાનનો હોય અને ભક્તિ પદાર્થો પણ ભગવાનના હોય, ભગવદીય હોય ત્યારે જ કરાયેલી સેવા ભગવાન અંગીકાર કરે છે. અને તે ભક્તિના અધિકારરૂપ આત્મનિવેદનને જ શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં ભગવાને જણાવ્યું છે. યદ્યપિ જીવ ભગવાનના અંશપણાથી ભગવાનનો દાસ જ છે છતાં પણ અવિદ્યાના બંધનથી જે અહં-મમાભિમાનવાળો છે, તેથી અહં-મમના અભિમાનના ત્યાગપૂર્વકનું આત્મનિવેદન ભજનમાં અધિકાર સંપાદન કરે છે. અને પ્રત્યક્ષ પરિસ્થિતિ એ છે કે જ્યારે જીવ બ્રહ્મસમ્બન્ધ રૂપ આત્મનિવેદન કરે છે ત્યારે અહં-મમાભિમાનવાળો જ હોય છે. આવી સ્થિતિમાં અહં-મમાભિમાનની પ્રત્યક્ષ નિવૃત્તિ વિના એવું કયું સાધન છે કે જેનાથી સેવાધિકાર સમ્પન્ન થાય. બ્રહ્મસમ્બન્ધ લઇને સાધનદશામાં રહેલા જુદા-જુદા અધિકારવાળા જીવો સેવા આરંભે છે ત્યારે એને ઘર-પુત્ર, પત્ની, ધન અથવા તો સેવામાં પ્રયોજાતાં પદાર્થોમાં એનું મમત્વ તો રહે છે. મમત્વ એટલે આ મારું છે અથવા તો આ મારું હતું એટલે કે કોઇ એ પોતાના ઠાકોરજી માટે એક તોલા સોનાનું આભૂષણ બનાવીને પોતાના ઠાકોરજીને અર્પણ કર્યું અને જો કોઇ બીજો પૂછે આ શું છે, આ ક્યાંથી આવ્યું, તો તરત જ પેલો એમ કહેશે આ તો મને મારા લગ્નમાં કોઇએ ગીફ્ટમાં આપ્યું હતું તે મેં ઠાકોરજીને અર્પણ કર્યું. આમ કહેવાથી હું ભગવાનને આપનાર છું અને ભગવાન લેનાર છે અને આ પહેલા મારું હતું પણ તે આજે મારું નથી આજે ભગવાનનું છે આ બન્ને ભાવો શુદ્ધ ભક્તિમાર્ગીય સમર્પણને અનુકૂલ નથી. અને તેવું સમર્પિત પુષ્ટિ પુરુષોત્તમ સ્વીકારતા પણ નથી. અતઃ આત્મનિવેદનમાં વ્યક્તિ અને

વસ્તુ સાથે જ ભગવત્સમ્બન્ધ સ્થપાય છે, તેમાંથી જીવનો સમ્બન્ધ દૂર થાય છે અને તેથી કરીને બધું જ લૌકિકતા ત્યાગી અલૌકિક બને છે કે જે ભગવત્ સ્વીકાર યોગ્ય હોય છે. તેવો ભગવત્સમ્બન્ધ સ્થાપિત થતો હોય તેવું સાધન જ અહીં જુદા-જુદા અધિકારવાળાઓને સેવાધિકાર પ્રદાન કરી શકે છે અને તેમની સેવામાં પ્રવૃત્તિ થઇ શકે છે ભગવાને પોતે જ આત્મનિવેદનાત્મક સગદ્ય પંચાક્ષરરૂપ બ્રહ્મસમ્બન્ધ સાધન પ્રદાન કર્યું છે જેથી ભગવદ્ અનુગ્રહવાળો જીવ એટલે કે પુષ્ટિજીવ તે મિશ્રના ત્રણમાંથી કોઇ પણ ભેદવાળો હોય તે ગુરુ દ્વારા સ્વમુખે જ્યારે આનું ઉચ્ચારણ કરે છે ત્યારે તે કરવાથી વ્યક્તિ અને વસ્તુ બન્નેમાં ભગવત્ સ્વીકારથી તે ભગવદીય બને છે. આ ભગવદીયપણું છે તેનાથી દોષોનું સેવામાં પ્રતિબન્ધ કરવાનું સામર્થ્ય હતું તે સામર્થ્ય નાશ પામી જીવ વડે કરાયેલી સેવા ભગવાન અંગીકાર કરે છે. યદ્યપિ સર્વ વસ્તુ મૂલતઃ ભગવાનની જ છે અને ભગવદ્રૂપ જ હોવાથી તે મૂલતઃ પ્રતિબન્ધક નથી, પરન્તુ એની જે પ્રતિબંધકતા કહેવાઇ છે તે મર્યાદાને આધીન કહેવાઇ છે. કારણ કે પદાર્થમાં ગુણ અને દોષનો ભેદ બતાવી તે અનુસાર વિધિ અને નિષેધનું મૂલ વેદ જ છે. આ બાબતમાં ભાગવત એકાદશ સ્કન્ધનો ઓગણીસમો અદ્યાય બરાબર તપાસવો જોઇએ. ત્યાં ઓગણીસમા અદ્યાયના અન્તમાં ઉદ્ધવજીના જુદા-જુદા પ્રશ્નોનો ઉત્તર આપી અન્તમાં ભગવાન જણાવેછે કે -

किं वर्णितेन बहुना लक्षणं गुणदोषयोः ।
गुणदोषदृशिर्दोषो गुणस्तूभयवर्जितः ॥

(ભાગ. ૧૧-૧૯-૪૫)

હે ઉદ્ધવ ! ગુણ-દોષનાં લક્ષણ બહુ પ્રમાણમાં વર્ણન કરવાથી શો લાભ, સારાંશમાં કહુંતો ગુણ-દોષ જોવાવાળી દૃષ્ટિ જ ખરેખર દોષ છે અને ગુણ-દોષની દૃષ્ટિથી પર થઇ જવું જ સાચો ગુણ છે. આમ ભગવાન વડે કહેવાતાં ઉદ્ધવજી વીસમા અદ્યાયના આરંભે પ્રશ્ન કરે છે કે - હે પ્રભુ ! વેદો-શાસ્ત્રોમાં જે વિધિ અને નિષેધ છે તે આપ સર્વેશ્વરની આજ્ઞારૂપ જ છે કે જેથી કર્મોના ગુણ-દોષની પરીક્ષા થઇ શકે છે, વર્ણ-આશ્રમ-વિકલ્પ-પ્રતિલોમ-અનુલોમ જાતિઓ દ્રવ્ય, દેશ, વય,કાલ, સ્વર્ગ, નરક આ બધા ભેદો પણ આપની આજ્ઞારૂપ વેદોથી જ જાણી શકાય છે. એમ કહેતાં છેલ્લે કહે છે - વેદોમાં જોવામાં આવતી આ ગુણ-દોષના ભેદવાળી દૃષ્ટિ આપની વાણીરૂપ આજ્ઞાથી જ છે, નહિં કે ગુણ-દોષનો ભેદ એ સ્વતઃ સિદ્ધ છે, પરન્તુ પ્રશ્ન એ છે કે એક તરફ આપની આજ્ઞારૂપ વેદો વડે જ આપ ગુણ-દોષનો ભેદ જણાવો છો અને એજ આપ પોતાની વાણીરૂપ આજ્ઞાથી આવી દૃષ્ટિને જ દોષરૂપ જણાવો છે.-આ ન હોવું તેને ગુણરૂપ કહો છો તેથી ભ્રમ થાય છે કે આપની કઇ વાણીનું અનુસરણ કરવું. ત્યારે પ્રશ્નનો ઉત્તર આપતાં એકવીસમા અદ્યાયમાં ભગવાન કહે છે- હે ઉદ્ધવ ! મારા વડે કહેવાયેલ આ કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ આ ત્રણમાંથી ગમે તે એકને સ્વીકાર્યા વિના ક્ષુદ્ર ભોગોને ભોગવવામાં રચ્યા પચ્યા રહે છે તે લોકો જન્મ-મરણના સંસારમાં ભટકતા જ રહે છે. વેદમાં કહ્યા અનુસારના પોતપોતાના વર્ણ-આશ્રમ અનુસારના અધિકારમાં નિષ્ઠા હોવી એ ગુણ છે અને અધિકાર બહારમાં ચિત્ત હોવું કે ચેષ્ટા કરવી એ દોષ છે. સમાન વસ્તુઓમાં પણ જે શુદ્ધિ-અશુદ્ધિનું તેમજ ગુણ-દોષ વગેરેનું વિધાન કરવામાંઆવે છે તેનુ પ્રયોજન એ છે કે દ્રવ્યની વિચિકિત્સા એટલે કે દ્રવ્યમાં સંદેહ થાય (અને તે રીતે દ્રવ્યમાં વ્યક્તિની અતિપ્રવૃત્તિને નાથી શકાય). ધર્મના અર્થે, વ્યવહારનો ઉચ્છેદ ન થઇ ચાલતો રહે તે અર્થે તેમજ જીવનયાત્રા કલ્યાણયાત્રા બની રહે તે માટે ધર્મની ધુરાનું વહન કરનારા ઋષિઓ વડે જે આચાર દર્શાવાયો છે તે ખરેખર તો ઋષિઓએ પણ તે આચાર મારા થકી જ દર્શાવ્યો છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ આ પાંચ મહાભૂતો

બ્રહ્માથી લઇને સ્થાવર પર્યન્તમાં રહેલા દરેક પ્રાણિમાત્રના તેના તેના આત્માથી શરીરરૂપમાં સારી રીતે જોડાયેલા છે (અને તે ભૂતો બધામાં એક જ અને સમાનરૂપના છે). તેમ છતાં પણ બધામાં સમાન રૂપમાં પંચભૂતો રહેલા હોવા છતાં વર્ણ-આશ્રમરૂપમાં એકબીજાથી જે વિષમરૂપમાં નામરૂપ વેદ વડે કહ્યા છે તે એટલા માટે કે દરેક પ્રાણિમાત્રને ચતુર્વિધ પુરુષાર્થોની સિદ્ધિ થઇ તેઓ સત્ય કલ્યાણને પામે, તેથી કરીને દેશ-કાલ વગેરે (વગેરે - દેશ, કાલ, કર્મ, દ્રવ્ય, મંત્ર, કર્તા) ના જે ગુણ-દોષનું વિધાન વેદો વડે મેં કર્યું છે તેનું પ્રયોજન છે જીવની કર્મમાં સ્વચ્છન્દ પ્રવૃત્તિ ન થઇ કર્મનું નિયમન થાય.

અતઃ જીવગત, દેહગત કે વસ્તુગત દોષોનું જે પ્રતિબન્ધ કરવાનું સામર્થ્ય છે તે ભગવાને સ્થાપેલી મર્યાદા અનુસાર જ - તે થકી જ છે. કારણ કે આ દોષ છે એ વિધાન જ વેદમર્યાદા થકી છે, નહિં કે સ્વતંત્રરૂપમાં દોષોનું તેવું સામર્થ્ય સિદ્ધ છે. તેવી જ રીતે પુષ્ટિ એટલે ભગવદાજ્ઞારૂપ વેદોની મર્યાદાના સામર્થ્યથી ઉપરનું ભગવાનનું સ્વતંત્ર સામર્થ્ય. જેમ સિવિલ કોર્ટ, ડિસ્ટ્રીકટ કોર્ટ, હાઇકોર્ટ, સુપ્રિમ કોર્ટ આ બધા જ ન્યાયતંત્રમાં છે છતાં પણ નીચલી કોર્ટના ઓર્ડરને ઉપલી કોર્ટ અમાન્ય કરી પોતાનો સ્વતંત્ર હુકમ આપી શકે છે. તેમજ તે કાયદાઓને પણ રાષ્ટ્રના સર્વોચ્ચ વડા એ ફેરવી શકે છે તેવી જ રીતે ઇશ્વરના તંત્રમાં સહુથી ઉપરી એ વેદ છે અને તેના પણ કાયદાને પરમેશ્વર ફેરવી શકે છે. આમ કાયદાને પણ ફેરવી શકવાનું જે સ્વતંત્ર સામર્થ્ય રાષ્ટ્રવડાનું હોય છે કે જે પ્રત્યક્ષ જોઇ શકાય છે કે તેઓ આખા બંધારણને રદબાતલ કરી નવું બંધારણ પણ પ્રસ્થાપિત કરતા હોય છે, એ જ રીતે વેદ એ પણ ઇશ્વરીય તંત્રનું એક અંગ છે અને સર્વોપરિ-સર્વ નિયન્તા એ પરબ્રહ્મ-પરમેશ્વર પોતે જ છે. ભગવાને પોતાના એ સર્વતંત્ર સ્વતંત્ર સામર્થ્યથી જ અતિશય અનુગ્રહ પૂર્વક-અનુગ્રહરૂપમાં જે જીવોને

ચિત્તમાં રાખી સ્વયં પોતે જ પોતાની ઇચ્છાથી જ અને તે પણ સાક્ષાદ્ રૂપમાં શ્રીઆચાર્યચરણ સમક્ષ શ્રાવણ શુકલા એકાદશીની મધ્યરાત્રીએ પ્રકટ થઇને સગદ્ય પંચાક્ષરના મંત્રદાન સહિત સિદ્ધાન્તનું રહસ્ય પ્રકટ કર્યું તે જીવો જ પુષ્ટિમાર્ગીય જીવો છે અને તે જીવોને જ બીજાઓથી અલગ રૂપમાં તારવીને પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં તેમને 'પુષ્ટિજીવો' નામથી ઉલ્લેખે છે. પુષ્ટિજીવો પૈકી પણ ત્યાં જ **"शुद्धा प्रेम्णातिदुर्लभाः"** એમ શ્રીઆચાર્યચરણ લખે છે અતઃ તેઓ તો તે પ્રેમથી જ શુદ્ધ થયેલા છે. અતઃ ત્યાં માત્ર દોષનિવૃત્તિરૂપ અનુગ્રહથી ઘણી આગળની કક્ષા તેમને પ્રાપ્ત હોવાથી ન તો તેમને પૂર્વમાં અલગથી દોષનિવૃત્તિ પણ અપેક્ષિત છે કે ન તેમને સેવાધિકાર સંપાદન કરવો પણ અપેક્ષિત છે કે ન તો તેમને સાધનરૂપા સેવા પણ અપેક્ષિત છે. કારણ કે પૂર્વમાં દોષનિવૃત્તિ થઇ સેવાધિકાર સંપાદન કરી સાધનરૂપા સેવા વડે જે માનસી - ફલરૂપા સેવા સાધવાની છે તે તો તેમને પૂર્ણપ્રેમોદ્ગમથી જ સિદ્ધ છે. અતઃ ચાહે પૂજામાર્ગમાં કહેવાયેલા દોષો હોય કે પછી અવિદ્યા વગેરેથી ઉત્પન્ન થયેલા દોષો હોય એ દોષોની નિવૃત્તિ એ મને એમ લાગે છે કે પુષ્ટિમાં મિશ્ર અધિકારવાળાને માટે કહેવાઇ છે. ચાહે પુષ્ટિ પુષ્ટિ હોય ચાહે પુષ્ટિ મર્યાદા હોય પુષ્ટિ પ્રવાહ હોય. પણ એક વાત નક્કી છે કે એ લોકો છે તો પુષ્ટિમાર્ગના જીવ. તેમજ મર્યાદા અને પ્રવાહ શબ્દ લાગવાથી તે લોકો પ્રવાહી કે મર્યાદી છે તેમ નથી પરંતુ તે લોકો, મૂલતઃ પુષ્ટિમાર્ગીય હોઇને પણ તમે સાધન કરી મને પામો તેવી ભગવાનની ઇચ્છાને અહીં મર્યાદાનું મિશ્રણ કહેવાયું છે. તેમજ પ્રવાહ શબ્દથી એમનામાં દૈવી સૃષ્ટિથી અલગ આસુરિતાનું મિશ્રણ છે તેવો અર્થ નથી પણ પૂર્વાધિકારીઓની અપેક્ષા પ્રેમની ઊણપપૂર્વક ક્રિયામાં પરાયણતા છે. પણ આ ક્રિયા પણ સાંસારિકી ક્રિયા નહિં પરન્તુ ભગવત્ ક્રિયામાં તેમની પરાયણતા હોઇ તેમના ચિત્તની

પરાયણતા તો ભગવાનમાં જ થાય છે. આ પુષ્ટિજીવોના દોષનિવૃત્તિના ઉપાયમાં ભગવાને પોતાના અનુગ્રહ સામર્થ્ય વડે બ્રહ્મસમ્બન્ધનો ઉપાય આપ્યો અને તેમનામાં દેખાતા દોષોની સત્તા હોઇને પણ આ મારા જીવો છે એવો ભગવાનનો સ્વીકાર અને તેથી કરીને તેવાઓ વડે કરાયેલી સેવાને હું સ્વીકારીશ તેવું ભગવાનનું વચન જ અહી દોષનિવૃત્તિ સાથે સમ્બન્ધ ધરાવે છે. અતઃ આ ત્રણેય પ્રકારના પુષ્ટિ જીવો વડે પુષ્ટિમાર્ગમાં ભગવત્ સેવા કરવામાં આવે તે સેવામાં મર્યાદાથી બાધક બની આવતા જે દોષો તેની નિવૃત્તિ જે પુષ્ટિથી થાય છે તેવી પુષ્ટિ અને તેવા દોષો અહીં કહેવા જોઇએ. નહિં તો પૂજામાર્ગ સિવાયના બીજા દોષોની બાધકતા જો બની રહી તો તેટલા અર્થમાં પુષ્ટિના અર્થનો સંકોચ કરવો પડે, આ જ વાત શ્રીમહાપ્રભુજીના સેવક રામાનંદ પંડિતના ઉદાહરણથી જાણી શકાય છે કે રામાનંદની કરાયેલી સેવાના સ્વીકારમાં ગુરુ અપરાધ પણ બાધક બની શક્યો નથી અને એ જાણીને સ્વયં શ્રીમહાપ્રભુજીને પણ ખૂબ જ પ્રસન્નતા અને સંતોષ થયો છે. આ દોષ પણ પૂજામાર્ગોક્ત નથી. અતઃ શ્રીપુરુષોત્તમજી આ બધા જ વિચારોને ચિત્તમાં રાખી હું બીજા બધા મતોને છોડીને મેં શ્રીરઘુનાથજીના અનુસાર વ્યાખ્યાન કર્યું છે એમ જણાવે છે.

હવે આમ કહેતાં એક પ્રશ્ન આવે છે કે તો પછી શુદ્ધ જીવોને બ્રહ્મસમ્બન્ધની અપેક્ષા જ નથી અથવા તો એવા શુદ્ધ જીવોને બ્રહ્મસમ્બન્ધ કરાવવું જ નહિં ? અને જો એમ કહેવા જઇએ છીએ તો પછી શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસ પ્રભૃતિ શુદ્ધ પુષ્ટિજીવોને શા માટે બ્રહ્મસમ્બન્ધ કરાવ્યું ? પ્રશ્ન સાચો છે. પરંતુ પહેલી વાત તો એ છે કે ઘણું કરીને આવા શુદ્ધ પુષ્ટિજીવો કે જેમની લીલામાં જ નિત્ય સ્થિતિ છે તેવા જીવો પણ માત્ર ભગવાનની ઇચ્છાથી જ ભગવાન જ્યારે જ્યારે પણ પોતાને લીલાસહિત ભૂતલ પર પ્રકટ કરવાની ઇચ્છા કરે છે ત્યારે ભગવાન અને ભગવાનની લીલાઓ સાથે ભગવલ્લીલા અર્થે આ જીવો પણ ભૂતલ પર પ્રકટ થતા હોય છે. અતઃ **“यत्र यत्र धूमः तत्र तत्र अग्निः”** એ ન્યાયે જ્યારે જ્યારે પણ આવા શુદ્ધ પ્રેમવાળા પુષ્ટિજીવોનાં દર્શન થાય તો તેનાથી ભગવાન પણ ભૂતલ પર ક્યાંક સાક્ષાત્ પધાર્યા છે તેવો નિશ્ચય થઇ જાય છે. તેથી દામોદરદાસ પ્રભૃતિ શુદ્ધ પુષ્ટિજીવોનું પ્રાકટ્ય શ્રીમહાપ્રભુના પ્રાકટ્યથી અથવા તો લીલાસ્થ પુષ્ટિમાર્ગને પ્રકટ કરવાની અને તે પ્રગટ કરીને સર્વ ગોલોકસ્થ લીલાઓને આ ભૂતલ પર પ્રગટ કરીને તેમાં પોતે સ્વયં બિરાજવાની ભગવાનની પુષ્ટિ સ્વરૂપા ઇચ્છા સાથે સમ્બન્ધ ધરાવે છે. અને તેથી જ તો શ્રીગોકુલનાથજી પોતાના ટીકાના આરંભે લખે છે કે ‘જ્યારે જ શ્રીગોકુલના સ્વામી એવા પૂર્ણ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણે પોતાના મનોભિલષિત પ્રકારના શુદ્ધ પુષ્ટિ ભક્તિમાર્ગને પ્રકટ કરવાનું મન કર્યું ત્યારે પોતાના મુખારવિંદરૂપ આચાર્યચરણને ભૂતલ પર પ્રકટ થવાની આજ્ઞા આપી. ત્યારે જેમ કૃષ્ણાવતાર સમયમાં પોતાની સાથે પોતાના સર્વ લીલાપરિકરને પણ ભગવાને પ્રકટ કર્યો હતો તેમ આ વખતે પણ એ લીલાપરિકર ભૂતલ પર પ્રકટ થયો.’ ત્યારે જન્મ થવાથી તેમના ભગવાન સાથેના લીલાસ્થ સમ્બન્ધ ઉપર જે આવરણ આવ્યું તે આવરણ કૃષ્ણાવતાર સમયમાં પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપ થકી જ દૂર થયું. અને ફરી પાછા તે ભગવાન સાથેના લીલા સમ્બન્ધી બની ગયા. પણ અત્યારે અવતારદશા ન હોવાથી પ્રત્યક્ષ ભગવત્ સ્વરૂપની સ્થિતિ ન હોવાથી તેમનો પુનઃ લીલાસમ્બન્ધ સ્થપાય તેવો કોઇક ઉપાય અહીં અપેક્ષિત રહે છે. અને એ જ શ્રીમહાપ્રભુએ દામોદરદાસ પ્રભૃતિને બ્રહ્મસમ્બન્ધ દ્વારા તેમનો લીલાત્મક સમ્બન્ધ ભગવાન સાથે સ્થાપ્યો. એટલે કે આવા જીવોને જ્યારે બ્રહ્મસમ્બન્ધ થાય છે ત્યારે તે સમ્બન્ધ શ્રીહરિરાયજીના શબ્દોમાં કહેવામાં આવે તો ફલસામયિક ગુણાધાયક

સમ્બન્ધ કે જેને શ્રીહરિરાયજી કૃષ્ણ સમ્બન્ધ નામથી કહે છે. અતઃ આવા શુદ્ધ જીવો માટે અનવતાર દશામાં ગુરુ હૃદય જ નંદાલયરૂપ હોય છે અને તેઓ ગુરુ વડે બ્રહ્મસમ્બન્ધ દ્વારા ગુરુ હૃદયમાં બિરાજતા ભાવાત્મા સાક્ષાદ્ ભગવાન સાથે તેઓ લીલા સમ્બન્ધે જોડાય છે. આ રીતે શુદ્ધ જીવો પણ જ્યારે આ ભૂતલ પર પ્રકટ્યા હોય અને તે વખતે અનવતાર કાલ હોય તો ત્યારે એમને પણ આ ગુણાધાયક લીલા સમ્બન્ધને માટે બ્રહ્મસમ્બન્ધ અપેક્ષિત રહે છે. બલ્કે એમ કહું તો પણ કદાચ ખોટું નહિં કહેવાશે કે સગદ્ય પંચાક્ષર મન્ત્રને બ્રહ્મસમ્બન્ધ એમ જે આ ગ્રન્થમાં કહ્યું છે તે મિશ્ર જીવોને દષ્ટિમાં રાખીને, પરંતુ જ્યારે શુદ્ધ જીવો હોય છે ત્યારે આ સગદ્ય પંચાક્ષર એ બ્રહ્મસમ્બન્ધ નહિ પરન્તુ સાક્ષાત્ કૃષ્ણ સમ્બન્ધ એમ કહેવું જોઇએ. ચોર્યાસી વૈષ્ણવની વાર્તામાં કેટલાક વૈષ્ણવોને બ્રહ્મસમ્બન્ધ કરીને પણ પોતાના ઠાકોરજીમાં પણ તેમને રણછોડજીનાં દર્શન થતાં હોય અથવા તો તેમની આસક્તિ રણછોડજીમાં હતી અથવા તો બીજાં પણ કેટલાંક ચરિત્રો જોવા મળે છે. જ્યારે કેટલાકને બ્રહ્મસમ્બન્ધ માત્રથી જ તેમનો ભગવાનની સાક્ષાત્ લીલામાં અનુભવ કરનારો અધિકાર જોવા મળે છે. આ બે ભેદ એ પણ પૂર્વોક્ત આધાર પર જ જોવા મળે છે. અને તેથી જ તેવા થોડાક ઉતરતા અધિકારવાળાઓ એ શ્રીમહાપ્રભુજી સમક્ષ પોતાની ચિંતાનું નિવેદન કરતાં શ્રીમહાપ્રભુજીએ એ કહી સમાધાન કર્યું છે કે તમારે ચિંતા કરવી નહિં, ભગવાન પુષ્ટિમાં બિરાજે છે અને તમને પુષ્ટિમાર્ગમાં અંગીકાર કર્યાં છે તેથી જ તમારી લૌકિકી કે વૈદિકી ગતિ તો નહિં જ થાય. અને તમારો ભાવ દીનતા વગેરે જોઇને પ્રસન્ન થયેલા પ્રભુ ક્યારેક તમારા અધિકારને પણ બદલી શકે છે એ સર્વ નિયન્તા સર્વેશ્વર છે અને એ પોતાની ઇચ્છાથી આમ પણ કરી શકે છે.

◆ ◆ ◆ ◆

(૪) ચતુર્થ શ્લોક

अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन ।
असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥ ४ ॥

સાન્યવ પદાર્થ :- **अन्यथा** (નિવેદન વિના) **सर्वदोषाणां** (સર્વ દોષોની) न (નથી) **निवृत्तिः** (નિવૃત્તિ) **कथञ्चन** (કોઇ પણ રીતે) **असमर्पितवस्तूनां** (ન સમર્પેલી વસ્તુનો) **तस्मात्** (તેટલા માટે) **वर्जन** (ત્યાગ) **आचरेत्** (કરવો)

અક્ષરાર્થ :- નિવેદન વિના સર્વ દોષોની કોઇ પણ પ્રકારે નિવૃત્તિ થતી નથી. તેટલા માટે ન સમર્પેલી વસ્તુનો ત્યાગ કરવો.

ચોથા શ્લોકના પૂર્વાર્ધ બાબત એટલે કે **“अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन”** આટલા અડધા શ્લોક પરત્વે પ્રાયઃ ટીકાકારો કંઇ વિશેષ લખતા નથી. પરંતુ કેટલાક ટીકાકારોએ જે સાધારણ અંશમાં પ્રકાશ પાડ્યો છે તે આ મુજબ છે.

(૧) શ્રીગોકુલનાથજી પોતાની ટીકામાં જણાવે છે કે **“अन्यथा भक्तिमार्गे निवेदनव्यतिरेकेण सेवाप्रतिबन्धक-सर्वदोषनिवृत्तिर्न भवति । कथञ्चनेति प्रकारान्तरव्युदास उक्तः।”** **અર્થાત્** :- આ ભકિતમાર્ગમાં અન્યથા એટલે નિવેદનથી અતિરિક્ત બીજા કોઇ પણ પ્રકારે સેવામાં પ્રતિબન્ધ કરનારા દોષોની નિવૃત્તિ થતી નથી. કથંચન પદથી બીજા બધા જ દોષનિવૃત્તિના પ્રકારોને અમાન્ય કરવામાં આવે છે.

(૨) શ્રીરઘુનાથજી પોતાની ટીકામાં જણાવે છે કે

"अन्यथा यदि भगवत्संबन्धो न भवेत्तदा कथमपि कदाचिदपि सर्वदोषाणां निवृत्तिर्न भवेदित्यर्थः ।" અર્થાત્ :- અન્યથા એટલે જો ભગવત્ સમ્બન્ધ ન થાય તો પછી કોઇ પણ રીતે અને ક્યારેય પણ સર્વ દોષોની નિવૃત્તિ ન થાય.

(૪) શ્રીવ્રજોત્સવજી પોતાની ટીકામાં જણાવે છે કે :-

"ननु दोषनिवृत्त्यनन्तरमेवाङ्गीकारे का क्षतिः, तत्राहुः अन्यथेति । मदुक्तप्रकारकाङ्गीकाराभावे त्वेतेषां दोषाणां निवृत्तिः कथञ्चन अपि न, सहस्रजन्मपर्यन्तमपि कृतैः साधनैर्न भविष्यतीत्यर्थः ।" અર્થાત્ :- દોષનિવૃત્તિના અનન્તર જ જો ભગવાન અંગીકાર કરે તેમાં શો ક્ષતિ ? તો ત્યાં કહે છે કે અન્યથા એટલે કે મેં (શ્રીઆચાર્યચરણે) તે પ્રકારનો અંગીકાર કહ્યો છે તે નહિં હોતાં તો હજાર જન્મ પર્યન્ત અન્ય સાધનો કરીને પણ આ દોષોની નિવૃત્તિ થશે નહિં.

(૬) શ્રીહરિરાયજી પોતાની ટીકામાં જણાવે છે કે :-

"अन्यथा स्यादविश्वासात्समस्तं फलमन्यथा । ननु दोषनिवृत्त्यर्थं प्रायश्चित्तादिकं कथम् ॥ अन्यत्र विहितं चात्र तदेव न किमुच्यते । किमर्थं ब्रह्मसम्बन्ध इति चेत्तत्र चोच्यते ॥ विना तु ब्रह्मसम्बन्धं प्रायश्चित्तादिभिः पुनः । युगपत्सर्वदोषाणां न निवृत्तिर्भवेदिति ॥ ब्रह्मसम्बन्धकरणं सर्वदोषनिवर्तकम् । तदभावे कथं सद्यः सेवायामधिकारिता ॥ " અર્થાત્ :- જો બ્રહ્મસમ્બન્ધથી જ સર્વ દોષની નિવૃત્તિ થઇ જાય છે તો પછી દોષનિવૃત્તિ માટે ધર્મશાસ્ત્રમાં જે પ્રાયશ્ચિત્ત વગેરે વિધાન કરાયેલાં છે તેનું શું ? તે પ્રાયશ્ચિત્ત વગેરેથી જ અહીં દોષનિવૃત્તિ નહિં બતાવી કે જે વિધાન અનુસાર છે અને બ્રહ્મસમ્બન્ધને કહ્યું છે તો તે પ્રાયશ્ચિત્ત વગેરે ઉપાયો અહીં કેમ નથી કહ્યા ? બ્રહ્મસમ્બન્ધ વિના પ્રાયશ્ચિત્ત વગેરેથી એક સાથે સર્વ દોષોની નિવૃત્તિ થતી નથી. (પ્રાયશ્ચિત્તથી સર્વ દોષ નિવૃત્તિ થતા

નથી) એક માત્ર બ્રહ્મસમ્બન્ધ કરવું એ જ સર્વદોષ નિવૃત્તિનું સાધન છે અને સર્વદોષ નિવૃત્તિ ન થાય તો પછી સદ્યઃ - શીઘ્ર-તે જ ક્ષણથી સેવામાં અધિકારિતા કેવી રીતે સિદ્ધ થઇ શકે ?

(૧૦) શ્રીલાલુ ભટ્ટજી પોતાની ટીકામાં જણાવે છે કે :-

"आत्मसमर्पणं विना कर्मज्ञानयोगादिभिर्न सर्वदोषनिवृत्तिः । इह पूर्वमुक्तेषु पञ्चदोषेषु निखिलदोषाणामन्तर्भाव इति ज्ञापयितुं सर्वपदं, 'न तथा ह्यघवान् राजन् पूयेत तपआदिभिः । यथा कृष्णार्पितप्राणस्तत्पूरूषनिषेवये'ति षष्ठस्कन्धवचनात् । यद्यपि प्रायश्चित्तेन दोषनिवृत्तिस्तथापि न सर्वात्मना दोषापहारः, 'कर्मणा कर्मनिर्हारो न ह्यात्यन्तिक इष्यत'इति षष्ठ स्कन्धे शुकवाक्यात् । एवं ज्ञानेनापि न सर्वथा दोषनाशः, 'नाधर्मजं तद्धृदयं तदपीशाङ्घ्रिसेवये'ति शुकवाक्यात् । भक्त्या तु सकलदोषनिवृत्तिः, 'केचित् केवलया भक्त्या वासुदेवपरायणाः । अघं धुन्वन्ति कार्त्स्न्येन नीहारमिव गोपति'रिति वाक्ये कार्त्स्न्यपदात् नीहारदृष्टान्ताच्च ॥ "અર્થાત્ :- આત્મસમર્પણના વિના કર્મ-જ્ઞાન-યોગ વગેરેથી સર્વ સર્વદોષની નિવૃત્તિ થતી નથી. અહીં પૂર્વમાં કહેવાયેલા પાંચ દોષોમાં સર્વ દોષોનો અન્તર ભાવ છે એ જણાવવા અહીં સર્વપદ યોજ્યું છે. 'હે રાજન્, કૃષ્ણને અર્પણ કરેલા છે પ્રાણો જેને એવા ભક્તિમય પુરુષોની સેવા વડે જે પ્રકારે સર્વ પાપોથી પવિત્ર થવાય છે તે પ્રકારની પવિત્રતા તપ વગેરેથી થતી નથી' એ ભાગવતના છઠ્ઠા સ્કન્ધના વચનથી એમ જાણી શકાય છે કે યદ્યપિ પ્રાયશ્ચિત્તથી દોષ નિવૃત્તિ થાય છે તેમ છતાં પણ સર્વાત્મના સર્વ પ્રકારે તેથી દોષોનો નાશ થતો નથી. કારણ કે છઠ્ઠા સ્કન્ધમાં જ શુકદેવજીનું વચન છે કે 'કર્મ વડે કર્મનો આત્યન્તિક નિર્હાર થતો નથી' એ મુજબ જ્ઞાન વડે પણ સર્વથા દોષ નાશ થતો નથી. છઠ્ઠા

સ્કન્ધના બીજા અધ્યાયમાં યમદૂતો પ્રતિ વિષ્ણુદૂતોનું વચન છે કે 'તપ, દાન, જપ વગેરેથી પાપો ધોવાય છે એમાં ના નહિ, પરંતુ તે પાપોથી અધર્મયુક્ત બનેલું હૃદય એની મલિનતા ધોવાતી નથી પરંતુ તે પણ પરમેશ્વરના ચરણની સેવા વડે શુદ્ધ થાય છે.' જ્યારે ભક્તિ વડે તો સકલ દોષોની નિવૃત્તિ થાય છે. ભાગવતના છઠ્ઠા સ્કન્ધના પ્રથમ અધ્યાયમાં શુકદેવજી કહે છે 'કેટલાક વિરલા એવા ભગવાન વાસુદેવમાં પરાયણ થયેલા ભગવદીય જનો પોતાની ભગવાન પ્રત્યેની કેવલ ભક્તિ વડે પોતાનાં સર્વ પાપોને સમૂળગાં ધોઇ નાખે છે પાપોનો નાશ કરે છે- જેમ સૂર્યનારાયણ પોતાનાં કિરણો માત્રથી ધુમ્મસનો સંપૂર્ણ નાશ કરેછે.' એમ અહીં ધુમ્મસનું દૃષ્ટાન્ત આપી કાત્સ્ર્ન્ય એટલે કે સમગ્રતા એમ કહેવું હોવાથી.

ઉપર્યુક્ત ટીકાકારોના અભિપ્રાયોને જોતાં એક વાત સ્પષ્ટ થાય છે કે 'પુષ્ટિમાર્ગ એ મર્યાદામાર્ગથી ભિન્ન અને વિલક્ષણ છે' એ શ્રીપ્રભુચરણની ઉકિતમાં જે આ માર્ગનું જુદાપણું અને વિલક્ષણપણું છે તે દરેક બાબતમાં સમજવાનું છે જે આ ગ્રન્થ પરની શ્રીગોકુલનાથચરણની ટીકાના આરંભે કહેવાયું છે તેમ વિવેક, પુરુષાર્થો, ધૈર્ય, આશ્રય, સેવા પ્રકાર, વગેરે સર્વ કંઇ આ માર્ગમાં અલગ જ છે. તેમ આ માર્ગનો દોષનિવૃત્તિ પ્રકાર પણ સ્વતંત્ર-અલગ પ્રકારનો જ છે. અતઃ શુદ્ધ જીવો માટે પુષ્ટિપ્રકાર અને મિશ્રજીવો માટે બીજાં માર્ગીય સાધનોનો ભેળસેળિયો પ્રકાર એમ સમજવાનું નથી. મિશ્ર જીવો માટે પણ શુદ્ધ પુષ્ટિમાર્ગીય સાધનો અને પ્રકાર જ ઉપયોગી છે. તેથી એવો વહેમ ન થવો જોઇએ કે મર્યાદાથી મિશ્ર થયેલાઓ માટે કર્મ-જ્ઞાનયોગ વગેરેનો મિશ્ર પ્રકાર લેવો. જેમાં એક માત્ર ભગવાન જ સાધન છે એ પ્રકાર જેમાં ન આવતો હોય તેવો પ્રકાર કે તેવાં સાધનો આ માર્ગમાં સ્વીકાર્ય પણ નથી અને ઉપકારક પણ નથી. બીજાં સાધનોની અસ્વીકાર્યતા અને એની આ માર્ગમાં

અનુપકારિતા એમ બન્ને વાતોને જણાવવા ચોથા શ્લોકના પૂર્વાર્દ્ધમાં શ્રીઆચાર્યચરણ **"अन्यथा"** પદ યોજે છે. પુષ્ટિમાર્ગીય પ્રકાર કે સાધન ભગવત્સંબંધ એનાથી જ થયેલી દોષનિવૃત્તિ પુષ્ટિભકિતના અધિકારરૂપ છે અને તેનાથી જ પુષ્ટિભક્તિ સિદ્ધ થઇ શકે છે. જેમ ભાગવતના દ્વિતીય સ્કન્ધમાં **"धुनोति शमलं कृष्णः"** અહીં નાન્તરીયક પાપ કે જે સદા પુણ્ય સાથે જોડાયેલું રહે છે અને તે કોઇ પણ પ્રકારે દૂર થઇ શકતું નથી, તે પણ શ્રીકૃષ્ણ જ નાશ કરે છે. અહીં પણ **"कर्णरन्ध्रेण प्रविष्टः कृष्णः शमलं धुनोति"** એમ કૃષ્ણ માટે કર્તા વિભકિત વાપરીને કર્ણરન્ધ્રમાર્ગે અન્દર પ્રવિષ્ટ થયેલા કૃષ્ણ જ શમલનો નાશ કરે છે એમ કહ્યું છે. તેવી જ રીતે ભક્તિમાર્ગમાં તો ભગવન્માર્ગમાં જે કંઇ પણ તત્ત્વો અવરોધક હોય તે બધું જ પાપરૂપ-દોષરૂપ છે અને ભગવન્માર્ગમાં સહકારી અને ભક્તિસાધક બધું જ પુણ્યરૂપ-ગુણરૂપ છે અને ભગવન્માર્ગમાં તો પુણ્ય પણ બાધક હોવાથી પાપરૂપ જ છે, તેવી જ રીતે જ્ઞાન પણ ભક્તિભાવ વિરોધી હોવાથી તે પણ ભકિતમાર્ગમાં તો અવરોધક જ છે. અતઃ પુષ્ટિમાર્ગમાં દોષ શબ્દનો મુખ્ય અર્થ છે તે જેનાથી ભાવની ઉત્પત્તિમાં બાધા આવતી હોય અથવા જે ભાવવૃદ્ધિમાં બાધક હોય અથવા ઉત્પન્ન થયેલા યા વૃદ્ધિને પામેલા ભાવનો હ્રાસ થતો હોય અથવા જેનાથી ભગવદ્વિસ્મૃતિ થતી હોય, જેનાથી સ્નેહમાધુર્ય ખંડિત થતું હોય વગેરે તમામ બાબતો મુખ્ય અર્થમાં દોષ છે. ભલે બ્રાહ્મમુહૂર્ત શાસ્ત્રદષ્ટિથી અતિ ઉત્તમ-પરમ ગુણરૂપ અને જીવનવૃદ્ધિ તેમજ બ્રહ્મસાધનામાં સર્વશ્રેષ્ઠ કાલ કહેવાયો છે, છતાં પણ શ્રીકૃષ્ણ તે સમયે રોજ શયનખંડમાંથી શ્રીરુક્મિણીજીથી અલગ થઇ સ્નાન વગેરે અર્થે પધારી જતા હતા. અતઃ શ્રીરુક્મિણીજી તે બ્રાહ્મમુહૂર્તને દોષરૂપ ગણતા હતા અને તે એમને અતિ અપ્રિયકાલ હતો. તેવી જ રીતે ભગવદ્વૈમુખ્ય યા ભગવદ્ભાવ-ભગવદ્ભક્તિ વૈમુખ્ય હોવું એ જ આ

માર્ગમાં મુખ્ય દોષ છે અને એ જેના-જેનાથી પણ થતું હોય તે તમામ પણ બાધક-દોષરૂપ જ છે. અતઃ સેવામાં - પુષ્ટિ ભક્તિમાર્ગીય સેવામાં મુખ્ય બાધકરૂપ દોષ એ પ્રેમનો યા ભગવદ્ભાવનો અભાવ હોવો યા ઊણપ હોવું છે. કારણ કે ભક્તિમાર્ગમાં નિવેદિત પદાર્થને સ્વીકારવામાં **"यो मे भक्त्या प्रयच्छति"** અને **"भक्तिउपहृतम्"** એમ બે મુખ્ય શરતો ભગવાન ગીતામાં જણાવે છે. એટલે કે ભક્તિ વડે સંપાદન કરેલું અને ભક્તિપૂર્વક નિવેદન કરાયેલું ભગવાન સ્વીકારે છે. શ્રીઆચાર્યચરણ આ સ્થળે ઉપયોગ કરાયેલ ભક્તિ પદનો અર્થ પ્રેમ એમ કરે છે. અતઃ ભગવાન એ જણાવે છે કે બ્રહ્મસમ્બન્ધાત્મક આત્મનિવેદન કરેલાઓ ઓછા પ્રેમે કે પ્રેમ વિના પણ માત્ર દાસધર્મથી જ મારી જે સેવા કરશે તેને હું સ્વીકારીશ. અતઃ પ્રાયશ્ચિત્તાદિથી યા જ્ઞાનાદિથી ભલે મોક્ષ યોગ્યતા સિદ્ધ થતી હશે પરંતુ મોક્ષની યોગ્યતાથી ભક્તિ કે સેવાની યોગ્યતા આવતી નથી. તે યોગ્યતા તો ભગવદ્ અંગીકારથી જ થાય છે. અતઃ બ્રહ્મસમ્બન્ધકરણ વિના સર્વ દોષનિવૃત્તિ થતી નથી એમાં સર્વ શબ્દથી જે પ્રાયશ્ચિત્તાદિથી યા જ્ઞાનાદિથી પણ દૂર ન થઇ શકે તેવો દોષ પ્રેમ યા ભગવદ્ ભાવનો અભાવ એ પણ અત્રે દોષરૂપ ન રહી ભગવત્ સમ્બન્ધથી જ ભગવાન સેવા સ્વીકારે છે.

આ પ્રમાણે અહીં આ અર્ધશ્લોક પર્યન્તનો બ્રહ્મસમ્બન્ધ બાબત ચર્ચા કરીને હવે આગળ બ્રહ્મસમ્બન્ધ કરેલાઓએ શું કરવું અને કેમ રહેવું તે જણાવે છે.

"असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत्"

હવે શ્લોકનો ઉત્તરાર્ધ **"असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत्"** એટલે કે તેથી અસમર્પિત વસ્તુઓને ત્યાગવાનું

આચરવું. આ બાબત પર સર્વે ટીકાકારોનો અભિપ્રાય આ પ્રમાણે છે-

(૧) શ્રીગોકુનાથજી પોતાની ટીકામાં જણાવે છે કે **"यतोऽस्मिन्मार्गे भगवत्सम्बन्धाभाववद्वस्तुसंसर्गस्यैव दोषत्वम्, अतः स्वार्थं भगवदसमर्पितवस्तूनां वर्जनमाचरेत् । संसर्गमपि न कुर्यादित्यर्थः"** **અર્થાત્** :- આ માર્ગમાં જેને ભગવત્સમ્બન્ધ ન થયો હોય તેવી ભગવત્ સમ્બન્ધના અભાવવાળી વસ્તુઓ એનો સંસર્ગ થવો એ જ દોષપણું છે. અતઃ ભગવાનને નહિં સમર્પાયેલી વસ્તુઓનું પોતાના અર્થે વર્જન કરવું. એટલે કે ભગવાનને નહિં સમર્પાયેલી વસ્તુઓનો પોતાના અર્થે ઉપયોગ ન કરવો. એટલે કે એવી વસ્તુઓનો સંસર્ગ પણ ન કરવો.

(૨) શ્રીરઘુનાથજી પોતાની ટીકામાં જણાવે છે કે **"यत्स्मात्सम्बन्धाकरणे दोषानिवृत्तिस्तस्मादसमर्पितानां भगवत्यनिवेदितानां वस्तूनामुपभोगादिव्यवहारे वर्जनं कुर्यादित्यर्थः । स्वयं कुर्यात्सेवकैः कारयेदितिभावः"** **અર્થાત્** :- ભગવત્સમ્બન્ધનું અકરણ હોતાં પદાર્થગત દોષો જેમના તેમ રહે છે, દોષો નિવૃત્ત થતા નથી. તેથી અસમર્પિત એટલે કે ભગવાનને નિવેદન નહિ કરાયેલી હોય તેવી વસ્તુઓનો ઉપભોગ કરવો વગેરે વ્યવહાર ત્યાગવો. સ્વયં પણ તેવો વ્યવહાર ત્યાગવો અને પોતાના સેવકો એટલે પરિચારકો એટલે નોકર-ચાકર વગેરે તેવાઓ વડે પણ અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરાવવો.

(૪) શ્રીવ્રજોત્સવજી પોતાની ટીકામાં જણાવે છે કે :- **"समर्पितात्मनोह्यसमर्पितवस्तुसम्बन्धो बाधकः, तस्मादसमर्पितानां सम्बन्धिनां वस्तूनां असमर्पितानां च वस्तूनां वर्जनं त्यागं कुर्यात् । अत्रेदं भाति । स्वयं समर्पितात्मा प्रभुणा साक्षादात्मसात्कृतः । तस्य देहप्राणेन्द्रियान्तःकरणादयोपि**

तदङ्गीकृतास्तदधीनाः साक्षात्सेवैकव्रताभगवत्स्वरूपतत्सम्बन्धिस्वरूपान्तर्गतस्वस्वविषयग्रहणैकधर्मा, अन्ये तु स्वव्यतिरिक्ताः सर्वे बान्धवादय उदासीनाश्च भगवदनङ्गीकृताः पूर्वोक्तसेवानधिकाररूपप्रबलदोषदुष्टाः असमर्पितात्मानः, तेषां संसर्गश्च बाधको विजातीयत्वादस्वधर्मत्वाच्चेति तत्सङ्गनिषेध उक्तः । एवं सति स्वसमर्पितानां देहप्राणेन्द्रियादीनां तत्सम्बन्धिनां च प्रत्येकं केषामप्यसमर्पितसंसर्गो न कार्यः । तत्तदिन्द्रियविषयत्वेन तद्ग्रहणं न कर्तव्यम् । अनेन सर्वथा समर्पितेष्वेव सङ्गः कर्तव्यः । तेन च भगवत्येव सर्वेषां विनियोगो भविष्यतीति सूच्यते । तथा हि, सर्वथा समर्पितात्मानो ये ते साक्षाद्भगवत्सम्बन्धिव्यतिरिक्तं न किञ्चिद्गृणन्ति । तेषां नेत्राणि तत्स्वरूपमेव स्वविषयं गृह्णन्ति, न त्वन्यत्तद्व्यतिरिक्तम् । रसनेन्द्रियं तु तत्साक्षाद्भुक्तावशिष्टं स्वसमर्पिताङ्गीकारकरणेन परमसौभाग्यकारकं तद्दत्तमहाप्रसादरूपमलोकिकरसात्मकश्रीमदास्यामृतमेवास्वादयति । घ्राणस्तु तत्स्वरूपसौरभाघ्राणमेव करोति, तदुपभुक्तपुष्पाद्याघ्राणं वा । त्वगपि स्पर्शं तदङ्गस्यैव, तत्सम्बन्धिवस्तुनो वा । श्रवणमपि तद्वचनानि तद्गुणानेव वा शृणोति । एवमेव कर्मेन्द्रियाण्यपि तत्सम्बन्धिकार्यमेव कुर्वन्ति, न तु प्राकृतविषयं किमपि गृह्णन्ति । तादृशानां भगवदीयानामैहिकमपि सर्वं भगवन्निमित्तकमेवेति सर्वथा प्राकृतविषयग्रहणाभाव एवेति तत्सङ्गेनास्यापि सर्वेषां तत्रैव विनियोगः सम्पत्स्यत इति तात्पर्यार्थः । अनेन समर्पणानन्तरं प्रभुसम्बन्धिव्यतिरिक्तकार्यं किमपि सर्वथा न कर्तव्यं, तत्करणे त्वितरसम्बन्धेन तद्दोषसंक्रान्त्या बाहिर्मुख्यं स्वधर्महानिश्च स्यादिति भावो ज्ञापितः । एवं सति श्रवणादिकमपि तादृशभगवदीयमुखेनैव कार्यं, नेतरेणेत्यपि सूच्यते, तच्छ्रवणस्य साक्षात्पुरुषोत्तमसम्बन्धित्वाभावात् । किञ्च, कदाचिद्बहिः संसर्गेपि तद्द्रव्यान्नादिकं

सर्वथा न ग्राह्यमिति वस्तुपदकथनेन द्योत्यते । एवं सति लौकिकदेहनिर्वाहादिकं वैदिकमपि यावत्तावत्सर्वं समर्पितेनैव कार्यं, न त्वसमर्पितेनेत्यपि ज्ञापितम् ।” અર્થાત્ :- જે લોકો એ સ્વસર્વસ્વ સમર્પિત કરેલું છે તેવા આત્મનિવેદીઓને માટે નહિ નિવેદન કરાયેલી વસ્તુઓનો સમ્બન્ધ બાધક છે. તેથી અસમર્પિત લોકોના સમ્બન્ધવાળી વસ્તુઓ તેમજ અસમર્પિત પદાર્થો એનું વર્જન એટલે ત્યાગ કરવો. મને અહીં એમ જણાય છે, પ્રભુ વડે સાક્ષાત્ આત્મસાત્ કરાયેલ સ્વયં સમર્પિત આત્મા હોય છે. તેવાઓના દેહ, પ્રાણ, ઇન્દ્રિય, અન્તઃકરણ વગેરે પણ ભગવાન વડે અંગીકાર કરાયેલાં ભગવાનને જ આધીન થઇને રહેલાં અને જેનું સેવા જ એક વ્રત-પ્રતિજ્ઞા છે તેમજ ભગવત્સ્વરૂપ અને તેના સમ્બન્ધી સ્વરૂપાન્તર્ગત સ્વસ્વ વિષયને જ એક માત્ર ગ્રહણ કરવાના ધર્મવાળા હોય છે, બીજા બધા જે પોતાનાથી અલગ એવા સર્વ બાન્ધવો વગેરે તથા ઉદાસીનો કે જે ભગવાન દ્વારા અંગીકાર થયેલા નથી તે લોકો પૂર્વમાં કહેવાઇ ગયેલ સેવાના અનધિકારરૂપ પ્રબલ દોષથી દુષ્ટ થયેલા અસમર્પિત લોકો છે, તેવાઓનો સંસર્ગ પણ બાધક છે કારણ કે તે લોકો વિજાતીય (એટલે કે ભગવાનના દાસપણાની જાતિથી અલગ જાતિવાળા) તેમજ જે પોતાનો ધર્મ (દાસધર્મ) છે તે ધર્મ વિનાના હોવાથી તેવાઓના સંગનો નિષેધ કહ્યો છે. એ પ્રમાણે હોતાં પોતાના દેહ, પ્રાણ, ઇન્દ્રિયો વગેરેને તેમજ તેમના સંબન્ધીઓને પ્રત્યેકને કોઇને પણ અસમર્પિતનો સંસર્ગ ન થાય તેમ કરવું, તે-તે ઇન્દ્રિયોના વિષયો (શબ્દ-સ્પર્શાદિ) નું કે જે અનિવેદિત-અભગવદીય હોય તેનું ઇન્દ્રિયો વડે ગ્રહણ ન કરવું, આથી સર્વથા સમર્પિતોનો જ સંગ કરવો એમ જણાવ્યું છે. અને તેથી કરીને -તેમ કરવાથી સર્વનો ભગવાનમાં જ વિનિયોગ થશે એમ સૂચિત કર્યું છે. તેમજ જે સર્વથા સમર્પિતાત્મા છે તે લોકો સાક્ષાદ્ ભગવત્

સમ્બન્ધવાળું જે ન હોય તે કંઇ પણ ગ્રહણ કરતા નથી. તેવાઓનાં નેત્રો ભગવત્ સ્વરૂપને જ રૂપવિષયે ગ્રહણ કરે છે, તેથી અતિરિક્ત અન્ય કંઇ ગ્રહણ કરતા નથી. તેમની રસનેન્દ્રિય છે તે સાક્ષાત્ ભગવાન વડે ભોગ કરાઇ અવશિષ્ટ-બચેલું, તે પોતે સમર્પણ કર્યું તેનો ભગવાને અંગીકાર કર્યો છે તેમ તે ભગવદ્દભુક્ત પ્રસાદને પોતાનું પરમસૌભાગ્ય કરનાર અને તે પણ ભગવદ્દત્ત મહાપ્રસાદરૂપે અને તે પણ અલૌકિક રસાત્મક શ્રીપ્રભુના અધરામૃત રૂપમાં જ તેને આસ્વાદે છે. તેમની ઘ્રાણેન્દ્રિય પણ શ્રીપ્રભુના સ્વરૂપની સુગંધને જ ઘ્રાણેન્દ્રિય વડે સૂંઘે છે, અથવા તો ભગવાનના પ્રસાદી પુષ્પમાલા વગેરેની સુગંધી લે છે. તેમની ત્વચા પણ શ્રીપ્રભુના શ્રીઅંગનો જ, અથવા પ્રભુ સંબન્ધી વસ્તુઓનો જ સ્પર્શ કરે છે. તેમની શ્રવણેન્દ્રિય પણ શ્રીપ્રભુનાં વચનો, અથવા તો શ્રીપ્રભુના ગુણોનું જ શ્રવણ કરે છે. એ જ પ્રકારે તેમની કર્મેન્દ્રિયો પણ ભગવત્ સમ્બન્ધી કાર્યને જ કરે છે, તે પ્રાકૃત કંઇ પણ વિષયને ગ્રહણ કરતી નથી. તેવા ભગવદીયોનું જે ઐહિક છે તે પણ સર્વ કંઇ ભગવન્નિમિત્તક જ હોય છે. તેમાં પ્રાકૃત વિષયોને ગ્રહણ કરવાનો સર્વથા અભાવ જ હોય છે તેથી કરીને તેમના સંગ વડે પણ સર્વનો ભગવાનમાં જ વિનિયોગ સમ્પન્ન થાય છે તેમ તાત્પર્યાર્થ છે. આમ કહેવાથી સમર્પણ એટલે કે આત્મનિવેદન કર્યા પછીથી જે કાર્ય પ્રભુસમ્બન્ધનું ન હોય તેવું કોઇ પણ કાર્ય સર્વથા ન કરવું. તેવાં કાર્યો કરવાથી તો ઇતર સમ્બન્ધ વડે કરીને ઇતરમાં રહેલા દોષનું પોતાનામાં સંક્રમણ થવાથી બહિર્મુખતા અને સ્વધર્મહાનિ થાય છે એમ ભાવ દર્શાવ્યો છે. આ પ્રમાણે વિચારતાં શ્રવણ કરવું વગેરે પણ તેવાઓ (આત્મનિવેદી-પૂર્ણ ભગવદીયો) વડે જ - તેમના મુખે જ કરવું, બીજાઓથી ન કરવું એમ પણ સૂચિત થાય છે. (જે ઉપર જણાવેલા તેવા ભગવદીયો નથી) તેવાઓના મુખથી કરાતી ભગવત્ કથામાં સાક્ષાત્ પુરુષોત્તમસમ્બન્ધપણાનો અભાવ હોય છે (તેથી તેવાઓના મુખે શ્રવણ ન કરવું). ક્યારેક પોતાને બહારથી તેવાઓનો સંસર્ગ થઇ પણ જાય તો પણ તેવાઓનું દ્રવ્ય કે તેવાઓની કોઇ પણ વસ્તુ એનો સર્વથા સ્વીકાર ન કરવો એમ મૂલમાં વસ્તુ પદનો પ્રયોગ કર્યો હોવાથી જાણી શકાય છે. એ પ્રમાણે હોતાં લૌકિક દેહ વગેરેનો નિર્વાહ અને જે પણ વૈદિક હોય તે બધું પણ ભગવાનને સમર્પણ કરાયેલા પદાર્થ વડે જ કરવું, અસમર્પિત પદાર્થ વડે કંઇ પણ ન કરવું એમ પણ દર્શાવ્યું છે.

(૫) શ્રીગોકુલોત્સવજી પોતાની ટીકામાં જણાવે છે કે :- **"अतो ब्रह्मसम्बन्धानन्तरं पुनस्तदतिरिक्तसंसर्गे कुञ्जरशौचमिव सर्वं भवतीति तदनन्तरं तन्निषेधमाहुः असमर्पितेति । यतो ह्यसमर्पितानां न दोषनिवृत्तिर्ब्रह्मसम्बन्धाभावात्तस्माद्धेतोस्तेषां तत्सम्बन्धिपदार्थानां वर्जनमाचरेत्, संसर्गं न कुर्यात् इत्यर्थः ।"** **અર્થાત્ :-** બ્રહ્મસમ્બન્ધના અનંતર ફરીથી ભગવત્સમ્બન્ધ વિનાના પદાર્થોનો સંસર્ગ થતાં હાથીના સ્નાન જેવું (હાથી જળમાં સ્નાન કરી શુદ્ધ થાય અને બહાર આવી પાછો ધૂળ નાંખી અશુદ્ધ થાય તેવું) બધું થઇ જાય તેથી બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી ભગવત્ સમ્બન્ધ વિનાના પદાર્થો માટે નિષેધ કરે છે 'અસમર્પિત વસ્તુઓને સર્વથા ત્યાગવા' વાક્યથી, જેથી કરીને અસમર્પિતો ના દોષ નિવૃત્ત થતા નથી કારણ કે તેમનામાં બ્રહ્મના સંબન્ધનો અભાવ હોય છે, તે હેતુથી તેમના અને તેમના સમ્બન્ધી પદાર્થોને ત્યાગવા.

(૬)શ્રીહરિરાયજી પોતાની ટીકામાં જણાવે છે :- **"एवं हि ब्रह्मसम्बन्धः संस्कारोत्र निरूपितः । तदुत्तरं तस्य सर्वं समर्पणमिहोच्यते ॥ ९० ॥ यस्मात्कृतो हि सम्बन्धो विनियोगाय सर्वथा । स्वासम्बन्धि यतः कृष्णो न गृहणातीति निश्चयः ॥ ९१ ॥**

एतेदेवोक्तमाचार्यैर्वेणुगीतनिरूपणे । स्वभोगानन्तरं भोग्यो भगवान्भवतीति हि ॥ ९२ ॥ तत्रापि ब्रह्मसम्बन्धो वेणुना शब्दरूपिणा । ब्रह्मणा येन संसिद्धं देहादिविनियोजनम् ॥ ९३ ॥ तस्मात्सम्बन्धसहितो वर्जयेदसमर्पितम् । समर्पणं तु संसिध्येत्सम्बन्धादेव सर्वथा ॥ ९४ ॥ स्वसम्बन्धि यतः सर्वं गृह्णात्येवेति निश्चयः । समर्थं भक्त्युपहृतमतस्तु हरिणोदितम् ॥ ९५ ॥ गीतायां भक्तिमार्गीयप्रभुणातिदयालुना । वस्तूनामिति यत्प्रोक्तं बहुत्वं तस्य चाशयः । ९६ ॥ सर्वांशेनैव तत्त्यागो नैकांशेनेति बुध्यताम् । यथा गायत्र्योपदेशः संस्कारोत्तरमुच्यते ॥ ९७ ॥ श्रुतिस्मृत्युदिताचारस्तदभावे फलं न हि । आचरेदित्यनेनात्र ब्रह्मसम्बन्धतः परम् ॥ ९८ ॥ समर्पणं तथाचारो ह्यसमर्पितवर्जनम् । तदभावेङ्गहीना तु सेवा नैव फलेदिह ॥ ९९ ॥" अर्थात् :- આ પ્રમાણે અહીં (સાડા ત્રણ શ્લોક પર્યન્તમાં) બ્રહ્મસમ્બન્ધ સંસ્કારનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ત્યારબાદ હવે આગળ આત્મનિવેદનમાં કહેવાયેલા સર્વ પદાર્થો અહીં સમર્પણ કરવામાં આવેછે. જેથી કરીને કરાયેલો સમ્બન્ધ એ સર્વથા ભગવાનમાં વિનિયોગને માટે જ છે. કારણ કે જે પોતાના સમ્બન્ધનું ન હોય તે કૃષ્ણ કંઇ પણ સ્વીકારતા નથી એ નક્કી છે. વેણુગીતનાં નિરૂપણમાં શ્રીઆચાર્યચરણે આ જ વાત કહી છે કે પોતે ભોગ કર્યા પછી જ ભગવાન ભોગ્ય થાય છે. ત્યાં પણ તે વ્રજભક્તોને બ્રહ્મસમ્બન્ધ વેણુના શબ્દરૂપ બ્રહ્મ વડે થયો હતો. જેના વડે જ તેમના દેહાદિની ભગવાનમાં વિનિયોજના સિદ્ધ થઇ હતી. તેથી જે લોકો સમ્બન્ધવાળા છે. તેમણે અસમર્પિત સર્વથા ત્યાગવું. નિશ્ચય કરીને સમ્બન્ધથી જ સમર્પણ સારી રીતે સિદ્ધ થાય છે. કારણ કે પોતાના સમ્બન્ધવાળું જે કંઇ પણ હોય તેનો ભગવાન અંગીકાર કરે જ છે એ નક્કી છે. તેથી જ ભક્તિમાર્ગીય અતિ દયાલુ પ્રભુ શ્રીહરિએ ગીતામાં કહ્યું છે કે 'ભક્તિથી લવાયેલું હોય તે જ

સમર્પણમાં સમર્થ બને છે.' અથવા તો તે સમર્પણ માટે ઉચિત હોય છે. મૂલમાં શ્રીઆચાર્યચરણ **"वस्तूनाम्"** એમ વસ્તુમાં બહુવચન વાપરે છે તેનું કારણ એ છે કે વસ્તુઓ ઘણી બધી હોવાથી દરેક વસ્તુને જણાવવા માટે અહીં બહુવચન કહ્યું છે. તેથી કરીને અસમર્પિત વસ્તુઓનો જે ત્યાગ કરવાનો છે તે સર્વ પ્રકારે કરવાનો છે, એનો એક અંશથી ત્યાગ નથી કરવાનો. એટલે કે એક પ્રકારે ત્યાગીને બીજા પ્રકારે રાખવાનું નથી. (જેમ કે વ્યક્તિ કે વસ્તુનો મનથી ત્યાગ કરી પ્રત્યક્ષમાં તેનો સંસર્ગ રાખવો. એટલે કે અસમર્પિત ભોજનમાં મનથી તેને ત્યાગીને આપદ્ધર્મ સમજી પ્રત્યક્ષમાં તેનું ભોજન કરવું. એ પ્રમાણે નહિં કરવું.) જેમ ગાયત્રી ઉપદેશનો સંસ્કાર થયા પછી શ્રુતિ, સ્મૃતિ વગેરેમાં કહેવાયેલ આચારનું પાલન કરવાનું કહેવામાં આવે છે કારણ કે તે આચાર પાલન વિના ગાયત્રી ઉપદેશનું ફલ થતું નથી. તેવી જ રીતે અહિં પણ બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી તે પછીનો જણાવેલો આચાર પાળવામાં ન આવે તો તે સમ્બન્ધથી ફલ થતું નથી. અને બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીનો જે આચાર છે એ અસમર્પિત છોડવું છે. તે છોડ્યા વિના સેવા કરવામાં આવે તો પણ આચારરૂપી અંગ વિનાની તે સેવા ફળતી નથી.

(७) श्रीविठ्ठलेश्वरજી પોતાની ટીકામાં જણાવે છે કે **"उक्तं च गीतायां 'अपि चेत् सुदुराचार'इति श्लोके । एतेन पतिभावभजनेन सर्वदोषनिवृत्तिः, न तु भावान्तरभजनेनेति श्रुत्वा पुनः श्रीमदाचार्यैः पृष्टम्, अनन्यत्वोत्पत्तेः किं साधनं, तदा श्रीमद्गिरिधारिणोक्तम्, असमर्पितवस्तुवर्जनं कार्यम् । एतेनान्यदेवसमर्पितस्य असमर्पितस्य च वस्तुनो वर्जने क्रियमाणे भक्तिभाव उत्पद्यते ।" अर्थात्** :-.........યદિ દુરાચારી વ્યક્તિ પણ

મારું અનન્ય ભાવે ભજન કરે છે તો તેને સાધુ માનવો એમ ગીતામાં કહ્યું છે. આથી પતિભાવે ભજન કરવાથી સર્વદોષ નિવૃત્ત થાય છે બીજા ભાવે ભજન કરવાથી સર્વ દોષોની નિવૃત્તિ થતી નથી. પ્રભુની આ વાત સાંભળીને શ્રીઆચાર્યચરણે ફરીથી પ્રશ્ન કર્યો. અનન્ય ભાવની ઉત્પત્તિ થાય તેનું સાધન શું ? ત્યારે ભગવાન શ્રીગિરિધારીએ કહ્યું કે અસમર્પિત વસ્તુઓનું વર્જન કરવું. અન્ય દેવને સમર્પેલું અને ભગવાનને નહિં સમર્પેલું એવું બધું જ ત્યાગ કરાતાં ભક્તિભાવ ઉત્પન્ન થાય છે.

(૮) શ્રીપુરુષોત્તમજી પોતાની ટીકામાં જણાવે છે કે :- **“यस्माद् ब्रह्मसम्बन्धमन्तरेण न सर्वदोषनिवृत्तिस्तस्माद्धेतोः असमर्पितवस्तूनां आत्मसमर्पणोत्तरं लब्धानां ‘सर्वलाभोपहरण’ मित्युक्तरीत्या भगवत्यनिवेदितानां पदार्थानां वर्जनमाचरेत् । वृजी वर्जने । वर्जनं संसर्गराहित्यं, तत्कुर्यात् । तानि भगवतेऽनुपहृत्य न स्वयं विनियुञ्जीत । प्रारब्धादयो हि न दृष्टसामग्रीसंपादनरूपव्यापारं विना संयोगस्पर्शावुत्पादयन्ति । तत्संपादिता च सामग्र्यासमर्पितैव दोषावहा, न तु समर्पिता, भगवदीयत्वात् । अतोऽसमर्पिताया असंसर्गे संयोगस्पर्शाभ्यां भाविनां दोषाणामसंश्लेषादेव वारणमित्यर्थः ॥”** અર્થાત્ :- બ્રહ્મસમ્બન્ધ સિવાય બીજા કશાથી પણ સર્વદોષ નિવૃત્તિ થતી નથી તે કારણથી આત્મસમર્પણ કર્યા પછીથી જે કંઇ પણ પોતાને પ્રાપ્ત થાય તે સર્વનો **“सर्वलाभोपहरणम्”** એ એકાદશ સ્કન્ધમાં કહેલી રીત મુજબ જે પણ ભગવાનને નિવેદન ન થયા હોય તેવા સર્વ પદાર્થોનું વર્જન કરવાનું આચરણ કરવું. **“वृजी वर्जने”** એ વ્યાકરણ શાસ્ત્ર મુજબ વર્જન એટલે સંસર્ગથી રહિતપણું. એટલે કે તેવા પદાર્થોનો પોતાને સંસર્ગ ન થાય તે મુજબ આચરણ કરવું. જે અનિવેદિત પદાર્થો હોય

અને જે ભગવાન માટે લવાયેલા ન હોય તેવા પદાર્થોની પોતાના અર્થે યોજના કરવી નહિં. પ્રારબ્ધ વગેરે જે છે તે દૃષ્ટ સામગ્રીના સંપાદનરૂપ વ્યાપાર વિના સંયોગ અને સ્પર્શ બન્નેને ઉત્પન્ન કરતાં નથી. એટલે કે પ્રારબ્ધમાં રહેલી વસ્તુ પણ જ્યારે પ્રત્યક્ષ થાય છે ત્યારે જ એના સંયોગ અને સ્પર્શ વડે ગુણ-દોષો પ્રાપ્ત થાય છે. અતઃ પ્રારબ્ધથી સંપાદન થયેલી પણ વસ્તુઓ સામગ્રી વગેરે જો અસમર્પિત હોય તો જ તે દોષને પ્રાપ્ત કરાવે છે. પરંતુ તે સમર્પિત થતાં તે ભગવદીય બની જવાથી પછી તેથી દોષ પ્રાપ્ત થતો નથી. (પ્રારબ્ધથી મળેલાં અન્ન, વસ્ત્ર, દેહ, ઘર વગેરે તેમજ પત્ની, પુત્ર વગેરે એમ સમજવું) અતઃ અસમર્પિત વસ્તુઓનો સંસર્ગ નહિં રહેતાં તેના વડે, તેના સંયોગ-સ્પર્શ વડે ભાવિ થનારા દોષોનું પણ અસંશ્લેષ હોવાથી તેનું વારણ થાય છે એમ અર્થ છે.

(૯) શ્રીગિરિધરજી પોતાની ટીકામાં જણાવે છે કે **“न मर्पितं वस्तु यैस्ते असमर्पितवस्तः, तेषां वर्जनमाचरेत् । अत्रायमाशयः, यस्मात्स्वात्मना सह कलत्रादीनां निवेदने जातेपि ‘सर्वेषां प्रभुसम्बन्धो न प्रत्येक’मिति वाक्यात्तेषामपि भगवत्सम्बन्धे ूर्वसिद्धेपि त एव निवेदिता जाताः, परं न तेषां सम्बन्धिवस्त्वादिकं त्त्वनिवेदितस्थितमिति तेऽसमर्पितवस्तवो जाताः । अतस्ते र्जनीयाः । तादृशास्ते न स्थापनीयाः, किन्तु पृथक् पृथक् तेषां निवेदनं करणीयं, यथा तेपि समर्पितवस्तवो भवन्तीत्यर्थः । यद्वा, स्माद्भगवत्सम्बन्ध एव सति सर्वेषां र्वदोषनिवृत्तिरतोऽसमर्पितवस्तूनामनिवेदितात्मनामत एव दोषाणां तेषां वर्जनं तत्सङ्गादिवर्जनामाचरेत् । तादृशां सङ्गादिकं कुर्यात् । एतदेवोक्तं नवरत्ने, ‘निवेदनं तु स्मर्तव्यं सर्वथा ादृशैर्जन’रिति । द्वितीयमर्थमाहुः असमर्पितेति । यस्मादुपायान्तरैर्न न्निवृत्तिः, प्रत्युत स्वधर्महानिश्च, तस्मात् सर्वदोषनिवृत्त्यर्थं**

स्वधर्मसिद्धचर्थं भक्तैः परमकाष्ठापन्नदशाप्राप्त्यर्थं च भगवदसमर्पितवस्तुमात्रस्य स्वस्मिन् लौकिकवैदिकस्वकार्यमात्रे च विनियोगो न कार्यः, किन्तु समर्पितस्यैव वस्तुन इत्यर्थः। एतेन निवेदनानन्तरं तस्य भगवत्स्वरूपसेवापि कर्तव्यत्वेन सर्वथा प्राप्ता । अन्यथा प्रतिक्षणं तत्तद्वस्तुसमर्पणासम्भवति ।" અર્થાત્ :- સમર્પિત-આત્મનિવેદી લોકો વડે જે વસ્તુ ભગવાનને સમર્પણ કરવામાં નથી આવી તે વસ્તુ અસમર્પિત કહેવાય, તેનું વર્જન કરવાનું આચરણ કરવું. અહીં આ મુજબ આશય જાણવો. બ્રહ્મસમ્બન્ધ વખતે પોતાની સાથે- આત્મા સાથે પોતાના કલત્ર, વગેરેનું પણ નિવેદન થતાં પણ **"सर्वेषां प्रभुसम्बन्धो न प्रत्येकम्"** એ નવરત્નસ્થ વાક્યાનુસાર તે બધાનો પણ ભગવત્સમ્બન્ધ ત્યારથી જ સિદ્ધ હોવા છતાં પણ (માત્ર) તે લોકો જ નિવેદિત થાય છે, પરન્તુ તે લોકોના સમ્બન્ધથી વસ્તુઓ તેથી નિવેદિત બનતી નથી, તે તો અનિવેદિત જ રહે છે, અતઃ તે વસ્તુઓ તો અસમર્પિત જ છે, તેથી તેવી જે પણ વસ્તુઓ હોય તે ત્યાગવી. તેથી તેમને (તે લોકોની વસ્તુઓને પોતે કરેલા સમર્પણથી સમર્પિત સાથેની પંક્તિમાં ન ગણવી) કિન્તુ તે લોકોનું પણ અલગ અલગ સમર્પણ કરાવવું કે જેથી તેમની વસ્તુઓ પણ સમર્પિત થાય એમ અર્થ છે. અથવા તો કારણ કે ભગવત્સમ્બન્ધ થાય ત્યારે જ સર્વ દોષની નિવૃત્તિ થાય છે અતઃ અનિવેદિત લોકો અને તેમની અનિવેદિત વસ્તુઓ એ બધું જ દોષવાળું હોવાથી તેમનું વર્જન-ત્યાગ એટલે કે તેવાઓનો સંગ કરવો વગેરેને ત્યાગવાનું જ આચરણ કરવું. તેવાઓનો સંગ વગેરે ન કરવો. આ જ વાત નવરત્ન ગ્રન્થમાં પણ કહી છે કે - 'જે સર્વથા તાદશી જનો હોય તેમની સાથે નિવેદનનું સ્મરણ કરવું'. અહીં હવે બીજો અર્થ કહે છે - બ્રહ્મસમ્બન્ધ વિના બીજા કોઇ ઉપાયે દોષોની નિવૃત્તિ થતી નથી, બલ્કે (નિવેદન થયા વિનાની વસ્તુઓના ઉપયોગથી તો) પોતાનો જે દાસધર્મ છે

તેની હાનિ થાય છે, તેથી સર્વદોષની નિવૃત્તિ અર્થે-પોતાના દાસધર્મની સિદ્ધિને અર્થે પરમકાષ્ઠાપન્નદશાને પ્રાપ્ત કરવા અર્થે ભક્તોએ ભગવાનને સમર્પણ નહિં થયેલી વસ્તુ માત્રનો પોતાના વિષયમાં કે પોતાના સમ્બન્ધી લૌકિક કે વૈદિક પ્રત્યેક કાર્યોમાં ઉપયોગ ન કરવો, કિન્તુ તે બધાં જ કાર્યોમાં સમર્પિત વસ્તુનો જ વિનિયોગ કરવો એમ અર્થ છે. આમ જણાવવાથી બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી તે વ્યક્તિને ભગવત્સ્વરૂપની સેવા પણ અવશ્ય કરવી પ્રાપ્ત થાય છે, કારણ કે ભગવત્ સ્વરૂપની સેવા ઘરે ન બિરાજતી હોય તો દરેક વસ્તુનું પ્રતિદિનનું સમર્પણ કરવું જ ન સંભવે.

(૧૦) શ્રીલાલુભટ્ટજી ટીકામાં જણાવે છે કે - "एवं निवेदनात् पूर्वं कृतानां दोषाणां निवेदनेन निवृत्तिमुक्त्वा निवेदनानन्तरं कदाचित् केनचिदनिवेदितपदार्थेन सम्बन्धे बुद्धिभ्रंशाद्दोषोत्पत्तिः सम्भवेदतो दोषाणामनुत्पत्त्यर्थं दोषोत्पादकपदार्थानां हेयत्वमाहुः असमर्पितवस्तूनामिति । भगवदनुपभुक्तान्नवसनस्रग्गन्धादीनामित्यर्थः । यस्मात् असमर्पितस्य सदोषत्वेन तत्सम्बन्धे स्वस्यापि दोषोत्पत्तिः, तस्मादसमर्पितवस्तूनां वर्जनं कर्तव्यमित्यर्थः। अत एव 'असमर्पितं तथा विष्णोः श्वमांससदृशं भवेत्। शुनोविष्ठासमं चान्नं नीरं तत्सुरया सम' मित्यादिवाक्यैरसमर्पितसम्बन्धे दोषबाहुल्यं गीयते।" અર્થાત્ :- આ પ્રમાણે આત્મનિવેદન કરતાં પહેલાંના કરાયેલા દોષોની નિવૃત્તિ બ્રહ્મસમ્બન્ધ - આત્મનિવેદનથી થાય છે તેમ જણાવીને બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી ક્યારેક અનિવેદિત પદાર્થ સાથે પોતાનો સમ્બન્ધ થતાં પોતાની બુદ્ધિ ભ્રષ્ટ થવાથી દોષની ઉત્પત્તિ થવી સંભવ છે, તેથી દોષો ઉત્પન્ન ન થાય તે અર્થે દોષોને ઉત્પન્ન કરનારા પદાર્થોનું હેયપણું-નિંદ્યપણું કહે છે - 'અસમર્પિત વસ્તુઓનું વર્જન કરવું.' વાક્યથી. અસમર્પિત વસ્તુઓ એટલે જે

પદાર્થો ભગવાન વડે ભોગ ન કરાયો હોય તેવા અન્ન-વસ્ત્ર-પુષ્પ-કુમકુમ-ચંદન વગેરે. કારણ કે અસમર્પિત પદાર્થો દોષવાળા હોવાથી તેની સાથે પોતાનો સમ્બન્ધ થતાં પોતાનામાં પણ દોષો ઉત્પન્ન થાય છે, તેથી અસમર્પિત પદાર્થો સદૈવ ત્યાગવા. તેથી જ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે - જે પદાર્થો વિષ્ણુને સમર્પણ કરાયા ન હોય તે પદાર્થો કૂતરાના માંસ સદશ થાય છે, તેવું અસમર્પિત અન્ન કૂતરાની વિષ્ઠા સમાન છે અને તેવું જલ મદિરા સમાન છે. આવાં બીજાં અનેક વાક્યો વડે અસમર્પિતનો સંબન્ધ એ ઘણા બધા - અનેક દોષો ઉત્પન્ન કરનાર છે એમ કહ્યું છે.

આ પ્રમાણે અસમર્પિતવસ્તુઓના ત્યાગ બાબતમાં ટીકાકારોના અભિપ્રાયો જોયા. શ્રીગોકુલનાથજી એ પોતાની ટીકામાં ખૂબ જ ટૂંકાણમાં છતાં પણ સાર ગર્ભિતરીતે જણાવ્યું છે કે ભગવત્સમ્બન્ધ વિનાની વસ્તુઓના સંસર્ગનું જ દોષપણું છે તેથી તેવી વસ્તુઓનો પોતાના અર્થે વિનિયોગ ન કરવો. આથી વસ્તુઓમાં જે મુખ્ય દોષ છે તે ભગવત્સમ્બન્ધનો અભાવ છે. યદ્યપિ વિશ્વ માત્ર ભગવદ્રૂપ-ભગવાનનું હોવાથી તેને ભગવત્સમ્બન્ધ નથી તેમ શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનથી કહી શકાય તેમ નથી. છતાં પણ ભગવત્સમ્બન્ધના અભાવપણે જે દોષપણું કહેવાયું છે એ જીવમાં રહેલી લૌકિકી, સાંસારિકી, અહંતા-મમતા પરત્વે કહેવાયું છે. જે દિવસે આ બધું ભગવદ્ રૂપ છે તેવું સત્ય ભાન ઉત્પન્ન થાય તે દિવસે આ દોષ રહેતો નથી. પરંતુ આધુનિકમાં સાધનદશામાં તેવું સત્ય ભાન ન હોવાથી આપણે જે પણ વ્યવહાર કરીએ છીએ તે મારા અને તારાના આધાર પર કરીએ છીએ. અતઃ આ મારો તારો ભાવ એનાથી જ આપણામાં વસ્તુ પરત્વેનો ભગવત્ સ્વામીત્વનો ભાવ હોવો જોઇએ તેનો અભાવ હોય છે એ જ ભગવત્સમ્બન્ધનો અભાવ છે. તેથી સર્વત્ર એટલે કે પોતાનામાં અને બીજામાં તેમજ મારા અને

તારા નામથી કહેવાતી પ્રત્યેક વસ્તુ માત્રમાં એ ભગવાનની જ છે અને ભગવાન જ તેના એક માત્ર સ્વામી છે તેવો ભાવ પ્રકટ કરવા ગીતામાં, ભાગવતમાં તેમજ આપણે ત્યાં સમર્પણની વાત કહેવાઇ છે. તેથી જ શ્રીઆચાર્યચરણ એકાદશ સ્કન્ધ સુબોધિનીમાં જણાવે છે કે **“आत्मनिवेदन एव सर्वस्य समर्पणेपि पूर्वस्वभावानुवृत्त्या भगवन्तमात्मनिवेदनं च विस्मृत्य लौकिककर्तृत्वेन करोति तस्यैव समर्पणं इति विशेषः”** (ભાગ.સુબો. ૧૧-૨-૩૬) એટલે કે આત્મનિવેદન કરતી વખતે જ - આત્મનિવેદનમાં જ સર્વનું સમર્પણ થઇ ગયું હોવા છતાં પણ આત્મનિવેદન કરાયા પહેલાંનો જે મારું-તારું કરવાનો સ્વભાવ અથવા તો જીવની ઉત્પત્તિના કાળથી લઇને અત્યાર સુધીમાં અવિદ્યાગ્રસ્ત દશામાં અવિદ્યાત્મક અહં-મમના બીજથી મારું-તારું કરવાનો બનેલો સ્વભાવ એ સ્વભાવ તો ભગવાનને આત્મનિવેદન કર્યા પછી પણ તેવો જ રહે છે તેથી સમર્પણમાં બધું બોલીને પણ, સમર્પણમાં બધું સમર્પીને પણ જે મારું-તારું છૂટતું નથી કે જે મારા-તારાપણાને કારણે ભક્તિરસનો આસ્વાદ ઇન્દ્રિયો-મન અને આત્મા વડે માણી શકાતો નથી. તે અહં-મમથી જે કંઇ પણ કરવામાં કે ભોગ કરવામાં આવે છે તેનું જ અહીં સમર્પણ કહેવાયું છે. જેથી કરીને આ સમર્પણરૂપ રામબાણ ઇલાજથી મનની અને ઇન્દ્રિયોની વિષયાસક્તિ દૂર થાય, પદાર્થના ભોગમાં વિરાગ થાય અને પરિણામે પોતાનામાંથી અને બીજામાંથી કે બીજી વસ્તુમાંથી પોતાના પરત્વે આસક્તિ દૂર થઇને મનની ભગવાનમાં રતિ થાય.

અસમર્પિત ત્યાગવું એમ કહેવાથી અહીં બે વાત સમજવી જોઇએ. જે અસમર્પિત છે, જે ભગવાનનાં ઉપયોગમાં નથી આવ્યું તેવી વસ્તુ માત્રમાં પોતાના અર્થે ઉપયોગ ન કરવો પરંતુ તેવી વસ્તુઓને ભગવાનના અર્થે યોજી શ્રીપ્રભુને નિવેદન કરી ત્યારબાદ

તેનો ઉપયોગ કરવો. અને બીજી વાત જે વસ્તુ ભગવાનના ઉપયોગમાં ન આવી શકતી હોય, જે વસ્તુ ભગવાનના અર્થે યોજી શકાતી ન હોય તેવી વસ્તુને ત્યાગવી એટલે કે તેવી વસ્તુ પ્રત્યે આસક્તિ કે રુચિ પણ ન રાખવી. જેમ કે કોઇને બ્રહ્મસમ્બન્ધ પહેલાં બજારનું ખાવાનો બહુ ચટાકો હતો અને બ્રહ્મસમ્બન્ધ પછી સેવાર્થે તેનો ત્યાગ કર્યો અને ત્યારબાદ બજારમાંથી કોઇક મિત્ર કે સગા સમ્બન્ધી આઇસ્ક્રીમ, સમોસા, કે ઇડલી-ઢોંસા લાવીને આપ્યા તો આપણે કહેવું હું નથી ખાતો તમે જ ખાવો. ત્યારે લાવનાર પૂછે કે કેમ તમને નથી ભાવતું ? ત્યારે જો એમ જવાબ આપવામાં આવે કે મને ભાવે તો બહુ જ છે પણ સેવાના નિયમે મેં આ બધું ત્યાગ્યું છે ત્યારે આઇસ્ક્રીમ, સમોસા પ્રત્યક્ષ ત્યાગીને પણ મનમાં તો જેમના તેમ જ છે. અતઃ એવા પદાર્થોને પ્રત્યક્ષ ત્યાગવાની સાથે સાથે તેવા પદાર્થોની ઇચ્છા પણ મનમાં ન રહે, તેવા પદાર્થોની પ્રિયતા પણ મનમાં ન રહે, તેવા પદાર્થો માટે મનમાં કોઇ આનંદ ન રહે એ રીતે ત્યાગવું. કારણ કે પ્રત્યક્ષ ત્યાગીને પણ જો મનમાં હશે તો દુ:સંગથી દુબળી ક્ષણો તમને એકદમ ઝુકાવી દેશે કારણ કે અહીં શ્રીઆચાર્યચરણ '**तस्मात्**' એટલે કે તેથી એટલે કે દોષપ્રાપ્તિ ન થાય તે માટે અસમર્પિત છોડવાનું છે. એટલે અસમર્પિત ત્યાગ એવા પ્રકારનો જ લાભદાયી બની શકે છે કે જે ત્યાગ દોષોને ઉત્પન્ન થવામાં અવરોધક બની જાય.

◆◆◆◆

(૫) પંચમ શ્લોક

मूलम् - निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादितिस्थितिः।
न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम्॥ ५॥
तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम्।

સાન્વય પદાર્થ :- **निवेदिभिः** (નિવેદનકરેલાઓએ) **समर्प्य**(સમર્પીને) **एव** (જ) **सर्वं** (સર્વ) **कुर्यात्** (કરવું) **इति** (એ પ્રકારની) **स्थितिः** મર્યાદા છે) **देवदेवस्य** (દેવના દેવને) **सामिभुक्त** (અર્ધભુક્ત) **समर्पणम्** (સમર્પવું) **मतं** (સંમત) **न** (નથી) **तस्मात्** (તેટલા માટે) **आदौ** (પહેલાં) **सर्वकार्ये** (સર્વ કાર્યમાં) **सर्ववस्तुसमर्पणम्** (સર્વ વસ્તુનું સમર્પણ) (કરવું).

અક્ષરાર્થ :- નિવેદનકરેલાઓએ (પ્રભુને) સમર્પીને જ સર્વ કાર્ય કરવું એવી મર્યાદા છે. દેવના દેવને અર્ધભુક્ત સમર્પવું સંમત નથી. તેટલા માટે પહેલાં સર્વકાર્યોમાં સર્વ વસ્તુનું સમર્પણ કરવું.

निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादितिस्थितिः।

આ અડધા શ્લોક બાબતમાં ટીકાકારોનો આ મુજબ અભિપ્રાય છે. -

(૧) **શ્રીગોકુલનાથજી** પોતાની ટીકામાં જણાવે છે કે "**निवेदिभिः स्वमार्गानुसारेण कृतात्मनिवेदिभिः, सर्वं लौकिकं वैदिकं च, लौकिकं पुत्रादिविवाहाद्यर्थं, ब्राह्मणभोजनाद्यर्थं स्वोपभोगार्थं च कृतं, वैदिकं श्राद्धयागादिकं, श्राद्धार्थमपि निष्पादितं पाकादिकं सर्वं यागार्थं सम्पादितं घृतान्नादिकं**

संभारादिकं च सर्वं भगवते निवेद्यैव भगवन्निवेदनानन्तरं पश्चात्सर्वं कार्यमिति । संभाराणां तदाज्ञापूर्वकमेव करणं निवेदनम् । तथा च स्मर्यते श्रीभागवते सप्तम स्कन्धे, 'विष्णोर्निवेदितान्नेन यष्टव्यं देवतान्तरम् । पितृभ्यश्चापि तद्देयं तदानन्त्याय कल्पत' इति वचनादियं भक्तिमार्गमर्यादा । मर्यादा नामानुल्लङ्घ्याज्ञा । यथा वेदादिमर्यादोल्लङ्घनेन कार्यकरणे कर्ता दोषभाग्भवति तथात्रापि भक्तिमार्गमर्यादोल्लङ्घनेन कार्यकरणे भक्तिमार्गीयोपि दोषभाग्भवतीति ज्ञापनाय स्थितेर्मर्यादात्वमुक्तं" **અર્થાત્** :- નિવેદિભિ: એટલે પુષ્ટિમાર્ગ અનુસાર જેમણે નિવેદન કરેલું છે તેવાઓ વડે સર્વ એટલે લૌકિક અને વૈદિક જે પણ હોય તે. લૌકિક એટલે પુત્ર વગેરેના વિવાહ વગેરે અર્થે બ્રાહ્મણભોજન વગેરેના અર્થે અને પોતાના ઉપભોગ અર્થે જે કરવામાં આવે તે લૌકિક અને શ્રાદ્ધ, યજ્ઞ વગેરે સમ્બન્ધી જે કંઇ હોય તે. શ્રાદ્ધ કરવા માટે પણ બનાવવામાં આવેલ પાક વગેરે બધું જ તેમજ યજ્ઞને અર્થે સમ્પાદન કરવામાં આવેલ ઘૃત-અન્ન તેમજ બીજી એકત્રિત કરવામાં આવેલી સામગ્રી. તે બધું જ ભગવાનને નિવેદન કરીને જ ભગવન્નિવેદનના અનન્તર સર્વ કાંઇ કરવું. ભેગી કરવામાં આવેલી ઇતર જે સામગ્રી હોય તે ભગવદ્ આજ્ઞાપૂર્વક કરવાથી એ જ એનું નિવેદન છે. શ્રીભાગવતના સાતમાં સ્કન્ધમાં કહેવામાંઆવ્યું છે કે 'વિષ્ણુને નિવેદન કરાયેલા અન્ન વડે જ બીજા દેવતાઓનું યજન કરવું. તેમજ વિષ્ણુને નિવેદિત પદાર્થો જ પિતૃઓને આપવા. આમ કરવાથી તે અનેકગણું થઇ જાય છે'. આ ભાગવતવચનથી આ મુજબની ભકિતમાર્ગની મર્યાદા છે. મર્યાદા એટલે ઉલ્લંઘન ન થઇ શકે તેવી આજ્ઞા. જેમ વેદાદિ શાસ્ત્રોની મર્યાદાનું ઉલ્લંઘન કરીને કાર્ય કરવાથી તેવું કરનારો દોષનો ભાગી થાય છે તેવી રીતે અહીં પણ ભકિતમાર્ગની મર્યાદાનું ઉલ્લંઘન કરીને ભકિતમાર્ગીય પણ દોષનો ભાગી થાય છે તે જણાવવા માટે સ્થિતિ

શબ્દથી મર્યાદાપણું કહ્યું છે.

(૨) શ્રીરઘુનાથજી પોતાની ટીકામાં જણાવે છે કે :-"ननु हट्टादिस्थितिवस्तूनामसमर्पितत्वादवश्योपादेयानां कथं व्यवहारे स्वीकार इत्यत्राहुः । अनन्यगत्या एवंविधस्थले हट्टाश्रितवस्तुस्वीकारेपि निवेदनवद्भिः पुरुषैः समर्प्यैव पश्चात् सर्वं कार्यम् । कुर्यादिति प्रमादपाठः । इति स्थितिः, एतादृशी मार्गमर्यादेत्यः । " **અર્થાત્** :- બજારમાં - દુકાનમાં રહેલી વસ્તુઓ તો સમર્પણ કર્યા વિનાની જ હોય છે. અને તેવી વસ્તુઓ ખરીદવી, ઘરે લાવવી આવશ્યક હોય છે. આવી સ્થિતિમાં વ્યવહાર ચલાવવામાં આવી વસ્તુઓનો સ્વીકાર કેવી રીતે કરવો. તો તેને માટે (આ અડધા શ્લોકથી) કહે છે. જ્યાં બીજો કોઇ રસ્તો જ ન હોય એવા સ્થળે દુકાનમાં રહેલી વસ્તુનો સ્વીકાર કરવામાં પણ આત્મનિવેદન કરેલા પુરુષોએ તે વસ્તુઓ ભગવાનને સમર્પણ કરીને પછી જ તે વસ્તુઓનો તે તે કાર્યમાં ઉપયોગ કરવો. 'कुर्यात्' એવો પાઠ પ્રમાદવશ છે (શ્રીરઘુનાથજી 'कुर्यात्' ની જગ્યાએ 'कार्यम्' એવો પાઠ સ્વીકારે છે.

(૩) શ્રીકલ્યાણરાયજી પોતાની ટીકામાં જણાવે છે કે "निवेदिभिः निवेदयितृभिः सर्वं समर्प्य स्वयं भगवदुपयोगादिकं कुर्यादित्यर्थः ।" **અર્થાત્** :- નિવેદિભિ: એટલે નિવેદન કરનારાઓ વડે બધું જ સમર્પણ કરીને ભગવદ્ ઉપયોગમાં લાવીને પોતે સર્વ કંઇ કરવું.

(૪) શ્રીવ્રજોત્સવજી પોતાની ટીકામાં જણાવે છે કે :- "ननु स्वस्य तु समर्पणं जातं, परन्तु यावत्पर्यन्तं दारादीनां समर्पणं प्रत्येकं न भवेत् तावत्पर्यन्तं तत्सम्बन्धस्य बाधकत्वमाशङ्क्य तत्र तदभावप्रकारमाहुः निवेदिभिरिति । स्वसस्बन्धि सर्वं समर्प्यैव

प्रभुसेवा कुर्यात्, न तु तन्मध्ये किञ्चिदप्यर्धं स्थापयित्वेति समर्पणमर्यादा। सा पूर्वमपि निवेदिभिस्तथैव कृता, आधुनिकैरपि तथैव कर्तव्येति शेषः। एवं सति स्वात्मना सह दारादीनामपि समर्पणं जायते । तेषामनुकूलत्वे सेवोपयोगित्वेन संसर्गे न कोऽपि दोषमसङ्गः । प्रतिकूलत्वे त्याग एव कर्तव्य इत्येतसर्वं 'सर्वेषां प्रभुसम्बन्ध' इति श्लोके नवरत्ने प्रभुचरणैरेव स्फुटीकृतम् । सेवाधिकारस्तु विशेषतः पृथगङ्गीकारे भविष्यति । एतेन यत्र दारादीनामात्मदेहार्धभूतानामपि संसर्गस्य स्वात्मना सह समर्पितत्वेन तत्रापि सेवोपयोगित्वेनैव न बाधकत्वम्, अन्यथा तथात्वमेव । तत्रान्येषामताद्दशानां तथात्वे किं वाच्यमिति कैमुतिकन्यायोपि सूचितः । अथवा, निवेदिभिस्ताद्दशैः सर्वथा प्रपन्नैः सह सा पूर्वोक्ता मर्यादा कर्तव्या, किन्तु सर्वमेव स्वकीयं समर्प्य सर्वेषां भगवत्येव विनियोगं कुर्यादिति दुष्टसङ्गो निवारितः । एतेनासमर्पितानां सङ्गं त्यक्त्वा सर्वथा प्रपन्नैः सह सङ्गः कार्य इत्युक्तम् ॥" अर्थात् :- પોતાનું તો સમર્પણ થયું પરંતુ જ્યાં સુધી સ્ત્રી વગેરેનું અલગથી એમનું સમર્પણ ન થાય એટલે કે તે લોકો પોતાનું આત્મનિવેદન ન કરે ત્યાં સુધી તો તેમની સાથેનો સમ્બન્ધ બાધક જ કહેવાય. તેવી શંકાનાં ઉદયમાં તેમ અહીં નથી એમ આગળ અડધા શ્લોકથી જણાવે છે. પોતાના સમ્નબ્ધનું જે કંઇ પણ હોય તે બધું જ પ્રભુને સમર્પણ કરીને જ ભગવત્ સેવા કરવી. નહિં કે અડધું સમર્પીને અને અડધુ રાખીને સમર્પણ કરવું, એમ સમર્પણની મર્યાદા છે. પહેલાં પણ સમર્પણ કરેલાઓએ આ મુજબ જ બધું સમર્પણ કરીને જ સેવા કરી છે. આધુનિકોએ પણ તેમજ કરવું એમ અધ્યાહાર સમજવું. એમ હોતાં પોતાના આત્મા સાથે સ્ત્રી વગેરેનું પણ સમર્પણ થાય છે. એ લોકો જો સેવાના ઉપયોગમાં અનુકૂળ હોય ત્યારે સેવાના ઉપયોગથી. તેમના સંસર્ગથી કોઇ પણ પ્રકારનો દોષનો પ્રસંગ

આવતો નથી અને તેઓ જો પ્રતિકૂલ હોય તો તેમનો ત્યાગ જ કરવો જોઇએ. આ બધું જ "**सर्वेषां प्रभुसम्बन्धः**" આ નવરત્નના શ્લોક પર પોતાની ટીકામાં શ્રીપ્રભુચરણે સ્ફુટ કર્યું છે. એ લોકોને સેવાધિકાર વિશેષ કરીને (તેમના વડે આત્મનિવેદન થતાં) તેમનો ભગવાન વડે અલગથી અંગીકાર થતાં થશે. આના વડે જ્યાં આત્મા-દેહનાં અર્ધભૂત (અર્ધભૂત એટલે જેમ કે અર્ધાંગિની અથવા પોતાના આત્મા, અત:કરણ વડે ઉત્પન્ન પોતાનો અંશ એવો પુત્ર વગેરે) એવાઓનો પણ સંસર્ગ પોતાના આત્મા સહ તેમનું પણ સમર્પણ કરવામાં આવે અને તેમાં પણ તેઓ સેવોપયોગી થાય ત્યારે જ તે બાધક થતો નથી અન્યથા તો તેવાઓનો સંસર્ગ પણ બાધક જ છે. ત્યારે જે તેવા દેહાદિનાં અર્ધભૂત નથી તેવાઓ જો સમર્પિત ન હોય અને સેવોપયોગી ન હોય ત્યારે તેવાઓના સંસર્ગની બાધકતા માટે કહેવું જ શું, એમ કૈમુતિકન્યાય સૂચન કર્યો છે. અથવા તે પ્રકારના પૂર્વોક્ત નિવેદિઓ વડે જે લોકો વડે સર્વથા ભગવાનને પ્રપન્ન થઇને રહેલાં છે તેમની સાથે રહીને પૂર્વમાં કહેલી મર્યાદાનું પાલન કરવું. પરંતુ (તેવાઓની સાથે રહીને પણ) પોતાનું જે કંઇ પણ હોય તે ભગવાનને સમર્પીને તેનો માત્ર ભગવાનમાં જ ઉપયોગ કરવો. આમ, કહીને દુષ્ટ સંગનું પણ નિવારણ કર્યું છે. આના વડે જે લોકો અસમર્પિત છે તેમનો સંગ છોડીને સર્વથા પ્રપન્નોનો સંગ કરવો એમ જણાવ્યું છે.

(૫) **શ્રીગોકુલોત્સવજી** પોતાની ટીકામાં જણાવે છે કે :- **"तथा सति लौकिकेऽपत्यसंबन्धादौ वैदिकेऽकरणप्रत्यवायजनकवर्णाश्रमविहितयाग-ऋत्विग्वरणदानप्रतिग्रहादिषु असमर्पितात्मनां प्रत्युत गृहाद्यासक्तानां शुष्ककर्मजडानां संसर्गे का गतिरिति चेत्तत्राहुः निवेदिभिरिति। निवेदिभिरिति सहार्थे तृतीया । समर्प्यैवेत्येवकारोऽन्ययोगव्यवच्छेदकः । तथा सति समर्प्यैव**

करणात् सर्वस्वं समर्प्यैव समर्पणानन्तरमेव तदुत्तरक्षणस्यासुरत्वात्तत्प्रवेशव्यतिरेकेणैव तत्क्षणमारभ्यैव निवेदिभिः समर्पितसर्वस्वैर्भगवदीयैः सह सर्वलौकिकमपत्यसम्बन्धादिकं वैदिकं यागादि कुर्याद्, न तु तादृशकर्मजडैरित्यर्थः । एतेन समर्पणोत्तरक्षणस्या-सुरत्वात्तत्प्रवेशात्प्रागारभ्यैव नित्यं भगवदीयं सङ्गमेव कुर्यात्, अन्यथा तदैवासुरप्रवेशः स्यादिति सूचितम् । एतदेव नवरत्नविवरणे स्फुटीकृतं प्रभुचरणैः, 'निवेदनं तु स्मर्तव्य'मित्यत्र । अत एव श्रीमदाचार्यवंश्यानां नान्यमार्गीयप्रतिग्रहाङ्गीकारः । एतेन समर्पणक्षणमारभ्य भगवदीयैरेवापत्यमसम्बन्धः, तादृशानामेव यागादौ वरणं दानप्रतिग्रहौ चेति भगवदीयधर्म इति निरूपितम् । किञ्च, भगवदिच्छां विना भक्तस्य न किञ्चित्कर्मकरणमिति नवरत्ने भक्तिहंसे च निरूपितमित्यनायासतादृशसामग्रीसम्पत्तिरेव भगवदिच्छासूचिकेति तावत्तथैव साक्षिवत्पश्यतो न कोपि दोषप्रसङ्गावसगरगन्धोपीति भावः। तदुक्तं 'साक्षिणो भवताखिला' इति नवरत्ने । इदमपि कर्माग्राहित्वानुरोधादुक्तम् । वस्तुतस्त्वस्मिन्मार्गे इतरसंमेलननिषेधात्सा शङ्कैव नेत्यलम् । कुर्यादित्यत्र तु कर्तृपदं स्पष्टम्, एतद्ग्रन्थस्य शरणागतं प्रति शिक्षारूपत्वेन शिष्यस्य जागरूकत्वात् । इयं निवेदिनो मर्यादास्तीत्याहुः स्थितिरिति ।" અર્થાત્ : - લૌકિકમાં અપત્ય એટલે કે સંતાનનો સમ્બન્ધ વગેરેમાં અને વૈદિકમાં જે ન કરવાથી પ્રત્યવાય્ દોષ ઉત્પન્ન થાય તેવા વર્ણ અને આશ્રમ સમ્બન્ધે શાસ્ત્રમાં વિધાન કરાયેલા યાગમાં તેમજ તેના અંગે ઋત્વિજનું વરણ કરવું, દાન આપવું પ્રતિગ્રહ કરવો વગેરેમાં એ બધા તો અસમર્પિત જ હોય છે, તેવા અસમર્પિતોનો અને તેમાં પણ વધુમાં ગૃહ વગેરેમાં આસક્ત હોય એવા શુષ્કકર્મથી જડ બનેલા લોકોનો સંસર્ગ થાય

ત્યારે શી ગતિ થાય ? તો તેના નિરાકરણમાં કહે છે 'નિવેદિઓ વડે' એમાં જે તૃતીયા વિભક્તિનો પ્રયોગ છે તે સહ અર્થમાં છે. તેવી જ રીતે 'સમર્પીને જ' એમાં જે એવકાર છે તે અન્ય યોગનો વ્યવચ્છેદ કરે છે. તેમ હોતાં સમર્પીને જ કરવાથી પોતાનું સર્વસ્વ સમર્પીને સમર્પણ કર્યા પછીથી તરત જ તેના પછીની બીજી ક્ષણ એ આસુરી હોવાથી તે બીજી ક્ષણનું આસુરપણું પોતાનામાં ન પ્રવેશે તે રીતે સમર્પણ કર્યાની ક્ષણથી આરંભીને નિવેદિઓ સાથે એટલે કે પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પણ કરી ચૂકેલા એવા ભગવદીય સાથે રહીને સર્વ કંઇ જે કંઇ પણ અપત્યસમ્બન્ધ વગેરે લૌકિક અને યાગાદિ વૈદિક કરવું. પરન્તુ પૂર્વમાં કહેવાયેલા કર્મજડો સાથે રહીને ન કરવું. આના વડે સમર્પણ પછીની બીજી ક્ષણથી આસુરપણું પ્રવેશ કરે તેના પહેલાથી જ આરંભીને નિત્ય ભગવદીય સંગ જ કરવો. અન્યથા બીજી ક્ષણે જ આસુર પ્રવેશ થઇ જશે એમ સૂચિત કર્યું છે. આ જ વાતનું "कुर्यात्" અહીં નવરત્ન વિવરણમાં શ્રીપ્રભુચરણે સ્ફૂટ કર્યું છે. આના વડે એમ પણ જણાવ્યું છેકે સમર્પણ કર્યાની ક્ષણથી આરંભીને ભગવદીયો જોડે જ પુત્રાદિકનો સમ્બન્ધ કરવો. અને તેવાઓનું જ યાગ વગેરેમાં પણ ઋત્વિજ વગેરેમાં વરણ કરવું. અને તેવાઓ સાથે જ દાન-પ્રતિગ્રહનો સમ્બન્ધ રાખવો. આ જ ભગવદીયનો ધર્મ છે એમ નિરૂપિત કર્યું છે. વળી, ભગવદ્ ઇચ્છા વિના ભક્તોનું કંઇ પણ કર્મકરણ હોતું નથી એમ નવરત્ન અને ભક્તિહંસમાં નિરૂપણ કર્યું છે તેથી જ કોઇ પણ પ્રકારના આયાસ વિના તે તે કર્મ માટેની તે મુજબની સામગ્રી ઉપલબ્ધ થાય એ ભગવાનની કર્મ કરાવવા માંગે છે એમ ઇચ્છા સૂચન કરનારી છે. તેથી તે કર્મ કરતાં સુધી પોતાને માત્ર સાક્ષિવત્ જ જોતાં-વિચારતાં તે મુજબ કર્મ કરવામાં આવે અને તેટલું કરવામાંઆવે તો તેમાં કોઇ પણ પ્રકારના દોષના પ્રસંગના અવસરની ગંધ માત્ર પણ નથી હોતી એમ ભાવ છે.

તેથી નવરત્નમાં પણ **"साक्षिणो भवताखिलाः"** એમ કહ્યું છે. આ પણ કર્માગ્રહીપણાનાં અનુરોધથી કહ્યુંછે. વસ્તુતઃ તો આ માર્ગમાં ઇતરની ભેળસેળનો નિષેધ હોવાથી તે શંકા જ રહેતી નથી. **"कुर्यात्"** અહીં કર્તૃપદ સ્પષ્ટ છે. આ ગ્રન્થ શરણે આવેલાઓના પ્રતિ શિક્ષારૂપ વડે શિષ્યના જાગરૂકપણાથી આ નિવેદન કરેલાઓ માટેની મર્યાદા છે. એમ જણાવવા સ્થિતિ પદનો પ્રયોગ થયો છે.

(૬) શ્રીહરિરાયજી પોતાની ટીકામાં જણાવે છે કે :- **"ननु सर्वं समर्प्यं चेद्वैदिकं लौकिकं तथा। न कुर्यात्कृष्णकार्याय सम्बन्धो विहितो यतः॥ न चान्यविनियोगोपि ह्युचितश्च निवेदिनाम्। इति चेदुच्यते सर्वं कुर्यादेव यथोदितम् ॥ मर्यादामध्यपातेन पुष्टिमार्गनिरूपणात् । निवेदो वर्तते तेषां पदार्थानां पुराकृतः ॥ तेनैव सकलं कुर्यात्समर्प्यैव हरौ परे। देहनिर्वाहवत्कृष्णप्रसादेनेति निश्चयः ॥ स्वयं कुर्यान्न विश्वासं पुत्रादीनामपि क्वचित् । एवंप्रकारिकैवैषा स्थितिः पुष्टिफलावधि । मर्यादापीयमेवेह स्थित्यर्थमवगम्यताम् ।"** અર્થાત્ :- **(પ્રશ્ન)** - જો વૈદિક કે લૌકિક અર્થે જે કરવાનું થાય તે સમર્પણ કરીને કરવું એટલે કે જે વસ્તુઓ કે જે કાર્ય ભગવદ્ અર્થે ન હોય તેવાં લૌકિક-વૈદિક અર્થેનું પણ જે કંઇ હોય તે પણ પ્રથમ સમર્પણ કરવું અને ત્યારબાદ સમર્પિત સામગ્રી વડે વૈદિક-લૌકિક કરવું એમ તમે જણાવો છો તો તેમ પણ આ માર્ગમાં નહીં કરવું જોઇએ. કારણ કે આ માર્ગમાં નિર્દોષતાની સિદ્ધિ અર્થે જે આત્મનિવેદનાત્મક સમ્બન્ધનું વિધાન થયું છે તે જીવને અર્થે એની નિર્દોષતા થઇ એને મોક્ષ પ્રાપ્તિ થાય તે અર્થે નહિ પરંતુ તે આવશ્યક સેવામાં બાધક દોષોની નિવૃત્તિ માટે એટલે કે તે જીવ કાર્ય માટે નહિં પરંતુ કૃષ્ણકાર્ય માટે, સેવા માટે કહેલી છે. અને તે માટે આ સમ્બન્ધનું વિધાન થયું છે. તેથી જે કૃષ્ણકાર્ય નથી - જે

સેવા નથી તેવા લૌકિક વૈદિક અર્થે તેવા હેતુથી સમ્પાદિત કરાયેલો પદાર્થ એનું સમર્પણ કરવું અથવા તો તેવાં કાર્યોને કરવાં એ માર્ગની રીતે બરાબર ન હોવું જોઇએ. તેમજ પોતાનો કે પોતાના સમ્બન્ધી વસ્તુઓનો કે જે ભગવાનને સમર્પિત થઇ ચૂકેલા છે તેનો કૃષ્ણસેવાથી અતિરિક્ત બીજામાં વિનિયોગ થવો એ ઉચિત નથી જ ? એમ જો શંકા કરવામાં આવે તો એના ઉત્તરમાં જણાવે છે કે (ઉત્તર-) જે પણ અને જ્યાં પણ લૌકિક કે વૈદિક પ્રાપ્ત હોય એ બધું કરવું જ જોઇએ કારણ કે મર્યાદાના મધ્યમાં પુષ્ટિમાર્ગનું નિરૂપણ કર્યું હોવાથી એટલે કે પ્રથમ તે દોષવાળો મર્યાદામાં હતો. ત્યારબાદ ભગવાને કૃપાપૂર્વક સગદ્ય પંચાક્ષર વડે બાધક દોષોની નિવૃત્તિરૂપમાં સગદ્ય પંચાક્ષર આત્મનિવેદનત્મક બ્રહ્મસમ્બન્ધરૂપ પુષ્ટિમાર્ગનું નિરૂપણ કરીને ત્યારબાદ ભક્તિમાર્ગીય મર્યાદા આ ગ્રન્થ વડે જણાવી છે. અતઃ પૂર્વમાં કરાયેલ આત્મનિવેદનથી તે બધા જ પદાર્થો નિવેદિત થયેલા હોવાથી તે બધા જ પદાર્થો નિવેદિત જ છે. (અને ગદ્યમાં ઐહિક-પારલૌકિકના સમર્પણ વડે ઐહિક-પારલૌકિક પદાર્થો અને તેવા કાર્યો તેનું પણ સમર્પણ થયું હોવાથી તે પણ સમર્પિત જ છે) તેથી તેના વડે જ સમર્પણ કરીને જ સર્વ કાંઇ કરવું અને તે પણ જેમ સેવાર્થ દેહનિર્વાહ કરવામાં આવે છે અને તે પણ કૃષ્ણપ્રસાદ વડે કરવામાંઆવે છે તેવી જ રીતે લૌકિક-વૈદિક પણ સ્વઅર્થે નહિં પરંતુ આજ્ઞા પાલનરૂપ સેવાના અર્થે અને તે પણ કૃષ્ણપ્રસાદ વડે જ કરવું એમ નિશ્ચય થાય છે. તેમાં પણ ભગવાનને સમર્પણ કરવાના વિષયમાં પુત્ર-સ્ત્રી યા બીજાઓ ઉપર વિશ્વાસ રાખીને તેમના વડે કરાવું તેમ ન રાખી પોતે જ ભગવાનને સમર્પણ કરવું. (જેથી કરીને ભૂલમાં પણ અનિવેદિત પદાર્થોનો ક્યાંય કોઇ પણ પ્રકારે ઉપયોગ થઇ જવાની સંભાવના પણ ન રહે) આ પ્રકારની જ આ જ સ્થિતિ છે અને જ્યાં સુધી સન્તુષ્ટ ભગવાનના અતિશય અનુગ્રહે પુષ્ટિફલ

ન થાય ત્યાં સુધીની આ સ્થિતિ સમજવી.

(૮) શ્રીવિઠ્ઠલેશ્વરજી પોતાની ટીકામાં જણાવે છે કે :- "अथ च भगवदनिवेदितनिवेदनात् सकलकर्ममिथ्यात्वम् । उक्तं च द्वितीयस्कन्धे 'तपस्विनो दानपरा यशस्विनो मनस्विनो मन्त्रविदः सुमङ्गलाः । क्षेमं न विन्दन्ति विना यदर्पणं तस्मै सुभद्रश्रवसे नमो नम' इति । तस्मात् सर्वकार्याणि भगवति निवेद्य कार्याणीति । एवमावेशः कथमुत्पद्यते, तस्य किं कथं कर्तव्यमिति स्थितिः । ये निवेदिनो धर्मिणो भक्तास्तेषां सङ्गतिः कार्या । तया सर्वे शुद्धा भवन्ति, मद्भक्तियोग्याश्च भवन्ति । एवं सत्सङ्ग एव प्राप्तेर्मूलम् । उक्तं च द्वितीयस्कन्धे 'किरातहूणान्ध्रपुलिन्दपुल्कसा आभीरकङ्का यवनाः खसादयः, येऽन्ये च पापा यदुपाश्रयाश्रयाः शुध्यन्ति तस्मै प्रभविष्णवे नमः' ।" અર્થાત્ :- ભગવાનને નિવેદન નહિં થયું હોય તેવું કર્માંગદેવોને અર્પણ કરવા છતાં પણ તેમજ તેવા અનિવેદિત પદાર્થની યાગાદિમાં આહુતિ આપવા છતાં પણ તે કર્મમાં કર્મપણું જ રહેતું નથી. દ્વિતીય સ્કન્ધમાં કહ્યું છે કે 'તપસ્વિઓ, દાનપરાયણ યશસ્વિઓ, મનસ્વિઓ (મનન કરનારાઓ), મંત્રને જાણનારાઓ કે જેઓ સુમંગલ છે, તેઓ પણ જેને અર્પણ કર્યા વિના કલ્યાણને પ્રાપ્ત કરતા નથી અને જેમની કીર્તિ આત્યન્તિક ક્ષેમને કરનારી છે તેવા ભગવાનને અમારા નમસ્કાર હો' તેથી સર્વ કાર્યો ભગવાનને નિવેદન કરીને કરવાં. આ પ્રમાણે કરવાથી ભકિતભાવનો આવેશ કઇ રીતે ઉત્પન્ન થાય - તે માટે શું કઇ રીતે કરવું ? એમ શ્રીઆચાર્યચરણ દ્વારા પુછાતાં પ્રભુ શ્રીગિરિધારીએ કહ્યું નિવેદન કરેલાઓએ બધું સમર્પીને જ કરવું એમ સ્થિતિ છે. જે લોકો નિવેદન કરેલા અને ભગવદ્ધર્મને ધારણ કરેલા એવા ભકતો છે તેમની સંગતિ કરવી. તેવી સંગતિથી સર્વ લોકો શુદ્ધ થાય છે અને મારી ભક્તિને યોગ્ય થાય છે. આ પ્રમાણે સત્સંગ જ પ્રાપ્તિનું મૂલ છે. દ્વિતીય

સ્કન્ધમાં કહ્યું છે કે - કિરાત, હૂણ, આંધ્ર, પુલિન્દ, પુલ્કસ, આભીર, કંક, યવન, ખસ વગેરે, તેમજ બીજા પણ પાપરૂપ છે તેવાઓ પણ જો ભગવાનનો આશ્રય કરીને રહેલા હોય તેવા ભક્તોનો આશ્રય કરીને રહે છે તો તેઓ પણ શુદ્ધ થાય છે તેવા સર્વસમર્થ પ્રભુને અમારા નમસ્કાર હો

(૯) શ્રીપુરુષોત્તમજી પોતાની ટીકામાં લખે છે -. "ननु भवत्वेवं कालादिकृतदोषवारणम्, तथापि प्रारब्धवशाद्विद्यमानस्य देहादेर्निर्वाहस्तु भगवदीयेनैवान्नादिना कार्यः । तथा सति स्वस्य स्वामिवस्तुभोगजनितो दोषः सेवां प्रतिबध्नीयात्, अतस्तस्य कथं निवृत्तिरित्यत आहुः निवेदिभिरित्यादि । निवेदिभिरिति करणे तृतीया । निवेदो निवेदनं भगवति समर्पणम्, तद्येषामस्ति, मतुबर्थे णिनिः । तानि निवेदनानि तैर्निर्वाहकरणभूतैः समर्प्यैव सर्वं कुर्यात् । स्वात्मसमर्पणावसरे भगवते निवेदितैर्दारादिभिश्चेतनैगृह-वित्तादिभिरचेतनैश्च यत् कुर्यात्, तत्सर्वं भगवते तेषां यथोचितविनियोगरूपं समर्पणं विधायैव कुर्यात् । 'शास्त्रे निवेदनं दानं ह्यर्पणं त्रिविधं स्मृतम् । निवेदनं समुद्दिश्य द्रव्यस्य ज्ञापनं मतम् । दानं स्वकीयतात्यागः परस्वापादनं विधेः । अर्पणं स्वामिभोग्यस्य स्वामिने ज्ञापनं मतम् । सूददृष्टान्तदृष्टेन तदेवं त्रिविधं प्रमे'ति क्वचिद्वैष्णवनिबन्धे दर्शनात् । अत एवात्र 'निवेद्ये'त्यनुक्त्वा 'समर्प्ये'ति शब्दान्तरमुक्तम् । समुपसर्गश्च भावपूर्वकत्वायोक्तः । तथा च चेतनान् भगवत्सेवायां विनियुञ्जन्नचेतनान् गृहवित्तादीनुप-योजयन्नन्नादीन्नैवेद्यरूपेण वस्त्रालङ्कारादींश्चोचितविनियोगे नियोजयन् 'त्वयोपभुक्तस्रग्गन्धवासोऽलङ्कारचर्चिताः । उच्छिष्टभोजिनो दासास्तव मायां जयेमही' त्युक्तरीत्या तद्दत्तप्रसादत्वेन तत्तुदपयुञ्जीत । इति स्थितिः । एषा निर्दुष्टा भक्तिमार्गमर्यादा । अत्र सर्वपदेन लौकिकं वैदिकं च यद्विधित्सितं

कार्यं तदुच्यते, निवेदिभिरिति वस्तुविशेषणेन समर्पणक्रियया च सर्वत्र शेषित्वेन भगवतः स्मरणं बोध्यते । तथा चैवं तत्प्रसादेन स्वस्वीयसर्वनिर्वाहे क्रियमाणे स्वामिनैव तन्निर्वाहार्थं स्वीयवस्तूनां प्रसादत्वेन दत्तत्वस्यानुसन्धानात् न तद्भोगेन दोष इत्यर्थः । न चोक्तवाक्यस्यावतारकालिकविषयत्वादिदानीं प्रसाददानानुसन्धानस्याहार्यत्वात्तेन कथं दोषनिवृत्तिरिति शङ्क्यम् । एतादृशानुसन्धानस्यापि फलसाधकत्वात् । 'इति शेषां मया दत्तां शिरस्याधाय सादरम् । उद्वासयेच्चेदुद्वास्यं ज्योतिर्ज्योतिषि तत्पुन'रिति भगवद्वाक्येन तथा निश्चयात् । एतदेव पुराणान्तरेप्युक्तम् । 'अम्बरीष नवं वस्त्रं फलमन्नं रसादिकम् । कृत्वा विष्णूपभोग्यं तु सदा सेव्यं हि वैष्णवै'रिति । 'विष्णोर्निवेदितान्नेन यष्टव्यं देवतान्तरम् । पितृभ्यश्चापि तद्देयं तदानन्त्याय कल्पत' इति च । न चैवं प्रक्षालनपङ्कन्यायापत्त्या गार्हवस्तूनां समर्पणात्पूर्वं भगवदीयत्वमेव नाङ्गीकार्यम् । आत्मसमर्पणावसरे वित्तोल्लेखस्य भाविनि परलोक इव भूते वित्तेप्यभिमानमात्रनिवृत्त्यर्थत्वेन तदानीं भगवदीयत्वानापादकत्वादिति वाच्यम् । समर्पणात्पूर्वमपि वस्तुतः सर्वस्य भगवदीयत्वेन त्यक्ते स्वाभिमाने सुतरां तथात्वेनोक्तरीतिं विना पूर्वोक्तदोषानपायात् । न च 'यावद्भ्रियेत जठरं तावत्स्वत्वं हि देहिनाम् । अधिकं योभिमन्ये स स्तेनो दण्डमर्हति' इति वाच्यम् । तस्य सामान्यत्वात् । आत्मनिवेदनमुपक्रम्य तदपाठात् । तावताभिमानजनितदोषाभावेप्यभिमानस्य विद्यमानत्वेनैतदपेक्षया पूर्वोक्तस्यैवोत्कृष्टत्वादिति । एवमत्र सर्ववस्तुसमर्पणोपदेशेन स्वामिवस्तुग्रहणदोषो निवारितः ।" **અર્થાત્** :- ભલે તમે જણાવો છો તેમ કાલ વગેરે દ્વારા ઉત્પન્ન દોષોનું વારણ થઇ જતું હશે. તેમ છતાં પણ પ્રારબ્ધવશ જે દેહ વિદ્યમાન છે તેનું પોષણ-તેનો નિર્વાહ તો જે ભગવાનને અર્પણ કરાઇ ચૂકેલાં છે એવાં અન્ન વડે જ કરવો

પડશે અને તેમ હોતાં સ્વામીની વસ્તુનો સેવક વડે ભોગ થવાથી જે દોષ ઉત્પન્ન થાય છે તે દોષ ઉત્પન્ન થઇને પોતાને તે પ્રતિબંધ કરશે. તેથી એ દોષની નિવૃત્તિ કઇ રીતે ? તો ત્યાં કહે છે **"निवेदिभिः"** વગેરે વાક્યોથી. **"निवेदिभिः"** એમાં કરણ અર્થમાં તૃતીયા સમજવી. નિવેદ એટલે નિવેદન કરવું એટલે કે ભગવાનમાં સમર્પણ કરવું. તે જેને છે એમ **"मतुब्"** અર્થ **'णिनिः'** સમજવું. તે નિવેદનો એટલે કે જેનાથી દેહ નિર્વાહ થાય છે તેવા પદાર્થો પણ -બધું જ ભગવાનને સમર્પીને અને તે સમર્પિત પદાર્થ વડે જ નિર્વાહ વગેરે સર્વ કંઇ કરવું. પોતે જ્યારે પ્રથમ આત્મનિવેદન કર્યું તે અવસરે પોતાની સાથે બીજું જે કંઇ પણ નિવેદન કર્યું છે તે સ્ત્રી-પુત્ર વગેરે ચેતન પદાર્થો અને ગૃહ-વિત્ત વગેરે અચેતન પદાર્થો તેમના વડે અથવા તેમની સાથે રહીને જે કંઇ પણ કરવામાં આવે તે બધું જ ભગવાનમાં તેનો તેનો યથોચિત વિનિયોગ થાય તે સ્વરૂપનું સમર્પણ કરીને જ કરવું. શાસ્ત્રમાં નિવેદન દાન અને અર્પણ એમ ત્રણ પ્રકારે કહ્યુ છે. નિવેદન એટલે પ્રતિવ્યક્તિને ઉદ્દેશીને દ્રવ્યનું જ્ઞાપન કરવું છે. દાન એટલે પદાર્થ ઉપરથી પોતાનાપણાનો ત્યાગ કરી બીજાની સત્તાને વિધિપૂર્વક સ્થાપન કરવું છે. અને અર્પણ એંટલે સ્વામીને ભોગ્ય જે કંઇ પણ હોય તે સ્વામીને જ્ઞાપન કરવું છે. આ પ્રમાણે કોઇક વૈષ્ણવ નિબંધમાં જોવા મળે છે. તેથી જ અહીં સિદ્ધાન્ત રહસ્યમાં 'નિવેદન કરીને' એમ નહિં કહીને 'સમર્પીને' એમ બીજા શબ્દથી કહ્યું છે. અર્પણ સાથે જે 'સમ્' ઉપસર્ગ છે તે ભાવપૂર્વક અર્પણ કરવાના અર્થને બતાવે છે. આ પ્રમાણે જે ચેતન પદાર્થો છે તે લોકોને ભગવત્ સેવામાં વિનિયોજતાં જે અચેતન છે તેને પણ ભગવત્ સેવામાં ઉપયોગ કરતાં અને જે અન્નાદિ ઉપભોગના પદાર્થો છે તેને નૈવેદ્યરૂપે સમર્પતાં તેમજ વસ્ત્ર-અલંકાર છે તેનો પણ ઉચિતરૂપમાં ભગવદ્ વિનિયોગમાં આવે તેવી રીતે તેની યોજના કરતાં ઉદ્ધવજીએ જણાવ્યું છે તેમ 'હે

પ્રભુ, આપના દ્વારા ઉપભોગ કરાયેલ પુષ્પ, ચંદન, કુંકુમ, વસ્ત્ર, અલંકાર વગેરે તેમજ આપના ભોજન પછીથી ઉચ્છિષ્ટ બચેલું એટલે કે આપનું જૂઠણ એનો અમે ઉપભોગ કરનારા એવા આપના દાસો આપની માયાને જીતીએ છીએ' એ પ્રકારે ભગવાને ભોગ કરીને પ્રસાદરૂપમાં જે આપેલું હોય તેના વડે જ પોતાનાં સર્વ કાર્યોમાં ઉપયોગ કરવો આ સ્થિતિ છે એટલે કે કોઇ પણ પ્રકારના દોષ વિનાની ભક્તિમાર્ગ મર્યાદા છે. અહીં સર્વપદ વડે જે કંઇ પણ લૌકિક વૈદિકમાં વિધાન કરાયેલાં કાર્યો છે તે કહેવામાં આવ્યા છે. **'निवेदिभिः'** એમાં વસ્તુ વિશેષણ વડે અને સમર્પણ ક્રિયા વડે સર્વત્ર શેષીપણાએ ભગવાનનાં સ્મરણનો બોધ કરાવવામાં આવ્યો છે. આ પ્રકારે ભગવાનના પ્રસાદ વડે જ પોતાનો અને પોતાના કહેવાતા એવા સ્વીયજનોનો નિર્વાહ કરતાં કુટુંબનિર્વાહ કે દેહનિર્વાહ કે વ્યવહારનિર્વાહ એના અર્થે અમારા સ્વામીએ જ આ બધું પ્રસાદરૂપે આપ્યું છે એ મુજબનું ચિત્તમાં અનુસંધાન રાખવાથી તેવા પદાર્થોના ઉપભોગ વડે દોષ થતો નથી એમ અર્થ છે. ભાગવત એકાદશ સ્કન્ધસ્થ ઉદ્ધવજીના વાક્ય વડે એવી શંકા ન કરવી જોઇએ કે આ ઉદ્ધવ વાક્ય તો ભગવાન અવતારરૂપે બિરાજતાં હતાં તે સમયનું હોવાથી ભગવાને પોતાની ભોગ કરેલી વસ્તુ પ્રસાદરૂપે આપેલી છે પરંતુ અત્યારે તો ભગવાન અવતારરૂપમાં નથી બિરાજતાં ત્યારે તો આ ભગવાને પ્રસાદરૂપમાં આપ્યું છે એ તો કૃત્રિમ રૂપમાં કાલ્પનિક જ કહેવાશે. તેવા કૃત્રિમ પ્રસાદથી દોષ નિવૃત્તિ કેવી રીતે થઇ શકે ? ત્યાં કહેવાનું કે આ પ્રકારનું ચિત્તમાં અનુસંધાન રહેવું એ પણ ફલને સાધનારું છે. એકાદશ સ્કન્ધમાં ઉદ્ધવજીને ક્રિયાયોગનો ઉપદેશ આપતાં ભગવાન કહે છે કે 'આ પ્રકારે મારી પૂજામાં મારી મૂર્તિને સમર્પેલી પુષ્પમાલાને મારા દ્વારા અપાયેલી છે એમ સ્વીકારીને તેને આદરપૂર્વક માથે ચડાવવી. અને તેને મારા પ્રસાદરૂપમાં સમજવી. અને જો વિસર્જન કરવું હોય તો વિસર્જન વખતે એવી ભાવના કરવી કે આ પ્રતિમામાંથી એક દિવ્ય જ્યોતિ નીકળી છે અને તે બીજી દિવ્ય જ્યોતિમાં લીન થઇ ગઇ છે. બસ આવી ભાવના મારું વિસર્જન છે'. આ ભગવદ્ વાક્ય વડે ભગવત્ સેવામાં યોજાયેલ વસ્તુઓનો ભગવદ્દત્ત પ્રસાદપે સ્વીકારવાનો નિશ્ચય થાય છે. આજ વાત 'બીજા પુરાણમાં પણ કહેવાઇ છે કે 'હે અમ્બરીષ નવું વસ્ત્ર, ફલ, અન્ન, કે રસાદિ એ બધું વિષ્ણુના ઉપભોગમાં લાવ્યા પછી વૈષ્ણવોએ તેનું સદા સેવન કરવું. તેમજ વિષ્ણુને નિવેદિત કરેલા અન્ન વડે જ બીજા દેવોનું યજન કરવું અને પિતૃઓ માટે પણ એ જ આપવું આમ કરવાથી તે અનંત થઇ જાય છે આ પ્રમાણે વિચારતાં પ્રક્ષાલનપંકન્યાય (પંક એટલે કાદવ વડે, કાદવવાળા હાથ-પગ ધોવાનો ન્યાય) વડે આપત્તિ લાવી ગૃહ કે ગૃહાસ્થાશ્રમ સમ્બન્ધી વસ્તુઓ સમર્પણના પૂર્વ ભગવદીય ન હતી એમ સ્વીકારવું જોઇએ નહિં. આત્મસમર્પણના અવસરે ભવિષ્યમાં પ્રાપ્ત થનારાં પરલોકના ઉલ્લેખની માફક વિત્તમાં પણ તેમાંથી પોતાના અભિમાનની નિવૃત્તિને અર્થે જ માત્ર ઉલ્લેખ કરાયો છે કારણ કે તે વખતે વસ્તુઓ ભગવદીયપણાને પ્રાપ્ત થઇ હોતી નથી એમ તમારે કહેવું જોઇએ નહિ. કારણ કે સમર્પણના પૂર્વ પણ આ ભગવદીય છે એમ જાણીને તેમાંથી પોતાનાપણાનું અભિમાન ત્યાગતાં સમર્પણ કરવાની રીતિ વિના એટલે કે એનું પણ સમર્પણ કર્યા વિના જો એમાંથી સ્વાભિમાનને છોડવામાં આવે છે ત્યારે પણ પૂર્વોક્ત દોષ છે તે દોષનો ક્ષય થતો નથી. તેમજ ભાગવત સપ્તમ સ્કન્ધમાં જેટલાથી પેટ ભરાય તેટલું જ શરીર ધારણ કરનારાઓનું પોતાનું કહેવાય છે તેથી અધિક એટલે કે 'જેટલાથી પેટ ભરાય તેથી વધુને જે માને-રાખે તે (ઇશ્વરના ઘરનો) ચોર છે અને તે દંડને પામે છે. આ વાક્યથી જેટલાથી નિર્વાહ થાય તેટલું લેવામાં-ગ્રહણ કરવામાં દોષનો સંભવ નથી તેમ નહિં

કહેવું. કારણ કે આ વાકય બીજા સર્વ સામાન્ય માટેનું છે. આત્મનિવેદનનો ઉપક્રમ કરીને આ વાક્ય કહેવાયું નથી. તેથી તેટલું જ ગ્રહણ કરવામાં ભલે અભિમાનથી ઉત્પન્ન થનારો દોષ એનો અભાવ હોવા છતાં પણ તે વ્યક્તિમાં અભિમાન તો વિદ્યમાન જ રહે છે કે આ મારું છે, આ મારું નથી. અતઃ આ પ્રકારે ભગવાનને નિવેદન કર્યા વિના વ્યવહાર કરવાની અપેક્ષાએ ભગવાનને નિવેદન કરીને બધું કરવાનો પક્ષ ઉત્તમ છે. આ પ્રકારે અહીં સર્વ વસ્તુના સમર્પણના ઉપદેશ વડે સ્વામીની વસ્તુ ગ્રહણ કરવાનો જે દોષ છે તેનું નિવારણ કરવામાં આવ્યું છે.

(૯) શ્રીગિરિધરજી પોતાની ટીકામાં જણાવે છે કે :-

“सहेति शेषः । तथा च सद्यःकृतात्मनिवेदनो निवेदिभिः सह चिरात्कृतात्मनिवेदनैः सदभ्यस्तसकलसेवाप्रकारैः सह मिलित्वा तदुक्ततद्दर्शितप्रकारेण समर्प्यैव भगवति निवेद्यैव पश्चात् सर्वं कलत्रादीनां भगवत्सेवादिविनियोगरूपं स्वार्थं च वस्तु विनियोगरूपमन्यदपि लौकिकं वैदिकं च विवाहयागादिरूपं कार्यमात्रं कुर्यात् । इति स्थितिर्मार्गमर्यादा । स्थितिपदेनेयमेव निश्चला भक्तिमार्गमर्यादा, नान्यापीति ज्ञाप्यते । किञ्च, निवेदिभिः सहेतिपदं सर्वं कुर्यादित्यनेनापि लापनीयम् । तथा च पूर्ववस्तुनो भगवति समर्पणे पश्चात्स्वविनियोगसमयेपि तैः सहभावः कार्य इत्यर्थः । एतेन सत्सङ्गदुःसङ्गयोर्विधिनिषेधौ च तस्योक्तौ भवतः ।”

અર્થાત્ :- **“निवेदिभिः”** પદની સાથે **‘सह’** પદ અધ્યાહાર સમજવું. અતઃ જે લોકો હમણાં જ આત્મનિવેદન કરેલાઓ છે તેવા લોકોએ નિવેદિભિઃ સહ એટલે ઘણા પહેલાં આત્મનિવેદન કરીને સકલ સેવા પ્રકારમાં લાંબા કાળથી સારી રીતે અભ્યસ્ત થયેલા હોય એવા લોકો સાથે મળીને તે લોકોના બતાવેલા પ્રકાર વડે સમર્પણ કરીને જ એટલે કે ભગવાનમાં નિવેદન કરીને પછી પોતાના

સ્ત્રી, પુત્ર વગેરેને ભગવત્ સેવા વગેરેમાં વિનિયોગ કરવો વગેરે પોતાના અર્થેની વસ્તુઓનો તેમજ બીજા પણ જે લૌકિક અને વૈદિક વિવાહ-યાગ વગેરે રૂપમાં જે પણ કાર્યો હોય તે કરવાં. આ સ્થિતિ છે એટલે આ માર્ગમર્યાદા છે. સ્થિતિ પદ વડે આ જ નિશ્ચલા ભકિતમાર્ગ-મર્યાદા છે એમ જણાયું છે. વળી **“निवेदिभिः” ‘सह’** પદ એ સર્વં કુર્યાત્ એની સાથે જોડીને પણ લાપન કરવું. તેથી એમ અર્થ થશે કે બધી જ વસ્તુઓને ભગવાનને સમર્પ્યા પછી પણ ત્યારબાદ તે વસ્તુઓનો પોતાનામાં ઉપયોગ કરવામાં આવે ત્યારે પણ તે વસ્તુઓનો ઉપયોગ પણ તે નિવેદીઓની સાથે રહીને જ કરવો આના વડે સત્ પુરુષોના સંગનું વિધાન અને દુઃસંગનો નિષેધ એમ બન્ને વાતો કહેવાઇ છે.

(૧૦) શ્રીલાલુ ભટ્ટજી પોતાની ટીકામાં જણાવે છે કે

“एवमसमर्पितवस्तूनां हेयत्वकथनेन तत्सम्बन्धं निराकृत्य दोषानुत्पत्तिप्रकारमुक्त्वा देहादिनिर्वाहार्थं कृतात्मनिवेदिनः प्रेमासक्तिव्यसनसर्वात्मभावान्तभक्तिहेतुभूताधिदैविकीशुद्ध्यर्थं च भक्तिमार्गीयमुपायमाहुः ‘निवेदिभिः समर्प्यैव सर्वं कुर्या’दिति । निवेदनं निवेदः, निवेदो येषामस्ति ते निवेदिनः पदार्था अन्नादयः, तैः निवेदिभिः पदार्थैः सर्वं भक्षणादिव्यवहारं कुर्यात्, परन्तु समर्प्यैव कुर्यात् । अत्रेदं आकूतम् । सगद्यपञ्चाक्षरमन्त्रग्रहणावसरे सर्वेपि स्वकीयाः पदार्था देहादयो दारागारादयश्च भूतभविष्यद्वर्तमान-कालसम्बन्धिनो निवेदिता ब्रह्मसम्बन्धिनो निर्दुष्टा बभूवुः । अतस्ते सर्वेपि पदार्था निवेदिपदवाच्याः । तेषां पुनः समर्पणं नाम तत्तदवसरे भगवदुपयोगकरणम् । अतो मन्त्रग्रहणावसरे निवेदितानामन्नादीनां भगवदुपयोगं कृत्वा भगवदुपभुक्तशिष्टेन भक्षणादिव्यवहारं कुर्यादिति । तथा च पञ्चाक्षरमन्त्रग्रहणेन स्वकीयपदार्थानां ब्रह्मसम्बन्धः स तु सामान्यः समर्पणम् । पुनस्तदुपयोगिकरणं

विशेषतः समर्पणं ज्ञेयम् । एवं समर्पितात्मनः सर्वे पदार्था भगवदीयत्वान्निर्दुष्टास्तान् भगवदुपयुक्तान् कृत्वा तद्दत्तप्रसादत्वेन भक्षणादिव्यवहारो भक्तिमार्गे प्रशस्तः । तदुक्तं श्रीप्रभुचरणैर्नवरत्नप्रकाशे 'तद्दत्तप्रसादत्वेन स्वोपभोगकृतिरुचिततरे'ति । प्रसादत्वेन ग्रहणं कृतार्थतासम्पादकं, 'त्वयोपभुक्तस्रग्गन्धवासोलङ्कारचर्चिताः । उच्छिष्टभोजिनो दासास्तव मायां जयेमही'त्येकादशस्कन्धे श्रीमदुद्धववाक्यात् । अतः सामान्यसमर्पणविशेषसमर्पणोभयसूचनार्थं निवेदिभिः समर्प्येति पदद्वयेन निवेदनमुक्तम् ॥ इदं त्विह विशिष्यावधेयम् । निवेदनमन्त्रग्रहणेन ब्रह्मसम्बन्धे सर्वेषां पदार्थानामन्नादीनां या शुद्धिः सा त्वाधिदैविकी । तस्यां सिद्धायामपि दुष्टस्पर्शादिदोषनिवृत्तये भगवन्नामाभिमन्त्रितजलप्रोक्षणादिजन्या जलक्षालनादिजन्या भौतिकी शुद्धिः कर्तव्या । एवं शङ्खोदकतुलसीगोपालमन्त्रशरणमन्त्रोच्चारणादिनाध्यात्मिकी शुद्धिः, श्रीमदाचार्यैस्तु पुष्टिभक्तिमार्गे या विशेषतः समर्पणजन्या शुद्धिः सात्र ग्रन्थे निरूपिता । सामान्यतो भौतिकी शुद्धिस्तु स्मृतिपुराणधर्मशास्त्रप्राप्तैवेति सा नोक्ता, नैतावता तस्या निषेधः । अतः सा यथाशास्त्रं विधेयैव । अत एव भगवत्सेवार्थं स्नात्वा गच्छतो निवेदितात्मनः पुंसो मध्ये निषिद्धस्पर्शदोषनिवारणार्थं पुनः स्नानादिना शुद्धिसम्पादनमार्याणां व्यवहारः । एवमेव पात्रादीनां यथाशास्त्रं शुद्धीकरणमस्मत्सम्प्रदायेऽस्ति । अत एव पुत्रजन्मनि वृद्धिसूतके देहशुद्धिं मन्वाना न भगवच्चरणौ स्पृशन्ति, दशदिवसानन्तरं यथापूर्वमाचरन्ति, तावता कालेन शुद्धेः शास्त्रसिद्धत्वात् । सेयं भौतिकी शुद्धिर्न निवेदनहेतुका । अन्यथा देहादीनां समर्पितत्वेन सकलाशुद्धिसम्बन्धस्य वक्तुमशक्यतया स्नानादिशुद्धेर्निष्प्रयोजनकत्वं स्यात् । स्नानसन्ध्यावन्दनादिरूपं

शोधकं परमभक्तानामपि व्यवहारे दृश्यते, 'इति स्त्रीणां वदन्तीनामुद्धवोऽगात्कृताह्निक'इति वाक्यात् । तदन्यथानुपपत्त्या भौतिकी शुद्धिर्वैष्णवानामुचितेत्यायाति । अतो भौतिकी शुद्धिर्जलक्षालनादिना शङ्खोदकादिना चाध्यात्मिकी शुद्धिर्यथाशास्त्रं सम्पादनीया ॥ ननु शुद्धिद्वयं स्नानशङ्खोदकादिना सम्पाद्यम्, आधिदैविकी शुद्धिः समर्पणेन संपन्ना, ततो द्वितीयस्य विशेषतः समर्पणस्य किं प्रयोजनमिति चेत्, श्रूयताम् । भगवते समर्पितानां पदार्थानां भगवदुपयोगकरणाभावेऽपराधः स्यात् । सामान्यतः समर्पितानां भगवदुपयोगं विना स्वोपयोगे तु महानेवापराधसमुदाय आपद्येत । अतः सामान्यतः समर्पितानां भगवदुपयोगकरणरूपं विशेषतः समर्पणमावश्यकमेव । तदेतदुक्तं 'निवेदिभिः समर्प्यैव सर्वं कुर्या'दिति । अत्र ह्यसङ्कुचितवृत्तिना सर्वपदेन लौकिकवैदिकव्यवहारः सर्वोऽपि गृहीतः । तथा च नित्ये नैमित्तिके च कर्मणि कर्माङ्गदेवताभ्यो यदन्नं देयं तदपि भगवते समर्प्यैव देयमिति स्फुटति स्म । अत एव 'विष्णोर्निवेदितान्नेन यष्टव्यं देवतान्तरम् । पितृभ्यश्चापि तद्देयं तदानन्त्याय कल्पत' इत्यादिवचांस्युपलभ्यन्ते । युक्तं चैतत् । 'देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव वा । भजन्मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्यथा वय'मिति प्रह्लादवाक्यात् सर्वे देवा भगवद्भक्ताः । अतस्तेषां भगवदीयत्वाद्भगवत्प्रसाददाने तेषां प्रसाद एव ।" અર્થાત્ :- નિવેદ એટલે નિવેદન. એ જેનું થયેલું છે તે નિવેદન કરાયેલા પદાર્થો અન્ન વગેરે, તે નિવેદન કરાયેલા પદાર્થો વડે જ ખાવા પીવા વગેરેનો સર્વ વ્યવહાર કરવો. પરંતુ તે પણ સમર્પણ કરીને જ કરવો. અહીં આ મુજબ સમજવું- સગદ્ય પંચાક્ષર મન્ત્ર ગ્રહણના અવસરે એટલે કે બ્રહ્મસમ્બન્ધના સમયે પોતીકા કહેવાતા બધા પદાર્થો દેહ વગેરે સ્ત્રી-ઘર વગેરે, ભૂત, ભવિષ્ય કે વર્તમાન કાલ સમ્બન્ધના તે બધા નિવેદન

કરાયા છે. અને તેથી બ્રહ્મસમ્બન્ધ કરેલાઓ દોષરહિત થયા છે. અત: તે બધા જ પદાર્થો નિવેદી નામથી કહેવાય છે. તે પદાર્થોનું પુન: સમર્પણ એટલે જે તે અવસરે તે તે પદાર્થોને ભગવાનના ઉપયોગમાં લાવવા. અત: આત્મનિવેદન મન્ત્રગ્રહણના સમયે જે નિવેદિત થયેલા છે તેવા પોતીકા અન્ન વગેરે સર્વનો ભગવાનમાં ઉપયોગ કરાઇને જે ભગવાન દ્વારા ભોગ કરાઇ શિષ્ટ -બચેલું હોય તેના વડે ભક્ષણ કરવું વિગેરે સર્વ વ્યવહાર કરવો. પંચાક્ષર મન્ત્ર ગ્રહણ વડે પોતીકા પદાર્થોનું જે બ્રહ્મસમ્બન્ધ કરવામાં આવ્યું છે તે સમર્પણ સર્વ સામાન્ય પ્રકારનું છે. તે સામાન્ય પ્રકારે સમર્પણ કરીને ફરીથી તે સમર્પિત વસ્તુઓને ભગવાનના ઉપયોગમાં લાવવી એ વિશેષ પ્રકારનું સમર્પણ જાણવું. આ પ્રમાણે જે લોકોએ પોતાનું આત્મસમર્પણ કર્યું છે તે લોકો ભગવદીય હોવાથી એમના સમ્બન્ધી સર્વ પદાર્થો પણ ભગવદીય બની જવાથી તે નિર્દુષ્ટ પદાર્થોને ભગવાનના ઉપયોગમાં લાવીને ભગવાને જ આ બધું પ્રસાદરૂપમાં આપ્યું છે એ ભાવે વિચારે ખાવા-પીવાનો સર્વ વ્યવહાર કરવો એ જ ભકિતમાર્ગમાં પ્રશસ્ત છે. આ જ વાત શ્રીપ્રભુચરણે નવરત્ન પ્રકાશમાં કહી છે કે 'ભગવાને જ પ્રસાદ આપ્યો છે એ પ્રકારે એ પદાર્થોનો ઉપભોગ કરવાની કૃતિ ઉત્તમોત્તમ છે.' પ્રસાદપણાએ ગ્રહણ કરવાથી કૃતાર્થતા સમ્પાદન થાય છે. કારણ કે ઉદ્ધવજીએ પણ એકાદશ સ્કન્ધમાં ભગવાનના પ્રસાદગ્રહણથી જ માયાને જીતાય છે તેમ કહ્યું હોવાથી. અત: સામાન્ય સમર્પણ અને વિશેષ સમર્પણ એમ બન્ને પ્રકારનાં સમર્પણનું સૂચન કરવા માટે **'निवेदिभिः'** અને **'समप्यैव'** એમ બે પદ વડે નિવેદન કહ્યું છે. પરંતુ અહીં આટલું વિશેષ ધ્યાન આપવું જોઇએ. નિવેદન મન્ત્રગ્રહણ વડે બ્રહ્મસમ્બન્ધ થતાં અન્નાદિ સર્વ પદાર્થોની શુદ્ધિ થાય છે તે આધિદૈવિકી શુદ્ધિ છે, તેવી આધિદૈવિકી શુદ્ધિ સિદ્ધ થઇને પણ જો કદાચિત્ તે પદાર્થોને

દુષ્ટસ્પર્શ વગેરેથી દોષ થયો હોય તો તેની નિવૃત્તિ માટે ભગવન્નામથી અભિમન્ત્રિત જલના પ્રોક્ષણથી થનારી અથવા જલ વડે ધોવાથી થનારી શુદ્ધિ જે ભૌતિકી શુદ્ધિ છે તે કરવી જોઇએ. તેવી જ રીતે શંખોદક, તુલસી, ગોપાલમંત્ર, શરણમંત્રનું ઉચ્ચારણ વગેરે વડે થનારી શુદ્ધિ એ આધ્યાત્મિકી શુદ્ધિ છે. તે પણ આવશ્યક છે-કરવી જ. પુષ્ટિ ભકિતમાર્ગમાં જે વિશેષ પ્રકારે સમર્પણથી થનારી શુદ્ધિ છે તે શ્રીઆચાર્યચરણે આ ગ્રન્થમાં નિરૂપણ કરી છે. સામાન્ય રીતે જે ભૌતિકી શુદ્ધિ છે તે સ્મૃતિ, પુરાણ, ધર્મશાસ્ત્રથી જ જાણી શકાય છે. તેથી તે અહીં કહી નથી. અત: તે શુદ્ધિ અહીં નથી કહી તેથી તે શુદ્ધિનો નિષેધ છે-તેવી શુદ્ધિ અહીં ન કરવી એવો એનો અર્થ થતો નથી. અત: જે તે બાબતે, જે તે શાસ્ત્રમાં, જે તે પ્રકારની શુદ્ધિ કહી છે તે પુષ્ટિમાર્ગમાં પણ કરવાની છે તેમ સમજવું. તેથી જ કોઇ આત્મનિવેદન કરેલો વૈષ્ણવ ભગવત્સેવાને અર્થે સ્નાન કરી (અસ્પર્શ્યમાં) જતો હોય અને વચમાં કોઇ નિષિદ્ધ વ્યક્તિ કે વસ્તુનો સ્પર્શ થઇ જાય તો તે દોષના નિવારણને અર્થે ફરીથી સ્નાન વિગેરે વડે શુદ્ધિ કરવાનો આ માર્ગના આર્યોનો વ્યવહાર રહ્યો છે. તેવી જ રીતે પાત્ર વગેરે બાબતમાં પણ શાસ્ત્રમાં જણાવ્યા મુજબની શુદ્ધિ કરવાનું આપણા સમ્પ્રદાયમાં પ્રચલન છે. તેથી જ કરીને પુત્ર જન્મ થયો હોય ત્યારે વૃદ્ધિ સૂતકમાં દેહની અશુદ્ધિ સમજીને ભગવાનનાં ચરણોનો સ્પર્શ કરાતો નથી અને દશ દિવસ પૂરા થયા પછી જ સેવામાં ચરણસ્પર્શ વગેરે થઇ શકે છે. કારણ કે શાસ્ત્રમાં (સાત પેઢીના લોકોને માટે) દસ દિવસ પછી જ શુદ્ધ થવાનું જણાવ્યું છે. આ ભૌતિકી શુદ્ધિ નિવેદનના હેતુવાળી નથી નહિતર દેહ વગેરે આત્મનિવેદનમાં સમર્પિત થઇ જતા હોવાથી સર્વ પ્રકારની અશુદ્ધિનો સમ્બન્ધ બતાવવો અશક્ય હોવાથી તેવા નિવેદિત આત્માઓને એ પછી સ્નાનાદિ શુદ્ધિનું કોઇ પ્રયોજન રહેતે નહિં.

સ્નાન, સંધ્યાવન્દન વગેરે જે શુદ્ધ કરનારા છે તે તો જે વૈષ્ણવ નથી એવા અભક્તોમાં પણ આચરણ કરાતાં જોવામાં આવે છે. (દશમ સ્કન્ધમાં ભ્રમર ગીતના પ્રસંગમાં) વ્રજની બધી સ્ત્રીઓ એ પ્રમાણે કહી રહી હતી તે જ વખતે ઉદ્ધવજી પોતાના નિત્ય કર્મથી નિવૃત્ત થઇ ત્યાં આવી પહોંચ્યા. (ભાગ.૧૦, ૪૬-૪૯) આ રીતે પરમ વૈષ્ણવ ઉદ્ધવજી વડે પણ પોતાની જે ભૌતિકી શુદ્ધિ કરવામાં આવતી હતી તેથી ભૌતિકી શુદ્ધિ વૈષ્ણવોને માટે ઉચિત - આવશ્યક છે એમ જાણી શકાય છે. અતઃ જલથી ધોવું વગેરે પ્રકારે ભૌતિકી શુદ્ધિ અને શંખોદક વગેરે પ્રકારે આધ્યાત્મિક શુદ્ધિ શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ સંપાદન કરવી જોઇએ. **પ્રશ્ન** - માની લીધું કે ભૌતિકી અને આધ્યાત્મિકી શુદ્ધિ સ્નાન, શંખોદક વગેરેથી સંપાદન કરવી પરંતુ જે આધિદૈવિકી શુદ્ધિ છે તે તો આત્મનિવેદન કરતી વખતે સમ્પન્ન થઇ ગઇ છે તો પછી વિશેષરૂપે ફરીથી તે જ પદાર્થોનું ભગવાનને (રોજ રોજનું) સમર્પણ કરવાનું શું પ્રયોજન ? **ઉત્તર** - તો તમે સાંભળો, ભગવાનને માટે સમર્પિત કરાયેલા પદાર્થોનો ભગવાન વડે તેનો ઉપયોગ નહિ કરાતાં તે અપરાધ થાય છે. સામાન્ય રીતે જે વસ્તુઓનું આત્મનિવેદનમાં સમર્પણ કર્યું છે તે વસ્તુઓનો ભગવદ્ ઉપયોગ વિના પોતાને અર્થે ઉપયોગ થવો તેથી મહાન અપરાધોનો સમુદાય આવી પડે છે. અતઃ નિવેદનમાં સમર્પણ કરાયેલ વસ્તુઓનું ભગવાનમાં ઉપયોગ કરાવવારૂપ વિશેષ પ્રકારનું સમર્પણ આવશ્યક જ છે. તેથી જ શ્રીઆચાર્યચરણ જણાવે છે કે નિવેદિતાત્માઓએ સમર્પણ કરીને જ બધું કરવું. અહીં '**सर्व**' પદમાં અસંકુચિતવૃત્તિથી લૌકિક-વૈદિક બધો જ વ્યવહાર અહીં સમજવાનો છે. તેથી કરીને નિત્ય અને નૈમિત્તિક કર્મમાં પણ કર્માંગ દેવતાઓ જે અન્ન વગેરે આપવાનું થાય તે પણ ભગવાનને સમર્પિત કરેલું જ આપવું એમ અહીં અર્થ સ્ફુટ થાય છે, તેથી જ શાસ્ત્રમાં પણ 'વિષ્ણુને નિવેદન કરાયેલા અન્ન વડે જ બીજા દેવતાઓનું યજન કરવું તેમજ વિષ્ણુને નિવેદન કરાયેલા અન્ન વડે જ પિતૃઓનું યજન કરવું તેમ કરવાથી તે અનન્ત ફલવાળુ બની જાય છે.' વગેરે વાક્યો પ્રાપ્ત થાય છે. 'દેવ, અસુર, મનુષ્ય, યક્ષ, ગંધર્વ વગેરે કોઇ પણ ભગવાન મુકુન્દના ચરણનું ભજન કરતાં કલ્યાણને પ્રાપ્ત કરનારા થાય છે જેમ કે આપણે બધા' એ પ્રહ્લાદ વાક્યથી જ બધા જ દેવો ભગવાનના ભક્તો છે અને તેઓ ભગવદીય હોવાથી તેમને ભગવત્ પ્રસાદ આપવાથી તે દેવો પણ પ્રસન્ન થાય છે.

(૧૧) શ્રીશાચાર્ય મતાનુવર્તી ટીકામાં જણાવે છે :- **"आत्मनिवेदिभिर्महापुरुषैर्द्वारा (गुरुभिरिति बहुत्वं पूज्यत्वेन ज्ञेयम्) सर्वं दारागारपुत्राप्तवित्तेहपरादिकं समर्प्य कुर्यात्, स्वान्नादिकं समर्प्य गृह्णीयादिति भक्तिमार्गमर्यादा। 'महापुरुषेण निवेदिता' इत्युक्तत्वात्"** અર્થાત્ : - આત્મનિવેદિઓ વડે એટલે કે મહાપુરુષો દ્વારા (અહીં ગુરુઓ દ્વારા એમ બહુવચનનો પ્રયોગ ગુરુમાં પૂજ્ય આદર બુદ્ધિથી કરાયો છે તેમ જાણવું) સર્વ કંઇ સ્ત્રી, ગૃહ,પુત્ર, સગાંઓ, વિત્ત, આલોક, પરલોક સમ્બન્ધી સર્વ કંઇ સમર્પીને જ કરવું, પોતાનું કહેવાતું જે કંઇ અન્ન વગેરે હોય તે સમર્પીને ગ્રહણ કરવું એમ ભક્તિમાર્ગની મર્યાદા છે.

આ પ્રમાણે આ અર્ધા શ્લોક ઉપર સર્વ ટીકાકારોની ટીકાઓને જોતાં **"निवेदिभिः"** એમાં જે તૃતીયા વિભક્તિ છે તેમાં કેટલાક ટીકાકારો સહ અર્થે અને કેટલાક ટીકાકારો કરણ અર્થમાં અર્થગ્રહણ કરે છે. તેમ છતાં પણ બન્ને અર્થો એકબીજાના અવિરોધી અને સુંદર છે. બલ્કે મને તો એમ લાગે છે કે બન્ને અર્થોને ગ્રહણ કરી શ્લોકાર્થ કરવાથી સમજવામાં અથવા તો સ્પષ્ટ થવામાં વધુ સુગમતા થઇ પડે છે.

“निवेदिभिः” નો સહ અર્થ લેતાં એટલે કે જે લોકોએ પૂર્વમાં આત્મનિવેદન કરેલું છે તેવાઓની સાથે રહીને સમર્પણના નિયમોને - સિદ્ધાન્તોને બરાબર સમજવા અને તે મુજબ વર્તવું, એમ અર્થ કરતાં બ્રહ્મસમ્બન્ધદીક્ષા પ્રાપ્ત કર્યા પછીથી જે ભગવત્ સેવાનો અધિકાર સંપાદન થયો છે તેને પાસપોર્ટની માફક સાચવીને મૂકી રાખવાનો નથી. પરંતુ તે અધિકારનો પ્રતિદિનના દૈનિક જીવનમાં ઉપયોગ કરવાનો છે એમ શ્રીઆચાર્યચરણનો આશય સ્પષ્ટ થાય છે. એટલે કે એડમિશન થયા પછીથી તરત જ નિશાળે ભણવાનું આરંભ કરી દેવાનું છે નહિ કે એકવાર એડમિશન લઇ લેવા દે પછી ગમે ત્યારે જરૂર પડે નિશાળે જઇશું. અતઃ જે લોકોમાં ભગવત્સેવાની રુચિ જાગૃત થઇ છે અને જે લોકો પોતાને, પોતાના જીવનને આ સેવામાર્ગમાં પ્રવેશાવી જીવનને કૃષ્ણસેવામય બનાવવા માંગે છે તેવી તેમની ઇચ્છા જોઇ-જાણીને જ આ દીક્ષા માટે તેમનો અધિકાર છે તેવો નિશ્ચય કરીને એમને ગદ્યમંત્રની દીક્ષા આપવી જોઇએ. આત્મનિવેદન એટલે પોતાનુ ભગવાનને આપવું એમ નહિ, પરંતુ પોતાને અને પોતાના સમ્બન્ધી સર્વસ્વને ભગવદીય માનવું-સમજવું અને તે મુજબ વર્તન કરવાની તૈયારી એ આત્મનિવેદન છે. અને તેથી જ શ્રીપુરુષોત્તમજી પોતાની ટીકામાં નિવેદન, દાન અને અર્પણ એમ ત્રણ જુદા જુદા શબ્દોને કોઇક વૈષ્ણવ નિબંધમાંથી ઉદ્ધૃત કરીને અહીં ટાંકે છે કે નિવેદન એટલે સામીવાળી વ્યક્તિને ઉદ્દેશીને દ્રવ્યનું-પદાર્થનું જ્ઞાપન કરવું એ નિવેદન છે અને પોતાની સત્તા છોડીને પદાર્થ ઉપર સામેવાળાની સત્તાનો સ્વીકાર કરવો એ દાન છે અને પોતાના સ્વામીના ભોગ્ય પદાર્થને સ્વામી સમક્ષ જ્ઞાપન કરવું એ સમર્પણ છે આ રીતે આત્મનિવેદનથી વૈષ્ણવી-ભગવદીય જીવન જીવવાનો આરંભ કરવાનો છે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના આ માર્ગમાં ભગવદીયોનો સંગ અને ભગવદ્ વિરોધી-ભગવદ્ ભક્તિ વિરોધી - ભગવન્નમાર્ગ વિરોધી એવા અભગવદીયોના દુઃસંગનો ત્યાગ એ સૌથી મહત્ત્વપૂર્ણ અંગ છે. ત્યારે જ જીવની આ માર્ગમાં ગતિ થઇ શકે છે. જેમ ધર્મશાસ્ત્રોમાં પણ મનની કેટલીક નબળી ક્ષણોમાં દોષ થવા સંભવ હોવાથી તેવા દોષો સંભાવનાથી પણ ન ઘટે તે માટેના કેટલાક નીતિ-નિયમો ધર્મશાસ્ત્રોમાં જોવા મળે છે. જેમ કે પોતાની સગી મા હોય સગી બહેન હોય કે સગી દીકરી હોય તો પણ તેની સાથે એક પલંગ પર સાથે બેસવું નહિં કારણ કે ક્યારેક મનની અતિશય ઉન્માદગ્રસ્ત દશામાં વિચાર કરનારી બુદ્ધિ ઝૂકી પડે અને દોષ થઇ જાય તો તેવો દોષ સંભાવનામાં ધર્મશાસ્ત્રોને સમ્મત ન હોવાથી આવા નિયમો પ્રસ્તુત કર્યા છે. તેવી જ રીતે આ માર્ગમાં પણ ભલે આજે આપણા મનમાં ભગવદ્ ભકિતનો ભાવ સ્ફૂર્યો છે. પણ તે ભાવને દુઃસંગી વરુઓ ઉખાડીને ફેંકી ન દે અને આપણને પણ તેમના જ દુર્માર્ગે ઢસડીને લઇ ન જાય તે માટે ભગવદીયોનો સંગ અને દુઃસંગીઓનો ત્યાગ અને તે પૂર્વક પોતાનો ભગવત્સેવામાં અભિનિવેશ એ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા પછીનું પ્રથમ સોપાન છે. તેથી જ શ્રીઆચાર્યચરણ સર્વનિર્ણય નિબન્ધમાં જે દૈવી જીવો ભગવત્કૃપાથી વિશિષ્ટ ઉક્ત પુષ્ટિના અધિકારી જીવો છે તેવા લોકોની સિદ્ધિને અર્થે શ્રીઆચાર્યચરણ સર્વપ્રથમ ગુરુનાં લક્ષણ બતાવીને તેવા ગુરુને શરણ જવું અને તેવા ગુરુ વડે જે પ્રકારે જણાવાયેલી હોય તે પ્રકારે ભગવત્સેવા કરવી અને તેમાં - તે સેવામાં વસ્ત્ર, આભરણ, અલંકાર વગેરેથી જે પ્રકારે સુંદરતા આવતી હોય તે પ્રકારે પ્રેમપૂર્વક સેવા કરવી એમ જણાવીને પોતાની આ સેવામાં જો પત્ની પુત્રાદિ અનુકૂલ હોય તો ભગવત્સેવા સમ્બન્ધી ભગવત્ ક્રિયાને તેમના વડે કરાવવી. અને જો એ લોકો અનુકૂલ પણ ન હોય અને પ્રતિકૂલ પણ ન હોય પણ ઉદાસીન હોય તો તેમની પાસે ભગવત્ ક્રિયા ન કરાવીને સ્વયમ્ પોતે જ કરવી.

અને જો તે પોતાના પત્ની પુત્રાદિ અથવા તો આપ્તજનો જો પ્રતિકૂલ હોય તો તેમને ત્યાગવા એમ તેવાઓના ત્યાગનું વિધાન કરતાં શ્રીઆચાર્યચરણ પોતાની આ કારિકાઓને સ્પષ્ટ કરતાં પ્રકાશમાં લખે છે કે પ્રતિકૂલ એટલે વિષ્ણુથી પરાંગ્મુખ થયેલા, વિષ્ણુથી - કૃષ્ણથી - કૃષ્ણભક્તિથી વિમુખ બની રહેલાં એવા પત્ની પુત્રાદિ યા આપ્તજનો હોય તો તેમનો પણ આત્મનિવેદીઓએ આ માર્ગમાં ત્યાગ કરવો, એમ જણાવતાં શ્રીઆચાર્યચરણ લખે છે કે **"अनेन, अवैष्णवैः सहास्मिन्मार्गे न स्थातव्यमित्युक्तं भवति"** જે લોકો અવૈષ્ણવ છે એટલે કે જે લોકો કંઠીબદ્ધ છે કે બ્રહ્મસમ્બન્ધ લીધેલા છે તેમ છતાં પણ પોતાને ભગવત્સેવામાં નહિ પ્રયોજી તેવા તથાકથિત વૈષ્ણવો નહિં, પરંતુ પોતાના વડે કરાયેલા આત્મનિવેદનરૂપ, અનુકૂલ જીવન નિર્વાહ કરી રહેલા શ્રીકૃષ્ણપરાયણચિત્ત વૈષ્ણવો સાથે સંગ કરવો એમ અહીં સમજવાનું છે. નવી પરણેલી છોકરીએ પરણેલીનો સંગ કરવો એમ કહેવાથી એમ ન સમજી લેવું જોઇએ કે ફક્ત આ પરણેલી છે એવું લક્ષણ જોઇને જ એનો સંગ કરવો. પરણીને પણ વર-ઘર સાથે લડીને ઝઘડીને વર-ઘરથી છૂટા પડવાની તૈયારી કરેલી અથવા તો છૂટી પડી ગયેલી એવી પરિણીતાનો સંગ ક્યારેય પણ નવપરિણીતા માટે ઉપકારક સિદ્ધ થઇ શકતો નથી. બલ્કે નવપરિણીતાના પણ મનમાં દુઃસંસ્કારોનું સિંચન થઇ તેના જીવનમાં પણ આગ ભડકવાની સંભાવના વધી જાય છે. તેવી જ રીતે આ માર્ગમાં અવૈષ્ણવો સાથે ન રહેવું એમ શ્રીઆચાર્યચરણે જણાવ્યું છે તેથી કરીને વૈષ્ણવ એટલે કંઠીબદ્ધ કે બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધેલો માત્ર એટલું લક્ષણ પર્યાપ્ત નથી. પરંતુ વૈષ્ણવ એટલે જેને નવરત્નમાં સર્વથા તાદશીજન તરીકે શ્રીઆચાર્યચરણ ઉલ્લેખે છે કે જે લોકો - એ આત્મનિવેદન કરીને આત્મનિવેદનની ચરિતાર્થતા આત્મસાત્ કરી હોય તેવા વૈષ્ણવો સાથે જો રહેવામાં આવે તો તેવા વૈષ્ણવોનો

વાણીથી ઉપદેશ અને તેમનાં આચરણથી જે ઉપદેશ મળે તેનાથી સેવા અને સમર્પણને સારી રીતે ચિત્તમાં દૃઢ કરવાનું છે અને તેમના માર્ગદર્શનમાં એને આચરવાનું છે. બાકી ફક્ત દીક્ષા લીધેલા કે કંઠી લીધેલા લોકો હોય તો પણ તેમણે ઉદાસીનમાં અથવા તો વિષ્ણુ વિમુખોમાં જ સમજવા જોઇએ. તેથી કોઇ દૂર રહેતો છોકરો હોય અને એની સાથે જ્યારે કોઇ છોકરી પરણવા તત્પર થાય છે ત્યારે એટલી તૈયારી મનમાં રાખીને જ તત્પર થાય છે કે મારે આ ઘર, આ ઘરની વસ્તુઓ, માતા-પિતા, ભાઇ બહેન ભાડુંઓ વિગરે તથા પોતાના બાળપણથી અત્યાર સુધીના મિત્ર વગેરે બધું જ છોડવાનું છે એવી સમજ અને તૈયારી સાથે જ છોકરી પરણે છે તેવી જ રીતે શ્રીમહાપ્રભુના આ માર્ગમાં - આ સેવામાર્ગમાં આવનારાએ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેતી વખતે એટલું સમજીને અને એટલી તૈયારી રાખીને પ્રવેશવાનું છે કે મારે કૃષ્ણસેવા કરવી છે અને તે માટે જરૂર પડે આ બધું છોડવાનું પણ છે. જેમ પરણ્યા પછી છોકરીના સાસુ-સસરા, નણંદ, જેઠાણી, દેરાણી વગેરે જ એના રોજના સંગીઓ હોય છે અને એ સાસરામાં પિયરને જેટલી વિસ્મરી શકે છે તેટલી તે સાસરિયાંઓ સાથે વધારે ઘનિષ્ઠતા અને આત્મીયતા કેળવી શકે છે અને એની સાસરિયાંઓમાં ઘનિષ્ઠતા અને આત્મીયતાપૂર્વક પતિની પ્રેમથી શુશ્રૂષા એ પતિના પ્રેમને જીતી શકે છે તેવી જ રીતે પોતાના પૂર્વ જીવનને અને પોતાના પૂર્વ જીવનનાં સમ્બન્ધીઓને વિસ્મરીને ભગવદીય વૈષ્ણવો સાથે આત્મીયતા કેળવતા તેમની પાસેથી પ્રાપ્ત ભક્તિના શિક્ષણપૂર્વક ભગવત્સેવા સ્નેહે કરવામાં આવેછે ત્યારે તે જીવ ઉપર ભગવાનની પણ પ્રીતિ થાય છે.

પુષ્ટિમાર્ગ એમ કહેતાં શુદ્ધ પુષ્ટિ અને મિશ્ર પુષ્ટિ બન્ને પ્રકારના જીવો માટેનો જે માર્ગ એ પુષ્ટિમાર્ગ છે. અથવા તો આ કલિકાલમાં રહેલા જે પુષ્ટિજીવો છે તેમના માટેનો બ્રહ્મસમ્બન્ધથી

સેવાધિકાર પ્રાપ્તિથી લઇને સેવાફલમાં બતાવેલ પુષ્ટિફલના લાભ સુધીનો જે માર્ગ એ પુષ્ટિમાર્ગ છે. અને એ જ વાતને શ્રીપ્રભુચરણ વલ્લભાષ્ટકમાં **“दैवी सृष्टि व्यर्था च भूयात्‌निजफलरहिता”** વગેરે વાક્યોથી જણાવે છે. અતઃ આ જીવો માટેની જ એક સ્વતંત્ર સાધનાપદ્ધતિ શ્રીઆચાર્યચરણે પ્રકટ કરીને બતાવી અને એમાં જે સૌથી મહત્ત્વની અને પ્રથમ કડી હતી જે ખૂટતી હતી તે શ્રીપ્રભુએ સ્વયં શ્રીમહાપ્રભુ સમક્ષ પ્રકટ થઇને ગદ્યમંત્ર દાન દ્વારા પૂર્ણ કરી. એટલે બ્રહ્મસમ્બન્ધરૂપ આત્મનિવેદન એ પ્રથમ અને મહત્ત્વનું સોપાન છે (પુષ્ટિમાર્ગીય ગુરુની પ્રપત્તિરૂપ સોપાનનો આ પ્રથમ સોપાનમાં જ સમાવેશ સમજવાનો છે. કારણ કે તેમના વડે જ બ્રહ્મસમ્બન્ધ શક્ય બને છે). પરંતુ એ પ્રથમ સોપાનથી આગળના સાધનાનાં જે સોપાન છે કે જે શ્રીઆચાર્યચરણે નિર્દેશેલાં છે તેને ચઢવાં પણ એટલાં જ આવશ્યક છે. તેના વિના જે મિશ્ર પુષ્ટિજીવો છે તેમની ફલપર્યન્તની યાત્રા સંપૂર્ણ સમ્પન્ન થઇ શકતી નથી. અતઃ આ જ અર્ધશ્લોકના અંતમાં જે **“इति स्थितिः”** એમ જે કહ્યું છે તેના વ્યાખ્યાનમાં શ્રીગોકુલનાથચરણ જણાવેછે કે **“इयं भक्तिमार्ग-मर्यादा । मर्यादानामानुल्लंघ्याज्ञा”** આવી ભક્તિમાર્ગીયા મર્યાદા છે. અને મર્યાદા એટલે જેનું ઉલ્લંઘન ન થઇ શકે તેવી આજ્ઞા તે મર્યાદા. એમ બ્રહ્મસમ્બન્ધ પછીના ફલપર્યન્તના જે કંઇ પણ કર્તવ્યત્વેન સાધનાનાં સોપાનો શ્રીઆચાર્યચરણે નિર્દેશેલાં છે તે બધાંને જ માર્ગ મર્યાદારૂપમાં એટલે કે ઉલ્લંઘન ન થઇ શકે તેવી આજ્ઞાના રૂપમાં સમજવાં જોઇએ અને જે લોકો આ સોપાનોથી આગળ જવા નથી માંગતા તે લોકોએ બ્રહ્મસમ્બન્ધની દીક્ષા દ્વારા ગુરુરૂપે શ્રીવલ્લભાચાર્યચરણને સ્વીકારવાની કોઇ આવશ્યકતા રહેતી નથી કારણ કે શ્રીઆચાર્યચરણનો સેવક-શિષ્ય બન્યા

પછીથી ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન એ તો એને માટે મહાન દોષરૂપ સિદ્ધ થાય છે. તેથી જ તો શ્રીઆચાર્યચરણે ગોવિંદ દુબેને ભગવત્સેવા પધરાવી આપી ભગવત્સેવા કરવાનો આદેશ આપ્યો ત્યારબાદ પણ તેમના મનની નિષ્ઠા વારંવાર દ્વારકાલીલામાં જ લઇ જતી હતી. અને તેથી જ તે ચિંતામાં હતા કે ગુરુની આજ્ઞા **“भजनीयो व्रजाधीपः”** છે અને ચિત્ત વારંવાર દ્વારકાલીલામાં પહોંચી જાય છે તો ગુરુની આજ્ઞાનું કઇ રીતે પાલન થઇ શકે અને એ જ ચિંતા તેમણે શ્રીઆચાર્યચરણ પાસે જણાવી અને એ ચિંતાનિવૃત્તિના ઉપાયરૂપમાં જ નવરત્ન ગ્રન્થ લખી આપ્યો. મનમાં ચિંતા થઇ અને મનની સાચી પરિસ્થિતિ પોતાના ગુરુ પાસે નિવેદન કરી પરંતુ ગુરુની આજ્ઞા મુજબ તેમણે ભગવત્સેવા તો ચાલુ જ રાખી અને શ્રીઆચાર્યચરણે પણ એમની ચિંતા સાભળીને પણ નવરત્ન ગ્રન્થના અંતમાં એમ જ જણાવ્યું કે બધી ચિંતા છોડી ‘શ્રીકૃષ્ણઃ શરણં મમ’ એને બોલતાં ભગવાનની શરણાગતિનો ભાવ હૃદયમાં રાખીને ભગવત્સેવામાં પરાયણ બની રહો, તમે ચિત્તની બહુ ચિંતા કરો નહિ. આ રીતે મધ્યમાધિકારીઓ માટે પણ શ્રીઆચાર્યચરણ આજ સાધના સોપાનોને સૂચવે છે તેમ સ્પષ્ટ જાણી શકાય છે.

એક બીજી વાત તરફ પણ પૂર્વોક્ત વાતના અનુસંધાનમાં જ વિચારવું જરૂરી છે કે શ્રીઆચાર્યચરણના પ્રાદુર્ભાવના ઘણાં વર્ષો પછી શ્રીપ્રભુ દ્વારા ગદ્યમંત્ર પ્રકટ કરવામાં આવ્યો અને એના પૂર્વ શ્રીઆચાર્યચરણ પાસે જે કોઇ પણ સેવકભાવે આવતા હતા તેમને શ્રીઆચાર્યચરણ કૃષ્ણમંત્ર અથવા શરણમંત્રની દીક્ષા દ્વારા સેવક બનાવતા હતા તેમ છતાં પણ પુષ્ટિમાર્ગના ઇતિહાસને જોતાં શરણમંત્ર વડે સેવક બનાવ્યા છતાં પણ શ્રીઆચાર્યચરણને તેમના માર્ગની સિદ્ધિને માટે અથવા તો તેમના ફલલાભને માટે જે ચિંતા ઉપજી અને જેનું નિવારણ પ્રભુએ ગદ્યમંત્ર દ્વારા કર્યું તો એનાથી એમ વિચારી

શકાય છે કે જો બ્રહ્મસમ્બન્ધથી જ સેવાધિકાર સમ્પન્ન થાય છે તો પછી પૂર્વમાં અપાયેલી શરણમંત્ર દીક્ષાનું પ્રયોજન કે મહત્ત્વ શું ? તો ત્યાં શ્રીપ્રભુચરણે ભક્તિહંસ ગ્રન્થમાં ભક્તિમાર્ગીય ભક્તકૃત ભક્તિસામ્પ્રદાયિક દીક્ષાપૂર્વક મોક્ષસાધનપણાએ કરાતાં શ્રવણાદિ એ પ્રાવાહિકી ભક્તિ કહેવાય છે. આ રીતે શરણમંત્ર દ્વારા કે કૃષ્ણમંત્ર દ્વારા દૈવીજીવોનો ભકિતમાર્ગમાં સંગ્રહ કરીને પણ ભગવત્ લીલાસૃષ્ટિના જે પુષ્ટિજીવો આ ભૂતલ પર હતા કે જે જીવોનું પ્રાકટ્ય કેવલ ભગવત્સેવાર્થ સુખાર્થ જ છે તે જીવોની સેવાનો અંગીકાર સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ વડે કઇ રીતે શકય બને આ જ શ્રીઆચાર્યચરણની ચિંતાનો મુખ્ય વિષય છે. અતઃ પુષ્ટિમાર્ગ શબ્દને અસંકુચિતવૃત્તિથી વિચારતાં પુષ્ટિમાર્ગ એ ભક્તિમાર્ગની અંદર જ આવેલો એક માર્ગ છે તેમ છતાં પણ પુષ્ટિજીવો માટેનો જે પુષ્ટિમાર્ગ છે એ તો ગદ્યમંત્રથી સેવાફલોક્ત ફલપર્યન્તનો જ છે. તેથી પુષ્ટિમાર્ગીય ગુરુ એ પુષ્ટિમાર્ગના પણ ગુરુ છે તો તેની સાથે સાથે તે ભકિતમાર્ગના પણ ગુરુ છે તેથી તેવાઓ માટે કૃષ્ણનામ મંત્રનો યા તો શરણમંત્રનો ઉપદેશ ભકિતમાં પ્રવેશ માટે પર્યાપ્ત રહે છે. આ પ્રકારે શ્રીઆચાર્યચરણની ચિંતાનો મુખ્ય વિષય એ સાધારણ ભકિતમાર્ગીય જીવો નહિ પરંતુ તેના પ્રવાહમાં ભળી ગયેલા જે પુષ્ટિજીવો હતા એ જીવોની ઉદ્યૃતિ એ આચાર્યચરણની ચિંતાનો મુખ્ય વિષય છે. તેથી જીવો કૃષ્ણનામ મંત્ર દીક્ષા કે શરણમંત્ર દીક્ષા ઉપરાંત જેમણે બ્રહ્મસમ્બન્ધ દ્વારા શ્રીઆચાર્યચરણનું ગુરુત્વ સ્વીકાર્યુ છે એમના માટે સાધનાનાં આ સર્વ સોપાનો ઉલ્લંઘન ન થઇ શકે તેવી આજ્ઞાના સ્વરૂપમાં જ સ્વીકારવાં જોઇએ.

પુષ્ટિમાર્ગીય ગુરુ દ્વારા ગદ્યમંત્ર વડે આત્મનિવેદન કરી ચૂકેલા લોકો માટે ઉત્તરોત્તર વિશેષ વિશેષ ભગવદ્ અભિમુખતા માટેનો જે સોપાનરૂપ માર્ગ છે તે સોપાનો નિબંધ, ષોડશગ્રન્થ અને સુબોધિની વગેરેમાંના શ્રીઆચાર્યચરણના ઉપદેશથી નક્કી કરી શકાય છે. તેમાં પણ ખાસ કરીને જે આધુનિક મદ્યમાધિકારીઓ અથવા તો જઘન્યાધિકારીઓ છે તેમના માટે તો સર્વનિર્ણયનિબન્ધના **“कृष्णसेवा परं वीक्ष्य”** (સ.નિ.નિ.૨૨૭) ત્યાંથી આરંભીને શ્રીઆચાર્યચરણે જે સ્વતંત્ર પ્રકરણથી ઉપદેશ કરેલો છે તે અહીં પ્રાથમિક સોપાનના રૂપમાં ગ્રહણ કરવો જોઇએ તેમજ આ વિભાગ ઉપરની શ્રીપુરુષોત્તમચરણકૃત આવરણભંગ ટીકા પણ સાધકને માટે ઉપકારક સિદ્ધ થઇ શકે છે. જે જીવના હૃદયમાં કૃષ્ણપ્રીતિ જન્મેલી છે અને જેનામાં કૃષ્ણ ભજન કરવાની અભિલાષા જાગૃત થઇ છે તેમજ જે વ્યક્તિનું ચિત્ત લૌકિક બાબતોમાં વધુ પડતી આત્મીયતા ન રાખીને કૃષ્ણસમ્બન્ધમાં કે પછી સાધારણ લૌકિકથી અતિરિક્ત સદ્ધર્મ આચરણમાં લાગેલું છે અને કૃષ્ણ વિષયક કથા, દર્શન, સ્મરણ વગેરેમાં ચિત્તમાં રુચિ થતી હોય અને તેવાઓનું પુષ્ટિમાર્ગીય સદ્ગુરુનો આશ્રય એ પ્રથમ સોપાન છે. કારણ કે તેવા સદ્ગુરુ વડે જ અપાયેલો ભગવદ્ધર્મનો ઉપદેશ એ હૃદયમાં ભક્તિબીજને દઢ બનાવનારો હોય છે. શ્રીઆચાર્યચરણ એકાદશ સ્કન્ધ સુબોધિનીમાં નવયોગેશ્વરના પ્રકરણમાં જણાવે છે કે **કોઇ પણ પ્રકારનાં આલંબન વિનાનો આધાર-આશ્રય વિનાનો જેમ સ્થાનભ્રષ્ટ કહેવાય છે તેમ ભલે શ્રીહરિની કૃપાથી વિશિષ્ટ થયેલો હોય પણ જો તે ગુરુ વિનાનો હોય તો તેને તેવો જ સમજવો જોઇએ** એટલે કે આપણને સાધારણ રીતે એમ દેખાય કે આના ઉપર શ્રીહરિની કૃપા છે અને તેથી જ તો તેનું કથાકીર્તન વગેરેમાં મન લાગે છે એમ જોઇને આપણે એમ નક્કી કરી લઇએ કે આના ઉપર શ્રીહરિની કૃપા દેખાય છે પરંતુ ખરેખર જ્યારે ભગવાનની કૃપા હોય છે ત્યારે ભક્તિની ઇચ્છાની સાથે ભગવાન જ સદ્ગુરુનો પણ સંગમ કરાવે છે. જે રીતે કે શ્રીસૂરદાસજીના જીવનમાં જોવા મળે છે. અને તેથી જ

પ્રભુ શ્રીકૃષ્ણ પણ એકાદશ સ્કન્ધમાં ઉદ્ધવને કહે છે **હે ઉદ્ધવ ! જે લોકોએ ભગવદ્ધર્મને જાણ્યો ન હોય તેવા લોકોએ ગુરુનો આશ્રય** કરવો પણ તે ગુરુ કેવો હોવો જોઇએ. તો એનું લક્ષણ ભગવાન બતાવે છે કે તે મુનિ હોવો જોઇએ. એટલે કે જે વ્યક્તિ મનમાં લૌકિક બાબતનું ચિંતન-મનન નહિ કરીને જેનાં મન-બુદ્ધિ સદા ભગવદ્ વિષયક મનન-ચિંતનપરાયણ હોય તેવા વ્યક્તિને ગુરુ સમજીને તેનો આશ્રય કરવો. આજ વાતને ભગવદ્ ગીતામાં પણ **હે અર્જુન, એ ભગવત્ તત્ત્વનું જ્ઞાન મેળવવા માટે તું પ્રથમ સદ્‌ગુરુનો આશ્રય કર, સદ્‌ગુરુની સેવા કર અને તેમ કરતાં તેમની કૃપાનો તું જ્યારે ભાગી બને ત્યારે મને જાણવાની જિજ્ઞાસાથી તું એમને પ્રશ્ન કર. એ સદ્‌ગુરુ તને જે ઉપદેશ આપે, જે જણાવે તેનાથી તું ભગવત્ તત્ત્વને જાણ.** તેવી જ રીતે શ્રીવલ્લભાચાર્યચરણ પણ નિબન્ધમાં પુષ્ટિઅધિકારવાળા જીવો માટે **“कृपायुक्तस्य तु यथा सिद्धचेत् कारणमुच्यते”** (સ.નિ.નિ.૨૨૬) એમ પ્રભુની વિશેષ કૃપાથી યુક્ત એવા પુષ્ટિજીવોને અર્થે સાધનના પ્રતિપાદનની પ્રતિજ્ઞા કરીને સર્વપ્રથમ સાધનમાં ગુરુની પરીક્ષણ એ પ્રથમ સોપાનરૂપે જણાવી દ્વિતીય સોપાનમાં એવા ગુરુનો આશ્રય, એવા ગુરુનું ભજન શ્રીઆચાર્યચરણ જણાવતાં લખે છે-

कृष्णसेवा परं वीक्ष्य दम्भादिरहितं नरम् ।
श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ॥ २२७ ॥

અહીં **“वीक्ष्य”** એમ કહીને પ્રથમ શિષ્યે સારી રીતે ગુરુનું પરીક્ષણ કરવાનું જણાવ્યું છે. કેવલ ભગવન્નામ ઉપદેષ્ટાપણું અથવા તો બે-ચાર ભક્તિની વાતો કરતા જોઇને તેવાઓને જ ગુરુ નહિ માની લેવા, નહિતર ક્યારેક **“अन्धेनैव नियमानाः यथान्धाः”** એટલે કે આંધળાની પાછળ ચાલનારો, જો આંધળો ખાડામાં પડે,

તો તે પણ ખાડામાં પડે, તેવી દશા થવાની સંભાવના રહે છે. આવી દશા ન થાય એને માટે જ તો શ્રીઆચાર્યચરણે આખો એક ગ્રન્થ જલભેદ નામે લખીને સમજાવ્યું છે. મને તો એમ લાગે છે કે આ વીક્ષ્ય પદ સાથે જલભેદની સંગતિ કરીને શિષ્યે ગુરુનું પરીક્ષણ કરવું જોઇએ. એટલે કે આ માર્ગમાં પ્રવેશવાની ઇચ્છાવાળાઓએ સર્વથી પ્રથમ જલભેદ ગ્રન્થને સારી રીતે સમજી લેવો જોઇએ. અને તેના વડે ગુરુનો નિશ્ચય કરવો જોઇએ. આ બધી બાબતો મેં જલભેદ ગ્રન્થ -વિવરણમાં લખી છે તેથી ત્યાંથી જિજ્ઞાસુઓએ જોવું. અને એ જ બાબતને સ્પષ્ટ કરવા માટે શ્રીઆચાર્યચરણ નિબન્ધના આ શ્લોકના પ્રકાશમાં લખે છે કે **“यो हि गुरुः सेवामुपदेक्ष्यति स स्वयं चेत्तां उत्तमां जानीयात्तदा कथं न स्वयं कुर्यादिति सेवा पर एव गुरुः”** અર્થાત્ જે ગુરુ સેવાનો ઉપદેશ કરશે તે જો સેવાને ઉત્તમ છે તેમ જાણતો હશે તો તે સ્વયં સેવાને કેમ નહિ કરશે ? તેથી કૃષ્ણસેવામાં પરાયણ ચિત્તવાળો જ આ માર્ગનો કે આ માર્ગના અધિકારી જીવોનો ગુરુ હોઇ શકે છે. પોતે સ્વયં સેવા નહિ કરીને કેવલ સેવાનો ઉપદેશ જ આપનારો હશે તો તેના હૃદયમાં ભજનીય એવા વ્રજાધીશ પુષ્ટિ પુરુષોત્તમ બિરાજતા નહિ હશે. અને એવી સ્થિતિમાં એટલે કે માત્ર વાણીમાં જ ભગવાનને રાખીને ભગવદ્ ભાવ શૂન્ય વ્યક્તિ ભકિતના સંસ્કારોથી શિષ્યને ક્યારેય પણ સંસ્કારિત નહિ કરી શક્શે. અને તેથી જ અહીં શ્રીઆચાર્યચરણ ગુરુ પરીક્ષણમાં કૃષ્ણસેવાપરાયણતા જણાવે છે. અહીં ગુરુની સેવાપરાયણતા જણાવેલી હોવાથી અને સિદ્ધાન્તમુકતાવલીમાં **“चेतस्तत् प्रवणं सेवा”** એમ કહ્યું હોવાથી સદૈવ કૃષ્ણૈકચિત્ત જે હોય તે જ આ માર્ગનો ગુરુ હોઇ શકે છે તેમ જાણી શકાય છે. અને આ વાતની સંગતિ જલભેદથી પણ સારી રીતે થાય છે. જલભેદમાં **“हृदास्तु पण्डिताः प्रोक्ता भगवच्छास्त्रतत्पराः**

। सन्देहवारकास्तत्र सूदा गंभीरमानसाः । सरः कमलसम्पूर्णाः प्रेमयुक्तास्तथा बुधाः” આ દોઢ શ્લોક ઉપરની ટીકામાં પંડિત અને સંદેહવારક એમ બે ભાવોને જણાવ્યા પછીથી પ્રેમથી યુક્ત બનેલા એવાઓના ભાવોને પૂર્વના બે ભાવો સાથે સાંકળીને શ્રીપુરુષોત્તમજી જણાવે છે કે **ભગવાનમાં પ્રેમથી યુક્ત થયેલા એટલે કે જેમાંથી લૌકિક રાગ નિવૃત્ત થઇ ગયો છે એવા ભગવદ્અનુરાગી લોકો. આવા લોકો કે જેઓ સદાય શ્રીગીતા, ભાગવત વગેરે ભગવત્ શાસ્ત્રમાં જ નિષ્ઠાવાળા છે. તેમજ ગંભીર મનવાળા એટલે કે અગાધ હૃદય છે જેનું એટલે કે જેનું ભગવદ્ શાસ્ત્ર વિષયક ખૂબ જ ઊંડાણ છે અને પોતાની પાસે આવેલાઓના અધિકારોનો સારી રીતે વિચાર કરીને તેનું જે રીતે હિત થતું હોય તેનો જ બોધ કરાવનારા. આવા લોકોનો ઉપદેશ શિષ્યનું ઉત્તમ શ્રેય સાધી શકે છે.** અથવા તો જલભેદમાં જ ભાવનિરૂપણમાં સૌથી છેલ્લે શ્રીઆચાર્યચરણ જણાવે છે

गुणातीततया शुद्धान्सच्चिदानन्दरूपिणः ॥
सर्वानेव गुणान्विष्णोर्वर्णयन्ति विचक्षणाः ।
तेऽमृतोदाः समाख्यातास्तद्वाक्पानं सुदुर्लभम् ॥

આ રીતે જેમનું હૃદય લૌકિકથી નિવૃત્ત થઇ ચૂક્યું છે અને જેમનું ચિત્ત સદાને માટે એક માત્ર ભગવાનમાં જ અનુરાગવાળું છે એવા લોકોના જ હૃદયમાં શ્રીપુષ્ટિપુરુષોત્તમ નિત્ય બિરાજતા હોય છે. અને એવા ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલો ઉપદેશ અથવા તો દીક્ષા એનાથી વૈધદીક્ષાની માફક એમના હૃદયમાં બિરાજતું ભગવત્ સ્વરૂપ શિષ્યના હૃદયમાં પ્રવેશતું હોય છે અને જ્યારે શિષ્યમાં ભગવત્ પ્રવેશ થાય ત્યારે જ તેની આ માર્ગનાં સાધનોમાં સારી રીતે નિષ્ઠા થાય છે. અને તે નિષ્ઠા જ એને ભક્તિવર્ધિનીમાં બતાવ્યા પ્રમાણે વ્યસન દશાપર્યન્ત અથવા તો સિદ્ધાન્તમુક્તાવલીમાં બતાવ્યા પ્રમાણેની માનસી સિદ્ધ કરી આપે છે કે જે માનસી એને ફલાભિમુખતા તરફ દોરી જાય છે.

હવે જે ગુરુની કૃષ્ણસેવાપરાયણતા બતાવી છે તે પણ મન માની-મનસ્વી ચિલાચાલુ યા ગમે તેના અનુકરણવાળી નહિ હોવી જોઇએ પરંતુ તે પણ પુષ્ટિ ભક્તો દ્વારા જે આચરણે સિદ્ધ થયેલી હોય અથવા તો ભાગવતાદિ શાસ્ત્રથી સિદ્ધ હોય તેવી સેવામાં જ પરાયણતા હોવી જરૂરી છે, તેનાથી વિરુદ્ધના આચરણવાળી કે સ્વરૂપવાળી કૃષ્ણસેવા નહિ સમજવી એને સ્પષ્ટ કરવા માટે શ્રીઆચાર્યચરણ ગુરુના ત્રીજા લક્ષણમાં જણાવે છે કે શ્રીભાગવતનાં તત્ત્વોને સારી રીતે જાણનારો જ આ માર્ગનો ગુરુ હોઇ શકે છે. ભાગવતનાં તત્ત્વોને સારી રીતે જાણનારો એમ કહેવાથી ઘણા લોકોને એમ સાંભળતા જોવા મળે છે કે ભાગવત તત્ત્વના સમુચિત જ્ઞાતા શ્રીવલ્લભાચાર્યજી એટલા માટે છે કે તેઓશ્રીએ શ્રીભાગવતના શાસ્ત્રથી, સ્કન્ધથી, પ્રકરણથી, વાક્યથી, અધ્યાયથી, પદથી અને અક્ષરથી એમ સાત પ્રકારે અર્થો બતાવ્યા છે. પરંતુ આ સાત પ્રકારના અર્થોની વાતો તો શ્રીમહાપ્રભુજીના ઘણાં પહેલાં શ્રીભાગવતના ટીકાકાર બોપદેવે પણ કરી છે પણ શ્રીઆચાર્યચરણની બોપદેવથી વિલક્ષણતા છે તે એ છે કે તેઓશ્રી જ નિબન્ધમાં આ સાત પ્રકારના અર્થોને પ્રકટ કરવાની પ્રતિજ્ઞાની સાથે સાથે જણાવે છે કે

“एकार्थं सप्तधा जानन् अविरोधेन मुच्यते”

(ભાગવતાર્થ નિબંધ-)

એટલે કે ભાગવતના આ સાત પ્રકારોને એકબીજાથી વિરોધી અર્થમાં જાણવું તેમ નહિ, પરંતુ સાતેયના વચમાં અવિરોધ હોવો જોઇએ. સાતેયમાં એકવાક્યતા હોવી જોઇએ અને સાતેયની

એકાર્થતા હોવી જોઇએ. આ તત્ત્વને જે સારી રીતે સમજ્યો છે એ જ ભાગવતના તત્ત્વોનો જ્ઞાતા છે. અને આજે જે સમ્પ્રદાયમાં કેટલાક દોષ જોવા મળી રહ્યા છે. તે ભાગવતની એકાર્થતા નહિ સમજવાથી પ્રસરી રહ્યા છે. અધ્યાર્થ, પ્રકરણાર્થ, સ્કન્ધાર્થ કે વાક્યાર્થ એ બધાથી જ એકવાક્યતા જે અર્થ સિદ્ધ થાય છે તે જ ભાગવત શાસ્ત્રાર્થ છે. અને એ શાસ્ત્રાર્થને શ્રીશુકદેવજી પોતાની કથાની સમાપ્તિ કરતાં દ્વાદશ સ્કન્ધના ત્રીજા અધ્યાયમાં બે શ્લોકથી જણાવે છે -

कथा इमास्ते कथिता महीयसां विताय लोकेषु यशः परेयुषाम् ।
विज्ञानवैराग्यविवक्षया विभो वचोविभूतीर्न तु पारमार्थ्यम् ॥
यस्तूत्तमश्लोकगुणानुवादः संगीयतेऽभीक्ष्णममङ्गलघ्नः ।
तमेव नित्यं शृणुयादभीक्ष्णं कृष्णेऽमलां भक्तिमभीप्समानः ॥

(ભાગ.૧૨-૩-૧૪,૧૫)

અર્થાત્ શ્રીશુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે, હે રાજા પરીક્ષિત, આ સાત દિવસ દરમ્યાનની ભાગવત શાસ્ત્રરૂપ ભગવત્ કથામાં મેં તને ભગવાનના જુદા જુદા અવતારોની પણ કથા કહી છે. યશસ્વી મહાન યશવાળા એવા રાજાઓ અને ઋષિઓની પણ વાતો કહી છે તેમજ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય પાતાળથી સત્યલોક સુધીનું વર્ણન વગેરે ઘણી બધી વાતો મેં તને નવમ સ્કન્ધના અન્ત પર્યન્તમાં કહી છે અને આ બારમા સ્કન્ધમાં પણ કલિયુગમાં થનારા રાજાઓનાં નામ વડે તેમજ તેમની વાતો પણ સંક્ષિપ્તમાં કહી છે પરંતુ આ બધી જ વાતો વિભૂતિરૂપ છે એટલે કે ભગવાનના અનુવર્ણનરૂપ છે એટલે કે વિભુના વિજ્ઞાન અને વૈરાગ્યને કહેવાની ઇચ્છાથી કહીછે. પણ પરમ અર્થરૂપ નથી. પરંતુ પરમ અર્થરૂપ તો દશમ અને એકાદશ સ્કન્ધમાં કહેવાયેલ શ્રીકૃષ્ણ જ પરમ અર્થ છે અને એની જ વિભૂતિરૂપમાં, એના જ અનુવર્ણનરૂપમાં આ બધી વાતો કહેવાય છે

તેથી આ સંપૂર્ણ ભાગવતમાં શ્રીકૃષ્ણનો જ ગુણાનુવાદ ગવાયેલો હોવાથી જે લોકો શ્રીકૃષ્ણમાં અમલા-નિર્ગુણા ભક્તિને પામવાની ઇચ્છાવાળા હોય તે લોકોએ આ શ્રીભાગવતનું સદૈવ સેવન કરવું. આ રીતે ભાગવતનો શાસ્ત્રાર્થ એ શ્રીકૃષ્ણ જ છે અને તેથી સર્વ અધ્યાયોનો, સર્વ સ્કન્ધોનો સર્વ વાક્યોનો વગેરેનો પણ અર્થ શ્રીકૃષ્ણના જ ગુણાનુવાદ હોઇ શકે છે તેથી અલગ હોઇ શકતો નથી. આટલી સ્પષ્ટતા શ્રીભાગવતમાં શ્રીશુકદેવજી પોતે જ કરે છે અને તેને વિસ્તારથી શ્રીઆચાર્યચરણ નિબન્ધાદિમાં નિરૂપે છે અને છતાં પણ જો તે દુર્જ્ઞેય લાગતું હોય તો શ્રીપ્રભુચરણ પોતાની સ્વતંત્ર વીસ કારિકાઓ દ્વારા એને વધુ સ્પષ્ટ કરે છે અને ત્યાં તેઓ સ્પષ્ટ શબ્દોમાં લખે છે **“पारमार्थ्यमिदं ज्ञेयं नान्यत् श्रीगोकुलेश्वरात्”** અને તેથી આગળ **“स एव परमार्थोस्ति”** એમ જણાવે છે. અને આ રીતે શ્રીપ્રભુચરણ પરમાર્થમાં શ્રીગોકુલેશ્વરને જણાવીને તે પરમાર્થ સિદ્ધિના સાધનમાં વિભૂતિરૂપે શ્રીઆચાર્યચરણનું સ્વરૂપ સમજાવી અને તે થકી શ્રીવ્રજભક્તોના ભાવના ભાવનને ભગવદ્ યશોગાનરૂપે સાધન તરીકે જણાવે છે. આથી આગળ કોઇ પણ અર્થ કે કોઇ પણ સાધન એ ભાગવતને કે ભક્તિમાર્ગને માન્ય નથી. તેમ છતાં પણ અણસમજ અથવા તો પોતાની લાભ પૂજાને અર્થે કેટલાક લોકો પુષ્ટિમાર્ગમાં ભાગવત ભગવદ્રૂપમાં સ્વીકૃત છે માટે તેના અધ્યાયો કે પ્રકરણોમાં જણાવેલ ફલશ્રુતિના આધાર પર પુત્રપ્રાપ્તિ, ધનપ્રાપ્તિ, યશપ્રાપ્તિ કે વિવાહાદિ લૌકિક બાબતો માટે તે તે અવતારો, દેવો કે ઋષિઓના ચરિત્રાત્મક વિભાગોમાં જપ-પાઠ એ શ્રીમહાપ્રભુને સંમત છે તેમ જણાવી આ માર્ગના લોકોને કૃષ્ણભક્તિથી અલગ ભ્રાન્ત દિશામાં વાળવામાં આવી રહ્યા છે આવા લોકો જ શ્રીઆચાર્યચરણની વાણીના તાત્પર્યને નહિ સમજીને અથવા તો તાત્પર્ય સમજીને પણ

લાભ-પૂજાના સ્વાર્થમાં જેમનું અંતઃકરણ ગ્રસાઇ ગયું છે તેવા લોકો જ તનુ-વિત્તજાનો મન માન્યો અથવા તો વિકૃત અર્થ કરીને જો તમારાથી તનુજા ન થઇ શકતી હોય તો પછી તમે તમારા હાથે કે તમારા શરીરથી કૃષ્ણની સેવા નહિ કરશો તો પણ ચાલશે, તમે તમારું વિત્ત એટલે કે પૈસો એનો અમારા ઘરમાં બિરાજતા શ્રીપ્રભુની સેવામાં વિનિયોગ કરશો તોપણ તે વિત્તજા સેવા કહેવાશે અને એનાથી પણ તમે કૃતાર્થ થઇ રહેશો. આ બાબત વિશેષ લેખન અમારા દ્વારા લખાયેલ તત્સિદ્ધયૈ તનુવિત્તજા નામની પુસ્તિકામાં કર્યું છે તેથી જિજ્ઞાસુજનોએ ત્યાં જોવું. આવી તો બીજી પણ અનેક બાબતો છે. અતઃ પુષ્ટિજીવોને માટેનો શ્રીભાગવતમાં જે ભક્તિપ્રકાર જે સ્વરૂપમાં નિર્દિષ્ટ છે તેના અનુસાર જ પોતાના જીવનમાં આચરણ કરનારો અને તે મુજબ જ ઉપદેશ આપનારા ગુરુ હોવા આવશ્યક છે. તેથી જ શ્રીઆચાર્યચરણના જ્યેષ્ઠ આત્મજ શ્રીગોપીનાથજીચરણ સ્વકૃત સાધનદીપક ગ્રન્થમાં જણાવે છે -

विना भक्तप्रसङ्गेन सद्‌गुरोः कृपया विना ।
श्रीभागवतशास्त्रेण विना भक्तिः कथं भवेत् ॥
(સાધનદીપક - ૪૯)

અર્થાત્ - ભક્તો-તાદશી ભગવત્સેવા પરાયણચિત્ત વૈષ્ણવોના સંગ વિના, **“कृष्णसेवापरं वीक्ष्य”** માં કહ્યા મુજબના સદ્‌ગુરુની કૃપા વિના અને શ્રીભાગવત શાસ્ત્ર વિના અન્તઃકરણમાં ભક્તિ કેમ કરીને પ્રગટી શકે ? મને તો અહીં શ્રીગોપીનાથચરણનું કહેવાનું તાત્પર્ય એમ લાગે છે કે આ માર્ગમાં તાદશી વૈષ્ણવોનો સંગ ખૂબ જ આવશ્યક છે પણ તે તાદશી વૈષ્ણવો સદ્‌ગુરુ શ્રીઆચાર્યચરણની વાણી અનુસારવાળા હોવા જોઇએ અને શ્રીઆચાર્યચરણની વાણી-ઉપદેશ-સિદ્ધાન્ત એ વેદ-ગીતા-

બ્રહ્મસૂત્રના ભાષ્યરૂપ એવા શ્રીભાગવત અનુસારની જ છે. આ વાતના સમર્થનમાં જોવામાંઆવે તો **“कृष्णसेवापरं वीक्ष्य”** શ્લોકના પ્રકાશમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે **“सेवा च प्रमाणमूलैव पुरुषार्थपर्यवसायिनी । अन्यथा मनस्यन्यद्विधायान्यथाकरणे न फलसिद्धिरित्यभिप्रायेणह श्रीभागवततत्त्वज्ञमिति ।”** અર્થાત્-ગુરુની જે સેવાપરાયણતા પ્રથમ લક્ષણમાં કહી છે તે સેવા પ્રમાણમૂલા એટલે કે જે સેવાસિદ્ધાન્તનું મૂલ પ્રમાણ હોય તેવી પ્રમાણમૂલ સેવા જ પુરુષાર્થ પર્યવસાયિની હોય છે. અન્યથા મનમાં કંઇક જુદું જ જોઇ-વિચારીને પ્રમાણથી અલગ અન્યથા કરાતાં તેની સેવાથી ફલસિદ્ધિ થતી નથી એમ અભિપ્રાય જણાવવા ઉક્ત શ્લોકમાં શ્રીભાગવતના તત્ત્વને જાણનાર એમ કહ્યું છે.

શ્રીઆચાર્યચરણનાં તથા શ્રીગોપીનાથચરણનાં ઉક્ત વાક્યોથી એ પણ સ્પષ્ટ થઇ જાય છે કે કોઇ પણ વ્યક્તિ ચાહે તો તે પ.ભ.ના (પરમ ભગવદીયના નામે) પ્રસિદ્ધ એવો હોય, ચાહે કોઇ વિદ્વાન પંડિત હોય, ચાહે તે ગુરુસ્થાનીય વલ્લભવંશજ હોય પરન્તુ જો તે શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તને સમ્મત ન હોય અથવા ભાગવતાદિ ભક્તિશાસ્ત્રોને અભીષ્ટ ન હોય તેવો કોઇ પણ મનસ્વિતાથી - મનમાન્યા પ્રકારે સેવાભક્તિનો પ્રકાર કે સ્વરૂપ ઉપદેશે તો તેનો આ માર્ગમાં રહેલા કે આ માર્ગ દ્વારા આગળ વધવાની ઇચ્છાવાળા લોકોએ ક્યારેય સ્વીકાર કરવો યોગ્ય નથી. શ્રીગોપીનાથચરણ તો સ્વકૃત સાધનદીપક ગ્રન્થના આરંભે ત્યાં સુધી જણાવે છે કે -

भक्तिमार्गवितानाय योऽवतीर्णो हुताशनः ।
स एव नः परं मानं शेषमस्य प्रमान्तरम् ॥
(સાધનદીપક-૩)

અહીં મુખ્ય ભાર **“स एव नः परं मानम्”** વાક્યમાં તે જ

અમારા માટે પરમ પ્રમાણ છે કારણ કે ભક્તિમાર્ગના વિસ્તારને અર્થે વૈશ્વાનર-વાણી સ્વરૂપે (પુરુષોત્તમવિશિષ્ટ વૈશ્વાનર સ્વરૂપે) શ્રીઆચાર્યચરણનો પ્રાદુર્ભાવ છે અને તેઓશ્રીએ વેદ, ગીતા, વ્યાસસૂત્ર અને શ્રીભાગવતની એક વાક્યતાથી જે સિદ્ધાન્ત નિરૂપ્યો છે તે જ અમારા માટે મુખ્ય છે. આથી તેમજ આથી આગળના બે શ્લોકો જોતાં એમ પ્રતિધ્વનિત થાય છે કે વેદ,ગીતા, સૂત્ર, ભાગવત અમારા માટે એટલા માટે પ્રમાણ છે કારણ કે તેને શ્રીઆચાર્યચરણે સ્વીકાર્યા છે. શું પ્રમાણ માનવું અને શું ન માનવું એમાં માનવાનું સામર્થ્ય અમારામાં તો છે જ નહીં, એ સામર્થ્ય તો ફક્ત શ્રીઆચાર્યચરણનું જ છે, અમે તો આ ચારેનો પ્રમાણ તરીકે સ્વીકાર શ્રીઆચાર્યચરણની આજ્ઞાપાલન રૂપમાં કરીએ છીએ.

આ રીતે પ્રમાણમૂલા સેવા માટે શ્રીભાગવતતત્ત્વનો બોધ સારી રીતે થવો જોઇએ. શ્રીઆચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાદિ એ ભાગવત સારરૂપ જ છે એમ શ્રીપુરુષોત્તમચરણ નિબન્ધના આવરણભંગમાં લખે છે. અત: આધુનિક ઉપદેશકો માટે એટલું તો સર્વથા આવશ્યક છે કે શ્રીઆચાર્યચરણ-શ્રીપ્રભુચરણ વગેરેના ગ્રન્થોનું એમને તલસ્પર્શી અધ્યયન અને એનો સતત અભ્યાસ હોવા જોઇએ. કારણ કે એના વિના બોલતાં-કહેતાં-લખતાં કયાંક શ્રીમહાપ્રભુનો સિદ્ધાન્ત ખંડિત તો થતો નથી ને તેની સાવધાની રહી શકતી નથી.

પ્રંસગોપાત એ લખવા માટે પણ પ્રેરાઇ રહ્યો છું કે આજે અજિજ્ઞાસિત પુષ્ટિમાર્ગી દ્વારા પુષ્ટિમાર્ગના નામ પર થતાં પ્રવચનો-કથાઓ વગેરે, વર્તમાનપત્રો, દૈનિકો-સાપ્તાહિકો વગેરેમાં પુષ્ટિમાર્ગના નામ પર પ્રકાશિત થતા લેખો વગેરે અને પુષ્ટિમાર્ગના નામ પર પુસ્તક-પુસ્તિકાઓ-કેસેટો વગેરે પ્રકાશનોમાં વર્તાઇ

રહેલી નિરંકુશ સ્વચ્છન્દતા આ માર્ગના સ્વરૂપને અને આ માર્ગના મૂલ સિદ્ધાન્તોને કેટલો ધક્કો પહોંચાડી રહી છે તે પણ વિચારણીય બાબત છે. કેટલાકો તો શ્રીમહાપ્રભુ વિરચિત ગ્રન્થોમાં કહેવાયેલ સિદ્ધાન્તથી વિરુદ્ધની વાતોને પણ શ્રીમહાપ્રભુના નામે ચઢાવી દેવાનું સાહસ કરતા હોય છે. આજથી થોડાં વર્ષ પૂર્વ એક પ.ભ. નામે પ્રસિદ્ધ લેખક મને વડોદરામાં મળ્યા અનેપોતાનું એક લેખન મને બતાવ્યું. એને જોયા પછી મેં એમને પૂછ્યું કે આમાં લખેલી વાતો તમે કયા ગ્રન્થના આધારે લખી છે ? ત્યારે એમણે મને કહ્યું કે આ વાત મેં કોઇ ગ્રન્થમાંથી નહિં પરન્તુ આ બાબતને હું ઘણા વખતથી વિચારતો હતો પણ સ્પષ્ટ થતું ન હતું પણ એક દિવસ અચાનક મને એવો અનુભવ થયો કે સાક્ષાત્ શ્રીમહાપ્રભુ મારા હૃદયમાં બિરાજી મને કહી રહ્યા છે કે મુંઝાય છે શું, આનો તો ઉકેલ આમ છે, આ રીતે શ્રીમહાપ્રભુએ જ મારા હૃદયમાં બિરાજી મને કહ્યું છે તે લખ્યું છે. શ્રીમહાપ્રભુના વાક્યમાં એક સિદ્ધાન્ત એમની પાસે પ્રસ્તુત કરી મેં પૂછ્યું કે તમને એમ નથી લાગતું કે તમે લખેલી વાત આ વાક્યથી વિરુદ્ધની છે ? એમણે કબૂલ્યું કે વાત તો વિરોધી લાગે છે. ત્યારે મેં પૂછ્યું કે શું મહાપ્રભુની આ વાક્ય લખતી વખતે કંઇક શરતચૂક જેવી ભૂલ થઇ ગઇ હોય અને તે ભૂલને તમારા હૃદયમાં પ્રેરણા આપી સુધારી લીધી હોય એવું તમને લાગે છે ? ત્યારે એમણે કહ્યું કે એમ તો હું કેમ કરીને કહી શકું, છતાં પણ શ્રીપ્રભુની લીલા અકળ છે તેથી એમ હોઇ પણ શકે છે. અંતમાં વ્યંગમાં મેં એમને કહ્યું કે શ્રીમહાપ્રભુથી લખવા-બોલવામાં જે કંઇ ભૂલો થઇ હશે તેને સુધારવા માટે જ કદાચ તમારા જેવા પ.ભ.ને આ ભૂતલ પર શ્રીમહાપ્રભુ મોકલતા હશે.

શ્રીમહાપ્રભુ ગુરુનાં લક્ષણોમાં આ બે ઉપરાન્ત ત્રીજું લક્ષણ (શ્લોકમાં બીજું) જણાવે છે આ માર્ગનો ગુરુ દંભ વગેરેથી રહિત હોવો જોઇએ. આમાં વગેરે પદથી કામ, લોભ, પોતાના લાભ-પૂજાની

ઇચ્છા, ક્રોધ, અભિમાન, મૂઢતા વગેરે એમ સમજવું, જેમાં શિષ્યના કલ્યાણનો રતીભાર પણ વિચાર ન હોય અને છતાં પણ પોતાના અંગત સ્વાર્થને વશ થઇ પોતાને અનુકૂળ પડે તેવી મનસ્વી-અપ્રામાણિક ભક્તિની વાતો કહે કે પ્રકારે બતાવે અને પાછા તેને શ્રીમહાપ્રભુના સિદ્ધાન્ત નામ પર પ્રસ્તુત કરી શિષ્યની અબુધતાનો ગેરલાભ ઉઠાવે તો આજ એમનો મોટામાં મોટો દંભ કહેવાશે. દંભ એટલે સત્યને સત્યરૂપમાં પ્રકટ નહિં કરી તેની જગ્યાએ અસત્યને સત્યરૂપમાં બતાવવું. આ પ્રકારની દાંભિકતા આધુનિકમાં કહેવાતા તથાકથિત પ.ભ.નામે પ્રસિદ્ધોમાં ઘણું કરીને જોવા મળે છે. કોઇક બિચારી ભોળી અને સરલ હૃદયની સ્ત્રી છે અને તેને માર્ગીય સિદ્ધાન્તનું કંઇ જ જ્ઞાન નથી અને તેનો ભેટો જો આવા પ.ભ. સાથે દુર્ભાગ્યે થઇ ગયો તો પેલી બિચારી સ્ત્રી એમના વૈષ્ણવ વેશ-વૈષ્ણવી ભાષા વૈષ્ણવી ચિહ્નો વગેરેથી પ્રભાવિત થઇ તેમને મહાન-ઉચ્ચ કોટિના વૈષ્ણવ તરીકેની શ્રદ્ધા ધરાવતી થાય ત્યારે સત્સંગના નામે યા બહાને પ્રથમ તો આ લોકો કોઇ વ્યક્તિ વિશેષ માટે તે તો સાક્ષાત્ અલૌકિક પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે તેમ તેની બુદ્ધિમાં પોતાની દાંભિકી વાણીથી ઠસાવી દે છે અને પછી ધીમે રહીને તેની આગળ શ્રીકૃષ્ણ-ગોપીની ઉચ્ચભાવની વાતોને વાસનાત્મક - સ્વરૂપમાં પ્રસ્તુત કરતા રહે અને એને પણ બુદ્ધિમાં સારી રીતે એમ ઠસાવી દે કે આ બધું (વાસનાત્મક) તો ઉત્તમ ભાગ્યશાળીને જ જવલ્લે જ પ્રાપ્ત થાય. એમ કરી તેનામાં આકાંક્ષા જગાડે અને ત્યારબાદ ધીમે રહીને તું તો કોઇ લીલાનો જ જીવ છે, તૂ તો બડભાગી જીવ છે, તું તો કોઇ અપરાધથી જ આ ભૂતલ પર આવ્યો છે પણ તારા ઉપર તો વિદ્યમાન કૃષ્ણની અત્યન્ત કૃપા છે, તું તો કોઇ ગોપી જ છે એમ બધું કહી એક સારી-પવિત્ર વ્યક્તિને પણ ધર્મના નામે વ્યભિચારમાં દોરી જાય છે. તેમજ તેમનું આ જે અસત્ કર્મ છે તેને પણ તે લોકો પોતાને દૂતી તરીકે

જણાવી આ તો અમારી ઉચ્ચ વૈષ્ણવતા છે તેથી કૃપા કરીને અમને દૂતીકર્મ પ્રાપ્ત થયું છે તેમ જણાવે છે. આ રીતે આ લોકોનું પોતાને ઉત્તમ વૈષ્ણવ તરીકે ખપાવવું, પોતાના અસત્કર્મને પરમવૈષ્ણવના કર્મ તરીકે ખપાવવું, કોઇ વ્યકિતને કૃષ્ણ તરીકે દર્શાવવું, કોઇ અબુધને એનામાં એ ગોપી છે તેવું ઠસાવવું અને આ બધું પાછું વૈષ્ણવવેશે કરવું આ બધું જ એમનો નર્યો દંભ છે કે જે દંભને કારણે અબુધ-ભોળા લોકો અધઃપતનના માર્ગે વળી જાય છે.

જ્યારે સદ્ગુરુને શરણે જવું હોય ત્યારે તેનામાં દંભ વગેરે નથી એ કેમ કરી જાણી શકાય ? જોવામાં - વાણીમાં ઉત્તમ જણાય તો પછી તેમની અંદર શું છે તો જાણવું મુશ્કેલ જ છે. સમય જતાં ધીમે-ધીમે બધું જાણવા મળે પણ ત્યારે તો મોડું થઇ ગયું હોય, તો પછી ત્યાં શો ઉપાય ?

આના ઉત્તરમાં-દંભ છે તે દેખાવ અને વાણીમાં કરવામાં આવે છે તેથી બુદ્ધિ ભૂલ કરી શકે છે, પરન્તુ વાણી અને દેખાવ બેથી વિરુદ્ધનું જો આચરણ હોય અથવા તો એક જ વ્યક્તિનું એક જ બાબતમાં ચાર અલગ સમયે યા સ્થળે જો અલગ-અલગ પ્રકારનું આચરણ જોવા મળે તો તે વખતે દંભની સંભાવના વિચારી શકાય છે. અને તેવા પોતાના વિરોધી આચરણને પણ ધર્મયુકત સિદ્ધાન્તસમ્મત તરીકે ખપાવવાનો તે વ્યક્તિ પ્રયત્ન કરતો હોય ત્યારે તો એ દંભ જ છે એમ નિશ્ચય થઇ શકે છે. એક વાત અહીં લખવી યોગ્ય ગણાશે કે વૈદિક સનાતન ધર્મમાં અને તેમાં પણ વિશેષ કરીને શ્રીમહાપ્રભુના આ માર્ગમાં ધર્મની કે કર્તવ્યની કોઇ પણ વાત આ શિષ્ય માટે અને આ ગુરુ માટે એમ અલગ-અલગ નથી. જે આચરણ શિષ્ય માટે ધર્મ છે તે જ આચરણ ગુરુ માટે પણ ધર્મ છે અને જે આચરણ ગુરુ માટે ધર્મ છે તે જ આચરણ શિષ્ય માટે પણ

ધર્મ છે. બલ્કે શિષ્ય કરતાં પણ વધુમાં ગુરુએ તો તેનું આચરણ સખ્તાઇથી કરવાનું છે. તેથી ગુરુ સ્થાનનો નિર્વાહ કરનાર વ્યક્તિમાં દેખાવ-વાણી-વર્તન ત્રણેમાં એક રૂપતા હોવી જરૂરી છે. હવે ધારો કે કોઇ વાણીથી કહે છે કે તમારે સવારે સ્નાન પછી જ અન્નજળ લેવા. અને કહેનાર પોતે સ્નાન વિના જ સખડી-અનસખડી લેતા હોય, કોઇ કહે કે સખડીપ્રસાદ સ્નાન કરીને પવિત્ર અવસ્થામાં જ લેવો અને પોતે સાંજે સ્નાન કર્યા વિના જ સંદિગ્ધપવિત્ર અવસ્થામાં જ સખડી ગ્રહણ કરતા હોય, તમે બજારમાં વેચાતી અપવિત્ર વસ્તુઓનું ભક્ષણ નહિં કરો એમ કહી એ પોતે જ ક્યારેક કોઇક હોટલમાં કે સ્ટેશન પર - ટ્રેનમાં ત્યાંના પદાર્થો ગ્રહણ કરતા જોવામાં આવે, વગેરે પ્રકારે, ત્યારે જો કોઇ પ્રશ્ન કરી દે કે આમ કેમ ? તો તેના ઉત્તરમાં આ બધા નિયમો તો તમે સાધક શિષ્યો માટેના છે, કંઇ એમ સિદ્ધ-ગુરુજનો માટે નથી, એમ કહી સમરથકો નહિં દોષ ગુસાંઇની ઉક્તિ આગળ ધરે, શિવનું વિષપાન અને કૃષ્ણની રાસક્રીડાને ઉદાહરણમાં આપે અને પાછું શરીરની કોઇ પણ પીડામાં દવા-ઔષધ સમાનરૂપમાં જ સ્વીકારે ત્યારે કહેવું જ પડે કે આ દંભ છે. સારાંશમાં ગુરુ-શિષ્ય માટેના નિયમોમાં આવા ભેદ વૈદિક સનાતન ધર્મમાં પણ નથી અને પુષ્ટિમાર્ગમાં તો છે જ નહિં, જે અસ્પર્શ્યના નિયમો, જે શુદ્ધિના નિયમો શિષ્યે જાળવવાના છે તે ગુરુએ પણ આચારવાના છે, શિષ્યે અસ્પર્શ્યમાં સ્નાન કરીને માટલી અડકવી અને ગુરુ બજારમાં લટાર મારીને આવે સભા સોસાયટીમાં જઇને આવે કે બધાંને ચરણસ્પર્શ આપીને આવે તો એ તે સ્નાન વિના માટલી અડકી શકે તેવો સિદ્ધાન્ત પુષ્ટિમાર્ગનો નથી. અતઃ અહીં બંનેને સમાન નિયમો લાગૂ પડે છે. આ મુજબ જ અત્યાર સુધીમાં સમ્પ્રદાયમાં જોવામાંઆવ્યું છે અને અત્યાર સુધીમાં શ્રીવલ્લભકુલ ગોસ્વામી મહાનુભાવો પણ પોતાના જીવનમાં તે-તે નિયમોનું ચુસ્ત પણ પાલન કરતા હતા. છતાં પણ કેટલાક જો પોતાનો માટેના અલગ સગવડિયા અને સ્વૈચ્છિક નિયમો જણાવે અથવા તો તેને આચરે તો તેને દંભ સિવાય બીજું કશું પણ કહી શકાય નહિં. સારાંશમાં વાણી સાથે દેખાવનો મેળ નહિં બેસાડવો પણ વાણી અને દેખાવ બંને સાથે વર્તનનો મેળ બેસે છે કે નહિં તે જોઇ નિશ્ચય થઇ શકે છે.

ત્યાર બાદ છેલ્લા ચરણમાં શ્રીમહાપ્રભુ શિષ્યના ત્રણ પદ વડે ત્રણ લક્ષણો બતાવે છે - "**भजेत् जिज्ञासुः**" અને "**आदरात्**" છેલ્લેથી જોતાં પ્રથમ શિષ્યને જે ગુરુને શરણે જવું છે તે ગુરુમાં તેનો પૂર્ણ આદર-સદ્ભાવ ગુરુ તરીકેનો હોવો જોઇએ. ગીતામાં પણ આ જ ત્રણ વાતો કહેવાઇ છે "**प्रणिपातेन परिप्रश्नेन सेवया**" પ્રણિપાતને અહીં શ્રીમહાપ્રભુના વાક્યમાં આદર પદથી જણાવ્યુંછે. પરિપ્રશ્ન પદને અહીં જિજ્ઞાસુ પદ થી જણાવ્યું છે અને સેવા પદને અહીં ભજવા એમ કહી જણાવ્યું છે. ગીતા આજ ત્રણ પદ જે શિષ્યના લક્ષણમાં છે તેનાથી જ ગુરુનાં પણ લક્ષણ સમજવાં જોઇએ કે જેને શ્રીમહાપ્રભુએ શ્લોકના ત્રણ ચરણથી એક-એક ચરણથી એક એક લક્ષણ બતાવ્યા છે. તેમાં ગીતાના સેવા પદથી જ શ્રીમહાપ્રભુના વાક્યમાં ગુરુલક્ષણમાં કૃષ્ણસેવા પરાયણતાનું લક્ષણ કહ્યું છે. કારણ કે જે કૃષ્ણની સેવામાં પરાયણ હોય તેવા ગુરુના જ સેવનથી ભક્તિ ઉપલબ્ધ થઇ શકે છે, કૃષ્ણસેવામાં અપરાયણથી ભકિત પછી શકય નથી જે એના પ્રકાશના વાક્યથી જાણી શકાય છે તેવી જ રીતે જે દંભ વગેરે દુર્ગુણોથી રહિત હોય ત્યાં જ પ્રણિપાત કરવાથી સદ્બોધ થઇ શકે છે. અતિ સંસારીને પ્રણિપાત કરવાથી તો સંસારનો જ બોધ ચિત્તમાં વધુને વધુ થશે. તેમજ જે શ્રીભાગવતત્ત્વને બરાબર જાણતો હોય તેને પ્રશ્ન કરવાથી તેની આગળ જિજ્ઞાસા કરવાથી જ સાચું ભકિતસ્વરૂપ જાણી

શકાય છે ગીતામાં **“तद् विद्धि”** **‘તે જાણ’** એમ કહ્યું છે ત્યાં ભગવત્ પ્રાપ્તિ માટે જ જાણવાનું છે, નહિં કે દેખાવની પંડિતાઇ વધારવા કે શેખી મારવા જાણવાનું છે, તેમ શ્રીમહાપ્રભુના વાક્યમાં પણ જે ગુરુનું ભજન છે તે ભગવદ્ભક્તિની ઉપલબ્ધિ અર્થે જ છે.

અતઃ બ્રહ્મસમ્બન્ધ-આત્મનિવેદન એ આ માર્ગનું સાધન જે સેવા સોપાનરૂપ છે તે સેવાની આધિદૈવિકતાને માટે છે. જે પ્રતિદિન પ્રત્યેક વસ્તુમાત્રનું સમર્પણ કરવાનું છે તે સેવા સમર્પણ ભગવાન વડે અંગીકાર થાય ત્યારે જ તે આધિદૈવિકતામાં પ્રવેશી શકે અને ભગવાન દ્વારા સેવાનો અંગીકાર થાય તે માટે તેના અધિકાર સમ્પાદન સ્વરૂપમાં બ્રહ્મસમ્બન્ધ-આત્મનિવેદન છે. તેથી **“निवेदिभिः”** એટલે સ્વસહિત સ્વીય સર્વસ્વનું નિવેદન કરેલા - બ્રહ્મસમ્બન્ધ પ્રાપ્ત એવા લોકોએ **“निवेदिभिः (सह)”** સ્વકૃત આત્મનિવેદનને ચરિતાર્થ કરેલા પરમ ભગવદીયો સાથે રહીને તેઓ જે પ્રકારે આત્મનિવેદનને સમર્પણ વડે ચરિતાર્થ કરે છે તેની તેમના વાણી અને ક્રિયાથી સમ્પન્ન કરવા એમ ભક્તિમાર્ગની મર્યાદા આ માર્ગના પરમગુરુ શ્રીવલ્લભે જેનું ઉલ્લંઘન ન થઇ શકે તેમ આજ્ઞાના રૂપમાં ઉપદેશી છે એમ અર્થ સમજવો.

આ સ્થળે શ્રીગોકુલોત્સવજી કેટલાક વિશિષ્ટ ભાવો પ્રકટ કરે છે અને તે ઘણા જ સુન્દર છે પોતે આત્મનિવેદન કરી પછી તરત જ બીજી જ ક્ષણથી પૂર્વમાં આત્મનિવેદન કરેલાઓની સાથે રહીને સ્વનો કે સ્વીયનો અન્યયોગ ન કરતાં માત્ર ભગવાનમાં જ તેમનો ઉપયોગ કરતાં સર્વ કાંઇ કરવું. એટલે કે બ્રહ્મસમ્બન્ધ લીધા પછીથી તે પછીની બીજી જ ક્ષણની અનાત્મનિવેદીઓ સાથે કોઇ પણ પ્રકારે સમ્બન્ધ કરવો નહિં કે રાખવો નહિં. ત્યાર બાદ પુત્ર-પુત્રીનો સમ્બન્ધ પણ આત્મનિવેદી વૈષ્ણવો જોડે જ કરવો. કોઇને

કંઇ આપવું કે લેવું તે પણ આત્મનિવેદી સાથે જ કરવું. યજ્ઞ-વિવાહ-ઉપવીત-વસ્તુ-ભૂમિપૂજન-ઉત્તરક્રિયા-અન્ય વૈદિક વિધિઓ વગેરેમાં વરણ પણ આત્મનિવેદી બ્રાહ્મણનું જ કરવું અને તેમને જ આપવું, તેમજ જે બ્રાહ્મણ આત્મનિવેદી હોય તેણે પણ આત્મનિવેદી યજમાનનું જ વૈદિક, લૌકિક કાર્યો સમ્પન્ન કરાવવા તથા તેવાઓના જ દાન-દક્ષિણા ગ્રહણ કરવાં. તેથી જ શ્રીઆચાર્યચરણના વંશજો-શ્રીવલ્લભકુલ પરિવારજનો અન્યમાર્ગીઓની કોઇ પણ ભેટ-પૂજા વગેરેનો અંગીકાર કરતા નથી. આ પ્રમાણે આત્મનિવેદન પછીની બીજી જ ક્ષણથી પોતાનામાં આસુરપણું ન પ્રવેશી જાય તે માટે પ્રથમથી જ આરંભથી જ ભગવદીયનો જ સર્વ પ્રકારે સંગ કરવો પણ લૌકિક વૈદિક નિમિત્તથી પણ અભગવદીયો-અવૈષ્ણવો-અનાત્મનિવેદીઓનો સંગ કોઇ પણ પ્રકારે કરવો નહિં.

શ્રીગોકુલોત્સવજીના જણાવ્યા અનુસાર પોતાના લૌકિક-વૈદિક વ્યવહારના નિર્વાહમાં પણ તેટલો પણ અવૈષ્ણવોનો સંગ એ હાનિકારક છે. મન-વાણી અને ક્રિયામાં પરસ્પર એકબીજાથી એકબીજામાં ગુણ-દોષ ઉત્પન્ન થાય છે. મનથી વાણી અને ક્રિયામાં દોષ ઉતરે છે, ક્રિયાથી વાણી અને મનમાં દોષ પ્રવેશે છે અને વાણીથી મન અને ક્રિયા બંને દૂષિત થાય છે. અતઃ ત્રણેને સતત ભગવત્સમ્બન્ધ રહેવાથી ચિત્તને કૃષ્ણપ્રવણ થવામાં સુગમતા થઇ રહે છે. અવૈષ્ણવનો લોક-વેદ સમ્બન્ધે પણ સંગ થવો એ તેટલા પૂરતો ક્રિયામાં ભગવત્સમ્બન્ધે પણ સંગ થવો એ તેટલા પૂરતો ક્રિયામાં ભગવત્સમ્બન્ધનો અભાવછે અને એકાદશ સ્કન્ધમાં **“कायेन वाचा”** આ શ્લોકમાં કાયા-મન-વાણી વગેરે સર્વથી જે કંઇ પણ કરવામાં આવે તે નારાયણ અર્થે જ કરવું અને તે રીતે સર્વ કંઇ ભગવાનને સમર્પવું એમ કહ્યું છે તેથી ત્યાં પણ સમર્પણના

માધ્યમથી કાયા-મન-વાણી-ઇન્દ્રિયો-બુદ્ધિ-સમ્પૂર્ણ અન્તઃકરણ યા અનુસૃત સ્વભાવ એ સર્વને ભગવત્સમ્બન્ધમાં જ રાખવાનું જણાવ્યું છે તેથી આત્મનિવેદન કરેલો વ્યવહાર યા વૈદિક કાર્યો પૂરતો પણ અન્ય સમ્બન્ધ કરે તો તે સમર્પણપ્રક્રિયામાં અશુદ્ધિ કહેવાય. જેમ સેવા માટે અસ્પર્શ્યમાં સ્નાન કરેલો વ્યક્તિ પણ જો તેની આંગળીનો અગ્રભાગ પણ વિના અસ્પર્શ્યવાળાને સ્પર્શી જાય તો અશુદ્ધિ માત્ર આંગળીને જ પ્રાપ્ત નથી થતી પરન્તુ સમ્પૂર્ણ દેહને સ્પર્શે છે અને તેથી ફરીથી સ્નાન કરવું પડે છે, તેમ સમર્પણના સાતત્યમાં આટલો પણ સંગ એ મોટો વિક્ષેપ છે તેથી તેવો સંગ કરવો નહિં.

શ્રીગોકુલોત્સવજીના વાક્યોમાં બીજો પણ એક પ્રકાશ પડે છે કે પ્રાચીનકાળના શ્રીવલ્લભકુલપરિવારમાં પણ આનો વિશેષ વિચાર કરવામાં આવતો હતો અને તેથી જ ગોકુલસ્થ સજાતીયો સાથે શ્રીવલ્લભકુલનો બેટીવ્યવહાર રહેતો હતો. ગોકુલસ્થ સજાતીયો એટલે કે સજાતીયો કે જે શ્રીવલ્લભ-વિઠ્ઠલમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવનારા શ્રીમહાપ્રભુમાં ગુરુબુદ્ધિવાળા આત્મનિવેદી ભગવત્પરાયણ સજાતીય પરિવારો. તેવી જ રીતે છેલ્લાં કેટલાંક વર્ષો પર્યન્તમાં પણ એમ જ જોવામાં આવ્યું છે કે રોજબરોજના સંકલ્પો, પ્રાયશ્ચિત્તો, માર્કણ્ડેયાદિ પૂજાઓ વગેરે કાર્યોમાં પણ ભગવદાશ્રિત આત્મનિવેદી પુષ્ટિમાર્ગીય બ્રાહ્મણો જ નિયુક્ત કરાતા હતા. આજે પણ વિવાહાદિ વિશેષ વૈદિક કાર્યોના અર્થે નિયુક્ત શ્રીવલ્લભકુલ પરિવારના ઉપાધ્યાયો કે પંડ્યાજીઓ પણ આત્મનિવેદી પુષ્ટિમાર્ગીય બ્રાહ્મણો જ હોય છે. તેવી જ રીતે ભગવત્સેવામાં જ્યેષ્ઠાભિષેક, માર્જન, પંચાંગવાંચન, વર્ષફળવાંચન, જન્મોત્સવમાં જન્મ-વર્ણકુંડલી વાંચન, સંકલ્પો વગેરે માટે પણ પુષ્ટિમાર્ગીય આત્મનિવેદી બ્રાહ્મણો જ ઉપસ્થિત રહેતા હતા, એટલું જ નહિં તેવાઓ જ ઉપસ્થિત રહી શકતા, બીજાઓને ત્યાં પ્રવેશ મળતો ન હતો. ઉપરાન્ત શ્રીગોકુલોત્સવજીની ટીકા એ ઘણી જ પ્રાચીન છે અને તેના આધારે તે સમયમાં શ્રીવલ્લભકુલ પરિવારજનોમાં એ નિયમ પ્રચલિત રહ્યો હશે કે અનિવેદિત-અવૈષ્ણવનું દ્રવ્ય સ્વીકારવું નહિં. જો એમ નહિં હોતે તો શ્રીગોકુલોત્સવજી **“अत एव श्रीमदाचार्यवंश्यानां नान्यमार्गीयप्रतिग्रहाङ्गीकारः”** આમ લખતે નહિં. જો કે આધુનિક સમયમાં ઉપર મુજબની પ્રાચીન પદ્ધતિઓમાં ઘણો બધો ફેરફાર જોવામાં આવે છે. યદ્યપિ ઉપાધ્યાયજી તથા પંડ્યાજી એટલે કે મુખ્ય રૂપમાં વૈદિકવિધિ વગેરેમાં પૌરોહિત્ય કાર્યમાં જેનું વરણ થાય છે તે ઉપાધ્યાયજી અને પંડ્યાજી એટલે તેમના સહાયક અથવા તો તેમની ગેરહાજરીમાં નાના-મોટા સંકલ્પાદિ પૌરાહિત્ય કરાવનાર, એમ આ બંને નિવેદિત વૈષ્ણવ બ્રાહ્મણો જ હોય છે તેમ અત્યાર સુધી પ્રચલિત છે, પરન્તુ બીજા વિશેષ બ્રાહ્મણોની વરણીમાં આ નિયમ ચુસ્તપણે જોવા મળતો નથી. એમાં ક્યારેક આવશ્યક અપેક્ષિત સંખ્યાની પૂર્તિ માટે તો ક્યારેક સંબન્ધ નિભાવવાની દૃષ્ટિથી પણ અન્યમાર્ગીઓની વરણી થતી જોવામાં આવે છે. તેવી જ રીતે કન્યા લેવા કે આપવાની બાબતમાં પણ (ગો. બાળક માટે કન્યા લેવામાં કે બેટીજીનો વિવાહ કરવામાં પણ) ગોકુલસ્થ સજાતીયોનો આગ્રહ પાછલાં સો વર્ષોથી છૂટેલો જોવા મળે છે. તેવી જ રીતે જ્યેષ્ઠાભિષેકાદિ ભગવત્સેવા સંબન્ધી વૈદિક કાર્યોમાં પણ અન્યમાર્ગી બ્રાહ્મણોનો પ્રવેશ તેમને મંત્રોચ્ચાર વગેરેમાં ભાગ લેતા જોવા મળે છે. તેવી જ રીતે વિશેષ પ્રકારના યજ્ઞાદિ પ્રયોગોમાં પણ તેમ જોવા મળે છે. શ્રીવલ્લભકુલ દ્વારા પણ અનિવેદિતોને ત્યાં પધરામણી વગેરે પ્રકાર જોવા મળે છે. વધુમાં તો આધુનિકમાં પુષ્ટિમાર્ગીય મન્દિર યા હવેલી નામથી પ્રસિદ્ધ અંગત માલિકીના કે જાહરે ટ્રસ્ટમાં નોંધાયેલાં સ્થળોમાં પણ અનિવેદિત તો ઠીક વેદબહારના વૈદિક સનાતન ધર્મના અન્તર્ગત

પણ ન હોય તેવા સમ્પ્રદાયના લોકોના દ્રવ્યને પણ મનોરથ યા રાજભોગ વગેરેમાં સ્વીકારાતા જોવા મળે છે.

આ બધા જે ફેરફારો જોવા મળે છે તેની પાછળ ઘણાં બધાં કારણો રહેલા છે. જેમ કે શ્રીવલ્લભકુલમાં ગોકુલસ્થ સજાતીયો માટેનો આગ્રહ નબળો પડ્યો તેમાં વર્તમાન કાળપ્રવાહ મહત્ત્વનું કારણ બની રહ્યો છે. પૂર્વમાં બેટીજીઓ પોતાના પિતાના ગૃહે જ રહેતા હતા અને તેમનું ભરણપોષણ પણ ત્યાંથી જ થતું તેમજ બેટીજીઓ પરિવારજનો સાથે ભગવત્સેવાપરાયણ થઇ રહેતા હતા. બેટીજીના પતિ કે પુત્રો પણ શ્રીવલ્લભાચાર્યચરણ અને તેઓશ્રીના સિદ્ધાન્તોમાં અનન્ય નિષ્ઠાવાળા સેવાપરાયણ હતા તેમજ તેઓ પણ વૈષ્ણવ સમાજમાં શ્રીવલ્લભકુલના સંબન્ધીઓ તરીકે આદરણીય હતા અને તેમનો પણ જીવન વ્યવહાર વૈષ્ણવસમાજ દ્વારા સમ્પાદન થઇ રહેતો હતો. ઉપરાંત ઘણાં વલ્લભકુલ ગૃહોમાં સજાતીય વર્ગ તે-તે ઘરના ઉપાધ્યાય તરીકે પણ માન્ય હતા. પરન્તુ કાળપ્રવાહ બદલાતાં બેટીજીઓ પિતાના ઘરમાં જ રહેવા જોઇએ તેવી માન્યતા ઘટતી ગઇ અને સાથે જ બેટીજીનું શ્વશુર ગૃહ સમ્પન્ન હોય, પતિ માટે તે આધુનિક શિક્ષણ પ્રાપ્ત ઓફિસોમાં કે સરકારી દફતરોમાં ઉચ્ચસ્થાને નોકરી કરી મોટો પગાર મેળવતા હોય અથવા પોતાનો સારો વ્યાપાર વગેરે કરતા કમાઉ હોય તેવા છોકરાઓ ઉપર પસન્દગીનો વળાંક આવ્યો અને તેવા છોકરાઓ ઇતર સ્થાનોમાં રહેતા સજાતીયોમાં ઉપલબ્ધ થતા હોઇ ગોકુલસ્થનો આગ્રહ છૂટતો ગયો. આવી સ્થિતિમાં સામો પક્ષ પ્રાય: કરીને અવૈષ્ણવ જ હોય તે સ્વાભાવિક છે. આજે પણ આવા સમ્બન્ધોમાં સહભોજનાદિ બાબતોમાં પ્રશ્નો ઊભા થાય જ છે, ક્યારેક મનમુટાવ પણ થઇ જાય છે અને યા તો પછી કોઇ સમાધાનકારી ઉપાય કરવો પડે છે. શ્રીવલ્લભકુલના સજાતીયોમાં (આંધ્રના વૈલ્લનાડુ બ્રાહ્મણ જ્ઞાતિમાં)

ગોકુલસ્થોને બાદ કરતાં પુષ્ટિમાર્ગીય તો શું પણ બીજા વૈષ્ણવ સમ્પ્રદાયના પણ પરિવારો ઓછા જોવા મળે છે. જો કે એક સમય એવો હતો જયારે દક્ષિણમાં ચારે પ્રદેશોની પ્રજામાં શ્રીવલ્લભાચાર્યચરણનો ખૂબજ પ્રભાવ હતો એટલું જ નહિં દક્ષિણના તિરુપતિબાલાજી વગેરે ધર્મસ્થળોમાં પણ વલ્લભવંશજોનો આદરપૂર્વકનો સેવાધિકાર પણ હતો. પરન્તુ શ્રીમહાપ્રભુ અને શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઇજીના સમય પછી કેટલોક વખત એ વાત જળવાઇ રહી પણ પછીના વલ્લભવંશજો અને સમ્પ્રદાયના અગ્રણીઓની તે દિશામાં ઉપેક્ષાને કારણે દક્ષિણમાં પુષ્ટિમાર્ગ નામશેષ પણ ન રહ્યો તેનાં જ પરિણામો પૈકી સજાતીયોમાંથી પણ પુષ્ટિમાર્ગ નામશેષ થઇ રહ્યો. અકબરના સમયમાં અકબરના ભયથી એનો એક શત્રુ એણે તે સમયનું દક્ષિણનું સમૃદ્ધ રાજ્ય વિદ્યાનગર (હમ્પી)માં આશ્રય લીધો હતો કે જેણે આખા રામાયણનો સર્વપ્રથમ ફારસીમાં અનુવાદ કર્યો હતો એણે પોતાની દૈનન્દિનીમાં દક્ષિણમાં શ્રીવલ્લભાચાર્યના પ્રભાવની ઘણા જ ઉત્તમ શબ્દોમાં નોંધ લીધી હતી તે ડાયરી અત્યાર સુધી હૈદ્રાબાદના પ્રાચીન હસ્તપ્રત સંગ્રહાલયમાં વિદ્યમાન હતી અને એ પ્રતને અમારા પૂ.ભ્રાતૃચરણ પૂ.શ્રીમથુરેશ્વરજીએ આજથી ૨૦ વર્ષ પૂર્વ ત્યાં જોઇ પણ હતી તેમ તેઓશ્રીના મુખે સાંભળ્યું છે, પરંતુ ફરીથી તેની નકલ મેળવવા પ્રયાસ કરતાં દુર્ભાગ્યવશ તે ડાયરીનો નોંધપોથીમાં ઉલ્લેખ છે પણ કોઇક અણસમજુએ તેને ત્યાંથી ઉઠાવી લઇ બંધનમાં ઈંટ ગોઠવી દીધી એમ આપશ્રીના મુખે જ સાંભળ્યું છે.

શ્રીવલ્લભાચાર્યજીથી લઇને તે પછીની કેટલીક પરમ્પરા સુધી દક્ષિણના તેમજ ભારતના સુપ્રસિદ્ધ વૈષ્ણવધર્મ-સ્થળોમાં આ સમ્પ્રદાયના આચાર્યોનો આદરપૂર્વકનો સેવાધિકાર રહ્યો છે જે પૈકી તિરુપતિબાલાજી, શ્રીરંગજી, વિષ્ણકાંચીનું વરદરાજ સ્વામીનું મંદિર,

જનાર્દન (વર્કલા), લંબેનારાયણ-છોટે નારાયણ, તોતાદ્રિ, જગન્નાથપુરીનું શ્રીજગદીશ મન્દિર, દ્વારિકાનું કૃષ્ણમન્દિર, મથુરાનું કેશવરાયજીનું મન્દિર, ડાકોરનું રણછોડજીનું મંદિર વગેરેનો સમાવેશ થાય છે. પરન્તુ આજે આ પૈકી માત્ર ડાકોરના શ્રીરણછોડજીના મન્દિરને બાદ કરતાં બીજે ક્યાંય તે અધિકાર સુરક્ષિત રહ્યો નથી. આ અધિકાર સુરક્ષિત નહિં રહેવા પાછળ સામ્પ્રદાયિકોની ઉપેક્ષા તો કારણ છે જ, પણ તેની સાથે સાથે આ સમ્પ્રદાયમાં ભગવત્સેવાનો પ્રકાર ગૃહસેવાથી પરિવર્તિત થઇને જાહેર મન્દિરોના રૂપમાં ફેરવાતો ગયો અને તેવાં મન્દિરોની સમાજમાં વ્યાપક પ્રસિદ્ધિએ પણ આમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પ્રથમ તો ગૃહસેવા જ હતી તેથી આચાર્યનું નિજગૃહ અને એમાં નિજસેવા બિરાજમાન હોવાથી ઉપર જણાવેલાં સ્થળોના સ્થાનાધીશો કે ત્યાંના બ્રાહ્મણોમાં પારસ્પરિક સેવાધિકારના વ્યવહારનો પ્રશ્ન આવ્યો ન હતો. કારણ કે આ બધાં જાહેર મન્દિરો-ધાર્મિક સ્થળો હતાં જ્યારે પુષ્ટિમાર્ગમાં આચાર્યોની નિજસેવા હતી કે જેમાં દરેકને દર્શન પ્રાપ્ત કરવાનો પ્રકાર જ ન હતો. પરન્તુ જ્યારે જાહેરમન્દિર તરીકે સર્વ દર્શનાર્થીઓ પુષ્ટિમાર્ગના જાહેરમન્દિરોમાં અથવા તો આચાર્યગૃહના જાહેરમંદિરોમાં આવતા થયા ત્યારે આ બધાના મનમાં પારસ્પરિક વ્યવહારનો વિચાર સ્ફુરવા માંડ્યો જેનો છેલ્લામાં છેલ્લો પ્રભાવ દ્વારિકાના ગુગલી બ્રાહ્મણો કે જે ત્યાંના પૂજારીઓ છે તેમના મુખથી સાંભળી શકાય છે. ખરેખર એક વખત સમ્પ્રદાયના અગ્રણી વિચારકોએ સાથે બેસીને નિખાલસતાથી એની પરસ્પર ચર્ચા કરવી આવશ્યક છે કે જાહેર મન્દિર પ્રથાએ આ સમ્પ્રદાયને કે સામ્પ્રદાયિકોને કેટલો લાભ કરાવ્યો છે અને કેટલી હાનિ કરી છે. જાહેર મન્દિર પ્રથાનું જો સહુથી વિકૃત સ્વરૂપ ઉભરી રહ્યું હોય તો એ છે કે સમ્પ્રદાય જે અનુશાસનબદ્ધ હતો તે અનુશાસન તૂટતું

જઇ રહ્યું છે. શિષ્યવર્ગ ગુરુના કેટલાક અધિકારો મેળવવાના પ્રયત્નવાળો થતો જઇ રહ્યો છે અને ગુરુવર્ગે પણ મને કે કમને પણ શિષ્યવર્ગની સ્વચ્છન્દતાને નિભાવવી પડી રહી છે. આ સ્વચ્છન્દતાનો દોર ક્યાં જઇને અટકશે તે સહુ કોઇ વિચારકો વિચારી જ શકે છે. આ પ્રથા ધીમે ધીમે સમ્પ્રદાયના ઢાંચામાંથી શ્રીમહાપ્રભુએ ગોઠવેલી ઇંટો કાઢતી જઇ રહી છે અને તે જગ્યાએ તેથી વિપરીતની ઈંટો ગોઠવતી જઇ રહી છે જે આવતી કાલે પુષ્ટિમાર્ગ નામ જ માત્ર શેષ રહેશે તેનું આખુ સ્વરૂપ પૂરેપૂરું બદલાઇ ગયેલું રહેશે. કારણ કે જે શિષ્યવર્ગ પુષ્ટિમાર્ગીય જાહેરમન્દિરોનું સંચાલન કરનારા છે અથવા તો જેમનું આવાં સ્થળો પર પ્રભુત્વ છે તે લોકો ઘણું કરીને જોવા મળે છે કે તે લોકો કેટલીક જગ્યાએ તો વૈષ્ણવપરમ્પરામાં જન્મીને પણ અદીક્ષિત હોય છે. બ્રહ્મસમ્બન્ધ કે અષ્ટાક્ષર દીક્ષા પણ તેમણે લીધી હોતી નથી. અને દીક્ષા પ્રાપ્ત હોય તો પણ તે લોકો પુષ્ટિમાર્ગથી સર્વથા અજ્ઞાત, બીજા સમ્પ્રદાયના સાધુ સંતોના ઘનિષ્ઠ પ્રભાવમાં રહેલા અને તેમને પોતાના સાચા ગુરુ તરીકે સ્વીકારનારા હોય છે. આવા લોકો પછી મંદિરનું સંચાલન મંદિરમાં પગાર લેનારા અને મંદિરથી ઘૂમ કમાણી કરનારા મુખિયા વગેરે કર્મચારીઓની સલાહ-સૂચન મુજબ કરતા હોય છે. આવી સ્થિતિમાં પુષ્ટિમાર્ગીય ધારાધોરણોની જાળવણી આવાં સ્થળોમાં નોકરિયાત વર્ગ તથા બીજા સમ્પ્રદાયના લોકોના હસ્તક્ષેપથી લગભગ થઇ શકતી નથી. આવા શુદ્ધ વ્યાપારી બુદ્ધિના અને પુષ્ટિમાર્ગથી અજ્ઞાત એવી લોકોએ જ આવા મંદિર નામે પ્રસિદ્ધ સ્થળોમાં ગમે તેની ભેટ-પૂજા મનોરથ વગેરે લેવાનું અને તે પણ આપનારની લૌકિકી શરતોને આધીન રહીને સ્વીકારવાનું શરૂ કર્યુ અને આવા લોકોના સંગે - પ્રભાવે અને વ્યવસ્થામાં તેમના પ્રવેશે આચાર્યગૃહોમાં પણ તે મુજબની પરિસ્થિતિ સર્જાતી ગઇ અને તે હવે

ભયાનક સ્વરૂપમાં સામે ઉપસ્થિત થઇ રહી છે.

તેવી જ રીતે આ સમ્પ્રદાયમાં છેલ્લાં ઘણાંએ વર્ષોથી ગ્રન્થોનું પઠન-પાઠન મન્દ પડી છેવટે બન્દ પડી જવાથી, સેવામાં અને વ્યવહારમાં શુદ્ધતાથી વૈદિક મંત્રોના ઉપયોગનો આગ્રહ ઘટવાથી સંકલ્પાદિમાં શુદ્ધ ઉચ્ચારણનો આગ્રહ ઘટવાથી તેમજ બાહ્ય વ્યાવહારિક સંબન્ધોનો પ્રભાવ વધવાથી, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો વિગેરેમાં વૈષ્ણવ વિદ્વાનો અને વૈષ્ણવ બ્રાહ્મણો પ્રત્યેના સદ્ભાવમાં ઉણપ આવવાથી તેમજ આ માર્ગ વડે તેઓનું યથોચિત પોષણ ન થતું હોવાથી, વૈષ્ણવો પોતાને અમુક ક્રિયામાં જ કૃતાર્થ માની રહી તેમનામાં સિદ્ધાન્ત જિજ્ઞાસા વિમુખતા વ્યાપક બનવાથી, પૂર્વમાં જેમ દરેક ઘર દીઠ વલ્લભકુલમાં ઓછામાં ઓછા એક વિદ્વાનનું પોષણ થતું હતું તે પ્રાયઃ કરીને ઘટી જવાથી, વલ્લભકુલ પરિવારના બાળકોમાં પણ સરણ પ્રવચન પ્રવૃત્તિ ઉપરાન્ત જે આકરગ્રન્થોનું અધ્યયન વગેરે ક્રમ નહિંવત્ બની જવાથી, આવા અનેક કારણોથી જે પહેલાં દરેક ક્ષેત્રમાં - દરેક પ્રાન્તો-શહેરો વગેરેમાં જે જથ્થામાં પુષ્ટિમાર્ગી વિદ્વાન બ્રાહ્મણો નિષ્ઠાપૂર્વક સમ્પ્રદાયની સેવા કરતાં જોવા મળતાં હતા તેનો દસમો ભાગ પણ આજે જોવા મળતો નથી. બલ્કે પુષ્ટિમાર્ગીય વિદ્વાનો પણ પોતાના ભરણ પોષણ અર્થે એમના બાળકોને આધુનિક શિક્ષામાં જોતરે છે અને પોતે પણ કર્મકાંડ યા ભાગવત સપ્તાહ-પારાયણ-પાઠ-અનુષ્ઠાનો વગેરેથી પોતાનો જીવન વ્યવહાર ચલાવે છે, કારણ કે સમ્પ્રદાયમાં એમનું પોષણ થઇ શકે તેવી કોઇ વ્યવસ્થા કે પ્રવૃત્તિ જ શેષ રહી નથી. તેથી કરીને છેલ્લાં સીત્તેર વર્ષમાં આ માર્ગમાં મુખિયા, ભિતરિયા, જલઘરિયા વગેરે કર્મચારીઓને છોડીને કર્મકાંડી કે આકર વિદ્વાનોની સંખ્યા બલ્કે તેવા સાધારણ બ્રાહ્મણોની પણ સંખ્યા આજે નહિંવત્ રહી ગઇ છે.

સમ્પ્રદાયમાં શાસ્ત્રીજીઓ તૈયાર કરવાની છેલ્લામાં છેલ્લી પ્રવૃત્તિ આજથી એંસી વર્ષ પર મુંબઇ મોટામંદિરવાળા નિ.લી.પૂ.પા.ગો.શ્રીગોકુળનાથજી મહારાજે મોટામંદિરમાં બ્રાહ્મણ બાળકોને રાખીને તેમને અધ્યયન કરાવવાની તથા તેની સાથે તેમના ભોજન-વસ્ત્ર વગેરે ખર્ચની પણ ત્યાંથી જ સુંદર વ્યવસ્થા ગોઠવી હતી જેના પરિણામે એ પાઠશાલામાંથી તૈયાર થયેલો વિદ્વાન શાસ્ત્રીજીઓનો સમૂહ સારી એવી સંખ્યામાં તૈયાર થયો હતો અને એ લોકોએ અત્યાર સુધી સમ્પ્રદાયની સેવા કરી છે, હવે તે પૈકીના પ્રાયઃ દિવંગત થઇ ગયા છે. તેમજ સમ્પ્રદાયના આવા શાસ્ત્રીજીઓનું પોષણ આજથી એંસી વર્ષ પર અમારા પિતામહચરણ નિ.લી.પૂ.પા.ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીએ શ્રીબાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભાની સ્થાપના કરી તેના અન્વયે દેશભરમાં પંચવર્ષીય પુષ્ટિમાર્ગીય પ્રશિક્ષણ કેન્દ્રો ખોલ્યાં હતાં જેમાં દરેક વર્ષની પરીક્ષાઓ લેવાતી અને ઉત્તીર્ણ થનારને ચન્દ્રકો વગેરે સહિત પ્રમાણપત્ર પણ અપાતાં હતાં. તે પરીક્ષા કેન્દ્રોમાં ઉપર્યુક્ત પૈકીમાંથી ઘણા શાસ્ત્રીજીઓને આ કેન્દ્રોમાં સવેતન અધ્યાપનાર્થ નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમના પરિવારસહિત તેઓ ત્યાં રહી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આના કારણે ઘણા વિદ્વાન શાસ્ત્રીજીઓનું સ્થિર આસનરૂપે પોષણ થતું હતું. આ રીતે સમ્પ્રદાયમાંથી બ્રાહ્મણવર્ગ ઓછો થતો ગયો તેના પરિણામે પછી જે પણ જગ્યામાં જેને જે પ્રકારના બ્રાહ્મણો મળે તેનો ઉપયોગ કરવાનો પ્રકાર આજે જોવા મળે છે.

નિવેદિત વૈષ્ણવ બ્રાહ્મણ દ્વારા જ વલ્લભકુલ અને વૈષ્ણવોના લૌકિક-વૈદિક કે અલૌકિક કાર્યો સમ્પન્ન થવાં જોઇએ એ પ્રકાર એક સુદઢ સુસંચાલિત પ્રવૃત્તિશીલ સમ્પ્રદાયના સ્વરૂપને દર્શાવે છે. તેથી શ્રીગોકુલોત્સવજીનાં ટીકાસ્થ આ વાક્યો મારી

દષ્ટિમાં સમ્પ્રદાય માટે ઘણાં જ મહત્ત્વનાં અને આવશ્યક સ્વરૂપનાં છે. આના માટે સમ્પ્રદાયે ઘનિષ્ઠ પ્રયાસો કરીને ફરીથી વધુને વધુ બ્રાહ્મણો આ સમ્પ્રદાયમાં દીક્ષિત થાય, તેમનામાં આ સમ્પ્રદાય પ્રત્યેની નિષ્ઠા બને અને વધે તથા તેમના પરિવારજનોમાં પણ વૈષ્ણવતાનું સ્વરૂપ વિકાસ પામે તે ખૂબ જ જરૂરી છે.

न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ॥ ५ ॥

આ અડધા શ્લોક બાબતમાં સર્વ ટીકાકારો આ મુજબ જણાવે છે-

(૧) શ્રીગોકુલનાથજી પોતાની ટીકામાં જણાવે છે કે “एवं वस्तुमात्रस्य निवेदनावश्यकत्वमुक्त्वा कदाचिद्भगवदर्थं सम्पादितपदार्थेषु केनचिद्गृहस्थितेन बालकेन स्त्र्यादिना वा अज्ञानात्तन्मध्ये किञ्चित्स्वार्थमन्यार्थं वा विनियुक्तं चेत्, तदा भगवदर्थं सम्पादितं वस्तु सामिभुक्तमर्धभुक्तं जातम्, तदवशिष्टमसमर्पितमिति ज्ञात्वा स्वोपभोगार्थं चेत्समर्पितुमिच्छति तत्समर्पणस्य भक्तिमार्गे निषेधमाहुः न मतमिति । देवदेवस्य देवा ब्रह्मादयः, तेषामपि देवस्याराध्यस्य पुरुषोत्तमस्य तत्समर्पणं न मतम्, सामिभुक्तस्य समर्पणं न मतं, भक्तिमार्गे न संमतं, न कर्तव्यमित्यर्थः । शुद्धपुष्टिमार्गप्रवर्तकाचार्याणां न संमतं, न कर्तव्यमित्यर्थः । अथवा, स्वोपभोगार्थमानीतं वस्त्रादिकं तन्मध्ये स्वोपयुक्तं भगवते समर्प्य स्वोपभोगं कृत्वा तदवशिष्टं चेद्भगवते समर्पितुमिच्छति, तदपि सामिभुक्तमिति तस्यापि समर्पणं देवदेवस्य न मतमिति ।” **અર્થાત્** - આ પ્રમાણે વસ્તુમાત્રના નિવેદનની આવશ્યકતા જણાવીને ક્યારેક ભગવાનના અર્થે જે પદાર્થો રાખેલા હોય તેમાંથી કોઇક ઘરમાં રહેલા નાના બાળક વડે કે પછી સ્ત્રી વગેરે

વડે અજ્ઞાનવશ વચમાં જ કંઇક - થોડો ઘણો પણ પોતાના માટે કે કોઇ બીજા માટે ઉપયોગ થઇ જાય તો, ત્યારે ભગવાનના અર્થે રાખેલા પદાર્થો સામિભુક્ત એટલે કે અર્ધભુક્ત થઇ ગયા કહેવાય, તેવી સ્થિતિમાં પોતે ઉપભોગ કરી શકે તે માટે તે બચેલા પદાર્થો અસમર્પિત છે તેમ જાણી તેનું સમર્પણ કરવાની ઇચ્છા કરે છે તો તેવા સમર્પણનો ભક્તિમાર્ગમાં નિષેધ જણાવવા માટે **“न मतम्”** વગેરે વાક્યોથી જણાવ્યું છે. **“देवदेवस्य” ‘દેવોના પણ દે તેમને’** એટલે દેવ એટલે બ્રહ્મા વગેરે, તેમના પણ દેવને એટલે તેમના જે આરાધ્ય છે તેમને, પુરુષોત્તમને તેવું સમર્પણ ન કરવું, સામિભુક્ત પદાર્થોનું સમર્પણ ન કરવું, ભક્તિમાર્ગમાં તે સંમત નથી, તેથી તેમ ન કરવું એમ અર્થ છે. અથવા, પોતાના ઉપભોગ માટે લાવેલાં વસ્ત્ર વગેરે વચમાં પોતાના ઉપયોગ પૂરતું ભગવાનને સમર્પી તેનો પોતે ઉપભોગ કરીને બાકી રહેલું તે (કાલાન્તરમાં) ભગવાનને સમર્પવાની ઇચ્છા કરે છે તો તે સામિભુકત થયું કહેવાય તેથી તેવું પણ દેવોના પણ દેવ - ભગવાનને સમર્પવું નહિં.

(૨) શ્રીરઘુનાથજી પોતાની ટીકામાં જણાવે છે- “अन्यमार्गीयं किञ्चिदुद्भाव्य तन्निषेधपूर्वकं स्वसिद्धान्तमाहुः न मतमिति । भुक्तं भोजनम् । समर्पणं भगवति निवेदनम् । द्वन्दैकवद्भावादेकवचनम् । सामीत्येतदर्धवाचकमव्ययम् । तेनायमर्थः सम्पन्नः । सम्पादितवस्तूनामर्धं कृत्वा एकांशेन स्वोपभोगेऽनिवेदितेन पुनरन्यांशेन नैवेद्यादिरूपेण समर्पणम् । यदुपभुज्यते तदसमर्पितं यत्समर्पितं तन्नोपभुज्यते इति यत्सामिद्वैविध्येन व्यवहारो बहिर्मुखानां तद्देवदेवस्य विष्णोर्मतं संमतं न भवति । मतं सिद्धान्त इति वा । यस्मात्सर्वांशेनासमर्पणं भगवदमतं ।” **અર્થાત્** - અન્યમાર્ગીયને (અન્યમાર્ગમાં કરાતાં

નિવેદનને) ઉદ્ભાવીને તેના નિષેધપૂર્વક પોતાનો સિદ્ધાન્ત કહે છે **“न मतम्”** વગેરે વાક્યોથી. **“भुक्त”** એટલે ભોજન. **“समर्पण”** એટલે ભગવાનને નિવેદન કરવું. દ્વન્દ્વ એકવદ્ભાવ હોવાથી અહીં એકવચન પ્રયોગ છે. **“सामि”** એ અર્ધવાચક-અડધાને જણાવનાર અવ્યય છે. આ રીતે આ મુજબ અર્થ સંપન્ન થાય છે. સંપાદિત કરેલ વસ્તુ હોય તેનો અડધો-અડધો ભાગ કરીને તેમનો એક ભાગ જે નિવેદન કરાયો નથી તેના વડે પોતે ઉપભોગ કરવો અને ત્યારબાદ જે બીજો અડધો ભાગ છે તેનું નૈવેદ્ય વગેરે રૂપે સમર્પણ કરવું(એ સામિભુક્ત સમર્પણ કહેવાય). (આવા સામિભુક્તમાં) જે ઉપભોગ કરાય છે તે અસમર્પિત ભાગનો કરાય છે, સમર્પિત કરાઇને તેનો ઉપભોગ નથી, એવા સામિ (એટલે કે અડધાનો પોતાના દ્વારા ઉપભોગ અને પછી બીજા અડધાનું સમર્પણ) એમ દ્વિવિધપણા વડેનો વ્યવહાર બર્હિમુખોનો છે તે દેવોના દેવ-વિષ્ણુને સંમત થતો નથી. અથવા તો મત એટલે સિદ્ધાન્ત એમ જાણવું. જેથી સર્વાંશ વડેનું અસમર્પણ ભગવાનને સંમત નથી.

(૩) શ્રીકલ્યાણરાયજી પોતાની ટીકામાં લખે છે- **“देवा ब्रह्मादयस्तेषामपि देवस्याराध्यस्य पुरुषोत्तमस्यान्येनार्धभुक्तस्यावशिष्टस्य स्वोपभोगार्थं समर्पणम् । अथ च स्मृत्यादौ लोके च यन्निन्दितं भुक्तं भोज्यं तस्य समर्पणं भगवतो भक्तानां च न संमतम्, अतो न कर्तव्यमित्यर्थः ।”** **અર્થાત્**:- દેવો એટલે બ્રહ્મા વગેરે તેમના પણ દેવ એટલે આરાધ્યને પુરુષોત્તમને અર્ધભોગ કરાયા પછીનું જે અવશિષ્ટ તેનું પોતાના ઉપભોગ અર્થે સમર્પણ કરવું (એ સામિભુક્ત સમર્પણ કહેવાય). આવું જે અર્ધભુક્ત હોય કે સ્મૃતિ વગેરે શાસ્ત્રોમાં તેમજ લોકમાં પણ જે નિન્દિત છે તેવો અર્ધભુક્ત ભોજ્ય પદાર્થ તેનું સમર્પણ ભગવાન અને ભગવાનના ભક્તો એમ

બંનેને સંમત નથી. તેથી તેવું સમર્પણ ન કરવું.

(૪) શ્રીવ્રજોત્સવજી સ્વવિરચિત ટીકામાં લખે છે- **“ननु यदि दारादीनां सेवाधिकारो विशेषतः पृथक् ब्रह्मसम्बन्धकरणेनैव भवति, तदा स्वात्मना सह समर्पणस्य किं प्रयोजनं तत्राहुः न मतमिति । अयं भावः । जीवस्यात्मदेहसम्बन्धिदारादिधनपर्यन्तं यद्वस्तु तत्सर्वं स्वस्वरूपान्तःपात्येवास्तीति सर्वेषां प्रत्यहमन्यत्र स्वार्थं वोपभोगस्य पूर्वं जायमानत्वात्तस्मिन्सत्येव तन्मध्ये केवलमात्मनः समर्पणं सामिभुक्तस्य तद्भवति, तद्देवदेवस्य प्रभोर्मतं न । देव एव स्वयं निर्दुष्टो निर्दुष्टवस्तुन एव भोक्ता भवति । तस्याप्ययं देवः सर्वोत्कृष्टः । यः सर्वोत्कृष्टः स सर्वथा निर्दुष्टपदार्थस्यैवोपभोगं करोति निर्दुष्टत्वं तु सर्वांशेनान्यसम्बन्धत्यागेन केवलं तदीयकरणेनैव भवतीति तेषामन्यत्रोपयोगे विद्यमान एव तन्मध्ये केवलात्मसमर्पणस्य सर्वांशेन स्वकीयत्वाभावात् सामिभुक्तत्वेनोपभोगार्थं न सम्मतमित्यर्थः । यत्रैतत्प्रकारकसमर्पणस्यैव सामिभुक्तत्वम्, तत्र प्रमादतः स्त्रीबालादिभुक्तावशिष्टस्य निषेधस्तु प्रमाणसिद्ध इति तस्य सामिभुक्तत्वेनासम्मतत्वे किं वाच्यम् । किञ्च, दासस्याप्यसमर्पितवस्तुसम्बन्धस्य बाधकत्वात्स्वधर्महानिप्रसङ्गे स्वानुपयोगित्वेन तादृशं समर्पणं प्रभोर्नमतमित्यपि ज्ञेयम् ।”** **અર્થાત્** :- જો સ્ત્રી વગેરેનો વિશેષરૂપે સેવાધિકાર તેમનું અલગથી બ્રહ્મસમ્બન્ધ કરવાથી જ થાય છે. તો પછી પોતાના આત્મનિવેદન સાથે તેમનું સમર્પણ કરવાનું શું પ્રયોજન ? તો ત્યાં કહે છે - **“न मतम्”** વગેરે વાક્યોથી. અહીં આમ ભાવ છે. જીવના આત્મા અને દેહસમ્બન્ધી દારાથી લઇને ધનપર્યન્તમાં (કહેવાયેલ) જે વસ્તુ-પદાર્થ છે તે પોતપોતાના રૂપમાં અન્તઃપાતી જ છે અને તે રૂપો દરરોજ અન્યત્ર કે પોતાના માટે ઉપયોગના પહેલાં ઉત્પન્ન થનારા હોવાથી

તે હોતાં જ વચમાં કેવલ આત્માનું સમર્પણ તે સામિભુક્તનું જ સમર્પણ થયું કહેવાય, તે દેવના દેવ એવા પ્રભુને સંમત નથી. જે દેવ જ નિર્દુષ્ટ હોય છે તે દોષ વિનાની જ વસ્તુનો ઉપભોગ કરનાર હોય છે. તેના પણ આ દેવ હોઇ સર્વથી ઉત્કૃષ્ટ છે. જે સર્વથી ઉત્કૃષ્ટ હોય તે સર્વથા નિર્દુષ્ટ પદાર્થનો જ ઉપભોગ કરે છે. નિર્દોષપણું છે તે સર્વ અંશે અન્ય સંબન્ધના ત્યાગપૂર્વક કેવલ તદીયપણું કરવાથી જ થાય છે અને તેમનો અન્યત્ર ઉપયોગ થઇ રહ્યો હોય તેના વચમાં જ કેવલ આત્મસમર્પણમાં સર્વઅંશે સ્વકીયપણાનો અભાવ હોવાથી સામિભુક્તરૂપમાં ઉપભોગને અર્થેનું સમર્પણ એ સંમત નથી એમ અર્થ છે. જ્યાં આ પ્રકારના સમર્પણનું જ સામિભુક્તપણું છે. ત્યાં પ્રમાદવશ સ્ત્રી-બાળકો વગેરે વડે ભુક્ત અને પછી અવશિષ્ટ રહેલું હોય તેનો નિષેધ તો પ્રમાણસિદ્ધ જ છે તેથી તેવા સામિભુક્ત રૂપના સમર્પણનું અસંમતપણું હોય તેમાં કંઇ કહેવાની જ જરૂર નથી. વળી, દાસને પણ અસમર્પિત વસ્તુનો સમ્બન્ધ થવો બાધક હોવાથી સ્વધર્મહાનિનો પ્રસંગ હોતાં તેવા પદાર્થો પોતાના ઉપયોગમાં નહિં લેવા યોગ્ય હોવાથી તેવા પદાર્થોનું સમર્પણ પ્રભુને સંમત નથી એમ જાણવું.

(૫) શ્રીગોકુલોત્સવજી પોતાની ટીકામાં જણાવે છે "किञ्च, जीवोद्धारार्थं हि कृपया श्रीमदाचार्येभ्य एतन्मार्गमादिष्टवान् भगवान् । तथा च जीवस्य यत्र यत्र स्वाध्यासेन सङ्ग्राह्यत्वबुद्धिः, तत्र तत्र प्रभुसमर्पणे कृते स्वसम्बन्धसम्पादनेन तदध्यासनिवृत्तिं विधाय तमुद्धरति । भुक्तशेषे तु जीवस्यैव हेयत्वबुद्धेः कुतस्तदा देवदेवसमर्पणावकाशः । निषेधवाक्यं तु प्रमादतस्तथाकरणेऽवधानप्रतिपादकं सामिसमर्पणस्य च तत्तुल्यताप्रति-पादकमिति ध्येयम् । अपरञ्च । साधनदशायां हि दासधर्मस्वरूपनिरूपणमेतत् । वस्तुतस्तु केवलं पुष्टिमार्गे भावाधीनो भगवान्, यथा भावे तदप्यङ्गीकरोति । यथा वनभोजनलीलायां 'सर्वमिथोदर्शयन्त' इति । यथा वा फलप्रकरणे 'स्वैरुत्तरीयैः कुचकुङ्कुमाङ्कितैरचीक्लृपन्नासनमात्मबन्धव' इत्यत्र 'तत्रोपविष्टो भगवान्' इत्यत्र श्रीमदाचार्यैः प्रपञ्चितमिति सर्वमनवद्यम् । एतेन सामिसमर्पणस्य बलवद्दोषवत्त्वं निरूपितम् । अनन्यत्वभङ्गप्रसङ्गेन भगवदनङ्गीकारेण तथाभावप्रतिबन्धकत्वात् ।" **અર્થાત્** :- વળી, કૃપાપૂર્વક જીવોના ઉદ્ધાર અર્થે ભગવાને શ્રીમદાચાર્યચરણને આ માર્ગ માટે આદેશ આપ્યો. તેમજ જીવને જ્યાં જ્યાં પણ પોતાના અધ્યાસ વડે સંગ્રાહ્યપણાની બુદ્ધિ થાય છે, ત્યાં ત્યાં પ્રભુસમ્બન્ધ કરાતાં પોતાના (ભગવાનના) સમ્બન્ધ સમ્પાદન વડે તે અધ્યાસની નિવૃત્તિ કરીને (તેનો) ઉદ્ધાર કરે છે. ભુક્તશેષ (ભોગ થયા પછી શેષ બચેલું)માં તો જીવની જ હેયપણાની બુદ્ધિ હોય છે ત્યાર પછી તે ભુક્તશેષનું દેવદેવને સમર્પણ કરવાનો અવકાશ જ ક્યાંથી હોઇ શકે ? નિષેધવાક્ય છે તે તો પ્રમાદવશ ભુક્તશેષસમર્પણ કરવા બાબતમાં ચોકસાઇ રાખવાનું પ્રતિપાદન કરનાર છે અને સામિસમર્પણ એ તેના બરાબર છે તેનું પ્રતિપાદન કરનાર છે તેમ જાણવું. બીજી વાત એ છે કે, આ વાત સાધનદશામાં દાસધર્મનું નિરૂપણ કરે છે. વસ્તુતસ્તુ પુષ્ટિમાર્ગમાં કેવલ ભાવને આધીન ભગવાન છે. તેમને જે પ્રકારે જેવા ભાવથી નિવેદન કરવામાં આવે છે તેનો પણ અંગીકાર કરે છે. જેમ વનભોજનનલીલામાં, જેમ તામસ ફલપ્રકરણમાં પોતના વક્ષ:સ્થળ પરનો અંગરાગ જેમાં લાગેલો છે તેવા પોતાના ઉત્તરીય વસ્ત્રો રૂપી આસન ગોપીજનોએ પોતાના આત્મબંધુ એવા ભગવાનને આપ્યું, અહીં ત્યાં બિરાજેલા ભગવાન અહીં શ્રીઆચાર્યચરણે પ્રતિપાદન કર્યું છે તેથી સર્વ કંઇ અનવદ્ય છે. આના વડે સામિસમર્પણ કરવાથી અનન્યતાનો ભંગ

થવાનો અવસર આવે છે તેમજ તેવા સમર્પણનો ભગવાન અંગીકાર કરતા નથી તેથી તે ભાવપ્રતિબન્ધક હોવાથી સામિસમર્પણ એ ખૂબજ બલશાલી દોષવાળું છે એમ નિરૂપણ કર્યું છે.

(૬) શ્રીહરિરાયચરણ પોતાની કારિકાત્મિકા ટીકામાં લેખે છે "नन्वेतदुचितं नैव यत्समर्पितयोजनम् ॥ १०५ ॥ लौकिके वैदिके नीचप्रेतपित्रादियोगिनि । अतोऽसमर्पितेनैव तत्कार्यमिति चेन्न हि ॥ १०६ ॥ युज्यते शेषभावाप्त्या निखिलं तज्जुगुप्सितम् । अर्धभुक्तं देवदेवोपयोगाय भवेन्नतु ॥ १०७ ॥ न चोचितं सेवकानां स्वामिन्येवंविधार्पणम् । एवं समर्पणासिद्धौ सम्बन्धो विफलो भवेत् ॥ १०८ ॥ अतो निषिद्धं कृष्णस्य सामिभुक्तसमर्पणम् । ननु कृत्वाखिलं कर्म लौकिकं वैदिकं तथा ॥ १०९ ॥ कृष्णार्पणैकबुद्धया वा पश्चात्कृष्णे समर्पयेत् । तदा न प्राप्यते दोषः कश्चित्ताद्दक्समर्पणे ॥ ११० ॥ इति चेद्देवदेवो हि यस्मात्कृष्णो न केवलः । अतः सेवकशेषो हि सामिभुक्तं हरेः स्मृतम् ॥ १११ ॥ कृष्णार्पणैकमत्या वा कृत्वा कृष्णसमर्पणम् । तत्रापि स्यादन्यशेषो मतिमात्रेण चार्पणात् ॥ ११२ ॥ सर्वथा नार्पितं कृष्णे तन्न गृह्णाति केशवः । यतः सम्बन्धवैयर्थ्यमत आदौ समर्पणम् ॥ ११४ ॥ पश्चाद्विधेयं सर्वं हि तदा सार्थकता भवेत् । उच्छिष्टदाने सर्वेषां माहात्म्यं चापि सिद्धयति ॥ ११५ ॥" અર્થાત્ :- (શંકા) આ તો ઉચિત નથી જ કે લૌકિક-વૈદિક નીચ પ્રેત પિતૃઓ વગેરેના કાર્યમાં સમર્પિત પદાર્થો યોજવામાં આવે, અતઃ આ બધાં કાર્યો અસમર્પિત પદાર્થો જ વડે કરવામાં આવે તો તે કેમ કહેવાય ? (ઉત્તર) આ વાત બરાબર નથી, કારણ કે શેષભાવની વ્યાપ્તિ વડે જે યોજાય તે બધું જ હેય છે. તેથી જે અર્ધભુક્ત છે તે દેવોના પણ દેવના ઉપયોગ માટે ન જ થઇ શકે, તેમજ સેવકોએ આ પ્રકારનું (અર્ધભુકતનું) પોતાના

સ્વામીને અર્પણ કરવું ઉચિત પણ નથી, આ પ્રમાણે સમર્પણ સિદ્ધ ન થતાં સમ્બન્ધ વિફલ થાય છે. તેથી સામિભુક્ત પદાર્થનું કૃષ્ણને અર્પણ કરવું નિષિદ્ધ છે. (શંકા) કૃષ્ણાર્પણ બુદ્ધિથી લૌકિક-વૈદિક સર્વ કર્મ કરવામાં આવે અથવા તો કર્મ કરીને પછી તે કૃષ્ણને અર્પણ કરવામાં આવે ત્યારે તો તે પ્રકારના સમર્પણમાં દોષ પ્રાપ્ત નહિં થાય, જો એમ કરવામાં આવે તો ? (ઉત્તર) શ્રીકૃષ્ણ એ દેવોના પણ દેવ છે(સાધારણ કોઇ દેવ નથી) તેથી જ સ્મૃતિ વગેરે શાસ્ત્રમાં હરિને નિવેદન કરવામાં જે સેવકશેષ છે તેને સામિભુકત કહ્યું છે. કૃષ્ણાર્પણની બુદ્ધિપૂર્વક કરવામાં આવેલ લૌકિક-વૈદિક કે પછી તે કરીને કૃષ્ણને સમર્પણ કરવામાં આવે તે બંનેમાં અન્ય શેષપણું તો રહે જ છે કારણ કે તેવામાં માત્ર તેવી બુદ્ધિથી જ અર્પણ કરવામાં આવે છે(પ્રત્યક્ષ પદાર્થનું તેમાં સમર્પણ હોતું નથી). તેમજ કૃષ્ણને સર્વથા-સર્વ અંશે અર્પણ કરાયેલ હોતું નથી, તેનું ભગવાન ગ્રહણ કરતા નથી જેથી કરીને સમ્બન્ધનું વૈયર્થ્ય થાય છે. તેથી લૌકિક-વૈદિક કાર્યોના આદિમાં જ સમર્પણ કરવું જોઇએ તેમાં પણ સર્વ વસ્તુઓનું સમર્પણ કરવું જોઇએ અને લૌકિક અને વૈદિક ઉત્તમ - અનુત્તમ દરેક કાર્યમાં તે મુજબ જ કરવું જોઇએ ત્યાર બાદ જ બધું કરવામાં આવે ત્યારે સાર્થકતા થાય છે. ભગવદુચ્છિષ્ટને ભગવત્પ્રસાદને દેવ પિતૃઓને આપવાથી માહાત્મ્ય પણ સિદ્ધ થાય છે.

(૭) શ્રીવિઠ્ઠલેશ્વરજી પોતાની ટીકામાં લખે છે "पुनः श्रीमदाचार्यैः पृष्टम्-यत्कर्ममार्गे एवमुच्यते, अर्धं समर्प्यते, समर्पितं तदन्यस्मै दीयते, असमर्पितं च भुज्यते, तत्कथम् । तदा श्रीमद्गिरिधारिणोक्तम्-देवदेवस्य पुरुषोत्तमस्य मम साम्यर्धभुक्तं समर्पणं न मतम्" અર્થાત્ :- પુનઃ શ્રીઆચાર્ય-ચરણે પ્રશ્ન કર્યો કે કર્મમાર્ગમાં જે એમ કહેવાય છે તેમાં અડધું સમર્પણ કરાય છે, જે

સમર્પણ કરાયું છે તે બીજાને આપવામાં આવે છે અને અસમર્પિતનો ભોગ કરવામાં આવે છે, તે એમ કેમ ? ત્યારે ભગવાને જણાવ્યું કે દેવદેવને એટલે કે પુરુષોત્તમને - મને સામિ એટલે અર્ઘભુક્તનું સમર્પણ માન્ય નથી.

(૮) શ્રીપુરુષોત્તમજી સ્વકૃત ટીકામાં પ્રકાશ પાડે છે કે - "देवदेवस्य पूज्यानामपि पूज्यस्य भगवतः । सामिभुक्तस्यार्धभुक्तस्य समर्पणं न मतम् । सुखदुःखान्यतरसाक्षात्कारो हि भोगः, तद्विषयं भुक्तम् । तथा च यत उद्धृत्य ग्रहणाद्यनन्तरं शिष्टे भुक्तशेषत्वव्यवहारः, तत्सामिभुक्तम् । वस्तुनः सदसत्त्वादिपरीक्षार्थं तत उद्धृत्य मुखादौ क्षेपे आघ्राणे हस्तलापने वा शिष्टस्य न सामिभुक्तत्वम् । तच्छिष्टे भुक्तशेषव्यवहाराभावात् । तत्रापि बीजं स्वस्य तद्दर्शनाद्युत्तरं तद्बुभुक्षाभावो बुभुक्षोत्तरं तदुपादयत्वाभावो वा । यदि पुनः कस्यचिद्बुभुक्षोत्पत्तिः, तदा तस्य चेतनस्यैवापराधित्वम् । मानसिकव्यभिचारादिव । नत्वचेतनस्य वस्तुनः सामिभुक्तत्वम् । यदा तु बुभुक्षोत्तरमिन्द्रियव्यापारः, तदा तु वस्तुन्यपि दोष इति तादृशस्य समर्पणं क्रियादूषकत्वात् न संमतमित्यर्थः । एवञ्च यच्छ्रीगोकुलनाथैर्भगवदर्थं सम्पादितेषु पदार्थेषु कदाचित्केनचित्तन्मध्यात्किञ्चित्स्वार्थमन्यार्थं वा गृहीत्वा विनियुक्तं चेत्, तदा तस्य पदार्थस्य यत्सामिभुक्तत्वमुक्तम्, तदत्र कैमुतिकादेव सिद्धं ज्ञेयम् । यत्पुनस्त एव स्वोपभोगार्थमानीतं वस्त्रादिकं किञ्चित्स्वोपयुक्तमात्रं भगवते समर्प्य तस्योपयोगं कृत्वा तदवशिष्टं चेत्समर्पयितुमिच्छति, तदपि सामिभुक्तं जातमिति न समर्पणीयमित्याहुः । तत्र स्वोपभोगार्थत्वाभिसंधानमेव दूषकताबीजम् । तादृशस्य समर्पितस्य ग्रहणे भगवद्दत्तप्रसादत्वबुद्धेः

कर्तुमशक्यत्वात् गौणत्वाद्वेति मम प्रतिभाति । तथा भगवद्वस्तुबुभुक्षापराधे तु, ममायमपराधो निवर्तताम्, पुनश्च मा भूदिति दीनभावपूर्वकं भगवानेव प्रार्थनीयो, वज्रचिह्नयुक्ततच्चरणारविन्दध्यानं च कार्यम्, दैन्यस्य भगवत्तोषणहेतुत्वात् ।" અર્થાત્ :- દેવદેવને એટલે જે પૂજા કરવા યોગ્ય દેવો છે તેમના પણ આ પૂજ્ય છે તેવા ભગવાન. સામિભુક્તનું એટલે અર્ઘભુક્તનું સમર્પણ સંમત નથી. સુખદુ:ખનો અન્યતર સાક્ષાત્કાર એ ભોગ છે. તેના વિષયનું તે ભુક્ત. તે મુજબ જ્યાંથી ઉદ્ધૃત કરવામાં આવે તે ઉદ્ધૃત કરીને તેને ગ્રહણ વગેરે બાદ જે બચેલું હોય તેનો ભુક્તશેષપણાએ વ્યવહાર થાય છે, તે સામિભુક્ત છે. આ વસ્તુ સારી છે કે સારી નથી એની પરીક્ષાના અર્થે ત્યાંથી લઇને મુખમાં મૂકવામાં, સૂંઘવામાં કે હસ્તલાપન કરવામાં તે કર્યા પછીનું જે શિષ્ટ હોય તેનું સામિભુક્તપણું નથી. કારણ કે તેમાં ભુક્તશેષનો વ્યવહારનો અભાવ હોય છે. તેમાં પણ મુખ્ય કારણ તે પદાર્થના દર્શનના અનન્તર તેનો ભોગ કરવાની ઇચ્છાનો અભાવ અથવા તો ભોગ કરવાની ઇચ્છા થતાં તેને પ્રાપ્ત કરવા માટેનો જે પ્રયત્ન થાય છે તેનો અભાવ હોય છે. યદિ કોઇકને તેવા પદાર્થમાં ભોગ કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે, ત્યારે તેના ચેતનનું જ અપરાધિપણું હોય છે. જેમ મનથી આચરાયેલા વ્યભિચારની માફક (કોઇ મનથી કોઇક સ્ત્રી માટેનો મનમાં વ્યભિચારી વિચાર કરે તો તેનાથી તે વિંચાર કરનાર વ્યક્તિને જ દોષ પ્રાપ્ત થાય છે. જે સ્ત્રી માટે વિચાર કરાય છે તે સ્ત્રીને દોષ પ્રાપ્ત થતો નથી તેની માફક.) તેથી જે અચેતન વસ્તુ છે (જેના ભોગની કોઇએ ઇચ્છા કરી છે) તે વસ્તુ સામિભુક્ત બની જતી નથી. જ્યારે ભોગની ઇચ્છા થયા પછી તે માટેનો ઇન્દ્રિયવ્યાપાર થાય, ત્યારે તો વસ્તુમાં પણ દોષ આવે છે, તેથી તેવા સમર્પણમાં ક્રિયા પણ દૂષિત થતી હોવાથી તે સંમત નથી એમ

અર્થ છે. શ્રીગોકુલનાથ-ચરણે (પોતાની ટીકામાં) ભગવાનના અર્થે સમ્પાદન કરેલા પદાર્થોમાં ક્યારેક કોઇક વચ્ચે જ કંઇક પોતાના અર્થે યા બીજાના અર્થે ગ્રહણ કરીને તેનો ઉપયોગ કરે, ત્યારે પદાર્થ સામિભુક્ત થાય છે એમ કહ્યું છે, તે અહીં (અમારા જણાવ્યા અનુસારમાં) કૈમુતિક ન્યાયથી જ સિદ્ધ થઇ જાય છે તેમ જાણવું. પુનઃ તે જ પદર્થો પોતાના ભોગ અર્થે લાવેલા હોય તે વસ્ત્ર વગેરે, તેમાંનો કંઇક અંશ પોતાના ઉપયોગ માત્ર પૂરતો ભગવાનને સમર્પીને તેનો (પોતાનામાં) ઉપયોગ કરીને ત્યાર બાદ બચેલું (જે સમર્પણ કરાયું નથી તે) સમર્પણ કરવાની ઇચ્છા કરે, ત્યારે પણ તે સામિભુક્ત થયેલું હોઇ તે સમર્પણ કરવા યોગ્ય નથી તેમ તેઓશ્રી જણાવે છે. તેમાં પોતાના ઉપભોગ માટેનું અભિસંધાન જ દોષપણાનું મુખ્ય કારણ છે, કારણ કે તેવા પ્રકારે કરેલા સમર્પિત પદાર્થનું ગ્રહણ કરવામાં આ ભગવાને આપેલો પ્રસાદ છે તેવી તેમાં બુદ્ધિ થવી અશક્ય હોવાથી, અથવા તો આ પ્રકારના સમર્પણમાં ગૌણપણું હોવાથી (શ્રીગોકુલનાથચરણે) આમ કહ્યું છે તેમ મને લાગે છે. (આવા પ્રસંગે) ભગવાનની વસ્તુમાં પોતાને ભોગ કરવાની ઇચ્છા થવારૂપ જે અપરાધ છે તે મારો આ અપરાધ નિવૃત્ત કરો, ફરીથી આમ ક્યારેય ન થાઓ તેમ દીનભાવપૂર્વક ભગવાનને જ પ્રાર્થના કરવી, વજ્રચિહ્નથી યુક્ત એવા ભગવાનના શ્રીચરણારવિન્દનું ધ્યાન કરવું, કારણ કે દૈન્યથી ભગવાનને તોષ થાય છે.

(૯) **શ્રીગિરિધરજી** ટીકામાં લખે છે- **"देवानामपि देवस्य सर्वनियामकस्य सर्वोपास्यस्य सामिभुक्तसमर्पणं स्वेनान्यैर्वा यद्वस्तुमध्यात् पूर्वमुपभुक्तं भवति तदुर्वरीतं वस्तु पश्चाद्भगवति निवेदयितुमिच्छेच्चेत्, तद्भगवतो मतं सम्मतं सिद्धान्तो वा न भवतीत्यर्थः । एवमन्नादिसर्वपदार्थेषु व्यवहर्तव्यम् ।"** **અર્થાત્** :- દેવોના પણ દેવ સર્વના નિયામક સર્વના ઉપાસ્યને સામિભુક્ત સમર્પણ કરવું એટલે કે જે વસ્તુ છે તે પૈકીમાંથી જ પૂર્વમાં ભોગ કરેલો હોય તેવી અર્ધભુક્ત વસ્તુ પછીથી (પોતાના ભોગ પછીથી) બાકી રહેલી બચેલી વસ્તુ કે જે અસમર્પિત છે) તેને ભગવાનને નિવેદન કરવાની ઇચ્છા જો ઇચ્છા કરે તો તેવું સમર્પણ ભગવાનને સંમત નથી અથવા તો તેવું સમર્પણ કરવાનો સિદ્ધાન્ત નથી. આ મુજબ જ અન્ન વિગેરે સર્વમાં વ્યવહાર કરવાનું સમજવું.

(૧૦) **શ્રીલાલૂ ભટ્ટજી** પોતાની ટીકામાં જણાવે છે- **"ननु सर्वोऽपि पदार्थो भगवते समर्पणीय इत्युक्तम्, एवं सति केनचिद्देवान्तरोपयुक्तशिष्टवसनादिकं स्वस्मै दत्तं तर्हि तद्भगवते समर्पणीयं न वेत्याशङ्कायां नेत्याहुः 'न मतं देवदेवस्ये'त्यादिना । यतो भगवान् देवानामपि देवः पूज्यः स्वामी, अतो भगवद्भुक्तशिष्टं सर्वेभ्योपि देयम्, अन्यभुक्तशिष्टं तु हरये नार्पणीयम् । 'पितृशेषं तु यो दद्याद्धरये परमात्मने । रेवोधाः पितरस्तस्य भवन्ति क्लेशभागिन' इत्यादिनिषेधात्"** **અર્થાત્** :- આ ગ્રન્થમાં પહેલાં એમ કહેવામાં આવ્યું કે સર્વ પદાર્થો ભગવાનને સમર્પણ કરવા, એમ હોતાં કોઇક બીજા વડે અન્ય દેવતામાં ઉપયોગ કરાયેલ, તેમાં બચેલું કપડું વગેરે પોતાને આપે તો તે ભગવાનને સમર્પણ કરવું કે નહિં ? એમ શંકાના ઉત્તરમાં નહિં કરવું એમ **"न मतं देवदेवस्य"** વગેરે વડે જણાવ્યું છે. કારણ કે ભગવાન દેવોના પણ દેવ, પૂજ્ય, સ્વામી છે. અતઃ ભગવાન વડે ભોગ કરાયા પછીનુ શિષ્ટ એ બધાંને આપવું જોઇએ, બીજાઓ વડે ભોગ કરાયા પછીનું શિષ્ટ શ્રીહરિને અર્પણ કરવું નહિં. પિતૃઓનું બચેલું જે શ્રીહરિને - પરમાત્માને અર્પે છે તેના પિતૃઓનું અધઃપતન થાય છે અને તેઓ કલેશને પામનારા થાય છે વગેરે શાસ્ત્રવાક્યમાં નિષેધ કરાયો હોવાથી.

(૧૧) શ્રીશાચાર્યમતાનુવર્તી પણ પોતાની ટીકામાં પૂર્વના ટીકાકારોના જણાવ્યા મુજબ જ જણાવે છે.

વિવેચન - પૂર્વમાં એમ કહેવાઇ ગયું કે તમામ અસમર્પિત વસ્તુ માત્રનો ત્યાગ કરવો-અસમર્પિત વસ્તુનો પોતાના અર્થે ક્યારેય કોઇ ઉપયોગ ન કરવો, કારણ કે તેના વિના સર્વથા દોષનિવૃત્તિ થવી શક્ય નથી. પરન્તુ પુષ્ટિમાર્ગમાં સમર્પણનો પ્રકાર શો ? કયા પ્રકારે અને કેવું ભગવાનને સમર્પણ કરવું ? કયા પ્રકારનું સમર્પણ ભગવાનને ન થાય કેવા પદાર્થો ભગવાનને ન સમર્પાય ? આ બધા પ્રશ્નોની ચોખવટ આ પાંચમા શ્લોકમાં કરવામાં આવી છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના નવમા અદયાયમાં સમર્પણ બાબતનાં ભગવદ્ વાક્યો-

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत् तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥

(ગીતા. ૯-૨૭)

અહીં તું જે કરે છે, જે ખાય છે, જે યજ્ઞયાગાદિક કરે છે, જે દાન આપે છે, જે તપ કરે છે તે બધું જ મને અર્પણ કર. આ ભગવદ્વાક્યથી કર્મમાર્ગીય સમર્પણ એટલે કે પહેલાં પોતાના અર્થે કર્મ કરવું અને તે અન્તે કૃષ્ણાર્પણમસ્તુ કહી અર્પણ કરવું અથવા તો કર્મ કરીને પણ તેના ફલત્યાગ અર્થે કૃષ્ણાર્પણ કરવું એવું સમર્પણ ગીતાકારને અભીષ્ટ છે તેમ ભ્રાન્તપ્રતીત થાય છે, ગીતાના લગભગ ટીકાકારોએ પણ આજ પ્રતીતિમાં આવા શ્લોકાર્થ પોતપોતાની ટીકામાં પોતપોતાની રીતે કર્યા છે. પરન્તુ ગીતાનો નવમો અધ્યાય અને એમાં જે સ્થળે આ શ્લોક કહેવાયો છે તે સ્થળ કે તે અધ્યાય કર્મમાર્ગ કે જ્ઞાનમાર્ગને બતાવવા નહિં પણ ભકિતમાર્ગની વાતો

જણાવનારા પ્રકરણ સ્વરૂપનો છે. તેથી ઉપર્યુક્ત પ્રકારનુ કૃષ્ણાર્પણ કહેવાનું ભગવાનનું તાત્પર્ય નથી કે ન તો પોતાની ભકત કુન્તીના પુત્ર અર્જુનને કર્મમાર્ગી કે જ્ઞાનમાર્ગી બનવાનો આ ભગવદ્ આદેશ છે. તેથી ભગવાન અર્જુનને સમ્બોધનમાં કુન્તીના પુત્ર તરીકે સંબોધે છે. ગીતામાં આ સ્થળે ભગવાન વડે ભક્તિમાર્ગીય ભગવદ્ધર્માત્મક સમર્પણ કરવાનો અર્જુનને આદેશ છે. કર્મમાર્ગમાં પદાર્થનું અંશાત્મક સમર્પણ થાય છે જ્યારે સર્વઅંશે સમર્પણ એ જ ભગવદ્ધર્મ છે. જે તુ ખાય છે તે મને અર્પણ કર એમ કહેતાં પોતાના અર્થે ભંડારમાંથી કાચો સમાન લઇ તેની પોતાના ભોગ અર્થે રસોઇ બનાવી તે ભગવાનને અર્પણ કરી હવે ભંડારમાં રહેલી બાકીની વસ્તુઓ ભુક્તશેષ ભોગ કરતાં શેષ રહેલી વસ્તુ કહેવાય. આવા ભુક્તશેષ પદાર્થનું સમર્પણ ભગવાનને કેવી રીતે થઇ શકે ? તેથી ગીતોક્ત ભગવદ્ વાક્યનું તાત્પર્ય શ્રીભાગવત એકાદશ સ્કન્ધના ભગવદ્ વાક્યથી સ્પષ્ટ કરી શકાય છે. ત્યાં **“कायेन वाचा”** એ શ્લોકમાં અન્તે **“नारायणायेति समर्पयेत्”** આ પ્રકાર સમર્પણનો જણાવ્યો છે. આની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ લખે છે- **“विहितनिषिद्धानां लौकिकालौकिकानां च कृतानि तुभ्यं समर्पयामीति न किन्तु तुभ्यमेव कृतानीति स्वभावात् भिन्नतया कृतमपीत्येवं समर्पयेत्”** અહીં શ્રીઆચાર્યચરણ એમ જણાવે છે કે પોતાના કર્તાપણાના અભિમાનથી કે પોતાના ભોકતાપણાના અભિમાનથી જે કર્મો થઇ જાય કે જે ભોગ થઇ જાય તેનું સમર્પણ ભક્તિમાર્ગીય નથી એમ જણાવવા સુબોધિની વાક્યમાં **“इति न ”** એમ કહી એનો નિષેધ કર્યો છે, કારણ કે તે બધું ભુકતશેષ અથવા તો ભુકતશેષ સમાન છે. તેથી ભાગવત વાક્યમાં અન્તે વપરાયેલો **“इति”** શબ્દનો અર્થ યા તાત્પર્ય શ્રીઆચાર્યચરણ જણાવે છે કે

(૧૧) શ્રીશાચાર્યમતાનુવર્તી પણ પોતાની ટીકામાં પૂર્વના ટીકાકારોના જણાવ્યા મુજબ જ જણાવે છે.

વિવેચન - પૂર્વમાં એમ કહેવાઇ ગયું કે તમામ અસમર્પિત વસ્તુ માત્રનો ત્યાગ કરવો-અસમર્પિત વસ્તુનો પોતાના અર્થે ક્યારેય કોઇ ઉપયોગ ન કરવો, કારણ કે તેના વિના સર્વથા દોષનિવૃત્તિ થવી શક્ય નથી. પરન્તુ પુષ્ટિમાર્ગમાં સમર્પણનો પ્રકાર શો ? કયા પ્રકારે અને કેવું ભગવાનને સમર્પણ કરવું ? કયા પ્રકારનું સમર્પણ ભગવાનને ન થાય કેવા પદાર્થો ભગવાનને ન સમર્પાય ? આ બધા પ્રશ્નોની ચોખવટ આ પાંચમા શ્લોકમાં કરવામાં આવી છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના નવમા અધ્યાયમાં સમર્પણ બાબતનાં ભગવદ્ વાક્યો-

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत् तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥

(ગીતા. ૯-૨૭)

અહીં તું જે કરે છે, જે ખાય છે, જે યજ્ઞયાગાદિક કરે છે, જે દાન આપે છે, જે તપ કરે છે તે બધું જ મને અર્પણ કર. આ ભગવદ્‌વાક્યથી કર્મમાર્ગીય સમર્પણ એટલે કે પહેલાં પોતાના અર્થે કર્મ કરવું અને તે અન્તે કૃષ્ણાર્પણમસ્તુ કહી અર્પણ કરવું અથવા તો કર્મ કરીને પણ તેના ફલત્યાગ અર્થે કૃષ્ણાર્પણ કરવું એવું સમર્પણ ગીતાકારને અભીષ્ટ છે તેમ ભ્રાન્તપ્રતીત થાય છે, ગીતાના લગભગ ટીકાકારોએ પણ આજ પ્રતીતિમાં આવા શ્લોકાર્થ પોતપોતાની ટીકામાં પોતપોતાની રીતે કર્યા છે. પરન્તુ ગીતાનો નવમો અધ્યાય અને એમાં જે સ્થળે આ શ્લોક કહેવાયો છે તે સ્થળ કે તે અધ્યાય કર્મમાર્ગ કે જ્ઞાનમાર્ગને બતાવવા નહિં પણ ભકિતમાર્ગની વાતો

જણાવનારા પ્રકરણ સ્વરૂપનો છે. તેથી ઉપર્યુકત પ્રકારનુ કૃષ્ણાર્પણ કહેવાનું ભગવાનનું તાત્પર્ય નથી કે ન તો પોતાની ભકત કુન્તીના પુત્ર અર્જુનને કર્મમાર્ગી કે જ્ઞાનમાર્ગી બનવાનો આ ભગવદ્ આદેશ છે. તેથી ભગવાન અર્જુનને સમ્બોધનમાં કુન્તીના પુત્ર તરીકે સંબોધે છે. ગીતામાં આ સ્થળે ભગવાન વડે ભક્તિમાર્ગીય ભગવદ્ધર્માત્મક સમર્પણ કરવાનો અર્જુનને આદેશ છે. કર્મમાર્ગમાં પદાર્થનું અંશાત્મક સમર્પણ થાય છે જ્યારે સર્વઅંશે સમર્પણ એ જ ભગવદ્ધર્મ છે. જે તુ ખાય છે તે મને અર્પણ કર એમ કહેતાં પોતાના અર્થે ભંડારમાંથી કાચો સમાન લઇ તેની પોતાના ભોગ અર્થે રસોઇ બનાવી તે ભગવાનને અર્પણ કરી હવે ભંડારમાં રહેલી બાકીની વસ્તુઓ ભુક્તશેષ ભોગ કરતાં શેષ રહેલી વસ્તુ કહેવાય. આવા ભુક્તશેષ પદાર્થનું સમર્પણ ભગવાનને કેવી રીતે થઇ શકે ? તેથી ગીતોક્ત ભગવદ્ વાક્યનું તાત્પર્ય શ્રીભાગવત એકાદશ સ્કન્ધના ભગવદ્ વાક્યથી સ્પષ્ટ કરી શકાય છે. ત્યાં **“कायेन वाचा”** એ શ્લોકમાં અન્તે **“नारायणायेति समर्पयेत्”** આ પ્રકાર સમર્પણનો જણાવ્યો છે. આની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ લખે છે- **“विहितनिषिद्धानां लौकिकालौकिकानां च कृतानि तुभ्यं समर्पयामीति न किन्तु तुभ्यमेव कृतानीति स्वभावात् भिन्नतया कृतमपीत्येवं समर्पयेत्”** અહીં શ્રીઆચાર્યચરણ એમ જણાવે છે કે પોતાના કર્તાપણાના અભિમાનથી કે પોતાના ભોકતાપણાના અભિમાનથી જે કર્મો થઇ જાય કે જે ભોગ થઇ જાય તેનું સમર્પણ ભક્તિમાર્ગીય નથી એમ જણાવવા સુબોધિની વાક્યમાં **“इति न”** એમ કહી એનો નિષેધ કર્યો છે, કારણ કે તે બધું ભુક્તશેષ અથવા તો ભુક્તશેષ સમાન છે. તેથી ભાગવત વાક્યમાં અન્તે વપરાયેલો **“इति”** શબ્દનો અર્થ યા તાત્પર્ય શ્રીઆચાર્યચરણ જણાવે છે કે

કર્તાપણાના કે ભોક્તાપણાના અભિમાનથી કાયા-વાણી-મન-ઇન્દ્રિયો-બુદ્ધિ-અન્તઃકરણ વગેરેથી થનારાં જે કર્મો છે જાગવું, શયન કરવું, મલ-મૂત્ર ત્યાગવા, સ્નાન કરવું, માતા પિતાની સેવા, કન્યા વગેરેનો વિવાહ, બોલવું-મૌન રહેવું, ઇચ્છા કરવી, ચાલવું, કરવું, સંભોગ, સૂંઘવું, સાંભળવું, જોવું, વિચારવું, જાણવું, ચિન્તન કરવું, વગેરે રૂપમાં થનારાં સર્વ કાર્યો પોતાના અર્થે કે પોતાના અર્થેનો ભાવ ન રાખતાં માત્ર ભગવાનના અર્થે જ તે સર્વ કંઇ કરવું અને તેવું કરાયેલ કર્મ ભગવાનને સમર્પવું એટલે કે તે-તે કર્મનો ભગવાનમાં જ વિનિયોગ કરવો. એમ ઇતિ શબ્દથી ભાગવતકારનું કહેવાનું તાત્પર્ય છે. સમર્પણના આ પ્રકારમાં જ ભક્તિમાર્ગીય ભગવદ્ધર્મપણું છે, આ સિવાયના અન્ય કોઇ પણ પ્રકારમાં ભક્તિમાર્ગીય ભગવદ્ધર્મપણું નથી.

શુદ્ધ ભક્તિમાર્ગીય ભગવદ્ધર્માત્મક સમર્પણને જ સ્પષ્ટ કરવા ગીતામાં નવમા અધ્યાયમાં **“अहं हि सर्वयज्ञानाम्”** થી આરંભીને **“मोक्ष्यसे कर्मबन्धनैः”** પર્યન્તમાં શ્લોક ૨૪ થી ૨૮ પર્યન્તમાં પાંચ શ્લોકના સમર્પણ પ્રકરણથી જણાવ્યું છે. કેવલ માત્ર ૨૭ મો શ્લોક **“यत्करोषि”**નો જ અલગથી અર્થ ગ્રહણ કરીને આધુનિક વિચારકો લેખકો-વક્તાઓ જે સમર્પણને - સમર્પણના પ્રકારને પ્રસ્તુત કરે છે તેની આ પ્રકરણથી સંગતિ થતી નથી. કારણ કે ૨૬મા શ્લોકમાં જ ભગવાને સમર્પણની શરતો જણાવીને તેવા સમર્પિત પદાર્થોનું જ હું અશન કરું છું તેમ ત્યાં કહ્યું છે, તે શરતો ૨૭મા શ્લોકને પણ લાગુ પડે જ છે. ૨૪ મા શ્લોકમાં નિશ્ચય કરીને સર્વ યજ્ઞોનો ભોક્તા અને નિયન્તા સ્વામી હું જ છું એમ જણાવી વેદ અને વેદમાં જણાવેલા યજ્ઞો લૌકિક નથી પણ અલૌકિક છે અને પરિણામે અલૌકિક ફળને સાધવામાં સહકારી છે, યજ્ઞોની

ફલશ્રુતિમાં કહેવાયેલા પુત્ર-સ્વર્ગ વગેરે લૌકિક ફળો તો **“बालानां रोचनार्थाय”** જેવા છે, વર્ના અન્તતોગત્વા મોક્ષ યોગ્ય અન્તઃકરણના સમ્પાદક છે. તેથી વેદમંત્રો વડે પવિત્ર-ઉપયુક્ત કરાયેલા લૌકિક જેવા દેખાતા યજ્ઞીય પદાર્થો પણ લૌકિક નથી પણ અલૌકિક જ છે અને યજ્ઞમાં આહુતિરૂપે અર્પણ કરાયેલ પદાર્થોનો ભગવાન વડે ભોગ થાય છે તેમ જણાવ્યું. તેથી યજ્ઞમાં જે દેવોનું યજન થાય છે તે દેવો પોતાના આરાધ્ય કે ઇષ્ટદેવ નથી, પોતાના આરાધ્ય-ઇષ્ટ તો એક માત્ર સાક્ષાત્ ભગવાન જ છે અને આ દેવતાઓ એ પોતાના આરાધ્ય ભગવાનના જ અંશરૂપ-વિભૂતિઓ છે અને ભગવાને જ વિશેષ કાર્ય અર્થે પોતાનાં તે-તે મુજબનાં રૂપો પ્રકટ કર્યાં છે તેમ જાણીને જ્યારે યજ્ઞ કરે છે, જેમ ભાગવત દશમ ઉત્તરાર્ધમાં રાજસૂયયજ્ઞના પ્રસંગમાં યુધિષ્ઠિરે ભગવાનને પ્રાર્થના કરી છે કે -

क्रतुराजेन गोविन्द राजसूयेन पावनीः ।
यक्ष्ये विभूतिर्भवतस्तत्सम्पादय नः प्रक्षो ॥

(ભાગ.૧૦-૭૨-૩)

અર્થાત્ - હે ગોવિન્દ ! રાજસૂયયજ્ઞ દ્વારા આપની જ વિભૂતિઓને તૃપ્ત કરવાની ઇચ્છા ધરાવું છું તેથી આપ તેનું સમ્પાદન કરો. આ રીતે વિભૂતિઓમાં ભગવદંશ જ્ઞાન થઇને યજન કરવામાં આવે છે ત્યારે તે અંશાત્મક દેવોનાં માધ્યમથી તેમના અંશી ભગવાનનું જ યજન થાય છે અને તે રીતે તેમના માધ્યમથી અંશી ભગવાન વડે જ આહુત પદાર્થોનો ભોગ થાય છે. પરન્તુ ભગવાનમાં આરાધ્ય-ઇષ્ટ બુદ્ધિ ન થઇ તે-તે દેવોમાં રાખીને યજન કરવામાં આવે છે ત્યારે પણ સર્વયજ્ઞોના નિયન્તા-સ્વામી-ફલદાતા તો એકમાત્ર ભગવાન જ હોવાથી અને તે-તે દેવો યજ્ઞના સ્વામી નિયન્તા, ફલદાતા ન હોવાથી જે ફલ થાય છે તે ફલ તો ભગવાન વડે

જ થાય છે પણ તે નષ્ટ થવાવાળું જ ફલ થાય છે, અનશ્વર ફલ થતું નથી કારણ કે દેવના રૂપને ભગવાનથી સ્વતંત્રરૂપમાં વિચારીને અને તેમને જ ફલદાતાના રૂપમાં આરાધ્યા છે પણ તેમના અંશી રૂપે ભગવાનને નહિ વિચારવાથી તે દેવમાં વિભૂતિપણાએ ભગવાનનો જેટલો અંશ છે તેટલા અંશનું જ પ્રીણન થવાથી અનશ્વર ફળ થતું નથી. આ રીતે મર્યાદામાર્ગમાં પણ ભગવાન વડે ભોગ જણાવી મર્યાદામાર્ગમાં સાક્ષાત્ ભોગ નથી પણ ભગવાનનો પરંપરાથી પરોક્ષ ભોગ છે તેમ સિદ્ધાન્ત બતાવ્યો. તેમજ તે પછીના ૨૫મા શ્લોકમાં દેવવ્રતવાળાઓ દેવોને, પિતૃવ્રતવાળાઓ પિતૃઓને, ભૂતોનું યજન કરનારાઓ ભૂતોને અને મારું યજન કરનારા મને પામે છે એમ કહીને મર્યાદામાર્ગમાં પણ રહેલા બે ભેદો ભક્તિરહિત મર્યાદા માર્ગ અને ભક્તિના મિશ્રણવાળો મર્યાદામાર્ગ એ બે વચ્ચે રહેલા માર્ગ ભેદથી ફલભેદને જણાવે છે કે વૈદિક યજનમાં ભગવદ્‌ભાવ શૂન્ય લોકો તેમની જે-જે દેવોના રૂપમાં નિષ્ઠા બનેલી છે તે દેવોને પામવા સુધીની જ તેમની ગતિ થાય છે કે જે ગતિ તેમને કે તેમના સંબન્ધી લોકને પ્રાપ્ત કરીને પણ **"आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन"** એમ ગીતામાં જણાવ્યા અનુસાર તેમનું ફરી પાછું આ લોકમાં પુનરાવર્તન થનારી ગતિ થાય છે, જ્યારે પુરુષોત્તમમાં બુદ્ધિવાળો અને બીજા દેવોમાં તેમના અંશની બુદ્ધિવાળો ભક્તિના મિશ્રણવાળો અધિકારી પુરુષોત્તમ બુદ્ધિવાળો થઇ યજ્ઞો વગેરે વડે જ્યારે પુરુષોત્તમનું યજન કરે છે ત્યારે **"मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते"** એ ગીતાવાક્ય મુજબ અપુનર્ભવરૂપ અનશ્વર ફળ ભગવત્સાયુજ્ય રૂપ મોક્ષને પામનારા થાય છે. એમ બન્ને મર્યાદામાર્ગમા ફલને કહી ૨૪-૨૫ શ્લોક વડે મર્યાદામાર્ગીય સમર્પણ અને મર્યાદામાર્ગીય ફલને જણાવી ૨૬મા શ્લોકમાં -

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥

(ગીતા. ૯-૨૬)

એમ ભક્તિમાર્ગીય સમર્પણનો પ્રકાર અને એનું ફલ એમ બન્ને આમાં જણાવ્યાં છે. સમર્પણના પ્રકારમાં ચાર શરતો મૂકી છે. **(૧) 'मे प्रयच्छति' પુરુષોત્તમ જાણીને ભગવાનને અર્પણ કરાયું હોય. (૨) 'भक्त्या प्रयच्छति' ભક્તિ-પ્રેમ વડે સમર્પ્યું હોય, (૩) 'भक्त्युपहृतम्' ભક્તિ-ઉપહૃત પદાર્થ હોય અને તે સમર્પાયો હોય (૪) 'प्रयतात्मनः' સમર્પણ કરાયેલ પદાર્થ પોતાના અન્તઃકરણને વશમાં રાખનાર વ્યક્તિના સ્વત્વનો હોય.** અને આવા ભક્તિમાર્ગીય સમર્પણનું ફલ એ **'अश्नामि'** સમર્પણ કરાયેલ પદાર્થોનો ભગવાન દ્વારા યથાસ્થાન-યથોચિત ભોગરૂપમાં સ્વીકાર છે.

ગીતાનો આને આજ શ્લોક આજ શબ્દોમાં શ્રીભાગવત દશમ સ્કન્ધ ઉત્તરાર્ધમાં સુદામા આખ્યાનમાં સુદામા પ્રતિ ભગવાન વડે કહેવાયો છે. આના ઉપરની સુબોધિની ખૂબ જ સુન્દર દષ્ટવ્ય છે. ત્યાં શ્રીઆચાર્યચરણ લખે છે- **'पत्रं तुलस्यादि, पुष्पं लवङ्गादि, फलमाम्रादि, तोयं गङ्गाजलादि.....अहमिति पुरुषोत्तमः मदर्थं सम्पाद्य स्वाधिकारानुसारेण यत्र क्वचिन्निवेदयतु तत्रैवाहं भक्षयामीत्यर्थः । दानसमये भक्त्यैव दानं, यथेष्टं पुत्राय कश्चित्प्रयच्छति मम तु ततोऽपि विशेष इत्याह भक्त्युपहृतमिति । तत्स्थानादुद्धरणप्रभृतिमत्समीपानयनपर्यन्तं स्नेहस्याविच्छेदोऽपेक्ष्यते । स्मरणसहितस्नेह इति केचित् । किञ्च। तच्चेद्द्रव्यं प्रयतात्मनो भवति प्रकर्षेण नियतान्तःकरणस्य कामादिसर्वदोषरहितस्य चेत्पत्रादिकं भवेत्तदा अवश्यमश्नामि । अशनं**

यथाक्रियोपलक्षकम् । वस्तुतस्तु सर्वमेतच्चतुष्टयमध्ये निविशति । अन्नवस्त्रादिकमपि फलमेव, दुग्धेक्षुरसादिकं तोयं, ताम्बूलादिकं पत्राणि, सुवर्णादिकं पुष्पाणीति । अन्तःप्रवेशनं च भोजनम् । यत्र क्वचित् स्थापितमात्मसात्करोतीत्यर्थः ।'

(શ્રીવલ્લભાચાર્ય - ભાગ. સુબો.૧૦-૮૧-૪)

અર્થાત્ : - 'તુલસી વગેરે પત્ર, લવિંગ વગેરે પુષ્પ, કેરી વગેરે ફળ, ગંગાજલ વગેરે જળ....... હું એટલે પુરુષોત્તમ-મારા અર્થે સંપાદન કરી પોતાના અધિકાર અનુસાર જ્યાં ક્યાંય-જ્યારે ત્યારે (મને) નિવેદન કરવામાં આવે ત્યારે અને ત્યાં જ હું ભક્ષણ કરું છું. આપતી વખતે ભક્તિ વડે જ અપાયેલું હોવું જોઈએ, જેમ કોઈ પોતાને અભીષ્ટ હોય તે પોતાના પુત્રને આપે છે, મારા માટે તો તેથી પણ કંઈક વિશેષ છે તે કહે છે-ભક્તિ-ઉપહૃત હોવું જોઈએ. જ્યાંથી વસ્તુ લેવામાં આવે ત્યાંથી લઈને મારી પાસે લાવવા સુધીમાં ક્યાંય પણ સ્નેહ ખંડિત થવો ન જોઈએ. ભક્તિ-ઉપહૃતનો અર્થ કેટલાક લોકો સ્મરણસહિત સ્નેહ એમ કરે છે. વળી, તે દ્રવ્ય પ્રયતાત્માનું હોય એટલે કે પ્રકૃષ્ટતાથી જેણે પોતાના મન-બુદ્ધિ વગેરેને પોતાના વશમાં રાખ્યા હોય-એટલે કે કામ-ક્રોધ વગેરે દોષોથી રહિત એવા વ્યક્તિનું જો દ્રવ્ય ભક્તિપૂર્વક મને નિવેદન કરાયું હોય ત્યારે તેનું હું અવશ્ય અશન-ભોજન કરું છું. અહીં અશન-ભોજન જે-તે ક્રિયાનું ઉપલક્ષક છે તેથી જે-તે વસ્તુ અનુસાર તેનું ભગવાન અશન કરે છે-ભોગ કરે છે એમ સમજવું. વાસ્તવિક અર્થમાં તો જે કંઈ પણ નિવેદન કરવામાં આવતા પદાર્થો છે તે આ ચાર (પત્ર-પુષ્પ-ફલ-જળ) તેમાં નિવેશ થઈ જાય છે. અન્ન-વસ્ત્ર વગેરેનો ફલમાં સમાવેશ છે. દુધ-શેરડીનો રસ વગેરેનો જળમાં સમાવેશ છે, નાગરવેલના પાન વગેરેનો પત્રમાં સમાવેશ છે અને

સુવર્ણ-રત્ન વગેરેનો પુષ્પમાં સમાવેશ સમજવો.'

ગીતાના આ સમર્પણ પ્રકરણમાં આ બન્ને ૨૬-૨૭ શ્લોકથી મર્યાદામાર્ગીય સમર્પણથી શુદ્ધ ભક્તિમાર્ગીય સમર્પણને વિલક્ષણતાથી અલગ પાડીને જણાવ્યું છે. શુદ્ધ ભક્તિમાર્ગીય સમર્પણમાં સમર્પણ કરનારમાં અને સમર્પણ કરવામાં વિશુદ્ધ પ્રેમથી ઈતર બીજો કોઈ હેતુ ન હોવો જોઈએ તેમજ જે પદાર્થ સમર્પણ કરવાના છે તે પણ ભક્તિ-ઉપહૃત એટલે કે પત્ર-પુષ્પ વગેરે પદાર્થ જ્યાંથી પણ લેવામાં આવે ત્યાંથી લઈને પ્રભુને નિવેદન થતાં સુધીમાં સ્નેહ જળવાયેલો હોવો જોઈએ. એટલે કે જે પદાર્થ લેવામાં આવે તે વખતથી લઈને નિવેદન થતાં સુધીમાં દરેક ક્રિયા પાછળ મનમાં માત્ર સ્નેહ જ હેતુ-કારણ હોવું જોઈએ. પોતાના માટે કે બીજાના માટે નહિ પણ પ્રભુ માટે જ લેવામાં આવે અને લીધા પછીથી પ્રાપ્ત કરેલા પદાર્થને પ્રભુસમક્ષ નિવેદન કરવામાં પણ-નિવેદન કરવાની ક્રિયામાં પણ સ્નેહપૂર્ણતા હોવી જોઈએ, જેમ કે પ્રભુ માટે એક ડઝન કેળાં ખરીદ્યાં અને કેળાંની આખી લૂમ એમને એમ પ્રભુ આગળ નિવેદન કરી દેવી એમ નહિ, પણ ગમે તે જગ્યાએ રખાયેલા અને ગમે તેવા હાથ લાગેલા કેળાંને પ્રથમ શુદ્ધ જલથી ખાસા કરી- ધોઈ ત્યાર બાદ પ્રભુને આરોગવામાં અનુકૂળ પડે તે રીતે કેળાં ઉપરના છિલકા ઉતારી, અંદરના રેશા દૂર કરી આરોગવા યોગ્ય નાના ટૂક કરી સ્વચ્છ-પવિત્ર પાત્રમાં ધરી નિવેદન કરવાં, તેમજ પદાર્થ લેવાથી લઈ નિવેદન કરતાં સુધીમાં મનમાં અતિશય પ્રેમવશ ભગવત્સુખનો વિચાર સતત રહેવો જોઈએ. ઉપરાંત નિવેદન કરનાર પોતે પણ પોતાના મન-બુદ્ધિ-ચિત્ત અને ઈન્દ્રિયોને પોતાના વશમાં રાખેલો હોવો જોઈએ. સમર્પણમાં આંતરિક દોષથી પણ પદાર્થ દુષિત થાય છે. જેમ સ્વાદિષ્ટ પદાર્થને જોઈ તેને ખાવાની ઈચ્છા થઈ આવવી. લાલ રંગના પદાર્થને જોઈ તેમાં રક્ત-માંસ વગેરેની ભાવના થવી, મનમાં ક્રોધ ઉત્પન્ન થઈ સમર્પણ કરતાં ગમે તે પ્રકારનું નિવેદન થઈ સ્નેહ નહિ

જળવાવો. પોતાના શારીરિક વગેરે દુ:ખોના અનુભવમાં ભગવત્સુખનો વિચાર લોપ થઈ જવો વગેરે આંતર દોષો સ્નેહ અને ભગવદ્ભાવમાં બાધા રૂપ હોવાથી તેવી અવસ્થામાં કરાયેલું સમર્પણ ક્લેશકર હોવાથી અને કૃષ્ણ અને કલેશ બન્ને એકબીજાના વિરોધી હોવાથી અનિયત-અન્ત:કરણવાળાઓને સમર્પણમાં આવા દોષો સંભવ હોવાથી સમર્પણ કરાયેલું ભગવદંગીકૃત થયું કે નહિ તેનો નિશ્ચય નહિ થવાથી પોતાને વશ રાખેલા અંત:કરણવાળાઓ દ્વારા અતિશય સ્નેહપૂર્વક કરાયેલું સમર્પણ પ્રભુ અવશ્ય અંગીકાર કરે છે.

આ પ્રમાણે ભાગવતમાં કહ્યા પ્રમાણે અને ગીતામાં કહ્યા પ્રમાણે બન્ને વાક્યોને સાથે મેળવીને વિચારતાં પ્રેમીભક્ત વડે સમર્પણ કરાયેલા પદાર્થો પ્રભુ પ્રત્યક્ષ સ્વયં અંગીકાર કરે છે એ વાત નિર્વિવાદ છે. યદ્યપિ ગીતાના **‘अश्नामि’ ‘હું અશન કરું છું’**-જમું છું આ વાક્ય સાથે **‘अनश्नन् अन्यः’ ‘બીજું પક્ષી જે પરમાત્મા છે તે ફલ ભોગ કરતું નથી.’** આ ઉપનિષદ્ વાક્યનો વિરોધ પ્રાપ્ત થાય છે, પરંતુ ઉપનિષદ્ વાક્યમાં જે બ્રહ્મ વડે ભોગનો નિષેધ છે તે જીવભોગની માફક લૌકિક ભોગનો બ્રહ્મમાં નિષેધ કરે છે, તેથી કરીને બ્રહ્મમાં અલૌકિક અથવા જીવથી વિલક્ષણ ભોગનો બ્રહ્મમાં નિષેધ પ્રાપ્ત થતો નથી. જ્યારે ગીતા વાક્યમાં જે ભગવદ્ભોગ છે તે જીવભોગથી વિલક્ષણ અલૌકિક ભોગને દર્શાવે છે તેથી બન્ને વાક્યો વચ્ચે વિરોધ રહેતો નથી. જીવ કામમય છે. **‘काममयोऽयं पुरुषः’** એ પ્રમાણથી અને ભગવાન આનન્દમય છે **‘रसो वै सः’**(તૈત્તિરીય ઉપ.) તથા **‘आनन्दमयोऽभ्यासात्’** (બ્રહ્મસૂત્ર ૧-૧-૧૧) વગેરે પ્રમાણથી. જીવ કામમય હોવાથી કામવશીભૂત અતૃપ્ત વાસનાવશીભૂત થઈ અપૂર્ણતાએ ભોગેષણાવાળો બની રહી ભોગ કરે છે અને ભગવાન આનન્દમય-આનન્દપ્રચુર હોવાથી આનન્દના સ્વભાવે આનન્દ થકી આનન્દની પૂર્ણતાએ ભોગ કરે છે આજ બન્ને

ભોગ વચ્ચેની વિલક્ષણતા છે. જીવ તિરોહિત આનન્દ છે. અક્ષર ગણિતાનંદ છે અને ભગવાન પૂર્ણાનન્દ-પરમાનન્દ છે. આ રીતે જીવ અને અક્ષર બન્નેના સ્વરૂપથી પણ ભગવાન વિલક્ષણ છે.

ગીતાનું વાક્ય પુરુષોત્તમભોગને દર્શાવનારું છે એ સુબોધિનીસ્થ શ્રીઆચાર્યચરણના વાક્યથી **‘अहं पुरुषोत्तमः अश्नामि’** આનાથી જાણી શકાય છે અને શિક્ષાશ્લોકોમાં શ્રીઆચાર્યચરણ લખે છે કે **‘न लौकिकः प्रभुः कृष्णः मनुते नैव लौकिकम्’ ‘પ્રભુકૃષ્ણ લૌકિક નથી અને તે લૌકિકભાવે કરેલું માનતા નથી’** તેથી પોતાના ભોગની અલૌકિકતા જણાવવા ભગવાને સમર્પણ બાબતમાં **ભક્તિપૂર્વક અપાયેલું -ભક્તિ ઉપહૃત હોય તેવું અને તે પણ પોતાના અન્ત:કરણને વશમાં રાખેલાનું દ્રવ્ય-પદાર્થ હોય** એમ ત્રણ વાત કહી છે. ગીતામાં ભગવાનને અનન્યા ભક્તિ જ અભીષ્ટ છે. અનન્ય એટલે ભગવાનથી ઈતર અંશ-વિભૂતિ-દેવો વગેરેની નહિ પણ માત્ર ભગવાનની જ, અથવા ભગવાનની ભક્તિસહિત અન્યોની પણ ભક્તિ કરતાં વહેંચાયેલી ભક્તિ તેવી ભક્તિ નહિ. તેવી જ રીતે ભક્તિ-ઉપહૃત એટલે વૈદિક કર્મ-જ્ઞાન-ઉપાસના વગેરે માર્ગોના નિયમ મુજબ સંપાદન કરાયેલા પદાર્થો નહિ પણ ભક્તિમાર્ગીય મર્યાદા મુજબ-ભક્તિને હાનિ ન પહોંચે તેવા નિયમ મુજબ સંપાદન કરાયેલા પદાર્થો અને નિયત અન્ત:કરણવાળા એટલે સંસારના સુખ-દુ:ખો, પ્રસંગો કે વાતોને જોઈ-સાંભળીને પણ ભગવદાશ્રયભાવથી ભ્રષ્ટ નહિ થઈ ક્યારેય અન્યાશ્રયને મન-કર્મ-વચનથી નહિં સ્વીકારનારા. ઈન્દ્રિયોના વિષયોની કામનાઓના આવેગને વશ થયેલું નિર્બળ અન્ત:કરણ અઘટતા-અકલ્યાણકર માર્ગનું અનુસરણ કરનારું બની જાય છે જ્યારે આત્માને વશ થઈ રહેલું સબળ અન્ત:કરણ અઘટિત માર્ગ પર ક્યારેય પોતાના પગ મૂકતું નથી. તેમજ ભાગવતના એકાદશ સ્કન્ધમાં-

यद्यदिष्टतमं लोके यच्चातिप्रियमात्मनः ।
तत्तन्निवेदयेन्मह्यं तदानन्त्याय कल्पते ॥
(ભાગ.૧૧-૧૧-૪૧)

ભાગવતના આ વાક્ય મુજબ લોકમાં ઉત્તમ ગણાતાં અને જે પોતાને અતિપ્રિય હોય તેવા પદાર્થો ભગવાનને સમર્પવાના છે. તેમાં લોકોત્તમ હોય કે પોતાને પ્રિય હોય પણ જે શાસ્ત્રસંમત ન હોય તેવા પદાર્થોનું સમર્પણ ભક્તિમાર્ગીય મર્યાદા વિરુદ્ધનું છે. તેમજ લોકોત્તમ, આત્મપ્રિય અને શાસ્ત્રસંમત હોવા છતાં પણ ભક્તિમાર્ગ અથવા તો સ્નેહ માર્ગને અનુકૂળ ન હોય તેવા પદાર્થો પણ ભગવાનને સમર્પવાના હોતાં નથી. અતઃ પોતાને પ્રિય તેવા પદાર્થો સમર્પ્યા પછી પોતાને ભોજનમાં આનંદ આવશે એમ વિચારીને પણ સમર્પવાના નથી પરંતુ આ પદાર્થ ભગવાનને પ્રિય થશે કે નહિ તે ભગવાન જયાં સુધી સ્વમુખે આજ્ઞા ન કરે અથવા તેવી સિદ્ધિપ્રાપ્તદશા ન હોય ત્યાં સુધી ઉપર મુજબના વિચારપૂર્વક લોકોત્તમ-ભક્તિમાર્ગ સ્નેહમાર્ગને અનુકૂળ-શાસ્ત્રસંમત હોઈને ભગવાનને પ્રિય થશે તેના નિશ્ચય માટે જ તે પૂરતો જ આત્મપ્રિયતાનો વિચાર કરવાનો છે. વર્ના મુખ્યમાં તો ભગવત્ પ્રિયતાને જ ચિત્તમાં રાખવાની છે. કામનાઓને વશીભૂત થયેલ અન્તઃકરણવાળો ભગવત્સુખ કે ભગવત્ પ્રિયતાનો વિચાર કરવા સક્ષમ નથી હોતો. ઉપરાંત કામવશ અન્તઃકરણવાળો જે કરશે તે લૌકિકભાવે જ કરશે જ્યારે અહીં તો અલૌકિકભાવનું હોવું એ પ્રથમ અને મુખ્ય છે તેથી ગીતામાં નિયત અન્તઃકરણવાળાનું દ્રવ્ય સમર્પણ-સ્વોપભોગયોગ્ય જણાવ્યું છે.

પૂર્વોક્ત ભાગવત-ગીતાના બંને વાક્યોને સાથે મેળવીને સિદ્ધાન્તરહસ્યના આ પંચમશ્લોકમાં શ્રી આચાર્યચરણ આ સમ્પ્રદાય માટે સામિભુક્ત એટલે કે અર્ધભુક્ત પદાર્થનો સમર્પણમાં

નિષેધ કરે છે. સામિભુક્ત એટલે અર્ધભુક્ત અને અર્ધભુક્ત એટલે ભગવાન વડે તે પદાર્થનો ભોગ થતાં પહેલા કોઈ બીજા વડે ચાહે તે મનુષ્ય હોય, પિતૃ હોય કે ઈન્દ્ર-ગણેશ વગેરે દેવ હોય તેમના વડે પદાર્થના કેટલાક ભાગનો ભોગ કરાઈ ચુકયો હોય ત્યારે દેવ-પિતૃના પણ દેવ એવા ભગવાનને આવા સામિભુક્ત-અર્ધભુક્ત પદાર્થનું સમર્પણ એ ભક્તિમાર્ગમાં નિષિદ્ધ છે.

સામિભુક્ત પદાર્થની બાબતમાં શ્રી ગોકુલનાથચરણ બે વાત જણાવે છે. એક તો ભગવાનને માટે લાવેલા પદાર્થમાંથી અજાણતામાં પણ જો થોડાક અંશનો પણ કોઈના પણ દ્વારા ભોગ-ઉપભોગ કરવામાં આવી જાય ત્યારે તે બાકી રહેલો પદાર્થ અર્ધભુક્ત-સામિભુક્ત કહેવાય તેથી તેવો પદાર્થ અસમર્પિત છે તેમ વિચારી પોતાના ઉપયોગ માટે ભગવાનને સમર્પિત કરી પછી તેના ઉપયોગની ઈચ્છા રાખે તો તે પદાર્થ અર્ધભુક્ત હોવાથી ભગવાનને સમર્પણ કરી શકાય નહિ, અને બીજી વાત જણાવે છે કે પોતાના ઉપયોગ માટે પદાર્થ લાવ્યા અને એમાંથી પોતાના ઉપયોગ જેટલો પદાર્થ ભગવાનને સમર્પી સમર્પિતનો પોતે ભોગ કરી ફરીથી તે પદાર્થની પોતાને જરુર ઉભી થતાં બાકી રહેલો પદાર્થ ભગવાનને સમર્પી પોતે ઉપયોગ કરવાની ઈચ્છા રાખે ત્યારે બાકી રહેલો પદાર્થ પણ સામિભુક્ત કહેવાય તેથી તે ભગવાનને સમર્પણ કરી શકાય નહિ. જેમ કે 30 મીટર કાપડનો તાકો લાવ્યા તેમાંથી પોતાની બંડી ખમીસ વગેરે બનાવવા તાકામાંથી 3 મીટર કાપડ કાઢીને તે ભગવત્ પ્રસાદી કરાવી તે બંડી-ખમીસનો પોતે ઉપયોગ કરવા લાગી ગયા અને એક માસ-બે માસ પછી ફરીથી પોતાને માટે બંડી-ખમીસ બનાવવાની જરુર ઉભી થતાં ફરી પાછું 3 મીટર કાપડ કાઢી ભગવત્ પ્રસાદી કરાવવાની ઈચ્છા રાખે તો પ્રથમ પોતાના દ્વારા ભોગ થઈ ગયો હોવાથી બાકી રહેલું ૨૭ મીટર કાપડ સામિભુક્ત કહેવાય. તેથી પોતાના હેતુથી જે પદાર્થ લાવવામાં આવે તે સમ્પૂર્ણ-બધું જ

પોતાના કે બીજાના ઉપયોગમાં આવતા પહેલાં જ એકી સાથે ભગવાનને નિવેદન કરવું જોઈએ. કારણ કે 30 મીટર કાપડ ભગવાનના હેતુથી લાવવામાં નથી આવ્યું પણ પોતાના કે બીજાના હેતુથી લાવવમાં આવ્યું છે તેથી તેનો પોતાના દ્વારા ભોગ થતાં બાકીનું અર્ધભુક્ત કહેવાય. શ્રીઠાકરોજીના ભોગ અર્થે ભંડારમાં રાખેલા ૧૦ કિલો ચોખામાંથી આજે ૫૦૦ ગ્રામ ચોખાની રસોઈ કરી ભોગ ધરવામાં આવે અને તેનો પ્રસાદ પોતે ગ્રહણ કરે ત્યાર બાદ પણ બાકી રહેલા સાડા નવ કીલો ચોખા સામિભુક્ત કહેવાશે નહિ અને તેમાંથી બીજા દિવસે પણ ચોખા લઈ તેની રસોઈ કરી સમર્પણ કરવામાં કોઈ બાધ નથી. કારણ કે આ પદાર્થ ભગવાન માટે છે અને તે સમર્પિત થયો નથી એ જ બુદ્ધિ હોય છે અને ભગવદ્‌ભોગના અનન્તર ભગવાને પ્રસાદરૂપમાં આપ્યું છે. એમ બુદ્ધિ હોય છે. જ્યારે પોતાને વિચારીને લાવેલા પદાર્થમાં આ પદાર્થ મારા માટે છે અને તે અસમર્પિત છે એમ બુદ્ધિ હોય છે. પોતાને માટે-પોતાના હેતુથી લાવેલો પદાર્થ અને તેનો અંશાત્મક પોતાના દ્વારા ભોગ થતાં ‘મારા માટે’ માંથી ‘મે ભોગ કર્યો’ ની બુદ્ધિ થાય છે અને બાકી રહેલો અંશ તેને માટે પણ મારે હવે પછીથી આને ભોગ કરવાનો છે એમ બુદ્ધિ હોય છે તેથી બાકી રહેલો અંશ સામિભુક્ત કહેવાય છે. જ્યારે ભગવાન માટે લાવેલા પદાર્થમાં ભગવત્ પ્રસાદીનો પોતાના દ્વારા ભોગ થઈને પણ બાકી રહેલા અંશમાં ‘મારા માટે છે’ એ ‘હવે પછી આનો મારે ભોગ કરવાનો છે’ તેવી બુદ્ધિ નથી થતી પણ તેમાં ભગવાન માટેની જ બુદ્ધિ થાય છે તેથી તેને સામિભુક્ત કહી શકાય નહિ.

શ્રીવ્રજોત્સવજી શ્રીગોકુળનાથજીએ કહેલી વાતને જ કંઈક વિશેષ પ્રકારે પ્રસ્તુત કરતાં જણાવે છે કે યદ્યપિ સેવાનો અધિકાર જેને તેને બ્રહ્મસમ્બન્ધ થયા પછી જ પ્રાપ્ત થાય છે તેમ છતાં પણ આત્મનિવેદનમાં જે સ્ત્રી-પુત્ર વગેરેનું નિવેદન કરવામાં

આવે છે તેનું પણ આજ કારણ છે કે અહં-મમમાં આવતાં પદાર્થો પૈકી આત્માનું સમર્પણ કરીને જો સ્ત્રી-પુત્ર વગેરેનું નિવેદન કરવામાં ન આવે ત્યારે પૂર્વથી જ પ્રતિદિન તેમનો અન્યત્ર કે પોતાના અર્થે ઉપયોગ થતો જ હોવાથી, તેમ હોતાં જો વચ્ચે જ કેવલ આત્માનું જ સમર્પણ કરવામાં આવે ત્યારે અહં-મમના પદાર્થો પૈકી કેવલ આત્માનું સમર્પણ કરી અન્ય પદાર્થોનું સમર્પણ નહિ કરતાં તેવું સમર્પણ સામિભુક્તવાળું જ બની જશે અને તેવું સામિભુક્ત સમર્પણ પ્રભુ માનતા નથી તેથી દીક્ષા વખતે અહં-મમના પદાર્થોનું એક અંશે નહિ પણ સર્વ અંશોથી સમર્પણ કરવામાં આવે છે. આ રીતે આપશ્રી સામિભુક્ત પદાર્થોમાં અન્ન-વસ્ત્ર વગેરેથી અધિક જડ-ચેતન સર્વમાં જ આ પ્રકાર સ્વીકારે છે. આ રીતે વિચારતાં બ્રહ્મસંબંધ કર્યા પછીથી સ્નેહ કે જીવન પણ સામિભુક્ત ન હોવા જોઈએ. એટલે કે સ્નેહ ભગવાનમાં રાખી બીજાઓમાં પણ સ્વ સંબંધે કે લૌકિક સંબંધે સ્નેહ રાખવો તથા જીવનનો કે દિવસ-માસ-વર્ષનો અમુક ભાગ ભગવાનમાં ઉપયોગ કરી બાકીનો સમય પોતાના કે લૌકિક સંબન્ધે લૌકિકમાં વાપરવો કે વિતાવવો એ પણ સ્નેહ કે જીવન સામિભુક્ત જ કહેવાશે તેથી સ્નેહ કે જીવન બન્નેનો સર્વ અંશે પ્રભુમાં જ વિનિયોગ કરવો એમ સમજી શકાય છે.

શ્રીહરિરાયચરણ સમસ્ત લૌકિક-વૈદિક કર્મ કૃષ્ણાર્પણ બુદ્ધિથી કરવામાં આવે અથવા તો લૌકિક-વૈદિક કર્મ કરીને પછી તે કૃષ્ણને અર્પવામાં આવે તો એમાં પણ સેવકશેષત્વ રહેલું હોવાથી સામિભુક્તનો દોષ પ્રાપ્ત થાય છે એમ જણાવે છે. કૃષ્ણાર્પણની બુદ્ધિથી અથવા તો બુદ્ધિથી જ -વિચારથી જ કૃષ્ણને અર્પણ કરીને કર્મ કરવામાં આવે ત્યારે પણ સામિભુક્તનો દોષ પ્રાપ્ત થાય છે. કેવલ મતિ-વિચારથી જ સમર્પણ કરાતાં તેમાં અન્યશેષપણાનો દોષ પ્રાપ્ત થાય છે. જેમ કે દેવ યા પિતૃઓને ઉદ્દેશીને-દેવકાર્ય યા પિતૃકાર્ય માટે તેમના નૈવેદ્ય માટે રસોઈ બનાવવામાં આવી એ

રસોઈના પદાર્થો પ્રભુને પ્રત્યક્ષ ભોગ ન ધરતાં માત્ર હે પ્રભુ આપ આરોગજો અથવા તો આ કૃષ્ણને અર્પણ એમ વિચારથી અર્પણ કરી ત્યાર બાદ દેવ યા પિતૃને તે-તે કાર્યમાં પ્રત્યક્ષ નિવેદન કરવામાં આવે ત્યારે તે દેવશેષ કે પિતૃશેષ વસ્તુઓને તમારા દ્વારા અર્પણ કરવા છતાં પણ દેવોના દેવ એવા કૃષ્ણ સ્વીકારતા નથી. તેથી લૌકિક હોય કે વૈદિક હોય તેમજ વૈદિકમાં પણ દેવ અર્થે હોય કે પિતૃ અર્થે હોય પોતે શ્રીપ્રભુનો સેવક હોવાથી જે કંઈ પણ હોય તે બધું જ શ્રીપ્રભુને અર્પણ કરીને પ્રભુની આજ્ઞા લઈ લૌકિક- વૈદિક કર્મો સમ્પન્ન કરવા અને તેમાં ભગવત્પ્રસાદ વડે જ દેવો કે પિતૃઓને તૃપ્ત કરવા.

શ્રીપુરુષોત્તમચરણના જણાવ્યા અનુસાર ભગવાનને નિવેદન કરવાના પદાર્થમાં નિવેદન કરતાં પૂર્વ પદાર્થ સારો છે કે ખરાબ તેની પરીક્ષાર્થ નિવેદન કરવા માટેના પદાર્થમાંથી સાધારણ અંશ લઈ મુખમાં મૂકવામાં આવે તો તેમાં સામિભુક્ત દોષ લાગતો નથી. કારણ કે તે પદાર્થ જોઈને પણ તેને ખાવાની ઈચ્છા નથી થતી અને ઈચ્છા પણ થાય તોએ તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન થતો નથી. ભગવાનને ભોગ ધરવા માટેના પદાર્થ જોઈ કોઈકને ખાવાની ઈચ્છા થઈ આવે, ત્યારે પણ તે પદાર્થ દુષિત થતો નથી પણ તે દોષ ચેતન જીવને ભગવાનના ભોગમાં પોતાના ભોગની દૃષ્ટિ રાખવાનો અપરાધ પ્રાપ્ત થાય છે. યદિ ઈચ્છા થઈને તેમાંથી થોડું મેળવી લેવાનો ઉઠાવી લેવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે તો ઉઠાવેલી વસ્તુમાં પણ દોષ પ્રાપ્ત થાય છે. (ભગવાનના ભોગમાં સમર્પવા માટે બદામ વગેરે ને ચાખીને પરીક્ષા કરવામાં આવે છે કે કડવી છે કે સારી છે, ત્યારે પણ સામ્પ્રદાયિક પદ્ધતિ મુજબ બદામનો જે થોડોક ભાગ તોડીને મુખમાં મૂકવામાં આવે છે તેને માત્ર ચાખી મુખથી થુંકી દેવાની પદ્ધતિ છે, તેને ખાઈ જવાનો પ્રકાર નથી હોતો, આ વિવેક આ સ્થળે અવશ્ય જાણવવો એમ મારું માનવું છે.)

* * *

(૬) ષષ્ઠ શ્લોક

तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ।
दत्तापहारवचनं तथा च सकलं हरे : ६ ॥
न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ॥ ६$\frac{૧}{૨}$ ॥

સાન્વય પદાર્થ : **'तस्मात्'** (તેટલા માટે) **'आदौ'** (પહેલાં) **'सर्वकार्ये'**(સર્વ કાર્યમાં) **'सर्ववस्तुसमर्पणम्'** (સર્વ વસ્તુનું સમર્પણ), **'तथा च'** (તેમજ) **'दत्तापहारवचनम्'**(આપેલું -સમર્પેલું લેવું એ વાક્ય)**'सकलं'** (સર્વ કંઈ)**'हरेः'** (હરિનું) **'न'**(ન) **'ग्राह्यम्'** (લેવું), **'इति'** (એમ), **'वाक्यम्'**(એ વચન) **'हि'** (નિશ્ચય કરીને-ખરેખર) **'मतम्'**(અન્યમાર્ગને અનુસાર) (મનાયલું છે.)

અર્થ :- તેટલા માટે પહેલાં સર્વકાર્યમાં સર્વવસ્તુનું સમર્પણ કરવું (સ્મૃતિ વગેરે શાસ્ત્રમાં) સમર્પેલું-લેવું (એ દત્તાપહાર દોષ છે) એ વાક્ય અને શ્રી હરિનું સર્વ કંઈ ગ્રહણ નહિં કરવું એ વાક્ય ભિન્નમાર્ગ (પુષ્ટિમાર્ગથી ઈતર મર્યાદામાર્ગ)માં ઉપયોગી છે.

ગ્રન્થવિવરણ - ભગવાનને સમર્પણ કર્યા વિનાની વસ્તુથી લૌકિક-વૈદિક કોઈ પણ કાર્ય ન કરવું પણ ભગવાનને સમર્પીને જ પછી કાર્ય કરવું. સર્વકાર્યમાં સર્વ વસ્તુ ભગવાનને સમર્પીને જ કરવું આ બાબતમાં ટીકાકારોના અભિપ્રાયો આ મુજબ છે -

(૧) શ્રીગોકુલનાથજી - **'यस्मात्पूर्वमसमर्पित-**

वस्तुसम्बन्धो न कर्तव्य इत्युक्तम्, पश्चादर्धभुक्तसमर्पणमपि न कर्तव्यमित्युक्तम्, तस्मादादौ स्वोपभोगात्पूर्वमेव सर्ववस्तुपदेन भार्यापुत्रादीनामपि समर्पणं कर्तव्यम् । विवाहानन्तरं स्वोपयोगात्पूर्वमेव स्वोपयोगार्थमेव तन्निवेदनं कर्तव्यम् । एवमपि पुत्रोत्पत्त्यनन्तरमपि पुत्रादीनां समर्पणं कर्तव्यम्' **અર્થાત્**- આ ગ્રન્થમાં પહેલાં એમ કહ્યુ કે અસમર્પિત વસ્તુનો સંબન્ધ નહિ કરવો. ત્યાર પછી અર્ધભુક્ત વસ્તુનું સમર્પણ પણ નહિ કરવું એમ કહ્યું. તેથી પહેલાં એટલે કે પોતાના વડે ભોગ કરાતાં પહેલાં જ, સર્વવસ્તુ પદ વડે પત્ની-પુત્ર વગેરેનું પણ સમર્પણ કરવું. વિવાહ થયા પછી (સ્ત્રી-પત્નીનો) પોતાના વડે ઉપયોગ થતાં પહેલા જ પોતાના ઉપોગને અર્થે જ તેનું (પ્રથમ) નિવેદન કરવું. એ જ પ્રમાણે પુત્રનો જન્મ થાય એટલે તે પછી પુત્ર વગેરેનું પણ સમર્પણ કરવું.

(૨) શ્રીરઘુનાથજી -'यस्मात्सर्वांशेनासमर्पणं भगवदमतं तस्मात्सर्वस्मिन्नपि कर्तव्यत्वेन प्राप्ते कार्यमात्रे आदौ प्रथमत एव सर्ववस्तूनां समर्पणं कुर्यादिति शेषः ।'

અર્થાત્ - સર્વ અંશો વડે સમર્પણ ન કરવું (માત્ર અમુક અંશ વડે જ સમર્પણ કરવું) તે ભગવાનને સંમત નથી તેથી દરેકમાં જ કર્તવ્યપણાથી પ્રાપ્ત કાર્યમાત્રમાં "આદિમા" એટલે કે કાર્ય આરંભ કરતાં પહેલાં જ સર્વવસ્તુઓનું સમર્પણ કરવું એટલું અહીં શેષ છે એમ સમજવું.

(૩) શ્રીકલ્યાણરાયજી - 'यस्मादन्यभुक्तावशिष्टस्य भगवति समर्पणं निषिद्धम्, तस्मात् सर्वेषु कार्येषु कर्तव्येषु आदौ स्वोपभोगात्पूर्वमेव सर्ववस्तूनां समर्पणं कर्तव्यमित्यर्थः । अत एव पुराणेषु 'विष्णोर्निवेदितान्नेन यष्टव्यं देवतान्तरम् । पितृभ्यश्चापि

तद्देयं तदानन्त्याय कल्पते । पितृशेषं तु यो दद्यात् हरये परमात्मने । रेतोधाः पितरस्तस्य भवन्ति क्लेशभागिन इति ।' **અર્થાત્** - બીજાઓ વડે ભોગ કરાઈને બચેલું ભગવાનને સમર્પણ કરવું નિષિદ્ધ છે. તેથી કર્તવ્યપણાથી પ્રાપ્ત સર્વ કાર્યોમાં પહેલાં-પોતાના વડે ઉપભોગના પહેલાં જ સર્વ વસ્તુઓનું સમર્પણ કરવું એમ અર્થ છે. તેથી જ પુરાણોમાં કહ્યું છે કે **'વિષ્ણુને નિવેદન કરાયેલા અન્ન વડે જ બીજા દેવતાઓનું યજન કરવું અને (પિતૃકાર્યમાં) પિતૃઓને પણ તે જ અન્ન આપવું. આ પ્રમાણે કરવાથી તે અનન્ત થાય છે. જે લોકો પિતૃશેષ પદાર્થ પરમાત્મા શ્રીહરિને આપે છે તેના પિતૃઓનું અધઃપતન થાય છે અને તેઓ ક્લેશના ભાગી બને છે.'**

(૪) શ્રીવ્રજોત્સવજી - 'तस्मादादावेव सर्ववस्तूनां दारादिधनपर्यन्तानां देहप्राणेन्द्रियादीनां समर्पणं कर्तव्यम्, अत्र प्रयोजनं सर्वकार्ये ऐहिकपारलौकिककार्ये । ऐहिकं भगवत्सेवामात्रोपयोगित्वात्तत्तदिन्द्रियविषयत्वेन स्त्रीपुत्रादिग्रहणं तन्निर्वाहादिकं च । पारलौकिकं तु सर्वेषां पूर्वोक्तानां साक्षाद्भगवदर्थोपयोगरूपकार्यम्, तथान्यविनियोगादिकं त्याजयित्वा तद्विनियोगार्थमेव सर्वेषां वस्तूनां देहादिदारान्तानां तत्तत्पदार्थानां समर्पणं कर्तव्यमित्यर्थः । एवं सति सेवोपयोगित्वेनात्मशोधकत्वेन साक्षादलौकिकरसात्मकत्वेन प्रभूपभुक्तं तद्दत्तमहाप्रसादत्वेनैव तत्तत्पदार्थेन तावन्मात्रदेहादिनिर्वाहादिकमपि कर्तव्यम्, न तु लौकिकाद्युत्साहेन च अधिकव्ययादिकमित्यपि ज्ञापितं भवतीति सर्वमनवद्यम् ।' **અર્થાત્** - તેથી પહેલાં જ સ્ત્રીથી ધન પર્યન્તમાં કહેલવાયેલ (સ્ત્રી-ઘર-પુત્ર-આપ્ત-વિત્ત) તથા દેહ, પ્રાણ, ઈન્દ્રિય વગેરે સર્વ વસ્તુઓનું સમર્પણ કરવું, અહીં (આ પ્રકારના સમર્પણમાં) પ્રયોજન છે. સર્વ કાર્યોમાં એટલે કે ઐહિક-પારલૌકિક

સર્વ કાર્યોમાં. ઐહિક એટલે ભગવાનની સેવા માત્રમાં ઉપયોગીપણાથી તે-તે ઈન્દ્રિયોના વિષયપણાએ સ્ત્રી-પુત્ર વગેરેને સ્વીકારવા અને તેમનો નિર્વાહ કરવો વગેરે અને પારલૌકિક એટલે પૂર્વમાં કહેવાયેલ સર્વનું સાક્ષાત્ ભગવત્સેવામાં ઉપયોગ થવારૂપ કાર્ય, તેને અર્થે જે પ્રમાણે ભગવાનમાં જ સર્વનો વિનિયોગ થાય, બીજે નહિ, તે પ્રમાણે અન્યમાં વિનિયોગ થવો વગેરે ત્યાગીને ભગવાનમાં વિનિયોગ અર્થે જ દેહથી આરંભી દારાપર્યન્તમાં (દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્ત:કરણ-તેના ધર્મો-સ્ત્રી-ઘર-પુત્ર-આપ્ત-વિત્ત) કહેવાયેલ સર્વ વસ્તુઓનું સમર્પણ કરવું એમ અર્થ છે. આ પ્રમાણે હોતાં સેવામાં ઉપોયગીપણાએ અન્ત:કરણને શુદ્ધકરવાપણું હોવાથી (અને) સાક્ષાત્ અલૌકિક રસાત્મકપણું હોવાથી પ્રભુ દ્વારા ભોગ કરાયેલ અને તે પ્રભુ દ્વારા મહાપ્રસાદના રૂપમાં અપાયો હોય તેના વડે જ - તે તે પદાર્થો વડે જેટલાથી દેહ વગેરેનો નિર્વાહ વગેરે થતો હોય તેટલું જ માત્ર ગ્રહણ કરીને નિર્વાહ વગેરે કરવો. નહિ કે ક્યારેય પોતાના ભોગના વિચારે લૌકિકમાં વધુ ઉત્સાહ રાખીને કારણ વિનાનો વધારે પડતો ખર્ચ કરવો એમ પણ આનાથી જણાવ્યું છે.

(૫) શ્રીગોકુલોત્સવજી - **'तस्मादिति । अयं भावः । सामिसमर्पणानङ्गीकारादात्मनासह सर्वस्वं भगवते समर्पितमनन्तरं च तत्तकार्ये प्राप्ते तत्तद्द्रव्यादिना तत्तत्सामग्रीं सम्पाद्यादौ भगवत एव समर्पयेत् । तद्द्रव्यनिर्मितपदार्थानां तद्भोग्यत्वात् । ततश्च तत्र विनियोगे जाते तद्दत्तमहाप्रसादत्वेन तदुपभुक्तवासोलङ्कारादिभिर्भगवदिच्छा-प्राप्तत्वात्तत्तत्कार्यं विधेयम् । न तु स्वातन्त्र्येणानर्पयित्वेति हृदयम् । तथा साक्षादलौकिकरसात्मकत्वेन प्रभूपभुक्तत्वेन तद्दत्तमहाप्रसादत्वेनैव तत्पदार्थैस्तावन्मात्रका सेवोपयोगित्वाद्देहादिवृत्तिरपि कर्तव्या । न तु भोगत्वेन । 'उच्छिष्टभोजिनोदासा' इति दासधर्मत्वात् । अन्यथा मार्गस्थितेरुच्छेदादन्यमार्गप्रवेशात्तत्र च भगवन्नैवेद्यग्रहणे दोषश्रवणाद्दोषभाग्भवति'** અર્થાત્ - **'તસ્માત્'** વગેરે વાક્યોનો આ ભાવ છે. સામિસમર્પણનો અંગીકાર નહિ હોવાથી આત્માસહિત સર્વસ્વ ભગવાનને સમર્પિત કર્યું તે પછી થી તે-તે કાર્યો પ્રાપ્ત થતાં તે-તે દ્રવ્ય વગેરે વડે તે-તે સામગ્રીનું સંપાદન કરીને તે પ્રથમ ભગવાનને સમર્પણ કરવું (જે દ્રવ્ય આત્મનિવેદન સમયે ભગવાનને અર્પણ કર્યું છે) તે દ્રવ્યથી બનેલા પદાર્થો એમાં ભગવદ્ભોગ્યપંણું હોવાથી ભગવાનને અર્પણ કરાતાં તેનો ભગવાનમાં વિનિયોગ થતાં ભગવાને જ પોતાની ઈચ્છાએ મહાપ્રસાદરૂપમાં આપેલા ભગવાન વડે ભોગ કરાયેલ વસ્ત્ર, અલંકાર વગેરે વડે તે-તે કાર્યો કરવા. નહિ કે ભગવાનથી સ્વતંત્ર થઈને ભગવાનને અર્પણ કર્યા વિના કરવાં એમ આશય છે. તેમજ પ્રભુ વડે ભોગ કરાયેલ એનું સાક્ષાત્ અલૌકિક રસાત્મકપણું હોવાથી ભગવાન વડે મહાપ્રસાદના રૂપમાં અપાયેલ તે પદાર્થો વડે (જેટલાથી દેહ વગેરેની રક્ષા-પોષણ વગેરે થાય) તેટલી જ માત્રામાં સેવામાં ઉપયોગી હોવાથી દેહાદિ વૃત્તિ પણ કરવી. પરન્તુ દેહાદિવૃત્તિ પોતાના ભોગની બુદ્ધિ રાખીને નહિં કરવી- **'તમારું ઉચ્છિષ્ટ ભોજન કરંનારા એવા અમે તમારા દાસો'** એ વાક્ય મુજબ એમાં જ દાસધર્મપણું હોવાથી. આ પ્રમાણે વર્તન નહિ કરાતાં પોતાની આ માર્ગમાં સ્થિતિ છે તેનો જ ઉચ્છેદ થઈ જવાથી અને તેથી અન્ય માર્ગ (મર્યાદામાર્ગ) માં પ્રવેશ થવાથી અને ત્યાં મર્યાદામાર્ગમાં ભગવાનને નિવેદન કરાયેલ પદાર્થ ગ્રહણ કરવાથી દોષ લાગે છે તેમ શાસ્ત્રવાક્યો હોવાથી તે વ્યક્તિ દોષવાળો થાય છે.

(૬) શ્રીહરિરાયચરણ - **'सर्वथा नार्पितं कृष्णे तन्न गृह्णाति केशवः । यतः सम्बन्धवैयर्थ्यमत आदौ समर्पणम् ॥ ११३ ॥ तत्रापि सर्ववस्तूनां सर्वकार्ये तथैव च । लौकिके वैदिके वापि ह्युत्तमेऽनुत्तमेपि च ॥११४॥ पश्चाद्विधेयं सर्वं हि तदा सार्थकता**

भवेत् । उच्छिष्टदाने सर्वेषां माहात्म्यं चापि सिध्यति ॥ ११५ ॥' **અર્થાત્** - સર્વથા સર્વ અંશે જો કૃષ્ણને અર્પણ કરાયું ન હોય તો તેને (બ્રહ્મા-શિવ બંનેને વશમાં રાખનાર એવા) કેશવ-કૃષ્ણ સ્વીકારતા નથી (અને જો કૃષ્ણ ન સ્વીકારે તો) તેથી કરીને સંબન્ધની જ વ્યર્થતા સામે આવે છે. તેથી આદિમાં જ -પહેલાં જ સમર્પણ કરવું. સર્વાંશે સમર્પણ કરવામાં પણ સર્વ કાર્યોમાં સર્વ વસ્તુનું સમર્પણ કાર્યના પૂર્વ જ કરવું. તે કાર્યો લૌકિક હોય કે વૈદિક હોય, ઉત્તમ હોય કે અનુત્તમ હોય પ્રથમ તે કૃષ્ણને અર્પિત કરીને પછી જ સર્વ કંઈ કરવું. એમ કરવાથી ત્યારે જ બ્રહ્મસંબંધ વડે જે સંબન્ધ થયો છે તે સાર્થક થાય છે. ભગવદુચ્છિષ્ટ-ભગવત્પ્રસાદ વડે દેવ-પિતૃ વગેરે કાર્યો કરતાં તેમને ભગવત્ પ્રસાદ આપતાં તેમનું પણ માહાત્મ્ય સિદ્ધ થાય છે.

(૭) શ્રી વિઠ્ઠલેશજી આ બાબતમાં પૂર્વમાં ટીકાકારો એ જણાવેલા મન્તવ્યને જ જણાવે છે.

(૮) શ્રીપુરુષોત્તમજી -**'यस्मादसमर्पितसंसर्गः सामिभुक्तसमर्पणं चायुक्तम्, तस्मात्सर्वस्मिन्वैदिके स्मार्ते लौकिके च कार्ये आदौ ततः प्रागेव सर्वेषां तत्रतत्रापेक्षितानां वस्तूनां समर्पणं मतं संमतमित्यर्थः । तत्प्रकारस्त्वेवं प्रतिभाति । गारुडे । 'जगद्धातुर्महेशस्यदिव्याज्ञाचरणा वयम् । इह नित्यक्रियां कुर्मः स्निग्धास्ते वैष्णवाश्च ते' इति वैष्णवलक्षणवाक्यात्, एकादशस्कन्धे च 'सन्ध्योपास्त्यादिकर्माणि विधिना नोदितानि मे । पूजान्तैः कल्पयेत्सम्यक् संकल्पः कर्मपावन' इति वाक्याच्च स्वस्य भगवदाज्ञाकारित्वं श्रौतस्मार्तकर्मणां भगवदाज्ञाप्राप्तत्वं चानुसन्धाय, विष्णुधर्मोत्तरे शंकरगीतासु 'अपृष्ट्वा यस्तु यां काञ्चित्क्रियां नारभते हरिम् । असंभिन्नार्यमर्यादस्तस्य तुष्यति केशव**

'इति वाक्यात्स्वधर्मत्वाच्च तत्करणार्थं भगवद्विज्ञप्तिं कृत्वा तत्संभारान् संभृत्य कर्मकरणार्थं पुनराज्ञां प्रार्थ्य महापाकादेः समर्पयितुमशक्यत्वान्मनसा वाचा च समर्पणं कुर्यात् । श्राद्धाद्यर्थे स्वल्पे पाके तु प्रत्यक्षवस्तूनां सिद्धानामेव समर्पणं कुर्यात् । एवं लौकिकेपि पूर्वं कृत्वा पश्चात्तत्तत्कार्यं कुर्यादिति । न च विज्ञापने समर्पणव्यवहाराभावान्नैवमिति शङ्क्यम् । विज्ञापनं विशेषेण ज्ञापनमर्थस्य सम्यग्बोधनमिति यावत् । तत्र तु प्रयोगो दृश्यते । समर्पकमिदं वाक्यम्, असमर्पकोयं शब्द इति विदुषां व्यवहारात् । एतस्य च सम्यग्बोधन एव पर्यवसानात् ।' અર્થાત્ -જેથી કરીને અસમર્પિતનો સંસર્ગ અને સામિભુક્તનું સમર્પણ એમ બન્ને અયોગ્ય છે, તેથી કરીને વૈદિક, સ્માર્ત અને લૌકિક સર્વ કાર્યોમાં અદિમા એટલે કે તે-તે કાર્યોના પહેલાં જ તે-તે કાર્યોમાં જરુરી એવી સર્વ વસ્તુઓનું સમર્પણ કરવું **'मतम्'** એટલે સંમત છે એમ અર્થ છે. તેનો પ્રકાર આ મુજબ મને જણાય છે. ગરુડપુરાણમાં **"જગતના ઘાતા એવા મહેશ પરબ્રહ્મ ભગવાનની દિવ્ય આજ્ઞા મુજબ આચારણ કરનારા અમે છીએ (અને તે અનુસાર) અમે અહીં નિત્યક્રિયાને કરીએ છીએ (આ વિચારે કરનારાઓ) એ લોકો સ્નેહવાળા છે અને એ વૈષ્ણવો છે"** એમ વૈષ્ણવ લક્ષણ બતાવનારા વાક્ય હોવાથી તેમજ ભાગવત એકાદશ સ્કન્ધમાં **"વેદશાસ્ત્ર અને તંત્રશાસ્ત્રમાં કહેવાયેલ સંધ્યા વગેરે નિત્યકર્મ અને પૂજા વગેરે કર્મો વિધિ સ્વરૂપમાં મારા વડે કહેવાયેલ છે તે જેમાં પૂજા છેલ્લે થતી હોય (પ્રથમ સંધ્યા વગેરે નિત્યકર્મ કરવા અને ત્યારબાદ પૂજા કરવી) તે સારી રીતે- યથાવિધિ કરવા, આ પ્રકારે પૂજા સહિત નિત્યકર્મ સારી રીતે આચરતાં તે કર્મના બંધનોથી મુક્ત કરાવનાર છે."** આ વાક્યથી પોતે ભગવાનનો આજ્ઞાકારી સેવક છે તેમજ વેદમાં અને સ્મૃતિઓમા કહેવાયેલ કર્મો એ ભગવદાજ્ઞારૂપ

છે એમ બુદ્ધિમાં અનુસંધાન કરીને, વિષ્ણુધર્મોત્તર પુરાણના શંકરગીતામાં કહ્યું છે.- **'શ્રીહરિની આજ્ઞા વિના જે કોઈ પણ ક્રિયાને આરંભતો નથી તે સારી રીતે આર્ય મર્યાદામાં રહેલો છે અને તેનાથી કેશવ-ભગવાન તુષ્ટ થાય છે'** આ વાક્ય (ભગવદાજ્ઞા લઈને સર્વ કર્મ કરવા એમાં) સ્વધર્મપણું હોવાથી જે-તે કર્મ કરવા માટે પ્રથમ શ્રીપ્રભુને વિજ્ઞપ્તિ કરીને ત્યારબાદ તે કર્મ અંગેનું બધું સાધન ભેગું કરવું અને તે ભેગું થઈ જાય ત્યારે ફરીથી ભગવાનને પ્રાર્થના કરીને મહાપાક(હજારોની રસોઈ યા વિશાલ સાધનો) વગેરેનું સમર્પણ કરવું અશક્ય હોવાથી તેનું મન વડે અને વાણીથી ઉચ્ચારીને સમર્પણ કરવું. શ્રાદ્ધ વગેરે અર્થે સિદ્ધ કરવામાં આવેલ પાક (રસોઈ) વગેરે જે અલ્પમાત્રામાં હોય છે તે બધાનું તો પ્રત્યક્ષમાં જ સમર્પણ કરીને તે પછી જ તે -તે કાર્યો કરવા. વિજ્ઞાપના કરવામાં સમર્પણના વ્યવહારનો અભાવ છે- વિજ્ઞાપનને સમર્પણ કેમ કહેવાય ? તેવી શંકા કરવી નહિ. વિજ્ઞાપન એટલે વિશેષ પ્રકારે જ્ઞાપન કરવું એટલે કે સારી રીતે બોધ કરાવવાના અર્થમાં છે. અને તે માટેનો વ્યવહારમાં પ્રયોગ થતો જોવામાં આવે છે કે 'આ સમર્પક વાક્ય છે' આ અસમર્પક શબ્દ છે.' એમ વિદ્વાનોની ભાષામાં વ્યવહાર થાય છે. આ વાક્યો સારી રીતે બોધ કરાવવાના અર્થમાં જ રહેલા છે.

(૯) શ્રીગિરિધિરજી - 'तस्मादिति । यस्मात्कारणात् प्रकारान्तरेण व्यवहारे कृते, प्राकृतदोषाणामनिवृत्तिः, नूतनानां प्रत्युतप्रवृत्तिः, स्वधर्महानिश्च, तस्मादादावेव सर्वकार्येषु तत्तत्कार्यं कर्तुमिच्छन् तदुपयुक्तसर्ववस्तुनः समर्पणं कुर्यात् । एवं च सति नित्यनैमित्तिककार्यमात्रोपयुक्तवस्तुमात्रस्य पूर्वं यथायोग्यप्रकारेण भगवति विनियोगे जाते पश्चात्तद्दत्तप्रसादत्वेन स्वव्यवहारोपयोगः कर्तव्य इति सिद्धम् ।' અર્થાત્ - જે કારણથી, બીજા પ્રકારે વ્યવહાર કરતાં પહેલાં થયેલા દોષોની પણ નિવૃત્તિ નહિ થાય, ઉપરાંત નવા દોષોની પ્રવૃત્તિ થશે અને વધુમાં સ્વધર્મની હાનિ થશે, તેથી પહેલાં જ સર્વ કાર્યોમાં તે-તે કાર્ય કરવાની ઈચ્છા કરતાં તે-તે કાર્યમાં ઉપયુક્ત સર્વવસ્તુઓનું સમર્પણ કરવું. એ પ્રમાણે હોતાં નિત્ય (રોજ કરવાનાં) અને નૈમિત્તિક (જે કોઈ નિમિત્તે કરવાના) કાર્યમાત્રમાં ઉપયુકત વસ્તુમાત્રનો પ્રથમ યથાયોગ્ય પ્રકારે ભગવાનમાં વિનિયોગ થતાં ત્યારબાદ આ ભગવાને મને પ્રસાદરૂપમાં આપ્યું છે તેવી બુદ્ધિ રાખી પોતાના વ્યવહારમાં ઉપયોગ કરવો એમ સિદ્ધ છે.

(૧૦) શ્રીલાલુ ભટ્ટજી તથા ટીકાકાર શ્રીશાચાર્યમતાનુવર્તી આ બાબત કંઈ વિશેષ ઉલ્લેખતા નથી.

ઉપર મુજબ ટીકાકારોના અભિપ્રાયો જોતાં પ્રથમ ટીકાકાર ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજી જણાવે છે કે પોતાના ઉપભોગના પૂર્વ જ સર્વ વસ્તુ પદ યોજી સમર્પણ કહ્યું છે તેથી સ્ત્રી પુત્રાદિનું પણ સમર્પણ કરવું વિવાહ થયા પછી પોતાના વડે ઉપયોગ થાય તે પહેલાં જ અને તે પણ પોતે એનો ઉપયોગ કરી શકે તે અર્થે સ્ત્રીનું-પત્નીનું નિવેદન કરવું. શ્રીગોકુળનાથજીની આજ પંક્તિનો દુષ્ટ બુદ્ધિથી-દ્વેષ બુદ્ધિથી વિકૃત અર્થ ગ્રહણ કરીને મહારાજા લાયબલ કેસમાં વિરોધીઓએ પુષ્ટિમાર્ગને વિકૃત સ્વરૂપે પ્રસ્તુત કર્યો હતો. આ પંક્તિનો કેટલાક વિકૃત મન-બુદ્ધિવાળા લોકોએ અપસિદ્ધાન્ત સ્વરૂપનો વિકૃત અર્થ ગ્રહણ કરી દુષ્પરમ્પરા પ્રચલિત કરી હતી. પરન્તુ પત્ની અથવા પુત્રનું ઉપયોગ પૂર્વ સમર્પણ યા નિવેદન એટલે એમને ભગવાનની સેવામાં ઉપયોગીપણાએ યોજવા-સેવામાં સહકારીપણાએ યોજવા. સેવામાં તેમને સાથે રાખી, તેમના દ્વારા ભગવત્સેવાના કાર્ય કરાવી પોતે પણ ભગવત્સેવા કરવી એમ તાત્પર્ય છે.

શ્રીવ્રજોત્સવજીની ટીકામાંથી બે વિશેષ વાતો જાણવા

મળે છે. એક તો સર્વ વસ્તુ પદથી તેઓશ્રી ગદ્યમંત્રસ્થ દેહ-પ્રાણ-અન્ત:કરણ, એ બધાના ધર્મો, સ્ત્રી-ગૃહ-પુત્ર-આપ્તજનો-વિત્ત આ બધાને સાંકળીને એ સર્વને ભગવાનને સમર્પિત કરી રાખવા એમ જણાવે છે અને સમર્પિત કરી રાખવાના પ્રકારમાં આ બધાનો માત્ર ભગવાનના અર્થે જ ઉપયોગ થાય અને અન્યત્ર કયાંય ન થાય તે રીતે વર્તવું એમ જણાવે છે. તથા બીજી વાત જણાવે છે કે સમર્પણ કર્યા પછીથી આ બધું ભગવાનની સમ્પત્તિ છે તેવો ભાવ મનમાં ધારણ કરી જેટલાથી કાર્ય સરતું હોય તેટલા જ અંશમાં પદાર્થ ગ્રહણ કરી અને દેહ અથવા તો કાર્યો તે પણ દેહ સેવોપયોગી છે એમ સેવાનું સાધન સમજી જેટલાથી તેનું પોષણ થતું હોય તેટલું જ ભગવત્પ્રસાદી ગ્રહણ કરવું અને કાર્યો પણ શ્રી પ્રભુચરણે સ્વાભાવિક સમર્પણના સ્વતંત્ર લેખમાં જણાવ્યું છે તે અનુસાર અને તે ભાવે સેવામાં બાધકતા ન આવે તે હેતુથી જ માત્ર કરવા પણ તેમાં લૌકિક-વૈદિક કાર્યોમાં વધુ પડતો ઉત્સાહ દાખવી વધારે પડતો વ્યય પણ કરવો નહિ, કારણ કે દ્રવ્ય સમ્પત્તિ પણ શ્રીપ્રભુની છે તેનો પોતાની લૌકિક બુદ્ધિએ દુર્વ્યય નહિ કરવો. જો પચાસ રૂપિયા થી કામ સરી જતું હોય તો પોતાનો વધુ પડતો ઉત્સાહ અથવા તો નિષ્કાળજી યા તો ખોટી ઉદારતા દાખવી પચાસની જગ્યાએ પંચાવન રૂપિયાનો પણ ખર્ચ નહિ કરવો, ફક્ત કાર્યપૂર્તિમાં જરુર પૂરતો જ ખર્ચ કરવો.

શ્રીગોકુલોત્સવજી પોતાની ટીકામાં એ બાબત પર ભાર મૂકે છે કે આત્મનિવેદન સમયે-જે -જે પણ પદાર્થો ભગવાનને નિવેદન કર્યા છે તે-તે પદાર્થો ઉપર આત્મનિવેદન કર્યા પછી નિવેદકે માત્ર ભગવાનની જ સત્તા વિચારવી જોઈએ અને એ મુજબ વિચારતાં જે ભગવાનની વસ્તુ હોય તેનો ભગવદ્ ઉપયોગ- ઉપભોગ થયા વિના જીવ જો ઉપભોગ કરે તો તે અપરાધી બને છે, ભગવાન તે પદાર્થનો ઉપભોગ કરી જીવ સેવક હોવાથી તેને પ્રસાદ રૂપે આપે તે ગ્રહણ કરવામાં દોષ થતો નથી. શ્રીગોકુલોત્સવજીની આ વાતથી એમ

પણ સમજી શકાય છે કે જે લોકો અસમર્પિત ત્યાગી શકતા હોય તેવા લોકોને જ બ્રહ્મસંબંધની દીક્ષા આપવી જોઈએ. ઉપરાંત એમ પણ જાણી શકાય છે કે આ માર્ગમાં અસર્પિતનો ઉપભોગ એ સર્વથી અધિક મહાન્ દોષરૂપ છે. અત: બ્રહ્મસમ્બન્ધદીક્ષા લિધેલ વ્યક્તિએ અસમર્પિતનો ત્યાગ કરવો સર્વથા અનિવાર્ય-આવશ્યક છે. આ ઉપરાંત આપશ્રી બીજી એક બાબત તરફ પણ ધ્યાન દોરે છે કે આત્મનિવેદન કર્યા પછીથી સર્વ પદાર્થો ઉપર માત્ર ભગવાનની જ સત્તાનો વિચાર રાખતાં ભગવદીય પદાર્થોનો દેહપોષણની આવશ્યકતાથી ઈતર માત્ર ભોગબુદ્ધિથી વધુ પડતો ઉપભોગ પણ દોષરૂપ છે. ઈન્દ્રિયોના વિષયો પ્રત્યેના આકર્ષણથી કે પછી મનના મિથ્યા આકર્ષણથી પ્રેરાઈને પોતાની માન-પ્રતિષ્ઠિા એશ-આરામ-ભોગ વગેરે અર્થે પદાર્થનો કે દ્રવ્યનો ઉપયોગ એ ભગવદ્દ્રવ્ય વાપરવાનો દોષ લાગે છે. તેથી આત્મનિવેદન કર્યા પછીથી પોતાની ભોગવૃત્તિ કે અહંકાર વગેરે એનો પણ વધુને વધુ સંયમ કરતા જવું અને પરિણામે તેમાંથી મુક્ત થવું એ આ માર્ગના વૈષ્ણવમાત્રનું પ્રથમ અને મહત્ત્વપૂર્ણ કર્તવ્ય બની રહે છે.

આ મુજબ વિચારતાં મને તો એમ પણ લાગે છે કે સ્વધર્મથી એટલે કે પોતાના વર્ણ-આશ્રમના ધર્મથી જે કર્તવ્યપણાથી નિત્યનૈમિત્તિકપણાએ પ્રાપ્ત થાય તે સિવાયના બાકીનાં તમામ વૈદિક કાર્યોમાં પણ અનાવશ્યક રુચિ રાખવી કે અનાવશ્યક (અનાવશ્યક એટલે ભગવત્સેવાનો જેમાં હેતુ ન હોય અથવા જેમાં આવશ્યક સ્વધર્માચરણનો હેતુ પણ ન હોંય તે મુજબનું) આચરણ કરવું તે પણ આ માર્ગમાં તો દોષરૂપ છે. શ્રી ભાગવતમાં પણ કહ્યું છે કે -**'यदा यमनुगृह्णाति भगवानात्मभावितः । स जहाति मतिं लोके वेदे च परिनिष्ठिताम्'** (ભાગ.૪-૨૯-૪૬) ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત જીવો વડે બુદ્ધિમાં રહેલી લોક-વેદ પ્રત્યેની નિષ્ઠા અને લોક-વેદથી પ્રાપ્ત થનારા ફલમાં આસક્તિ

એને સર્વથા ત્યાગવા આવશ્યક છે. ત્યારે જ તે પુષ્ટિફળ પામવાના અધિકારનું પૂર્ણ સમ્પાદન થઈ તે એ માર્ગ પર અગ્રસર થઈ શકે છે.

શ્રીહરિરાયચરણના કારિકાસ્થ વાક્યોમાં -કેવલ મતિમાત્રથી એટલે કે મનમાં ને મનમાં જ બુદ્ધિથી વિચારીને કે મેં આ ભગવાનને અર્પણ કર્યું તેમજ તેનું પ્રત્યક્ષ ભગવાનને નિવેદન ન કરવામાં આવે તો તે પણ અર્ધભુકત-અન્યશેષ જ છે એમ પૂર્વમાં જણાવ્યા પછી આગળ તેઓશ્રી જણાવે છે કે જે પદાર્થનું સર્વથા-સર્વ પ્રકારે સમર્પણ કરવામાં ન આવ્યું હોય અને માત્ર અંશાત્મક જ સમર્પણ કરવામાં આવ્યું હોય તો તેવા સમર્પિત પદાર્થને ભગવાન સ્વીકારતા નથી તેમજ નિવેદિત પદાર્થનો ભગવાન સાથે સમ્બન્ધ થયો ત્યારે જ કહેવાય છે જ્યારે તે પદાર્થ ભગવાન સ્વીકારે, એટલે કે તે પદાર્થનો ભગવાન યથાયોગ્ય ઉપભોગ કરે, ભગવાન જો ગ્રહણ ન કરે તો પદાર્થનો સામે ધરીને કે વિચારમાત્રથી કરાવાયેલો સંબન્ધ પણ વ્યર્થ જ જાય છે, તેથી શ્રીમહાપ્રભુના વાક્યમાં કાર્યના પૂર્વ જ પદાર્થ ભગવાનને સમર્પવો એમ કહ્યું છે. કાર્યના પૂર્વ-શ્રાદ્ધ હોય તો શ્રાદ્ધની રસોઈમાંથી ભગવાન માટે થાળ અલગ કાઢી પહેલાં શ્રાદ્ધ કરી લેવામાં આવે અને ત્યાર બાદ ભગવાનને થાળ ધરવામાં આવે તો તે અર્ધભુકત કહેવાય અને તેવું અર્ધભુકત શ્રીકૃષ્ણ સ્વીકારતા નથી. બીજી વાત શ્રીહરિરાયચરણના વાક્યમાં **'લૌકિક હોય, વૈદિક હોય, ઉત્તમ હોય, અનુત્તમ હોય'** એમાં ઉત્તમ-અનુત્તમથી એમ જણાય છે કે અનુત્તમ શબ્દથી એવા લૌકિક-વૈદિક કાર્યો જેની ઉત્તમમાં ગણના થાય છે તેવા નહિ છતાં પણ જે નિષિદ્ધ નથી તેવા કાર્યો. અત: જે નિષિદ્ધ છે - જેની લોકમાં કે વેદમાં નિન્દા છે તેવા કાર્યો તો સર્વથા આચારવાના નથી તેથી તેવા કાર્યોના સમર્પણનો પ્રશ્ન જ રહેતો નથી અને છતાં પણ ચોરી, વ્યભિચાર, હિંસા વગેરે અથવા તો માંસ-ઈંડા-મદિરા-કાંદા-લસણ વગેરે નિષિદ્ધ પદાર્થો ભલે પૂર્વમાં જ સમર્પવામાં આવે તો પણ તેવા

સમર્પણનો પ્રભુ કયારેય સ્વીકાર કરે જ નહિ. તેથી જ ગીતામાં પણ 'વર્ણ-જાતિ-કુલ વગેરેથી અથવા દુષ્ટ-દુરાચારી-હિન લોકો પણ જો મારું ભજન કરે તો તેને સાધુ માનવો' એમ કહી તરત જ તેથી આગળના શ્લોકમાં ચોખવટ કરતાં કહ્યું છે કે **'क्षिप्रं भवति धर्मात्मा'** (ગીતા ૯-૩૧) હૃદયમાં ભક્તિના ઉદયની સાથે જ તત્કાલ જ તેનામાંથી દુષ્ટવૃત્તિઓનો નાશ થઈ તે ધર્માત્મા એટલે કે ધર્મમાં જ જેનો આત્મા-અન્ત:કરણ છે તેવો તે થઈ જાય છે. શ્રીભાગવતમાં પણ આમ જ જણાવ્યું છે કે **'स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम्'** (ભાગ ૩/૨૮/૨) આજ શ્લોક થોડા ફેરફાર સાથે શ્રી આચાર્યચરણ સર્વનિર્ણયનિબંધમાં ટાંકે છે તેનો પણ આજ આશય છે કે સ્વધર્મનું આચરણ યથાશક્તિ કરવું પરંતુ વિધર્મથી (જેનાથી પોતાના ધર્મને બાધા પહોંચે તેવું તમામ એ વિધર્મ છે) તો સર્વથા નિવૃત્ત જ થવું, વિધર્મરૂપ આચરણ તો કયારેય કરવું નહિ. ઉત્તમ કાર્યો એટલે પરોપકાર અર્થે, ભગવત્પ્રીતિ અર્થે, ભગવાનની અપ્રસન્નતા ન થાય તે અર્થે. અંત:કરણની શુદ્ધિ અર્થે, ધર્મપ્રવૃત્તિ કે ભગવત્ પ્રવૃત્તિમાં સુકરતા અર્થે વગેરે પ્રકારના કાર્યો એ ઉત્તમ કાર્યો છે. જે કાર્યો માત્ર સ્વાર્થ છે, જેમાં ધર્મકે ભગવાનનો કોઈ હેતુ નથી છતાં જે નિષિદ્ધ નથી, વગેરે પ્રકારના કાર્યો અનુત્તમ છે. લૌકિક-વૈદિકમાં **'वापि'** અને ઉત્તમ અનુત્તમમાં **'अपि च'** પદનો પ્રયોગ હોવાથી મને એમ લાગે છે કે વાપિ એટલે લૌકિક-વૈદિક અથવા ભગવત્સંબંધી હોઈને પણ ભગવત્સુખ કે ભગવત્તોષના હેતુથી અલગ પોતાના સ્વભાવે થનારા કાર્યો. જેમ કે કથા શ્રવણ-કીર્તન-સ્મરણ વગેરે. આ બધા કાર્યો જ્યારે વૈષ્ણવ ભગવત્સુખને અનુલક્ષીને પણ નથી કરતો અને ભગવાન પ્રસન્ન થાય તે હેતુથી પણ નહિ કરતો હોય પણ માત્ર ભગવાનમાં અતિશય પ્રેમવશ શ્રવણ-કીર્તનાદિ કરતો હોય તેવા સર્વ એ બધું જ ભગવાનને નિવેદન કરીને

જ કરવું. જેમ ભગવત્સેવામાં આરંભે અને અંતે દંડવત કરવામાં આવે છે, જેમ કથાપ્રસંગમાં (પ્રવચન-વ્યાખ્યાનમાં) આરંભે મંગલાચરણ અને અન્તે જે કંઈ કહેવાયું હોય તે પ્રભુને બોલીને અર્પણ કરાય છે તેમ શ્રવણ કીર્તનાદિમાં પણ પ્રણામાદિ દ્વારા નિવેદન કરીને જ કરવા એમ ભાવ છે.

શ્રીપુરુષોત્તમચરણ જણાવે છે કે વૈદિક કર્મો પણ મારો ધર્મ એમ પોતાનાપણાથી નહિ પણ **‘સંધ્યા વગેરે કર્મો વિધિના રૂપમાં મેં જ કહ્યા છે’** એ એકાદશ સ્કન્ધ વાક્યાનુસાર વૈદિક વર્ણ-આશ્રમ સંબન્ધી ધર્મોએ ભગવદાજ્ઞા છે અને સેવકનો ધર્મ સ્વામીની આજ્ઞાનું યથોચિત પાલન કરવું છે તેથી તે ધર્મોનો નિર્વાહ પણ સેવક બુદ્ધિથી સેવકપણાએ જ કરવો. વધુમાં તેઓશ્રી જણાવે છે કે કેટલાક પ્રસંગોમાં ભગવાનને વિજ્ઞાપના કરવાથી અધિક પ્રત્યક્ષ સમર્પણનો પ્રકાર શક્ય ન બનતો હોય તેવા પ્રસંગોમાં વિજ્ઞાપના કરવાથી પણ સમર્પણનો સંકલ્પ ખંડિત થતો નથી. વિજ્ઞાપના એટલે કાર્ય કરતાં પહેલાં-સાધનો ભેગા કરતાં પહેલા સર્વપ્રથમ શ્રીપ્રભુને વિનન્તી કરી પોતાના ઘરે જો ભગવત્સેવા બિરાજતી હોય તો ત્યાં શ્રી પ્રભુની સમક્ષ પ્રત્યક્ષ જઈને દંડવત પ્રણામ કરી, કાર્ય માટે વિનન્તી કરી કાર્ય અંગે સાધનો ભેગા કરવા-ખરીદવું વગેરે માટે શ્રી પ્રભુથી આજ્ઞા લઈ ત્યારબાદ ખરીદવું ભેગું કરવું વગેરે કાર્ય આરંભવું. ત્યારબાદ જ્યારે બધી તૈયારી થઈ જતાં કાર્યનો આરંભ કરતાં પહેલાં પણં તે મુજબ જ વિજ્ઞાપના કરવી અને શ્રીપ્રભુને વિનન્તી કરવી કે સર્વ કાર્ય આપજ બિરાજી સમ્પન્ન કરવા કૃપા કરો. ત્યારબાદ કાર્યનો ભગવદાજ્ઞા ભાવે આરંભ કરવો.

‘दत्तापहारवचनम्’

‘दत्तापहारवचनम्’ એટલે કે આપેલું પાછું લેવું દોષરૂપ છે એ મુજબના શાસ્ત્ર વચનો.

આ બાબતમાં સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે.

(૧) શ્રીગોકુલનાથજી :- ‘ननु भक्तिमार्गे भगवन्निवेदितस्यैव वस्तुनः स्वार्थं विनियोगः कर्तव्यः, न तु अनिवेदितस्येति नियम उक्तः । तस्यैकादशस्कन्धे निषेधोपि श्रूयते । यथा ‘अपि दीपावलोकं मे नोपयुञ्ज्यान्निवेदित’ मित्याशङ्कां मार्गभेदेन परिहर्तुमाहुः दत्तापहारवचनमिति । दत्तस्य नैवेद्यादेरपहारः पुनः स्वार्थग्रहणम् । तथा च तद्वत्सकलं दत्तवस्त्रादिकमपि सकलं न ग्राह्यमित्यादिवचनं स्मृत्यादिवाक्यं भिन्नमार्गपरं मतम् । भिन्नमार्गपरं द्विविधभक्तिमार्गातिरिक्तकर्ममार्गपूजादिमार्गपरम् । तत्र हेतुः । तस्मिन्मार्गे पूजामार्गे भक्तिमार्गत्वाभावान्निवेदनस्वरूपस्यैवाप्रसिद्धेः । भक्तिमार्ग एव निवेदनस्योक्तत्वात् । अत एव श्रीभागवते ‘श्रवणं कीर्तन’ ‘मिति नवधोक्तभक्तौ निवेदनस्याप्युक्तत्वाद्भक्तिमार्गे एव निवेदनम्, नान्यत्र । तथा च तत्रैवैकादशस्कन्धे ‘दारान्सुतान्गृहान्प्राणान्यत्परस्मै निवेदनम्, एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् । मयि सञ्जायते भक्तिः कोन्योर्थोस्यावशिष्यत’ इति भक्तिमार्ग एव भक्तिजनकत्वेन निवेदनप्रकार उक्तः। तस्माद्भक्तिमार्गे पुरुषोत्तमस्यैव सेव्यत्वात्स्वस्य सेवकत्वाद्भक्तिमार्गे सेवकस्य भगवदुपभुक्तभगवदुच्छिष्टेनैव स्वनिर्वाहस्यावश्यकत्वात्, अत एव श्रीमदुद्धवैरुक्तम् । ‘त्वयोपभुक्तस्रग्गन्धवासोलङ्कारचर्चिताः । उच्छिष्टभोजिनो दासा’ इत्युक्तत्वाद्दासानामुच्छिष्टभोजनमेव स्वधर्मः । भुक्तावशिष्टस्यैवोच्छिष्टत्वात्तत्समर्पितस्य भोजनं भक्तिमार्गे एव, न तु मार्गान्तरे । अत एव भगवताप्युक्तं ‘पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति। तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मन’ इति । ‘भक्त्युपहृतमश्नामी’ति

वचनाद्भक्तिमार्गे एव भोजनस्यावश्यकत्वम्, न तु तदतिरिक्त-पूजामार्गेपि । अतो भक्तिमार्गातिरिक्तमार्गेषु नैवेद्यादेर्दानमेव निवेदनपदवाच्यम्, न तु भक्तिमार्गवत्समर्पितस्याङ्गीकारः । दानं नाम स्वसत्तापरित्यागपूर्वकं परसत्तापादनम् । यथा ब्राह्मणाय गौर्दीयते, तत्र स्वसत्तापरित्यागपूर्वकं ब्राह्मणसत्तापादनं क्रियते । पुनः सा गौः स्वोपभोगाय न भवति । तथा च भक्तिमार्गातिरिक्तमार्गे सकलं नैवेद्यातिरिक्तं भगवद्दत्तवस्त्रादिकं तत्सर्वं हरेः सम्बन्धि न ग्राह्यमिति यदुक्तम्, तद्भिन्नमार्गपरम् । भक्तिमार्गातिरिक्तपूजामार्गादिपरम्, मतमिति सर्वप्रमाणसंमतमित्यर्थः । प्रमाणं तु 'त्वयोपभुक्त' 'ति पूर्वमुक्तमेव ॥६॥'

અર્થાત્ - (પ્રશ્ન) ભગવાનને નિવેદિત થયેલી વસ્તુઓનો જ પોતાના અર્થે ઉપયોગ કરવો જોઈએ. અનિવેદિત વસ્તુ વડે નહિ એમ ભક્તિમાર્ગમાં નિયમ કહ્યો છે. તેમજ ભાગવત એકાદશ સ્કન્ધમાં ભગવાનને નિવેદન કરાયેલી વસ્તુનો પોતાના અર્થે ઉપયોગ નહિ કરવો એમ નિષેધ પણ સાંભળવામાં આવે છે. જેમ કે **'મને નિવેદન કરાયેલ આરતી યા દીપનો પોતાના વિષયમાં ઉપયોગ નહિ કરવો'** (ભાગ ૧૧/૧૧/૪૦) આ પ્રકારની શંકા થાય તો તેનો માર્ગભેદ જણાવી પરિહાર કરતાં જણાવે છે - દત્ત એટલે દેવને જે નૈવેદ્ય વગેરે અપાયેલ-ધરાયેલ હોય તેનો અપહાર એટલે ફરીથી પોતાના અર્થે એનું ગ્રહણ કરવું. તે મુજબ બધું જ એટલે કે દેવને નૈવેદ્ય-વસ્ત્ર વગેરે જે કંઈ પણ ધરવામાં આવ્યું હોય તે ન લેવું વગેરે જે વચન એટલે સ્મૃતિ વગેરેમાં કહેવાયેલા વાક્યો એ બીજા માર્ગમાં રહેલાઓ માટેના છે. ભિન્નમાર્ગ માટેના એટલે કે બે પ્રકારના ભક્તિમાર્ગ (પુષ્ટિભક્તિમાર્ગ-મર્યાદાભક્તિમાર્ગ)થી અલગ જે કર્મમાર્ગ-પૂજામાર્ગ વગેરે માર્ગમાં રહેલાઓ માટેના છે. તેનું કારણ એ છે કે પૂજામાર્ગમાં ભક્તિમાર્ગપણાનો અભાવ હોવાથી પૂજામાર્ગમાં નિવેદન સ્વરૂપની જ પ્રસિદ્ધિ નથી. નિવેદનનો પ્રકાર ભક્તિમાર્ગમાં જ કહેવાયેલો હોવાથી. તેથી જ શ્રી ભાગવતમાં **'श्रवणं कीर्तनम्'** (ભાગ ૭/૫/૨૩) વગેરે નવધા ભક્તિમાં (આત્માનિવેદન પદથી) નિવેદન પણ કહ્યું હોવાથી ભક્તિમાર્ગમાં જ નિવેદનનો પ્રકાર રહેલો છે. બીજામાર્ગમાં નહિ. તેમજ ત્યાં એકાદશ સ્કન્ધમાં **'સ્ત્રીઓ, પુત્રો, ગૃહો, પ્રાણોનું ભગવાનને નિવેદન કરવું'** (ભાગ ૧૧/૩/૨૮). **'એ પ્રમાણેના ધર્મોનું આચરણ કર્યાથી આત્મનિવેદન કરેલાઓને મ્હારામાં ભક્તિ થાય છે. તે પછી કયો બીજો અર્થ અવશિષ્ટ રહે છે (બીજો કોઈ નહિ)'** (ભાગ ૧૧ /૧૯/૨૪). આ મુજબ ભક્તિમાર્ગમાં પુરુષોત્તમ જ સેવ્ય હોવાથી અને પોતે ભગવાનનો સેવક હોવાથી ભક્તિમાર્ગમાં ભગવાન દ્વારા ભોગ કરાયેલ ઉચ્છિષ્ટ વડે જ પોતાનો નિર્વાહ કરવો આવશ્યક હોવાથી અને ભાગવતજીમાં ઉદ્ધવજીના જણાવ્યા મુજબ **'હે પ્રભુ ! આપના વડે ઉપભોગ કરાયેલ-પુષ્પ-કુંકુમ-વસ્ત્ર-આભૂષણ-ચંદન વગેરે ઉચ્છિષ્ટનો ભોગ કરનારા એવા અમે આપના દાસો'** (ભાગ. ૧૧ /૬/૪૬) એમ કહ્યું હોવાથી ભગવદ્ ઉચ્છિષ્ટનું જ ભોજન કરવું દાસોનો સ્વધર્મ છે. ભોગ કર્યા પછી જે બાકી બચે તેને જ ઉચ્છિષ્ટ કહેવાય છે તેથી ભગવાનને જે સમર્પિત કરાય તેનો ભગવાન વડે ભોગ ભક્તિમાર્ગમાં જ છે, બીજા માર્ગમાં ભગવાન વડે ભોગ નથી. તેથી ભગવાન ગીતામાં કહે છે- **'જે કોઈ પણ પોતાના અન્તઃકરણને વશ કરેલો હોય તેના વડે ભક્તિપૂર્વક લવાયેલા અને અતિશય પ્રેમપૂર્વક મને આપવામાં આવેલા પત્ર. પુષ્પ, ફલ, જલનું હું અશન-ભોજન-ભોગ કરું છું.'**(ગીતા. ૯ /૨૬) ગીતાના આ વાક્યમાં **'ભક્તિ-ઉપહૃતનું હું અશન કરું છું.'** એમ કહ્યું હોવાથી ભક્તિમાર્ગમાં જ ભગવાન વડે ભોજન થવું આવશ્યક છે. ભક્તિમાર્ગ સિવાયના બીજા પૂજામાર્ગમાં તેમ આવશ્યક નથી, તેથી કરીને ભક્તિમાર્ગથી ઈતર બીજા માર્ગોમાં

જે દેવને નૈવેદ્ય વગેરે આપવમાં આવે છે તે વાસ્તવમાં દાનરૂપ જ છે અને તેને જ તે માર્ગોમાં નિવેદન શબ્દથી જાણવામાં આવે છે, તેથી કરીને ભક્તિમાર્ગની માફક સમર્પણ કરાયેલ પદાર્થનો પ્રત્યક્ષ અંગીકાર ત્યાં નથી. દાન એટલે પદાર્થ ઉપરની પોતાની સત્તાના પરિત્યાગપૂર્વક બીજાની સત્તાનું સમ્પાદન કરવું. જેમ બ્રાહ્મણને ગાય આપવામાં આવે છે, ત્યાં તે ગાય ઉપરથી પોતાની જે સત્તા છે તેને દૂર કરી તે ગાય ઉપર બ્રાહ્મણની સત્તા સ્થાપવામાં આવે છે, તેવી આપેલી ગાય જેમ ત્યારબાદ પોતાના ઉપોયગ માટે લેવાતી નથી, તેમ ભક્તિમાર્ગથી ઈતર માર્ગમાં દેવને અપાયેલ નૈવેદ્ય વગેરે પણ દાનરૂપમાં જ હોય છે તેથી તે માર્ગો માટે દત્તાપહારવચન છે. દત્તાપહાર વચન છે તે (બીજા માર્ગો માટેના) નૈવેદ્ય વિષયના છે. તેથી બધું જ નૈવેદ્ય- અતિરિક્ત ભગવાનને આપવામાં આવેલ વસ્ત્ર વગેરે તે બધું જ જે ભગવાન-હરિના સંબન્ધનું હોય તેનું ગ્રહણ કરવું નહિ એમ જે વચન છે તે બીજા માર્ગ માટેનું ભિન્નમાર્ગ એટલે ભક્તિમાર્ગથી અતિરિક્ત પૂજામાર્ગ વગેરે માટેનું છે.**'मतम्'** એટલે સર્વ પ્રમાણોથી સંમત છે એમ અર્થ છે. આ વાક્ય બીજા માર્ગો માટેનું છે એમાં પ્રમાણ તરીકે **'त्वयोपभुक्त'** આ વાક્ય પહેલાં જ કહેવાઇ ગયું છે.

(૨) શ્રીરઘુનાથજી - **निवेदितस्वीकारे दत्तापहारलक्षणो दोषो भवतीत्येतदर्थकं यद्वचनं, तथा च तथैवान्यदपि यत्सकलमनिवेदितश्राद्धादिविषयकं तत्सर्वमपि हरेः हरिसम्बन्धित्वेन न ग्राह्यं, न ज्ञेयम्, इति अस्मिन्नर्थे वाक्यं वाक्यानि सन्तीत्यर्थः । जात्यभिप्रायेणैकवचनम् । तानि वाक्यानि प्रसिद्धानि सन्तीति हिशब्दार्थः । तथा चोक्तं भगवता 'तत्कुरुष्व मदर्पण' मिति । ब्रह्माण्डपुराणेपि 'पत्रं पुष्पं फलं तोयं पानमन्नाद्यमौषधम् । अनिवेद्य न भुञ्जीत यदाहाराय कल्पितम् । अनिवेद्य प्रभुञ्जानः प्रायश्चित्ती भवेन्नरः । तस्मात् सर्वं निवेद्यैव विष्णोर्भुञ्जीत सर्वदा । मुकुन्दाशनशेषं तु यो हि भुङ्क्ते दिने दिने । सिक्थे सिक्थे भवेत्पुण्यं चान्द्रायणशताधिकम् । भुक्त्वान्यदेवनैवेद्यं द्विजश्चान्द्रायणं चरेत् । भुक्त्वा केशवनैवेद्यं सर्वपापैः प्रमुच्यते । अम्बरीष नवं वस्त्रं फलमन्नाद्यमौषधम् । अनिवेद्य हरेर्भुञ्जन् सप्तजन्मानि नारकी'। श्रीभागवतेपि 'त्वयोपभुक्तस्रग्गन्धे' त्यादिनोक्तम् । 'विष्णोर्निवेदितान्नेन यष्टव्यं देवतान्तरम् । पितृभ्यश्चापि तद्देयं तदानन्त्याय कल्पत' इत्याद्यपि ज्ञेयम् । तर्हि निवेदितस्वीकारे निषेधवाक्यस्य का गतिरिति तत्राहुः भिन्नमार्गेति । भिन्नः पृथक् कृतो मार्गो भक्तिमार्गो येभ्यस्ते भिन्नमार्गास्तत्परं तदधिकारकमिदं भवतीत्येतन्मतं संमतम् । ये शास्त्रार्थापरिज्ञानेनान्यथा कथयन्ति, ते आसुरा एव । अतः सर्वथोपेक्ष्या इति भावः ।** અર્થાત્ - નિવેદન કરાયેલનો નિવેદનકર્તા દ્વારા સ્વીકાર કરવામાં દત્તાપહાર એટલે કે આપીને પાછું લેવાના લક્ષણવાળો દોષ થાય છે એમ અર્થનું વચન છે તે 'દત્તાપહાર વચન' તેવી જ રીતે એવા જ બીજા વચનોમાં જે કંઈ પણ બધું જ **'हरिः'** એટલે પોતે હરિના સમ્બન્ધપણાએ ગ્રહણ કરવું નહિ એટલે કે તે હરિના સમ્બન્ધ વિનાનું છે તેમ નહિ જાણવું. આ અર્થમાં (પણ) **'वाक्यम्'** વાક્ય છે એમ અર્થ છે. જાતિ અભિપ્રાયથી (જે કંઈ પણ આપેલું હોય તેમાં આપેલું એ જાતિના અભિપ્રાયથી - કહેવા માંગતા હોઈ) એકવચન પ્રયોગ છે (નહિતર **'वाक्यानि'** એમ બહુવચન પ્રયોગ કરે). તે વાક્યો (શાસ્ત્રોમાં) પ્રસિદ્ધ છે તેમ જણાવવા **'हि'** પદ પ્રયોગ કર્યો છે. (તે વાક્યો-) ભગવાને કહ્યું છે **'તું જે કરે છે,જે ખાય છે, જે હવન કરે છે, જે દાન આપે છે, જે તપ કરે છે તે બધું જ મને અર્પણ કર'** (ભગવદ્ગીતા ૯/૨૭). તેવી જ રીતે બ્રહ્માંડપુરાણમાં પણ - **'પત્ર પુષ્પ, ફલ, જલ પેય, ભોજ્ય,**

ઔષધ, આ બધું જ જે આહારરૂપમાં છે તેનો ભગવાનને નિવેદન કર્યા વિના ભોગ કરવો નહિ, ભગવાનને નિવેદન કર્યા વિના જ જો કોઈ તેનો ભોગ કરે છે તો તેવો મનુષ્ય પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે. તેથી સદૈવ બધું જ પ્રથમ વિષ્ણુને નિવેદન કરીને જ તે પછી તેનો ભોગ કરવો, ભગવાન મુકુન્દના ભોગ પછીથી બચેલું- અવશિષ્ટ જે દરરોજ ભોગ કરે છે તેને સો ચાન્દ્રાયણ કર્યાથી પણ અધિક પુણ્ય થાય છે, અન્ય દેવને ધરેલા નૈવેદ્યનો ભોગ કરનાર દ્વિજે (બ્રાહ્મણે, ક્ષત્રિયે, વૈશ્યે) ચાંદ્રાયણ વ્રત કરવું, ભગવાન-કેશવને ધરેલા નૈવેદ્યનો ભોગ કરનારો સર્વ પાપોથી મુક્ત થાય છે, હે અંબરીષ ! નવું વસ્ત્ર, ફલ, અન્ન કે ઔષધ હોય ભગવાન શ્રી હરિને નિવેદન કર્યા વિના તેનો ભોગ કરનાર સપ્તજન્મ પર્યન્ત નારકી ગતિને પામે છે' (બ્રહ્માંડ પુરાણ), શ્રીભાગવતમાં પણ- **'હે પ્રભુ ! આપના વડે ભોગ કરાયેલ પુષ્પ, કુંકુમ'** વગેરે વાક્યોથી કહ્યું છે. તેવી જ રીતે **'વિષ્ણુને નિવેદન કરાયેલા અન્ન વડે જ બીજા દેવતાઓનું યજન કરવું. પિતૃઓને પણ તે જ આપવું, તેમ કરવાથી અનન્ત થાય છે.'** વગેરે વાક્યોની પણ અહીં સંગતિ સમજવી. **પ્રશ્ન**-તો પછી નિવેદિત ગ્રહણ નહિ કરવું તેમ નિષેધ કરનારા વાક્યોની શું ગતિ? તો તેના ઉત્તરમાં કહે છે. - **'તે વાક્યો ભિન્નમાર્ગ પરક છે'** ભિન્નમાર્ગ એટલે જે બીજામાર્ગોથી ભક્તિમાર્ગને અલગ કરવામાં આવ્યો છે એવા બીજા માર્ગો તે માર્ગ માટેના એટલે કે તે માર્ગના અધિકાર સંબંધી જણાવનાર એ વાક્યો છે એમ સર્વ શાસ્ત્ર સંમત છે. જે લોકો શાસ્ત્રના અર્થ વિષયમાં સારી રીતે અર્થના પરિજ્ઞાન વિના કહે છે તે લોકો આસુરો જ છે, તેથી તેવા લોકોની સર્વથા ઉપેક્ષા કરવી એવો ભાવ છે.

(3) **શ્રીકલ્યાણરાયજી -ननु भगवते निवेदितस्यान्नादेर्ग्रहणे दत्तस्यापहारो ग्रहणं स्यात्, 'अपि दीपावलोकं म' इत्यादिवाक्यैर्निषेधाच्च कथं निवेदितस्य ग्रहणमित्यत आहुः - दत्तापहारवचनं तथा च हरेः सम्बन्धिसकलं निवेदितं न ग्राह्यमिति वाक्यं हि भक्तिमार्गभिन्नपूजामार्गमर्यादामार्गपरम्।** અર્થાત્- **(પ્રશ્ન)** ભગવાનને નિવેદન થયેલા અન્ન વગેરેને ગ્રહણ કરવું એ આપેલું પાછું લેવું થાય અને **'મને અર્પણ કરેલા દીપક વગેરેનો પોતાના અર્થે ઉપયોગ ન કરવો'** વગેરે વાક્યોથી નિવેદન થયેલા પદાર્થને પુનઃગ્રહણ કરવાનો નિષેધ પણ થયેલો છે, તો પછી સિદ્ધાન્તમાં ભગવાનને નિવેદન કરેલું ગ્રહણ કરવાનું કેમ જણાવો છો ? તેના ઉત્તરમાં કહે છે- **જે દત્તાપહારવચન છે- હરિના સંબન્ધનું સર્વ કંઈ જે પણ નિવેદન થયેલું હોય તે ગ્રહણ નહિ કરવું એ વાક્ય ભક્તિમાર્ગથી ભિન્ન જે પૂજામાર્ગ-મર્યાદામાંર્ગ છે તે માર્ગ માટેનું છે.**

(૪) **શ્રીવ્રજોત્સવજી - ननु निवेदितस्य सर्ववस्तूनां समर्पणेन भगवदीयत्वे जाते तद्ग्रहणनिषेधः शास्त्रेषु श्रूयते, तत्राहुः दत्तेति । स्पष्ट एवार्थः ।** અર્થાત્ - **(પ્રશ્ન)** નિવેદન કરાયેલ સર્વ વસ્તુઓ ઉપર સમર્પણ વડે ભગવાનનું સ્વામિત્વ થતાં તેના ગ્રહણનો નિષેધ શાસ્ત્રોમાં સાંભળવામાં આવે છે ? તેના ઉત્તરમાં કહે છે દત્તાપહાર વગેરે. અહીં સ્પષ્ટ જ અર્થ છે.

(૫) **શ્રીગોકુલોત્સવજી - 'इदं वचनं भिन्नमार्गपरं सम्मतम्। दत्तं पुनः स्वोपभोगाय न ग्राह्यं, तथा हरेः सम्बन्धि किमपि न ग्राह्यमिति यद्वाक्यं तद्भक्तिमार्गातिरिक्तमार्गपरमित्यर्थः, भगवति निवेदनाभावान्निवेदितपदार्थानां भगवदुपभोगे जाते महाप्रसादस्यात्मशोधकत्वेनावश्यं ग्राह्यत्वप्रतिपादनाच्च ।** અર્થાત્ - આ વચન ભિન્નમાર્ગ પર એટલે કે બીજામાર્ગમાં સમ્મત છે. આપેલું પાછું પોતાના ઉપભોગ અર્થે ગ્રહણ ન કરવું તેમજ હરિના સમ્બન્ધમાં રહેલું કંઈ પણ ગ્રહણ ન કરવું એમ જે વાક્ય છે તે

ભક્તિમાર્ગથી અતિરિક્ત માર્ગ માટેનું છે એમ અર્થ છે. (પૂર્વમાં) તે પદાર્થ ભગવાનને નિવેદિત ન થયો હોઈ પદાર્થ ભગવાનને નિવેદિત થઈ તે પદાર્થનો ભગવાન વડે ભોગ કરાતાં મહાપ્રસાદ એ અન્તઃકરણને શુદ્ધ કરનાર હોઈ તેનું અવશ્ય ગ્રહણ કરવું એમ પ્રતિપાદન થયું હોવાથી (ન ગ્રહણ કરવું એ ભિન્ન માર્ગ માટેનું વાક્ય છે.- ભક્તિમાર્ગમાં તો માત્ર મહાપ્રસાદ જ અવશ્ય ગ્રહણ કરવો એમ સિદ્ધાન્ત છે.)

(૬) શ્રીહરિરાયજી - नन्वेवं लौकिकार्थं हि वैदिकार्थं तथा पुनः । समर्पितपदार्थानां ग्रहणे दोषसम्भवः ॥ ११६ ॥ दत्तापहाररूपो हि धर्ममार्गनिरूपितः। भगवच्छास्त्रसिद्धोपि नैवेद्यग्रहणात्मकः ॥११७॥ 'अपि दीपावलोकं म' इत्यादिप्रभुणोदितः । इति चेन्न यतो मार्गो भिन्नोयं पुष्टिनामकः ॥ मार्गभेदान्न दोषोत्र कर्मपूजादिरूपतः । यथाश्रमविभेदेन निषेधानां विधेरपि ॥ ११९॥ भिन्नतात्र तथा मार्गभेदेनापि विबुध्यताम् । न वा निवेदनं दानं येन दोषो ग्रहे भवेत् ॥ १२० ॥वाक्यं पूजाप्रकरणात्तद्दोषविनिरूपकम् । અર્થાત્ -(પ્રશ્ન) આ પ્રમાણે લૌકિક કાર્યોને અર્થે તેમજ વૈદિક કાર્યો અર્થે ભગવાનને નિવેદન થયેલ પદાર્થને ગ્રહણ કરવાથી દોષ સંભવે છે. તેમજ 'अपि दीपावलोकं मे' વાક્યથી નિવેદન થયેલને પુનઃ ગ્રહણ કરવાના રૂપમાં દત્તાપહાર દોષ થાય છે એમ ધર્મમાર્ગનું નિરૂપણ ભગવાને એકાદશકન્ધમાં કર્યું છે તેથી દત્તાપહાર દોષ થાય છે એમ ભગવત્ શાસ્ત્ર ભાગવતમાં જ જણાવેલું છે ? (ઉત્તર) એમ કહેવું બરાબર નથી. કારણ કે પુષ્ટિ નામનો માર્ગ બીજા માર્ગોથી સર્વથા જુદો જ છે અને કર્મ-પૂજા વગેરે રૂપથી આ માર્ગ જુદો હોવાથી આ માર્ગમાં તે દોષરૂપ નથી. જેમ આશ્રમભેદ થવાથી પૂર્વ આશ્રમ માટેના વિધિ-નિષેધ ક્હેવાયેલા હોય તે બીજા આશ્રમવાળાને લાગુ પડતા નથી.

તેમ અહીં ભિન્નતા છે એમ જાણો. અથવા તો (આ માર્ગમાં કરાતું) નિવેદન એ દાન નથી કે જેથી કરીને પાછું ગ્રહણ કરવામાં દોષ થાય, ભાગવત એકાદશસ્કન્ધનું વાક્ય એ (ભાગવતમાં હોવા છતાં અને ભગવાન વડે કહેવાયું હોવા છતાં પણ) ત્યાં પૂજા પ્રકરણમાં (પૂજના નિયમને ઉદ્દેશીને) કહેવાયું હોવાથી ત્યાં એ દોષનું નિરૂપણ કરનાર છે.

શ્રીવિઠ્ઠલેશજી ભક્તિમાર્ગથી ઈતર પ્રકારો માયાવાદી સિદ્ધાન્ત મુજબના છે તેમ જણાવતાં લખે છે-

(૭) શ્રીવિઠ્ઠલેશજી - 'भक्तिमार्गाद्भिन्ना ये मार्गास्तत्परत्वेन ज्ञेयम् । अन्ये सर्वेपि प्रकाराः पुरुषोत्तमविषये न भवन्ति, किन्तु मायावादिसिद्धान्ते भवन्ति । ..... मायावादः कस्मिन् विषये प्रवर्तते ? .... मल्लीलारसमन्तरेण सर्वं मायावाद उच्यते ... मायावादस्वरूपमाह । वेदोक्त कर्माणि मन्यन्ते, निराकारस्वरूपं भजन्ते, द्वेषेण मोक्षं मन्यन्ते, सर्वदेवान् मां च समं मन्यन्ते, सर्वमेकीकृत्य जानन्ति, प्रपञ्चमसत्यं मन्यन्त इति मायावादः । न ग्राह्यमिति निवेद्य न ग्राह्यमिति यद्वचनं तद् मद्भजनाद्भिन्नमार्गपरं ज्ञेयम् । उक्तं च गीतायां, 'अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्। परं भावनजानन्तो मामेवाक्षयमव्यय' मिति ।' અર્થાત્- ભક્તિમાર્ગથી જુદા એવા જે માર્ગો છે તે માટેના (તે વાક્યો છે) એમ જાણવું. ભક્તિમાર્ગથી ઈતર જે પ્રકારો છે તે બધા જ પુરુષોત્તમ વિષયમાં હોતાં નથી, પરન્તુ તે મયાવાદી સિદ્ધાન્તના વિષયવાળા હોય છે... માયાવાદ કયા વિષયમાં પ્રવર્તે છે ? ....મારી લીલારસથી ઈતરના સર્વ વિષયમાં માયાવાદ કહેવામાં આવે છે... માયાવાદ સ્વરૂપને જણાવે છે- તે લોકો વેદોક્ત કર્મને માને છે, નિરાકાર સ્વરૂપનું ભજન કરે છે, દ્વેષવડે મોક્ષ માને છે, બધા દેવો અને મને સમાન માને છે, બધું જ એક કરીને જાણે છે,

પ્રપંચને અસત્ય માને છે, આ માયાવાદ છે. નહિ ગ્રહણ કરવું એટલે કે નિવેદન કરીને (પાછું) ગ્રહણ ન કરવું એ જે વચન છે તે મારા ભજનનો જે માર્ગ છે તેથી ભિન્નમાર્ગ માટેનું છે એમ જાણવું, ગીતામાં પણ કહ્યું છે કે- **મૂઢ લોકો માનવ સદશ શરીરનો આશ્રય કરીને રહેલા એવા મને જાણતા નથી, હું અક્ષય-અવ્યય (સર્વનાશવાન્ થી અલગ) પર ભાવને નહિ જાણતાં (તે લોકો માનુષી તનુનો આશ્રિત મને જાણે છે).**

(૮) શ્રીપુરુષોત્તમજી - ननु भवत्वेवमुक्तरीत्या सर्वसमर्पणे दोषाभावः, तथापि 'भक्तिस्त्वय्युपयुज्येत कीदृशी सद्भिरादृते' त्युद्धवप्रश्ने, भगवता यदा 'मल्लिङ्गमद्भक्तजनदर्शनस्पर्शनार्चन' मित्यादिना भक्तिमार्ग उपदिष्टः, तत्र, 'अपि दीपावलोकं मे नोपयुञ्ज्यान्निवेदित' 'मित्याज्ञप्तं तदकरणादाज्ञाभङ्गदोषः कथं निरसनीय इत्यतस्तदनूद्य तद्विषयव्यवस्थामाहुः दत्तापहारेत्यादि । दत्तस्य भगवते समर्पितस्य अपहारः, पुनर्जीवोपयोगाय ग्रहण उच्यते, निषिद्धतया कथ्यते यस्मिन्, तद्दत्तापहारवचनम् । 'अपि दीपावलोक' मित्यादिजातीयकं वाक्यं भक्तिमार्गोपदेशे वर्तत इति शेषः । तथाच हरेः सम्बन्धि सकलं सर्वं समर्प्यापि न ग्राह्यमित्येवमर्थकं भिन्नमार्गपरं विवक्षितभक्तिमार्गादन्यमार्गविषयं मतं विचारितम् ॥

अयमर्थः । इदं हि वाक्यमेकादशाध्याये भगवति निश्चलमनो धारणाशक्तौ 'यद्यनीशो धारयितुं मनो ब्रह्मणि निश्चल' मित्यादिना तदनुकल्पकथने या भक्तिरुपासनशेषत्वेनोक्ता तत्प्रकार उद्धवेन पृष्टे, 'मल्लिङ्गमद्भक्तजने' त्याद्यष्टभिस्तन्मार्ग उपदिष्टस्तेषु वर्तते । तत्र च यथा स्वलिङ्गदर्शनादयो धर्माः पृथगुक्ताः, तथा

वैदिकी तान्त्रिकी दीक्षापि पृथगुक्ता, सा नास्मिन्मार्गे, भक्तिमार्गीयोपदेशस्यात्र विवक्षितत्वात् । तथा दास्येनात्मनिवेदनमपि तथोक्तं, तदपि नात्र पृथग्धर्मत्वेन, अधिकाररूपतया तस्यात्र पूर्वं विवक्षितत्वात् । तथाग्रे 'सूर्योग्निर्ब्राह्मणा गाव' 'इत्यादिना पूजास्थानान्येकादश निर्दिष्टानि । समाप्तौ च 'इष्टपूर्तेन मामेवं यो यजेत समाहितः । लभते मयि सद्भक्तिं मत्स्मृतिः साधुसेवये' 'ति तथा कृतौ भक्तिलाभः, तया स्वस्मृतिः फलत्वेनोक्ता । विवक्षितो मार्गस्तु 'अथैतत्परमं गुह्यं शृण्वतो यदुनन्दन । सुगोप्यमपि वक्ष्यामि त्वं मे भृत्यः सुहृत्सखे' ति सुगोप्यकथनं प्रतिज्ञाय, ततो द्वादशाध्याये तां भक्तिमुक्त्वा ततोग्रे षडध्याय्या अन्यदपि तत्प्रश्नानुसारेणोक्त्वा, पश्चादूनविंशे 'आख्याहि विश्वेश्वर विश्वमूर्ते', 'त्वद्भक्तियोगं च महद्विमृग्य्' मिति महदभिलषितभक्तिप्रश्ने पुनस्तेन कृते, भगवता 'भक्तियोगः पुरैवोक्तः प्रीयमाणाय तेऽनघ । पुनश्च कथयिष्यामि मद्भक्ते : कारणं पर' मिति द्वादशाध्यायोक्तां भक्तिं परामृश्य, तत्परमकारणत्वेन कथितार्थपुनरावृत्तिं प्रतिज्ञाय, 'श्रद्धामृतकथायां म' 'इत्यादिभिश्चतुर्भिरुक्त्वा, 'एवंधर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् । मयि संजायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यत' इति पञ्चमे पूर्वोक्तभक्तिप्राप्त्या पुरुषार्थसमाप्तिमुक्त्वा, समाप्यते । अतोधिकारभेदात्साधनभेदात्फलभेदाच्च भक्तिमार्गयोर्भेदे सिद्धे दत्तापहारबोधकं वाक्यं यत्रोक्तं तत्तज्जातीयपरमेव, नैतन्मार्गपरम् । अतो नात्र समर्पितस्य पुनः समर्प्यग्रहणे आज्ञाभङ्गदोषो वाक्यविरोधो चेति बोध्यम् ।' અર્થાત્-(પ્રશ્ન-) તમે જણાવો છો તે રીત મુજબ ભલે સર્વ- સમર્પણમાં દોષ નથી રહેલો, તેમ છતાં પણ 'હે પ્રભુ ! સત્પુરુષો વડે આદર કરાયેલી એવી કયા પ્રકારની ભક્તિનો

ઉપયોગ આપમાં થઈ શકે છે' એમ ઉદ્ધવજી દ્વારા પ્રશ્ન કરાતાં ભગવાન વડે જ્યારે **'મારી મૂર્તિ અને મારા ભક્તો એનાં દર્શન-સ્પર્શ-અર્ચન કરવું'** વગેરે વાક્યોથી ભક્તિમાર્ગ ઉપદેશ્યો, ત્યાં **'નિવેદન કરાયેલ દીપનો (એના પ્રકાશનો) પોતાના અર્થે ઉપયોગ નહિ કરવો'** એમ આજ્ઞા કરી હોવાથી (જો નિવેદન કરાયેલું ગ્રહણ કરવામાં આવે તો) તે આજ્ઞાનો ભંગ કર્યાનો દોષ પ્રાપ્ત થાય તેનું નિરસન કેવી રીતે થઈ શકે ? એના ઉત્તરમાં તેથી તે વાક્યનો જ અનુવાદ કરીને તેની વ્યવસ્થા જણાવતાં કહે છે. **દત્તાપહાર** - વગેરે. દત્તનો એટલે કે ભગવાનને સમર્પણ કરાયેલનો **અપહાર** એટલે કે તે ફરીથી જીવના પોતાના અર્થે ઉપયોગ થવો છે અને તેવો ઉપયોગ જેમાં નિષેધરૂપમાં કહેવાયો છે એમ દત્તાપહાર વચનનો અર્થ છે. **'अपि दीपावलोकं मे'** વગેરે પ્રકારનું વાક્ય ભક્તિમાર્ગમાં ઉપદેશમાં છે એમ વાક્યમાં એટલું શેષ સમજવું. તેથી ભગવાન હરિના સંબન્ધી જે કંઈ પણ હોય તે સમર્પણ કરીને પણ ગ્રહણ કરવું નહિ એમ અર્થ જણાવતું જે વાક્ય છે તે બીજા માર્ગ માટેનું છે એટલે કે આ ગ્રન્થ દ્વારા જે (પુષ્ટિ) ભક્તિમાર્ગ કહેવાયો છે તેથી જુદા ઈતર માર્ગનો વિષય **'मतम्'** વિચારાયેલો છે.

અહીં આ અર્થ સમજવો -આ વાક્ય ભાગવત એકાદશ સ્કન્ધના એકાદશ અધ્યાયમાં ભગવાનમાં નિશ્ચલ મનને ધારણ કરવાની અશક્તિમાં **'यद्यनीशो धारयितुं मनो ब्रह्मणि निश्चलम्'** તેનો અનુકલ્પ કહેવામાં જે ઉપાસના શેષ (જેમાં ઉપાસના શેષ બાકી છે તે) ભક્તિ કહી છે તેનો પ્રકાર ઉદ્ધવજી દ્વારા પૂછાતાં તેના ઉત્તરમાં ભગવાને **'मल्लिङ्गमद्भक्तजन'** વગેરે આઠ શ્લોકો વડે તે માર્ગનો ઉપદેશ કર્યો છે તેમાં આ વાક્ય **'अपि दीपावलोकं मे'** કહેવાયું છે. ત્યાં જેમ પોતાની મૂર્તિના દર્શન કરવા વગેરે ધર્મો અલગ કહ્યા છે, તેમ ત્યાં વૈદિકી તાન્ત્રિકી દીક્ષા પણ અલગથી કહી છે, તે દીક્ષા આ

(પુષ્ટિભક્તિ) માર્ગમાં નથી, અહીં ભક્તિમાર્ગીય ઉપદેશ કહેવાની ઈચ્છા હોવાથી. તેવી જ રીતે દાસ્યપૂર્વકનું આત્મનિવેદન ત્યાં કહેવાયું છે તે પણ અલગ ધર્મરૂપે કહ્યું છે, તેમ અહીં (આ માર્ગમાં) નથી. આત્મનિવેદનને અધિકારરૂપમાં જણાવવાની ઈચ્છા હોવાથી તેમ પહેલાં જ કહેવાઈ ગયું છે. તેવી જ રીતે આગળ પણ **'સૂર્ય-અગ્નિ-ગાય-બ્રાહ્મણ'** વગેરે વાક્યથી અગિયાર પૂજાસ્થાનોનો નિર્દેશ કરેલો છે અને સમાપ્તિમાં **'આ પ્રમાણે ઈષ્ટ-પૂર્ત કર્મ વડે સમાહિતચિત્ત વ્યક્તિ મારું યજન કરે છે તેને સાધુપુરુષોની સેવા વડે મારી ભક્તિનો લાભ થાય છે અને તેથી મારી સ્મૃતિ થાય છે'** (ભાગ ૧૧/૧૧/૪૭) આ પ્રમાણે તેમ કરવાથી ભક્તિલાભ થાય છે અને ભક્તિ વડે પોતાની -ભગવાનની સ્મૃતિ થાય છે તેમ ફલપણાએ જણાવી છે. જ્યારે અહીં (આ ગ્રન્થમાં જે માર્ગ જણાવવા માંગે છે તે તો **'હે યદુનન્દન ઉદ્ધવ! હવે તને પરમગુહ્યનું શ્રવણ કરતાં જે અતિ સુગોપ્ય છે તેને હું કહીશ, તું મારો સેવક છે, સુહૃદ છે અને સખા છે'** (ભાગ ૧૧ /૧૧/૪૭) દ્વારા સુગોપ્ય કહેવાનું જણાવીને ત્યારબાદ બારમા અધ્યાયમાં તે (સુગોપ્ય) ભક્તિને કહીને, તેથી આગળ છ અધ્યાયોમાં બીજાં પણ જે ઉદ્ધવજીએ પ્રશ્નો કર્યા તેના અનુસાર ભગવાને તેના ઉત્તરમાં કહીને પછીથી ઓગણિસમાં અધ્યાયમાં **'હે વિશ્વેશ્વર - વિશ્વમૂર્તિ પ્રભુ ! જેને (બ્રહ્માજી જેવા) મ્હોટાઓ પણ શોધતા રહે છે તેવો મહદ્વિમૃગ્ય તમારો ભક્તિયોગ આપ મને કહો ......** (ભાગ. ૧૧-૧૯-૪૭) એમ મ્હોટાઓ દ્વારા જેની અભિલાષા કરાય છે તેવી ભક્તિ માટેનો ઉદ્ધવજી દ્વારા ફરીથી પ્રશ્ન કરાતાં ભગવાને ઉત્તરમાં કહ્યું કે- **'હે નિષ્પાપ ઉદ્ધવ ! હું જેના પર અતિશય પ્રસન્ન છું તેવા તને ભક્તિયોગ તો પહેલાં જ મેં કહી દીધો છે, તેમ છતાં ફરીથી તને હું મારી ભક્તિનું પરમ કારણ (ભક્તિ પ્રગટ થવા માટેનું ઉત્તમોત્તમ કારણ-હેતુ) કહીશ'** (ભાગ-૧૧-૧૯-૧૯) એમ બારમા અધ્યાયમાં કહેવાઇ ગયેલી ભક્તિનો જ પરામર્શ કરીને તે ભક્તિના પરમ

કારણપણાએ પૂર્વમાં કહેવાઈ ગયેલા અર્થની જ- કહેલાની પુનરાવૃત્તિ કરવાનું જણાવીને **'મારી અમૃતમયી કથામાં શ્રદ્ધા રાખવી'** વગેરે ચાર શ્લોકોથી કહીને પાંચમાં શ્લોકમાં **'હે ઉદ્ધવ ! આ પ્રમાણે આત્મનિવેદન કરેલા મનુષ્ય વડે ઉપર્યુક્ત ધર્મોનું આચરણ કરાતાં તેમને મારામાં ભક્તિ થાય છે. ત્યાર પછી બીજો કયો અર્થ પ્રાપ્ત કરવો બાકી રહી જાય છે ?'** (ભાગ,૧૧ /૧૯/ ૨૪) એમ પૂર્વમાં કહેવાયેલી ભક્તિની પ્રાપ્તિ થતાં પુરુષાર્થની પણ સમાપ્તિ થઈ જાય છે તેમ કહીને સમાપન કરે છે. તેથી કરીને (બંને માર્ગોમાં) અધિકારભેદ હોવાથી, સાધનભેદ હોવાથી અને ફલનો પણ ભેદ હોવાથી બંને પ્રકારની ભક્તિના બે માર્ગોમાં ભેદ સિદ્ધ થતાં દત્તાપહારને જણાવનાર વાક્ય જે સ્થળે કહેવાયું છે તે, તેવી ભક્તિના પ્રકારના લોકો માટેનું જ છે; આ માર્ગના લોકો માટેનું નથી. અતઃ ભગવાનને સમર્પણ કરીને સમર્પિતને ફરીથી ગ્રહણ કરવામાં અહીં આ માર્ગમાં આજ્ઞાભંગનો દોષ પણ પ્રાપ્ત થતો નથી કે બે વાક્યો વચ્ચેનો કોઈ વિરોધ પણ નથી તેમ જાણવું.

(૯-૧૦) શ્રીગિરિધરજી તથા શ્રીલાલુભટ્ટજી- આ વિષયમાં પૂર્વના ટીકાકારોએ જણાવ્યા મુજબનો જ ખુલાસો આપે છે.

(૧૧) શ્રીશાચાર્યમતાનુવર્તી - **'यद्वा, वस्तुतो हरेः सकलं सर्वमिति किमनेन दत्तं, यदपहरणे दोषः । किञ्च, नेदमपहरणं, किन्तु तत्प्रसाददत्तवस्तुग्रहणम् । वस्तुतोपि तदीयस्यैव वस्तुनो नितरां वेदनं ज्ञापनं समर्पणं सेवकधर्मः ।'** **અર્થાત્**- અથવા, જે કંઈ પણ છે તે બધું જ શ્રી હરિનું જ છે તેથી શું આના વડે અપાયું ? કે જેથી અપહરણ કરતાં દોષ થાય. વળી. આ અપરહણ પણ નથી, કિન્તુ ભગવાને તે વસ્તુનો અંગીકાર કરી પ્રસાદરૂપમાં આપેલ વસ્તુને ગ્રહણ કરવું છે. વસ્તુતઃ વિચારવામાં આવે ત્યારે પણ નિવેદન એટલે તેમની જ વસ્તુને નિતરાં વેદન કરવું-જ્ઞાપન કરવું સમર્પણ કરવું એ જ સેવકધર્મ છે.

ઉપર સર્વ ટીકાકારોના અભિપ્રાયને જોતાં શ્રી ગોકુળનાથજી ના જણાવ્યા મુજબ બન્ને પ્રકારના ભક્તિમાર્ગો પુષ્ટિ-ભક્તિમાર્ગ અને મર્યાદા-ભક્તિમાર્ગ એમ બન્ને માર્ગોથી ભિન્ન એટલે પૂજામાર્ગ-કર્મમાર્ગ વગેરે માર્ગો એમ **'ભિન્નમાર્ગ'**નો અર્થ છે. શ્રી રઘુનાથજી પણ પ્રાયઃ કરીને આજ અર્થ ગ્રહણ કરે છે કે બીજા માર્ગોથી જેને અલગ કરવામાં આવ્યો છે તેવો ભક્તિમાર્ગ તેથી ઇતરના માર્ગો ભિન્નમાર્ગ. શ્રીવ્રજોત્સવજી-શ્રીગોકુલોત્સવજી-શ્રી વિઠ્ઠલેશજી વગેરે ટીકાકારો પણ ઉપર મુજબ જ અભિપ્રાય ધરાવે છે. જ્યારે શ્રીહરિરાયજી પુષ્ટિનામે પ્રસિદ્ધ માર્ગથી ઈતરના માર્ગો એ ભિન્નમાર્ગ એમ અર્થ કરે છે અને શ્રી પુરુષોત્તમજી બે પ્રકારના ભક્તિમાર્ગ વચ્ચે અધિકાર-સાધન અને ફલ ત્રણેથી ભેદ સિદ્ધ છે તેથી આ વાક્ય બીજા પ્રકારના ભક્તિમાર્ગપરક છે એમ જણાવે છે.

શ્રીગોકુલનાથચરણ, શ્રીરઘુનાથચરણ, શ્રીહરિરાયચરણ અને શ્રીપુરુષોત્તમચરણની ટીકાઓમાં ગ્રન્થના આ સ્થળ પરના અલગ જેવા દેખાતા વાક્યોને એક વાક્યતા પ્રકારે વિચારવામાં આવે ત્યારે મને એમ લાગે છે કે જેને શ્રી ગોકુળનાથજી મર્યાદાભક્તિમાર્ગ તથા પુષ્ટિભક્તિમાર્ગ નામે જણાવે છે તે અને બીજાથી અલગ કરેલા ભક્તિમાર્ગ નામે શ્રી રઘુનાથજી જણાવે છે તે તથા જેને પુષ્ટિમાર્ગ નામે શ્રી હરિરાયજી જણાવે છે તે તેમજ બીજા પ્રકારના ભક્તિમાર્ગથી અલગ ભક્તિમાર્ગ નામે શ્રીપુરુષોત્તમજી જણાવે છે તે માર્ગ એ મૂલ અધિકાર પુષ્ટિનો હોઈ તેમાં પુષ્ટિ-મર્યાદા-પ્રવાહના મિશ્ર અધિકારવાળા જીવો માટેનો જે માર્ગ કે જેને પુષ્ટિમાર્ગ નામે સિદ્ધાન્તમાં જાણવામાં આવે છે તે માર્ગ. તેવી જ રીતે ભિન્નમાર્ગ એટલે મૂલ અધિકાર મર્યાદામાર્ગ હોઈને એમાં પુષ્ટિના મિશ્રણના અધિકારવાળા જીવો માટેનો માર્ગ કે જેને શ્રી ગોકુળનાથજી પ્રભૃતિ ટીકાકારો પૂજામાર્ગ-કર્મમાર્ગ નામે આલેખે છે. તેથી શ્રી

હરિરાયજીના વાક્યમાં જે પુષ્ટિમાર્ગ એમ પ્રયોગ થયો છે તે પણ મૂલ અધિકાર પુષ્ટિનો હોઈ તેમાં પુષ્ટિ-મર્યાદા-પ્રવાહથી મિશ્ર અધિકારવાળાઓનો માર્ગ એમ અર્થ સમજવો જોઈએ. શ્રી પુરુષોત્તમચરણના વાક્યમાં જે અધિકાર-સાધન-ફલમાં ભેદ કહ્યો છે તેમાં પણ અધિકારભેદમાં એકનો મૂલ અધિકાર પુષ્ટિ છે અને બીજાનો મૂલ અધિકાર મર્યાદા છે. તેમજ બંનેના સાધનમાં પણ એકનું સાધન પુષ્ટિમાર્ગીય આચાર્યોપદિષ્ટ પુષ્ટિમાર્ગીય સાધન છે અને બીજાનું વેદોક્ત કે તંત્રોક્ત અથવા તો ઈતર યોગાદિ શાસ્ત્રોક્ત સાધન છે. તેવી જ રીતે ફલ વિષયમાં પણ એકને પુરુષોત્તમ સમ્બન્ધી થી ઉતરતું ફલ હોતું નથી એટલે કે એકનું ફલ પુરુષોત્તમ છે જ્યારે બીજાનું ફલ વેદોક્ત કે તંત્રોક્ત અક્ષર-સ્વર્ગાદિ પ્રાપ્તિ અથવા તો આ લોક સમ્બન્ધી ભોગપ્રાપ્તિ વગેરે છે. તેમજ શ્રી પુરુષોત્તમચરણના વાક્યમાં જે બે ભક્તિમાર્ગ જણાવ્યા છે તે પણ તૃતીયસ્કન્ધ કપિલાખ્યાનમાં જણાવ્યાની માફક સગુણમાર્ગ અને નિર્ગુણમાર્ગ એમ બે માર્ગભેદે સગુણાભિકતનો માર્ગ અને નિર્ગુણાભક્તિનો માર્ગ એમ બે પ્રકારના ભક્તિમાર્ગ થાય છે. યદ્યપિ નિર્ગુણાભક્તિવાળો માર્ગ જ ભક્તિયોગ અથવા તો ભક્તિમાર્ગ છે. કારણ કે ત્યાં જ તૃતીયસ્કન્ધમાં **‘स एव भक्तियोगाख्यः’** (ભાગ.૩/૨૯/૧૪) એમ નિર્ગુણાભક્તિને જ ભકિતયોગ તરીકે સ્વીકાર્યો છે. સગુણતામાં પણ ભક્તિયોગ કે માર્ગ નામ મળ્યું છે તે સગુણ ભાવવાળાઓ દ્વારા ભક્તિ સદશ જે ભગવાનનું નામ સ્મરણ, જપ, કીર્તન વગેરે કરવામાં આવે છે તેને લઈને છે. શ્રી ગોકુલનાથજીના વાક્યમાં જે મર્યાદાભકિતમાર્ગ કહ્યો છે તે મર્યાદાભકિતને શ્રીપ્રભુચરણે ભકિતહંસ ગ્રન્થમાં જણાવી છે. ભક્તિહંસમાં જણાવેલા પ્રકારો મુજબ પ્રવાહમાર્ગ કે મર્યાદામાર્ગ અને પ્રવાહિકીભક્તિ કે મર્યાદાભક્તિ એ બન્ને વચ્ચે આસમાન-જમીનનો ફરક રહેલો છે. તેથી પ્રવાહમાર્ગ કે મર્યાદામાર્ગના અધિકારી જીવોનું જ સગુણાભક્તિમાં પ્રવર્તન થાય છે, જ્યારે પ્રવાહ કે મર્યાદાથી મિશ્ર પુષ્ટિ અધિકારવાળા જીવોનું પ્રવર્તન નિર્ગુણા ભક્તિમાં જ થાય છે તે મુજબ શ્રીગોકુળનાથજી દ્વારા કહેવાયેલ મર્યાદા ભક્તિમાર્ગ વાક્ય સાથે શ્રીરઘુનાથજી, શ્રી હરિરાયજી કે શ્રી પુરુષોત્તમજીના અભિપ્રાયનો કોઈ વિરોધ રહેતો નથી. તેવી જ રીતે ઉપર જણાવ્યા અનુસાર ચારે મુહાનુભાવોના અભિપ્રાયોમાં પણ પરસ્પર કોઈ વિરોધ રહેતો નથી.

આ સ્થળે શ્રીગોકુળનાથચરણ બીજી એક વાત તરફ પણ દયાન આકર્ષિત કરે છે કે યદ્યપિ નૈવેદ્ય નામથી મર્યાદામાર્ગમાં કિંવા-કર્મ-પૂજામાર્ગમાં નિવેદનનો ઉલ્લેખ થાય છે તેમ છતાં પણ ત્યાં નિવેદનનું વાસ્તવિક સ્વરૂપ કે પ્રકાર હોતો નથી પણ ત્યાં એનું સ્વરૂપ કે પ્રકાર દાન જ છે. જ્યારે ભક્તિમાર્ગમાં જ નિવેદનનું સ્વરૂપ અને પ્રકાર રહેલો છે. અહીં નિવેદનના નામે દાન નથી. દાન એટલે પહેલાં જે પદાર્થ પર પોતાની સત્તા માલિકી હોય તે પદાર્થ પરથી વ્યાપારીની માફક પ્રત્યક્ષ બદલો લીધા વિના પોતાની સત્તા-સ્વામિત્વ હટાવી લઈ બીજાની સત્તા સ્વામિત્વનું સ્થાપન કરવું તે દાન છે, જ્યારે નિવેદનકર્તા પોતે પણ સ્વામિના અધિકારપણામાં રહીને સ્વામિભોગ્ય પદાર્થને સેવકભાવે સ્વામીને સમર્પે તે નિવેદન છે. આથી આ મુજબનો નિવેદનભાવ માત્ર ભક્તિમાર્ગમાં જ હોવાથી અને અન્યમાર્ગમાં નહિ હોવાથી નિવેદન થયેલા પદાર્થનો ભગવાન વડે પ્રત્યક્ષ ભોગ-અશન યથાસ્થાન ઉપભોગ થવો એ ભક્તિમાર્ગમાં જ આવશ્યક છે તેથી તેમજ ભક્તિમાર્ગમાં જ દાસધર્મનું મહત્ત્વ હોઈ અને દાસોએ- સેવકોએ ભગવદ્ ઉચ્છિષ્ટ વડે જ જીવન-દેહ વગેરેનો નિર્વાહ કરવો જરુરી હોવાથી પણ ભગવાનનો પ્રત્યક્ષ ભોગ આવશ્યક છે. તેવી સ્થિતિ અન્ય માર્ગોમાં નહિ હોવાથી માત્ર ભક્તિમાર્ગમાં જ ભગવાન દ્વારા નિવેદન પદાર્થનો ભોગ છે જ્યારે તેમ અન્યમાર્ગમાં નથી તેથી પણ મર્યાદામાર્ગીય દેવને આપવામાં

આવેલ નૈવેદ્ય વગેરે અને ભક્તિમાર્ગમાં કરાયેલા નિવેદનમાં પણ સર્વથા ભેદ રહેલો છે. ભક્તિમાર્ગમાં ભગવાન વડે પ્રત્યક્ષભોગ છે તેમાં શ્રી ગોકુળનાથજી ગીતાનું વાક્ય (ગીતા ૯/૨૬) ભક્તિ-ઉપહૃત પદાર્થનું હું અશન-ભોજન કરું છું ટાંકે છે. શ્રીગોકુળનાથજીના ઉપર્યુક્ત અભિપ્રાય સાથે **'દેવતાને ઉદ્દેશીને કરવામાં આવેલો દ્રવ્યત્યાગ એ યજ્ઞ છે'** આ જૈમિનિ ઋષિનો અભિપ્રાય પણ સંગત થાય છે. કારણ કે કર્મમાર્ગ અંગેના ઋષિના ઉપર્યુક્ત અભિપ્રાયમાં યજ્ઞાદિ કર્મમાં જે દેવતાને અપાય છે તે દેવતાના ઉદ્દેશથી કરાયેલો દ્રવ્યત્યાગ સ્વરૂપમાં હોવાથી કર્તામાં દેવતાનો ઉદ્દેશ અને કર્તા વડે દ્રવ્યત્યાગ આ બે જ વાત એમાં રહેલી છે. તેથી તેનો પ્રત્યક્ષભોગ આમાં આવશ્યક નથી.

* * *

(૭) સપ્તમ શ્લોક

सेवकानां यथा लोके व्यवहारः प्रसिध्यति ॥ ७ ॥
तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥ ७ $\frac{૧}{૨}$॥

અન્વય પદાર્થ :- **सेवकानां** (સેવકોનો) **यथा** (જેમ) **लोके** (લોકમાં) **व्यवहारः** (વ્યવહાર) **प्रसिध्यति** (પ્રસિદ્ધ છે) **तथा** (તેમ) **समर्प्यैव** (સમર્પીને જ) **कार्यं** (કરવું) **ततः** (તેથી) **सर्वेषां**(સર્વની) **ब्रह्मता** (નિર્દોષતા) (થાય છે.)

અર્થ :- સેવકોનો જેમ લોકમાં વ્યવહાર પ્રસિદ્ધ છે.તેમ સમર્પીને જ કાર્ય કરવું. તેથી જ નિર્દોષતા (થાય છે)

ગ્રન્થવિવરણ :- પૂર્વમાં **'असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत्'** વગેરે વાક્યોથી ભગવદ્ધર્માનુરોધી એટલે કે જમાં ભગવદ્ધર્મનો અનુરોધ રહેલો છે અથવા તો ભગવદ્ધર્મના અનુરોધે થનાર સમર્પણ પ્રકારને જણાવ્યું છે. ભગવદ્ધર્માનુરોધી સમર્પણ એટલે જેમાં એક માત્ર ભગવાનને જ ધારણ કરી કરવામાં આવતાં કાર્યો. એટલે કે જેમાં ભગવાન સિવાય ઈતર કોઈ પણ અર્થ-હેતુ ન હોય તેવા કાર્યો. જેમ સેવામાં પ્રતિદિન શ્રી પ્રભુને અર્થે જ મંગલભોગથી લઈ શયનમાં બંટા પર્યન્તમાં જે કંઈ પણ ભગવદ્ ભોગાર્થ સમર્પવામાં આવે તેમાં માત્ર શ્રીપ્રભુ આરોગે એ જ ઈચ્છા કે હેતુ હોય છે. અતઃ જેમાં જીવ અર્થે કે જીવની પોતાના સંબન્ધની કામના થકી કરવાનો-સમર્પવાનો હેતુ ન હોય તે ભગવદ્ધર્માનુરોધી સમર્પણ છે. પરંતુ સમર્પક જીવની સ્થિતિ વ્યવહારમાં છે અને વ્યવહારમાં જેમાં ભગવાનનો હેતુ ન હોય તેવાં કાર્યો કરવા પણ

પ્રાપ્ત થતાં જ હોય છે. તેમજ **'बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः । अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभि : ॥'** બીજની દઢતાને અર્થે સ્વધર્મપૂર્વક ઘરમાં રહીને અવ્યાવૃત્તિપૂર્વક પૂજા-શ્રવણ વગેરે વડે કૃષ્ણને ભજવા એમ શ્રી આચાર્યચરણ ભક્તિવર્ધિની ગ્રન્થમાં આજ્ઞા કરે છે. તેમજ ભાગવત એકાદશ સ્કન્ધ સુબોધિનીમાં પણ શ્રીઆચાર્યચરણ જણાવે છે કે- **'विजातीय-संवलिताः भगवद्धर्माः मार्गा इत्युच्यन्ते'** વિજાતીય એટલે કે વર્ણાશ્રમાદિ ધર્મથી સંવલિત ભગવદ્ધર્મો માર્ગ નામે કહેવાય છે અતઃ ભક્તિમાર્ગમાં વર્ણાશ્રમાદિ ધર્મોનું આચરણ પણ શ્રીઆચાર્યચરણની આજ્ઞા મુજબ આવશ્યક છે તેથી વ્યવહારમાં વૈદિક-લૌકિક ધર્મો પ્રાપ્ત થાય તો તે કરવા પણ આવશ્યક થઈ પડે છે. માતા-પિતાનું શ્રાદ્ધ, કન્યા કે પુત્રનો વિવાહ વગેરે, ઘરે આવેલા અતિથિ કે સગા-સમ્બન્ધી કે વૈષ્ણવોનો ઉચિત સત્કાર, સંક્રાન્તિ-ગ્રહણ વગેરે પર્વોમાં દાનપુણ્ય, તિર્થસ્થળોમાં દાનપુણ્ય, સગા-સંબન્ધીઓને ત્યાં શુભ-અશુભ પ્રસંગે ચાંલ્લો-કન્યાદાન વગેરેમાં આપવાનો વ્યવહાર, પત્ની-પુત્રાદિને અર્થે તેમને પહેરવા માટેના વસ્ત્રો, વાપરવા માટે વસ્તુઓ, તેમના સ્વાસ્થ્ય અર્થે ઔષધ વગરે. ઉપરાંત પોતાના કે પરિવારજનોના કે આગન્તુકોના રુચિ તેમજ સ્વાસ્થ્યને અનુકૂલ અન્ન-પેયાદિ, વગેરે સર્વ બાબતોમાં વૈદિક-લૌકિક કાર્યો પ્રાપ્ત થાય છે. તેવી સ્થિતિમાં વ્યવહારમાં રહીને તેવાં કાર્યો અને તે કાર્યોમાં વપરાતું દ્રવ્ય વગેરે સર્વ ભગવત્સમર્પણથી અલગ સ્વતંત્ર રીતે તેનો ઉપયોગ કરવો પડે. તેમજ આત્મનિવેદન વખતે સર્વસ્વ પ્રભુને અર્પણ કર્યા પછીથી તેનો ભગવાનમાં ઉપયોગ-ઉપભોગ થયા વિના સ્વાર્થ ઉપયોગ-ઉપભોગ એ ભક્તિમાર્ગ વિરુદ્ધ છે. સારાંશમાં ભગવાનને સર્વસ્વનું આત્મનિવેદન કર્યા પછી અહંતા-મમતાજન્ય વિષયોથી પ્રાપ્ત થતો જે લૌકિક-વૈદિક વ્યવહાર તેને જે ત્યાગી શકયો નથી તેવા લોકોએ

ભક્તિમાર્ગ પર કઈ રીતે ચાલવું ? તેવો પ્રશ્ન થાય તો તેના સામાધાનમાં હવે આગળ **'सेवकानां यथा लोके'** વગેરે વાક્યોથી સમર્પણનો બીજો પ્રકાર વ્યવહારાનુરોધી સમર્પણના પ્રકારને જણાવે છે.

વ્યવહારાનુરોધી સમર્પણ એટલે અહંતા-મમતાજન્ય વિષયોથી પ્રાપ્ત થતાં કાર્યોના અવસરે ભક્તિમાર્ગના અનુકૂળ સમર્પણનો પ્રકાર એ વ્યવહારાનુરોધી સમર્પણનો પ્રકાર છે. જે હવે **'सेवकानाम्'** એ ગ્રન્થસ્થ શ્લોકથી જણાવે છે.

આ શ્લોકસ્થ વિષયના અર્થઘટનમાં સર્વ ટીકાકારોનો આ મુજબ અભિપ્રાય છે :

(૧) શ્રીગોકુલનાથજી - 'सेवकानां दासानां भगवदीयानां भगवदुच्छिष्टमेव ग्राह्यं, नान्यदित्ययं व्यवहारः प्रकारो यथाग्रे निःशङ्कं लोके प्रसिद्धो भवति तथातिप्रसिद्धतया निःशङ्कतया सेवकैः समर्प्यैव कार्यम् । सिद्धौ प्रकर्षो निःशङ्कता । ततस्तादृक्प्रकारकव्यवहारकरणेनैव सर्वेषां भगवदीयानां ब्रह्मता भवति । ब्रह्मता नाम 'निर्दोषं हि समं ब्रह्मे' ति वचनात्सर्वेषां निर्दुष्टत्वं भक्तिमार्गे निवेदनान्तरं समत्वं च ज्ञापितं भवति । सर्वेषां सजातीयत्वं भवति, भगवदीयत्वं भवतीत्यर्थः । यद्यपि ब्रह्मणि अनन्ता एवोपनिषन्निरूपिता धर्माः सन्ति, तथाप्यत्र सेवोपयोगिनिर्दुष्टत्वं भगवदीयत्वेन समत्वं च सर्वेषां भक्तिमार्गे भजनोपयोगित्वेन द्वयोरेव निर्देशः कृतः' અર્થાત્ - જે ભગવાનના સેવકો-દાસો-ભગવદીયો છે તેમણે ભગવાનનું ઉચ્છિષ્ટ જ ગ્રહણ કરવું, અન્ય કંઈ પણ ગ્રહણ નહિ કરવું એમ આ જે વ્યવહાર એટલે કે પ્રકાર છે તે જે પ્રકારે આગળ કોઈ પણ શંકા વિના લોકમાં પ્રસિદ્ધ થાય તેમ અતિ

પ્રસિદ્ધિ વડે નિ:શંકતાપૂર્વક સેવકોએ સમર્પીને જ (સર્વ કાંઈ) કરવું. સિદ્ધિમાં જે પ્રકર્ષ છે તે નિ:શંકતા છે. તેથી કરીને તે પ્રકારે વ્યવહાર કરવાથી જ સર્વની એટલે કે ભગવદીયોની બ્રહ્મતા થાય છે. બ્રહ્મતા એટલે **'निर्दोषं हि समं ब्रह्म'** (ગીતા ૫/૧૯) એમ ગીતામાં વચન હોવાથી ભક્તિમાર્ગમાં નિવેદનના અનન્તર સર્વની નિર્દુષ્ટતા અને સમપણું થાય છે એમ જ્ઞાપન કર્યું છે, દરેકની સજાતીયતા થાય છે, એટલે કે ભગવદીયતા થાય છે એમ અર્થ છે. યદ્યપિ ઉપનિષદોમાં બ્રહ્મના અનન્ત ધર્મોનું નિરૂપણ થયેલું છે. તેમ છતાં પણ અહીં સેવામાં ઉપયોગી નિર્દોષપણું અને ભગવદીયતા સમ્પાદન વડે સમપણું ભક્તિમાર્ગમાં આ બે જ ભજનમાં ઉપયોગી હોવાથી અહીં બેનો નિર્દેશ કર્યો છે.

(૨) શ્રીરઘુનાથજી - 'येन प्रकारेण सेवकानामपि निवेदनव्यवहारः प्रकृष्टः सिद्धो भवति तदर्थं स्वयं समर्प्यैव सर्वं कार्यम् । एवं सर्वेषामपि ब्रह्मता निर्दोषत्वमित्यर्थः ॥ ननु शरीरेण सहैव निवर्त्यानां कथमेवं निवृत्तिस्तत्राहुः - 'तत' इति' જે પ્રકાર વડે સેવકોનો પણ નિવેદન વ્યવહાર પ્રકૃષ્ટ થાય તે અર્થે પોતે પણ સમર્પણ કરીને જ સર્વ કંઈ કરવું. એ પ્રમાણે કરતાં સર્વની જ બ્રહ્મતા એટલે કે નિર્દોષપણું થાય છે, એમ અર્થ છે. **પ્રશ્ન** - જે શરીરની સાથે જ નિવર્ત્ય છે તેની કેમ આ પ્રમાણે નિવૃત્તિ જણાવો છો ? તો તેના ઉત્તરમાં **'ततः'** તેનાથી જ વગેરેથી જણાવે છે.

(૩) શ્રીકલ્યાણરાયજી - 'स्वकीयानां भगवदीयानां लौकिकव्यवहारो यथा प्रकर्षेण सिध्यति प्रकृष्टो भवति तथा सेवकैः पदार्थानां भगवदुपयोगं कृत्वैव सर्वं कार्यम् । एवं कृते स्वधर्मेण स्थितौ ततस्तस्माद् व्यवहारादेव ब्रह्मता 'निर्दोषं हि समं ब्रह्मे ति' ब्रह्मतुल्यता निर्दोषत्वं वैष्णवत्वेन समत्वमपि भवतीत्यर्थः ' અર્થાત્-

સ્વકીય ભગવદીયોનો લૌકિક વ્યવહાર જે રીતે પ્રકર્ષે સિદ્ધ થાય-પ્રકૃષ્ટ થાય તે રીતે સેવકોએ પદાર્થોનો ભગવાનમાં ઉપયોગ કરીને જ સર્વ કરવું. એ પ્રમાણે કરતાં સ્વધર્મમાં કર્તાની સ્થિતિ થાય છે અને તેથી એટલે તે પ્રકારના વ્યવહાર થકી જ બ્રહ્મતા એટલે **'બ્રહ્મ નિર્દોષ છે અને સમ છે'** એ ગીતા વાક્ય મુજબ બ્રહ્મના સમાન નિર્દોષપણું તેમજ વૈષ્ણવત્વથી સમપણું પણ થાય છે એમ અર્થ છે.

(૪) શ્રીવ્રજોત્સવજી - 'सेवकानां दासानां यथा व्यवहारः लोके लौकिके प्रसिद्धो वर्तते-तथा हि, सेवकस्य दासस्य सर्वं प्रभोरेव, गृहादिकमपि प्रभोरेव, न तु स्वस्येत्यखिलं तदधीनमिति। तस्यायं धर्मः । यत्सर्वेषां तत्रैवोपयोगकरणेनाहर्निशं तदेकपरतया यावद्भोगसामग्र्यादिकमपेक्षितं तत्तत्सामयिकं तत्सर्वं सम्पाद्य तदुपयुक्तं करोति । ततस्तदुपयोगे जाते स्वदेहादीनां दारादीनां च सार्थकत्वे सम्पन्ने तदुपयोगानवसरे कृपया तद्दत्तप्रसादस्य पूर्वोक्तधर्मरूपत्वात्तेनैव देहनिर्वाहादिकं तत्सम्बन्ध्यैहिकं च तन्मात्रोपयोगि करोति, तथा निवेदिनापि सर्वं समर्प्यैव कार्यम् । यस्य यादृक्प्रकारेण हि उपयोगः सम्पन्नो भवति तादृक्प्रकारेणैव स्वप्रभावुपयुक्तं कृत्वा तदुपयोगानवसरे तद्दत्तत्वात्पूर्वोक्तधर्मरूपेण तदुपभुक्तपदार्थेन तावन्मात्रोपयोगिदेहनिर्वाहादिकमन्यदप्यैहिकं कार्यं कुर्यात्, न तु भोगादिभावेनेति स्वमार्गप्रकार उक्तः । एवं स्थितौ सर्वेषां निर्दुष्टत्वं भवेदित्याहुः सर्वेषामिति । सर्वेषां पूर्वोक्तानां देहप्राणेन्द्रियादीनां ततस्तदनन्तरं तादृक्प्रकारकस्थित्यनन्तरं ब्रह्मता भवति । सर्वेषु तदीयत्वस्फूर्त्या तदर्थमेवोपयोगकरणात्प्राकृताध्यासनिवृत्या सच्चिदानन्दरूपता तिरोहितानन्दस्य प्रकटतत्त्रितयात्मकता भवतीत्यर्थः । एतदेवोक्तं 'ततः संसारदुःखस्ये' त्यत्र 'वस्तुस्वभावाद्भवत' इति । किञ्च,

तद्दत्तमहाप्रसादस्यापि तथात्वेन ग्रहणाद्बाह्याभ्यन्तः शुद्ध्या मायांशनिवृत्त्या निर्दुष्टता भवेदित्यर्थः । तदुक्त'मुछिष्टभोजिन' इति । एतेन ब्रह्मणः पुरुषोत्तमाधिष्ठानत्वाद्देहप्राणेन्द्रियादिषु तद्रूपत्वे सम्पन्ने पुनः सर्वदा तत्र साक्षात्पुरुषोत्तमावेशस्तिष्ठेदित्युक्तं भवति । किञ्च, ब्रह्मणि यथा विरुद्धधर्मेष्वपि दृश्यमानेषु निर्विकारत्वं तथा तादृशेषु लोकसंग्रहार्थं लौकिकवैदिकधर्मादिष्वपि सत्सु निर्विकारत्वमेव न तु किमपि सविकारत्वमित्यपि ज्ञापितम् । पुनस्ते धर्मा दोषरूपत्वेन गणनीया न भवन्ति, कपटरूपत्वात्' અર્થાત્- સેવકોનો દાસોનો જે પ્રમાણે વ્યવહાર લોકોમાં એટલે કે લૌકિકમાં પ્રસિદ્ધ છે. તેમજ સેવક એટલે દાસનું સર્વ કંઈ પ્રભુનું જ એટલે કે એના સ્વામી-માલિકનું જ છે, ઘર વગેરે પણ પ્રભુનું જ છે, પોતાનું નથી એમ દાસોનું સર્વ કંઈ પોતાના સ્વામીને આધીન છે, તેવા દાસોનો આ ધર્મ છે કે સર્વ કંઈ જે પણ હોય તેનો પોતાના સ્વામીના જ વિષયમાં ઉપયોગ કરવાનો હોવાથી અહર્નિશ એકમાત્ર સ્વામીની સેવામાં જ પરાયણતા રાખીને જે તે વખતે જે કંઈ પણ ભોગસામગ્રી વગેરે અપેક્ષિત હોય તે તે વખતે તે ભોગસામગ્રીનું સંપાદન કરીને સ્વામીમાં તેનો ઉપયોગ કરે છે. તેથી કરીને સ્વામી વડે તેનો ઉપયોગ થતાં પોતાના દેહ વગેરેની અને સ્ત્રી પુત્ર વગેરેની સાર્થકતા સમ્પન્ન થતાં સ્વામી વડે ઉપયોગ થઈ ગયા પછી તે વસ્તુઓ સ્વામીના ઉપયોગની નહિ રહેતાં કૃપાપૂર્વક સ્વામી વડે તે પ્રસાદ-પ્રસન્નતાના રૂપમાં અપાયેલ હોઇ તેનો સ્વામીભુક્ત ઉચ્છિષ્ટનો સેવક દ્વારા ભોગ એ જ સેવકધર્મ છે એમ પૂર્વમાં કહેવાઈ ગયું હોવાથી તે સ્વામીભુક્ત પદાર્થ વડે જ દેહ વગેરેનો નિર્વાહ કરવો અને તે દેહ વગેરે સમ્બન્ધી જે પણ ઐહિક હોય તેના નિર્વાહ વગેરેમાં તેટલા કાર્ય પૂરતો જ ઉપયોગ કરે છે. તેમ આત્મનિવેદન કરેલાઓ વડે પણ પોતાના સ્વામી શ્રી પ્રભુને સમર્પણ કરીને જ બધું કરવું.

જે વસ્તુનો જે પ્રકાર વડે ઉપયોગ થતો હોયતે પ્રકારે તે વસ્તુનો પોતાના શ્રી પ્રભુમાં ઉપયોગ કરીને ત્યાર પછી તે ભગવાન વડે ઉપભુક્ત વસ્તુ ભગવાનના ઉપયોગમાં ફરીથી લેવાની નહિ રહે ત્યારે તે ભગવાને જ પ્રસાદરૂપમાં પોતાને આપી હોવાથી પૂર્વમાં કહેવાઈ ગયેલા સેવક ધર્મરૂપે ભગવાન વડે ઉપભોગ થઈ ગયેલ પદાર્થ દ્વારા જ દેહનો નિર્વાહ કે પછી આવશ્યક ઐહિક કાર્યમાં કાર્ય પૂરતું જ-તેટલું પોતાના ઉપયોગમાં લઈ દેહનિર્વાહ કે ઐહિક કાર્ય નિર્વાહ કરવો. નહિ કે પોતાની ભોગેષણાથી તેનો ઉપયોગ કરવો એમ આ ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણે સ્વપ્રકટિત માર્ગનો (અથવા શ્રી પ્રભુએ સ્વાભિલષિત પુષ્ટિભકિતમાર્ગનો) પ્રકાર કહ્યો છે. આ પ્રમાણે સ્થિતિ કરીને રહેતાં સર્વની નિર્દુષ્ટતા સિદ્ધ થાય છે તે કહે છે **'सर्वेषाम्'** વગેરે વાક્યોથી. સર્વની એટલે પૂર્વમાં કહેવાઇ ગયા તે દેહ-પ્રાણ-ઇન્દ્રિયોની. **'ततः'** એટલે ત્યાર પછીથી એટલે કે તે પ્રકારે સ્થિતિ કર્યા પછીથી તેની બ્રહ્મતા થાય છે. બ્રહ્મતા થાય છે એટલે કે સ્વપદાર્થમાં આ ભગવાનના છે તેવું સ્ફુરણ થવાથી અને સર્વ પદાર્થોને ભગવાનમાં જ ઉપયોગ કરવાથી પ્રાકૃત અધ્યાસની નિવૃત્તિ થઈને સચ્ચિદાનન્દરૂપતા એટલે પોતે સચ્ચિદ્રૂપ તો છે જ પણ તિરોહિતાનંદ છે તે આનંદ પ્રકટ થઈ તે ત્રિતયાત્મક એટલે કે સચ્ચિદાનંદરૂપ બ્રહ્મતા થાય છે. આ જ વાતને (સિદ્ધાન્તમુક્તા-વલિમાં) **'ततः संसारदुःखस्य'** આના વ્યાખ્યાનમા શ્રી પ્રભુચરણ દ્વારા **'वस्तुस्वभावाद्भवतः'** એમ કહી છે. વળી ભગવાને ભોગ કરી પ્રસાદરૂપમાં આપેલ પદાર્થની પણ બ્રહ્મરૂપતા હોવાથી તેને ગ્રહણ કરવાથી અન્દરની અને બહારની શુદ્ધિ થઈને માયાંશ (અવિદ્યાના અંશ) ની નિવૃત્તિ વડે નિર્દુષ્ટતા થાય છે એમ અર્થ છે. આજ વાત **'उच्छिष्टभोजिनः'** વગેરે વાક્યોથી એકાદશ સ્કન્ધમા ઉદ્ધવજીએ કહી છે. આ પ્રમાણે બ્રહ્મ એ પુરુષોત્તમનું અધિષ્ઠાન હોવાથી દેહ-પ્રાણ-ઈન્દ્રિયો વગેરેમાં બ્રહ્મરૂપતા સમ્પન્ન થતાં તેમાં સર્વદા

સાક્ષાત્ પુરુષોત્તમનો આવેશ રહે છે એમ કહેવાનું તાત્પર્ય છે. વળી, જેમ બ્રહ્મમાં વિરુદ્ધધર્મો દેખાતા હોવા છતાં બ્રહ્મ વિકાર વિનાનું નિર્વિકાર છે, તેમ તેવા બ્રહ્મરૂપ બનેલા સેવકોમાં લોક સંગ્રહની રીતે લૌકિક-વૈદિક ધર્મો હોઈને પણ તેઓ વિકાર વિનાના નિર્વિકાર જ હોય છે. તેમનામાં કોઈ પણ પ્રકારનો વિકાર નથી હોતો એમ જ્ઞાપિત કર્યુ છે. પછી તે ધર્મો દોષરૂપમાં ગણવામાં આવતા નથી, કારણ કે તે ધર્મો તેમનામાં કપટરૂપે જ હોય છે.

(૫) શ્રીગોકુલોત્સવજી **‘समर्प्यैव समर्पणोत्तरक्षणमारभ्य सेवकानां दासानां यथा लोकव्यवहारः प्रसिद्धो वर्तते तथैव व्यवहारो विधेयः । स च स्वकीयदेहादिपर्यन्तपदार्थेषु स्वाम्यधीनत्वभावनया तस्मिन्नेव यथासम्भवं सर्वं विनियुज्य उच्छिष्टमात्रं भुञ्जतः सेवापरतया स्थितिः । एवं सेवमानस्य लोकेपि दासस्य देहावसाने उत्तमत्वं सिध्यति, नारदस्येव । तथा ब्रह्मसम्बन्धकरणमारभ्य भगवति सर्वं विनियुज्य सेवमानस्य देहादिषु भगवदीयत्वभावनया सर्वत्र भगवदावेषाद् ब्रह्मता सिध्यति’**

‘समर्प्यैव’ એટલે કે જે ક્ષણે સમર્પણ કરવામાં આવે તેની બીજી ક્ષણથી જ આરંભીને સેવકોનો એટલે કે દાસોનો જે પ્રકારે લોકમાં વ્યવહાર પ્રસિદ્ધ છે તેમ વ્યવહાર કરવો. દાસોનો વ્યવહાર એટલે કે પોતાના દેહ વગેરે પર્યન્તના પદાર્થોમાં આ બધું જ સ્વામીને આધીન છે તેવી ભાવનાપૂર્વક સ્વામી શ્રી પ્રભુમાં જ જે રીતે સંભવ થાય તે રીતે સર્વનો વિનિયોગ કરીને ભગવદ્ ઉચ્છિષ્ટ માત્રનો ભોગ કરતાં સેવામાં પરાયણ રહીને સ્થિતિ કરવી છે. આ પ્રમાણે દાસની પણ સેવામાં પરાયણ સ્થિતિમાં દેહાવસાન થતાં નારદની માફક લોકમાં ઉત્તમતા સિદ્ધ થાય છે. તેવી રીતે બ્રહ્મસંબન્ધથી આરંભીને સર્વનો ભગવાનમાં વિનિયોગ કરતાં

સેવાપરાયણની દેહ વગેરમાં આ ભગવાનના છે તેવી ભાવના વડે સર્વત્ર ભગવદાવેશ રહેવાથી બ્રહ્મતા સિદ્ધ થાય છે.

(૬) શ્રીહરિરાયજી -**‘नन्वेवं सर्ववस्तूनां समर्प्य विनियोजनम् ॥१२१॥ प्राप्येत कामचारेण दोषाभावान्न रक्षणम् । तथा च प्रभुवस्तूनां वृथैव विनियोगतः ॥१२२॥ अन्यत्र तेन भविता सम्बन्धदृढताकृतिः । न स्वसम्बन्धिवस्तूनां नाशनं कुरुते वृथा ॥१२३॥ लोकेपि दृढसम्बन्धयुतः स्वाम्यर्थरक्षकः । अतः प्रोक्तं यथा लोके सेवकानां प्रकर्षतः ॥१२४॥ लौकिको वैदिकश्चैव व्यवहारो हि सिध्यति । तथा सर्वं समर्प्यैव पुनः कार्यं निवेदिभि ः ॥ पदार्थैस्तेन सम्बन्धे सिद्धे भाववतां दृढे । ततः सम्बन्धतः सिध्येन्निर्दोषसमता पुनः ॥१२६॥ सेवायां सर्ववस्तूनां सर्वेषामधिकारिणाम् । अतस्तदुपयोगेन फलं सिद्धं न संशयः ॥१२७॥’** અર્થાત્ - પ્રશ્ન (તમે પહેલાં એમ કહી ગયા કે લૌકિક-વૈદિક, ઉત્તમ-અનુત્તમ સર્વમાં પણ પ્રથમ ભગવાનને સર્વવસ્તુઓનું સમર્પણ કરીને જ પછી તે કાર્યો કરવા. તો આ બાબતમાં બધું ભગવાનને સમર્પણ કરીને કાર્યો કરવામાં સમર્પણમાં દોષ આવે છે કે ભગવાનના હેતુ સિવાય અન્ય (લૌકિક-વૈદિક) હેતુથી સમર્પણ કરતાં તે લૌકિક-વૈકિક-કાર્યો મનુષ્ય કામનાવશ જ કરતો હોય છે અને પોતાની લોક-વેદ સમ્બન્ધની કામનાથી કરાયેલ સમર્પણ એમાં દોષ રહેલો હોવાથી તેવા સમર્પણમાં દોષનો અભાવ નહિ હોવાથી ભગવાન વડે કે તેવા સમર્પિત પદાર્થો વડે રક્ષણ પણ થશે નહિ, તેમજ જે વસ્તુઓ પ્રથમ ભગવાનને અર્પણ થઈ ગઈ છે તે જ વસ્તુઓને લૌકિક-વૈદિક હેતુથી વૃથા ભગવાનમાં પુનઃ વિનિયોગ કરવાથી આવી પુનઃ વિનિયોગ કરવાવાળી કૃતિથી સમ્બન્ધથી દઢતા ભગવાનમાં નહિ થઈ અન્યત્ર એટલે કે લૌકિક-વૈદિકમાં જ સમ્બન્ધથી વધુ દઢતા થશે (કારણ કે આ પ્રકારથી નિવેદિત વ્યક્તિને કામનાવશ પણ લૌકિક-વૈદિક

પ્રવૃત્તિ કરવાની છૂટ મળી જશે) (અતઃ આ પ્રકારનું પુનઃ સમર્પણ એ દોષ રૂપ છે) ?

ઉત્તર - પોતાના સમ્બન્ધની વસ્તુઓનો કોઈ વૃથા જ નાશ કરતો નથી, તેમજ લોકમાં પણ જે સેવક દઢતાથી સ્વામી સાથે સમ્બન્ધવાળો હોય છે તેના સર્વ અર્થની રક્ષા(પૂર્તિ) વગેરે તેનાં સ્વામી વડે થતી હોય છે. તેથીજ આ ગ્રન્થમાં પૂર્વમાં એમ કહેવાઇ ગયું છે કે લોકમાં જેમ સેવકોનો લૌકિક-વૈદિક વ્યવહાર પ્રકર્ષે સિદ્ધ થાય છે તેમ પૂર્વમાં નિવેદન કરાયેલાઓએ બધું પુનઃ ભગવાનને સમર્પીને જ પછી કરવું (આ બધું ભગવાનનું જ છે અને લૌકિક-વૈદિક કાર્યો ભગવાન વડે જ સમ્પન્ન થયા છે. અને એને સમ્પન્ન કરવા માટેના જે સાધનો-પદાર્થો છે તે પણ ભગવાને જ કૃપા કરીને પ્રસાદરૂપમાં મને સેવક જાણી આપ્યા છે એવા-) ભાવવાળાઓની ભગવાનમાં જ સમ્બન્ધની દઢતા સિદ્ધિ થતાં પછી તેવા ભગવન્નિવેદિત પદાર્થો વડે (પોતાના લૌકિક-વૈદિક કાર્યોની સમ્પન્નતા થતાં) તેથી કરીને (પોતાનો- કાર્યોનો અને પદાર્થોનો ભગવાન સાથે) ફરીથી સમ્બન્ધ સિદ્ધ થતાં નિર્દોષતા-સમતા સિદ્ધ થાય છે. પુષ્ટિમાર્ગીય સર્વ પ્રકારના અધિકારી લોકો વડે થનારી ભગવત્સેવામાં (પૂર્વ નિવેદિત) સર્વ વસ્તુઓનો ભગવાનમાં ઉપયોગ કરવાની કૃતિથી તેમને ફલની સિદ્ધિ થાય છે તેમાં કોઈ સંશય-શંકાલેશ નથી.

(૭) શ્રીવિઠ્ઠલેશજી - **'पुनः श्रीमदाचार्यैः पृष्टं सकलसिद्धान्तस्य फलमेकीकृत्य वक्तव्यम् । तदा श्रीमद्गिरिधारिणोक्तं-लोके यथा सेवकस्य व्यवहारः प्रसिद्धोऽस्ति तथा भजनं विधेयम् । उक्तं च गीतायां 'मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः' 'मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु' 'कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति'। एवं प्रथममन्यसेवकवद्भजनं विधेयम् । पश्चात् पतिव्रताधर्म आयाति । पुनः श्रीमदाचार्यैः पृष्टं सेवकस्य व्यवहारः कथमस्ति । तदा श्रीमत्प्रभुणोक्तं 'तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता तत' इति। यथा लोके सेवकव्यवहारस्तथा समर्प्य कार्याणि कर्तव्यानि । एवं क्रियमाणे मदाश्रयेण ब्रह्मस्वरूपो भवति । शुद्धो भवतीत्यर्थः । यथा राज्ञः प्रथमं कश्चिज्जातीयः सेवक आगत्य तिष्ठति, राजसेवकान् मिलित्वा स्वसेवां ज्ञापयति, अहमद्यप्रभृति भवदीयोस्मि, तथा भक्तौ नामग्रहण् । पश्चाद्राजा आज्ञां ददाति, तदनन्तरं पृष्ट्वा- पृष्ट्वा राजकार्याणि करोति, पश्चाद्राजा पृच्छति, प्रसन्नो भवति, तदा तं स्वसदृशं करोति, तथाहमपि भक्तं शुद्धं करोमि । उक्तं च प्रथमस्कन्धे 'अतो वै कवयो नित्यं भगवत्यखिलात्मनि । कुर्वन्त्यहैतुकीं भक्तिं ययात्मा सुप्रसीदति ॥ श्रुतोनुपठितो ध्यात आदृतो वानुमोदितः । सद्यः पुनाति सद्धर्मस्तन्नामग्रहणादिभिः ॥' एतेन मद्भजनेन मत्सदृशो भवतीति सूचितम्' अर्थात्** -ફરીથી શ્રીમદ્ આચાર્યચરણે પૂછ્યું-સકલ સિદ્ધાન્તનું ફલ એક કરીને આપ કહો. ત્યારે શ્રીમદ્ ગિરિધારીએ કહ્યું - લોકમાં જેમ સેવકનો વ્યવહાર પ્રસિદ્ધ છે તેમ ભજન કરવું, ગીતામાં કહ્યું છે **'મારા સમ્બન્ધી કર્મને કરનારો, હું જ જેને માટે પરમ છું તેવો, મારો ભક્ત જે સંગ ત્યાગેલો છે'** (ગીતા ૧૧/૫૫) **'હે અર્જુન ! તુ મારામાં મનવાળો થા, મારો ભક્ત થા, મારું ભજન કરનારો થા, મને નમસ્કાર કર'** (ગીતા. ૯-૩૪) **'હે કૌન્તેય ! તું સત્ય જ જાણજે કે મારો ભક્ત (ક્યારેય) નાશ પામતો નથી.'** (ગીતા ૯/૩૧) આ પ્રમાણે પ્રથમ અન્ય સેવકની માફક ભજન કરવું. ત્યારબાદ પતિવ્રતા ધર્મ આવે છે. ફરીથી શ્રીમદાચાર્યચરણે પૂછ્યું- સેવકનો વ્યવહાર કયા પ્રકારે છે? ત્યારે શ્રીમત્પ્રભુએ કહ્યું **'તેમ સમર્પીને જ કાર્ય કરવું, તેથી સર્વની બ્રહ્મતા થાય છે.'** જેમ લોકમાં સેવકનો વ્યવહાર છે તેમ સમર્પીને જ કાર્યો કરવા. આ પ્રમાણે

કરાતાં મારા આશ્રય વડે બ્રહ્મસ્વરૂપ થાય છે. શુદ્ધ થાય છે. જેમ રાજાનો કોઈક જાતિનો સેવક પ્રથમ આવીને ઉભો રહે છે અને બીજા રાજસેવકોને મળીને પોતાની સેવાનું જ્ઞાપન કરે છે કે હું આજથી આપનો છું, તેમ ભક્તિમાં (પ્રથમ) નામગ્રહણ થાય છે ત્યાર પછી રાજા આજ્ઞા આપે છે. તે પછી તે બધું જ પૂછી-પૂછીને રાજકાર્ય કરે છે. તે પછી રાજા પૂછે છે, રાજા પ્રસન્ન થાય છે. ત્યારે રાજા તેને પોતાના સમાન કરે છે. તેવી જ રીતે હું પણ ભક્તને શુદ્ધ કરું છું. પ્રથમ સ્કન્ધમાં કહ્યું છે કે **'એટલા માટે બુદ્ધિશાલિઓ (અથવા તો ભક્તો) સર્વના આત્મા એવા ભગવાનમાં નિત્ય અહેતુકી ભક્તિ કરે છે જેના વડે ભગવાન પ્રસન્ન થાય છે. ભગવાનનું નામગ્રહણ કરવું વગેરે સહિતનો સદ્ધર્મ સાંભળવામાં આવ્યો હોય-પઠન કરવામાં આવ્યો હોય ધ્યાન કરવામાં આવ્યો હોય-એનો આદર કરવામાં આવ્યો હોય અથવા એનું અનુમોદન કરવામાં આવ્યું હોય એ શીઘ્ર જ પવિત્ર કરે છે.'** (ભાગ.૧૧/૨/૧૨) આ વાક્ય વડે મારા ભજન વડે (ભજન કરનાર) મારા સદૃશ થાય છે એમ સૂચિત કર્યું છે.

(૮) શ્રીપુરુષોત્તમજી - 'सेवन्ते ये ते सेवकाः सेवाकर्तार इति यावत् । यथा लोके तेषां व्यवहारः प्रसिद्धोस्ति तथा समर्प्यैव कार्यम् । निष्कपटसेवकाः स्वगुरुं वा स्वप्रभुं वा कार्यात् पूर्वं पश्चाद्वा क्वचित्कालद्वयेपि वा विज्ञापयन्तीति तथा समर्प्य व्यवहरणीयं, विज्ञापनेपि समर्पणपदप्रयोगस्य साधितत्वात् । किञ्च, गुणसन्निपातरूपो मनोमात्रेन्द्रियासुव्यापारो हि व्यवहारः । स यथा सेवकानां प्रसिध्यति सम्पद्यते तथा समर्प्यैव कार्यम् । 'उद्यतस्य हि कामस्य प्रतिवादो न शक्यते । अपि निर्मुक्तसङ्गस्य कामरक्तस्य किं पुन' रिति वाक्यात्कामः प्रतिवदितुमशक्यः । तथा च स्वस्य किञ्चिद्वस्तुबुभुक्षोत्पतौ प्रभवे विज्ञाप्य, तत्कृत्वा समर्प्य, पश्चाद्भोक्तव्यं,

---

'यद्यदिष्टतमं लोके यच्चापि प्रियमात्मनः तत्तन्निवेदयेन्मह्यं तदानन्त्याय कल्पत' 'इत्येकादशस्कन्धे सदादृतभक्तिकथने भगवद्वाक्यात् । एवं स्वाशक्त्या सर्वपाककरणाशक्तौ स्वार्थं जातिकुलमर्यादानिर्वाहाय तावन्मात्रपाकं कृत्वा समर्पणेपि न दोषः लोकव्यवहारस्य तथैव सिद्धेः । एतावान्परं विशेषो यदूनविंशाध्याये भक्तिपरमकारणत्वेनात्मनिवेदिनां ये धर्मा उक्ताः 'श्रद्धामृतकथायां म' इत्यादिना सार्धैश्चतुर्भिस्तत्र सर्वकामविवर्जनस्य भगवदर्थे तद्विरोधिनामर्थभोगसुखानां परित्यागस्य च कथनात्तद्विरुद्धमिदं मुख्यसाधनकक्षां नारोहति, तस्मादेवं कुर्वता 'जुषमाणश्च तान्कामा' 'नितिन्यायेन ग्लानिः स्थाप्या, 'अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरि' रिति च भावनीयम्, अङ्कुशवज्रयुक्तं चरणं च ध्यातव्यं, येनायं मनोदोषः सः शीघ्रं निवर्तत इति प्रसङ्गादुक्तम् । न च समानकर्तृकयोः क्रिययोः पूर्वकाले क्त्वानुशासनादत्र समर्प्येति प्रयोगेण कार्यात्पूर्वकालिकत्वं समर्पणस्य लभ्यते इति कथं पश्चाद्वेत्युच्यत इति शङ्क्यम्, अत्र सेवकीयलोकव्यवहारवद्भगवत्सेवकव्यवहारसिद्ध्यर्थं तथाकरणस्य विधेयत्वेन समर्प्येत्यस्य कार्यविशेषणतामात्रे तात्पर्येण अनूदिततया कालबोधने तात्पर्याभावाद्, अन्यथा सर्वादौ समर्पणवाक्येनैव सर्वकार्यपूर्वकाले समर्पणस्य प्राप्तत्वेन तदनुवादवैयर्थ्यप्रसङ्गादिति । अतो न कश्चिद्दोषः । एवं सर्वदोषनिवृत्तिस्वरूपं पुनस्तदनुत्पत्त्युपायं पाश्चात्यसमर्पणक्रियादोषराहित्यप्रकारं विरुद्धवाक्यव्यवस्थाया आज्ञानिर्वाहप्रकारं व्यवहारानुरोधेपि दोषासम्भवप्रकारं चोपदिश्य तत्फलमाहुः 'सर्वेषां ब्रह्मता तत' इति । तच्छब्दः पूर्वोक्तं साधनसमूहं परामृशति । तथा च तत उक्तरीत्या ब्रह्मसम्बन्धमारभ्य

साधनकरणात्सर्वेषामात्मनिवेदिनां ब्रह्मता दोषराहित्यं सर्वत्र साम्यं च भवति । 'निदोषं हि समं ब्रह्मे' ति ब्रह्मणस्तादृशत्वात् तदाज्ञायामप्रमादात्तथा भवतीति कलिप्रभृतिदोषाणां तेष्वभावात्तत्कृतसेवायाः प्रभुणाङ्गीकारे सुखेन फलवत्त्वमित्यर्थः' **અર્થાત્** - જે સેવન કરે તે સેવકો, એટલે કે સેવા કરનારાઓ, જેમ લોકમાં તેમનો વ્યવહાર પ્રસિદ્ધ છે તે મુજબ સમર્પીને જ (બધું) કરવું, નિષ્કપટ સેવકો પોતાના ગુરુને અથવા પોતાના માલિકને કાર્ય કરતાં પહેલાં અથવા કાર્ય કર્યા પછી ક્યારેક પહેલાં- પછી બન્ને વખતે વિજ્ઞાપન કરે છે તે મુજબ સમર્પીને વ્યવહાર કરવો, વિજ્ઞાપન કરવામાં પણ સમર્પણ પદનો પ્રયોગ સધાયેલો હોવાથી. વળી, **'ગુણસન્નિપાતરૂપ મન-શબ્દાદિ માત્રા- ઈન્દ્રિય-પ્રાણનો વ્યાપાર એ વ્યવહાર છે'** તે વ્યવહાર જે પ્રકારે સેવકોનો પ્રકૃષ્ટતાથી સિદ્ધ થાય એટલે કે સમ્પન્ન થાય તે પ્રકારે સમર્પીને જ કરવું. **'સર્વ પ્રકારના સંગથી સારી રીતે મુક્ત થયેલાને પણ ઉદ્યત કામનો પ્રતિવાદ શક્ય નથી. તો પછી કામમાં રચ્યાપચ્યા અનુરક્તને માટે તો પ્રતિવાદ શક્ય જ ક્યાંથી હોય ?'** (ભાગ ૩/૨૨/૧૨) આ વાક્યથી કામનો પ્રતિવાદ કરવો અશક્ય છે. તેમજ તેથી કરીને પોતાને કોઈ વસ્તુના ભોગની ઈચ્છા ઉત્પન્ન થતાં તે વસ્તુ પ્રભુને વિજ્ઞાપન કરીને- તે પ્રકારે સમર્પીને ત્યાર બાદ તેનો ભોગ કરવો **'લોકમાં જે-જે પણ ઈષ્ટતમ ગણાય છે અને જે પોતાને પ્રિય હોય તે-તે (બધું જ) મારા અર્થે મને નિવેદન કરવું, તેમ કરવાથી તે અનન્તના સમાન થાય છે'** (ભાગ ૧૧/૧૧/૪૧) એમ એકાદશ સ્કન્ધમાં સત્પુરુષો વડે આદર કરાયેલી ભક્તિને જણાવતાં ભગવદ્વાકય હોવાથી. આ પ્રમાણે (વિવાહ-યજ્ઞ વગેરે મોટા પ્રસંગોમાં) પાક વગેરે સર્વ રસોઈ સિદ્ધ કરવામાં પોતે અશક્ત હોય ત્યારે જાતિ ફુલ મર્યાદાનો નિર્વાહ કરવાના અર્થે (બાકીની રસોઈ બીજાઓ દ્વારા બહાર બનાવડાવી) પોતાના પૂરતું

જ (એટલે કે થોડી માત્રામાં) તેટલું જ પોતે સિદ્ધ કરીને તેનું સમર્પણ કરવામાં પણ કોઈ દોષ નથી. કારણ કે લોકવ્યવહારની તે પ્રકારે જ સિદ્ધિ થઈ શકતી હોવાથી, પરન્તુ અહીં આટલું વિશેષ સમજવું કે જે એકાદશ સ્કન્ધના ઓગણિસમા અધ્યાયમાં ભક્તિના પરમકારણરૂપે આત્મનિવેદન કરેલાઓના જે ધર્મો કહ્યા છે **'મારી અમૃતકથામાં શ્રદ્ધા હોવી'** વગેરે વાક્યોથી સાડા ચાર શ્લોક વડે જણાવ્યા છે તે પૈકી ત્યાં ભગવદર્થે સર્વ કામ ત્યાગ કરવાના વિષયમાં જેમાં ભગવાનનો અર્થ ન હોય તેવા ભગવદર્થ વિરોધી એવા અર્થ-ભોગ-સુખનો પરિત્યાગ કહેવાયેલો હોવાથી અને તેથી વિરુદ્ધનું આ હોવાથી આને મુખ્ય સાધનકક્ષામાં ગણી શકાય નહિ, તેથી એમ કરતાં (પોતાના અર્થેની વસ્તુનું ભગવાનને સમર્પણ કરી તેનો ભોગ કરતાં) **'આ કામનાઓ દુ:ખજનક છે તેમ સમજી તેની નિન્દા કરતાં કામિત વસ્તુઓનો ભોગ કરવો'** (ભાગ ૧૧-૨૦-૨૮) એ ન્યાયે (તેનો ભોગ કરીને પણ) પોતાનામાં ગ્લાનિ સ્થાપવી. **'અશક્ય કે સુશક્ય સર્વ વિષયોમાં ભગવાન શ્રીહરિ જ માત્ર શરણ છે (તેમ ભાવન કરવું)'** (વિવેકધૈર્યાશ્રય) એ પ્રમાણે મનમાં ભાવન કરવું અને ભગવાનના અંકુશ-વજ્ર ચિહ્નથી યુક્ત ચરણારવિન્દનું ધ્યાન કરવું (અંકુશચિહ્ન ભક્તોના હાથી જેવા મદોન્મત્ત મનને અંકુશમાં લેનારું છે અને ભક્તોના પર્વતોથી મોટા પાપોને કાપનારું વજ્રચિહ્ન છે), આમ મનનો જે કામદોષ છે તે શીઘ્ર જ નિવૃત્ત થશે. આ વાત પ્રસંગપ્રાપ્ત હોવાથી લખી છે. **પ્રશ્ન** - અહીં એમ શંકા કરવી અસ્થાને છે કે બે સમાન કતૃક ક્રિયામાં પૂર્વકાલમાં **'ક્ત્વા'** નું અનુશાસન હોવાથી અહીં **'समर्प्य'** એમ પ્રયોગ હોવાથી કાર્યના પૂર્વ સમર્પણ કરવું એમ અર્થ પ્રાપ્ત થાય છે, તો પછી તમે કેમ એમ અર્થ કરો છો કે કાર્યના પૂર્વમાં અથવા કાર્ય પછી સમર્પણ કરવું ? **ઉત્તર** - જે સેવકોનો લોકવ્યવહાર છે તેની માફક અહીં ભગવત્સેવક તરીકેનો વ્યવહાર સિદ્ધ થવાને અર્થે તે પ્રમાણે કરવાનું વિધાન હોવાથી. **સમર્પીને** એમાં કાર્યની વિશેષણતા જ

માત્ર જણાવવામાં એનું તાત્પર્ય હોવાથી તેમજ અહીં અમુક કાલનું બોધન કરાયું ન હોવાથી કાર્યના પૂર્વ જ સમર્પણ કરવું એવા તાત્પર્યનો અહીં અભાવ છે, જો એમ ન હોય તો **‘સર્વ કંઇ કાર્યના આદિમાં જ કાર્ય કરતાં પહેલા સમર્પણ કરવું’** એમ જે પહેલાં કહેવાઈ ગયું છે તે વાક્યથી જ સર્વ કાર્યના પૂવકાલમાં સમર્પણ કરવું પ્રાપ્ત થતું હોવાથી ફરીથી તેનો અનુવાદ અહીં કરવો એ વ્યર્થ-અપ્રાસંગિક કહેવાશે. તેથી **‘બન્ને કાલમાં’** એમ અમે કહયું છે તેમાં કોઈ દોષ નથી.

આ પ્રમાણે સર્વદોષની નિવૃત્તિના સ્વરૂપને તેમજ ફરીથી તે દોષો ઉત્પન્ન ન થાય તે મુજબનો ઉપાય કહીને, આત્મનિવેદન પછીથી થનારી સમર્પણ ક્રિયામાં કોઈ દોષ ન રહે તે પ્રકારને જણાવીને, તેમાં શાસ્ત્રના વિરુદ્ધ વાક્યોની વ્યવસ્થાને આજ્ઞાનિર્વાહ પ્રકારે જણાવીને વ્યવહારના અનુરોધે પણ કોઈ દોષ ન સંભવે તે પ્રકારનો ઉપદેશ કરીને હવે તેના ફલને જણાવે છે- **‘તેથી સર્વની નિર્દોષતા થાય છે’** આ વાક્યથી.અહીં પ્રયોગ કરાયેલ **‘तत्’** શબ્દ પૂર્વમાં કહેવાઈ ગયેલ સાધન સમૂહનો પરામર્શ કરે છે. આ મુજબ -**‘ततः’** પૂર્વમાં કહેવાઈ ગયેલ રીત વડે બ્રહ્મસમ્બન્ધથી આરંભ કરીને સાધન કરવાથી સર્વ આત્મનિવેદન કરેલાઓની બ્રહ્મતા એટલે કે દોષ રહિતપણું અને સર્વત્ર સમાનતાનો ભાવ સિદ્ધ થાય છે. **‘નિશ્ચય કરીને બ્રહ્મ નિર્દોષ અને સમ છે’** (ગીતા ૫/૧૯) એ મુજબ બ્રહ્મ તે મુજબનું હોવાથી તેમની આજ્ઞામાં કોઈ પણ પ્રકારનો પ્રમાદ નહિ કરવાથી બ્રહ્મની માફક નિદોર્ષપણું અને સમત્વ થાય છે તેથી કલિ વગેરે દોષોનો તેમાં અભાવ હોવાથી તેવાઓ વડે કરાયેલી સેવાનો શ્રીપ્રભુ વડે અંગીકાર કરાતાં કોઈ પણ પ્રકારના કષ્ટ વિના સુખપૂર્વક ફલપણું થાય છે તેમ અર્થ છે.

(૯) શ્રીગિરિધરજી - **‘लोके स्वस्मिन् सेवकानां**

व्यवहारः यथा प्रकर्षेण सिध्यति तथा तेन प्रकारेण सर्वं समर्प्य सर्वं कार्यमात्रं कार्यं कर्तव्यमित्यर्थः । स व्यवहारो यथा सेवकैस्तु स्वप्रभोरग्रे सेवकभावेनैव सर्ववस्तुसमर्पणं क्रियते तथैव स्थीयते च, एवं व्यवहारो लोके प्रसिद्धो भवति । अयं भगवदग्रे सेवकभावेन सर्वं वस्तु समर्प्य तथैव च तिष्ठतीति भगवानप्येनं सेवकत्वेनैव मनुतेऽनुगृह्णाति च। एवं प्रकारकं ज्ञानं यथा सर्वलोकानां भवति तथा सर्वसमर्पणं कार्यं तथैव स्थेयं च । अत्राप्ययमाशयः । यथा सेवको गृहदासस्तेन स्वीयं वस्तुमात्रं पूर्वमेव स्वप्रभवे सर्वथा निवेद्यते, पश्चात् प्रभुणा स्वप्रसादत्वेन यद्दीयते तेनैव स्वोपभोगः सर्वोपि क्रियत इति सर्वदा सर्वत्र दृश्यते श्रूयते च, तथैवानेनापि भगवदग्रे व्यवहर्तव्यमिति दिक् । समर्पणग्रहणे प्रमाणवाक्यानि तु ‘त्वयोपभुक्ते’ त्यादीनि पूर्वमेवोक्तानि । ननु भगवान् पुरुषोत्तमत्वादलौकिक इति तस्मिन् सेवादिकरणमप्यलौकिकप्रकारेणैवोचितमिति स्मृतिपुराणाद्युपदिष्टं सेवाप्रकारमनुक्त्वा लोकरीत्या सेवाकरणोपदेशे को हेतुरिति चेद्, न । अत्रोच्यते । स्मृत्याद्युक्तप्रकारास्तु विधिबोधिता इति तदधीनत्वात् तदधीनस्वरूपपर्यवसायिन एव, अस्मिन् मार्गे तु पुरुषोत्तम एव भजनीय इति। तस्य च ‘न रोधयति मां योगो’ ‘नाहं वेदै’ रित्यादिभिर्विध्यनधीनत्वादत्र वैधप्रकाराणामकिञ्चित्करत्वेन लोकसिद्ध एव सः प्रदर्शित इत्यवधेयम् ॥ तर्ह्यस्यापि मार्गस्य लौकिकत्वं भवतीति चेद्, न । ‘लोकवल्लीलाकैवल्य’ मित्युक्तेर्लोकवद्दृश्यमानापि सा भगवदीयकृतसेवा वस्तुसमर्पणादिरूपा भगवत्कृतस्वीकारतद्भक्ताङ्गीकारादिरूपा चालौकिक्येव । यद्यपि ‘न रोधयति मा’ ‘मित्यादिभिर्भगवतो विध्यनधीनत्वमात्रं तूक्तमेव तथापि

तादृशसेवाप्रकारो नोक्त इति स प्रकारोत्र प्रदर्शितः ॥ तर्ह्यस्य प्रकारस्यैव स्मृताद्यनुक्तत्वादमूलकत्वमिति चेद्, न । 'यद्वृत्त्या तुष्यते हरि' रिति शूद्रवृत्तेरेव भगवत्तोषहेतुत्वमुक्तम् । यतः सा तु न वैधा, मन्त्राद्यधीना वा, तेषां तत्र नाधिकारात् । अत एतत्सर्वं विचार्यैवाचार्यैर्लोककृतसेवादृष्टान्त उक्त इति सर्वमवदातम् । ननु एवं कृतेग्रे तस्य किं फलं भवतीत्याकाङ्क्षायामाहुः 'सर्वेषामिति'। ततस्तदनन्तरं पूर्वस्मिन् स्थितानां गुणानां दोषाणां च ब्रह्मता, भगवदीयत्वेन भगवद्रूपतैव भवति । भगवदीयानां भगवद्रूपता तु भगवतैवोक्ता 'ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्' 'नोद्धवोण्वपि मन्न्यून' इत्यादि । तथात्वे जाते न तेषु पुनर्दोषत्वं, कदाचिदपि न तिष्ठतीति भावः । यथा कामादयो भगवति निवेदिताश्चेत्तदीया भूत्वा न पुनर्दोषत्वाय कल्पन्ते, किन्तु प्रत्युत सर्वलौकिकफलसाधकत्वायैवेति दिक् ॥ तदुक्तं 'न मय्यावेशितधियां कामः कामाय कल्पते' 'कामं क्रोधं भयं स्नेहमैक्यं सौहृदमेव वे' त्यादिभि :।' **અર્થાત્** - લોકમાં પોતાના વિષયમાં સેવકોનો વ્યવહાર પ્રકર્ષે સિદ્ધ થાય છે તે મુજબ તે પ્રકાર વડે બધું સમર્પણ કરીને સર્વ કંઈ કાર્યમાત્ર કરવું એમ અર્થ છે. તે વ્યવહાર એટલે જેમ સેવકો વડે પોતાના સ્વામી-માલિક આગળ સેવકભાવે જ સર્વ વસ્તુઓનું સમર્પણ કરાય છે અને તે મુજબ જ તે રહે છે એ પ્રમાણેનો વ્યહાર લોકમાં પ્રસિદ્ધ થાય છે. અહીં આ (નિવેદક) ભગવાન આગળ સેવકભાવે સર્વ વસ્તુનું સમર્પણ કરીને સેવકભાવે જ ઉપસ્થિતત રહે છે તેમજ ભગવાન પણ આવાને સેવકરૂપે જ માને છે અને એનું અનુગ્રહણ કરે છે. આ પ્રકારનું જ્ઞાન જે રીતે સર્વ લોકોને થાય તે મુજબ સર્વનું સમર્પણ કરવું અને તે મુજબ જ સ્થિતિ કરવી. અહીં આ પ્રમાણેનો આશય છે- જેમ સેવક એ ગૃહદાસ છે પોતાની

કહેવાતી દરેક વસ્તુ એના વડે પહેલાં જ પોતાના સ્વામીને નિવેદન કરાય છે. ત્યાર બાદ પોતાના પ્રસાદરૂપમાં સ્વામી દ્વારા જે પણ આપવામાં આવે તેના વડે જ પોતાને અર્થે નો ઉપભોગ વગેરે સર્વ કંઈ કરે છે એવી મર્યાદા સર્વત્ર જોવામાં આવે છે અને સાંભળવામાં પણ આવે છે, તે જ પ્રકારે આ નિવેદન કરનાર સેવકે પણ ભગવાન પ્રતિ સર્વ વ્યવહાર કરવો. સમર્પિત પદાર્થના ગ્રહણ બાબતમાં પ્રમાણ વાકયોમાં '**આપના દ્વારા ઉપભોગ કરાયેલ**' (ભાગ.૧૧/૬/૪૬) વગેરે વાક્યો પહેલાં જ કહેવાઇ ગયા છે.

શંકા- ભગવાન પુરુષોત્તમ હોવાથી અલૌકિક છે અત: તેમના વિષયમાં સેવા વગેરે પણ અલૌકિક પ્રકારે કરવું જ ઉચિત છે અતઃસ્મૃતિ-પુરાણ વગેરેમાં ઉપદેશ કરાયેલ સેવા પ્રકારને નહિ કહીને લોકરીતિથી સેવા કરવાનો ઉપદેશ કરવામાં શો હેતું છે ? **ઉત્તર** - અહીં આમ સમજવું-સ્મૃતિ વગેરેમાં કહેલા પ્રકારો તો વિધિરૂપમાં જણાવેલા છે તેથી તે પ્રકારો વિધિને આધીન હોવાથી વિધિને આધીન સ્વરૂપમાં જ પર્યવસાન પામનારા છે. આ માર્ગમાં તો પુરુષોત્તમ જ ભજનીય છે અને તે પુરુષોત્તમ '**મને યોગ રોધી શકતો નથી**' (ભાગ. ૧૧/૧૨/૧), '**હું વેદ-તપ વગેરે વડે આ પ્રમાણે જોઈ શકાતો નથી**' (ગીતા ૧૧/૫૩) વગેરે વાક્યો પ્રમાણે વિધિને આધીન નહિ હોવાથી વૈધ પ્રકારો અહીં ઉપયોગી નથી એ લોકસિદ્ધ જ છે અને તે જ અહીં પ્રદર્શિત થયું છે તેમ જાણવું. **શંકા**- તો પછી આ માર્ગ પણ લૌકિક જ કહેવાશે ? **ઉત્તર** - એમ નથી. '**લોકની માફક હોઈને પણ કેવલ લીલાનો જ ભાવ છે**' એમ ઉક્તિ હોવાથી લોકની માફક દેખાતી હોવા છતાં પણ તે ભગવદીયજનો વડે વસ્તુ સમર્પણ વગેરે રૂપે કરાતી સેવા કે જે ભગવાનને અર્થે કરાયેલી છે અને તેનો ભગવાન વડે સ્વીકાર છે અને તે રીતે તે ભક્તના સાધનો સહિતનો અંગીકાર જેમાં રહેલો છે વગેરે પ્રકારની જે સેવા છે તે અલૌકિકી જ છે. જો કે '**મને યોગ વગેરે રોધી શકતા**

નથી' વગેરે વાક્યો વડે ભગવાન વિધિને આધીન નથી એટલું જ (ત્યાં) કહ્યું છે પણ (ત્યાં જે ભક્તિ વડે ભગવાન ભક્તને વશ થાય છે) તે મુજબનો સેવા-ભકિત પ્રકાર ત્યાં ક્હ્યો નથી. તે પ્રકાર જ અહીં પ્રદર્શિત કરાયો છે. **શંકા**-તો પછી આ પ્રકાર સ્મૃતિ વગેરે શાસ્ત્રોમાં નહિ કહેવાયેલો હોવાથી આ પ્રકાર શાસ્ત્રમૂલક નહિ બનશે ? **ઉત્તર** - ના, એમ નથી **'જે વૃત્તિથી હરિ તુષ્ટ થાય છે'** (ભાગ. ૩/૬/૩૩) ત્યાં શૂદ્ર વૃત્તિને જ ભગવાનના તોષનું કારણ બતાવ્યું છે અને તે શૂદ્ર વડે કરાતી સેવા વૈધ નથી, અથવા તે સેવા મન્ત્ર વગેરેને આધીન પણ નથી, કારણ કે મંત્ર વગેરમાં શૂદ્રોનો અધિકાર નથી. તેથી આ બધું વિચારીને જ શ્રી આચાર્યચરણે અહીં લોકમાં થનારી સેવાનું દૃષ્ટાન્ત આપ્યું છે અતઃ બધું જ બરાબર જ છે- કંઈ દોષ નથી. આમ કરવાથી આગળ શું ફળ થશે ? તેવી આકાંક્ષા થાય તે અર્થે જણાવે છે **'सर्वेषाम्'** વગેરે વાક્યથી. **'ततः'** એટલે તેના પછી (એટલે કે સેવકભાવે-વ્યવહારે દરેક કાર્ય વખતે ત્યારે ત્યારે બધું જ ભગવાનને સમર્પણ કર્યા પછી કાર્ય કરાતાં) તેના પૂર્વમાં પોતાનામાં રહેલા ગુણો અને દોષોની બ્રહ્મતા એટલે કે ભગવદીયપણાએ તેની ભગવદ્રૂપતા જ થાય છે. ભગવદીયોની ભગવદ્રૂપતા થાય છે એ વાત ભગવાને પોતે જ કહી છે કે- **'જે લોકો મને ભક્તિપૂર્વક ભજે છે તે લોકો મારામાં છે અને હું તેમનામાં છું'**, (ગીતા ૯/૨૯) **'ઉદ્ધવ મારાથી અણુમાત્ર પણ ન્યૂન નથી'** (ભાગવત ૩/૪/૩૧) વગેરે. સમર્પણ વડે ભગવદીયપણું થતાં તેમનામાં ફરીથી કયારેય દોષ થતો નથી અને કયારેય તેમનામાં દોષ રહેતો નથી એમ કહેવાનો ભાવ છે. જેમ કામ વગેરે ભગવાનમાં નિવેદન થયેલાં હોય તે ભગવદીય બની જઈ ફરીથી દોષરૂપમાં કલ્પિત થતાં નથી, કિન્તુ પ્રત્યુત સર્વ લૌકિક ફલ સાધકપણાને માટે જ છે. તે જ વાત કહેવાઈ છે - **'મારામાં આવેશ પામેલી બુદ્ધિમાં રહેલો કામ કામવિષયમાં કલ્પિત થતો નથી'** (ભાગ ૧૦/૨૨/૨૬)

'કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐક્ય અથવા સૌહૃદ' (ભાગ ૧૦/૨૯/૧૫) વગેરે વાક્યો વડે.

(૧૦) શ્રીલાલુ ભટ્ટજી - 'ननु सप्तमस्कन्धे 'हित्वात्मपातं गृहमन्धकूपं वनं गतो यद्धरिमाश्रयेते' त्यत्र न्यागस्योक्तवात् त्याग एव कर्तव्यः । तथा सति भिक्षावृत्त्या कस्यचिद्वैष्णवस्य गृहाद्देहनिर्वाहकमात्रं भगवदुपभुक्तशिष्टं गृहीत्वा निष्प्रत्यूहं भगवद्भजनं कार्यं, किमर्थं दारागारसम्पादनं चेत्याशङ्क्य दारादिसम्पादनप्रयोजनं देहादिनिर्वाहप्रकारं चाहुः 'सेवकानां यथे'त्यारभ्य, 'तथा कार्यं समर्प्यैवे'त्यन्तेन । सेवकानामिति । भगवतः श्रीविग्रहं सेवमानानामित्यर्थः । तेषां यथा लोके सर्वोपि व्यवहारः भगवत्सेवारूपः सेवोपयोगिलौकिकभोजनादिरूपो वैदिकः पुत्रोपनयनविवाहादिरूपश्च स यथा येन प्रकारेण सिध्यति तथा कर्तव्यम् । तथा सति स्त्रीपुत्रादिभिः सह कृष्णसेवा सिध्यति। तदभावे तु सेवाया न निर्वाहः । अतः स्त्रीपुत्रादिसम्पादनं कृष्णसेवार्थमिति प्रयोजनं सिद्धम् । अनिवेदिताः स्त्रीपुत्रादयो बाहिर्मुख्यं जनयन्त्यतस्तन्निवृत्त्यर्थं स्त्रीपुत्रादीनां निवेदनमावश्यकम्। तदेतदुक्तं 'तथा कार्यं समर्प्यैवे'ति । भगवतापि 'दारान् सुतान् गृहान् प्राणान् यत्परस्मै निवेदन' मित्यनेन निवेद्यत्वेन दारादयो निर्दिष्टाः। निवेदनस्य किं फलमित्याकाङ्क्षायां 'उद्धवात्मनिवेदिनां, मयि संजायते भक्ति' 'रित्युक्त्या भक्तिशब्दवाच्या सेवैव फलत्वेन निर्दिष्टा । भक्तिशब्दस्य सेवार्थः, भजसेवायामिति धातुपाठाद्, 'भज् इत्येष वै धातुः सेवायां परिकीर्तित' इति तन्त्राच्च । तथा च सिद्धमेतत् । दारादिसङ्ग्रहस्तन्निवेदनं च कृष्णसेवार्थम् । कृष्णसेवा हि सर्वथैव कर्तव्या, 'तज्जन्म तानि कर्माणि तदायुस्तन्मनोवचः ।

नृणां येनेह विश्वात्मा सेव्यते हरिरीश्वर' इति नारादवाक्यात्' 'करौ च तत्कर्मकरौ मनश्च शावौ करौ नो कुरुतः समर्याम्' 'करौ हरेर्मन्दिरमार्जनादिष्वि'त्यादिवचःपुञ्जाच्च, 'यैर्जन्म लब्धं नृषु भारताजिरे मुकुन्दसेवौपयिकं स्पृहा हि व' इति पञ्चमस्कन्धे देववाक्ये सर्वदेवतास्पृहणीयत्वस्याभिधानाच्च । अतःसेवार्थं गृहाश्रमस्तन्निर्वाहार्थं लौकिको ज्ञातिसम्बन्धिव्यवहारो ब्राह्मणभोजनादिरूपो यज्ञोपवीतविवाहादिकर्मसु कर्माङ्गभूतदेवतापूजनादिव्यवहारश्च सर्वथा कर्तव्य एव परम्परया कृष्णसेवोपयोगित्वात् । परंतु स सर्वोपि भगवते समर्प्यैव भगवदुपभुक्तशिष्टेन कार्यः । एतद्बोधकं समर्प्यैवेत्यत्रैवपदम् । एतदभिसन्धाय 'सेवकानां यथा लोके' इत्यत्र सेवकपदं दत्तमाचार्यवर्यैः । अनेन सेवाभिलाषिणां गृहाश्रमः सर्वाश्रमेभ्यो बलीयानित्युक्तं भवति । यस्य तु गृहे भगवत्सेवाया अभावस्तद्विषयकाणि गृहत्यागवचनानि । अत एव 'हित्वात्मपातं गृहमन्धकूप' मित्यत्रात्मपातत्वमन्धकूपत्वं च विशेषणद्वयमुक्तम् । न हि भगवदीयानां गृहमन्धकूपं भवति, वेदान्तरत्नरूपस्याखिलपुरुषार्थदातुर्भगवतो विराजमानत्वात् । अतः सर्वं सुस्थम् । गृहाश्रमाभिप्रायेणैव भगवन्तं प्रति विज्ञापयता उद्धवेन 'त्वयोपभुक्तस्रग्गन्धवासोलङ्कारचर्चिता' इत्यत्र वसनभूषणाद्यलङ्कृतत्वं श्रीकृष्णदासानामुक्तम् । अन्यथा त्यागपक्षे भूषणवसनाद्यलङ्कारो नोचित इति न वदेत् । अतो गृहाश्रमं सम्पाद्य भगवते सर्वं निवेद्य कृष्णोपभुक्तशिष्टेन देहादिनिर्वाहे न किञ्चिद् दूषणम्, 'अम्बरीष नवं वस्त्रं फलमन्नं रसादिकम् । कृत्वा विष्णूपभोग्यं तु सदा सेव्यं हि वैष्णवै' 'रित्यादिपुराणान्तरवचः समुदायादिति दिक्।

'अम्बरीष नवं वस्त्र' मित्यत्र नवपदेन अन्यभुक्तस्य निवेदनं निषद्धमिति ज्ञेयम् । एवं पूर्वोक्तप्रकारेण भगवन्तं भजमानस्य फलमाहुः 'सर्वेषां ब्रह्मता तत' इति । आत्मना सह समर्पितानां देहादीनां दारागारपुत्रादीनां च ब्रह्मता भवति । निर्दोषत्वप्रकटसच्चिदानन्दत्वरूपाक्षरब्रह्मधर्मास्तेष्वाविर्भूता भवन्तीत्यर्थः ।' અર્થાત્ - શંકા - સપ્તમ સ્કન્ધમાં '**જેમાં આત્મપાત થાય છે એવા આંધળા કૂવા સમાન ગૃહને ત્યાગીને વનમાં ગયેલો જે હરિનો આશ્રય કરે છે**' (ભાગ ૭/૫/૫) અહીં ગૃહત્યાગ કહ્યો હોવાથી ગૃહનો ત્યાગ જ કરવો જોઈએ. તે પ્રમાણે ગૃહત્યાગ કરાતાં ભિક્ષાવૃત્તિ વડે કોઈક વૈષ્ણવના ઘરેથી દેહના નિર્વાહ પૂરતું જ ભગવાનને ભોગ ધરાયેલ પ્રસાદ માત્ર ગ્રહણ કરીને નિષ્પ્રત્યૂહ ભગવદ્ભજન કરવું, શા માટે સ્ત્રી અને ઘરનું સમ્પાદન કરવું ? તેના **ઉત્તરમાં**-સ્ત્રી વગેરે સમ્પાદનનું પ્રયોજન અને દેહ વગેરેનાં નિર્વાહનો પ્રકાર '**सेवकानाम्**' થી આરંભી '**तथाकार्यं समर्प्यैव**' અહીં પર્યન્તમાં જણાવે છે.

ભગવાનના શ્રી વિગ્રહનું સેવન કરનારાઓના(પ્રયોજન અને નિર્વાહ પ્રકાર) એમ અર્થ છે. તે લોકોનો જેમ સર્વ કંઈ વ્યવહાર ભગવત્સેવારૂપ સેવોપયોગિ લૌકિક ભોજનાદિરૂપ અને વૈદિક પુત્રના ઉપનયન-વિવાહ વગેરે રૂપ છે તે જે પ્રકારે સિદ્ધ થાય તેમ કરવું આવશ્યક છે. આમ કહેવાથી સ્ત્રી-પુત્ર વગેરે સહિત કૃષ્ણ સેવા સિદ્ધ થાય છે, તેના અભાવમાં કૃષ્ણસેવાનો નિર્વાહ થતો નથી. અતઃ સ્ત્રી-પુત્ર વગેરેનું સંપાદન એનું પ્રયોજન કૃષ્ણસેવાને અર્થે છે એમ સિદ્ધ થાય છે. નિવેદન નહિ કરાયેલા સ્ત્રી-પુત્ર વગેરે બહિર્મુખતાને ઉત્પન્ન કરે છે અતઃ તેની નિવૃત્તિને અર્થે સ્ત્રી-પુત્ર વગેરેનું નિવેદન કરવું આવશ્યક છે તે જ વાત અહીં કહે છે- '**તેમ બધું સમર્પીને જ કરવું**' ભગવાને (ભાગવતમાં) પણ '**સ્ત્રીઓ-**

પુત્રો-ઘરો-પ્રાણો પ્રભુને નિવેદન કરવા' (ભાગ ૧૧/૩/૨૮) આ વાક્યથી સ્ત્રી વગેરેનું નિવેદન કરવાનો નિર્દેશ કર્યો છે. નિવેદનનું શું ફલ ? એવી આકાંક્ષા થાય તો- **'હે ઉદ્ધવ આત્મનિવેદીને મારામાં ભક્તિ થાય છે.'** (ભાગ. ૧૧/૧૯/૨૪) એ ઉક્તિ વડે ભક્તિશબ્દવાચ્ય સેવાનો જ ફલરૂપે નિર્દેશ કર્યો છે. ભક્તિ શબ્દનો સેવા એમ અર્થ છે. **'ભજ્ ધાતુનો સેવાના અર્થમાં ઉપયોગ કરવો'** એમ ધાતુપાઠ હોવાથી અને **'નિશ્ચય કરીને ભજ્ આ ધાતુ સેવા (અર્થમાં) સારી રીતે- વારંવાર કહેવાયો છે'** એમ તંત્ર વચન હોવાથી. આથી એ વાત સિદ્ધ થાય છે કે સ્ત્રી વગેરેનો સંગ્રહ અને તેનું નિવેદન એ કૃષ્ણની સેવા અર્થે છે. કૃષ્ણસેવા સર્વથા કરવી જ **'તે જ જન્મ છે, તે જ કર્મો છે, તે જ આયુષ્ય છે, તે જ મન-વાણી છે, જેના વડે આ લોકમાં મનુષ્યો વડે વિશ્વાત્મા હરિ ઈશ્વર સેવાય'** (ભાગ. ૪/૩૧/૯) એમ નારદવાક્યથી, **'જે બે હાથ ભગવાનની સેવા નથી કરતા એ સોનાના કંકણોથી વિભૂષિત હોઈને પણ મુડદાના હાથ સમાન છે'** (ભાગ. ૨/૩/૨૧) **'એમના બન્ને હાથો મંદિરને સાફ કરવા વગેરેમાં પરોવાયેલા રહેતા'** (ભાગ. ૯/૪/૧૮) અને **'જે લોકોએ ભગવાન મુકુન્દની સેવામાં ઉપયોગમાં આવી શકે એવા માનવશરીરમાં જન્મનો લાભ કર્યો છે તેવાઓની તો અમો દેવોને પણ સ્પૃહા થાય છે'** (ભાગ. ૫/૧૯/૨૧) એમ પંચમ સ્કન્ધમાં દેવોના વાક્યમાં ભગવાનની સેવા કરનારની સર્વદેવોને પણ સ્પૃહા થાય છે એમ અભિધાન હોવાથી. અત: સેવાને અર્થે ગૃહસ્થાશ્રમ અને તેના નિર્વાહ અર્થે લૌકિક જ્ઞાતિ સમ્બન્ધી વ્યવહાર, બ્રાહ્મણોને ભોજન કરાવવું, યજ્ઞોપવીત-વિવાહ વગેરે કર્મમાં કર્મના અંગભૂત દેવતાનું પૂજન વગેરેનો વ્યવહાર સર્વથા કરવો જ જોઇએ. કારણ કે તે પરંપરાથી કૃષ્ણસેવામાં ઉપયોગી હોવાથી. પરન્તુ તે બધો જ વ્યવહાર ભગવાનને સમર્પીને જ ભગવાન દ્વારા ભોગ થયા પછીના ઉચ્છિષ્ટ -પ્રસાદ વડે જ કરવો. આ વાતનું બોધન કરાવવા માટે અહી **'समर्प्यैव'** માં **'એવ'** પદ છે. આનું અભિસંધાન કરીને જ **'सेवकानां यथा लोके'** અહીં શ્રીઆચાર્યચરણે સેવક પદ મૂકયું છે. આના વડે સેવાની અભિલાષાવાળા છે તે લોકો માટે ગૃહસ્થાશ્રમ એ સર્વ આશ્રમોથી અધિક શ્રેષ્ઠ-બલવાળો છે એમ બતાવવાનો આશય છે. પરન્તુ જેના ઘરે ભગવત્સેવા નથી બિરાજતી તે લોકોના અર્થે ગૃહત્યાગ કરવાના વચનો-વાક્યો છે. તેથી જ **'જેમાં આત્માનું પતન છે એવા આંધળા કૂવા જેવા ગૃહને -ગૃહસ્થાશ્રમને ત્યાગીને'** (ભાગ. ૭ / ૫/૫) અહીં ગૃહસ્થાશ્રમને માટે આત્મપાત અને અન્ધકૂપ એમ બે વિશેષણ કહ્યા છે. ભગવદીયોને માટે ગૃહ-ગૃહસ્થાશ્રમ કયારેય આંધળાકૂવા સમાન હોતા નથી કારણ કે તે ગૃહમાં વેદાન્તના રત્નરૂપ સર્વ પુરુષાર્થોને આપનારા એવા ભગવાન બિરાજમાન હોય છે. અત: અહીં બધું યોગ્ય જ છે. ગૃહસ્થાશ્રમનો અભિપ્રાય ચિત્તમાં રાખીને જ ઉદ્ધવજીએ ભગવાન પ્રતિ કહ્યું છે કે- **'હે પ્રભુ ! આપના દ્વારા ભોગ કરાયેલ પુષ્પ, કુમકુમ, વસ્ત્ર, અલંકાર, ચંદન વગેરેનો ઉપભોગ કરીને અમે દાસો આપની માયાને જીતી લઈએ છીએ'** (ભાગ. ૧૧/૬/૪૬) આ વાકયમાં વસ્ત્ર-આભરણોથી સુશોભિતપણું શ્રી કૃષ્ણના દાસોનું કહ્યું છે. જો એમ ન હોય તો સુશોભિત વસ્ત્રો-આભૂષણો વગેરે ત્યાગ કરેલા માટે ઉચિત નથી હોતા અત: એમ નહિ કહેતે, અત: ગૃહસ્થાશ્રમનું સમ્પાદન કરીને બધું જ ભગવાનને નિવેદન કરીને કૃષ્ણ દ્વારા ઉપભોગ કરાઈને ઉચ્છિષ્ટ વડે દેહ વગેરેનો નિર્વાહ કરવો એમાં કોઈ દોષ નથી. **'હે અમ્બરીષ ! નવું વસ્ત્ર-ફલ-અન્ન-રસો વગેરે વિષ્ણુના ઉપભોગમાં લાવીને વૈષ્ણવોએ તેનું જ સદા સેવન કરવું'** વગેરે અનેક પુરાણ વચનોથી પણ તેમજ જાણી શકાય છે **'હે અમ્બરીષ નવું વસ્ત્ર'** આ વાક્યમાં જે નવું એમ કહ્યું છે તેથી બીજાના વડે ભોગ થઈ ગયેલ પદાર્થનું ભગવાનને નિવેદન કરવું નિષિદ્ધ છે એમ જાણવું. આ પ્રમાણે પૂર્વમાં જણાવ્યા પ્રકારે ભગવાનનું ભજન કરી રહેલાઓનું ફલ કહે છે. **'તેથી બધાની બ્રહ્મતા થાય છે'** એટલે કે

નિર્દોષપણું અને પ્રકટ સચ્ચિદાનંદરૂપ જે અક્ષરબ્રહ્મના ધર્મો છે તેનો તેમાં અવિર્ભાવ થાય છે તેમ અર્થ છે.

(૧૧)શ્રીશાચાર્ય મતાનુવર્તી - આ બાબતમાં કંઈ વિશેષ ઉલ્લેખ કરતાં નથી.

શ્રીગોકુલનાથચરણથી આરંભી શ્રીવિઠ્ઠલેશજી પર્યન્તના સર્વ ટીકાકારો પ્રાયઃ સમાન અર્થ ગ્રહણ કરે છે. શ્રીપુરુષોત્તમચરણ પોતાની ટીકામાં એક વધુ ખુલાસો આપે છે કે ભાગવતમાં જણાવ્યા મુજબ **'ઉદ્ધત કામનો પ્રતિવાદ સંગ-આસકિત ત્યાગેલા- તેનાંથી મુક્ત થયેલાઓ માટે પણ જો શક્ય નથી, તો પછી કામનાઓમાં અનુરક્તની તો વાત જ શું કહેવી' એ મુજબ આત્મનિવેદન કરેલ અને ત્યારબાદ ભગવત્સેવામાં પ્રવિષ્ટ થયેલો વ્યક્તિ વર્તમાનમાં તે સાધનદશામાં હોઈ કામનામાં અનુરક્ત હોઈ જ શકે છે. તેવી સ્થિતિમાં તેને જો કોઈ વસ્તુના ભોગની ઈચ્છા થાય તો તેવે વખતે તે ભોગપદાર્થની પ્રભુ સમક્ષ વિજ્ઞાપના કરીને તેનો ભોગ કરે તો તે પણ વ્યવહારાનુરોધિ સમર્પણના પ્રકારમાં જ ગણાશે. પરન્તુ એટલું જરૂર છે કે આ પ્રકારનું વ્યવહારાનુરોધિ સમર્પણ એ ભગવદર્થ સર્વ કામનાઓ ત્યાગરૂપ ભગવદ્ધર્માનુરોધિ સમર્પણ કે જે મુખ્ય સાધનકક્ષામાં છે તેથી વિપરીત કામનાવશ થયેલું હોઈ તે મુખ્ય સાધનકક્ષાને પ્રાપ્ત થતું નથી.'** શ્રીપુરુષોત્તમચરણે દર્શાવેલી આ વ્યવસ્થા એ મને લાગે છે કે આધુનિકોમાં જે લોકો પુષ્ટિમાર્ગીય આત્મનિવેદન કરીને ભગવત્સેવામાં પ્રવૃત્ત થયા છે પરન્તુ હજુ તેમનામાં ભગવત્સ્નેહ પ્રકટ થયો નથી અને તેથી કરીને તેમનામાં લૌકિક કામનાઓની સત્તા છે તેવાઓ ભોગકામનાવશ સેવકધર્મથી ચ્યુત ન થઈ જાય તે માટે આપશ્રી આ ઉપાય જણાવે છે એમ મને લાગે છે. અથવા તો સિદ્ધાન્ત રહસ્યના ત્રીજા શ્લોકની ટીકામાં શ્રી પુરુષોત્તમચરણ જણાવે છે કે -**'यः पुनः पूर्वं पापाचारः पश्चाद्भगवन्मार्गे उत्कण्ठते सोप्युपदेष्टव्यः'** તથા ત્યાં જ આગળ **'यस्तु स्वयमनुत्कण्ठः सत्सङ्गात्कुलपारम्पर्याद्वा उपसीदेत् सोप्युपदेशमर्हति ...स परं परीक्षणीयः । यदि पश्चाच्छ्रद्धते भगवद्धर्मे तदा.... मार्गरीत्या बोधनीयः'** આ બે પ્રકારના નિવેદકો કે જેઓ લોકાર્થી છે તેમની આરંભ દશા માટેનો આ પ્રકાર ઉપકારરૂપે કહેવાયો હોય એમ મને લાગે છે. કારણ કે અશકત હૃદયવાળા નિવેદકો વડે પોતાની દુર્બલ મનની દશામાં પણ સેવકધર્મનો નિર્વાહ અને સેવકધર્મની જાળવણી આ પ્રકારથી જ શક્ય બની શકે છે. આ પ્રકારે વ્યવહારના અનુરોધે સહી પણ આંશિક ભગવદ્ધર્મનું આચરણ પણ અભ્યાસ થકી વિષયવિતૃષ્ણાને સિદ્ધ કરી આપે છે અને ત્યાર બાદ મુખ્ય ભગવદ્ધર્મરૂપ સમર્પણ કે જેમાં ભગવદર્થે સર્વ કામનાઓને ત્યાગવાનું છે તેના અભ્યાસથી નિરોધલક્ષણમાં જણાવ્યા મુજબ વિષયો પ્રતિનો વૈરાગ્ય સુદઢ થાય છે કે જેથી ભગવાનમાં વ્યસન સિદ્ધ થવામાં વચ્ચે કોઈ મોટા બાધક રહેતા નથી.

શ્રીપુરુષોત્તમચરણ આ સ્થળે બીજી એક વાતનો પણ નિર્દેશ કરે છે કે -**'ततः'** એટલે 'તે પછી' એટલે બ્રહ્મસમ્બન્ધથી **આરંભ કરીને આ ગ્રન્થમાં કહેવાયેલ રીતે સાધન કરવાથી આત્મનિવેદન કરનાર દોષરહિત થાય છે અને તેવાઓ વડે કરાતી સેવા પ્રભુ વ્દારા અંગીકાર થતાં કોઈ પણ પ્રકારના અવરોધ કે કષ્ટ વિના તેઓ ફલમાં પ્રવેશી શકે છે.'** આ પ્રકારે બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી આ ગ્રન્થમાં બતાવ્યા પ્રકારે સાધન કરવાથી એટલે કે ભગવત્સેવા કરવાથી જ જીવ સર્વથા દોષરહિત થાય છે. બ્રહ્મસમ્બન્ધ કરવાથી દોષોની સત્તા રહીને પણ તે દોષો ભગવત્સેવામાં બાધક બનતા નથી એટલે કે તેમનાં દોષોને દષ્ટિમાં નહિ રાખી ભગવાન તેમના વડે કરાયેલી સેવાનો અંગીકાર કરે છે. અહીં એ પ્રશ્ન થાય છે કે શ્રી પુરુષોત્તમજી આ જ ગ્રન્થના દ્વિતીય

શ્લોકના વ્યાખ્યાનમાં **'જીવ વગેરેના દોષ વશ તેવાઓ વ્દારા કરાયેલી રોવાનો અંગીકાર પ્રભુએ કર્યો કે નહિ તે બાબતની ચિન્તા કરવી નહિ'** એમ કહી એ જણાવ્યું કે બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી જીવમાં દોષોની સત્તા રહીને પણ તેના વડે કરાયેલી સેવાનો ભગવાન વડે અંગીકાર કરવામાં આવે છે. ત્યારે આ સ્થિતિમાં પણ સેવાનો અંગીકાર છે તેમજ આ સ્થળે **'તેઓમાં કલિ વગેરેના દોષોનો અભાવ હોવાથી તેવાઓ વ્દારા કરાયેલી સેવાનો પ્રભુ વડે અંગીકાર થતાં'** અહીં સેવાનો અંગીકાર દોષરહિત સ્થિતિમાં જણાવ્યો છે તો આનો શો અર્થ ? બે વાક્યો વચ્ચે વિરોધ આવે છે તેનું શું ? એવો પ્રશ્ન થાય. તો મને એમ લાગે કે ષષ્ઠસ્કન્ધ નિબન્ધમાં અવમ અને અનવમ શબ્દથી અવમે જીવહિતકારિણી કાલાદિ નિવર્તિકા સાધારણી પુષ્ટિ અને અનવમે પરાર્થા વિશુદ્ધ ભક્તિદાન સ્વરૂપા અસાધારણી પુષ્ટિ કહેવાઈ છે એ જ ન્યાયે અહીં પણ પ્રથમ સદોષ સ્થિતિમાં સેવાનો અંગીકાર એ જીવના દોષોની નિવૃત્તિના હેતુથી સાધારણીપુષ્ટિન્યાય સ્વરૂપનો અંગીકાર છે અને નિદોર્ષતાએ કરાયેલી સેવાના અંગીકારમાં જીવની પોતાની લીલામાં યોજના કરવાના સ્વરૂપનો ફલ સ્વરૂપનો અસાધારણીપુષ્ટિન્યાય સ્વરૂપનો અંગીકાર છે. અતઃ આ માર્ગમાં સાધન-ફલ બંને માં મુખ્ય કારકતા ભગવદનુગ્રહની જ છે એમ સમજી શકાય છે. શ્રીહરિરાય-ચરણ પણ સિદ્ધાન્ત રહસ્ય ઉપરની કારિકાત્મિકા ટીકામાં આરંભે **'સમ્બન્ધવરણાત્મિકા પ્રાથમિકી પુષ્ટિ અને ફલ કૃષ્ણ વડે જ થાય છે'** એમ કહીને ફલદાનાત્મિકા મુખ્ય પુષ્ટિ એમ બે પ્રકાર જણાવે છે તેમજ ત્યાં જ તેઓશ્રી સમ્બન્ધની પણ દ્વિવિધતા દોષમાત્ર નિવૃત્તિ અર્થેનો બ્રહ્મસંબન્ધ અને ફલસામયિક ગુણાધાયક સમ્બન્ધ-કૃષ્ણ સંબન્ધ એમ જણાવે છે.

* * *

(૮) અષ્ટમ શ્લોક

गङ्गात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ॥ ८ ॥
गङ्गात्वे न निरूप्या स्यात्तद्वदत्रापि चैव हि ॥ ८$\frac{१}{२}$॥

સાન્વય પદાર્થ - **गङ्गात्वं** (ગંગારૂપ થવું તે), **सर्वदोषाणां** (સર્વદોષોનું),**गुणदोषादिवर्णना** (ગુણદોષાદિનું વર્ણન),**गङ्गात्वे** (ગંગારૂપે),**न** (નહિ) **निरूप्या** (નિરૂપણ કરવાને શક્ય), **स्यात्** (થાય) **तद्वत्** (તેની માફક) **एव** (જ) **अत्र** (અહીં) **अपि च** (પણ) **हि** (નિશ્ચય કરીને).

અક્ષરાર્થ : ગંગામાં જળ મળી ગયા પછી- ગંગારૂપ થયા પછી તે જળનું ગુણદોષાદિરૂપે નિરૂપણ કરી શકાતું નથી, નિશ્ચય કરીને તેની માફક જ અહીં પણ સમજવું.

ગ્રન્થ વિવરણ : આ શ્લોકના આભાસમાં સર્વ ટીકાકારો આ મુજબ જણાવે છે.

(૧) શ્રીગોકુળનાથજી -**ननु भक्तिमार्गप्रवेशेपि सत्त्वादिगुणभेदेन प्रकृतिवैषम्याद्भगवदीयत्वेपि कथं सर्वेषां समत्वमित्याशङ्क्य गङ्गादृष्टान्तेन परिहरन्ति गङ्गात्वमिति'** અર્થાત્- **શંકા**-ભક્તિમાર્ગમાં પ્રવેશ થઈને પણ સત્ત્વ વગેરે ગુણોના ભેદ વડે કરીને પ્રકૃત્તિની વિષમતા રહેલી હોવાથી ભગવદીયપણું થઈને પણ બધાનું સમપણું કઈ રીતે કહી શકાય ? એમ શંકા કરીને ગંગાના દષ્ટાન્તથી તેનો પરિહાર કરે છે **'गङ्गात्वम्'** વગેરે વાક્યોથી.

(૨) શ્રીકલ્યાણરાયજી - **ननु ब्रह्मसम्बन्धकरणेपि**

दोषाणामनुभूयमानत्वात् कथं निर्दोषत्वं समत्वं चेत्याशङ्कां गङ्गादृष्टान्तेन परिहरन्ति’ અર્થાત્ - બ્રહ્મસમ્બન્ધ કર્યા છતાં પણ (તે પછી) દોષો રહેલા છે તેમ અનુભવ થાય જ છે તો પછી કેમ કરીને નિર્દોષતા અને સમતા છે તેમ કહી શકાય ? તેમ શંકા કરીને ગંગાના દષ્ટાન્તથી તેનો પરિહાર કરે છે.

(૩) શ્રીવ્રજોત્સવજી -इममेवार्थं दृष्टान्तेन प्रकटीकुर्वन्त उपसंहरन्ति गङ्गात्वमिति’ અર્થાત્ - આજ અર્થને દષ્ટાન્ત થી પ્રકટ કરતાં ઉપસંહારકરે છે.

(૪)શ્રીગોકુલોત્સવજી -‘ततश्च गङ्गात्वमिति’ ત્યાર પછી ગંગાપણું થાય છે.

(૫) શ્રીહરિરાયજી - ननु दोषनिवृत्तिः का मलस्येव हि नाशनम् ॥ १२८ ॥ अथवा परिपाकेन दोषतागमनं यथा । मृण्मयेपि घटे पाकादामतैव निवर्तते ॥१२९॥ न मृण्मयत्वमेवं हि तन्निवृत्तिरिहोच्यते । इति संशयतः प्राह प्रभु ‘गंङ्गात्व’मेव हि ॥ १३०॥’ અર્થાત્ - શંકા- અહીં દોષનિવૃત્તિ કહી છે એટલે શું ? જેમ મલનો નાશ થાય છે તેમ દોષોનો નાશ થાય છે ? કે પછી પદાર્થ પરિપક્વ થતાં તેમાંથી દોષ ચાલ્યા જાય છે તેમ દોષનો નાશ થાય છે ? માટીના ઘડાને પકાવવામાં આવતાં આમતા એટલે કે અપરિકવતા- કાચાપણું જ દૂર થાય છે. પરન્તુ તેથી કંઈ ઘડામાં જે માટી છે તે માટી તો રહે જ છે- તે દૂર થતી નથી. આ બધામાંથી કોની માફક અહીં દોષનિવૃત્તિ કહેવામાં આવી છે એમ સંશય થાય તો તેના નિરસનને અર્થે પ્રભુ અહીં **‘गङ्गात्वम्’** વગેરે વાકયોથી કહે છે.

(૬) શ્રીવિઠ્ઠલેશજી - तत्र दृष्टान्तः, गङ्गात्वं सर्वदोषाणामिति’ ત્યાં દષ્ટાન્ત છે ગંગાપણું સર્વ દોષોનું એમ.

(૭) શ્રીપુરુષોત્તમજી - ‘एवं सर्वदोषनिवृत्त्युपायमुपदिश्य, दोषाणां स्वरूपतो विद्यमानत्वे तेषां सेवायामप्रतिबन्धकत्वं न सम्यगवगन्तुं शक्यं, तथा सत्यविश्वासे संशये वा जघन्याधिकारिणां पुनः सर्वनाशापत्तिरिति तन्निवारणार्थं सिंहावलोकनेन पूर्वं परामृशन्तो दृष्टान्तमुखेन तद्दोषनिवृत्त्यवगमोपायमाहुः गङ्गात्वमित्यादि’ અર્થાત્ - આ પ્રમાણે સર્વ દોષોની નિવૃત્તિનો ઉપાય કહીને, સ્વરૂપથી દોષો વિદ્યમાન હોતાં તે દોષો સેવામાં પ્રતિબન્ધ કરનારા બનતા નથી એ બુદ્ધિમાં સારી રીતે સમજી શકાય તેમ નથી, અને તેમ હોતાં અવિશ્વાસ થાય અથવા સંશય ઉત્પન્ન થાય તો તેથી જઘન્યાધિકારી લોકો છે તેમને ફરીથી સર્વનાશની આપત્તિ આવી ઉભી રહે. તેનાં નિવારણ અર્થે સિંહાવલોકન વડે પૂર્વમાં કહેવાઈ ગયેલી વાતનો જ પરામર્શ કરતાં દટાન્ત દ્વારા તે દોષ નિવૃત્ત થઈ ગયા છે તે જાણી શકાય તેમ ઉપાયને કહે છે **‘गङ्गात्वम्’** વગેરે વાક્યોથી.

(૮) શ્રીગિરિધરજી - ननु तथापि दोषाणां ब्रह्मरूपता प्रत्यक्षतया कुत्रापि दृष्टा नेति प्रत्यक्षवादिनां बहिर्मुखानां शङ्कां परिहरन्तो गङ्गादृष्टान्तेन तमेवार्थं प्रत्यक्षं दर्शयन्त आहुः गङ्गात्वमिति’ અર્થાત્- બધી વાત કહેવાઈને પણ દોષોની બ્રહ્મરૂપતા પ્રત્યક્ષ સ્વરૂપમાં કયાંય પણ દેખાઈ નથી એમ જે પ્રત્યક્ષવાદી બહિર્મુખ લોકો છે તેમની શંકાનો પરિહાર કરતાં ગંગાના દષ્ટાન્ત વડે પૂર્વમાં કહેવાઇ ગયેલા અર્થને જ પ્રત્યક્ષ બતાવતાં કહે છે **‘गङ्गात्वमिति’**વગેરે વાક્યોથી.

(૯) શ્રીલાલુભટ્ટજી - पूर्वमतथाभूतस्य भक्त्या

ब्रह्मत्वप्राप्तौ दृष्टान्तमाहुः गङ्गात्वं सर्वदोषाणामित्यादिना' અર્થાત્- પૂર્વમાં જે તેવો ન હતો તેને ભક્તિ વડે બ્રહ્મત્વની પ્રાપ્તિમાં દષ્ટાન્ત કહે છે. **'गङ्गात्वं सर्वदोषाणाम्'** વગેરે વાક્યો વડે.

(૧૦) શ્રીશાચાર્ય મતાનુવર્તી - ननु कथं तथा प्रतीयेतेत्यत्राह दृष्टान्तेन गङ्गात्वमिति' અર્થાત્ - એ મુજબ કેમ કરીને પ્રતીત થાય ? ત્યાં દષ્ટાન્તથી જણાવે છે.

ગ્રન્થના અંતિમ શ્લોકના વિવરણમાં સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે.

(૧) શ્રીગોકુળનાથજી- 'यथा सर्वजलदोषाणां तावदेव गुणदोषादिवर्णना भवति यावद्गङ्गाप्रवेशो न भवति । गङ्गाप्रवेशानन्तरं सर्वेषां जलानां गङ्गात्वेनैव सर्वधर्मोपयोगित्वं भवति, तद्वत् यावत्पर्यन्तं भक्तिमार्गीयाचार्यैः कृतं निवेदनं न भवति तावदेव भगवद्भजने तदीयगुणदोषादिविचारणं सम्भवति । भगवदीयत्वे सम्पन्ने पूर्वाशङ्कितसत्त्वादिगुणभेदकृतदोषाणां भजनबाधनं न सभ्भवति । अत एव श्रुतावपि 'यमेवैष वृणुते तेन लभ्य' इति वरणस्यैव भगवत्प्राप्तिहेतुत्वमुक्तं, न तु सत्त्वादिगुणप्रकृतिदोषाणां बाधकत्वम् । तथा सर्वेषां जलानां गङ्गात्वे सति गुणदोषादिवर्णना न निरूप्या स्यात्, तद्वदत्रापि भक्तिमार्गेपि भगवदीयत्वसम्पत्त्यनन्तरं सर्वदोषनिवृत्तिः । तद्वदित्यत्र चकारस्यानुक्तसमुच्चयो ज्ञेयः। यथा भगवन्निवेदनेन सेवाप्रतिबन्धकदोषनिृत्तिस्तथा स्वोपयोगिपदार्थदोषनिवृत्तिर्भवति भगवन्निवेदनेनेति ज्ञापनाय चकारः । स्वोपयोगिपदार्थदोषनिवृत्तौ उपायान्तराभावायैवकारः । भगवन्निवेदनेनैव सर्वदोषनिवृत्तिः, न

तु प्रकारान्तेरेणेत्यस्यार्थस्य युक्तत्वज्ञापनाय हिशब्दः । अत्रायमाशयः । भगवच्चरणाविन्दैकदेशाङ्गुष्ठभिन्नब्रह्माण्डकटाहविवरोद्रतजलस्य चरणाङ्गुष्ठसम्बन्धमाहात्म्येन यत्र लोके गङ्गासम्बद्धजलादेर्गङ्गायाः सर्वदोषनिवर्तकत्वं, तत्र भक्तिमार्गे साक्षात्पुरुषोत्तमस्यैव सम्बन्धात्सर्वेषां चेतनाचेतनानां सर्वदोषनिवृत्तौ किं वाच्यमिति ज्ञापनाय हिशब्दः' અર્થાત્ - જેમ સર્વ જલના દોષો ત્યાં લગી જ ગુણ-દોષરૂપે કહેવાય છે જ્યાં સુધી તેનો ગંગામાં પ્રવેશ થયો ન હોય. ગંગામાં પ્રવેશ થઈ ગયા પછી તો સર્વ જલનું ગંગાજલના રૂપમાં જ સર્વધર્મ અર્થે ઉપયોગીપણું જ થાય છે તેની માફક જ્યાં લગી ભક્તિમાર્ગીય આચાર્ય દ્વારા નિવેદન કરાયું નથી ત્યાં લગી જ ભગવાનના ભજનમાં તે જીવના ગુણ-દોષ વગેરેનો વિચાર સંભવે છે. ભગવદીયપણું સંપાદન થતાં તો પૂર્વમાં આશંકા કરાયેલ સત્ત્વ વગેરે ગુણ ભેદ થકી થનારા દોષો વડે ભજનને બાધ થવો સંભવ નથી. તેથી શ્રુતિમાં પણ **'જેનું જ આ વરણ કરે છે તે જ પ્રાપ્ત કરે છે.'** (કઠોપનિષદ્ ૧/૧/૨૩) એમ વરણ જ ભગવત્ પ્રાપ્તિમાં હેતુ છે એમ કહ્યું છે, નહિ કે સત્ત્વ વગેરે પ્રકૃતિના ગુણોની બાધકતા જણાવી છે. તેમજ સર્વ જલોનું ગંગાપણું થતાં ગુણ-દોષો રૂપે નિરૂપણ થતું નથી, તેની માફક ભક્તિમાર્ગમાં પણ ભગવદીયપણાનું સમ્પાદન થયા પછી સર્વદોષ નિવૃત થાય છે. **'तद्वदत्रापि चैव हि'** અહીં જે **'च'** કાર છે તે શબ્દમાં નહિ જણાવેલો સમુચ્ચય છે તેમ જાણવું. જેમ ભગવાનને નિવેદન વડે સેવામાં પ્રતિબન્ધ કરનાર દોષોની નિવૃત્તિ થાય છે તેવી રીતે ભગવાનને નિવેદન કરવાથી સ્વ-ઉપયોગી જે પદાર્થો છે તેના દોષોની પણ નિવૃત્તિ થાય છે એમ જણાવવા માટે **'च'** કાર પ્રયોગ છે. સ્વ ઉપયોગી પદાર્થોની દોષનિવૃત્તિ અર્થે આ સિવાય બીજો કોઈ ઉપાય નથી એ જણાવવા **'एव'** કાર છે. ભગવાનને નિવેદન કરવાથી જ સર્વદોષ નિવૃત્ત થાયછે, બીજા કોઈ પણ પ્રકારથી

દોષો નિવૃત્ત થતા નથી આ જ અર્થ યુક્ત છે એમ જણાવવા **'हि'** શબ્દ છે. અહીં આ મુજબ આશય છે- ભગવાનના ચરણારવિન્દ એકદેશ-અંગુઠો એનાથી ભેદાયેલું બ્રહ્માંડ કટાહનું ગાબડું એમાંથી નિકળેલ જલ તે ચરણના અંગુષ્ઠ સમ્બન્ધના માહાત્મ્ય વડે જ્યાં લોકમાં ગંગાથી સંબદ્ધ જલ વગેરેનું- ગંગાનું સર્વદોષ નિવર્તકપણું છે, ત્યાં ભક્તિમાર્ગમાં સાક્ષાત્ પુરુષોત્તમનો જ સમ્બન્ધ હોવાથી સર્વ કોઈ ચેતન-અચેતનોના સર્વદોષો નિવૃત થાય છે તેમાં કંઈ કહેવાપણું જ શું છે એમ જણાવવા **'हि'** શબ્દ છે.

(૨) રઘુનાથજી - 'ततः ब्रह्मतानन्तरं स्थितानामपि दोषाणां गङ्गात्वं गङ्गातुल्यत्वमित्यर्थः । यथा गङ्गातिरिक्तापवित्रजलानां गङ्गाप्रवाहान्तःपातित्वे सम्पन्ने गङ्गात्वमेव, तेषां न ततः पृथग्भावः, गङ्गात्वे सम्पन्ने पूर्वकालीनगुणदोषादिकथा यथा जलानामनिरूप्या भवति तद्वदेवात्रापि भगवत्सम्बन्धे जाते पञ्चविधदोषाणां स्थितानामप्यदोषत्वमेवेत्यर्थः । एवशब्दोऽवधारणे। हिशब्दः प्रसिद्धौ ।' અર્થાત્ -**'ततः'** એટલે બ્રહ્મતા થયા પછી રહી ગયેલા પણ જે દોષો છે તેનું ગંગાપણું એટલે કે ગંગાતુલ્યપણું થાય છે એમ અર્થ છે. જેમ ગંગા સિવાયના બીજા જે અપવિત્ર જલ છે તે ગંગાના પ્રવાહમાં અંદર સારી રીતે ભળી જતાં તેનું પણ ગંગાપણું જ હોય છે, તે જલ પછી ગંગાથી જુદા ભાવે નથી હોતું, તે જળનું ગંગાપણું સમ્પન્ન થતાં પછી ગંગાપણું સમ્પન્ન થતાં પહેલાં ગુણ-દોષ કહેવાતાં હતાં તે સમ્પન્ન થયા પછી અલગ રીતે નિરૂપણ કરાતાં નથી તેની જ માફક અહીં પણ ભગવત્સંબન્ધ થતાં પછી પાંચ પ્રકારના (સિદ્ધાન્ત રહસ્ય ત્રીજા શ્લોકમાં જણાવેલા) દોષો રહેલા હોય તો પણ તેનું અદોષપણું જ છે. એમ અર્થ છે. **'एव'** શબ્દ અવધારણા માટે છે. **'हि'** શબ્દ પ્રસિદ્ધિને બતાવે છે.

(૩) શ્રીકલ્યાણરાયજી - 'यथा गङ्गासम्बन्धेन गङ्गारूपत्वे सम्पन्ने तेषां जलानां तद्दोषाणां च गङ्गात्वेनैव व्यवहारः, तथा ब्रह्मसम्बन्धे सम्पन्ने तेषां धर्माणां भगवदीयत्वेन निर्दोषत्वेनैव व्यवहारो भवतीत्यर्थः । हि युक्तोयमर्थः। यो यत्र सम्बद्धः, स तद्रूपो भवति ।' અર્થાત્ - જેમ ગંગાના સંબન્ધ વડે ગંગારૂપપણું સમ્પન્ન થતાં તે જળો અને તેના દોષોનો ગંગાપણા વડે જ વ્યવહાર થાય છે, તેમ બ્રહ્મસમ્બન્ધ સમ્પન્ન થતાં તેના ધર્મોનો ભગવદીયપણા વડે જ નિદોર્ષપણા વડે જ વ્યવહાર થાય છે. **'हि'** આ અર્થ યુક્ત છે એમ અર્થ છે. જે જ્યાં સમ્બદ્ધ હોય, તે તેના રૂપવાળો જ થાય છે.

(૪)શ્રીવ્રજોત્સવજી -'यथा क्षुद्रनदीनां जलेषु बहवो दोषाः सन्ति, तेषां, गङ्गासम्बन्धे सति तत्तन्नदीनाम्नामपि लुप्तत्वाद्गङ्गात्वमेव भवति, गङ्गात्वे सम्पन्ने तत्तद्गुणदोषादिवर्णनापि निरूपयितुं योग्या न भवति, तज्जलानां गङ्गासम्बन्धात्ते स्वयमेव नष्टा इत्यभावादेवानिरूप्यत्वमुक्तं, तद्वत्तथात्रापि ब्रह्मसम्बन्धानन्तरमेवं प्रकारकस्थितौ ब्रह्मतायां सम्पन्नायां ते दोषाः प्राकृतांशोद्भूताः स्वयमेव लुप्ता भवन्तीति तेषामप्यनिरूप्यत्वमुक्तम्। तादृशानां लोकसङ्ग्रहार्थं दृश्यमानानामपि केषाञ्चित्प्राकृतरीतिधर्माणां कपटरूपत्वाद्दग्धपटन्यायेनानिरूप्यत्वमेवेति सर्वमनवद्यम्। एवंजीवस्य तिरोहितानन्दस्य साधनसहितं पुनर्ब्रह्मसम्पत्तिपूर्वकं साक्षात्पुरुषोत्तमप्राप्तिरूपफलयोग्यता निरूपिता । ' અર્થાત્- જેમ નાની નદીઓના જળમાં ઘણાં દોષો હોય છે, તેનો ગંગા સાથે સંબન્ધ થતાં તે-તે નદીઓના (અલગથી જે નામો હોય છે તે) નામો પણ મટી જાય છે અને તેનું ગંગાપણું જ થાય છે, ગંગાપણું સમ્પન્ન થતાં પછી તે-તે તેના (અલગથી) ગુણ દોષ વગેરે પણ નિરૂપણ કરવા યોગ્ય હોતું નથી, તે -તે જળનો ગંગા સાથે સંબન્ધ થવાથી તે દોષો

એની મેળે જ નષ્ટ થાય છે. એમ દોષોનો અભાવ હોવાથી જ નિરૂપણ કરવા યોગ્ય હોતું નથી એમ કહ્યુ ંછે, તેની માફક અહીં પણ બ્રહ્મસંબન્ધના અનન્તર બ્રહ્મ સાથે સબન્ધવાળા પ્રકારમાં સ્થિતિ કરતાં બ્રહ્મતા સમ્પન્ન થતાં પ્રાકૃત અંશથી ઉત્પન્ન થયેલા તે દોષો એની મેળે જ લુપ્ત થાય છે તેથી તે દોષો બ્રહ્મસમ્બન્ધ પછી નિરૂપણ કરવા યોગ્ય હોતા નથી. તેવા કેટલાક લોકોમાં પ્રાકૃત રીતિ મુજબના ધર્મો લોકસંગ્રહના અર્થે દેખાતાં હોવાં છતાં પણ તે પ્રાકૃત રીતિના ધર્મો તેમનામાં કપટરૂપે રહેલાં હોવાથી જેમ વસ્ત્ર બળી જાય પણ રાખની સ્થિતિમાં પણ તેનો આકાર દેખાય છે તે ન્યાયે (તે દેખાતા હોવા છતાં પણ) એ દોષો નિરૂપણ કરવા યોગ્ય હોતા નથી તેથી અહીં જે કહેવાયું છે તે બધું જ યોગ્ય જ છે. આ પ્રમાણે તિરોહિત આનન્દ એવા જીવની સાધનસહિત પુનઃ બ્રહ્મસમ્પન્નતાપૂર્વક સાક્ષાત્ પુરુષોત્તમ પ્રાપ્તિરૂપ જે ફલ છે તેની યોગ્યતા આથી નિરૂપણ કરી છે.

(૫) શ્રીગોકુલોત્સવજી - 'यथा गङ्गायां निविष्टानां जलानां गङ्गात्वमेव, न तु तद्गतकरतोयादिविलम्बनादिपूर्वदोषनिरूपणमपि, तद्वदस्यापि । यद्यपि कामादयो दोषरूपास्तथापि भगवदीयस्य भगवत्येव कामः, तत्प्रतिपक्षेषु क्रोधः । एवं यथायथं भगवत्सम्बन्धे ब्रह्मतैव सेत्स्यतीति व्यर्थैव दोषनिवृत्तिप्रतिक्षेति हृदयम् ।' અર્થાત્ - જેમ ગંગામાં નિવિષ્ટ થયેલ જળનું ગંગાપણું જ છે, નિવિષ્ટ થતાં પૂર્વમાં તે જળમાં રહેલા ઓલા-જળ-આધાર વગેરે દોષોનું નિરૂપણ થતું નથી, તેની માફક જ અહીં સમજવાનું છે. યદ્યપિ કામ વગેરે દોષરૂપ જ છે તેમ છતાં પણ જે ભગવદીય છે તેનો ભગવાનમાં જ કામ હોય છે અને ભગવાનના પ્રતિપક્ષી (આસુરભાવવાળા)ઓમાં ક્રોધ હોય છે. આ પ્રમાણે યથાયોગ્ય પ્રકારે ભગવત્ સમ્બન્ધ થતાં બ્રહ્મતા જ સિદ્ધ થશે તેથી દોષનિવૃત્તિની પ્રતીક્ષા કરવી વ્યર્થ જ છે એમ અત્ર કહેવાનું તાત્પર્ય છે.

(૬) શ્રીહરિરાયજી - 'दोषाणां' तत्प्रविष्टानां जलानामिव सर्वथा । तत्प्रवेशे पुनस्तेषां गुणदोषादिवर्णना ॥ १३१ ॥ 'गङ्गात्वेनै'व कर्तव्या न पानीयप्रयोगतः । शूद्रत्वादिकथात्रापि वैष्णवत्वेन बुध्यताम् ॥१३२॥' અર્થાત્ - 'दोषाणाम्' એટલે ગંગા જલમાં પ્રવિષ્ટ થયેલા જળની માફક જ્યારે તે જળ સર્વથા ગંગામાં પ્રવિષ્ટ થઈને ભળી જાય ત્યાર પછી તે ગુણ-દોષો વગેરે ગંગાપણાથી જ કહેવા જોઈએ અમુક જળના રૂપમાં જલ પ્રયોગથી નહિ કરવા જોઈએ. તેવી જ રીતે શૂદ્રપણું વગેરે વાતો પણ વૈષ્ણવપણાથી તમે જાણો.

(૭) શ્રીવિઠ્ઠલેશજી- 'यथा शुद्धमशुद्धं वा जलं गङ्गान्तःपतितं सत् गङ्गातुल्यं भवति, परन्तु गङ्गामध्ये भिन्नं तिष्ठति । शौचादिकं कुर्वन्ति जनाः, तदा गङ्गा अशुद्धं जलं ददाति, मलनिवारणार्थं निर्मलं जलं ददाति, पापक्षयार्थं गङ्गोदकं ददाति, एवं मत्सेवका मां भजन्तो मत्सदृशा भवन्ति । परन्तु सेवायां दासत्वेन स्थेयम् । यथा गङ्गायामपवित्रजलं किञ्चिद्भिन्नं भवति तदा गङ्गोदकं न स्यात्, तथा अन्यदेवाश्रितो भवति स शुद्धो न स्यात् । उक्तं च षष्ठस्कन्धे 'यावदन्याश्रयस्तावद्भगवानपि तं जनम् । आलोकयेन्न कृपया ह्यनन्यजनवत्सलः'। गीतायां च 'सर्वधर्मान् परित्यज्ये'ति। ननु सर्वधर्मेण सहैव निवर्त्यानां दोषाणां कथमेवं निवृत्तिः, तत्राहु 'स्तत' इति । ततो ब्रह्मणि परं स्थितानामपि दोषाणां गङ्गात्वं गङ्गातुल्यत्वमित्यर्थ : । यथा गङ्गातिरिक्तापवित्रजलानां गङ्गाप्रवाहान्तःपातित्वे सम्पन्ने गङ्गात्वमेव, तेषां न भवः, पृथग्भावः । गङ्गात्वे सम्पन्ने पूर्वकालीनगुणदोषादिवर्णना यथा जलानां न निरूप्या भवति तद्वदेवात्रापि भगवत्सम्बन्धे जाते ते पञ्चविधदोषाणां स्थितानामप्यदोषत्वमित्यर्थः । एवशब्दोऽवधारणे । हिशब्दोप्युक्तं

युक्तमेवेति' અર્થાત્ - જેમ શુદ્ધ કે અશુદ્ધ જળ ગંગામાં મળી જતાં તે ગંગા સમાન થાય છે. પરન્તુ તે ગંગાના વચમાં જુદું જ રહે છે. લોકો જલમાં શૌચ વગેરે કરે છે ત્યારે ગંગા અશુદ્ધ જળ આપે છે. મળ નિવારણ અર્થે નિર્મળ જલ આપે છે. પાપક્ષય કરવા અર્થે ગંગાજળ આપે છે. એ પ્રમાણે મારા સેવકો મારું ભજન કરતાં મારા જેવા થાય છે. પરન્તુ (તેવી સ્થિતિમાં પણ) સેવામાં પોતે દાસપણાએ જ રહેવું. જેમ ગંગામાં ભળેલું અપવિત્ર જળ કંઈક જુદું રહે છે ત્યારે તે ગંગાનું જળ હોતું નથી. તેમ જો કોઇ અન્ય દેવનો આશ્રય કરેલો હોય તે શુદ્ધ હોતો નથી. ષષ્ઠ સ્કન્ધમાં કહ્યું છે- **'જ્યાં સુધી અન્યાશ્રય હોય છે ત્યાં સુધી અનન્યજનવત્સલ એવા ભગવાન તે વ્યક્તિને કૃપાપૂર્વક જોતાં નથી.'** ગીતામાં પણ **'સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને'** (ગીતા ૧૮/૬૬) એમ કહ્યું છે. **શંકા** - સર્વ ધર્મોના ત્યાગની સાથે જ જે દોષો નિવૃત્ત કરવાના છે તેની નિવૃત્તિ આ પ્રકારે કેમ ? તો કહે છે -**'ततः'** વગેરેથી. ત્યાર પછી થી બ્રહ્મમાં જે રહેલા છે તેવાઓના-તેવા દોષોનું પણ ગંગા સમાનપણું છે એમ અર્થ છે. જેમ ગંગા સિવાયનું બીજું જે અપવિત્ર જળ છે તે ગંગાના પ્રવાહની અંદર સારી રીતે ભળી જતાં તેનું ગંગાપણું જ હોય છે. તે પછી તે સ્વતંત્ર હોતું નથી કે તેનો જુદો ભાવ હોતો નથી. ગંગાપણું સમ્પન્ન થતાં પૂર્વકાળમાં રહેલા ગુણ દોષો જેમ જળના નિરૂપણ કરાતાં નથી તેની જ માફક અહીં પણ ભગવત્ સંબન્ધ થતાં તે પાંચ પ્રકારના દોષો રહીને પણ તેનું અદોષપણું જ છે એમ અર્થ છે. **'एव'** શબ્દ અવધારણામાં કહ્યો છે. **'हि'** શબ્દ પણ જે કહેવાઈ ગયું છે તે યુક્ત જ છે તે અર્થમાં છે.

(૮)શ્રીપુરુષોત્તમજી - 'अत्राग्रे दार्ष्टान्तिकवाक्ये तद्वदिति पदात्पूर्वस्मिन् वाक्ये यद्वदिति यथेति वाध्याहारः। तथा च, गङ्गामिलितानां सर्वदोषाणां रथ्योदकादीनां यथा गङ्गात्वं, गङ्गाया

भूयस्त्वात्, यथा च गङ्गात्वे तदितरगुणदोषयोर्मृद्विशेषस्य च वर्णना न निरूप्या, सर्वेपि हि गङ्गाजलं पीतं, गङ्गायां स्नातं, तेन ममायं ज्वरादिर्निवृत्त इत्येव वदन्ति, ज्वराद्यभावं चानुभवन्ति, न तु रथ्योदकादिपानस्नानगुणदोषान् । ह्नि निश्चयेन । अत्रापि ब्रह्मसम्बन्धकरणेपि उक्तरीत्या भगवदीयत्वस्य, चकाराद्भगवदनुसन्धानादेश्च बाहुल्यात् तद्वदेव गङ्गासम्पृक्तसर्वदोषवदेव पूर्वोक्तपञ्चविधदोषवर्णना न निरूप्या स्यात् । तथा चैवं तेषां स्वरूपतो विद्यमानत्वे ज्ञायमानत्वे अज्ञायमानत्वे वा गङ्गायां तेषामिवैतेषामपि दोषाणां स्वरूपनाश एवेति जघन्याधिकारिभिरप्येवमवगत्य स्वात्मा संरक्षणीयः। श्रुतौ सूत्रेषु च तत्क्रतुन्यायस्य सिद्धत्वात् सर्वदा सर्वत्र भगवदीयत्वानुसन्धानेन भगवदीयत्वस्यैव सिद्धेरित्यर्थः। इदमत्र प्राचामनुसारेण व्याख्यातम् ।

मम त्वन्यदपि किञ्चिदत्र प्रतिभाति । यदि ह्येतावन्मात्रमेवात्राभिप्रेतं स्यात् तदा 'न मन्तव्याःकथञ्चने' त्येतदुक्त्वा 'गङ्गात्व' मित्यादि वदेयुः । तत्रानुक्त्वा 'सर्वेषां ब्रह्मता तत' इति फलकथनोत्तरं यदुक्तं तेन फलबोधकताप्यभिप्रेतेति । तथा चात्र पूर्वं ब्रह्मसम्बन्धेन दोषनिवृत्तिमुक्त्वा, अग्रे भाविदोषासंसर्गार्थं यत्समर्पणं भगवद्धर्मानुरोधिलौकिकव्यवहारानुरोधिभेदेन द्विविधमुक्तं, तत्राद्यकरणे ब्रह्मतारूपं फलं, द्वितीयकरणे तु गङ्गासम्पृक्त दोषाणामिवैतद्दोषाणां निवृत्तिमात्रम् । तेन मार्गान्तरे वा दोषनिवृत्तिः साधनान्तरमपेक्षते, सात्र सेवाधिकारसम्पादकसंस्कारस्यानुषङ्गिकं फलमित्यतोऽस्य सिद्धान्तरस्यत्वमिति च ।' **અર્થાત્** - અહીં આગળ દાર્ષ્ટાન્તિક વાક્યમાં **'तद्वत्'** એમ પદ છે તેથી તેના પૂર્વ વાક્યમાં **'यद्वत्'** અથવા **'यथा'** એટલું

અદ્યાહાર છે તેમ સમજવું. સડકો વગેરે માર્ગથી વહેતું દોષવાળું જળ ગંગામાં મળી જાય પછી તેનું પણ ગંગાપણું જ હોય છે, ગંગાની અધિકતા હોવાથી. જેમ દરેક પ્રકારનું જળ ગંગામાં મળી જતાં પછી ગંગાથી અલગ એના ગુણ દોષના કે પછી કઈ માટીના સંબન્ધવાળું જળ છે વગેરે કહેવાતું-વિચારાતું નથી. દરેક લોકો એમ જ બોલતા હોય છે કે ગંગાજળ પીધું, ગંગામાં સ્નાન કર્યું, એના થકી જ મારા જ્વર વગેરે રોગો નિવૃત્ત થયા અને તેઓ પોતે પણ રોગો ગયા વગેરેનો અનુભવ પણ કરે છે. ત્યારે ત્યાં કોઈ એમ બોલતું કે અનુભવતું નથી કે સડક પરથી વહેતું વગેરે પાણી પીધું -તેમાં સ્નાન કર્યું વગેરે દોષોને કહે છે કે અનુભવે છે. **‘हि’** આ વાત નિશ્ચયપૂર્વક કહી છે એ અર્થમાં છે. અહીં પણ બ્રહ્મસમ્બન્ધ કરીને પણ આ ગ્રન્થમાં કહેવાયેલ રીતિ મુજબ ભગવદીયપણાનું અને **‘च’** કારથી ભગવાનનું અનુસંધાન વગેરેનું બાહુલ્ય હોવાથી તેની માફક જ એટલે કે ગંગામાં સારી રીતે મળી ગયેલા દોષોની માફક જ પૂર્વમાં કહેવાઇ ગયેલ પાંચ પ્રકારના દોષોની ઉક્તિ કહી શકાય નહિ. આ પ્રમાણે જલના દોષ સ્વરૂપતઃ વિદ્યમાન રહેતાં યા જાણવામાં આવતાં કે નહિ જાણવામાં આવતાં હોય પરંતુ ગંગામાં તે ગંગારૂપ થઈ જાય છે તેમ આ (જીવ-દેહના) દોષોનો પણ સ્વરૂપ નાશ જ છે આમ જઘન્ય અધિકારવાળાઓ એ પણ સારી રીતે જાણીને પોતાની જાતનું યા અંતઃકરણનું સંરક્ષણ કરવું, શ્રુતિમાં અને બ્રહ્મસૂત્રમાં તત્ક્રતુન્યાય સિદ્ધ હોવાથી સર્વદા સર્વત્ર ભગવદીયપણાના જ અનુસંધાન વડે ભગવદીયપણાની જ સિદ્ધિ હોવાથી. અહીં આ મુજબનું વ્યાખ્યાન મેં પ્રાચીનોના અનુસાર કર્યું છે.

મને તો અહીં બીજું કંઈ પણ લાગે છે. જો અહીં આટલા પૂરતું જ કહેવાનો અભિપ્રાય હોતે તો **‘न मन्तव्याःकथञ्चन’** એ વાત કહીને પછી **‘गङ्गात्वम्’** વગેરે વાક્યો જ કહેતે. ત્યાં આ વાત નહિ

કહીને **‘તેથી સર્વની બ્રહ્મતા થાય છે.’** એમ ફલ કથન કર્યા પછીથી જે ગંગાની વાત કહેવાઈ છે તેથી કરીને ફલનો બોધ કરાવવાનો પણ અભિપ્રાય રહેલો છે. અહીં પૂર્વમાં બ્રહ્મસમ્બન્ધ વડે દોષનિવૃત્તિને કહીને, આગળ ભાવિ દોષોનો સંસર્ગ ન થાય તે અર્થે જે સમર્પણ ભગવદ્ધર્માનુરોધી અને લૌકિક વ્યવહારાનુરોધી એમ ભેદ વડે બે પ્રકારનું જણાવ્યું છે તેમાં ભગવદ્ધર્માનુરોધી સમર્પણ કરવાથી બ્રહ્મતારૂપ ફલ થાય છે અને લૌકિક વ્યવહારાનુરોધી સમર્પણ કરવાથી ગંગામાં સારી રીતે મળી ગયેલા દોષોની માફક આ (પંચવિધ) દોષોની નિવૃત્તિ માત્ર થાય છે. આ રીતે સેવાફલગ્રન્થમાં જણાવેલ મધ્યમ અને જઘન્ય ફલમાં ઉપયોગી સેવામાં ઉપકારકતા ક્રમથી સિદ્ધ થાય છે. આ પ્રમાણે બીજા માર્ગોમાંની દોષનિવૃત્તિ અહીં સેવાનો અધિકાર સમ્પાદન કરનાર જે સંસ્કાર છે તેનું આનુષંગિક ફલ છે તેથી આ ગ્રન્થનું નામ સિદ્ધાન્તરહસ્ય છે.

(૯) શ્રીગિરિધરજી - **‘यथा प्रणालादिकुत्सित-स्थानेभ्यो गङ्गायां समागतानां जलानां तद्गतदोषाणां च गङ्गात्वमेव सम्पद्यते, तदनन्तरं या तत्र गुणदोषादिवर्णना, कथनरूपा, सा संयोगानन्तरं तत्र गङ्गात्वे जाते निरूप्या कथनीया न स्यात्, अथवा, सा वर्णना यथा तदनन्तरं गङ्गात्वेनैव निरूप्या, कथनीया स्यात्, न कापि दोषत्वेन, तद्वदेवात्रापि भगवति सर्वस्वनिवेदनानन्तरं स्थितानामपि दोषाणां भगवदीयत्वमेवेति ज्ञात्वा तथैव कथनीयं करणीयं च, नान्यथा कथमपीति निगर्वः ।’** અર્થાત્ - જેમ નાળી વગેરે ગંદા સ્થળેથી ગંગામાં આવી મળેલું જલ તેમાં રહેલા દોષોનું પણ (ગંગામાં ભળ્યા પછી) ગંગાપણું જ સમ્પન્ન થાય છે, ત્યાર પછી જે પહેલા તે જળના ગુણ દોષ વગરે કહેવાતા હતા તે ગંગાના સંયોગ પછીથી તે કહી શકાતા નથી, અથવા તે ગુણદોષો જેમ ત્યાર પછી ગંગાપણાથી જ કહેવાય છે. પછી તે દોષપણાથી કહેવાતા નથી,

તેની માફક જ અહીં પણ ભગવાનમાં સર્વસ્વનું નિવેદન કર્યા પછી રહેલા દોષોનું પણ ભગવદીયપણું જ છે એમ જાણીને તે મુજબ જ કહેવું અને કરવું. બીજું કંઇ પણ તે બાબતમાં કહેવું-કરવું નહિ એમ અર્થ છે.

(૧૦) શ્રી લાલુભટ્ટજી **'सर्वदोषा येषु तानि सर्वदोषाणि रथ्यादिजलानि । तेषां गङ्गाप्रवाहप्रवेशे यथा गङ्गात्वं तथा निवेदनेन ब्रह्मत्वं भवतीत्यर्थः । गङ्गाप्रवेशे रथ्यादिसलिलानां सर्वे दोषा निवर्तन्ते, ततो निर्दुष्टवारीणां गङ्गात्वं, न तु दोषाणां गङ्गात्वं तेषां गङ्गासम्बन्धनाश्यत्वात् । अतो 'गङ्गात्वं सर्वदोषाणा' मित्यत्र सर्वदोषपदे बहुव्रीहिर्ज्ञेयः । तथा च सर्वदोषाणां दोषयुक्तानां जलानां दोषनिवृत्त्या गङ्गात्वमित्यर्थो भवति । एवमिहापि निवेदनेन गतदोषाणां ब्रह्मत्वमाकलनीयम् । गुणदोषादिवर्णना गङ्गात्वे न निरूप्या स्यादिति । गङ्गात्वे इति सप्तमी । गङ्गात्वे सति निर्दोषादिवर्णना न निरूप्या स्यात् । अस्मिन् प्रवाहे ब्राह्मणजलं पतितं, तच्छुद्धमस्ति, रथ्याजलं निषिद्धमस्तीत्यादिरूपा गुणदोषवर्णना गुणदोषकथा न निरूप्या, किन्तु सर्वमेव जलं गङ्गामिलितं गङ्गैवेति निर्धारः । तद्वदत्रापीति । अत्रापि निवेदनेपीत्यर्थः । निवेदने हि सर्वस्य ब्रह्मत्वं तुल्यं, न वर्णाश्रमादिगुणदोषविचारः । अपि तु सर्वस्य भगवदङ्गीकृतत्वमिति भावः'** **અર્થાત્** - સર્વ દોષો જેમાં છે તે સર્વ દોષો એટલે કે સડક પરથી વહેતું વગેરે જળ તેનો ગંગામાં પ્રવેશ થયા પછી તેનું ગંગાપણુ જ હોય છે તેમ નિવેદન વડે બ્રહ્મપણું થાય છે એમ અર્થ છે. ગંગામાં પ્રવેશ થતાં સડક પરથી વહેતાં વગેરે પ્રકારના જળ સંબન્ધે રહેલા સર્વ દોષો નિવૃત્ત થાય છે તેથી કરીને દોષ વિનાના જળનું ગંગાપણું હોય છે. નહિ કે દોષોનું ગંગાપણું હોય છે. કારણ કે તે દોષો ગંગાના સંબન્ધથી નાશ થવા યોગ્ય હોય છે. અતઃ **'गङ्गात्वं सर्वदोषाणाम्'**

અહીં સર્વદોષપદમાં બહુવ્રીહિ સમાસ છે તેમ જાણવું. આ રીતે સર્વ દોષોની એટલે કે દોષયુક્ત જળની દોષનિવૃત્તિ વડે ગંગાપણું છે એમ અર્થ થાય છે. એ મુજબ અહીં પણ નિવેદન વડે જેમાંથી દોષ ચાલ્યા ગયા છે તેવા (જીવ-દેહાદિ)ઓનું બ્રહ્મપણું જાણવું **'गुणदोषादि वर्णना गङ्गात्वे न निरूप्या स्यात्'** તે-તે જળની ગુણદોષરૂપ ઉક્તિ ગંગાપણું થતાંપછી કહેવાતી નથી. અહીં **'गङ्गात्वे'** એમાં સપ્તમી છે. અતઃગંગાપણું થતાં આ જળ નિર્દોષ છે કે દોષવાળું છે એમ કહેવાતું નથી. આ પ્રવાહમાં બ્રાહ્મણજળ પડયું છે તે શુદ્ધ છે, સડક પર વહેતું જળ પડયું છે તે નિષિદ્ધ છે વગેરે પ્રકારે ગુણદોષની ઉક્તિ-ગુણદોષની કથા કહેવાતી નથી, કિન્તુ ગંગામાં મળેલું સર્વજળ ગંગા જ છે એમ નિર્ધાર છે. **'तद्वदत्रापि' 'તેની માફક અહીં પણ'** એમાં અહીં પણ એટલે નિવેદનમાં પણ એમ અર્થ છે. નિશ્ચયે નિવેદનમાં સર્વનું બ્રહ્મપણું સમાન જ છે. તેમાં વર્ણ-આશ્રમ વગેરે સંબન્ધી ગુણદોષનો વિચાર હોતો નથી. પણ સર્વનું ભગવદંગીકૃતપણું જ છે એમ ભાવ છે.

(૧૧) શ્રીશાચાર્યમતાનુવર્તી-'सर्वेषां दोषवतां जलानामिव गङ्गासम्बन्धे गङ्गात्वम्, गुणदोषादिवर्णना, जलानां गङ्गात्वेन यथा निरूप्या, तद्वदेवात्रापि निश्चयम्' **અર્થાત્** - દોષવાળા સર્વ પ્રકારના જળનો ગંગા સંબન્ધ થતાં ગંગાપણું છે, તે જળની ગુણદોષરૂપ ઉક્તિ પછીથી ગંગાપણાથી જકહેવાય છે, તેની માફક જ અહીં પણ નિશ્ચય કરીને છે.

આ શ્લોકના વ્યાખ્યાનમાં ભક્તિમાર્ગીય આચાર્ય દ્વારા શ્રીપ્રભુને નિવેદન કર્યા પછીથી - તે સમયથી જીવ-દેહગત દોષો જે ભજનમાં બાધક કહેવાયા છે એટલે કે પુષ્ટિમાર્ગથી ઈતરના જ્ઞાન-કર્મ-વિહિતાભક્તિ-ઉપાસના વગેરે માર્ગોમાં તે-તે માર્ગોના સાધનરૂપ ભજનમાં જે દોષો બાધકપણાથી કહેવાયા છે તે દોષો અહીં

પુષ્ટિમાર્ગીય ભગવદ્ ભજનમાં બાધક બની શકતા નથી. કારણ કે **‘यमेवैष वृणुते तेन लभ्यः’** (કઠોપનિષદ્ ૧ /૧/૨૩) એ શ્રુતિવાક્ય પ્રમાણે પુષ્ટિમાર્ગમાં ભગવદનુગ્રહવિશિષ્ટ વૃતત્વ અધિકારનિશ્ચયનું મુખ્ય લક્ષણ છે. મર્યાદા વગેરેનું મિશ્રણ એ ઉપલક્ષણ છે. તેથી પુષ્ટિમાર્ગીય દરેક જીવો મુખ્યલક્ષણથી તો યુક્ત હોય જ છે. તેમાં કેટલાક માત્ર મુખ્ય લક્ષણવાળા જ હોઈને તેઓ ઉપલક્ષણથી યુક્ત થતા નથી તેથી તેઓ શુદ્ધ સંજ્ઞાવાળા હોયછે અને બાકીના બીજાઓ મુખ્ય લક્ષણ ઉપરાંત ઉપલક્ષણથી પણ જોડાય છે ત્યારે તેમને મિશ્ર સંજ્ઞા પ્રાપ્ત થાય છે. આનો ખુલાસો શ્રીપ્રભુચરણે ભક્તિહંસ ગ્રન્થમાં **‘वरणे चास्ति प्रकारद्वयम्’**વગેરે વાક્યોથી આપ્યો છે. શુદ્ધ જીવોમાં પ્રેમોત્પત્તિમાં સાધનનિરપેક્ષતા છે અને મિશ્રજીવોમાં પ્રેમોત્પત્તિ સાધનસાપેક્ષ છે. મિશ્ર જીવો માટેના જે સાધનો સાધનભક્તિના રૂપમાં ગીતા-ભાગવત વગેરેમાં તેમજ શ્રી આચાર્યચરણ દ્વારા **‘તનુવિત્તજા સેવા’** વગેરે કહેવાયા છે તે સાધનો પણ સ્વતઃ બલવાળા નથી પણ તે સાધનોમાં ભગવદનુગ્રહરૂપ બલનો પ્રવેશ થવાથી જ તે પ્રેમોત્પત્તિ સાધવામાં સક્ષમ બને છે. અન્યથા જો મુખ્ય લક્ષણ વિનાના બીજા જે દૈવી જીવો છે તેમના દ્વારા કદાચિત્ પુષ્ટિમાર્ગીય સાધનોનું આવર્તન કરવામાં આવે તો પણ અનુગ્રહબલ વિના તે સાધનોની બલહીનતા હોવાથી તે સાધનો પુરુષોત્તમ પ્રાપ્તિમાં સફળ સાધનરૂપ બની શકતા નથી. અતઃ આ માર્ગમાં અનુગ્રહવિરહિતપણાથી જ એ જીવોને **‘અનધિકારી’** સંજ્ઞા પ્રાપ્ત થાય છે. આવા જીવોને માટે જ નિબંધમાં શ્રી આચાર્યચરણ જણાવે છે કે **‘तस्य सर्वमशक्यं स्यान्मार्गेऽस्मिन् सुतरामपि’** સુતરામ્ એટલે પ્રવાહી જીવો કરતાં ઉત્તમ એવા દૈવીજીવો કે જે દૈવીજીવ હોઈને પણ વૃત નથી. **શંકા**-ભલે આ જીવો ભક્તિમાં નહિ સહી પણ મોક્ષ પ્રાપ્તિના તો અધિકારી છે જ તેથી આ જીવો મોક્ષને પ્રાપ્ત કરનારા થાઓ તેવી ભગવદિચ્છા હોવાથી ઈચ્છામાં આ પ્રકારનો તો અનુગ્રહ

છે જ તો પછી શા માટે તેમને વૃત માનતા નથી અથવા તો એમનો પુષ્ટિમાર્ગ-અનુગ્રહમાર્ગમાં અધિકાર માનતા નથી? એમ શંકા થાય તો, **ઉત્તર** - એના સમાધાનમાં -ષષ્ઠ સ્કન્ધ નિબન્ધના આરંભે શ્રી આચાર્યચરણ આવા માત્ર મોક્ષપ્રાપ્તિના અધિકારી જીવોને **‘અવમ પુષ્ટિવાળા’** જણાવે છે અને જે વૃત જીવો છે તેમને **‘અનવમ પુષ્ટિવાળા’** જણાવે છે. અવમ-અનવમ આ બે પદો અનુગ્રહના ઉચ્ચ-નીચ સ્વરૂપને અથવા તો સાધરણ-અસાધારણ સ્વરૂપને દ્યોતે છે. અનુગ્રહના સ્વરૂપના અનુરૂપ જ તેનું ફલ પણ અવમ-અનવમ સ્વરૂપનું થાય છે જેને ત્યાં જ નિબન્ધમાં **સ્વાર્થ** અને **પરાર્થ** નામે જણાવ્યા છે.યદ્યપિ આ સમગ્ર ચરાચર વિશ્વમાં એક માત્ર ફલરૂપ ભગવાન જ છે. કારણ કે ફલ એ અન્તિમ પરિણતિ છે અને ગીતામાં **‘मत्तः परतरं नान्यत् किञ्चिदस्ति धनञ्जय’**(ગીતા. ૭/૭) જ્યાં ભગવાનથી પરતર કંઈ પણ નથી ત્યાં પરતમની તો વાત જ ક્યાં રહે છે. તેમજ ભગવત્સમ્બન્ધી ભગવદ્રૂપ કોઈ પણ વસ્તુને અવમ કહેવું યા માનવું તે પણ શુદ્ધ વિચાર નથી. અતઃ જે અવમ છે તે ફલરૂપ હોઈ શકતું નથી અને જે ફલરૂપ છે તેને અવમ કહી શકાય તેમ નથી. આવી સ્થિતિમાં અવમ-અનવમ અથવા ઉચ્ચ-નીચ વગેરે શબ્દો સૃષ્ટિ સ્થિતિમાં જ પ્રાપ્ત થાય છે, તે વિનાની સ્થિતિમાં નહિ. ત્યારે રમણ કરવાની ઇચ્છાવાળા ભગવાને રમણાર્થે બીજાની ઇચ્છા કરી અને બીજો કોઇ નહિ હોઇ ભગવાન પોતે જ સ્વયમ જ ઉચ્ચ-નીચ ભાવે પરિણમ્યા તેમાં આનન્દના સંકોચે જે ભગવદ્રૂપ સિદ્ધ થયું તે વેદોમાં અક્ષર નામે પ્રસિદ્ધ થયું જે ભગવલ્લીલામાં પરમાનન્દના આધારરૂપે રહ્યું અને અસીમિત આનન્દ-પરમાનન્દરૂપ એ આધારરૂપમાં આધેયરૂપે બિરાજ્યું. અતઃ જે પરમાનન્દરૂપ છે એ ભગવાનનું મૂલરૂપ અને સૃષ્ટિલીલાને અર્થે ભગવાનનું જે રૂપ છે તે દ્વિતીય અક્ષરરૂપ છે-આધારરૂપ છે. તેમજ કૃતસાધનજીવને અર્થે જ ફલ પદ પ્રયોગ થાય છે. અતઃ જીવરૂપતા,

તે જીવના કલ્યાણ માટેના સાધનો અને સાધનોના અન્તે જીવને થનારું ફલ એ બધું જ શ્રીપ્રભુની સૃષ્ટિલીલાના અન્તર્ગત જ હોવાથી અવમ ફલ કે અનવમ ફલ એ જીવને લઈને જ કહેવાય છે તેથી કરીને ભગવાનમાં અવમત્વ કે અનવમત્વ પ્રાપ્ત થતું નથી. તેથી કરીને જીવને અવમ ફલની પ્રાપ્તિનો અર્થ થાય છે કે ભગવાન આનન્દ છે અને આનન્દની પ્રાપ્તિ જ ફલ છે તેથી અવમ ફલ પ્રાપ્ત કરનારો પણ આનન્દને તો પામે જ છે પણ તે ભગવાનનું જે આધારરૂપ-અક્ષરરૂપ છે કે જે ગણિતાનન્દ છે તે ગણિતાનન્દ-અપૂર્ણાનન્દને પામે છે. જ્યારે અનવમ ફલની પ્રાપ્તિ કરનારાઓને આનન્દની જ પ્રાપ્તિ થાય છે પણ તે પૂર્ણ આનન્દની અગણિત આનન્દની પ્રાપ્તિ થાય છે. આ અધિકારનિશ્ચય જે પૂર્ણાનન્દ-સર્વનિયન્તા હોય તે જ કરી શકે, જે અપૂર્ણ યા ગણિત આનન્દ છે તે પૂર્ણાનન્દનો અધિકાર નિશ્ચય કરી શકે નહિ. જેમ પ્રધાનમંત્રીના અધિકારનો વિષય હોય તેવી બાબતમાં અન્ય મંત્રીઓ ઓર્ડર આપવો કે રદ કરવો કરી શકે નહિ, તેમજ કદાચિત્ પ્રધાનમંત્રી જ તે મંત્રાલયને સંભાળતા હોય ત્યારે તે મંત્રાલયમાં રહી-તે મંત્રીકાર્યના કર્તાના રૂપમાં તે સમયે તે મંત્રાલયના લેટરહેડ પર અને તે મંત્રાલયના સિક્કા ઉપર સહી કરી પ્રધાનમંત્રીના અધિકારના કાર્યમાં હસ્તક્ષેપ કરી શકે નહિ, એને માટે પ્રધાનમંત્રીએ પણ પ્રધાનમંત્રીના મંત્રાલયમાં બેસી તે મંત્રાલયના લેટરહેડ પર તે મંત્રાલયના સિક્કા ઉપર સહી કરી તે કાર્ય કરી શકે. તેવી જ રીતે પૂર્ણાનન્દ સંબન્ધી અધિકારનો પણ નિશ્ચય યદ્યપિ અક્ષર પણ ભગવાનનું જ રૂપ હોવા છતાં પણ તે રૂપમાં ભગવાન અધિકાર નિશ્ચય કરતા નથી પણ તે અધિકારનું નિશ્ચાયકત્વ મૂલરૂપ-આનન્દમયરૂપ-પૂર્ણાનન્દરૂપમાં જ છે. લીલાકર્તા પૂર્ણાનન્દ ભગવાન છે અને લીલાર્થ અક્ષરરૂપનો વિસ્તાર છે તેમજ અધિકાર નિશ્ચય લીલાર્થ લીલામાં જ હોવાથી અક્ષર પ્રાપ્તિનો પણ અધિકારનિશ્ચય તો સર્વનિયન્તા પૂર્ણાનન્દ જ કરે છે; ગણિતાનન્દ- અક્ષર વડે થતો

નથી. અતઃ ષષ્ઠસ્કન્ધમાં જે અવમ-અનવમ એ બે પદો અનુગ્રહને લઈને કહેવાયા છે તે અનુગ્રહના સાધારણ-અસાધારણ એમ પ્રકારોને લઈને કહેવાયા છે અને આનન્દની ઉણપથી અક્ષરપ્રાપ્તિ કરનારાઓ પ્રતિ સાધારણ અનુગ્રહ અને પૂર્ણાનન્દ પ્રાપ્તિ કરનારાઓ પ્રતિ અસાધરણ અનુગ્રહ છે એમાં આનન્દની ઉણપ અને અસીમિતતા જ સાધારણ-અસાધારણ પદપ્રયોજક છે. સાધારણતા-અસાધારણતાને જ ત્યાં અવમ-અનવમ પદથી જણાવ્યા છે તેથી પૂર્ણાનન્દે પોતાની સેવા અર્થે જે જીવોનું વરણ કર્યું છે તે વૃત છે; બીજાઓ માટે આ પ્રયોગ નથી. શ્રુતિમાં પણ **'नायमात्मा प्रवचनेन लभ्यो'** (કઠોપનિષદ્ ૧/૧/૨૩) વગેરે વાક્યોથી જે ભગવત્સ્વરૂપની શ્રુત્યુક્ત સાધનો વડે અલભ્યતા કહેવાઈ છે તે ભગવત્સ્વરૂપ-આત્મા પૂર્ણાનન્દ મૂલરૂપને માટે જ કહેવાઈ છે. પ્રવચન-મેધા-બહુશ્રુતત્વ એટલે કે બહુસાધનત્વ વગેરેથી તો દૈવીજીવ અક્ષરને પામી જ શકે છે. ગીતાંમાં પણ **'प्रयाणकाले मनसाचलेन भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्' 'ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन्'** (ગીતા ૮/૧૦) વગેરે સાધનોથી જે પ્રાપ્તિ કહેવાઇ છે તે જ ગીતામાં **'नाहं वेदैर्न तपसा'** (ગીતા ૧૧/૫૩) વગેરે સાધનોથી પોતાની અલભ્યતા કહી છે અને ત્યાં જ આગળ **'भक्त्या त्वनन्यया शक्यः'** (ગીતા ૧૧/૫૪) વગેરેથી ભક્તિ વડે પોતાની સુલભતા પણ જણાવી છે. અતઃ ગીતોક્ત જે સાધનલભ્ય બ્રહ્મરૂપ છે તે અક્ષર છે અને શ્રુત્યુક્ત તથા ગીતા - એકાદશાદ્યોયોક્ત ભક્તિસુલભ બ્રહ્મરૂપ છે તે પરમાનન્દ છે. અતઃ શ્રુતિમાં **'આ આત્મા'** એમ જે નિર્દેશ છે તે પરબ્રહ્મ-પૂર્ણાનન્દને માટેનો છે અને જીવનું વરણ કરનાર એજ પૂર્ણાનન્દ-આત્મા છે અતઃ સર્વ સાધન અલભ્ય આત્મા વડે વરણ થતાં જે આત્માનો લાભ થાય છે તે સાધન પ્રાપ્ય બ્રહ્મનો નહિ પણ સર્વ સાધન અપ્રાપ્ય બ્રહ્મ કે જે પૂર્ણ છે એનો લાભ થાય છે. અતઃ એનો

લાભ થવો એ જ અહીં ફલ છે તેથી જેનું વરણ થયું છે એ વૃત જીવનું ફલ પરમાનન્દ પૂર્ણવિગ્રહ આનન્દમયની પ્રાપ્તિ છે. તેથી સાધારણ અનુગ્રહ પ્રાપ્ત જીવનો વૃતમાં સમાવેશ થઈ શકતો નથી. અતઃ દોષોની બાધકતા અને ગુણોની સાધકતા એ પરમાનન્દ બ્રહ્મમાં કહી શકાય તેમ નથી. અહીં તો માત્ર વરણ જ એક માત્ર ભગવત્-પ્રાપ્તિમાં હેતુ છે.

અતઃ ભગવત્ પ્રાપ્તિમાં મુખ્ય હેતુ ભગવાન વડે વરણ છે તેથી વ્યુચ્ચરણ વખતે-ભગવદ્વિયુક્તિ કાલમાં જે વૃત છે તે જીવનું પદાર્થત્વેન જીવત્વ કે દેહવૈશિષ્ટ્ય ભગવદ્ ભજનમાં દોષરૂપ બાધક નથી કારણ કે જીવ પદાર્થત્વેન ભગવદંશ છે અને દેહ પાંચભૌતિકાદિ હોવાથી પદાર્થત્વેન તે પણ ભગવદ્રૂપ જ છે. તેથી જ આ ગ્રન્થના આરંભે ભગવદ્ ભજનાર્થ જીવત્વ કે દેહત્વની નિવૃત્તિ નથી જણાવી પણ તદ્ગત દોષોની જ નિવૃત્તિ કહી છે. તે દોષો નિવૃત્ત થતાં જીવ-દેહ બન્ને ભગવદ્ ભજન માટે ઉપયુક્ત થાય છે. તેવી જ રીતે વૃત જીવોમાં વિયુકિત પણ દોષરૂપ નથી કારણ કે તે પણ ભગવદ્ ભજનાર્થ છે. તે જીવોની વિયુકિત ભગવદ્ ભજનાર્થ છે માટે જ તો વિયુક્તિકાળમાં તે જીવોનું ભગવાન વડે વરણ છે. તેથી વૃતજીવો માટેની પુષ્ટિને શ્રીઆચાર્યચરણ ષષ્ઠસ્કન્ધ નિબન્ધમાં **‘परार्था’** થી જણાવે છે. અતઃ ગદ્યમાં આરંભે વિયુક્તિના અનન્તર વર્તમાનમાં જીવ વડે ભગવદ્ ભજનમાં રહેલા બે અવરોધોને જણાવ્યા છે કે તાપક્લેશ અને આનન્દ એના તિરોભાવ સ્વરૂપનું જીવત્વ (૧-વિયુક્તિએ જીવમાં તાપકલેશ ન હોવો અને ૨- આનન્દાંશ થી અલગ પડવું) તેમજ ગદ્યના અન્તમાં દેહવિશિષ્ટ દશામાં **‘दारा’** પદથી આરંભી **‘आत्मा’** પદ પર્યન્તથી કહેવાયેલા સર્વમાં ભગવત્સમ્બન્ધથી ભિન્નતાએ તેમાં પોતાનું અહં-મમપણું હોવું. યદ્યપિ જીવ-દેહ કે તેના સમ્બન્ધી જે કંઈ પણ છે તે બધું જ ભગવદીય છે - ભગવલ્લીલાસમ્પત્તિ છે. તેમ છતાં પણ ભગવદ્ધર્મો (ઐશ્વર્ય-

વીર્ય-યશ-શ્રી-જ્ઞાન-વૈરાગ્ય) ના તિરોધાનથી જ સંસારાસક્તિ રૂપ બન્ધ અને અન્યથા જ્ઞાન (પંચપર્વા અવિદ્યાત્મક - પોતાનામાં દીનપણું હોવું, પોતાને પરાધીન માનવું, પોતાને ઘણા દુઃખી માનવું, પોતાને હીન માનવું, પોતાને જન્મ-મરણરૂપ આપત્તિવાળા માનવું, તેમજ પોતાને ભગવદંશ નહિ જાણી પોતાને દેહ-પ્રાણ વગેરે સમજવું અને વિષયો પ્રતિ આસક્ત થવું) આને વશ થઇ ભગવદીય-ભગવલ્લીલાસમ્પત્તિ પદાર્થોમાં ભગવાનથી ભિન્નતાએ પોતાના થકી અહં-મમ બુદ્ધિવાળો થાય છે. બુદ્ધિમાં આ અવિદ્યાની વ્યાપ્તિથી સંસારાસક્તિપૂર્વકનો અહં-મમ ભાવ જ દેહદશામાં સેવાપ્રતિબન્ધક દોષ છે (દેહદશા એટલે સૂક્ષ્મદેહમાં સ્થિતિવાળી દશા).

પુષ્ટિમાર્ગીય ભજનમાં નિવેદિત પદાર્થોનો ભગવાન વડે સાક્ષાત્ અંગીકાર થવો જરૂરી છે અને પુષ્ટિપુરુષોત્તમ પ્રભુ પોતાનાથી ઈતરનું અન્યનું અથવા અંશમાત્ર પણ અન્ય સમ્બન્ધવાળું સ્વીકારતા નથી. તેમજ અહં-મમ ભાવ પૂર્વક જ્યારે કંઈ પણ શ્રીપ્રભુને નિવેદન કરવામાં આવે છે ત્યારે તેવા નિવેદનમાં અન્યપણાનો ભાવ રહેલો જ હોય છે તેથી તેવા પદાર્થોને પુષ્ટિપુરુષોત્તમ સ્વીકારતા નથી. હવે જો આ અહં-મમ ભાવને યોગ-સાંખ્ય વગેરે માર્ગોમાં કહેવાયેલ સાધનો વડે તેની નિવૃત્તિ કરવામાં આવે તો તે પુષ્ટિ ભક્તિમાર્ગને અસહ્ય છે. જેમ એકાદશ સ્કન્ધમાં યોગ વિષયમાં ભગવાન જણાવે છે કે યદિ યોગસાધના કરી રહેલા યોગી વડે કદાચિત્ કોઈ વિગર્હિત કર્મ થઈ પણ જાય તો પણ તેની શુદ્ધિ યોગથી અતિરિક્તિ સાધનો વડે ન કરવી પણ **‘योगेनैव दहेदंहः’** (ભાગ ૧૧ /૨૦/૨૫) એમ ત્યાં યોગ સિવાયના બીજા સાધનોનો નિષેધ કરાયો છે. તેવી જ રીતે પુષ્ટિભક્તિમાર્ગમાં પણ પુષ્ટિભક્તિમાર્ગીય સાધનોથી અતિરિક્ત અન્યમાર્ગીય સાધનોની ભેળસેળ એ પુષ્ટિભક્તિના સ્વરૂપનો જ નાશ કરનાર હોય છે અતઃ તે બધા આ માર્ગમાં નિષિદ્ધ છે. પુષ્ટિભક્તિ એટલે પુરુષોત્તમના

વિશેષ અનુગ્રહે પ્રાપ્ત થનારી ભક્તિ તેમજ જેને પુરુષોત્તમ જ આપી શકે તેવી ભક્તિ. તેથી આવી જે ભક્તિ હોય તેના સાધનો પણ ભગવાનના અનુગ્રહે પ્રાપ્ત થનારા સાધનો જ હોઈ શકે છે. જે સાધનોમાં ભગવદનુગ્રહબળ ન હોય તેવા સાધનો આ ભક્તિ માટે અનુપયુક્ત હોય છે. અતઃ દોષરૂપ-પ્રતિબન્ધક અહં-મમભાવની નિવૃત્તિ પણ ભગવદનુગ્રહબળ વિના સ્વતંત્ર રીતે કરવાનો પ્રયાસ કરવામાં આવે ત્યારે તે નિવૃત્ત તો થઈ શકે છે પરન્તુ સેવામાં આવશ્યક જે અહં-મમ પણું છે તે પણ નહિ રહેવાથી સેવા જ સંભવ નથી રહેતી. અતઃ પુષ્ટિ ભક્તિમાં કોઈક એવું સાધન અપેક્ષિત છે કે જેમાં દોષરૂપ અહં-મમ નિવૃત્ત થઈને પણ ઉપયોગી અપેક્ષિત અહં-મમ કાયમ રહે **‘दासोहम्’** માં રહેલું અપેક્ષિત **‘अहम्’** અને ભગવાનમાં અપેક્ષિત **‘ममत्व’** (આ શ્રી પ્રભુ મારા છે) આ નહિ હોય ત્યારે તો પછી પુષ્ટિભક્તિમાં પ્રવૃત્તિ થવી જ શક્ય નથી. ત્યારે આ પ્રકારની અહં-મમ નિવૃત્તિ સાધન દશામાં હોવી શક્ય નથી અને તેના વિના સાક્ષાત્ અંગીકાર શકય નથી. આવી સ્થિતિમાં સાધન દશામાં અને તેમાં પણ પ્રારંભિક દશામાં અહં-મમની પૂર્ણ વ્યાપ્તિ અને પ્રેમનો અનુદય હોય છે તેવી સ્થિતિમાં જીવની પુષ્ટિભક્તિમાં પ્રવૃત્તિ કેવી રીતે ? ત્યારે આ (નિજ) જીવો મારા પોતાના છે અને તેમનો ઉદ્ધાર મારે જ કરવો જોઈએ તેવો અતિશય પોતિકો ભાવ પોતાનામાં ધારણ કરી ગોવર્ધનલીલાના પ્રસંગમાં **‘तस्मान्मच्छरणं गोष्ठम्’** (ભાગ. ૧૦/૨૫/૨૮) વગેરે વાક્યોથી જણાવેલા એ નિજજીવો કે જેમને માટે ચાર પદથી પ્રયોગ કરેલા છે **‘मच्छरणम्’** હું જ એક માત્ર જેમનું શરણ છું તેવા, **‘मन्नाथम्’** હું જ એકમાત્ર જેમનો નાથ છું તેવા, **‘मत्परिग्रहम्’** જેમનું સર્વતઃ મારા વડે ગ્રહણ કરાયું છે તેવા અને **‘गोष्ठम्’** ગોકુળના સમ્બન્ધવાળા-ગોકુળ એટલે **‘ता वां वास्तुन्युश्मसि गमध्यै’** એ ઋગ્વેદના મંત્રના વ્યાખ્યાનમાં જણાવ્યા મુજબ પૂર્વમાં ગોલોકમાં રહેલા અને અપરાધ થવાના કારણે યા ભગવદિચ્છાના કારણે આ ભૂતલને પ્રાપ્ત થયેલા એવા નિજજીવોના સર્વતઃ ઉદ્ધારનું વ્રત ધારણ કરેલા એવા શ્રીપ્રભુએ અતિશય પોતિકાભાવ-આકારના અનુગ્રહવશ શ્રી આચાર્યચરણ સમક્ષ સ્વયં પોતે જ સ્વેચ્છાથી પ્રકટ થઈ ગોલોકસ્થ સર્વ ભકતોની ભક્તિમાં સ્થાયીરૂપે વ્યાપ્ત ભગવત્સ્વરૂપાત્મક ભાવ **‘હું કૃષ્ણનો છું’** ને જ પોતાની વાણી દ્વારા મન્ત્રરૂપે પ્રકટ કરી દૈવી-નિજજીવોના ઉદ્ધારાર્થે તે સવિવરણ ભાવાત્મક મન્ત્રનું દાન કર્યું જેથી જે જીવને શ્રીમહાપ્રભુ દ્વારા આ ભાવરૂપ મન્ત્રનું દાન થઈ તેમનામાં તે ભાવનો સંસ્કાર થઈ તે જીવો ભગવત્સેવામાં પ્રવૃત્ત થાય ત્યારે તાપકલેશ-આનન્દનો તિરોભાવ હોઈને પણ અને તેમનામાં અહં-મમ ભાવની સ્થિતિ રહીને પણ માત્ર તેમનામાં રહેલા સંસ્કારરૂપ ભાવને પુરસ્કૃત કરીને તેમના વડે કરાયેલી સેવાનો શ્રી પ્રભુ વડે અંગીકાર થાય છે અને તે રીતે ગ્રન્થોક્ત ભગવત્ સમ્બન્ધવડે ઉપર્યુક્ત તેમના સર્વ દોષો નિવૃત્ત થઈ તેઓ પૂર્વવત્ (ગોલોક સ્થિતિની માફક) ભાવવાળા થઈ તેમની સેવા-ભક્તિ પુષ્ટિફલાભિમુખ બને છે. અતઃ **‘બ્રહ્મસમ્બન્ધ કરવાથી’** એટલે **‘બ્રહ્મ’** એટલે ગોલોકસ્થ સર્વભકતોમાં જે ભાવરૂપે વ્યાપી રહેલા ભગવાન તે બ્રહ્મ, અને **‘સમ્બન્ધ’** એટલે તિરોભૂતતાપકલેશાનન્દ એવા જીવમાં તેની સંસ્કારરૂપ સ્થિતિ, **‘કરવાથી’** એટલે અતિશય અનુગ્રહ પૂર્વક શ્રીપ્રભુએ જેમને નિજજીવોના ઉદ્ધાર અર્થે દાન કર્યું છે તેવા શ્રીઆચાર્યચરણ દ્વારા તેના ઉચ્ચારણપૂર્વક વાણી દ્વારા સંસ્કારરૂપે સ્વીય સર્વસ્વનું શ્રીપ્રભુને નિવેદન કરવું. એમ કરવાથી પૂર્વોક્ત દોષોનું જે સેવામાં પ્રતિબન્ધ કરનારું સામર્થ્ય છે તે સામર્થ્યનો નાશ થાય છે અને જીવ નિર્વિઘ્નતયા ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ શકે છે. જેમ રામાવતારમાં શબરીના પ્રસંગમાં યદ્યપિ શબરીનો ભીલ્લજાતિનો દેહ અને તેના વડે નિવેદિત પદાર્થનું ઉચ્છિષ્ટપણું એમ સર્વ કંઈ દોષરૂપતાથી ભક્તિપ્રતિબન્ધક હતું છતાં

પણ ભગવાન વડે તેના અંગીકારથી જ તેની પ્રતિબન્ધકતાની નિવૃત્તિ છે તેવી જ રીતે અહીં પણ દોષનું પ્રતિબન્ધ કરવાનું અસામર્થ્ય એ સાક્ષાત્ ભગવાન વડે અંગીકારથી જ છે. જેમ શબરીના પ્રસંગમાં શબરી વડે ગુરુ સેવાથી પ્રસન્ન થયેલા ઋષિ દ્વારા શ્રીરામની કૃપા શબરી પર જોઈ શબરી પર શ્રી રામની કૃપાલીલાનું દર્શન કરનારા ઋષિએ '**રામ આવશે**' મન્ત્ર વડે શબરીમાં ભાવનો સંસ્કાર કર્યો તે ભાવના દીર્ઘકાલ સેવનથી તે ભાવની શબરીના અન્તઃકરણમાં પૂર્ણ વ્યાપ્તિ થતાં શ્રીરામ વડે દોષોની અવગણના કરીને શબરી વડે નિવેદિત પદાર્થનો સાક્ષાત્ અંગીકાર થયો છે. તેવી જ રીતે અહીં પણ ગુરુવર્ય શ્રી આચાર્યચરણ દ્વારા ભૂતલ પર પ્રવાહમાં વહી રહેલા નિજજીવો પર શ્રી પ્રભુની કૃપાલીલાનો પ્રત્યક્ષ અનુભવ કરીને તે જીવોમાં ભગવદુક્ત મન્ત્ર વડે ભાવનો સંસ્કાર થઈને તે જીવો જ્યારે પુષ્ટિપ્રભુની સેવામાં પ્રવૃત્ત થાય છે ત્યારે તાપક્લેશાનન્દ તિરોભાવ- અહં મમની વ્યાપ્તિ વગેરે એ દોષો કે જે ભક્તિમાં પ્રતિબન્ધ કરનારા છે તે દોષોની પણ મહાપુષ્ટિ વડે અવગણના કરી ભગવાન તે જીવ દ્વારા નિવેદન કરાયેલ સર્વનો ભોગ-શ્રૃંગારાદિ પદાર્થોનો યથાસ્થાન સાક્ષાત્ અંગીકાર કરે છે, ત્યાં પછી સહજાદિ પંચ દોષોની તો પ્રતિબન્ધકતાની વિસાત જ ક્યાં રહે છે ! કારણ કે સહજ વગેરે પાંચ દોષોનું પ્રતિબન્ધક સામર્થ્ય માત્ર મર્યાદામાર્ગમાં જ છે, પરન્તુ પોતાને અત્યન્ત અભીષ્ટ અને જ્ઞાન-કર્મ-ભક્તિ-ત્રણથી જુદો અને વિલક્ષણ એવો જે અનુગ્રહમાર્ગ-પુષ્ટિમાર્ગ કે જેમાં માર્ગપણું યા મુખ્ય સાધન ભગવાનનો અનુગ્રહ જ છે એવા માર્ગમાં તો આ પાંચ દોષોનું પ્રતિબન્ધ કરવાનું સામર્થ્ય જ નથી. અતઃ આ માર્ગમાં પુષ્ટિભક્તિ માટે જે આવશ્યક ગુણ છે અને જેનું ન હોવું દોષરૂપ છે તે અતિશય ઉત્કટ તાપક્લેશ છે. આ તાપક્લેશ પૂર્વસંચિત અથવા તો આવી પડનારા દોષોનો નાશ કરનાર છે. આ રીતે વિચારતાં આ ગ્રન્થના ત્રીજા શ્લોકમાં જે પાંચ દોષો જણાવ્યા છે ત્યાં '**न मन्तव्याः**' તે દોષોને માનવા નહિ' આ વાક્યમાં

અહીં આ માર્ગમાં સેવાપ્રતિબન્ધકરૂપે એટલું શેષ સમજવું જોઈએ. કારણ કે પુષ્ટિભક્તિમાર્ગ હોય કે પછી મર્યાદાભક્તિમાર્ગ હોય, બન્ને માર્ગોમાં આ પાંચ દોષોની તો બાધકતા જ નથી એમ ગીતા વગેરે ભક્તિશાસ્ત્રોથી સિદ્ધ છે. ગીતામાં '**मां हि पार्थ व्यपाश्रित्य येपि स्युः पापयोनयः । स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेपि यान्ति परां गतिम्**' (ગીતા. ૯ /૩૨) તેમજ '**अपिचेत्सुदुराचारो भजते मामनन्यभाक् । साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥ क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति । कौन्तेय प्रतिजानी हि न मे भक्तः प्रणश्यति**' (ગીતા.૯/૩૦) આ બધા પ્રમાણોથી એમ સિદ્ધ છે કે ભક્તિમાર્ગમાં પાંચ પ્રકારથી કહેવાયેલા દોષો પ્રતિબન્ધક નથી.

શંકા- જ્યારે તે પ્રતિબન્ધક જ નથી તો પછી પુષ્ટિજીવત્વેન તેનો સેવાધિકાર તો સિદ્ધ જ છે તો પછી બ્રહ્મસમ્બન્ધનું સાક્ષાત્ ગોકુલેશ ભજનાધિકાર સમ્પાદન કરવાપણું એ કેવી રીતે ? બ્રહ્મસમ્બન્ધકરણથી જે પુષ્ટિજીવો નથી તેમનો સેવાધિકાર સમ્પાદન કરનાર છે એમ કહેવામાં આવે તો તે વાત શ્રી આચાર્યચરણને સમ્મત નથી કારણ કે નિબન્ધમાં જણાવ્યા મુજબ '**सर्वथा चेद्धरिकृपा न भविष्यति यस्य हि, तस्य सर्वमशक्यं स्यान्मार्गेऽस्मिन् सुतरामपि**' આ માર્ગમાં પુષ્ટિજીવોને માટે જ બધું શક્ય થાય છે પણ જે પુષ્ટિજીવો નથી તેમને માટે તો આ માર્ગમાં બધું જ અશક્ય જ છે. અતઃ આ વાક્યને જોતાં ઈતર જીવોને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપીને પણ તેમનો આ માર્ગમાં ભજનાધિકાર સિદ્ધ થતો નથી ?

ઉત્તર - ભક્તિમાર્ગમાં જે બાધક દોષો છે તે (૧) પ્રેમનો અભાવ, (૨) શ્રદ્ધાનો અભાવ, (૩) ભગવત્પરિચર્યામાં આદરનો અભાવ, (૪) મન-વચન-કર્મથી ભગવત્ પ્રપત્તિ ન હોવી, (૫) ભગવદ્

ભજન પ્રતિકૂલ વસ્તુ કે વ્યક્તિમાં આસક્તિ હોવી. (૬) ભગવાનમાં સ્વામીભાવ અને પોતાનામાં દાસભાવનો અભાવ, (૭) દુ:સંગ (૮) અન્યાશ્રય, વગેરે બીજા એવા કેટલાક દોષો છે જે ભક્તિમાર્ગમાં બાધક કહેવાયા છે. આ ભક્તિમાર્ગના બે પ્રકારો છે (૧) પુષ્ટિભક્તિમાર્ગ (૨) મર્યાદાભક્તિમાર્ગ આ બન્ને પ્રકારના ભકિતમાર્ગોમાં સાધનદશામાં મુખ્ય બાધકદોષ છે તે અનાત્મનિવેદીપણું છે.

આ બન્ને પ્રકારના ભક્તિમાર્ગોથી અલગ મર્યાદામાર્ગ છે જેને શ્રી ગોકુલનાથચરણ પ્રભૃતિ ટીકાકારો આ ગ્રન્થની ટીકામાં પૂજામાર્ગ નામે આલેખે છે. એ માર્ગમાં ઉક્ત પાંચ પ્રકારના દોષો એ મર્યાદામાર્ગની સાધનામાં દોષરૂપ બાધક છે. એકાદશ સ્કન્ધમાં જીવના શ્રેયાર્થે જે પણ ભગવદ્ધર્મો કહેવાયા છે તે જ્ઞાન-કર્મ અને વિહિતાભક્તિ કે જેને ધારણ કરવાથી ભગવાન ધારણ થાય છે અને ભગવાન ધારણ થયાથી જ જીવ શ્રેયને પામે છે.-એટલે કે ભગવાન ધારણ થવા એ જ જીવનું શ્રેય છે. આ શ્રેયના અધિકારી દૈવી જીવો છે કે જેને ઉપનિષદ્ માં **'रमणीयचरणाः'** નામે આલેખવામાં આવ્યા છે અને એને જ ગીતા-૧૬માં અધ્યાયમાં **'દૈવી જીવ'** એટલે કે દૈવી સમ્પદામાં રહેલા જીવો નામે ક્હેવાયા છે. **'दैवीसम्पद्विमोक्षाय'** (ગીતા ૧૬-૫) એ વાક્ય અનુસાર દૈવીજીવો મોક્ષ માટે અધિકૃત કરાયેલા છે તેથી તેમનું મોક્ષપ્રાપ્તિ માટેનું સાધન એ આ ત્રણ પ્રકારના ભગવદ્ધર્મો છે કે જેનું યથોક્ત યથોચિત યથાવિધિ આચરણ કરીને જીવ સાધનાને અન્તે મોક્ષફલને પામે છે. આ ત્રણ ધર્મો પૈકી જે ભક્તિ પ્રકારક ભગવદ્ધર્મ છે તેના આચરણનો વિધિ ભાગવત એકાદશ સ્કન્ધના ૨૭ માં અધ્યાયમાં **ક્રિયાયોગ** નામે જણાવ્યો છે. આ ક્રિયાયોગમાં આરંભે અધિકારી લક્ષણને જણાવતાં કહ્યું છે કે **'यदा स्वनिगमेनोक्तं द्विजत्वं प्राप्य पूरुषः । यथा यजेत मां भक्त्या श्रद्धया तन्निबोध मे'** (ભાગ.૧૧-૨૭-૮) તેવી જ રીતે

એકાદશ સ્કન્ધ સુબોધિનીમાં જણાવ્યા અનુસાર **'विजातीयसंवलिता भगवद्धर्मा मार्गा इत्युच्यन्ते'** એ મુજબ વિચારતાં એકાદશ સ્કન્ધના સત્તરમા અધ્યાયના આરંભે ઉદ્ધવજી દ્વારા પ્રશ્ન કરાતાં **'यस्त्वयाभिहितः पूर्वं धर्मस्त्वद्भक्तिलक्षणः । वर्णाश्रमाचारवतां सर्वेषां द्विपदामपि ॥ यथानुष्ठीयमानेन त्वयि भक्तिर्नृणां भवेत् । स्वधर्मेणारविन्दाक्ष तन्मे व्याख्यातुमर्हसि'** (ભાગ.૧૧/૧૭/૧૨) 'હે અરવિન્દાક્ષ ! વર્ણ અને આશ્રમના **આચારવાળા સર્વ મનુષ્યો માટેનો ભક્તિલક્ષણ ધર્મ આપે પહેલાં ઉપદેશ કર્યો તે પોતપોતાના વર્ણ અને આશ્રમના અનુસાર યથોચિત-યથાવિધિ ધર્મનું અનુષ્ઠાન કરાતાં તેમને આપનામાં ભક્તિ થાય છે તે યથાનુષ્ઠીયમાન ધર્મના આચરણનો મને ઉપદેશ કરો'** એમ ઉદ્ધવજી દ્વારા પ્રાર્થના કરાઈને અન્તમાં પ્રશ્ન કરે છે કે **'तत्त्वं नः सर्वधर्मज्ञ धर्मस्त्वद्भक्तिलक्षणः । यथा यस्य विधीयेत तथा वर्णय मे प्रभो '** (ભાગ. ૧૧ ૧૭/૭) 'હે સર્વ ધર્મને **જાણનારા પ્રભુ ! આપ એ ધર્મનો એ પ્રકારે અમને ઉપદેશ કરો કે જેમાં જેને માટેનું જે વિધાન હોય તે અનુસાર ધર્મનું આચરણ કરાતાં અન્તે આપનામાં ભક્તિ થાય તેવા લક્ષણનો જે ધર્મ (અને તેના આચરણ) નો ઉપદેશ હોય તે મુજબ આપ વર્ણન કરો'** આ પ્રમાણે ઉદ્ધવજી દ્વારા ભક્ત્યુત્પાદક વર્ણાશ્રમાચાર ધર્મ બાબત પ્રશ્ન કરાતાં તેના ઉત્તરમાં ચાર વર્ણ અને ચાર આશ્રમનો વિરાટ્ પુરુષના વિગ્રહથી ઉદ્ભવ બતાવીને ચાર વર્ણની અલગ-અલગ પ્રકૃતિને બતાવતાં અધ્યાયના સોળમાં શ્લોકમાં ભક્તિને બ્રાહ્મણ પ્રકૃતિમાં જણાવીને ઓગણિસમા શ્લોકમાં -**'शुश्रूषणं द्विजगवां देवानां चाप्यमायया । तत्र लब्धेन सन्तोषः शूद्रप्रकृतयस्त्विमाः'** (ભાગ ૧૧/૧૭/૧૯) **'ગાય, દ્વિજ એટલે બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યની અને દેવની નિષ્કપટભાવે શુશ્રૂષા**

કરવી અને તેનાથી જે પ્રાપ્ત થાય તેમાં સંતોષ રાખવો આ શૂદ્ર પ્રકૃતિ છે.' એમ ગાય, દેવ અને પોતાનાથી ઉચ્ચ વર્ણની શુશ્રૂષા કરવી એ શૂદ્રોની વૃત્તિ છે અને વૃત્તિથી જે કંઈ પણ પ્રાપ્ત થાય તેમાં સંતોષ રાખી સકુટુમ્બ પોતાના જીવનનો નિર્વાહ કરવો એ શૂદ્ર કાર્ય છે એમ કહી શૂદ્રત્વ એ આસુરી નથી પણ દૈવી છે તેથી તેમનાથી આસુરીઓને જુદા પાડવા **'कपूयां योनिं आपद्येरन्'** એ શ્રુતિને અનુસરીને ચાંડાલ-પુષ્કસ-માતંગ વગેરે જાતિના લોકો કે જેને ધર્મશાસ્ત્રમાં અન્તેવસાયિ કહેવામાં આવ્યા છે તેમને માટે વીસમા શ્લોકમાં **'अशौचमनृतं स्तेयं नास्तिक्यं शुष्कविग्रहः । कामः क्रोधश्च तर्षश्च स्वभावोऽन्तेवसायिनाम्'** (ભાગ. ૧૧/૧૭/૨૦) **'અપવિત્રતા, અસત્યભાષણ, ચોરી કરવું, પરલોક સમ્બન્ધથી ફલ તથા ઈશ્વરમાં વિશ્વાસ ન હોવો, કારણ વિના વાત-વાતમાં ઝગડો કરવો, કામ, ક્રોધ, તૃષા (ભોગ પ્રાપ્તિ માટેની સતત- તીવ્ર આકાંક્ષા રહેવી) આ અન્તેવસાયિ લોકોનો સ્વભાવ છે'** એમ કહી ચોરી વગેરેથી નિર્વાહ કરવો અને એમાં જે મળે તેમાં સદૈવ અતૃપ્તિને રાખવી એમ જણાવી આગળ એકવીસમાં શ્લોકમાં **'अहिंसासत्यमस्तेयम-कामक्रोधलोभता । भूतप्रियहितेहा च धर्मोऽयं सार्ववर्णिकः'** (ભાગ. ૧૧-૧૭-૨૧) **'અહિંસા,સત્ય, અસ્તેય, અકામપણું, અક્રોધપણું, અલોભપણું, સર્વ પ્રાણિઓનું પ્રિય અને હિત થાય તેમ ચેષ્ટા કરવી, આ ચારે વર્ણને આચરવા યોગ્ય ધર્મ છે.'** એમ જણાવી જે વર્ણ-આશ્રમ સમ્બન્ધી ધર્મના યથોચિત અનુષ્ઠાનથી ભક્તિ ઉત્પન્ન થાય છે તે ધર્મ બાબતમાં શૂદ્રને માટે પૂર્વોક્ત સેવા અને સંતોષ એ બે ધર્મને બતાવી તેમના માટે બીજું કંઈ પણ વિધાન કરાયું નથી તેમજ સાર્વવર્ણિક ધર્મના કથન દ્વારા સેવા સંતોષ ધર્મને બજાવતાં અહિસા-સત્ય વગેરે ધર્મના આચરણનું તેમના માટે પણ વિધાન કરાયું . ત્યારબાદ આશ્રમધર્મના આચરણમાં માત્ર દ્વિજ (બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય)નો

અધિકાર સ્વીકારી તે ત્રણે માટે જ સર્વ આશ્રમ વ્યવસ્થા કહેવામાં આવી છે. પૂર્વમાં જોઈ ગયા તેમ ક્રિયાયોગના આરંભે અધિકારી લક્ષણ જણાવતાં ભગવાન કહે છે - **'यदा स्वनिगमेनोक्तं द्विजत्वं प्राप्य पूरुषः । यथा यजेत मां भक्त्या श्रद्धया तन्निबोध मे'** (ભાગ. ૧૧/૨૭/૮) અહીં દ્વિજપણું પ્રાપ્ત કરીને એટલે કે ઉપનયન સંસ્કારના અનન્તર આ યજન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. જ્યારે ભક્તિમાં ઉપવીત-અનુપવીત. દ્વિજ-અદ્વિજ સર્વનો અધિકાર છે. અતઃ આ પ્રકારના પૂજનમાં અથવા તો પૂજામાર્ગમાં પાંચ પ્રકારે કહેવાયેલા દોષોનો વિચાર છે. યદ્યપિ સમગ્ર ચરાચર જગતના એક માત્ર સ્વામી શ્રીપ્રભુ જ છે તેમ છતાં પણ જીવ ભગવાનના સ્વામીપણાને વિસ્મરીને તે મારા-તારા ભાવથી વ્યવહાર કરતો હોય છે અતઃ જ્યારે તે આત્મનિવેદન કરે છે ત્યારે મારા પોતાના સહિત આ બધું જ ભગવાનનું જ છે એમ ભગવદીયપણું નિવેદનકર્તાના મનમાં અનુસંહિત થતાં આત્મનિવેદનથી એનો ભક્તિમાર્ગમાં પ્રવેશ થાય છે અને ભક્તિમાર્ગમાં પ્રવેશ થતાં પછી પૂજામાર્ગ કે મર્યાદામાર્ગમાં માનવામાં આવેલા ગુણ-દોષો એને સાધક- બાધકરૂપમાં રહેતા નથી કારણ કે ભક્તિમાર્ગ એ મર્યાદામાર્ગથી ભિન્ન અને વિલક્ષણ છે. તેમાં પણ મર્યાદામિશ્ર ભક્તિમાર્ગમાં કરાતું આત્મનિવેદન કે જે એકાદશ સ્કન્ધના નવયોગેશ્વરોના વાક્યોમાં તેમજ ત્યાં જ એકાદશ સ્કન્ધમાં કૃષ્ણોદ્ધવ સંવાદમાં ભગવદ્વાક્યમાં તેમજ નવમ સ્કન્ધ અમ્બરીષ આખ્યાનમાં દુર્વાસા પ્રતિના ભગવદ્વાક્યમાં જણાવવામાં આવ્યું છે તેથી પણ જુદા પ્રકારનું પુષ્ટિભક્તિ અર્થેનું આત્મનિવેદન જે મર્યાદામાર્ગ વગેરે માર્ગોના પ્રવાહમાં વહી રહેલા અને એ પ્રવાહમાં ભળી ગયેલા નિજ જીવોને તે-તે માર્ગોમાંથી ઉદ્ધૃત કરીને પુનઃ પુષ્ટિમાર્ગમાં પુષ્ટિભક્તિને અર્થે સ્થાપવા અતિશય અનુગ્રહ કરીને અહં-મમ ભાવની નિવૃત્તિપૂર્વક તિરોભૂત તાપકલેશાનન્દના

સંસ્કાર સ્વરૂપનું આત્મનિવેદન મંત્રરૂપે સાક્ષાત્ શ્રી ગોકુલેશ્વરે શ્રી મહાપ્રભુ સમક્ષ પ્રકટ થઈ મંત્ર પ્રદાન કરતાં જે પ્રકારે જણાવ્યું છે તે પ્રકારના- તિરોભૂત તાપકલેશાનન્દના સંસ્કારરૂપ બ્રહ્મસમ્બન્ધાત્મક આત્મનિવેદન કરાતાં તો પછી મર્યાદામાર્ગીય ગુણ-દોષોની સાધક-બાધકતાનો તો સવાલ જ રહેતો નથી. એમ આ બ્રહ્મસમ્બન્ધાત્મક આત્મનિવેદનથી નિવેદનકર્તા જીવ મર્યાદામાર્ગથી જુદો પડી એનો પુષ્ટિભક્તિમાર્ગમાં પુનઃ પ્રવેશ થયો છે એ જણાવવા મર્યાદામાર્ગમાં માનવામાં આવેલા પાંચ દોષો એને અહીં માનવા નહિ એમ જણાવ્યું છે. આત્મનિવેદન વિના-ભક્તિમાર્ગમાં પ્રવેશ વિના જ્યાં સુધી જીવની મર્યાદામાર્ગમાં સ્થિતિ છે ત્યાં સુધી તો તેને પૂજાકરણાદિમાં આ પાંચ દોષોની બાધકતા જ છે. જેમ આજના યુગમાં મુંબઈ-અમદાવાદ યા મુંબઈ-પૂના વચ્ચેના રાષ્ટ્રીયમાર્ગમાં જ્યાં-જ્યાં પણ ગતિરોધક બનાવેલા હોય ત્યારે તે રાષ્ટ્રીયમાર્ગ પર વાહન લઈ જનારને તે ગતિરોધક અવરોધ કરનાર બને છે. પણ જ્યારે તે જુના રાષ્ટ્રીયમાર્ગને છોડી નવા એકસપ્રેસ હાઈવે પર વાહન લઈ જાય છે ત્યારે જુના રાષ્ટ્રીયમાર્ગ પર બનેલા અવરોધકનો વિચાર રાખી એકસપ્રેસ હાઈવે પર પહેલેથી જ પોતાના વાહનની ગતિ ધીમી રાખી વાહન હંકારવાની જરૂર નથી રહેતી, તેથી તે અવરોધક અહીં આ માર્ગ પર અવરોધક માનવા નહિ, તેમ અહીં મર્યાદામાર્ગમાં રહેલા પ્રતિબન્ધકોને પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રતિબન્ધક માનવા નહિ એમ તાત્પર્ય છે.

ઉપરાન્ત આથી એમ પણ જાણી લેવાનું છે કે જેમ એકસપ્રેસ વેના આરંભે ટોલટેકસ ભરવાથી તે માર્ગ પર વાહન હંકારવાનો અધિકાર પ્રાપ્ત થાય છે તેથી કરીને ટોલટેકસ ભરીને પણ જો વાહન ચાલક પોતાનું વાહન ચલાવવાની દિશા બદલે નહિ અને જુના હાઈવે પર જ હંકારતો રહે ત્યારે ટોલટેકસ ભરીને પણ જુના હાઈવેના ગતિરોધકો તેને માટે અવરોધક જ છે. તેમ

બ્રહ્મસમ્બન્ધ-આત્મનિવેદન કરીને પણ સાક્ષાત્ પુરુષોત્તમ ભજનાધિકાર પ્રાપ્ત કરીને પણ અને મૂલતઃ પોતે પુષ્ટિ જીવ હોવા છતાં પણ જો તે પુષ્ટિમાર્ગ અનુસાર પુષ્ટિભક્તિ-સેવામાં પોતાનો અભિનિવેશ ન કરાવે ત્યારે તો-તેવી સ્થિતિમાં તો જે પૂર્વોક્ત પાંચ દોષો છે તેની બાધકતા કાયમ જ રહે છે. તેથી આત્મનિવેદન કરીને તેનો સેવામાં અભિનિવેશ થવો સર્વથા આવશ્યક છે. **હું ભગવાનનો સેવક છું અને સ્વામીની સેવા કરવી એજ એકમાત્ર સેવકનો ધર્મ** છે એ વિભાવના ચિત્તમાં રાખી જીવ જયારે સાધનદશામાં પોતાના દેહેન્દ્રિયાદિ સર્વનો ભગવત્સેવામાં અભિનિવેશ કરાવે છે અને તે રીતે જયારે વિવિધ સેવાઓનું આવર્તન કરતો રહે છે ત્યારે આ સેવા ભગવત્ પ્રપત્તિભાવમૂલક હોવાથી અને ભગવત્ પ્રપત્તિ સ્વરૂપની હોવાથી ભગવત્ પ્રપન્નતા જ સેવા કર્તા જીવને દોષોથી દૂર રાખે છે અને ભક્તિમાં અપેક્ષિત ભાવ-ભાવવૃદ્ધિ અને ભાવનું રક્ષણ એ બધું જ એને ભગવત્ પ્રપન્ન ભાવથી જ સિદ્ધ થાય છે. અતઃ સાધનદશાપન્નતામાં રસસિદ્ધિના અભાવમાં પ્રપન્ન ભાવ જ રસસિદ્ધિની યોગ્યતા સમ્પાદન કરવામાં સાધક હોય છે, રસસિદ્ધિ થતાં તો પછી તે પ્રપન્નભાવ જ રસસ્વરૂપે પરિણત થાય છે અને ત્યારે તે રસ જ તેને માટે સર્વસાધક હોય છે. રસસિદ્ધિ એટલે અમન્દરસત્વ, તેથી સાધનદશા એટલે જીવનું મન્દરસત્વ હોવું **‘न रसः भावहिनोऽस्ति न भावो रसवर्जितः’** એમ ભરત નાટ્યશાસ્ત્રના વાક્ય મુજબ રસ એટલે ભાવ અતઃ ભાવની અપ્રવૃદ્ધ દશા એ સાધનદશા યા મન્દરસત્વ છે અને ભાવની પ્રવૃદ્ધ દશા એ રસસિદ્ધિ યા અમન્દરસત્વ છે. ભગવન્મિલન માટેનો અનિર્વચનીય અતિશય ઉત્કટ તાપ હોવો એ જ અમન્દરસત્વ છે અને એ ઉત્કટતાની ઓછપ એ મન્દરસત્વ છે . અતઃ ભક્તિવર્ધિનીમાં જે પ્રવૃદ્ધ ભક્તિને **‘लभते सुदृढां भक्तिं सर्वतोऽप्यधिकां पराम्’** વાક્યથી કહેવાઈ છે અને તેનું

સ્વરૂપ સર્વનિર્ણય નિબન્ધમાં **'भक्तिः स्वतन्त्रा शुद्धा च दुर्लभा'** સ્વતંત્ર-શુદ્ધ અને દુર્લભ એમ ત્રણ વિશેષણથી કહી છે અને જેને એકાદશ સ્કન્ધના ચૌદમાં અધ્યાયમાં **'ઊર્જિતા'** (પ્રવર્ધમાના અથવા પ્રવૃદ્ધા) નામે આલેખાઈ છે. અતઃ આ ઊર્જિતાભક્તિ અમન્દરસસ્વરૂપા ભક્તિ-સર્વતોપ્યધિકા પરાભક્તિ અથવા તો દુર્લભા ભક્તિ પુરુષોત્તમ-ભગવદ્રૂપ ફલને સાધવા સક્ષમ કહેવાઇ છે. અતઃ પુષ્ટિભક્તિમાર્ગ એમ કહેતાં જે તિરોભૂત તાપકલેશ છે તેનો બ્રહ્મસમ્બન્ધાત્મક આત્મનિવેદન દ્વારા સંસ્કારરૂપ બીજ સ્થાપનથી આરંભીને તે બીજનું **'दुःसहप्रेष्ठविरहतीव्रताप'** થી પંચાધ્યાયીના પ્રથમ અદયાયમાં કહેવાયેલ અથવા ચતુર્થાદયાયમાં **'कृष्णदर्शनलालसाः'** થી કહેવાયેલ અત્યુત્કટ તાપના આવિર્ભાવ પર્યન્તનું માર્ગત્વ છે. તેમજ આ પ્રકારની ભક્તિમાં આરંભથી અન્તિમ પરિણતિ પર્યન્તમાં અને તદનન્તર તેના ફલદાનમાં સર્વત્ર માત્ર ભગવાનનો વિશેષ પ્રકારનો સર્વાધિક સર્વોત્કૃષ્ટ અનુગ્રહ જ કારણભૂત હોય છે.અતઃ આ ભક્તિ પુષ્ટિભક્તિ નામે આલેખાય છે.

આ પ્રકારે આત્મનિવેદનથી પૂજામાર્ગ-મર્યાદામાર્ગથી જીવ અળગો થઈને ભકિતમાર્ગમાં પ્રવેશ મેળવે છે. **શંકા**-યદિ આત્મનિવેદનથી જ જીવનો ભકિતમાર્ગમાં પ્રવેશ સિદ્ધ છે, તો પછી કોઈ પણ વ્યકિત આત્મનિવેદન ભાવને ધારણ કરી પુષ્ટિભક્તિમાં પ્રવેશી શકે છે અને જો તેમ હોય તો પછી બ્રહ્મસમ્બન્ધાત્મક પુષ્ટિમાર્ગીય આત્મનિવેદન ને અલગથી કહેવાની શું આવશ્યકતા છે ? **ઉત્તર** - એવો સંશય થાય તો તેના સમાધાનમાં પ્રથમ એ જાણી લેવું જરૂરી છે કે યદ્યપિ ભક્તિમાર્ગ એ પુરુષોત્તમ ફલક છે અતઃ પુરુષોત્તમથી ઉતરતું ફલ ભક્તિમાર્ગમાં થતું નથી. તેમ છતાં પણ પુષ્ટિજીવોનો પુષ્ટિસ્થ પ્રભુ સાથે સમ્બન્ધ હોવાથી તેમનો અભિનિવેશ ગોલોકસ્થ યા વ્રજસ્થ પુષ્ટિલીલામાં જ થાય છે જ્યારે મર્યાદાપુષ્ટિ (એટલે કે મુખ્યરૂપે મર્યાદામાં અધિકૃત થઈને તેમાં

પુષ્ટિનું મિશ્રણ) જીવો છે એમનું મર્યાદામાં બિરાજતું જે પુરુષોત્તમનું રૂપ છે એ મર્યાદાસ્થ પ્રભુસાથે સમ્બન્ધ હોવાથી તેમનો અભિનિવેશ વૈકુંઠસ્થ યા દ્વારિકાસ્થ યા સાકેતસ્થ મર્યાદાલીલા-માં થાય છે. આ લીલાભેદને દેવી ભાગવતમાં ઐશ્વર્ય પદથી જણાવ્યું છે કે -

'गोलोकस्य च ऐश्वर्यं गोकुले तत्प्रतिष्ठितम् ।
वैकुण्ठस्य च ऐश्वर्यं द्वारिकायां प्रतिष्ठितम् ॥

આ રીતે ગોલોક સમ્બન્ધી ઐશ્વર્ય અને વૈકુંઠ સમ્બન્ધી ઐશ્વર્ય એમ બે પ્રકારે જુદા બતાવી તેની અવતારકાલમાં પ્રતિષ્ઠામાં પણ બે ભેદ ગોકુલ અને દ્વારિકા પદથી બતાવ્યા છે. એક જ શ્રીપ્રભુ પુષ્ટિલીલાના પણ કર્તા છે અને મર્યાદાલીલાના પણ કર્તા છે. તેથી મર્યાદાપુરુષોત્તમ અને પુષ્ટિપુરુષોત્તમ એ બે નામે જાણવાથી બે અલગ પુરુષોત્તમની કલ્પના કરવી જોઈએ નહિ. નહિતર વેદ-ગીતા-ભાગવત સૂત્ર વગેરે શાસ્ત્રોમાં મહાવિપ્લવ કર્યાનો દોષ પ્રાપ્ત થશે. તેથી એક જ પુરુષોત્તમ બન્ને પ્રકારની લીલાના કર્તા છે. પરંતુ શ્રી પ્રભુ જ્યારે પુષ્ટિલીલામાં બિરાજે છે ત્યારે પુષ્ટિલીલામાં બિરાજતા પોતાના સ્વરૂપમાં પુષ્ટિધર્મોને પ્રકટ રાખે છે અને મર્યાદાધર્મોને અન્તર્હિત રાખે છે અને જ્યારે મર્યાદાલીલામાં બિરાજે છે ત્યારે મર્યાદા ધર્મોને પ્રકટ રાખી પુષ્ટિધર્મોને અન્તર્હિત રાખે છે, તેમ છતાં પણ બન્ને સ્વરૂપોમાં પુરુષોત્તમનું સ્વાતંત્ર્યતો સમાન જ હોવાથી ક્યારેક મર્યાદામાં બિરાજીને પણ સ્વતંત્રેચ્છાએ પુષ્ટિકાર્ય પણ કરે છે. જેમ રામાવતારમાં શબરીના ઉચ્છિષ્ટ બોર આરોગવા વગેરે. **'सायुज्ये तु रसाधिक्यम्'** એમ ભાગવતાર્થ નિબન્ધ ચતુર્થ સ્કન્ધ કારિકામાં કહ્યું હોવાથી પુરુષોત્તમના બન્ને સ્વરૂપોમાં પરમાનન્દથી ઓછું કંઈ પણ નથી, છતાં પણ જેમ ભગવાન પરમાનન્દ છે તેમ ભગવાનની લીલાઓ પણ પરમાનન્દમયી છે અને પ્રભુની પરમાનન્દમયી અનન્તલીલાઓ વ્રજમાં કે ગોલોકમાં પ્રકટ છે તેથી

અનન્ત પરમાનન્દનો અનુભવ ત્યાં સ્થિત ભકતોને હોય છે જ્યારે વૈકુંઠમાં અનન્ત પરમાનન્દમયી લીલાઓનું પ્રાકટ્ય નથી તેથી ત્યાં સ્થિત ભકતોને લીલાસુખાનુભવ નથી હોતો, ત્યાં માત્ર પરમાનન્દ પ્રભુ લક્ષ્મી સાથે બિરાજે છે અને પરમાનન્દ પ્રભુની સેવા વડે પરમાનન્દાનુભવ વાળા તે ભક્તો હોયછે. અતઃ વ્રજ-વૈકુંઠમાં ભેદનો વિચાર કરવામાં આવે તો યદ્યપિ બન્ને અક્ષરાત્મક છે પરન્તુ વૈકુંઠ એ સત્ત્વાધારતાથી ગણિતાનન્દ અક્ષર છે અને વ્રજ એ પુરુષોત્તમથી અભિન્ન આધિદૈવિક અક્ષર રૂપ છે. અતઃ મર્યાદા ભકતો પરમાનન્દાનુભવવાળા થઈને પણ તેમની સ્થિતિ ગણિતાનન્દ અક્ષરમાં જ છે. જ્ઞાનીઓનો આ અક્ષરમાં વિલય છે જ્યારે ભક્તોની આ અક્ષરમાં સ્થિતિ થઈને પણ પરમાનન્દ સાહિત્ય છે. તેથી જ ગોપીગીતના સુબોધિનીમાં શ્રી આચાર્યચરણ લખે છે કે - **'वैकुण्ठादपि व्रजस्य अधिको जयः'... न हि एवंविधां लीलां भगवान् कदापि वैकुण्ठे करोति'** વૈકુંઠથી વ્રજનો અધિક જય છે. અધિકતા શું છે ? અધિકતા એ છે કે જે પ્રકારે ભગવાન વ્રજમાં લીલા કરે છે તે પ્રકારે વૈકુંઠમાં લીલા કરતા નથી. એ લીલાના બે પ્રકારો કેવી રીતે છે ? લીલા એટલે આનન્દમયની આનન્દ સ્વભાવે થનારી ક્રીડા. એ ક્રીડા-લીલા વૈકુંઠમાં ભગવાન માત્ર લક્ષ્મી સાથે જ કરે છે. વૈકુંઠ સ્થિત ભક્તો સાથે કરતા નથી. જ્યારે વ્રજમાં શ્રીસ્વામિની સાથે પણ વિહાર કરે છે, ભક્તો સાથે પણ વિહરે છે, એટલું જ નહિ પણ ભક્તવશ્યતાએ ભક્તો સાથે વિહરે છે. આ ભક્તવશ્યપણું વગેરે જે ધર્મો છે તે પુષ્ટિધર્મો છે કે જેનું પ્રાકટ્ય પુષ્ટિમાં પ્રભુ બિરાજે છે ત્યારે જ કરે છે.

અતઃ જે નિજજીવો છે કે જેઓ પ્રવાહમાં ભળી ગયા છે શિયાળિયાઓના ટોળામાં સિંહબાળકની માફક, તેમનો પુનઃ પોતાની પુષ્ટિલીલામાં અભિનિવેશ પ્રભુ ઈચ્છી રહ્યા છે અતઃ પુષ્ટિ ભક્તિમાર્ગમાં પ્રવેશને માટે અધિકાર રૂપે જે આત્મનિવેદન છે તે

મર્યાદાભકિતથી ભિન્ન પ્રકારનું જ હોઈ શકે છે. પુષ્ટિમાર્ગમાં જીવનું નિત્યકૈંકર્ય પૂર્વસિદ્ધ એટલે કે જેને શ્રીપ્રભુચરણ સિદ્ધાન્તમુકતાવલીની ટીકામાં **'सहजदासत्व'** થી જણાવે છે અને તે ઉપરની ટીકામાં શ્રી પુરુષોત્તમજી સહજ દાસનો અર્થ **'गर्भदासत्व'** થી જણાવે છે. એટલે કે અંશના પ્રાકટ્ય પૂર્વ પણ એની ભગવાનમાં સ્થિતિ હતી ત્યારે પણ તે દાસ જ હતો. દાસ જ છે અને દાસ જ રહેશે. માત્ર તેનું વિસ્મરણ હોવું અને સ્મરણ થવું તેમાં સ્મરણ થવાથી તે હવે દાસ બન્યો છે તેમ નથી કે જેથી હવે હું દાસ છું તો સેવા મારો સ્વધર્મ છે, પણ હું દાસ છું તેવા સ્મરણથી જ તેણે દાસધર્મમાં પ્રવૃત્ત થવાનું છે. અતઃ પુટિમાર્ગમાં આત્મનિવેદન-આત્માનું નિવેદન એમાં નિવેદન પદ છે તે ઉદ્‌ઘોષણાના અર્થમાં છે. એટલે કે હું એટલે અંશ-જીવ સપરિકર (એટલે દેહથી અન્તઃકરણ અને તેના ધર્મો પર્યન્ત તથા દારાથી પરલોક પર્યન્તમાં કહેવાયેલ સર્વ કંઈ) બધું જ ભગવાનનું છે- તમારું છે- તમે જ એના એક માત્ર સ્વામી હતા, છો અને રહેશો. એમ ગુરુની સાક્ષીમાં ઉદ્‌ઘોષિત કરવું- સ્પષ્ટ વાણીના ઉચ્ચારણ વડે સ્વીકાર જાહેર કરવો એ આત્મનિવેદન છે. આમાં જીવનું પૂર્વસિદ્ધ કૈંકર્ય છે. જ્યારે મર્યાદાભક્તિમાર્ગીય સમ્પ્રદાયોમાં આત્મનિવેદનના અનન્તર તેનું સેવકત્વ સિદ્ધ થાય છે. ત્યાં પૂર્વસિદ્ધ કૈંકર્ય નથી. તેથી જ શ્રી રામાનુજાચાર્યજી સ્વકૃત ગ્રન્થમાં લખે છે - **'दासोऽस्मि तवास्मि इति वक्तारं मां तारय'** **'હું દાસ છું તમારો છું, એમ હું બોલનારને મને તારો'** અતઃ રામાનુજ સિદ્ધાન્તમાં યદ્યપિ નિત્યકૈંકર્ય સ્વીકાર્યું છે પરન્તુ ત્યાં નિત્યત્વ એ દાસત્વ ગ્રહણ કર્યા અનન્તર સદાના અર્થમાં છે. અતઃ મર્યાદાભક્તિમાર્ગમાં આત્મનિવેદન દ્વારા ભક્તિકરણમાં અપેક્ષિત દાસત્વનું ગ્રહણ છે જ્યારે પુષ્ટિમાર્ગમાં આત્મનિવેદન દ્વારા પૂર્વસિદ્ધ દાસત્વનો ઉદ્‌ઘોષ છે. મર્યાદામાં દાસત્વ દ્વારા પ્રાપ્તિ માટેની ઉત્કટતાના

સંસ્કારરૂપ આત્મનિવેદન છે જ્યારે પુષ્ટિ માં વિયુક્તિથી થનાર તિરોભૂત તાપકલેશના સંસ્કારરૂપ આત્મનિવેદન છે. તેથી જ બ્રહ્મસૂત્રના ચતુર્થ અધ્યાયના **‘अनावृत्तिः शब्दात्, अनावृत्तिः शब्दात्’** (બ્ર.સૂ. ૪ /૪/૨૨) ના ભાષ્યમાં પ્રથમ અનાવૃત્તિના વ્યાખ્યાનમાં પુષ્ટિમાર્ગીય જીવોની અનાવૃત્તિ ‘શબ્દથી’ એટલે કે વેણુનાદ દ્વારા જણાવી છે. જેમ ત્યાં અનાવૃત્તિ વેણુનાદ રૂપ શબ્દથી રસાત્મક છે તેમ અહીં આ માર્ગમાં જીવની પ્રવૃત્તિ પણ વેણુનાદ રૂપ ભગવન્મુખનિઃસૃત શબ્દથી જ છે. તેથી મર્યાદા ભક્તિમાર્ગીય આત્મનિવેદન કરતાં પુષ્ટિમાર્ગીય આત્મનિવેદન અલગ જ પ્રકારનું અને સ્વરૂપનું છે.

આ પ્રમાણે બ્રહ્મસમ્બન્ધ કરવાથી જે સર્વદોષની નિવૃત્તિ કહી છે તે માત્ર પુષ્ટિજીવો- વૃતજીવો માટે જ કહી છે. કેમ કે આ મંત્રનું પ્રાકટ્ય માત્ર તેમના માટે જ છે તેથી વૃતજીવો વડે શ્રીઆચાર્યચરણ દ્વારા બ્રહ્મસમ્બન્ધ કરાતાં તે જીવોને બ્રહ્મસમ્બન્ધ થાય છે. જે પુષ્ટિજીવો નથી (પુષ્ટિજીવ એટલે શુદ્ધ યા પુષ્ટિમાં મિશ્ર) તેમનો યદિ કોઈ વલ્લભવંશજો દ્વારા ભગવત્સન્નિધાનમાં યથાવિધિ મંત્ર ઉચ્ચારણ કરાવવામાં આવે તો પણ તેને બ્રહ્મસમ્બન્ધ થશે નહિ અને તેના દોષોની નિવૃત્તિ પણ નહિ થાય. તેથી જ શ્રી આચાર્યચરણે પણ જે પુષ્ટિજીવો હતા તેમને જ બ્રહ્મસમ્બન્ધ કરાવ્યું છે એમ વાર્તા-ચરિત્ર સાહિત્યથી જાણી શકાય છે. ઉપરાન્ત આ મંત્રના પ્રાદુર્ભાવનો ઉદ્યમ શ્રી મહાપ્રભુ દ્વારા નથી પરન્તુ સ્વયં શ્રીપ્રભુએ જ કૃપા કરી પ્રગટ થઈ શ્રીમહાપ્રભુને મંત્રનું દાન કરી પુષ્ટિદૈવીજીવોને પુનઃ લીલાન્તઃપાતિ કરવાની આજ્ઞા કરી છે. અતઃ શ્રીમહાપ્રભુનું પણ બ્રહ્મસમ્બન્ધદાતૃત્વ સ્વતંત્રપણે નથી પરન્તુ ભગવદાજ્ઞા-ભગવદિચ્છા પ્રમાણે છે. આ બાબતને વધુ સમજવા માટે પ્રથમ શ્લોકના વ્યાખ્યાનમાં શ્રીગોકુલનાથચરણની આ પંક્તિ પર્યાપ્ત છે. - **‘उक्तौ प्रशब्दोक्त्या अत्रोक्तेः केवलं कृपयैवाविर्भूय न त्वाचार्यप्रार्थनयेति ज्ञापनाय प्रशब्दोपादानम्’**

આ પ્રમાણે વિચારતાં આધુનિક સમયમાં શ્રી વલ્લભવંશજ યદિ શ્રી આચાર્યચરણનું સ્મરણ-ધ્યાન કરી -તેમની ભાવના કરી યદિ કોઈ પુષ્ટિજીવથી ઈતરને યથાવિધિ બ્રહ્મસમ્બન્ધ કરાવે તો પણ તે મુજબ મંત્રોચ્ચારણ કરીને પણ શ્રી મહાપ્રભુ દ્વારા બ્રહ્મસમ્બન્ધ થવો સિદ્ધ થતું નથી. કારણ કે જેમના અર્થે ભગવાને મંત્રદાન શ્રી મહાપ્રભુને કર્યું છે તેવા ભગવદિચ્છા-ભગવદાજ્ઞા ક્ષેત્રમાં આવતા જીવોથી ઈતર જીવ હોય ત્યારે શ્રીમહાપ્રભુની દાતૃતા વંશજમા પ્રકટ જ થતી નથી. આથી એમ પણ જાણી શકાય છે કે શ્રીવલ્લભવંશજ ની બ્રહ્મસમ્બન્ધ દાતૃતા વૈધાનિક છે, સ્વતંત્ર નથી. જેમ ભારતના રાષ્ટ્રપતિનું પતિત્વ વૈધાનિક છે અતઃ સંવિધાન અનુસાર જ તેઓ કંઈ પણ કરી શકે છે. સંવિધાનથી વિપરીત તેમના દ્વારા કરેલું શાસકીય-રાજકીય બલવાળું બનતું નથી. તેમ અહીં પણ સમજવાનું છે.

અહીં એ વિચારણીય બની જાય છે કે શ્રી પુરુષોત્તમજી તૃતીય શ્લોકના વ્યાખ્યાનમાં **‘यस्तु स्वयमनुत्कण्ठः सत्सङ्गात् कुलपारम्पर्याद्वा’** થી આરંભીને **‘इत्याचार्यचरणोक्ताद् ज्ञापकान्मार्गरीत्या बोधनीयः’** પર્યન્તમાં જણાવ્યું છે તેમાં **‘વ્યક્તિ પોતે સેવા-ભક્તિ કે ભગવત્સ્વરૂપમાં કે પછી આ માર્ગમાં કોઈ પણ પ્રકારની ઉત્કંઠા વિનાનો હોય પરન્તુ વૈષ્ણવના સંગથી તે બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવા તૈયાર થાય અથવા તો પોતાના કુળની વૈષ્ણવ પરમ્પરા હોવાથી તેના કારણે તે દીક્ષા લેવા તૈયાર થાય ત્યારે તે પણ ઉપદેશ લેવાને પાત્ર કહી શકાય છે’** એમ જણાવીને તેઓશ્રી આગળ લખે છે કે - **‘પરન્તુ આવી સ્થિતિમાં તે જીવ ઉપર ભગવાનની કૃપા છે કે નહિ તે સંદિગ્ધ હોવાથી તેને કરાવવામાં**

આવેલ બ્રહ્મસમ્બન્ધ ફલોન્મુખ થશે કે કેમ (ફલોન્મુખ એટલે પૂર્ણ તાપકલેશનો આવિર્ભાવ થવો) તેનો નિશ્ચય થવો શક્ય નથી, તેમ છતાં પણ તેવાને બ્રહ્મસમ્બન્ધ કરાવતાં બ્રહ્મસમ્બન્ધનો ઉપદેશ કરનાર-દીક્ષા આપનાર દોષને પાત્ર બનતો નથી. કારણ કે ભગવદીયો-વૈષ્ણવો-તાદશીઓના સંગ વડે પુષ્ટિસેવામાં તેનો અભિનિવેશ થઈ તેના દ્વારા થનારી સેવા ફલોન્મુખ બને તેવી સંભાવના પણ તેમાં રહેલી હોવાથી' શ્રીપુરુષોત્તમચરણના આ મુજબ જણાવ્યાથી એક એમ ભ્રાન્તિ થવી શક્ય છે કે યદિ કોઈ પરમ્પરાથી યા વૈષ્ણવસંગથી બ્રહ્મસમ્બન્ધની ઈચ્છાવાળો થાય અને તેને દીક્ષા આપવામાં આવે તો તેમાં આપનારને કોઈ દોષ પ્રાપ્ત થતો નથી તેથી તેવા કોઈક આવે તો તેને દીક્ષા આપી દેવી. પરન્તુ આથી આગળ તેઓશ્રીએ જણાવ્યું છે તેમાં-'પરન્તુ આવાઓ જ્યારે દીક્ષા લેવા આવે ત્યારે દીક્ષા આપવાની ઉતાવળ કર્યા વિના થોડાક વિલમ્બથી દીક્ષાનું વિચારાશે એમ જણાવી તેને પોતાની પાસે રાખી અથવા તો કોઈ બીજા પ્રકારે પણ તેની પરીક્ષા કરવી. તેમજ પરીક્ષામાં પણ તેની ભગવત્સેવા કરનાર વૈષ્ણવોમાં કેવી આસકિત થાય છે, દંભ-પાખંડ કરનારાઓથી અને તેવી પ્રવૃત્તિથી તે દૂર રહે છે કે નહિ, પુષ્ટિમાર્ગીય સેવા-કથા કીર્તન વગેરે સાધનોથી ઈતર અન્યમાર્ગીય સાધનોમાં શ્રદ્ધા રાખે છે કે તે માત્ર પુષ્ટિમાર્ગીય સાધનોમાં જ શ્રદ્ધાવાળો થઈને રહે છે, તેમજ ભગવદ્ગુણોમાં તેનો કેવો અનુરાગ દેખાય છે, ઉપરાન્ત જે પ્રકારની ગુરુ સેવાથી ઉત્કટ ભજનમાં આદર ઉત્પન્ન કરે તેવી સેવા કરનારો છે કે કેમ, તે ગુરુ પાસે રહી ઉત્કટ ભજનને અનુકૂલ-ઉપયોગી હોય તેવા પ્રશ્નો કરે છે કે કેમ, તેની આ માર્ગમાં રુચિ દેખાય છે કે નહિ, તેને આ માર્ગના સેવાપયોગી વેષ, આ માર્ગમાં ઉપયોગમાં આવતી ભાષા વગેરેમાં તેને ગમો-અણગમો કેવો છે તે બધું જોઈ વિચારી તેના આધારે આ જીવ પર ભગવત્કૃપા છે કે નહિ તેનો અંદાજ કાઢી જો કૃપા છે તેવો અંદાજ નિકળતો હોય તો ત્યારે તેને દીક્ષા આપવી. એટલે કે તેને પોતાની પાસે રાખવાથી લૌકિક સંગ ઘટતાં અને ભકિતના વાતાવરણમાં રહેતાં યદિ તે ધીમે-ધીમે ભગવદ્ધર્મમાં એટલે કે ભગવત્સેવા, કથા, કીર્તન, સમર્પણ વગેરે કે જે એકાદશ-સ્કન્ધમાં **'श्रद्धामृतकथायां मे'** (ભાગ.૧૧ /૧૯/૨૦) થી આરંભી **'एवं धर्मैर्मनुष्याणां उद्धवात्मनिवेदीनाम्'** (ભાગ.૧૧/૧૯/૨૪) પર્યન્તમાં કહેવાયેલ ભગવદ્ધર્મોમાં અથવા એકાદશ સ્કન્ધમાં જ ઉપદેશના અન્તમાં **'हन्त ते कथयिष्यामि मम धर्मान् सुमङ्गलान्'** (ભાગ.૧૧/૨૯/૮) થી આરંભી **'तावदेवमुपासीत वाङ्मनःकायवृत्तिभिः'** (ભાગ.૧૧/૧૨/૧૭) પર્યન્તમાં કહેવાયેલ ભગવદ્ધર્મોમાં અધિકને અધિક શ્રદ્ધાવાળો થાય-થતો જાય ત્યારે તેવી શ્રદ્ધાને જોઈને-તેવી શ્રદ્ધા ભગવત્કૃપાવાળા જીવને જ થવી શક્ય છે તેમ વિચારી-ભગવત્કૃપાનો વિચાર કરી તેને દીક્ષા આપવી, થોડો સમય રાખતાં પણ જો તેવી શ્રદ્ધા તેમાં ન દેખાય પણ જો તે બુહિર્મુખ છે. તેમ પણ ન જણાતું હોય ત્યારે શ્રદ્ધાદર્શન થતાં સુધી તેને દીક્ષા ન આપવી અને વધુ સમય પોતાની પાસે રાખી ભગવત્સમ્બન્ધી કાર્યોમાં તેની પરીક્ષા કરવી અને જો તેના આચરણ અને વાણી દ્વારા બહિર્મુખતા જ પ્રકટ થતી હોય ત્યારે તેની ઉપેક્ષા કરી તેને આ માર્ગની દીક્ષા ન આપી તેને સન્માર્ગ પર ચાલવાની સલાહ આપી રવાના કરવો, આમ કહેવાનો શ્રી પુરુષોત્તમજીનો આશય છે.

તેમ છતાં પણ શ્રીપુરુષોત્તમજીના આ સ્થળના વચનોમાં ઉત્કંઠા વિનાનો હોય અને વૈષ્ણવોના સંગથી કે કુલ પરમ્પરાથી દીક્ષા લેવા તૈયાર થાય ત્યારે તે ભગવત્કૃપાવાળો છે કે નથી તેનો નિશ્ચય કરવો શક્ય ન હોવાથી તેવાને દીક્ષા આપતાં આપનારને દોષ પ્રાપ્ત થતો નથી એમ આપશ્રીના જણાવવા પાછળના પ્રયોજનને વિચારવામાં આવે ત્યારે એમ સ્પષ્ટ જ આપશ્રીના વચનોથી સમજી

શકાય છે કે યદ્યપિ આ પ્રકારની પરીક્ષાથી સો ટકા આ ભગવત્કૃપાવાળો જ છે એમ તો નિશ્ચય નથી જ થઈ શકતો કારણ કે સંગના પ્રભાવથી કે પરમ્પરાના વિચારે માત્ર તેટલાથી જ તેની સાધારણરૂપમાં ભગવદ્ધર્મમાં શ્રદ્ધા-રુચિ દેખાય પણ તે શ્રદ્ધા-રુચિ વગેરે માત્ર પ્રાસંગિક છે કે સ્થાયી છે તે તો કહેવું મુશ્કેલ જ છે. ઘણી વખતે જેને પુષ્ટિપ્રવાહમર્યાદામાં **'ચર્ષણી'** શબ્દથી જણાવ્યા છે તેવા જીવો પુષ્ટિસૃષ્ટિમાં ભળી જઈ સામયિક પ્રકારે કે રૂપમાં પુષ્ટિમાર્ગમાં શ્રદ્ધા-રુચિવાળા દેખાઈ ને પણ તે માત્ર સામયિક જ હોય છે. વાસ્તવમાં તો તેમનામાં બુહિર્મુખતા જ વસેલી હોય છે અને તે ધીમે ધીમે જ પોતાનું પોત પ્રકાશે છે. તેમજ કયારેક એમ પણ બને છે કે જીવ પુષ્ટિ હોઈને પણ ઈતર માર્ગમાં ભળી જઈ તે માર્ગમાં શ્રદ્ધા-રુચિ વગેરેવાળો થઈ જાય છે પરન્તુ જ્યારે તેઓને આ માર્ગનો સંગ વગેરે મળે છે ત્યારે તે માર્ગમાંથી શ્રદ્ધા-રુચિ મટીને તેઓ પુન: આ માર્ગમાં શ્રદ્ધા-રુચિવાળા બની જાય છે. આવા જીવોને પુષ્ટિમાર્ગીય ગુરુનું કે પુષ્ટિમાર્ગીય ભગવદીય વૈષ્ણવનું સાન્નિધ્ય-સામીપ્ય ભગવદિચ્છા યા ભગવત્કૃપાબળે જ પ્રાપ્ત થતું હોય છે. અત: આવા પ્રકારના જીવો દીક્ષા લેવા તૈયાર થાય ત્યારે આ ભગવત્ કૃપાવાળો જ છે તેમ પાકા નિશ્ચયથી જાણવું કે કહેવું મુશ્કેલ જ છે પરન્તુ હા, આથી આ ભગવત્કૃપાવાળો છે તેવો એક અંદાજ બાંધી શકાય છે. આવી સ્થિતિમાં આવા આવનારા જીવોમાં કોઈ ભગવત્કૃપાવાળો હોય પણ ખરો અને ન પણ હોય. તેમાં જો તે ભગવત્કૃપાવાળો હોય અને જો તેને બ્રહ્મસમ્બન્ધ કરાવવામાં ન આવે તો જેમનામાં બ્રહ્મસમ્બન્ધની દાતૃતા છે તેને ભગવદાજ્ઞા ઉલ્લઘંન કર્યાનો દોષ પ્રાપ્ત થાય છે તેથી તેવાને બ્રહ્મસમ્બન્ધ કરાવવું, પણ તે વખતે આપનારના મનમાં **શિષ્યવૃદ્ધિ**-શિષ્યસંગ્રહનો લોભ કે શિષ્યો દ્વારા પોતાના લાભ-**પૂજાનો** વિચાર વગેરે દોષરૂપ વૃત્તિથી સર્વથા દીક્ષા ન આપી માત્ર શિષ્યનો ઉદ્ધાર અને પોતાના દ્વારા ગુરુ-ભગવાનની આજ્ઞા પાલનના વિચારે જ કરાવવું જોઈએ.

શિષ્યને ભગવન્નામદીક્ષા આપવા બાબત શ્રીપ્રભુચરણનું વાક્ય **'विचार्यैव सदा देयं कृष्णनाम विशेषतः । अविचारितदानेन स्वयं दाता विनश्यति'** આ વાક્યને ટાંકીને જલભેદની સ્વકૃત ટીકામાં આગળ શ્રીપુરુષોત્તમજી લખે છે કે- **'तत्रापि स्वस्य शिष्यस्य चोद्धारं विचार्यैव देयम् । लोभात् अविचारितदाने तु नामविक्रयापत्त्या दाता स्वयमपराधभाग् भगवतीत्यर्थो ज्ञेयः'** અર્થાત્- (શ્રીપ્રભુચરણનું વાક્ય-) **'શ્રી કૃષ્ણનું નામ વિશેષ કરીને વિચારપૂર્વક જ સદા આપવું. વિચાર્યા વિના કૃષ્ણનામનું દાન કરવાથી સ્વયં નામ આપનારનો નાશ થાય છે.'** (શ્રીપુરુષોત્તમજીનું વાક્ય-) **'तत्रापि' એટલે કે કૃષ્ણ નામની દીક્ષા આપવામાં પણ પોતાના અને શિષ્યના ઉદ્દારને વિચારીને જ આપવું.લોભવશ વિચાર્યા વિના કૃષ્ણનામ-દીક્ષા આપવામાં ભગવન્નામવિક્રય કરવાનો મહાન્ દોષ આવી પડતો હોવાથી તે પ્રકારે લોભવશ દીક્ષા આપતાં આપનાર સ્વયં અપરાધનો ભાગી થાય છે તેમ અર્થ જાણવો.** શ્રીપુરુષોત્તમજીના જલભેદ વ્યાખ્યાનસ્થ આ વાક્ય સાથે સંગત રહી અર્થ કરતાં દીક્ષા લેવા આવનાર ઉત્કંઠા વિનાના લોકોનું પ્રથમ પરીક્ષણ એટલા માટે જ કરવાનું છે કે દીક્ષાથી એને ભક્તિલાભ થશે કે નહિ અથવા દીક્ષા લઈ ભગવત્સેવામાં પ્રવૃત્ત નહિં થતાં લાભની જગ્યાએ કયાંક તે અપરાધી તો નહિ થઈ જશે અને ભલે પુષ્ટિ પ્રકારનું ન સહી પણ બીજા જે પ્રકારે એનું કલ્યાણ થવાનું હોય તેનાથી પણ કયાંક તે વંચિત તો નહિ થઈ જશે એમ આવનારના ઉદ્ધારનો વિચાર કરવો જરૂરી છે. તેમજ પોતાનો પણ ઉદ્ધાર વિચારવો એટલે કે આવા લોકોને કૃષ્ણ નામ દીક્ષા આપવામાં પોતાની લાભ-પૂજા યા શિષ્યસંગ્રહ નો લોભ તો કારણભૂત નથીને ! કારણ કે તેવા લોભથી કૃષ્ણનામ દીક્ષા આપતાં ભગવાનનું નામ વેચવાનો દોષ આવી પડે છે અને તેવા -ભગવાનના નામનો વ્યાપાર કરવાના દોષવાળાનો નાશ જ થાય છે તેથી આપનારે પોતે આને

દીક્ષા આપતાં કયાંક મારો ઉદ્ધાર તો ખોવાઈ નહિ જાય તેનો પણ વિચાર જરૂરી રહે છે. આ પ્રકારે પરીક્ષા કરીને યોગ્યપાત્રનો અંદાજ લાગતાં તેને દીક્ષા આપવામાં આવે અથવા ન આવે તેમાં નહિ આપતાં ભગવદાજ્ઞાભંગનો પણ દોષ રહેતો નથી અને આપતાં તેવા લોભ વગેરેથી ભગવન્નામવિક્રય કર્યાનો પણ દોષ પ્રાપ્ત થતો નથી. તેથી પ્રથમ આવા લોકોને પરીક્ષા કર્યા પછી જ દીક્ષા આપવામાં આવે ત્યારે જ આપનારને દોષ પ્રાપ્ત થતો નથી ; પરન્તુ ઉતાવળે અથવા લોભવશ દીક્ષા આપવામાં આવે ત્યારે તો આપનાર પૂરેપૂરો દોષવાળો -અપરાધી થાયજ છે એમ શ્રી પુરુષોત્તમજી નો કહેવાનો આશય છે. આ રીતે શ્રી પુરુષોત્તમજીના વાક્યોના પ્રમાણે પણ શ્રી વલ્લભવંશજોનું બ્રહ્મસમ્બન્ધ દાતૃત્વ વૈધાનિક જ સિદ્ધ થાય છે. કારણ કે આને ઉપદેશ આપવો અને આને ઉપદેશ ન આપવો એમ વિધાનનો જ વિષય કહેવાયો છે અને તે મુજબના વિધાનને અનુસરીને જીવોને બ્રહ્મસમ્બન્ધ કરાવવું એમ આ દાતૃત્વ પણ વૈધાનિક જ છે.

આ આઠમાં શ્લોકના વ્યાખ્યાનમાં શ્રીકલ્યાણરાયજીની ટીકામાં જણાવ્યું છે કે **'જેમ ગંગાના સમ્બન્ધ વડે ગંગારૂપપણું સમ્પન્ન થતાં પછી તે જલનો અને તેના સમ્બન્ધી દોષોનો ગંગાપણાથી જ બધો વ્યવહાર થાય છે. તેમ જીવને બ્રહ્મસમ્બન્ધ સમ્પન્ન થતાં પછી તે જીવોનો અને સમ્બન્ધી બાબતોનો ભગવદીયપણાએ જ-નિર્દોષપણાએ જ વ્યવહાર થાય છે એમ અર્થ છે. આ અર્થયુક્ત છે. જે જેની સાથે સારી રીતે બંધાયેલો હોય તે તેના રૂપ થાય છે.'** તેવી જ રીતે આ શ્લોકના વ્યાખ્યાનમાં શ્રીગોકુલોત્સવજી પોતાની ટીકામાં જણાવે છે કે - **'યધપિ કામ વગેરે દોષરૂપ જ છે, તેમ છતાં પણ ભગવદીયોનો ભગવાનમાં જ કામ હોય છે અને જે ભગવાનના વિરોધી-પ્રતીપક્ષી લોકો છે તેમના ઉપર ક્રોધ હોય છે, એમ ભગવત્ સમ્બન્ધ થતાં પછી બધાની જ બ્રહ્મતા સિદ્ધ થાય છે'** તેવી જ રીતે શ્રીગિરિધરજી આ શ્લોકના

વ્યાખ્યાનમાં લખે છે કે - **'ગંગાની માફક જ અહીં પણ ભગવાનમાં સર્વસ્વ નિવેદન કર્યા પછીથી જીવમાં રહેલા દોષોનું પણ ભગવદીયપણું જ સિદ્ધ થાય જ છે એમ જાણીને તે મુજબ જ કહેવું અને કરવું.** આ રીતે ઉપર્યુક્ત મહાનુભાવોના વચનોને સાથે રાખી આઠમા શ્લોકનો અર્થ વિચારતાં એક એવો ભ્રમ બુદ્ધિમાં થાય છે કે જીવ કામ-ક્રોધ-લોભ વગેરે ગમે તેવા દોષોથી ભરપૂર હોય, પરન્તુ તેણે બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધા પછીથી તે દોષો તેમાં રહેલા હોય તો પણ તે નિર્દોષ છે એટલે કે તેવા દોષો તેમાં જોવામાં આવે તો પણ તેને નિર્દોષ જ માનવો કેમ કે નિવેદનથી જેમ નિવેદનકર્તા પોતે અને તેના સમ્બન્ધી સ્ત્રી-પુત્ર-ગૃહ-વિત્ત વગેરે તથા તેના દેહ વગેરે બધું જ ભગવદીય બની જાય છે તેમ તેનાં દોષો પણ ભગવદીય બની જાય છે.

આ બાબતનો ખુલાસો શ્રીલાલુભટ્ટજી આ શ્લોક પરની ટીકામાં તેઓ આપે છે. તેઓ લખે છે કે - **'સર્વ દોષો જેમાં રહેલા છે તે સર્વ દોષો, એટલે કે જેમ ગટર- સડક વગેરેથી વહેતું જળ. તે જળનો ગંગામાં પ્રવેશ થતાં જ તે જળ પણ ગંગાજળ થઈ જાય છે. તેમ નિવેદનના અનન્તર બ્રહ્મપણું (નિર્દોષપણું) થાય છે. ગંગામાં પ્રવેશ થતાં ગટર -સડક વગેરેનું વહેતું દોષવાળું જળ છે તે જળમાંથી સર્વ દોષો જેમ દૂર થઈ દોષ વિનાનું જળ છે તેનું ગંગાપણું છે; નહિં કે દોષો ગંગારૂપ થઈ જાય છે. કારણ કે તે દોષો ગંગાના સમ્બન્ધથી નાશ પામવાવાળા હોવાથી. અતઃ 'गङ्गात्वं सर्वदोषाणाम्'** અહીં 'સર્વદોષ' પદમાં બહુવ્રીહિ સમાસ જાણવો **આ પ્રમાણે 'सर्वदोषाणाम्' એટલે કે દોષવાળું જે જળ છે તે જળમાંથી દોષનિવૃત્તિ થઈને તે જળ ગંગાજળ થાય છે એમ અર્થ છે. એ જ પ્રમાણે અહીં પણ નિવેદન વડે સર્વદોષો દૂર થતાં તેનું** બ્રહ્મત્વ થાય છે તેમ જાણવું. અતઃ 'ગંગાપણું થતાં પછી તે જળના

ગુણ-દોષની કથા નિરૂપણ નહિ થાય' આમાં **'गङ्गात्वे'** એમાં સતિસપ્તમી પ્રયોગ સમજવો.

શ્રીલાલુ ભટ્ટજીના આ ખુલાસથી એમ જાણી શકાય છે કે નિવેદનના અનન્તર પ્રાકૃત-લૌકિક ભાવે રહેલા દોષોનું પણ ભગવદીયપણું થઈ જાય છે તેમ નથી, પરન્તુ ભગવદ્ ગીતામાં કહ્યા પ્રકારે

अपिचेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥

(ગીતા.૯/30)

અર્થાત્ - 'ગમે તે પ્રકારે દુરાચરણ કરેલો વ્યક્તિ પણ જો મારું અનન્ય ભાવે ભજન કરે તો તેને સાધુ જ માનવો' આ શ્લોકમાં પણ ભ્રાન્તિ એ મુજબની જ થાય છે પરન્તુ આના પછીથી તરત જ બીજા જ શ્લોકમાં ભગવાન કહે છે-

'क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति'

(ગીતા. ૯-૩૧)

અર્થાત્- મારું અનન્યભાવે ભજન કરતાંની સાથે જ તત્કાળ તે ધર્માત્મા એટલે કે ધર્મમાં જ જેનો આત્મા-અન્તઃકરણ છે એવો થઈ જાય છે. એટલે કે ભગવાનનું અનન્યભાવે ભજન કર્યા પછીથી તેના વડે અધર્મનું આચરણ થવું જ શક્ય નથી કારણ કે અધર્મમાં પ્રેરનાર જે અન્તઃકરણ છે તે જ જ્યારે ધર્મપૂર્ણ બની જાય છે પછી અધર્મમાં પ્રેરે જ કોણ ? તેમ અહીં પણ 'હું ભગવાનનો છું' તેવો નિવેદનભાવ પ્રગટ થતાં પછી અને નિવેદિતભાવે ભગવત્સેવામાં પ્રવિષ્ટ થતાં પછી કામ ક્રોધાદિ જે આવેગવાળા પ્રાકૃત દોષો છે તે તો નિવેદન ભાવથી જ નાશ પામી જાય છે. અતઃ ભગવાનને સ્વ-સ્વીય સર્વસ્વનું નિવેદન કર્યા પછી ચિત્તમાં નિવેદનભાવની વ્યાપ્તિ આવશ્યક છે. જેમ નવરત્નમાં પણ **'निवेदनं तु स्मर्तव्यम्'** એ દ્વિતીય શ્લોકના વ્યાખ્યાનમાં આભાસમાં પ્રથમ શ્રીપ્રભુચરણ લખે છે-**'एवं चेत् स्वाच्छन्द्यव्यवहारापत्त्या बाहिर्मुख्यं स्यादत आहुः'** એમ જણાવીને વ્યાખ્યાનના આરંભે જણાવે છે - **'सर्वदा सर्वांशे तदीयत्वानुसन्धानेन तथा न भविष्यतीति भावः। अशक्त्या सेवाद्यसम्भवेऽपीदं कार्यमेवेति ज्ञापनाय तु शब्दः'** **અર્થાત્**- 'સર્વદા અને સર્વ પ્રકારે હું ભગવાનનો છું અને મારું કહેવાતું બધું જ ભગવાનનું છે એમ તદીયપણાનું અનુસન્ધાન ચિત્તમાં રાખવાથી બહિર્મુખતાનો ભાવ મનમાં આવશે નહિ માટે નિવેદનનું સ્મરણ કરવાનું કહે છે. દેહ વગેરે અશક્ત થઈ જવાથી ભગવત્સેવા વગેરે પોતાનાથી અસંભવ બની જાય ત્યારે પણ નિવેદનનું -તદીયપણાનું તો અનુસન્ધાન કરતા જ રહેવું એમ જણાવવા તુ શબ્દ પ્રયોજ્યો છે.' આ રીતે નિવેદન પછી પણ બહિર્મુખતા વગેરે દોષો મનમાં ન આવે તે અર્થે તદીયપણાના અનુસન્ધાનરૂપ જ ઉપાય શ્રી આચાર્યચરણ સૂચવે છે.અહીં પણ નિવેદનના અનન્તર પોતાનામાં રહેલા કે ત્યાર બાદ પણ ચિત્તમાં આવી પડેલા બહિર્મુખતાનો ભાવ વગેરે દોષોની બ્રહ્માત્મકતા થાય છે તેમ નથી પણ તદીયપણું અને તેનું સતત ચિત્તમાં અનુસન્ધાન રહેવું તે દોષોથી બચવાનો કે દોષો દૂર થવાનો ઉપાય છે. અતઃ નિવેદન પછીથી તદીયપણાનું સતત અનુસન્ધાન થતાં તેના અનુસન્ધાન વડે દોષો નિરાકૃત થતાં નિર્દુષ્ટ દેહ-ઈન્દ્રિયાદિની બ્રહ્માત્મકતા એટલે કે બ્રહ્મ સમાન નિર્દુષ્ટતા અને સમતા સિદ્ધ થાય છે એમ શ્રીલાલુ ભટ્ટજી જણાવે છે. આ બાબતમાં શ્રીપુરુષોત્તમજીની પણ સમ્મતિ છે તે - **'ततः'** એટલે કહેવાયેલી રીતે બ્રહ્મસમ્બન્ધથી આરંભીને, (જણાવેલ) સાધન કરવાથી આત્મનિવેદન કરેલાઓની **'ब्रह्मता'** એટલે કે દોષરહિતપણું

અને સમતા થાય છે (શ્રીપુરુષોત્તમજી- સિદ્ધાન્ત રહસ્ય વિવરણ શ્લોક ૭). હવે બાકી રહી વાત પૂર્વમાં જોઈ ગયા તે ત્રણ પ્રાચીન ટીકાકારોની ઉક્તિ. તો તેમનો પણ એમ કહેવાનો તો આશય નથી જ કે નિવેદન કર્યા પછીથી પણ જો નિવેદનકર્તામાં પ્રાકૃત-લૌકિક-લોકસમ્બન્ધી કામ-ક્રોધાદિ દોષો હોય તો તેને પણ બ્રહ્મ સમ નિર્દોષ માનવા. શ્રીકલ્યાણરાયજીની ઉક્તિમાં પણ '**નિવેદનકર્તા જીવોનું અને તેમના સમ્બન્ધી બાબતોનું -ધર્મોનું ભગવદીયપણું હોવાથી**' એમ જણાવ્યું છે ત્યાં પણ તેવા જીવોનો સર્વ વ્યવહાર ભગવદીયપણાએ થતાં તેની નિર્દુષ્ટતા કહી છે અને જયાં ભગવદીયત્વ છે-ભગવદીયપણાનું અનુસન્ધાન છે ત્યાં લોકસમ્બન્ધી કામ-ક્રોધાદિ સમ્ભવ જ નથી. આનો ખુલાસો શ્રીગોકુલોત્સવજીની ટીકાના વાક્યોથી મળી જાય છે કે '**યદ્યપિ કામ-ક્રોધાદિ દોષરૂપ જ છે. છતાં પણ ભગવદીયો (લૌકિક કામ નહિ પણ) ભગવત્કામ જ હોય છે.**' અતઃ આ વાક્યથી પણ એમ જ જાણવા મળે છે જે લૌકિક છે તે તો દોષરૂપ જ છે પરન્તુ જે કૃષ્ણ સમ્બન્ધી છે તે અલૌકિક જ છે અને તે દોષરૂપ નથી. ખરેખર શ્રીમહાપ્રભુના મતમાં સૃષ્ટિમાં રહેલ કોઈ પણ બાબતને બે પ્રકારથી વિચારવામાં આવે છે. એમાં જો કોઈ પણ વસ્તુ ભગવત્ સમ્બન્ધ વિનાની છે તો તે લોકમાં ઉત્તમોત્તમ હોઈને પણ દોષરૂપ જ છે અને જો કોઈ વસ્તુ પ્રાકૃત સમ્બન્ધરહિત ભગવત્ સમ્બન્ધવાળી છે તો તે લોક-વેદમાં નિંદ્ય હોઈને પણ નિર્દુષ્ટ છે. અતઃ કોઈ પણ વસ્તુ કે વાત પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના જે વસ્તુ કે વાતમાં જેટલો અંશ દોષરૂપ છે તેટલો જ ત્યાગવાનો છે. આમાં દોષ છે એમ વિચારી સમ્પૂર્ણપણે તેને ત્યાગવાની આવશ્યકતા નથી. તેમજ કારણ વિનાનો નિરર્થક ત્યાગ એ પણ કોઈ સદ્ધર્માચરણ નથી, તેથી તેવો ત્યાગ કરવાની અપેક્ષા તે વસ્તુનું ભગવાનને અર્પણ કરવું યા તેને ભગવદુપયોગમાં લાવવું એ ભક્તિમાર્ગ છે. અતઃ કામ-ક્રોધાદિમાં પણ જેટલો અંશ પ્રાકૃત યા લોકસમ્બન્ધનો -લૌકિક છે તેટલો જ ત્યાજ્ય છે પરન્તુ '**न मय्यावेशितधियां कामः कामाय कल्पते**' (ભાગ ૧૦/૨૨/૨૬) ત્યાં જણાવ્યા મુજબ ભગવાનમાં જ નિવેશ પામેલી બુદ્ધિમાં રહેલો કામ પણ લોક સમ્બન્ધનો હોતો નથી પણ ભગવત્સમ્બન્ધનો જ હોય છે તેથી તે કામને લોકવત્ કામ જાણવો ન જોઈએ. અતઃ શ્રીગોકુલોત્સવજીના વચનો પણ દોષરૂપ લૌકિક કામને તો નથી જ જણાવતા. બલ્કે તેને દોષરૂપ-ત્યાજ્ય જ ગણે છે તેમજ ત્રીજા ટીકાકારના વચનમાં '**નિવેદનના અનન્તર પૂર્વમાં રહેલા દોષોનું અને ગુણોનું પણ ભગવદીયપણું જ છે**' એમ કહ્યું છે ત્યાં પણ આના પછીના વાક્યમાં તેઓશ્રી લખે છે- '**બ્રહ્મતા એટલે ભગવદીયપણાએ તેની પણ ભગવદ્રૂપતા જ થાય છે**' એમ લખી તેઓશ્રી આગળ જણાવે છે કે '**ભગવદીયોની ભગવદ્રૂપતા તો ભગવાને જ કહી છે - 'ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्**' (ગીતા. ૯/૨૯) **તેમ થતાં બ્રહ્મતા થતાં પછી તેમનામાં પુનઃ દોષપણું કયારેય પણ રહેતું નથી એમ કહેવાનો ભાવ છે**' આપશ્રીના આ વચનોથી એમ જાણી જ શકાય છે કે પ્રાકૃત કામ-ક્રોધાદિની પ્રાકૃત સમ્બન્ધ રહીને પણ બ્રહ્મતા થાય છે તેમ કહેવાનો આપશ્રીનો આશય નથી. આરીતે ત્રણે ટીકાકારો સાથે શ્રીલાલુભટ્ટજીના વચનોથી કોઈ વિરોધ આવે છે તેમ નથી તેમજ તેમણે આ લખીને પૂર્વના ટીકાકારોના મતનું ખંડન કર્યું છે તેમ પણ નથી પરન્તુ તે વચનોથી જે ભ્રાન્તિ કેટલાકોને થઈ શકે છે તેનું નિરાકરણ જ કર્યું છે. આ પ્રમાણે વિચારતાં આધુનિકમાં યદિ કોઈ મહાનુભાવ યા પરમ ભગવદીયના નામે પોતાની પ્રસિદ્ધિ કરાવેલા લોકો પરમ ભવદીયતાનો કે મહાનુભાવતાનો વેશ-વચન વગેરે વડે દમ્ભ કરીને પણ જો તેઓ પ્રાકૃતભાવે લૌકિકાસકિતપૂર્વક કામ ક્રોધાદિને વશીભૂત થઈ પોતાના કામ-ક્રોધાદિને અલૌકિક-અપ્રાકૃતમાં ખપાવવાનો અને તે દ્વારા પોતાના આન્તર દોષો બીજાઓ ઉપર થોપીને તેને પણ અધોગતિના માર્ગે લઈ જવાનો પ્રયત્ન કરતા હોય તો તે વખતે વૈષ્ણવોએ આવા તથાકથિત

મહાનુભાવો અને પરમ ભગવદીયોથી **સાવધાન-સાવધાન-સાવધાન** પોકારી દરેકને આવાઓથી સાવધાન કરી દેવા.

હવે છેલ્લી વાત રહી આ ગ્રન્થના આઠમા શ્લોક ઉપરની શ્રીપુરુષોત્તમજીની ટીકાના અન્તભાગમાં જણાવેલ બાબતની. શ્રીપુરુષોત્તમજી ગ્રન્થ પરની ટીકાનું એકવાર સમાપન કરીને પછી નવેસરથી **'મને તો અહીં કંઈક બીજું પણ જણાય છે'** એમ લખીને સાતમા શ્લોકમાં સમર્પણનું ફળ બ્રહ્મતા બતાવીને ત્યાર બાદ ફરીથી અહીં આઠમા શ્લોકમાં નિર્દોષતારૂપ ફળ જણાવ્યું છે તેથી અહીં નવમાં શ્લોકમાં પણ જે ફળ કહ્યું છે તે બ્રહ્મતાથી અલગ છે તેમ જણાવતાં તેઓશ્રી લખે છે- **'तथा चात्र पूर्वं ब्रह्मसम्बन्धेन दोषनिवृत्तिमुक्त्वा, अग्रे भाविदोषासंसर्गार्थं यत्समर्पणं भगवद्धर्मानुरोधिलौकिकव्यवहारानुरोधिभेदेन द्विविधमुक्तं, तत्राद्यकरणे ब्रह्मतारूपं फलं, द्वितीयकरणे तु गङ्गासम्पृक्तदोषाणामिवैतद्दोषाणां निवृत्तिमात्रम् । तेन सेवाफलग्रन्थोक्तमध्यम-जघन्यफलोपयोगिसेवोपकारकत्वं सिध्यतीति'** **અર્થાત્** - આ ગ્રન્થમાં પહેલાં (બીજા શ્લોકમાં) બ્રહ્મસમ્બન્ધ વડે દોષનિવૃત્તિ કહીને આગળ ભાવિ થનારા દોષોનો સંસર્ગ ન થાય તે માટે(**'असमर्पितवस्तूनाम्'**થી આરંભી**'निवेदिभिःसमर्प्यैव सर्वं कुर्यात्'** પર્યન્તમાં) જે ભગવદ્ધર્માનુરોધિ સમર્પણ જણાવ્યું છે અને (સાતમા શ્લોકમાં**'सेवकानां यथा'** વગેરે વાક્યોથી) જે લૌકિક વ્યવહારાનુરોધિ સમર્પણ ભેદ વડે બે પ્રકારનું જણાવ્યું, તેમાં ભગવદ્ધર્માનુરોધિ સમર્પણ કરવાનું બ્રહ્મતારૂપ ફલ છે અને લૌકિક વ્યવહારાનુરોધિ સમર્પણ કરવાનું ફલ ગંગાના દષ્ટાન્તની માફક દોષોની નિવૃત્તિમાત્ર ફલ છે તેથી કરીને ભગવદ્ધર્માનુરોધિ સમર્પણ એ સેવાફલ ગ્રન્થમાં કહેવાયેલ મધ્યમ (કૃષ્ણ સાયુજ્યરૂપ) ફલમાં ઉપયોગી-સેવામાં ઉપકારક થાય છે અને લૌકિક વ્યવહારાનુરોધિ

સમર્પણ એ સેવાફલ ગ્રન્થમાં કહેવાયેલ જઘન્ય (વૈકુંઠ વગેરેમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિરૂપ) ફલમાં ઉપયોગી-સેવોપકારક થાય છે. તેથી કરીને પુષ્ટિમાર્ગ સિવાયના બીજા માર્ગોમાં દોષનિવૃત્તિ અર્થે જે બીજા સાધનોની અપેક્ષા રહે છે તે અહીં આ માર્ગમાં સેવાનો અધિકાર સમ્પાદન્ કરનાર બ્રહ્મસમ્બન્ધરૂપ સંસ્કારનું આનુષંગિક ફલ છે.

આ પ્રકારે પોતાની વિશિષ્ટ શૈલી વડે શ્રી પુરુષોત્તમજી આ ગ્રન્થમાં કહેવાયેલ વિષયોમાંથી બે પ્રકારના મધ્યમ તથા જઘન્ય પ્રકારના અધિકારીઓ માટે તેમના-તેમના ફલમાં ઉપકારી એવા સમર્પણના બે ભેદ જણાવે છે અને તેનાથી તેમને મધ્યમાધિકારીને કૃષ્ણસાયુજયરૂપ ફલ થવામાં અને જઘન્યાધિકારીઓને વૈકુંઠ વગેરેમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિરૂપ ફલ થવામાં સુગમતા થાય છે તેમ જણાવે છે. આનાથી ઉત્તમાધિકારીઓ વડે થનારું સમર્પણ એનો પ્રકાર આ ગ્રન્થમાં કહેવાયો નથી એમ પણ પ્રતિધ્વનિત થાય છે. અતઃ ઉત્તમાધિકારી વડે થનાર સમર્પણનો પ્રકાર વિચારવામાં આવે તો શુદ્ધ પુષ્ટિજીવો માટે પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં કહ્યું છે કે**'शुद्धाः प्रेम्णा'** પ્રેમ વડે જ ઉપલક્ષિત થનારા અતઃ પ્રેમ જ એમનું અભિજ્ઞાપક લક્ષણ હોવાથી કોઈ પણ પ્રકારના સાધન વિના જ સ્વતઃ ભગવાનમાં નિરુપધિસ્નેહવશ-સ્નેહ સ્વભાવે થનારું સમર્પણ કે જે શ્રીયશોદાજી-શ્રીવ્રજભક્તોનું પ્રસિદ્ધ છે તે પ્રકારનું સમર્પણ જ ઉત્તમાધિકારી વડે થનાર સમર્પણનો પ્રકાર છે. તેથી અહીં નિવેદનના અનન્તર ભગવદીયત્વનું અનુસન્ધાન સાધન છે જ્યારે ઉત્તમાધિકારીને ભગવદીયત્વનું ભાન એ એમનો સ્વભાવ છે. અતઃ અહીં કહેવાયેલ સમર્પણ એ તે સિવાયના બાકીના બે માટે છે એમ જાણી શકાય છે.

બીજી વાત શ્રીપુરુષોત્તમજીએ અહીં જણાવી છે કે બીજા માર્ગમાં દોષ નિવૃત્તિ અન્ય સાધનની અપેક્ષા રાખે છે એટલે કે બીજા

માર્ગોમાં સાધનો વડે જે દોષનિવૃત્તિ થાય છે તે આ બ્રહ્મસમ્બન્ધાત્મક નિવેદનમાં મુખ્યરૂપે નહિ પણ આનુષંગિક રૂપે જ દોષનિવૃત્તિ થઈ જાય છે. આમ કહેવાથી બ્રહ્મસમ્બન્ધનું જે મુખ્ય ફલ છે તે પુરુષોત્તમ સેવાનો અધિકાર સમ્પાદન કરવું છે. કેવલ માત્ર દોષનિવૃત્તિ થવાથી પુરુષોત્તમ સેવાનો અધિકાર સમ્પાદન થતો નથી પરન્તુ પોતાની સેવાનો અધિકાર જ્યારે ભગવાન આપે-ભગવાન જ્યારે જે જીવને સેવા માટે અધિકૃત કરે ત્યારે જ અધિકાર સમ્પન્ન થાય છે. અતઃ આ મારો સેવક છે એમ વિચારી સ્વેચ્છાએ ભગવાન આજ્ઞા કરે કે તૂ મારી સેવા કર ત્યારે જ જીવ સેવા માટે અધિકૃત થાય છે. અતઃ બ્રહ્મસમ્બન્ધ એ બ્રહ્મસમ્બન્ધ કરનારને માટે સેવાની ભગવદાજ્ઞારૂપ છે તેથી જ ભગવાને શ્રી મહાપ્રભુને આજ્ઞા કરી કે આ મંત્ર દ્વારા જે પુષ્ટિદૈવીજીવને આપ નિવેદન કરાવશો તેના વડે કરાયેલી સેવાનો હું અંગીકાર કરીશ. તેથી અહીં આરંભમાં તો દોષોની જે પ્રતિબન્ધકતા છે તે જ દૂર થાય છે. સ્વરૂપતઃ તો દોષો રહે જ છે, પરન્તુ તે રહીને પણ સેવામાં પ્રતિબન્ધ કરવાના સામર્થ્ય વિનાના થઈ જાયછે, તેમાં પણ મુખ્ય કારણ તો ભગવદીયપણાના કે ભગવત્સેવકપણાના સંસ્કાર જ છે. સેવાફલ માં કહેવાયેલ ત્રણ પ્રકારના ફલમાં દોષોની સ્વરૂપતઃ નિવૃત્તિ આવશ્યક છે, કારણ કે વિરતિના સ્વભાવવાળા પ્રાકૃત દેહાદિમાં પરમાનન્દ સમ્બન્ધી કે પરમાનન્દાત્મક ફલનો અનુભવ થવો શક્ય નથી. તેથી રાસપંચાધ્યાયીમાં અન્તર્ગૃહગતા ગોપીજનોને પોતાના સંયોગ-વિયોગ દ્વારા તેમને પાપ-પુણ્યના સર્વફલથી મુક્ત કરી, તેમને ગુણમયદેહથી મુક્ત કરી, પોતાનું સાયુજ્ય આપી, પોતાનામાં સ્થાપી, પુનઃ તેમને બ્રાહ્મદેહ આપી અલૌકિક રસાનુભવ કરાવ્યો છે. જ્યારે આ સિવાયના રાસસ્થ ભક્તોના વર્તમાન દેહાદિમાં જ બ્રાહ્મદેહનો અન્તર્ભાવ કરાવી તેમને અલૌકિક રસાનુભવ કરાવ્યો છે. નહિંતર માનુષાનન્દમાં જ વિરતિના સ્વભાવવાળા દેહાદિથી માનુષાનન્દ જ નહિં અપિતુ અક્ષરાનન્દ કરતાં પણ અનેકગણો

અત્યધિક આનન્દ એવા પરમાનન્દનો સળંગ ૬ મહિના એટલે કે ૧૮૦ દિવસ પર્યન્ત અનુભવ કેવી રીતે કરી શકે ? ખરેખર જોવામાં આવે તો અહીં મુખ્ય બે જ દોષ છે. એક દોષ દેહાદિનું પ્રાકૃતપણું છે અને બીજો દોષ પ્રેમનો અભાવ છે. જે પાંચ પ્રકારના દોષો આ ગ્રન્થના બીજા અથવા ત્રીજા શ્લોકમાં કહ્યા છે તેની પણ દોષરૂપતા પ્રાકૃતપણાથી -પ્રાકૃતસમ્બન્ધથી જ છે. અતઃ પ્રાકૃતપણાની નિવૃત્તિ અને પ્રેમના અભાવની નિવૃત્તિ થતાં જીવનો ભક્તિમાર્ગીય-પુષ્ટિમાર્ગીય ફલમાં પ્રવેશ થાય છે. અતઃ પુષ્ટિમાર્ગીયા-શ્રીઆચાર્યચરણ પ્રદર્શિતા તનુવિત્તજા સેવામાં એ સામર્થ્ય છે કે સેવા કરનારના દેહ-પ્રાણ વગેરે સ્વરૂપતઃ યથાવત્ રહીને પણ તેમાંથી જેમ લયયોગમાં એક-બીજામાં પોત -પોતાના મૂલ કારણોમાં પ્રાકૃત તત્ત્વોનો લય કરતાં તે જીવ પ્રાકૃતપણાથી મુક્ત થાય છે તેમ અહીં કૃષ્ણસેવા એ સેવા કરનારના સેવામાં અભિનિવિષ્ટ એવા દેહ-પ્રાણ વગેરેની જે પ્રાકૃતતા છે તેને દૂર કરે છે અને ત્યારે તેનામાં પૂર્ણ પ્રેમોદ્‌ગમ થઈ તે ફલમાં પ્રવેશે છે. ઉત્તમાધિકારીમાં તે પ્રેમ સ્વતઃ સિદ્ધ હોવાથી તેમનામાં પ્રેમોદ્‌ગમનો પ્રશ્ન જ નથી રહેતો. પૂર્ણપ્રેમોદ્‌ગમ એટલે ભગવદ્વિરહતાપની પૂર્ણ વ્યાપ્તિ. અતઃ ફલમાં પ્રવેશવામાં જીવમાં રહેલી જે કંઈ પણ અવરોધકતા છે તેની પણ આત્યન્તિક નિવૃત્તિ ભગવદ્વિરહતાપરૂપ પ્રેમથી થાય છે. આ વિષયની ચર્ચા શ્રીઆચાર્યચરણે રાસપંચાધ્યાયી પ્રથમ અધ્યાયના **‘तीव्रतापधुताः शुभाः’** (ભાગ૧૦/૨૯/૧૦)ની સુબોધિનીમાં કરી છે.

હવે પ્રશ્ન એ થાય છે કે નવરત્નમાં નિવેદનકર્તા ત્રણ પ્રકારના લોકો કહ્યા છે, ભક્તિવર્ધિનીમાં તે ત્રણે માટે દઢબીજભાવે ત્યાગ-શ્રવણ-કીર્તન, અવ્યાવૃત્તપક્ષે રહી પૂજા-શ્રવણાદિ અને વ્યાવૃત પક્ષે રહી શ્રવણાદિ એમ ત્રણ પ્રકારે સાધનનિર્દેશ કરાયો છે. તેમજ સેવા ફલ ગ્રન્થમાં તે ત્રણે પ્રકારના અધિકારીઓના ત્રણ

પ્રકારે ફલનો નિર્દેશ થયો છે. જ્યારે પુષ્ટિ પ્રવાહમર્યાદામાં ત્રણ મિશ્ર ભેદથી અને ચોથા શુદ્ધ એમ ચાર પ્રકારના જીવો કહ્યા છે તેમજ ચારેની આ ભૂતલ પર સ્થિતિ પણ ત્યાં જ પુષ્ટિપ્રવાહ મર્યાદામાં **‘स्वरूपेणावतारेण’** વગેરે વાક્યોથી બતાવી છે. તો પછી ભૂતલ પર આવેલા પુષ્ટિજીવોના ચાર પ્રકાર છે. અને ફલ નિર્દેશ ત્રણથી જ કર્યો છે તો ચોથાનું સાધન-ફલ શું ?

આ પ્રશ્નના ઉત્તરને વિચારીએ તો પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં જ્યાં **‘शुद्धाः प्रेम्णातिदुर्लभाः’** એમ કહ્યું છે ત્યાં બે પ્રકારે અર્થ ગ્રહણ કરવામાં આવે તો **‘ये शुद्धाः तेषां प्रेमैव अभिज्ञापकं लक्षणम्’** અર્થાત્- કોઈ પણ પ્રકારના મિશ્ર અનુગ્રહ વિનાના જે શુદ્ધ એટલે શુદ્ધ અનુગ્રહવાળા છે તેમનું અભિજ્ઞાપક લક્ષણ પ્રેમ જ છે એક અર્થ આ રીતે લઈ શકાય છે અને બીજી રીતે લેવામાં આવે ત્યારે **‘ये प्रेम्णैव शुद्धाःप्रेमातिरिक्तसाधनरहिताः- निःसाधनाः निरवधिसाधनरहिताः’** અર્થાત્ - જે લોકો પ્રેમ વડે જ શુદ્ધ છે- પ્રેમ સિવાયના અન્ય સર્વસાધન વિનાના નિઃસાધનો એટલે કે સર્વથા સર્વ પ્રકારના સાધન વિનાના વિશુદ્ધરૂપે ભગવંદાશ્રયવાળા એમ અર્થ પણ કરી શકાય છે. આ પ્રકારે અર્થ કરતાં જે મિશ્રભેદમાં આવતા જીવો છે તેમણે પ્રેમોત્પત્તિ અર્થે પ્રેમથી અતિરિકત ભક્તિમાર્ગીય સાધનની અપેક્ષા રહે છે જ્યારે આ શુદ્ધ જીવોમાં દરેક સ્થિતિમાં પ્રેમ રહેલો હોવાથી પ્રેમોદ્ગમ માટે કોઈ સાધન અપેક્ષિત રહેતું નથી. આવા શુદ્ધ જીવોની ભગવદિચ્છાથી કોઈક વિશેષ ભગવત્કાર્યની સિદ્ધિ અર્થે ભૂતલ પર કયારેક સ્થિતિ થાય છે ત્યારે પણ **‘न कर्मबन्धनं जन्म वैष्णवानां च विद्यते । विष्णोरनुचरत्वं हि मोक्षमाहुर्मनीषिणः’** (પદ્મપુરાણ) આ વચનથી આ જીવોનું કર્મબન્ધન વશ ભૂતલ પર આગમન નથી હોતું કિન્તુ તેમાં કેવલ વિશેષ કાર્ય અર્થેની ભગવદિચ્છા જ હેતુરૂપ હોયછે. તેમજ આ

પ્રકારના જીવો અન્ય જીવોના સમાન તિરોભૂત આનન્દ નથી હોતા કિન્તુ ભૂતલ સ્થિતિમાં પણ તેઓ પ્રકટ સચ્ચિદાનન્દ હોય છે. તેમજ એમના દેહ-ઈન્દ્રિય-પ્રાણ વગેરે પણ અન્ય જીવો સમાન પ્રાકૃત તત્ત્વોના નથી હોતા પણ અક્ષરાત્મક અથવા તો આનન્દમય જ હોય છે. અતઃ તેમની ભૂતલ સ્થિતિમાં પણ તેઓ ભગવત્પરાયણ થઈને જ રહેલા હોય છે. આ જ વાત શ્રી આચાર્યચરણે પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં **‘स्वरूपेणावतारेण लिङ्गेन च गुणेन च, तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु चं, तथापि यावता कार्यं तावत्तस्य करोति हि’** **અર્થાત્** - ભગવાન અને ભક્તોનું સ્વરૂપ, ભૂતલ પર અવતરવું, ચિહ્નો, ગુણો વગેરે સમાન જ હોય છે. તેમજ ભગવાનના સ્વરૂપ, દેહ, ક્રિયા અને ભક્તોના સ્વરૂપ, દેહ, ક્રિયા વચ્ચે કોઇ પણ પ્રકારનો તર-તમ ભાવ હોતો નથી અતઃ આ પ્રકારના જીવો માટે ભૂતલ પર આવીને પણ તેમને કોઈ સાધનની અપેક્ષા-આવશ્યકતા રહેતી નથી તેમજ તેઓ પ્રાપ્ત ફલ જ છે તેથી ફલ પ્રાપ્તિનો કે ફલમાં પ્રવેશવાનો પણ કોઈ પ્રશ્ન રહેતો નથી. અતઃ એમના માટે સિદ્ધાન્તમાં સાધન કે ફલનો નિર્દેશ નથી. જેમ દશમ સ્કન્ધમાં શ્રીરાધિકાનો ઉલ્લેખ નથી. કારણ કે દશમ સ્કન્ધ એ નિરોધલીલા છે અતઃ જે જીવોનો ભગવાન વડે નિરોધ સિદ્ધ થવાનો છે તે જ જીવોનો ઉલ્લેખ દશમ સ્કન્ધમાં થયો છે. જ્યારે શ્રીરાધિકા એ સાક્ષાત્ શ્રીકૃષ્ણસ્વરૂપા જ છે. તેથી જ તો કહ્યું છે કે-

वर्धते सा व्रजे राधा यथा चन्द्रकला शुभे ।
श्रीकृष्णतेजसोऽर्धेन सा च मूर्तिमती सती ।
इयं स्त्रीः स पुमान् किंवा सा वा कान्ता पुमानयम् ॥

અતઃ શ્રીરાધિકાનો નિરોધ બતાવવાનો હોય જ નહિ, આ પણ એક કારણ અનુલ્લેખમાં છે. તેથી જ તો જે ગોલોકસ્થ નિત્યસિદ્ધ ભક્તો છે તેમનો પણ ભાગવતમાં સ્પષ્ટ ઉલ્લેખ નથી.

તેમજ નિરોધકર્તા અથવા તો ભક્તોનો જેમાં નિરોધ થાય છે તે સ્ત્રીભાવાત્મક ભગવત્સ્વરૂપમાં નહિ કિન્તુ પુંભાવાત્મક ભગવત્સ્વરૂપમાં થાય છે અતઃ નિરોધકર્તા અથવા નિરોધ થવાનું સ્વરૂપ શ્રીરાધિકા ન હોવાથી પણ અનુલ્લેખ છે. ઉપરાન્ત **'पुरुषः प्रमदायुक्तः श्रृङ्गार इति कथ्यते'** (ભરત-નાટ્યશાસ્ત્ર) એમ રસશાસ્ત્રના આધારે પણ શ્રી કૃષ્ણનું પુંભાવાત્મક સ્વરૂપ સ્ત્રીભાવાત્મક સ્વરૂપ વિનાનું છે એમ પણ નથી. નહિતર પછી **'भजे व्रजवनी श्रृंङ्गारकल्पद्रुमम्'** (શ્રી પ્રભુ ચરણ- ભાવૈરંકુરિતમ્) શ્રી પ્રભુચરણના કહ્યા મુજબની ભગવત્સ્વરૂપની શ્રૃંગારકલ્પદ્રુમતા સિદ્ધ નહિં થશે. અતઃ કૃષ્ણ સાથે સ્વામિનીનો નિત્યસહભાવ છે તેથી પણ સ્વતંત્ર ઉલ્લેખની અપેક્ષા નથી રહેતી. એવી જ રીતે અહીં શુદ્ધ પુષ્ટિજીવોને સાધન-ફલની અપેક્ષા નહિ હોવાથી તેની પણ સિદ્ધાન્તમાં ચર્ચા કરવામાં નથી આવી. આ પ્રકારે પ્રશ્નનું નિરાકરણ થઈ જાય છે.

આ પ્રકારે શ્રીઆચાર્યવાણી-ભગવદ્વાણી-સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થનું વિવેચન શ્રીઆચાર્યચરણ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્ધનધરણ તથા સર્વ પ્રાચીન ગુરુસ્થાનીય શ્રીવલ્લભવંશજો ની અતિશય કૃપાથી અને તે સર્વ ભગવત્સ્વરૂપોની પ્રેરણાથી બે ભાગમાં પૂર્વપીઠિકા તથા ગ્રન્થવિરણના રૂપમાં પૂર્ણ થયું છે તે માટે સર્વ ભગવત્સ્વરૂપોના શ્રીપાદારવિન્દમાં સદૈન્ય સહસ્રો દંડવત પ્રણામ નિવેદન કરું છું.

હવે પછીથી જે છેલ્લા સાત વર્ષથી અપૂર્ણ લેખન છે **'સંન્યાસનિર્ણય-પૂર્વપીઠિકા'** નું તેને શ્રીઆચાર્યચરણના અનુગ્રહબલે શીઘ્રતાથી પૂર્ણ કરવાનું વિચાર્યું છે. શ્રીમહાપ્રભુ મનોરથ પૂર્ણ કરશે.

-: પ્રકાશક :-

શ્રી વલ્લભવિઠ્ઠલગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

"રાધાકૃષ્ણકુંજ"

બી-૪૧/૧, શ્રીનગર સોસાયટી, આકોટા રોડ, એચ-રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા-૩૯૦ ૦૨૦.